શ્રી. બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાલા નં ૬૩ મણકો

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ શ્રીમદ્
બુદ્ધિસાગરસૂરિ વિરચિત.

# ધર્મસદુપદેશ

## ભાગ ૨ જો.

સંભાવિત જૈનગૃહસ્થોની સહાયથી.

છપાવી પ્રસિદ્ધ કરનાર:

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડલ
હા. વકીલ મોહનલાલ હિમચંદભાઈ
મુ. પાદરા

પ્રથમા આવૃત્તિ. પ્રત ૧૦૦૦

વીર સં. ૨૪૪૯ સન ૧૯૨૩

વિક્રમ સં. ૧૯૭૯

કિંમત રૂ. ૧-૮-૦.

ગ્રંથ મળવાનું ઠેકાણું.

વકીલ મોહનલાલ હિમચંદભાઈ

મુ. પાદરા ( ગુજરાત )

ગાંધી આત્મારામ ખેમચંદ

મુ. સાણંદ. ( ગુજરાત )

" વસંત " મુદ્રણાલયમાં ચીમનલાલ ઈશ્વરલાલ મ્હેતાએ મુદ્રાંકીત કર્યું
રાયપુર શામળાની પોળ પાસે—અમદાવાદ.

# નિવેદન

અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી શ્રીમદ્ બુદ્ધિસાગર ગ્રંથમાળાનાત્રેસઠમામણકાતરીકે આ પત્રસદુપદેશ ભા–૨ કે જેના રચનાર શાસ્ત્રવિશારદ્ જૈનાચાર્ય યોગનિષ્ઠ--શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી છે. આ ગ્રંથની અંદરના પત્રો જુદા જુદા પ્રસંગે જૂદી જુદી વ્યક્તિઓ પર અધિકાર પ્રમાણે લખવામાં આવેલ છે. જે ખરેખર વાંચકોને વિચારણીય અને મનન કરવા યોગ્ય છે. તેમાં બતાવેલા વિચારાનુસાર પોતાનું જીવન વ્યતીત કરવામાં આવે તો મનુષ્યોને જીવનમાં ઘણા જ લાભકારક છે એટલું જ નહિ પણ અનુક્રમે મુક્તિમાર્ગના પંથે લઇ જનારાછે. પત્રોની અંદરના વિચારો અનુભવગમ્ય સ્વપરોન્નતિસાધક છે. વિશ્વમાં સંતપુરૂષોની પ્રવૃત્તિ વિશ્વજનોના કલ્યાણ કરવાના હેતુથી જ થાય છે. જેની જેવી દૃષ્ટિ તેવું તેને લાગે છે એ ન્યાયે જો સજ્જનો વાંચશે તો તેને લાભકારક થશે. ગુરૂશ્રીના પત્રોથી અનેકભવ્યજનોને લાભ થયો છે અને થાય છે. ગુરૂશ્રીના પુસ્તકો જ્યાં ત્યાં પ્રેમથી વંચાય છે, કારણ કે તેની અંદરના ભાવો દરેકને સરળ રીતે સમજી શકાય તેવા છે. તેમના લખેલા પત્રો આત્માના સહજસુખમાં લઇ જનારા છે. તેમના પત્રોમાં વિશેષ ખૂબી તો એ છે કે બાહ્યના મનુષ્યો જ્યારે બાહ્યસ્વરાજ્ય માટે મથન કરે છે ત્યારે ગુરૂશ્રીએ આત્માના સ્વરાજ્ય ભણી લોકોને વાળવા કેટલો કટીબદ્ધ પ્રયત્ન સેવ્યો છે તે વાંચનાર સમજી શકશે. આ ગ્રંથ અથથી ઇતિ સુધી વાચવાની દરેકને ભલામણ

કરૂં છું એટલું જ નહિ પણ વાચીને વિચારી મનન કરી તદનુસાર યથાશક્તિ પ્રવૃત્તિ કરવાની ભલામણ કરૂં છું. ગુરૂશ્રીના ગ્રંથો અધ્યાત્મજ્ઞાનરસથી વિભૂષિત છે. મંડળ સસ્તી કિંમતે પુસ્તકોનો પ્રચાર કરે છે, અને તે ધનવંતોની સહાયથી જ કરી શકે છે. જે જે બંધુઓએ આ ગ્રંથ પ્રસિદ્ધ કરવા સહાય આપી છે, તેઓનો અંતઃકરણથી ધન્યવાદપૂર્વક આભાર માનવામાં આવે છે અને ભવિષ્યમાં આવા ગ્રંથો પ્રસિદ્ધ કરવા સહાય આપો એમ ઈચ્છાય છે. આ ગ્રંથ સં. ૧૯૭૯ ની સાલમાં બહાર પડે છે. આ ગ્રંથમાં જૂદા જૂદા પ્રસંગે લખેલા પત્રો દાખલ કરવામાં આવ્યા છે. સજ્જનો હંસ ચંચુવત્ સારગ્રહણ કરશે પણ દુર્જનોની પેઠે કાકવૃત્તિ નહિ ધારણ કરે એમ ઈચ્છી વિરમું છું.

વિ. સંવત્ ૧૯૭૯
ભાદરવાસુદિ ૧

ૐ શ્રી ગુરૂ શાંતિ.
લે. આત્મારામ ખેમચંદ. સાણંદ.
શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડલ
તરફથી.

## ધન્યવાદ

આ પત્ર સદુપદેશ ભા. ૨ માં નીચે જણાવેલ બંધુઓએ સહાય આપી છે. તેમની નોંધ ધન્યવાદપૂર્વક લેવામાં આવે છે. અધ્યાત્મ જ્ઞાનના ગ્રંથો જૈનસમાજમાં ફેલાવવાની ખાસ જરૂર છે અને તેની જરૂરીયાત શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારકમંડલ બંધુઓ સહાય કરી કેટલેક અંશે પૂરી પાડે છે. આ ગ્રંથ છાપવામાં અને છપાવવામાં જે બંધુઓએ દ્રવ્યની સહાય આપી છે તેઓને ધન્યવાદ આપવામાં આવે છે. અને ભવિષ્યમાં તેવા ગ્રંથો છપાવવા સહાય આપશે એમ ઇચ્છાય છે.

૪૦૧ શા. જેસીંગભાઇ રવચંદભાઇ — વિજાપુર
૪૦) શા. જેસીંગભાઇ રવચંદભાઇના એક સગા તરફથી હા. લલુભાઈ કરમચંદ. — વિજાપુર
૬૦) શા. જગજીવનભાઈ પરાગજીભાઇ હા. મુલજીભાઇ જગજીવનભાઇ. — મુ. માંગરોલહાલ (મુંબાઇ
૩૦૮) શ્રી માણસાના સંઘ તરફથી હા. હાથીભાઈ મુલચંદભાઇ મુ. માણસા
૧૦૦) ભાખરીયા–મોહનલાલ નગીનદાસ — મુ. મેહસાણા.
૭૫) શા. મણીલાલભાઇ બબલદાસની કંપની. — મુ. મેહસાણા.
૫૦) પટવા. ભીખાભાઇ ઠાકરશીભાઇ — મુ. મેહસાણા.
૩૦) ભાખરીઆ. બુલાખીદાસ ગોકળદાસ — મુ. મેહસાણા.
૧૫૧) શેઠ. ડાહ્યાભાઈ મગનલાલ. — પુંધરા
૨૦૦) શા. હીરાચંદ કૃષ્ણાજી હા.છનાલાલ હરગોવીંદ માણસા તથા મુ પુના.
૫૦૧) શેઠ. દેવીદાસભાઈ પોમાજીભાઇ. મુનિમહારાજ શ્રી ઉત્તમસાગરજીની દીક્ષા પ્રસંગે — મુ. મુંબાઈ
૧૬૧૬)

ઉપરની વિગતે આ ગ્રંથ છપાવવામાં મદદ મળી છે. આ પ્રમાણે આ પુસ્તકના પ્રસિદ્ધ કરવા અર્થે જૈનબંધુઓએ દ્રવ્ય સહાય આપી છે. ભવિષ્યકાળમાં આવા અનેક ગ્રંથો પ્રકટ કરવામાં તેઓ સહાયક બનો એમ અંતઃકરણની ઉંડી લાગણીથી ઇચ્છવામાં આવે છે. ૐ શ્રીગુરૂશાંતિઃ

સંવત્ ૧૯૭૯
ભાદ્રપદપૂર્ણિમા. ૧૫

લે. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી.
વકીલ. મોહનલાલ હિમચંદભાઈ
મુ. પાદરા
અને સદ્ગુરૂ ચરણોપાસક.
આત્મારામ ખેમચંદ મુ. સાણંદ.

## વિજાપુરવાસી
## શેઠ જેસંગભાઇ રવચંદ કંકુચંદનું જીવનચરિત.

### શેઠ કંકુચંદ બહેચરના વડવાઓનો ઇતિહાસ

જૈન શેઠ કંકુચંદ બહેચરના વડવાઓ અસલ મારવાડમાં ભિન્નમાલ નગરમાં રહેતા હતા. લાડોલના મહાત્મા વહીવંચા (ચૈત્યવાસમાંથી ગૃહસ્થ કુલ ગુરૂ તરીકે ઉતરી આવેલા) પ્રખ્યાત છે, તેમની ગાદી પર મણિલાલ હીરાચંદ તથા હાથીચંદ છે. મણિલાલની પ્રાચીનવહીમાંથી નીચે પ્રમાણે પેઢીઓ ઉતારી છે.

| | |
|---|---|
| ૧ રાજા જશવંતસિંઘ | ૯ રાજા કલ્યાણસિંહ |
| ૨ રાજા અભયસિંહ | ૧૦ રાજા મદનસિંહ |
| ૩ રાજા કરણસિંહ | ૧૧ રાજા જુવાનસિંહ |
| ૪ રાજા મદનસિંહ | ૧૨ રાજા પ્રતાપસિંહ |
| ૫ રાજા અર્જુનસિંહ | ૧૩ રાજા ઉદેસિંહજી |
| ૬ રાજા ભગુતસિંહ | ૧૪ રાજા મદારસિંહજી |
| ૭ રાજા અલમલ્લસિંહ | ૧૫ રાજા અદ્ભુતસિંહજી |
| ૮ રાજા રાજામલ્લસિંહ | ૧૬ રાજા પંચબાણજી |

સોળમી પેઢીએ આવેલ પંચબાણજીથી તેમની પેઢીનો વિશેષ ઇતિહાસ માલુમ પડે છે. ઉપરના રાજાઓનું ગૌતમ ગોત્ર-સૂર્યવંશ અને ગોત્રદેવી અંબિકા હતી. રાજા પંચબાણજીના ગુરૂશ્રી પૂર્ણિમાગચ્છીય શ્રીપદ્મદેવ સૂરિ હતા. સં. ૧૧૯૧ માં પંચબાણજી જન્મ્યા હોય વા રાજ્ય યોગ્ય થયા હોય એમ પેઢીનામાથી અનુમાન થાય છે. પદ્મદેવસૂરિના બોધથી શ્રીપંચબાણે શ્રાવકનાં વ્રત ઉચ્ચર્યાં હતાં, અને તેમને વીશાશ્રીમાળી

તરીકે ક્ષત્રિયવર્ગમાંથી દાખલ કર્યા–અગિયારમા સૈકામાં (બારસેંની સાલમાં) થી માનતુંગસૂરિના એક શિષ્ય પદ્મદેવસૂરિ નામના થયા તથા એક નારાચંદ સૂરિના શિષ્ય અને શ્રીતિલક-સૂરિના શિષ્ય પદ્મદેવસૂરિ થયા–પદ્મદેવસૂરિએ સિદ્ધસેન–દિવાકરના રચેલ લબ્ધિપ્રપંચ ગ્રન્થ પર લબ્ધિપ્રપંચ પ્રબોધિકા નામની લઘુ ટીકા રચી છે. તથા યોગરહસ્ય નામનો ગ્રંથ તેમણે રચ્યો છે. પૂર્ણિમાગચ્છીય પટ્ટાવલિની પ્રાપ્તિ થતાં તેનો વિશેષ નિર્ણય થાય તેમ છે. રાજા પંચબાણજીને અગિયાર રાણીઓ હતી. દશ મહેતા હતા. રાજા પંચબાણે ભિન્નમાળમાં વસનાર બાર હજાર છસેં પાંત્રીશ જૈનોના ઘેર લ્હાણું કર્યું. તેમાં પ્રતિ ગૃહે એક સુવર્ણ મહોર, એક પાંચ શેરની થાળી અને એક લાડવો એ પ્રમાણે લ્હાણી કરી. તેણે જૈનધર્મની સારી રીતે પ્રભાવના કરી.

રાજા પંચબાણની પદ્માવતી રાણીના ઉદરથી પદ્મસિંહનો જન્મ થયો, રાજા પદ્મસિંહની ભાર્યા પ્રેમલાદેવીથી ખેતાક પુત્રનો જન્મ થયો. ખેતાકના વખતમાં ભિન્નમાલમાં યુદ્ધ થયું હોય તેમ જણાય છે. કારણ કે ખેતાકે ભિન્નમાલનો ત્યાગ કર્યો અને તે વટપદ્ર ( વડોદરા ) માં આવ્યા. વડોદરામાં ખેતાકસિંહે બાવન જિનાલયવાળું મહાવીર પ્રભુનું દેરાસર બંધાવ્યું અને તેણે આગમોને લખાવવામાં પાંચ લાખ રૂપૈયા ખર્ચ્યા. ખેતાની ભાર્યા મનેવરીના પુત્ર સોમરાજ થયા. વડોદરામાં રાજ્યવિરોધ થવાથી તેઓ ત્યાંથી નીકળ્યા અને વિસનગરમાં આવી વસ્યા. સોમરાજના પુત્ર ભીમા અને મુના એ બે થયા. તેમાં મુના, સંતતિના કારણે જૈન ગૃહસ્થ કુલગુરૂનાવચન પ્રમાણે દેવીના આદેશથી દશાશ્રીમાલીની કન્યા પરણ્યા, ત્યારથી તેમનો વંશ દશાશ્રીમાલી તરીકે ઓળખાવા લાગ્યો. વિ. સં. ૧૨૮૦ લગભગમાં વસ્તુપાલે અને તેજપાલે પાટણમાં ચોરાશી જાતના વાણિયાની ન્યાત કરી. તેમાં વસ્તુપાલ અને તેજપાલના પક્ષમાં

રહી. જેઓ ન્યાતમાં જમ્યા તે દશા કહેવાણા અને જે ન જમ્યા તે વીશા કહેવાણા. વાણિયાની બીજી પણ નાતોમાં આવા અનેક કારણથી દશા અને વીશાના ભેદ પડયા છે.

શેઠ મુનાના પુત્ર દેવો, રાણો, સારલિંગ, વીકા અને નાના એ પાંચ થયા. દેવાના પુત્ર જોટા અને સોમલ થયા. જોટાના પુત્ર સરવણ, સાંડા અને વિક્રમ એ ત્રણ થયા. સરવણના પુત્ર માંડક અને ભોટુ થયા.

સં. ૧૩૮૫ ની સાલમાં વિસનગરમાં જોટાના પુત્રોએ શ્રીપાર્શ્વનાથનું દેરાસર બંધાવી સાતલાખ રૂપૈયા ખર્ચ્યા. શ્રીપાર્શ્વનાથપ્રભુની પ્રતિમાની ગુરૂ શ્રીદેવસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી.

શેઠ માંડકના પુત્ર ભીમા.

| | | |
|---|---|---|
| શેઠ ભીમા | નાથા–પુત્ર રૂપા | કંકુચંદના પુત્રો–૫ |
| શેઠ હાપા | રાજુવા | ૧ રવચંદભાઈ સ્વ૦ સં ૧૯૪૯ |
| | | ૨ ઘેલાભાઈ સ્વ૦ ૧૯૬૩ |
| શેઠ કરમશી | જશમાલ | ૩ મગનલાલ સ્વ૦ ૧૯૭૩ |
| | | ૪ બાદરભાઈ સ્વ૦ ૧૯૫૮ |
| શેઠ નાનંગ | મંગલજી | ૫ ઉમેદભાઈ વિદ્યમાન છે. |
| શેઠ પાસા | પ્રતાપ | રવચંદભાઈના જેશંગભાઈ સ્વર્ગસ્થ પુત્ર સ્વ૦ ૧૯૭૮ |
| શેઠ નાથા | કીશોર | ઘેલાભાઇના બાલચંદ પુત્ર સ્વ૦ ૧૯૭૭ સ્વર્ગસ્થ |
| | કરમચંદ | |
| | બહેચર | |
| | કંકુચંદ | |

હાપા વા તેના પછીના વંશજો વીસનગરમાંથી સાબરમતીના કાંઠાપર આવેલા ઘાંટુમાં આવીને વસ્યા. ઘાંટુનો સં. ૧૯૪૨ ની લડાઇમાં નાશ થયો ત્યારે રાજવા સેઠ ઘાંટુનો ત્યાગ કરીને જૂના

સંઘપુરમાં આવીને વસ્યા. માડકના વંશમાંના કેટલાક કલોલ પાસેના ડેંગુચા ગામમાં જઈ વસ્યા છે. તે હાલ વિદ્યમાન છે. સં. ૧૮૫૫ ચૈત્ર વદિ બીજે કીશોર શેઠે સંઘપુરથી સંઘદ્વારા સિદ્ધાચલની યાત્રા કરી. સં. ૧૮૭૩ માં કીશોર શેઠે તારંગાજીનો સંઘ કહાડયો. સં. ૧૮૭૪ માં ચૈત્ર શુદિ ૧૪ ચૌદશે મૂલ નાયક ચંદ્રપ્રભુને શેઠ કીશોરે ગાદીએ બેસાડયા, તે વખતે મલુકચંદ કીશોરે રૂા. ૧૦૧ ચડાવો લીધો હતો. હાલ સંઘપુરના કેટલાક વૃદ્ધ પુરૂષો કહે છે કે ચંદ્રપ્રભુની પ્રતિમા ઘાંટુથી લાવવામાં આવી હતી અને હાલ જૂના સંઘપુરના દેરાસરમાં જૂના લેખનાં બે પાટીયાં છે તે પણ ઘાંટુથી લાવવામાં આવ્યાં હતાં અને ઘાંટુમાંથી તે બે લેખનાં પાટીયાં વિજાપુરમાં ચિંતામણિના દેરાસરમાં લાવવામાં આવ્યાં હતાં પણ તેનો તપાસ કરતાં એકનો પત્તો લાગતો નથી. ઘાંટુથી શ્રીસંભવનાથની પ્રતિમાને વિજાપુરમા કુંથુનાથના દેરામાં લાવવામાં આવી છે. સં. ૧૯૨૪ લગભગમાં જૂનું સંઘપુર પાણીની રેલમાં તણાયું પછી નવું સંઘપુર વસ્યું. જૂના સંઘપુરમાંથી ચંદ્રપ્રભુની પ્રતિમાને નવા સંઘપુરમાં લાવવામાં આવી. હાલ સંઘપુરના દેરાસરમાં ૯૬ શ્લોકથી ૧૧૫ શ્લોક સુધીનાં બે પાટીયાં છે. તે લેખનો ઉતારો વિજાપુર વૃત્તાંતની પ્રસ્તાવનામાં કરવામાં આવ્યો છે, શેઠ કીશોર પ્રતાપે વિજાપુરના ચિંતામણના દેરાસરમાં શાંતિનાથની પ્રતિમા પધરાવી, તથા બે નવકારશીઓ કરી. સં. ૧૮૯૨ માં વૈશાખ શુદિ ત્રીજના રોજ શેઠ કીશોરનો વસ્તાર વિજાપુરમાં આવી વસ્યો. સં. ૧૮૯૮ ના ફાલ્ગુણ શુદિ બીજના રોજ કરમચંદભાઇએ દીક્ષા લીધી, તેમનું નામ કીર્તિવિમલ પડયું, તે વખતે નવકારસી થઇ તેમાં એકેક નવકારશીમાં બેતાલીશ મણ ઘીનો શીરો વર્યો. બે માસનું તપ કરીને કીર્તિવિમલજી સ્વર્ગમાં ગયા, શેઠ કરમચંદ કીશોરના પુત્ર શેઠ બહેચર થયા અને તેના પુત્ર કુંકુચંદ થયા. શ્રીમાલીવાડામાં કીશોર શેઠનો વસ્તાર સં. ૧૮૯૨ થી આવ્યો, તેને હાલ સો વર્ષ અને ઉપર અઢાર વર્ષ થયાં છે.

## શેઠ જેસંગભાઇનો જન્મ.

વિજાપુરમાં શ્રીમાલીવાડામાં શેઠ કંકુચંદ બહેચરનું ઘર છે. કંકુચંદ શેઠની પત્નીનું ખુશાલબાઈ નામ હતું. તેની કુખથી રવચંદ, ઘહેલાભાઈ, મગનલાલભાઈ, બાદરભાઈ અને ઉમેદભાઇ એ પાંચ પુત્રોનો જન્મ થયો. કંકુચંદ અને ખુશાલબાઈની જૈનધર્મપર પૂર્ણશ્રદ્ધા હતી. તેઓ બન્ને ઇષ્ટદેવ ગુરૂ અને ધર્મનું આરાધન કરવામાં સદા તત્પર રહેતા હતાં. સાધુઓનું વ્યાખ્યાન શ્રવણ કરવા માટે કંકુચંદભાઈ દરરોજ જતા હતા. જૈનધર્મની તે બન્નેમાં હાડોહાડ શ્રદ્ધા હતી. કુદેવ, અને કુધર્મની માન્યતાથી સદા દૂર રહેતા હતા. શુભકર્મથી સુખ અને અશુભ કર્મથી દુઃખ થાય છે એવી શ્રીવીરપ્રભુની વાણીની શ્રદ્ધાથી તેઓ રંગાયા હતા. તેમણે જગત્‌ના અનેક અનુભવ લીધા હતા. દુઃખ અને સુખના દિવસોની દશામાંથી તેઓ પસાર થયા હતા. સર્વ જીવોની દયા પાળવામાં તેઓ બન્ને સદા તત્પર રહેતા હતા, શ્રી જીનેન્દ્રપ્રભુની ભક્તિ કરવામાં તેઓ ઘણો સમય વ્યતીત કરતા હતા.

સં. ૧૯૩૩ ના વૈશાખ સુદિ ૧૫ મે શેઠ જેશીંગભાઇનો જન્મ થયો હતો તેમણે ખરી કેળવણી વીજાપરમાં જ લીધી હતી મુંબાઇ જઇ પોતાના પિતાનો ધંધો ઝવેરાત હતો તેથી ઝવેરાતની દલાલીનો અનુભવ લઇ દલાલી કરતા હતા. સં. ૧૯૪૮ ની સાલમાં પેઢામલીની બાઈ દીવાળીની સાથે લગ્ન થયું હતું.

શેઠ જેશીંગભાઇનો પ્રભુપૂજા—યાત્રા અને જીવદયા તરફ ઉત્તમ પ્રેમ હતો. એક સમયે જીવરક્ષામાટે જીવનાજોખમે પેઢામલીમાં ગાયો બકરાં બચાવ્યાં હતાં.

યાત્રાઓ. તેઓએ પાલીતાણાની ૧૭) વખત યાત્રા કરી હતી એક વખત નવાણું યાત્રા કરી હતી તે પ્રસંગે નવકારશી જમાડી

હતી—દીવાળીબાઇને એક વખતે પર્યુષણમાં અઠ્ઠાઇ કરાવી હતી, અને નવકારશી જમાડી હતી. કેશરીઆજીની યાત્રા પાંચ વખત કરી હતી. અંતરીક્ષજીની ૨ બે વખત કરી હતી. પંચતીર્થની ૨ વખત કરી હતી. તેઓની ધર્મશ્રદ્ધા અને ગુરૂભક્તિ ઘણી સારી હતી. તેઓના સ્મરણાર્થે આ ગ્રન્થ પ્રગટ કરવા રૂ. ૪૦૧ ની બાઈ દીવાળી બેને સહાય કરી છે.

# पत्रसदुपदेश भाग बीजो.

## प्रस्तावना.

श्री पंचपरमेष्ठीने नमस्कार करीने तथा श्री संघने नमन करीने पत्रसदुपदेश संबंधी किंचित् वक्तव्य लखुं छुं. छद्मस्थदृष्टिए पत्रो लखतां जैनशास्त्रोथी कंइ विरुद्ध लखायुं होय एम गीतार्थोनी दृष्टिए देखतां बनवा योग्य छे तेनी प्रथमथी संघनी आगळ माफी मागुं छुं अने जे कंइ जैनशास्त्रोनी विरुद्ध लखायुं होय वा ज्यां मतिदोषथी विरुद्ध लखायुं होय ते गीतार्थो सुधारशे एम बेहस्तजोडी नमीने प्रार्थुं छुं,–पत्रो जेना प्रति जेवा आशयथी लखवामां आव्या होय ते ध्यानमां राखीने पत्रो वांचवा जोईए. व्यवहारनय अने निश्चयनयनी दृष्टि ध्यानमां राखीने पत्रो वांचवा जोईए. एकांत व्यवहारनयवादीने निश्चयनयनुं ज्ञान आपवाने तथा एकांत निश्चयवादीने व्यवहार नयमां स्थिर करवा माटे जे पत्रो लखाया होय ते सज्जनो ए दृष्टिने ध्यानमां वांचशे. केटलीक बाबतोने सात नयनोनी अपेक्षाए दर्शाववामां आवी छे. आत्मारूप महावीरनुं स्वरूप

એક પત્રમાં જણાવ્યું છે તે સાતનયોની દૃષ્ટિએ જણાવ્યું છે. સિદ્ધાચલાદિ તીર્થોની યાત્રા સંબંધીના પત્રમાં પણ અનેકનયનાં દૃષ્ટિબિંદુઓની સાપેક્ષા રાખીને ઉપદેશ લખવામાં આવ્યો છે. કેટલાક પત્રોમાં કોઈ બાબતને મુખ્યતા આપવામાં આવી છે; જેજે શ્રાવકો વગેરેપર પત્રો લખવામાં આવ્યા છે તે સર્વે અમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા ભક્તો છે એવું કોઇએ ન સમજવું. જેઓએ અમારા પત્રો લખ્યા તેઓપર પત્રો લખવામાં આવ્યા એટલું જ સમજવાનું છે. હાલમાં વા ભવિષ્યમાં તેઓનામાં વિચાર પરિવર્તનો ગમે તેવાં થાય ત કંઈ મારે જોવાનું નથી, મેં તો જૈનશાસન સેવા ધર્મકર્તવ્યની ફરજને પત્રો લખી અદા કરી છે તેટલું જ લક્ષ્યમાં રાખી પ્રવૃત્તિ કરેલી છે. ગુણાનુરાગી મનુષ્યો ગુણ દૃષ્ટિથી પત્રોમાંથી જે કંઇ સત્ય શુભ ઉપાદેય હશે તે ગ્રહશે અને જ્ઞેયને જાણશે અને હેયનો ત્યાગ કરશે. પત્રસદુપદેશ પ્રથમ ભાગ છપાવતાં પ્રથમના કેટલાક પત્રો મળી આવ્યા નહોતા તે બીજા ભાગમાં છપાવ્યા છે અને હવથી જે કંઇ પત્રો લખેલા મળી આવશે વા જે કોઇ બાકી છે તે ભવિષ્યમાં છપાશે. ગીતાર્થસજ્જનો જે કંઈ આ બાબતમાં સૂચનાઓ આપશે અને જૈનશાસ્ત્ર વિરૂદ્ધ જે કંઇ લખાયું હોય તે જણાવશે તો દ્વિતીયાવૃત્તિમાં સુધારો વધારો કરવામાં આવશે અને તે સાથે તેઓનો ઉપકાર માનવામાં આવશે, હું તો શ્રીસંઘનો અણુસમ સેવક છું તેની આજ્ઞા પ્રમાણે વર્તવાને મારો આત્મા સદા તૈયાર છે. શ્રી જૈનશાસનની તથા સંઘની મારા અધિકાર પ્રમાણે ઉપદેશ લેખ વગેરેથી સેવાભક્તિ કરવામાં અર્પાઇ જવું તેથી જ હું મારા આત્માની શુદ્ધિ માનું છું.

જૈન શાસ્ત્રોની વિરૂદ્ધ કંઇપણ મંતવ્યમતભેદ પન્થની દૃષ્ટિથી હું ન્યારો છું એવું પૂજ્યપાદમુનિવરગીતાર્થો વગેરે ધ્યાનમાં રાખીને ગ્રન્થોને વાંચો અને મ્હને સંઘની ધર્મની સેવાભક્તિમાં સહાયક બનો એવું સદા ઈચ્છુછું. જૈનશાસ્ત્રોના મંતવ્યોમાં મારી પૂર્ણ શ્રદ્ધા છે. જૈનશાસ્ત્રોના મંતવ્યોને

સમજાવવાં અને જૈનશાસ્ત્રોમાં નાસ્તિક બુદ્ધિવાળા જેઓ થયા હોય તેઓને આસ્તિક બનાવવા માટે ખાસ મારી પ્રવૃત્તિ છે એમ ગુણાનુરાગી ગીતાર્થ સજ્જનો વિચારશે તો તેઓ સમ્યગ્ દૃષ્ટિથી મ્હને સહાયક થશે. સમ્યગ્દૃષ્ટિવાળા આત્મામાં નંદિસૂત્રમાં કહ્યા પ્રમાણે એટલીબધી શક્તિ ખીલે છે કે તે મિથ્યાત્વ શાસ્ત્રોને પણ સમ્યગ્રૂપે પરિણમાવી શકે છે તો મારાથી લખાયલા પત્રોના ભાવાર્થને તેવા જૈનો સમ્યગ્રૂપે પરિણામ આવે એમાં કંઈ આશ્ચર્ય નથી. મિથ્યાત્વીજીવો તો સવળાને પણ અવળું માને છે તેથી તેઓ સમ્યગ્વિચારોને દ્વેષબુદ્ધિથી તથા મિથ્યાબુદ્ધિથી અવળા પરિણમાવે અને તેઓ અવળારૂપે તે પત્રોને જાહેર કરે તેમાં મિથ્યાત્વ બુદ્ધિનો જ દોષ છે, મારા હૃદયના શુદ્ધભાવે મે પત્રો લખ્યા છે તથી મ્હને તો આત્મશુદ્ધિ થવાની ધારણા છે અને અન્યવાચકોને સર્વપત્રો આત્મશુદ્ધિમાટે સવળા પરિણમો એમ જિનેશ્વરોને પ્રાર્થું છું.

इत्येवं ॐ अर्हंमहावीर शान्तिः । ३
મુ. વિજાપુર. સં. ૧૯૭૯ ભાદ્રપદશુક્લ પંચમી.

સંઘ સેવક
બુદ્ધિસાગર

## ॥ સદુપદેશપત્ર ભાગ-૨ જાનું શુદ્ધિપત્રકમ્. ॥

| પત્ર | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨ | ૪ | યનાથી | ક્ષમાપનાથી |
| ૪ | ૨૧ | ક્ષમાના | ક્ષમાપના |
| ૪ | ૨૫ | અનત | અનંત |
| ૫ | ૫ | અબાધત | અબાધિત |
| ૨૧ | ૨૪ | ધ્યાના | ધ્યાતા |
| ૨૧ | ૨૬ | પરમેનિષ્ઠ | પરમેષ્ઠિ |
| ૨૮ | ૩ | માં | મા |
| ૩૪ | ૧૨ | ૧૧૭૭ | ૧૯૭૨ |
| ૪૧ | ૬ | દ્વષાદિક | દ્વેષાદિક |
| ૪૩ | ૩ | દષ્ટિ | દૃષ્ટિએ |
| ૪૩ | ૧૯ | શકા | શંકા |
| ૪૪ | ૨૫ | નથી | છે |
| ૪૯ | ૧૨ | ૧૯૭૭ | ૧૯૭૪ જેઠ વદિ ૧૨ |
| ૫૩ | ૧૨ | વિગારવા | વિચરવા |
| ૫૬ | ૨૨ | શુપ્રાત્મ | શુદ્ધાત્મ |
| ૫૮ | ૧૨ | ગશ | ગચ્છ |
| ૫૮ | ૧૩ | સચ્છ | સમ |
| ૬૧ | ૬૪ | ઝીવાર | ઝાઝીવાર |
| ૭૫ | ૧૩ | દશ | દશા |
| ૭૭ | ૨૪ | એને | એ |
| ૭૮ | ૧૯ | સાધન | સાધંત |
| ૭૮ | ૨૨ | ટેછે | રહે છે |
| ૭૯ | ૯ | જાણુ | જાણુ |
| ૮૪ | ૬ | પાળવું | પામવું |
| ૮૫ | ૧૮ | બાહ્ય | બાહ્ય |
| ૮૬ | ૨૯ | સ્થિર | સ્થિરતા |

| પત્ર | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૮૬ | ૩૧ | વધ્યાં | વધ્યા |
| ૮૭ | ૧૦ | દ્વષ | દ્વેષ |
| ૮૮ | ૫ | તેઓને | તેઓ |
| ૯૨ | ૩૦ | રાખશે | રાખશો |
| ૯૩ | ૧૨ | હતી | છે |
| ૯૭ | ૧૨ | શકોતો | શકાતો |
| ૧૦૦ | ૧૩ | યૂન્નતા | ન્યૂનતા |
| ૧૦૦ | ૩૧ | નિર્દ્વદ | નિર્દ્વંદ્વ |
| ૧૦૫ | ૧૨ | અંતર્ભાવિ | અંતર્ભાવ |
| ૧૧૧ | ૮ | બ્રહ્મચર્ય | બ્રહ્મચર્યપણું |
| ૧૧૧ | ૧૧ | વ્યભિચારા | વ્યભિચારી |
| ૧૧૨ | ૪ | દ્ર્વ્ય | દ્રવ્ય |
| ૧૧૮ | ૨૯ | ચતુર્દર્શ | ચતુર્દશ |
| ૧૨૮ | ૧૯ | આંત | ઐતિ |
| ૧૨૮ | ૨૦ | શુદ્ધિ | શુદ્ધિ |
| ૧૨૮ | ૨૩ | સદ્ધ | સિદ્ધ |
| ૧૩૧ | ૩૦ | ઓસ | ઓમાં |
| ૧૩૯ | ૧૬ | પરક | પૂરક |
| ૧૪૧ | ૬ | પ્રગટી | પ્રગટતી |
| ૧૪૪ | ૧૨ | પુષ્ટાલંબના | પુષ્ટાલંભન |
| ૧૪૪ | ૧૬ | ધાતિ | ધૌતિ |
| ૧૫૨ | ૪ | મેળળવું | મેળવવું |
| ૧૫૪ | ૫ | બુધ્યબ્ધિ | બુદ્ધયબ્ધિ |
| ૧૫૮ | ૨૯ | શાસ્રો | શાસ્રો |
| ૧૬૦ | ૨ | સત્તાએ | ૦ |
| ૧૬૦ | ૨૫ | અહું | અહં |
| ૧૯૨ | ૪ | નિરધારશો | નિરધારશે |

| પત્ર | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૨૧૮ | ૧ | ૨૨૨ | ૨૧૮ |
| ૨૧૯ | ૧ | ૨૨૩ | ૨૧૯ |
| ૨૨૯ | ૨૦ | શક્તિ | શક્તિ |
| ૨૩૮ | ૧૦ | જૈનોએ | જૈનો |
| ૨૩૯ | ૧૧ | ચકાય | ચૂકાય |
| ૨૪૬ | ૧૦ | શ્ર | શ્રે |
| ૨૫૨ | ૮ | આત્મ | સત્તાએ આત્મ |
| ૨૬૬ | ૨૧ | સાનુણ | સાનુર્ણ |
| ૨૬૮ | ૮ | ચૌ | ચાં |
| ૨૭૦ | ૨૫ | સંધો | સાંધો |
| ૨૭૭ | ૧૩ | ચ્યવ | યવ |
| ૨૮૧ | ૧૯ | તીર્થે | તીર્થ |
| ૨૯૨ | ૩૧ | નથી | નથું |
| ૨૯૬ | ૯ | વતી | વર્તી |
| ૩૦૦ | ૮ | લોક | લોકે |
| ૩૦૨ | ૧૩ | પરિણામે | પરિણમે |
| ૩૦૩ | ૨૧ | મનને | મન |
| ૩૦૪ | ૫ | આત્મિક | સાત્વિક |
| ૩૨૭ | ૧૫ | ગુણોને | ગુણોના ચિંતવને |
| ૩૩૦ | ૭ | ચિતાપયોગ | ચિત્તોપયોગે |
| ૩૩૪ | ૨૬ | પણ | ૦ |
| ૩૩૮ | ૧૬ | આત્મા | આત્મામાં |
| ૩૩૯ | ૨૩ | સક્તિ | સક્યતિ |
| ૩૪૦ | ૧૮ | ખોદવામાં | ખોદવામાં આવે |
| ૩૫૫ | ૨૮ | ભાવના | ભાવનાએ |
| ૩૫૬ | ૨ | શ્રૂતિ | શ્રુત |
| ૩૫૭ | ૨૨ | આત્મા | આત્માની |

| પત્ર | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૩૭૨ | ૩૨ | શાસ્રાને | શાસ્રને |
| ૩૭૨ | ૭૨ | ભણવી | ભણાવી |
| ૩૭૭ | ૧૧ | શાસ્રા | શાસ્રો |
| ૩૯૦ | ૨૧ | શકે | શકે એમ |
| ૩૯૫ | ૨૦ | કરતાં | પણ પ્રભાવક |
| ૩૯૬ | ૩૧ | કાર્યા | કાર્યો |
| ૩૯૭ | ૨૪ | યએલ | થએલ |
| ૪૨૧ | ૮ | વગેરે | વગેરેથી |
| ૪૨૩ | ૧૧ | જેના | જૈનો |
| ૪૨૭ | ૧૬ | પોતાનો | પોતાના |
| ૪૩૦ | ૧૪ | જના | જૈનો |
| ૪૩૦ | ૧૭ | પાળીન | પાળીને |
| ૪૩૨ | ૮ | લોકા | લોકો |
| ૪૩૨ | ૯ | જનો | જૈનો |
| ૪૩૯ | ૨૧ | ધમ | ધર્મ |
| ૪૪૦ | ૧૮ | આત્માનદ | આત્માનંદ |
| ૪૪૪ | ૯ | રાગષ | રાગદ્વેષ |
| ૪૪૪ | ૨૫ | તયાર | તૈયાર |
| ૪૪૮ | ૧૧ | કરી | કરી હોય |
| ૪૪૯ | ૧૯ | દેષ | દ્વેષ |
| ૪૫૦ | ૧૪ | શક્તી | શક્તિ |
| ૪૫૩ | ૧૫ | અક્ય | ઐક્ય |
| ૪૫૬ | ૧૮ | શ્રસે | થશે |
| ૪૫૭ | ૧૦ | રાગષ | રાગદ્વેષ |
| ૪૬૨ | ૧૮ | દયાના | દયાની |
| ૪૬૩ | ૧૫ | શતિ | શાન્તિ |
| ૪૬૩ | ૧૫ | એવા | એવી |
| ૪૬૫ | ૧૩ | પ્રેશ | પ્રવેશ |

| પત્ર | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪૬૮ | ૫ | ધમ | ધર્મ |
| ૪૯૨ | ૧૧ | ને | નો |
| ૪૯૨ | ૨૩ | સુબ | સુખ |
| ૪૯૬ | ૧૧ | સઘ | સંઘ |
| ૫૦૧ | ૮ | કબીલથી | કબીલાથી |
| ૫૦૩ | ૧૪ | ગભરઇ | ગભરાઇ |
| ૫૦૬ | ૨ | હાદિક | હાર્દિક |
| ૫૦૮ | ૨૬ | વિયાક | વિપાક |
| ૫૧૨ | ૧૫ | ત | તે |
| ૫૧૬ | ૫ | મા | માં |
| ૫૧૯ | ૨૬ | છકાજીયની | છકાયજીવની |
| ૫૨૦ | ૧૪ | અંતભાવ | અંતર્ભાવ |
| ૫૨૮ | ૧૭ | સ્વાતંત્ય | સ્વાતંત્ર્ય |
| ૫૩૨ | ૧૩ | રામજી | રામજીએ |
| ૫૩૯ | ૧૬ | તૃસિ | તૃપ્તિ |
| ૫૪૦ | ૨૦ | દેવો | દેવી |

# श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ तरफथी

## श्रीमद् बुद्धिसागरसूरिजी ग्रन्थमाळामां

## प्रगट थयेला ग्रन्थो.

---

| | ग्रथांक | | पृष्ठ | किंमत. |
|---|---|---|---|---|
| | १ | क. भजन संग्रह भाग १ लो. | २०० | ०-८-० |
| * | १ | अध्यात्म व्याख्यानमाळा. | २०६ | ०-८-० |
| * | २ | भजनसंग्रह भाग २ जो. | ३३६ | ०-४-० |
| * | ३ | भजनसंग्रह भाग ३ जो. | २१५ | ०-८-० |
| * | ४ | समाधि शतकम्. | ६१२ | ०-८-० |
| * | ५ | अनुभव पच्चिशी. | २४८ | ०-८-० |
| | ६ | आत्मप्रदीप, | ३१५ | ०-८-० |
| * | ७ | भजनसंग्रह भाग ४ थो. | ३०४ | ०-८-० |
| | ८ | परमात्मदर्शन. | ०२६ | ०-१२-० |
| * | ९ | परमात्मज्योति. | ५०० | ०-१२-० |
| * | १० | तत्त्वबिंदु. | २३० | ०-४-० |
| * | ११ | गुणानुराग. ( आवृत्ति बीजी | २४ | ०-१-० |
| * | १२-१३. | भजनसंग्रह भाग ५ मो तथा ज्ञानदीपिका. | १९० | ०-६-० |
| * | १४ | तीर्थयात्रानुं विमान (आ.बीजी) | ६४ | ०-२-० |
| * | १५ | अध्यात्म भजनसंग्रह | १९० | ०-६-० |
| * | १६ | गुरुबोध. | १७४ | ०-४-० |
| * | १७ | तत्त्वज्ञानदीपिका | १२४ | ०-६-० |
| | १८ | गहुंलीसंग्रह भा. १ | ११२ | ०-३-० |

| | | |
|---|---|---|
| * १९–२० श्रावकधर्मस्वरूप भाग १–२ ( आवृत्ति त्रीजी ) | | ३०–४०–१–० |
| * २१ भजन पद संग्रह भाग ६ ठो. | २०८ | ०–१२–० |
| २२ वचनामृत, | ८३० | ०–१४–० |
| २३ योगदीपक. | ३०८ | ०–१४–० |
| २४ जैन ऐतिहासिक रासमाळा, | ४०८ | १–०–० |
| * २५ आनन्दघनपदसंग्रह भावार्थसहित | ८०८ | २–०–० |
| * २६ अध्यात्म शान्ति (आवृति बीजी) | १३२ | ०–३–० |
| * २७ काव्यसंग्रह भाग ७ मो. | १५६ | ०–८–० |
| * २८ जैनधर्मनी प्राचीन अने अर्वाचीन स्थिति. | ९६ | ०–२–० |
| * २९ कुमारपाल ( हिंदी ) | २८७ | ०–६–० |
| ३० थी ३४ सुखसागर गुरुगीता. | ३०० | ०–४–० |
| ३५ षड्द्रव्य विचार. | २५० | ०–४–० |
| * ३६ विजापुर वृत्तांत. | ९० | ०–४–० |
| ३७ साबरमती काव्य. | १९६ | ०–०–० |
| ३८ प्रतिज्ञा पालन. | ११० | ०–५–० |
| ३९–४०–४१ जैनगच्छमतप्रबंध संघप्रगति जैनगीता. | ४०४ | १–०–० |
| ४२ जैन धातुप्रतिमा लेख संग्रह | | १–०–० |
| ४३ मित्रमैत्री. | | ०–८–० |
| ४४ शिष्योपनिषद्. | ४८ | ०–२–० |
| ४५ जैनोपनिषद्, | ४८ | ०–२–० |
| ४६–४७ धार्मिक गद्यसंग्रह तथा सदुपदेश भाग १ लो. | ९७१ | ३–०–० |

| | | |
|---|---|---|
| ४८ भजन संग्रह भा. ८ | ९७६ | ३–०–० |
| ४९ श्रीमद् देवचंद्र भा. १ | १०२८ | १–०–० |
| ५० कर्मयोग. | १०१२ | ३–०–० |
| ५१ आत्मतत्त्व दर्शन | १११ | ०-१०-० |
| ५२ भारत सहकार शिक्षण काव्य | १६८ | ०-१०-० |
| ५३ श्रीमद् देवचंद्र भा. २ | ११०० | ३–८–० |
| ५४ गहुली संग्रह भा. २ | १३० | ०–४–० |
| ५५ कर्मप्रकृतिटीकाभाषांतर | ८०० | ३–०–२ |
| ५६ गुरुगीत गुहुंलीसंग्रह | १९० | ०-१२-० |
| ५७-५८आगमसार अने अध्यात्म गीता | ४७० | ०–६–० |
| ५९ देववंदन स्तुति स्तवन संग्रह. | १७५ | ०–४–० |
| ६० पूजासंग्रह. भा. १ लो. | ४१६ | १–०–० |
| ६१ भजन पदसंग्रह भा. ९ | ४६० | १–८–० |
| ६२ भजन पदसंग्रह भा. १० | २०० | १–०–० |
| ६३ पत्र सदुपदेश भा. २ | ५७५ | १–८–० |

* आ नीशानीवाळा ग्रंथो सीलकमां नथी.

उपरनां पुस्तको मळवानुं ठेकाणुं.

वकील मोहनलाल हीमचंद.

( गुजरात ) पादरा.

# સદ્દુપદેશ પત્ર.

## ભાગ ૨ જો.

લેખક બુદ્ધિસાગર. મુ૦ સાણંદ.

સં. ૧૯૬૮ ના માગશર સુદિ ૫.

મુ. વલસાડ, તત્ર વૈરાગ્યાદિગુણાલંકૃત મુનિ અમૃતસાગર મુનિ રૂદ્ધિસાગર તથા મુનિ જીતસાગર યોગ્ય અનુવંદનસુખશાતા. વિ. તમો વલસાડ પહોંચ્યા તે પત્રથી જાણ્યું. ત્યાં સુશ્રાવક નાથાલાલ ખુબચંદ તથા કેશરીચંદ તથા ફુલચંદ વગેરે ભક્તિ કરવામાં રાગી છે. તમારી ઇચ્છા પ્રમાણે ત્યાં રહેશો. ક્ષયરોગીને સુકી હવાની ઉપયોગિતા છે. ક્ષયરોગની ત્રીજી ભૂમિકામાં તમારૂં શરીર છે તેથી હવે શરીરનો ભરૂસો ન રહે. હવે તો પ્રભુસ્મરણ, આત્મધ્યાનની ઔષધિથી આત્માને પુષ્ટ કરવો. રોગકાળે સંતને પ્રભુ યાદ આવે છે અને અજ્ઞાનીને દુનિયામાં ચિત્ત રહે છે. ત્હેં કંચનકામિની ત્યાગરૂપ ચારિત્ર સારી રીતે પાળ્યું છે, ગુરૂભક્તિમાં ખામી રાખી નથી. હવે તો ધાર્મિક ક્ષત્રિયોદ્ધો બની આત્માનો ઉપયોગી થા. સર્વ જીવોને ખમાવ. રાત્રિદિવસ આત્મશુદ્ધિ થાય એવી ભાવના ભાવવી. મારાથી જે કંઇ અપ્રીતિ થઇ હોય તે આત્મસાક્ષીએ ખમાવું છું. ગુરૂએ શિષ્યોને ખમાવવા જોઈએ. શિક્ષા ઉપાલંભ પ્રસંગે વા બીજા પ્રસંગે આશય સમજ્યા વિના શિષ્યના મનમાં અરૂચિ વગેરે પરિણામ પ્રગટે તેથી ગુરૂએ પણ શિષ્યોને ખમાવવા જોઇએ. આવી માંદગીમાં તો સારી રીતે પરસ્પર ક્ષમાપના થવી જોઇએ.

જો કે ત્હુને અરૂચિ થાય એવો પ્રસંગ બન્યો નથી અને મ્હુને ત્હારાથી અરૂચિ થાય એવો ખાસ પ્રસંગ બન્યો નથી છતાં આપનાથી પરસ્પર આત્મશુદ્ધિ વિશેષ પ્રકારે થાય છે. તું મારા આશયોને જેટલો જાણવા સમર્થ અને ભક્ત છે તેટલા પ્રમાણમાં અન્યો હજી સુધી થયા નથી. તું મારૂં હૃદય છે. ત્હારી પ્રીતિ મારાપર ઘણી છે. ત્હેં મારાથી કંઈ ભેદ રાખ્યો નથી ઇત્યાદિ ત્હારા અનેક ગુણોની હું અનુમોદના કરૂં છું અને તેથી ત્હારો આત્મા પૂર્ણ સુખી થાઓ. પરભવમાં ત્હને દેવગુરૂ ધર્મનું આલંબન મળો એમ હું ઇચ્છું છું.

ક્ષયરોગીને કષાયનાં કારણો મળતાં તુર્ત કષાય થાય એમ બની શકે માટે કષાયનાં કારણો છતાં ઘણો ઉપશાંતભાવ ધારણ કર. કષાય ન થાય એવી ભાવના ભાવ અને ધર્મ વિનાની બીજી વાત કરનારાઓને પાસે ન બેસવાનું કહેજે. જીતસાગર વગેરેની ભૂલો થતાં અકળાઈ ન જતાં ઘણી સહનતા રાખજે, કારણ કે હવે મુસાફરીના દિવસ ટુંકા છે એટલામાં તો ઘણું કરી શકાય અને અનેક ભવનાં કર્મ તોડી શકાય. મૃત્યુથી કદિ ગભરાઈ ન જવું- ગુરૂભક્તનું અંતે સમાધિમરણ થાય છે. ક્ષય રોગીને જ્ઞાનોપયોગે સમાધિ રહેવાનો વિશેષ સંભવ છે. વૈયાવચ્ચ આદિ ત્હારાં ધર્મકૃત્યો કદાપિ નિષ્ફળ જવાનાં નથી. આ ભવના ધર્મસંસ્કારો પુનઃ પરભવમાં જાગૃત થઇ આત્માની શુદ્ધિમાં અત્યંત ઉપયોગી થાય છે એમ પૂર્ણ વિશ્વાસ રાખજે. દેવગુરુધર્મની કરેલી સેવાભક્તિ ભવોભવમાં આત્માની ઉન્નતિમાં આગળ ચડાવીને મુક્તિ અવશ્ય આપે છે. આત્માની બે ઘડીની શ્રદ્ધા થતાં અનંત ભવનાં કર્મોનો નાશ થાય છે, તો પછી ઘણા દિવસો સુધી વૈરાગ્યભાવ અને આત્મોપયોગ વર્તે તો પરમાત્મપદ પ્રાપ્ત થાય એમાં કંઈ આશ્ચર્ય નથી. જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં સર્વ કર્મનો ક્ષય કરે છે. પ્રભુની અને ગુરુની ભક્તિથી આ કાળમાં આત્માની વિશેષ શુદ્ધિ થાય છે, આત્માના સ્વરૂપની વારંવાર ભાવના રહે એવાં જ્ઞાનસાર, અધ્યાત્મસાર, આનંદઘન

અધ્યાત્મી વગેરે પુસ્તકો વાંચ. વૈરાગ્યોત્પાદક સઝાયોનું શ્રવણ મનન કર. સઝાયો શ્રવણ મનન કરવાથી વૈરાગ્યની સાથે મનની એકાગ્રતા થાય છે. ધાર્મિક વાર્તાઓનું મનન કરવું એ જ વૈરાગ્યકારક છે. મનમાં બાહ્ય ભાવનો એક સંકલ્પ વિકલ્પ ન થવા થવા દે અને કદાપિ ક્રોધાદિકનો એક સંકલ્પ માત્ર થઈ જાય તો તુર્ત વૈરાગ્યભાવથી મનને કષાયરહિત કર, એ જ ઉપયોગ ક્ષણે ક્ષણે રાખ. ભરનિદ્રામાં જેમ બાહ્ય વસ્તુઓની યાદી રહેતી નથી તેમ આત્મા વિનાની સર્વ વસ્તુઓના મોહને ભૂલી જા. આત્મા અને પરમાત્મામાં મનને રમાવ. આત્મા તે જ સર્વ કર્મક્ષયથી વ્યક્ત પરમાત્મા છે એવો નિશ્ચય રાખ. આત્માનું દેહ વગેરે જડજગત્ નથી. સર્વ સંબંધોમાંથી રાગદ્વેષની વૃત્તિનો પરિહાર કર. ચાર શરણ અંગીકાર કરીને અશરણભાવના ભાવ. દુનિયાની કોઇ પણ પદવીનો મોહ ન કર. સર્વ પ્રકારનાં નિદાનોનું પ્રતિક્રમણ કરી કેવળ એક આત્માનું શુદ્ધ સ્વરૂપ ઇચ્છ. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય એવા માર્ગો મળો એમ ઇચ્છ. શત્રુઓ પ્રતિ શત્રુભાવ સ્વપ્નામાં પણ ન રહે એવી રીતે ક્ષમાપના કર. વીતરાગ ધર્મની પૂર્ણપ્રાપ્તિ ઇચ્છ. ધર્મકૃત્યોની અનુમોદના કર. સાધુઓની સંગતિ ઇચ્છ. પ્રભુ મહાવીરની આજ્ઞા પ્રમાણે ન ચલાયું હોય તે સંબંધી પશ્ચાત્તાપ કર. જીવતાં છતાં શરીરનો મોહ ત્યાગ કરી તેને આત્મભાવથી વોસિરાવ. ધર્મોપકરણ જે જે હોય તેમાંથી શુભરાગવૃત્તિનો પણ પરિહાર કર. માનસિક, વાચિક અને કાયિક જે જે દોષો થયા હોય તેની યાદી કરી પશ્ચાત્તાપ કર. પશ્ચાત્તાપ ખરેખરો મનમાં પ્રગટતાં આત્માની અત્યંત શુદ્ધિ થાય છે. ગુરુની સંગતિથી ત્હને ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા પ્રેમ પ્રગટ્યો છે તેથી તું એ પ્રમાણે આત્મભાવના રાખી શકીશ એમ વિશ્વાસ રહે છે. વલસાડથી સુરત જવું. નિઃસંગભાવમાં આરુઢ થજે. છેલ્લો સમય સુધારી લેજે. જરામાત્ર ગભરાઈશ નહિ; આત્મા અમર છે. વસ્ત્રની પેઠે દેહ બદલાય છે અને તે આત્મોન્નતિની આગળની દશામાં અવ-

શ્ય બદલાય છે અને નવીન મળે છે. ગુરૂભક્તિ પ્રતાપે ત્્હારા આત્માની શાંતિનો પ્રકાશ થાઓ. સુરત પહોંચતાં સમાચાર આપજે. વિશેષ શું લખું. આત્માનો તીવ્ર ઉપયોગ રાખજે. ૐ अर्हं शांतिः२

---

લેખક બુદ્ધિસાગર. મુઠ દમણ.

શ્રી સુરત તત્ર વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ અમૃતસાગર તથા જીતસાગર તથા વૃદ્ધિસાગર યોગ્ય અનુવંદન સુખશાતા.

વિ. જીતસાગરના પત્રથી સુરત પહોંચ્યાના તથા તબિયતના સમાચાર જાણ્યા. તબિયત સુધરવી મુશ્કેલ છે. છેલ્લા દિવસો છે એમ લખાવ્યું તે જાણ્યું. યોદ્ધા રણમાં સંચરે તેમ હવે ખરી વખતે તૈયાર થવું. શરીર પ્રાણ તો જવાના એમાં કોઇ ફેરફાર કરે તેમ નથી. છેલ્લી બાજી જીતવા માટે મોહને મારીને દેહથી મરી આત્માથી અમર થવાનો ઉપયોગ ધારવો. મૃત્યુ તો એક મહોત્સવ છે, તેમાં આત્માના આનંદથી ઉલ્લાસમાન થવું જોઇએ. ત્હને ગુરુ મહારાજશ્રી સુખસાગરજી મહારાજનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા છે પણ હવે ભાવથી દર્શન કરી લે. હૃદયમાં ગુરુદેવની આકૃતિ ખડી કરી દર્શન કરી લે અને એટલાથી સંતોષ પામ. પછી તો ત્હને જેમ રૂચે તેમ કર. ગુરુમહારાજ પર પત્ર લખી વંદન કરી ક્ષમા ના કરી લેજે, કર્મની બાજીમાં હર્ષ શોક પામવા જેવું કંઇ નથી. શ્રી તીર્થંકરો અને ઇંદ્રો સરખાના દેહો પણ સદા રહ્યાં નથી, જે જન્મે છે તે મરે છે. આત્મા નિશ્ચયથી અજન્મા અને અમર છે. તું આત્મા છે અને જ્ઞાનાદિ અનંત ગુણમય છે. દેહ વાણી આદિથી આત્મા ન્યારો છે. જે જે વસ્તુઓ દેખાય છે તે આત્મા નથી. જ્ઞાન અને પૂર્ણાનન્દ સ્વરૂપ આત્મા છે, આત્મા તે શ્વેતાંબર અને દિગંબર વા ગચ્છાદિ રૂપે નથી. પુરૂષાદિ લિંગવાળા ભાવોથી આત્મા ન્યારો છે.. બાહ્ય સાધનો પણ આત્મા નથી આત્માનું માન

કરનાર કોઈ નથી એવો આત્મા તું છે. ત્હારૂં અમૃતસાગર એવું નામ અને દેહરૂપ તે પણ આત્મા નથી. શબ્દવાચ્ય આત્મા છે પણ શબ્દથી ભિન્ન છે એમ જાણ.

શરીર છુટતાં આત્મા નિત્ય અબાધિત રહે છે એમ વિશ્વાસ રાખી આનંદમાં જીવન ગાળ. શુભાશુભ કર્મ તેથી પણ આત્મા ભિન્ન છે માટે મૃત્યુસમયે આત્મોપયોગી થજે. વાણી બંધ થતાં તથા કાનની શ્રવણશક્તિ બંધ થતાં આત્માની યાદી કરજે. શરીરમાંથી પ્રાણ ટળતાં તથા તે કાળે રોગથી અશાતા થતાં આત્માની યાદી કરજે અને દુઃખને સહન કરજે. દરિયાના કાંઠે ઉતરનારની પેઠે છેલ્લી ઘડીએ હિંમત-વિશ્વાસ રાખજે. પાર્શ્વવર્તિ સાધુઓને ખમાવી લેજે. બીજાઓ શરણ સંભળાવે તેમાં શબ્દ સંભળાય ત્યાં સુધી ધ્યાન રાખજે અને શબ્દ સાંભળવાની શક્તિ બંધ થાય ત્યારે મનમાં પ્રભુનું સ્મરણ કરજે. ગુરૂભક્તિશક્તિની તે કાળે ત્હને સહાયતા મળશે અને અંતરમાં પ્રભુનું સ્મરણ રહેશે. મારા લખેલા શબ્દો ખાસ યાદીમાં રાખજે અને હવે ધર્મ કરવામાં અત્યંત ઉપયોગી થજે. વ્હેલા મોડા સર્વને મૃત્યુની પેલી પાર જવાનું છે એમ ધારી આવેલો વખત ચુકીશ નહિ. પ્રભુ પર શુદ્ધશ્રદ્ધા પ્રેમભક્તિના જે સંસ્કારો પડેલા છે તે દુર્ગતિના રોધક છે અને સદ્ગતિકારક છે. સમકિતી ગમે તે માર્ગથી મોક્ષ પામે છે ચારિત્રી તો જરૂર મોક્ષની સન્મુખતાને પામે છે માટે આનંદોત્સાહથી મરણપર્યાયને વેદી આગળ વધજે. આ આંખે જે દેખાય છે તેના કરતાં આત્મજ્ઞાનપ્રકાશથી આગળ ઘણું દેખાશે. આત્મા હંસરૂપ છે, તેનું જ્ઞાન અને આનંદભાવસ્વરૂપ છે. આકાશમાં હે હંસ ઉંચો ઉડ!!! કેટલાક હંસો ત્હારી આગળ છે અને કેટલાક હંસો ત્હારી પાછળ છે. મુસાફરને મુસાફરીમાં ક્યાં પ્રતિબંધ રાખવો. મુસાફરનું ક્યું સ્થળ છે? માટે મુસાફરીમાં આગળ આત્મભાવે વિહાર કરવો. ધર્મસાધન કરશો. મારૂં હૃદય તું છે. હૃદયરૂપ અન્યો

મળે વા ન મળે તેની હવે વિચારણા નથી. ત્હારૂં ભલું થાઓ, ત્હને શાંતિ મળો. ત્હારા આત્માની ઉન્નતિ થાઓ એવું પ્રભુપ્રતિ પ્રાર્થું છું. ॐ अर्हं शांतिः ३

---

મુ૦ મુંબાઇ.

શ્રી પાટણ મધ્યે વૈરાગ્યાદિ ગુણગણાલંકૃત પરમગુરૂ સાગર પેઠે ગંભીર મેરૂ પેઠે ધીર સુવિહિત મુનિગણ મુકુટમણિ, કલિકાલમાં ઉત્કૃષ્ટ વ્યવહાર ક્રિયા ચારિત્રપાલક, વર્તમાનમાં સર્વ મુનિ વૃન્દમાન્યનિર્દંભ મુનિ શિરોમણિ, ઉત્કૃષ્ટરીત્યા ગોચરી દોષશોધક, મહામુનીશ્વર પરમપૂજ્ય, પરમધ્યેય અશરણશરણ સાક્ષાત્ શાંત મૂર્તિ પરમોપકારી ગુરૂ મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી સુખસાગર ગુરૂ મહારાજ સાહેબની પવિત્ર સેવામાં

મુંબાઈથી લેખક આપનો બાલક અન્તેવાસી આપના ચરણ કમલની રજ સમાન બુદ્ધિસાગરની અસંખ્યવાર વંદના સ્વીકારશોજી. વિ. આપની આજ્ઞાથી મુંબાઇમાં સંઘાગ્રહથી ચોમાસું કર્યું છે. આપની સેવાભક્તિથી જે કલ્યાણ છે તેટલું મુંબાઈમાં ઉપદેશ આદિ પ્રવૃત્તિથી હું માનતો નથી છતાં આપની આજ્ઞાએ અત્ર રહેવું પડ્યું છે. આપની પાસે રહેવામાં અત્યંત નિવૃત્તિ મળે છે અને માથે કોઈ જાતનો ભાર રહેતો નથી. અત્રનું સંઘનું વાતાવરણ હાલતો લાલન શિવજીના કેશથી દોલાયમાન છે પણ હું આપની કૃપાથી જેમ બને તેમ નિઃસંગવર્તુ છું અને અને ઉપાશ્રયમાં વ્યાખ્યાન વગેરેમાં શાંતિ વર્તે છે. મ્હને બાહ્ય ધમાલમાં બિલકુલ રસ પડતો નથી. તેમ જ તેવી ધમાલમાં જૈન શાસનની કંઈ ઉન્નતિ નથી. ઉપદેશથી જે હિત થાય છે તે કોઇના પર દબાણ કરી જોર બતાવવાથી થતું નથી. ક્લેશાદિની ઉદીરણાના સંબંધ માત્રથી હું ન્યારો રહેવા ઇચ્છું છું. સાધનભેદે અને સાધન મતભેદે ક્લેશ કરવામાં ધર્મ નથી. આવા જમાનામાં હવે મતભેદની તકરારથી જૈન સંઘની અવનતિ સિવાય

કશું જોતો નથી. મારા વિચારોથી મારી સાથે ઘણા વિરોધ રાખે છે તેવું કાને સંભળાય છે છતાં તેઓની સાથે હું શુદ્ધ પ્રેમથી વર્તું છું. તેઓનું મન વાણી કાયાથી અશુભ ચિંતવતો નથી. મતભેદ તો સદા વિશ્વમાં રહેવાનો, પ્રકૃતિ પોતાનું કાર્ય કર્યા કરે છે. આત્માએ આત્માનું કાર્ય કરવું જોઇએ.

આખા દિવસનું ગદ્ધાવૈતરૂં અને કમાણીમાં કંઇ નહિ એવા ધર્મના નામે તથા ધર્મમતભેદ નામે ઝઘડામાં પડવાથી સ્વપરનું હિત નથી એમ આપ કૃપાથી મ્હને પૂર્ણ નિશ્ચય છે. સર્વ દર્શનો દુનિયામાં પ્રવર્તે છે તેમાંથી નયોની અપેક્ષાએ સત્ય ગ્રહણ કરવું અને અપેક્ષાએ સત્ય માનવું એવું જ્ઞાન, પ્રભુ મહાવીરદેવે પ્રબોધ્યું છે કે જેથી ધર્મી અગર અધર્મી સાથે સમભાવ રહે. સંકુચિત દૃષ્ટિથી સંઘમાં મતામત કરવી કરાવવી તે બિલ્કુલ મ્હને રૂચતું નથી. મુંબાઈમાં જૈન સંઘમાં અનેક વિચાર મત-ભેદવાળું ધર્મવાતાવરણ છે અને તે અનેક મતીય જૈનોના સંબંધથી હોઈ શકે તેમાં આપણે તો આપણું કરવું અને અન્યો સાથે શુદ્ધ પ્રેમથી વર્તવું. મતભેદમાં સહિષ્ણુતા રાખવી. બાહ્ય સાધનો જુદાં જુદાં મતભેદે હોય છતાં આત્મા પોતાના ઉપયોગમાં વર્તતો હોય તો તેમાં કશું તકરાર જેવું નથી. મ્હને તપાગચ્છ સમાચારી પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા છે અને તેનું વ્યવહારથી લક્ષ્યબિંદુ મોક્ષ છે તેમ અન્યોને સ્વસ્વદર્શન સંપ્ર-દાયગચ્છ મંતવ્ય પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા છે. હું અન્યોની સાથે પરસ્પર વિચારાચાર મતભેદ છતાં મંતવ્ય સમાન અવિ-રોધી વિચારાચારે સહચરતા ધારી શકું એવું આપની પાસેથી તથા પરમપૂજ્ય શ્રીમદ્ મહાયોગી શ્રી રવિસાગરજી મહારાજ પાસેથી તથા અધ્યાત્મ જ્ઞાનશાસ્ત્રોથી તથા યોગશાસ્ત્રોથી શીખ્યો છું. તેથી સર્વદર્શન ધર્મવાળાઓની સાથે આત્મભાવથી વર્તન થાય છે તેઓ તેઓની માન્યતા પ્રમાણે વર્તે છે, અને હું વ્યવહારથી તપાગચ્છની માન્યતા પ્રમાણે વર્તું છું. સમભાવ પ્રગટતાં વિશ્વવર્તિ

સર્વ ધર્મવાળાઓની મુક્તિ થાય છે તો દિગંબર-શ્વેતાંબર સર્વ ગચ્છવાળાની મુક્તિ થવામાં કશો વિરોધ નડતો નથી. કષાય ત્યાગથી સર્વ દર્શનમાં મુક્તિ છે માટે જૈન શાસ્ત્રોમાં સ્વલિંગે અને અન્યલિંગે મુક્તિ કથી છે. તપાગચ્છથી અન્યગચ્છો વગેરેની માન્યતા જૂદી હોય તથા તપાગચ્છવાળાઓએ જે જે અન્યગચ્છોની માન્યતા જૂઠી ઠરાવી હોય તો તેમાં વ્યવહારનયથી વિચારભેદ છે તેથી કંઈ નિશ્ચયનયે સર્વગચ્છવાળાઓને આત્માની શુદ્ધિ કરવામાં કશો અંતરાય નડતો નથી. અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિથી સર્વ-ગચ્છીય લોકોની સમભાવ પ્રગટે મુક્તિ થઇ શકે છે એવો મ્હને અનુભવ આવ્યો છે તેથી ગચ્છક્રિયા વિચાર મતભેદે કોઇની સાથે કલેશની ઉદીરણા થાય એવું વર્તન વા વિચાર લેશ પણ પ્રગટાવતો નથી તેમ જ હું આપણી તપાગચ્છ સાગર શાખાની સમાચારી પાળવામાં મંડદાલ પણ ન બની શકું. અન્ય ગચ્છવાળાઓ કદાપિ મારી સન્મુખ પોતાના ગચ્છની સત્યતાને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે સિદ્ધ કરવાનું કહે તો તેમાં હું રસ ન લઇ શકું અને જેમ બને તેમ ઉપશમભાવમાં રહું અને મનમાં જાણું કે હજી એ લોકો એટલી દશાના અધિકારી છે. સંપ્રદાય દર્શન ગચ્છ કોમ વગેરેમાં સત્ય જે જે અંશે દેખાય તે દેખું પણ તેના અપ્રશસ્ય મોહે મુંઝાઇને આત્માનો શુદ્ધોપયોગ ન ભૂલું એવી આપની કૃપા છે. વ્યવહારે ગચ્છમાં સાધુઓએ રહેવું પણ ગચ્છભેદે ક્લેશ ન કરવો. જેમ શંખ પંચવર્ણની માટી ખાઇને શ્વેતરંગ-રૂપે પરિણમાવે છે તેમ આત્મજ્ઞાની સર્વ સંપ્રદાય ગચ્છાચાર વિચારને આત્માની શુદ્ધતા કરવામાં પરિણમાવે છે એટલે તેવી બાબતોમાં હું મુંઝાતો નથી.

જૈન ધર્મ છે તે વડના સમાન છે અને તેનાં ડાળાં સ્તંભ વડવાઇઓ તે ગચ્છના સમાન છે. એમ આત્માની શુદ્ધતા જેને જે રીતે થાય તેને તે રીતે ગચ્છમાં રહીને વર્તવું એ જ ઉપશમાદિ લાવી જૈનોનું કર્તવ્ય છે. વસ્તુપાલે સર્વગચ્છના સાધુઓ વગેરેને સ્વગૃહે બોલાવી ભક્તિ કરી હતી. અન્ય લોકોને

સેવાના માર્ગમાં પ્રવર્તીને પ્રભુ મહાવીર દેવનાં સત્યતત્ત્વોને સમજાવીએ પણ ખંડનશૈલીથી નહીં. સાપેક્ષનય શૈલીએ અન્ય ધર્મીઓને પ્રભુનો ઉપદેશ જણાવીએ એવી આપની હિતશિક્ષા છે. અન્ય ગચ્છીય સાધુઓનો સ્વપ્નમાં પણ દ્વેષ ન કરૂં, તેમની ગચ્છ પરંપરામાં થએલ ઉત્તમ સાધુઓના ગુણાનુરાગી થવું અને અન્ય ગચ્છીય સાધુઓને મળતાં સત્કાર કરવો એવું આપનું યથાર્થ વચન છે. મારૂં વર્તન તેવું છે. શ્રી જગદ્ગુરુ હીરવિજયસૂરીએ પ્રવર્તાવેલા બાર બોલમાં તેવું ઉદાર વર્તન સ્પષ્ઠ છે. હવે તો તેથી પણ વિશેષ ઉદાર વર્તનથી વર્તવાની જરૂર છે એવું આપની પૂર્ણ કૃપાથી અનુભવાયું છે. બહિરાત્મ દશાથી અંતરાત્મ દશામાં જવું અને અંતરાત્મ દશામાંથી પરમાત્મ દશામાં જવા માટે ગુરૂની પૂર્ણ કૃપાથી વચ્ચે મતિમોહાદિ વિઘ્નો ઉપસ્થિત થતાં નથી. આપની કૃપાથી જ્ઞાન ધ્યાનમાં જીવન જાય છે અને વ્યાખ્યાન કરણાદિ ધર્મપ્રવૃત્તિ થયા કરે છે. આપની કૃપાથી ક્લેશભેદ વાતાવરણમાં મધ્યસ્થભાવે નિર્લેપ રહી શકું છું. આપને જ્યાં ચોમાસું કરવાનું હોય તે નિશ્ચયથી જણાવશો. આપની કૃપા એ જ આત્મશુદ્ધિ છે. પત્રથી દર્શન આપતા રહેશો. એજ લેખક આપનો બાળ બુદ્ધિની કોટાકોટી વંદના હોશો.

---

મુ૦ સુરત.

પાટણ તત્ર વિશ્વવંદ્ય સમતાસાગર દ્રવ્યભાવ ચારિત્રધારક મહાયોગી સરલતાસાગર માર્દવનીઅવધિ, નિર્લોભતાનું આદર્શ, અંતરાત્મસ્વરૂપ ચારિત્રધારક મુનિમંડલમાં ચારિત્રની ઉત્કૃષ્ટતામાં વર્તમાનમાં પ્રસિદ્ધ, પરમપૂજ્ય, પરમોપકારી, પરમ ગુરૂ શ્રી સુખસાગરજી મહારાજ સાહેબની પવિત્ર સેવામાં.

સુરતથી લેખક આપના ચરણકમલમાં ભૃંગસમાન બાલબુદ્ધિની એક કરોડને આઠવાર વંદન સ્વીકારશો. આપના પત્રથી અત્યંત આનંદ થાય છે. આપની કૃપા એ જ મારૂં જીવન છે.

ત્યાંથી મારાપર કૃપાના આન્દોલનો મોકલતા રહેશો. મારી કાળજી આપને ઘણી છે તેનો મને પૂર્ણ વિશ્વાસ છે સાધુમંડળ અહીં સુખેથી સંયમયાત્રાનું નિર્વહન કરે છે. આપની રીઝ આગળ વિશ્વની બીજની પરવા નથી, આપનું દિલ રાજી રહે એ જ મારો ધર્મ, મારી સેવાભક્તિ ગણું છું. આપના વાત્સલ્ય પ્રેમની આગળ સર્વ કુર્બાન છે. આપની રીઝમાં પ્રભુની રીઝ છે. પ્રભુ રૂઠે તો ગુરૂનું શરણ છે પણ ગુરૂ રૂઠે તો કોઇનું શરણ નથી. આપની સેવાભક્તિમાં સર્વ પંચપરમેષ્ઠીની સેવાભકિત છે. આપના હૃદયમાં મારૂં સ્મરણ એ જ મારી પરમ સૌભાગ્ય દશા છે. નીતિવિમળ ને નીતિસાગર નામ ધરાવી પાસે રાખવો એ કોઈ રીતે યોગ્ય નથી એવું સ્વાનુભવથી જણાવું છું; છતાં આપની જેવી મરજી તેવી મારી મરજી.

આપની આજ્ઞા પ્રમાણે વર્તવામાં ધર્મ છે. આપની હિત-શિક્ષાઓ દરરોજ પ્રસંગે યાદ આવે છે અને તેથી આપની અનુભવ શકિતનો સારો ખ્યાલ આવે છે. સદ્ગુરૂના શરણથી મુકિત છે. આપની વૈરાગ્ય દશાનો પ્રભાવ મારાપર જેવો પડયો છે તેવો અન્યોએ પાડયો નથી. આપની સરલતા તથા ત્યાગદશા અલૌકિક છે. હે પ્રભો! ત્યાંથી મારા પર કૃપાઆશી:નાં આન્દો-લનો ફેંકયા કરશો કે જેથી મારી ઉન્નતિ થાય. હે પ્રભો! આપ-નાથી દૂર રહેવું એ કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી છતાં આપની આજ્ઞાથી દૂર રહ્યા છતાં આપના આત્માના ગુણોમાં રમણતા કરતો છતો આપની પાસે રહેલો હોઉં એવો ભાવ પામું છું. હે ગુરો! આપના રંજનમાં વિશ્વનું અને પ્રભુનું રંજન અનુભવું છું. આપના આશયો જાણીને આપની આજ્ઞા પ્રમાણે વર્તવું એમાં શી શ્રદ્ધા? પરંતુ આપની આજ્ઞાના આશયો સમ-જવામાં ન આવે છતાં આપની આજ્ઞામાં પ્રાણાદિકનું અર્પણ થાય તે જ શ્રદ્ધાનો હું પૂજક છું અને એવી શ્રદ્ધાને ભલે લોકો અન્ધશ્રદ્ધા કહે તે પણ મારે તો તેવી શ્રદ્ધાથી મુકિત છે પરંતુ શુષ્કતા આણનાર બુદ્ધિવાદનો એકલો નિરપેક્ષ પૂજક નથી.

હે પ્રભો! આપની આજ્ઞામાં સર્વકાલના તીર્થંકરોની આજ્ઞા છે એવું માનવામાં અને તે પ્રમાણે વર્તવામાં મારા આત્માની શુદ્ધતા છે, એવો દૃઢ નિશ્ચય છે. સદ્ગુરૂનું સર્વથા શરણુ કરવાથી આત્મ-સાક્ષાત્કાર છે. આપ ગુરૂની આજ્ઞામાં સર્વ ગુરૂઓની આજ્ઞા સમાઇ જાય છે. આપનું સ્મરણુ ધ્યાન સેવા ભક્તિ તેજ આત્માનું સ્મરણુ ધ્યાન સેવા ભક્તિ છે એવો પૂર્ણ નિશ્ચય છે, એવા નશ્ચ-યથી આત્માનુભવ થયો છે.

હે પ્રભો! આપનાં દર્શન જ્યારે થશે ત્યારે આત્માને ધન્ય માનીશ. આપના હુકમ પ્રમાણે વર્તવું તેજ આપની સેવા છે. આપની એક હિત શિક્ષામાં ઘણાં સૂત્રો સમાઈ જાય છે. આપના વિના કોઇ અન્ય આધાર નથી એમ જાણીને હિત શિક્ષાઓ લખતા રહેશો. શિષ્ય અનેક શાસ્ત્રોનો મુખપાઠ કરે તોપણુ આપના એક અનુભવોદ્ગારની આગળ શિષ્ય તે શિષ્ય જ છે. માટે હિતશિક્ષા દેવામાં આપ જેટલા ઉજમાળ તેટલી મારી ઉન્નતિ હું માનું છું. હે પ્રભો દયાળુ! આપકૃપાથી મ્હને આત્મશાંતિનો અનુભવ થયો છે તેથી બાહ્યમાં મ્હને રસ પડતો નથી. ઔદયિકભાવમાં પ્રાયઃ સાક્ષીભાવ વેદાય છે અને સમભાવ-વૃત્તિ રહે છે તે ફક્ત આપની કૃપા છે. આપની કૃપા તેજ પ્રભુની કૃપા છે. આપનાં દર્શન તે જ પ્રભુનાં દર્શન છે. સન્ત ગુરૂથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. આપનાં નામરૂપાદિમાં સ્વાર્પણુ-ભાવની ભાવનાનો આરોપ કરીને શુદ્ધાત્મ રસ વેદવા પુરૂષાર્થ કરૂં છું. સર્વ શિષ્યો સુખે સંયમયાત્રા કરે છે. વ્યાખ્યાનાદિ ધર્મ પ્રવૃત્તિનું સેવન થાય છે. આપની કૃપાથી અન્ય લોકોને ધર્મ લાભ સારી રીતે થાય છે. બાહ્યચારિત્રમાંથી આત્મચારિ-ત્રમાં પરિણુમવું એવું પરિણુમન એ જ સાપ્યોપયોગ છે અને તેમાં પરિણુમવામાં સર્વશાસ્ત્રો તપ-જપ સંયમનો સાર આવી જાય છે. પત્રદ્વારા દર્શન દેતા રહેશો. આજ્ઞાઓ ફરમાવતા રહેશો. એજ લેખક આપનો બાલ બુદ્ધિની કોટાકોટિ વંદના.

સં. ૧૯૬૬ જેઠ સુદિ ૫.

લેખક બુદ્ધિસાગર. મુ૦ સુરત.
સં. ૧૯૬૬.

શ્રી પાટણ તત્ર વૈરાગ્યાદિ ગુણાલંકૃત પરમપૂજ્ય પરમગુરૂ રત્નત્રયીસાધક ક્રિયાયોગી સરલતામૂર્તિ શાંતયોગી ગુરૂવર્ય્ય પૂજ્યપાદ શ્રીમન્ યોગિરાજ શ્રી સુખસાગરજી ગુરૂ મહારાજની પવિત્ર સેવામાં. સુરતથી લે. આપનો બાલ બુદ્ધિની ૧૦૦૮ વાર વંદન વાંચશો. આપનો પત્ર વાંચી અત્યંત આનંદ થયો. પરભાવમાં કોઈ જીવ પડતો હોય તેને આપ સ્વભાવમાં લાવવાને અત્યંત દયાળુ છો. આપ કૃપાએ પરભાવમાં પતન થવાનો પ્રસંગ છતાં પરભાવવૃત્તિ ઉપશમી છે તેથી હવે તેમાં રસ પડ્યા વિના પ્રવૃત્તિ થઈ શકતી નથી. જનતાના સંગમાં નિઃસંગ બુદ્ધિએ ન રહેવાય ત્યાં સુધી ગુરૂની પાસે રહેવામાં જ કલ્યાણ છે એવો મારો નિશ્ચય છે તેથી જેમ બને તેમ અંતરમાં આત્મોપયોગે રહીને મનુષ્યોના પરિચયમાં કલ્યાણાર્થે આવવા માટે પ્રવૃત્તિ સેવાય છે તે વિના વચન ગુપ્તિરૂપ મૌન ભાવનું અવલંબન કરી ધર્મશાસ્ત્રોનું વાચન મનન થાય છે. દુનિયામાં જે જે સ્થાનોથી અજ્ઞાનીઓ પડે છે તે તે સ્થાનો, જ્ઞાનીઓને જ્ઞાન વૈરાગ્યબળે આગળ ચડવા ઉપયોગી થાય છે, એવી દશાવાળો ત્યાગી વિશ્વમાં સ્વતંત્ર વિચારવા શકિતમાન્ થાય છે, અન્યથા સ્વચ્છંદતાથી વિચરતાં શતધા વિનિપાત અવશ્ય થાય છે.

એમ આપે ઘણીવાર જણાવ્યું છે તે મારાધ્યાનમાં છે અને એ બાબતનો ઉપયોગ રાખીને જેમ બને તેમ વિચરૂં છું. આત્મજ્ઞાનની પરિપૂર્ણાવસ્થા પ્રાપ્ત કરવા માટે આપ કૃપાથી સાધક થયો છું. પકવ આત્મજ્ઞાની ગુરુનો સંગ તેજ મોક્ષનું કારણ છે. ઈંડામાંથી બચ્ચું પ્રગટે અને તે જ્યાંસુધી ઉડી ન શકે અને પોતાની મેળે ઉડી ન શકે ત્યાંસુધી તે પોતાના પિતાની અને માતાની આજ્ઞામાં રહીને પ્રવર્તે છે, તેમ અજ્ઞાનાવસ્થામાં શિષ્યોએ ગુરૂની સેવામાં રહેવું અને ગુરૂ પોતાનો ઘાટ ઘડે તેમ તેણે પ્રવર્તવું જોઇએ એવી આપની આજ્ઞાને મેં સત્ય

માની છે અને તે પ્રમાણે વર્તવામાં ધર્મ છે એવો આપનો અનુભવ સત્ય છે. ગુરૂદશા પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ગુરૂના તાબામાં રહેવું એજ શિષ્યોનો ધર્મ છે. નામ રૂપનો મોહ પ્રગટે ત્યાંસુધી જ્ઞાની ગુરૂ સંગમાં રહેવું એજ શ્રેયઃસ્કર છે. પાંચ ઇન્દ્રિયદ્વારા આનંદ રસ વેદાય છે ત્યાંસુધી આત્માનંદની ખુમારી પ્રગટતી નથી અને ત્યાંસુધી ગુરૂપણું અંતરથી નથી એમ જે જાણે છે તે ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તે છે. ભોગને અને યોગને આકાશ-પાતાળ જેટલું અંતર છે. ભોગનીવૃત્તિ અને યોગનીવૃત્તિ બન્ને સાથે રહે નહીં એવા આપના ઉપદેશને ધ્યાનમાં રાખીને વર્તુછું તેથી આનંદ રહે છે. લાખો ધર્મશાસ્ત્રો વાંચવા માત્રથી આત્માનંદરસ વેદી શકાતો નથી પણ મોહવૃત્તિને જીતવાથી આત્માનંદ-રસ વેદી શકાય છે. આત્માનંદરસ ન વેદાય ત્યાંસુધી સ્વતંત્રતા, નિર્ભયતા અને પ્રભુપ્રાપ્તિ નથી.

આપના એવા સદુપદેશોને આચારમાં મૂકવા તેજ મારો ધર્મ છે. આપનું સ્મરણ થતાં આપની અનુભવ શિક્ષાઓ હૃદયમાં તાજી થાય છે અને તેથી આત્મોત્સાહમાં અત્યંત વૃદ્ધિ થાય છે. ગુરૂ વિના જ્ઞાન નથી. ગુરૂની ભક્તિથી પ્રભુની પ્રાપ્તિ *થાય છે. આપના સમાન મહાસંયમી ચારિત્રધારક ગુરૂની સંગતિ* વિના જીવને હજારો પુસ્તકો વાંચતાં છતાં જ્ઞાન વૈરાગ્ય પ્રગટતો નથી. આપની સંગતિથી સર્વ નયસાપેક્ષ વિશાળ દૃષ્ટિની આંખી થઇ છે અને વ્યવહારનય અને નિશ્ચયનય એ બે નયથી ધર્મ-પ્રવર્તે છે એવો પૂર્ણનિશ્ચય થયો છે. જૈન દર્શનમાં સર્વ દર્શનો સાપેક્ષાએ સમાય છે એવો અનુભવ થવાથી કદાગ્રહ રહિત નિરાગ્રહ સમભાવ બુદ્ધિ પ્રગટી છે અને તેથી કોઈ ધર્મવાળાપર વિરોધ ભેદભાવ પ્રગટતો નથી. શુષ્કજ્ઞાનીઓને ધર્મ પ્રવૃત્તિની આવશ્યકતા અવબોધાવી સ્યાદ્વાદવાદી બનાવું છું. ક્રિયાજડી સંકુચિત દૃષ્ટિવાળાઓને અધ્યાત્મજ્ઞાન નિશ્ચયનય મહત્વ સમજાવીને તથા દરેક ક્રિયાનું અધિકાર પરત્વે રહસ્ય સમજાવીને હઠ કદાગ્રહ રહિત થવા ઉપદેશ દઉં છું તેમાં કિંચિત્ અંશે

સફલ થાઉ છું તેનું કારણ એ છે કે ચારે બાજુઓથી તેઓને એકેક નયના પક્ષપાતનો ઉપદેશ મળે છે તેમ જ શ્રોતાઓ અજ્ઞાનીઓ છે તેથી વર્તમાનનો ઉપદેશ ભવિષ્યમાં અસર કરશે. આપની કૃપાથી અને મારીશ્રદ્ધાભક્તિથી આત્માભિમુખતા તરફ અત્યંત રૂચિ પ્રકટી છે. પ્રવૃત્તિમય શહેરમાં પણ આત્માની નિવૃત્તિ તરફ રૂચિવાળા જીવો હોય છે અને તે વિરલા, આપ વારંવાર પત્ર લખી દર્શન આપતા રહેશો.

इत्येवं ॐ अर्ह शांतिः३

લે. આપના બાળબુદ્ધિની ૧૦૦૦૦૮ વાર
વંદન ક્ષણે ક્ષણે હોશો.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સુરત.

અષાઢ સુદિ પૂર્ણિમા સં. ૧૯૬૬.

મુ. પાલેજ. તત્ર સુશ્રાવક શા. ડાહ્યાભાઇ પિતાંબર યોગ્ય ધર્મલાભ. આધ્યાત્મિક ગ્રન્થો તમે વાંચો છો અને ધ્યાન ધરો છો તેમ લખ્યું તે જાણ્યું. અધ્યાત્મજ્ઞાનનો પ્રકાશ કરવામાં સંસારની ઉપાધિથી અંત્યત નિવૃત્ત થવું જોઇએ અને નિવૃત્તિકારક નિરૂપાધિ સ્થળોમાં રહેવું જોઇએ. અધ્યાત્મશાસ્ત્રોને વાંચવા માત્રથી હૃદયમાં અધ્યાત્મજ્ઞાનની પરિણુતિ જાગ્રત્ થતી નથી પરંતુ ઇન્દ્રિયો અને મનપર સંયમ ધારવાથી અધ્યાત્મજ્ઞાનની પરિણુતિ પ્રગટે છે. ત્યાગદશામાં અધ્યાત્મજ્ઞાન પ્રકાશે છે. વાચિકજ્ઞાનથી ખુશ થઇ સંતોષી ન બનવું જોઇએ. ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને આત્માર્થી મનુષ્યો વનમાં આત્મજ્ઞાની બની આત્મધ્યાન ધરે છે તેઓ પરમાર્થે સંસારી મનુષ્યોના સંબંધમાં આવે છે. મનને જીતવાને સ્વર્ગનું રાજ્ય છે અને મનના આધીન થવાથી નરકનું રાજ્ય છે. સ્વર્ગ અને નરક બન્ને મનના શુભાશુભ પરિણામથી છે. મન તેજ સંસાર અને મન તેજ મોક્ષ છે. મનને જીતતાં બાકી કંઈ જીતવાનું બાકી રહેતું નથી. મનરૂપ પશુને તાબે કરનાર અને

તેનાપર સ્વારી કરનાર પશુપતિ મહાદેવ છે. મનને જીતવાથી મનુષ્યો સ્વતંત્ર રાજ્ય પામે છે. મનના તાબે રહેવું એજ પરતંત્રતા છે. સંસારમાં પ્રકૃતિનું રાજ્ય છે અને મોક્ષમાં આત્માનું રાજ્ય છે. શુભાશુભ મોહવિચાર તેજ અધ્યાત્મ દૃષ્ટિએ મન છે. મનરૂપ શયતાનને જીત્યા વિના કોઈ આત્મારૂપ ખુદાને પામી શકે નહીં. દુનિયામાં મનનું રાજ્ય છે અને મોક્ષમાં આત્મ સામ્રાજ્ય છે.

માટે મનને જીતીને આત્મસ્વભાવે વર્તવું જોઇએ. આત્મસ્વભાવમાં આનંદ છે અને આત્માનંદનો સાક્ષાત્કાર થાય ત્યારે આત્મદેવની પ્રાપ્તિ થઈ અને આત્મ મહાસામ્રાજ્યની લાયકાત આવી એમ જાણવું. મન અને ઇન્દ્રિયો જ્યારે આત્માની આજ્ઞા પ્રમાણે વર્તે ત્યારે આત્મસામ્રાજ્યની પ્રાપ્તિ થઈ એમ જાણવું. આત્મસામ્રાજ્યની આગળ ઇન્દ્ર અને ચક્રવર્તિની સત્તા એક કીડીની સત્તા જેટલી પણ નથી એમ જ્યારે પૂર્ણ નિશ્ચય થાય છે ત્યારે દાસભાવ ટળે છે અને પ્રભુભાવ પ્રાપ્ત થાય છે, જ્યારે પાંચ ઈન્દ્રિયોના શુભાશુભ વિષયોમાં શુભાશુભભાવ રહેતો નથી ત્યારે આત્મસુખનો અનુભવ થાય છે એવા સાધકને ધૂળમાં અને કંચનમાં સમભાવ રહે છે. આંખો નિર્વિકાર જ્યારે થાય છે ત્યારે મનમાં કામ હોતો નથી. હૃદયની શુદ્ધતાનો પ્રકાશ કરનાર વાણી છે. હૃદયમાં જેવું હોય છે તેવું હોઠે આવે છે. હૃદયની શુદ્ધતાથી આચારની શુદ્ધિ થાય છે. દેવગુરૂની ભક્તિથી હૃદયની શુદ્ધિ થાય છે. આત્માના આનંદ માટે સર્વ સાધનો છે. આત્માનો આનંદ પ્રાપ્ત થયો એટલે મન જીતાયું એમ જાણવું. આ બાબતનો અંતરૂમાં અનુભવ કરો અને આત્માનંદ વેદવા પ્રબળ પુરૂષાર્થ કરો. શુષ્કજ્ઞાનમાં વિવાદ–શુષ્કતા નિંદા કઠોરતા અહંતા અને કર્તવ્યશૂન્યતા હોય છે. શુષ્કજ્ઞાની વસ્તુતઃ સંશયી હોય છે અને તેના હૃદયમાં આત્મજ્ઞાનની પરિણતિ જાગેલી હોતી નથી તે શુષ્કબુદ્ધિવાદનો પૂજારી બની હૃદયમાં ગુણો પ્રગટાવી શકતો નથી તે નિવૃત્તિને વદે છે પણ સ્વાર્થિક પ્રવૃત્તિનો

પૂજારી હોય છે. પોતાના હ્રુદયમાં તપાસી જુવો અને શુષ્કજ્ઞાનીપણાની વૃત્તિ દેખાતી હોય તો તેને દૂર કરો અને આત્મશુદ્ધતા કરવા સદ્‌ગુરૂ શરણ સ્વીકારો અને પુરૂષાર્થ કરો.

બાહ્ય મરણની પૂર્વે મનથી મરીને સર્વ મિથ્યા સંબંધોનો ત્યાગ કરો એટલે બાહ્યજીવને જીવતાં મુક્તિના સ્વરૂપને અમુક અંશે જરૂર પ્રાપ્ત કરી શકશો. આત્માનંદની ખુમારી પ્રગટે એટલે આત્માની પ્રાપ્તિ થઇ એમ જાણ. કેટલાક લોકો સ્થૂળ દેહમાં અને તેના ભોગોમાં રમે છે તે તો જડવાદી અજ્ઞાની છે. કેટલાકો મનમાં રમે છે તે પણ અજ્ઞાની છે. આત્મામાં રમણતા કરનારાજ્ઞાનીઓ છે. આત્માનો આનંદ ન પ્રગટે ત્યાંસુધી વિષયાનંદનો ઔદયિકભાવ છે એમ જાણ. અનેક પ્રકારની ભાષા જાણવાથી પણ આત્માનંદ મળતો નથી. કવિ પંડિત આદિ પદવીઓથી પણ આત્માનંદ મળતો નથી. આત્મા પોતાના જ્ઞાન અને આનંદ સ્વરૂપે પ્રકાશિત ન થાય ત્યાંસુધી આત્મકાર્ય સિદ્ધ થયું નથી એમ જાણ. આહાર સંજ્ઞા વિના આહાર થાય, લોકવાસના વિના લોકમાં પ્રવૃત્તિ થાય ત્યારે જાણવું કે આત્માનંદની ઝાંખી થઇ છે. આત્મજ્ઞાન અને આનંદનો અનુભવ થયાથી ભયાદિ દોષો રહેતા નથી એવી દશા ન થાય ત્યાંસુધી ગુરૂકુલમાં રહી ગુરૂની પાસેથી ધ્યાનાનુભવ મેળવવો. દંભથી કંઈ બોલવું નહીં. આત્મધર્મ તે રોકડ ધર્મ છે કારણ કે તેથી આત્માનંદ વેદાય છે. ગુરૂથી આત્મધર્મ મળે છે. ગુરૂની શ્રદ્ધા-પ્રીતિમાં જેટલી ખામી તેટલી આત્મ સાધનામાં ખામી છે. પુસ્તકોના શરણે ન જવું પણ ગુરૂના શરણે જવું. ગુરૂ શરણમાં પુસ્તકોનું શરણ આવી જાય છે. ગુરૂના આલંબનથી છેવટે નિરાલંબન દશા પ્રગટ થાય છે.

ગુરૂના જેવી દશા થવા માટે ગુરૂપાસે રહેવું. ચારિત્ર અંગીકાર કરીને ગુરૂની પાસે રહેવાથી અનુભવજ્ઞાન પ્રગટે છે. મનરૂપ શિષ્યને આત્મારૂપ ગુરૂની તાબેદારી કરવી પડે છે ત્યારે મનરૂપ

શિષ્યની શુદ્ધતા થાય છે. મનને શિષ્ય બનાવવા માટે અને આત્માને ગુરૂ બનાવવા માટે ગુરૂ સેવામાં લયલીન બનવું જોઇએ. વૃદ્ધાવસ્થા પર્યંત ભોગો ભોગવવાથી શરીર ટળી જશે પણ શાંતિ મળશે નહીં, આત્મસુખ પામવાનું શિક્ષણ તેજ જ્ઞાન છે. બાકીનું અજ્ઞાન છે. આત્મામાં ઉંડા ઉતર્યા વિના દુનિયાના લોકો મેરૂ-પર્વત જેટલા રત્નના ઢગલા પામે અને મન માન્યું રાજ્ય પામે તો પણ સત્ય શાંત પામવાના નથી. દુનિયાનાં સુખ ભોગવવાં અને આત્મ સુખનો અનુભવ કરવો તે ભસવું અને આટો ફાકવો તેના જેવું છે. દરિયામાં ડૂબકી માર્યા વિના રત્ન મળે નહીં. ભોગ ત્યાગ વિના યોગ મળે નહીં. વાતો કરવાથી વડાં થાય નહીં. કરણી કરવી જોઇએ. સર્વ પ્રકારની વાસનાઓને મારી નાખવા પુરૂષાર્થ કર, જીવતાં ત્હને લોકો રોઈ લે અને તું દુનિયામાં પોતાને મરેલો દેખે એવી ત્યાગદશા પામે ત્યારે જ આત્માનંદ પામી શકે, એમ નિશ્ચય છે. પ્રતિષ્ઠા–કીર્તિરૂપ સ્ત્રીનો ત્યાગ કરવો મહા દુર્લભ છે. બાહ્યસ્ત્રીનો ત્યાગ થાય પણ મનમાંથી કીર્તિઆદિ વાસના સ્ત્રીનો ત્યાગ થવો મુશ્કેલ છે. માટે લોકવાસના કીર્તિવાસના તથા પોતાના નામરૂપની વાસનાપર જય મેળવ એટલે ત્યાગ દશાનો સત્ય અધિકારી બનીશ. ઘર ત્યજીને વનમાં ઘર ન કરવું જોઈએ એવો તીવ્ર જ્ઞાન વૈરાગ્ય પ્રગટાવવા પુરૂષાર્થ કર. વિશેષ રૂબરૂમાં इत्येवं ॐ अर्हं शांतिः३ ધર્મસાધન કરશો.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સુરત.

શ્રાવણ સુદિ પૂર્ણિમા વિ. ૧૯૬૬.

માણસા તત્ર સુશ્રાવક શા. બાલાભાઈ અનુપચંદ યોગ્ય ધર્મલાભ, વિશેષ તમારો પત્ર પહોંચ્યો. વિ. રૂબરૂમાં જેવો બોધ મળે છે તેવો પત્રથી બોધ આપી શકાતો નથી. રૂબરૂમાં અનેક શંકાઓનું સમાધાન થાય છે. રૂબરૂમાં સાધુ સમાગમમાં બે ઘડીથી

જેટલો લાભ મળે છે તેટલો પચ્ચીશ પત્રો લખ્યાથી પણ લાભ થતો નથી માટે રૂબરૂમાં મળવા ખાસ લક્ષ રાખવું. તમારા સસરા દલસુખભાઈ, મોહના સંકલ્પવિકલ્પ વારવા માટે અધ્યાત્મ પુરૂષાર્થ સેવે છે અને સુરચંદભાઈ સ્વરૂપચંદ, દ્રવ્યાનુયોગના અભ્યાસી છે. બન્નેની જ્ઞાનરૂપિ મુખ્યતાએ છે, તેઓની પાસેથી જે જે બોધ મળે તે મેળવવો પણ તેમની જે વાત ન રૂચે તેની ઉપેક્ષા કરી મૌન રહેવું પણ કલેશ નિંદામાં પડવું નહીં. મનુષ્ય સર્વજ્ઞ નથી, આપણુને જે ગમે તે લેવું પણ જે ન ગમે તે માટે દ્વેષ ન કરવો. સર્વ મનુષ્યોની એકસરખી દૃષ્ટિ થઇ નથી અને થશે નહીં. આપણે આપણી સાધના સાધવી જોઈએ. સાધનભેદે મુંઝાવું નહીં. ખપ જેટલું બોલવું કોઈના પર અરૂચિ ન ધારવી. બાહ્યદૃષ્ટિ છે ત્યાંસુધી બહિરાત્મભાવ છે. આત્માના ગુણો તરફ લક્ષ આપો અને આત્મજ્ઞાન પ્રગટે એવું બોલો. કોઇના ઔદયિક-ભાવની ચેષ્ટામાં મુંઝાઓ નહીં. આત્મ સત્તાદૃષ્ટિથી સર્વાત્માઓને દેખો તેથી દોષદૃષ્ટિ ટળશે અને આત્મદૃષ્ટિ જાગ્રત્ થશે.

સ્વાત્મસત્તાની ભાવના ભાવો અને તેમાં સ્થિરોપયોગે વર્તો. શા. મૂલચંદ ત્રિભોવનદાસને ધર્મરૂચિ વધે એવા પુરૂષાર્થમાં પ્રેરો. સત્સમાગમથી આત્મા જાગ્રત્ થાય છે માટે સંસારમાં કોટિ રૂપૈયાનો લાભ ત્યાગ કરીને સત્સમાગમ કરો. સંતથી મુક્તિનો અનુભવ થાય છે. જાગેલાઓ જગાડશે. મુક્ત થએલા મુક્ત કરશે. આત્મનંદી આત્માનંદ આપશે. માટે સત્સમાગમમાં પ્રવૃત્ત થાઓ. ગાડી, વાડી, લાડી, તાડીમાં દુનિયા મોહ પામીને છતી આંખે દેખતી નથી અને આત્મસુખને ભૂલી અસત્ય સુખ માટે રાત્રિ–દિવસ ફાંફાં મારે છે. આત્મસુખના અવિશ્વાસી ભ્રાંત લોકોના વિચારોથી મુંઝાવું ન જોઈએ. આત્મસુખની પ્રાપ્તિ વિના જડ ભોગોથી મરવાના પહેલા ક્ષણ સુધી કોઇને સંતોષ થયો નથી અને થનાર નથી એમ નિશ્ચયતઃ જાણ. આત્મસુખની પ્રાપ્તિ કરવા માટે અનેક સાધનોમાં ધર્મની આરોપણા છે માટે સાધ-

નોને સાધવાં પણ આત્મધ્યેય તે આત્મસુખનો અનુભવ છે એમ જાણી–ભક્તિ, તપ, જપ, સંયમાદિની સાધના સાધવી. હું ને મારૂં જ્યાં નથી તે મહાપુરૂષ છે અને તે સદ્ગુરુ છે તેવા સદ્ગુરુની સેવાભક્તિ માટે દેશ, રાજ્ય, ઘરબાર, લક્ષ્મી વિગેરે સર્વનો ત્યાગ કરવો પડે તો કરવો. આત્મસુખની પૂર્ણતામાં ત્યાગગ્રહણ બુદ્ધિ રહેતી નથી એવી દશાની પ્રાપ્તિ કરવી તે મહાયોગીઓને ઘટે છે. એવી દશા પણ જ્ઞાન–વૈરાગ્યથી પ્રાપ્ત થાય છે માટે ત્યાં સુધીનું ધ્યેય લક્ષ્યમાં રાખીને વર્તમાનમાં જેટલો પુરૂષાર્થ થાય તેટલો કરવો. આત્મ તરફ ઉપયોગ રાખીને સર્વ કર્તવ્ય કર્મ કરો.

દલસુખભાઇને ચારિત્ર લેવાની રૂચિ પ્રગટે છે પણ તેમની વૃદ્ધાવસ્થા હોવાથી તેઓ બાહ્યચારિત્ર કરણી કરવા સમર્થ થઇ શકે નહીં. સંતોનું સંતપણું નયનથી અને વચનથી જાણી શકાય છે. સંતોની સેવા ગૌમાતાની પેઠે કરવી. ગાય કાળી છે કે ધોળી? તેનાં શૃંગ લાંબાં છે કે ટુંકાં છે? એવી બાબતમાં જેમ લક્ષ્ય અપાતુ નથી પણ દુગ્ધાર્થે તેની સેવા થાય છે તેમ જ્ઞાન વૈરાગ્યાર્થે સંતોની સેવા કરવી. જેનો સમાગમ કરતાં જ્ઞાન વૈરાગ્યનો અપૂર્વ લાભ થાય તેવા સંતની સેવા કરવી. તેમની બાહ્યક્રિયાકાંડ ભિન્નતા અને ભિન્નગચ્છ સમાચારીની ચર્ચામાં ઉતરવું નહીં. ખપ જેટલું પુચ્છવું પણ કોઇને ન રૂચે તેવું વદવું નહીં. આધ્યાત્મિક શાસ્ત્રો કે જે વાંચવાનો સદ્ગુરુ આદેશ કરે તે વાંચવાં. વાંચીને અંતરૂમાં તેવા પરિણામે પ્રવર્તવું પણ તે તરફ જેની રૂચિ ન હોય એવા લોકોનો તિરસ્કાર ન કરવો. પોતાના માટે અન્યો ગમે તેવા શુભાશુભ અભિપ્રાયો બાંધે તો પણ હર્ષ શોક ન વેદાય ત્યારે આત્મભાવની ઝાંખી થાય છે. નિન્દકની નિન્દા ન કરવી અને ભક્તની જૂઠી ખુશામતથી રાજી ન થવું એવી રીતે વર્તવાથી આત્મિક જીવને જીવી શકાય છે. સદ્ગુરુની સેવાભક્તિથી આત્માની શુદ્ધિ થાય છે. લોકોપકારરૂપ યજ્ઞ કરવાથી હૃદયની શુદ્ધિ થાય

છે. નિષ્કામ ભાવથી મન, વાણી, કાયાથી પ્રવર્તવું. આત્માનો ઉપયોગ રાખીને સર્વ બાબતોની પ્રવૃત્તિ કરવી, રાત્રે આત્માની શુદ્ધિની ઇચ્છાવાળા મનુષ્યોને એકઠા કરી આત્મજ્ઞાનની વિચારણા કરવી. આધ્યાત્મિકયૌગિક તાત્ત્વિક જ્ઞાનનાં પુસ્તકોનું વાચન મનન કરવું અને જે જે બાબતો ન સમજાય તેની નોંધ કરી રૂબરૂમાં પુચ્છી સમાધાન કરવું. યોગ્ય પ્રવૃત્તિ કરવી અને નિવૃત્તિ સુખ અનુભવવું. મનુષ્યભવમાં આત્માની શુદ્ધતા કરવી એજ મુખ્ય ધ્યેય છે તેનાં જે જે યોગ્ય લાગે તે તે સાધનોથી સાધ્ય તરફ વળશો.

इत्येवं ॐ अर्ह शांतिः३

---

લેખક બુદ્ધિસાગર મુ૦ સુરત.

સં. ૧૯૬૬.

મુ. પાલેજ તત્ર સુશ્રાવક શા. ડાહ્યાભાઇ પિતાંબર યોગ્ય ધર્મલાભ. તમારા પત્રથી યોગાભ્યાસની વિગત જાણી ખેચરીમુદ્રા સાધો છો અને કેવલ કુંભક પ્રાણાયામ સાધો છો તે જાણ્યું. તમે જે ખેચરીમુદ્રા સાધો છો તે દ્રવ્યથી ખેચરીમુદ્રા છે. ભાવથી શુદ્ધોપયોગ દૃષ્ટિ તે ખેચરીમુદ્રા જાણવી. ભાવ ખેચરીમુદ્રાથી નિર્લેપ આત્મસ્વરૂપરૂપ આકાશમાં વિચરાય છે. ભાવ ખેચરીમુદ્રા સાધવા માટે જિવ્હાનો વિષય રસ ટળવો જોઇએ. જિવ્હાથી અનેક રસવાળા પદાર્થોનું ભક્ષણ થાય પણ તેમાં રસ ન પડવો જોઇએ. તેમ દ્રવ્યથી કેવલ કુંભક સાધો છો. ભાવથી કેવલ કુંભક એ છે કે–આત્મામાં મનને સ્થિર કરવું અને સ્થિરોપયોગની ધારાથી આત્માને જોઈ રહેવો. સંકલ્પ વિકલ્પરૂપ વાયુને બંધ કરીને આત્મામાં સ્થિરોપયોગે રહેવું તે કેવલ કુંભક પ્રાણાયામથી પરભાવમાં મન જતું નથી તેથી આત્માની શક્તિયોનો વિકાસ થતો જાય છે અને તે લબ્ધિ ચમત્કારરૂપે પ્રકાશિત થાય છે. ભાવ ખેચરીમુદ્રાના સાધનથી સર્વ પ્રકારની હાનિકારક મનો-

વૃત્તિયો વિરામ પામે છે અને જડપુદ્ગલ રમણતારૂપ સ્વપ્નદશાનો નાશ થાય છે. હૃદયકમલમાં મનને ચોટાડવું તે ભાવપદ્માસન છે અને આત્માના સિદ્ધ સ્વરૂપમાં સ્થિરોપયોગે સ્થિતિ કરવી તે આધ્યાત્મિક ભાવ સિદ્ધાસન છે. આત્માના સ્વરૂપનો ઉપયોગ ધારણ કરવો અને સર્વ ઔદયિક ભાવમાંથી મનને ખેંચીને આત્માના ચિંતવનમાં રમાડવું તે આધ્યાત્મિક રાજયોગી ઉન્મુની મુદ્રા છે. આવી મુદ્રામાં પ્રાણવાયુની સહેજે સ્થિરતા થાય છે. રાગ દ્વેષ તરફ મનોવૃત્તિયોને ન જવા દેવી અને વિષયો-માંથી મનોવૃત્તિયોને પાછી ખેંચી આત્મામાં વાળવી તે ભાવ પ્રત્યાહાર છે.

કાયાને આત્માના તાબામાં રાખવી તે બાહ્યયમ છે. વચનપર કાબુ ધારવો તે બાહ્યયમ છે. મનપર કાબૂ ધારણ કરવો તે ભાવયમ છે. બળાત્કારે ઇન્દ્રિયોપર કાબુ મેળવવા અને પ્રાણપર કાબુ મેળવવા અભ્યાસ કરવો તે હઠયોગ છે. હઠયોગ કરતાં સહજ રાજયોગ અનંતગણો બળવાન છે. આત્માના ઉપયોગથી સહજે મોહનો નાશ થાય તે રાજયોગ છે. નિકાચિત શાતા અને આશા-તાવેદની રૂપ પ્રારબ્ધ વેદતાં અંતરૂમાં મોહ ન પ્રગટે એવી રીતે આત્મોપયોગ ધારવો તે રાજયોગ છે. અઘાતી પ્રારબ્ધ કર્મ ભોગવતાં ઘાતીકર્મ રસની પરિણતિ ન પ્રગટાવવા દેવી તે ભાવથી રાજયોગ છે. આત્મામાં ધ્યાનવડે લયલીન થવું અને મોહથી દૂર રહેવું. જે વખતે ધ્યાતા ધ્યાન અને ધ્યેયની એકતા થઇ જાય તે લયયોગ છે. સોઽહં અને તત્ત્વમસિ આદિ શબ્દોથી આત્માનો જાપ કરવો. પંચપરમેષ્ઠિનો જાપ જપવો તે દ્રવ્યથી મંત્રયોગ છે અને આત્માના ગુણ પર્યાયનો વિચાર કરવો તે ભાવથી મંત્ર છે. આત્મા તેજ પરમાત્મા છે એમ નિશ્ચય કરી આત્મામાં સ્થિરોપયોગ ધારવો ને ભાવથી ઉપાસના છે. ધાર્મિક કૃત્યો કરવાં તે ધર્મ પ્રવૃત્તિ યોગ છે અને ધાર્મિક કૃત્યોનો પણ ત્યાગ કરી જેટલા વખત સુધી કાયાવાણી મન વ્યાપારથી નિવૃત્ત

થઇ આત્માના ઉપયોગથી આત્મામાં સ્થિરતા કરવી તે નિવૃત્તિયોગ અર્થાત્ ભાવથી સન્ન્યાસ યોગ છે એમ દ્રવ્યથી અને ભાવથી અનેક પ્રકારે યોગોનું સ્વરૂપ જાણવું. દ્રવ્યયોગથી ભાવ યોગને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવું. સાધ્યદૃષ્ટિ રાખીને મુદ્રા અને પિંડસ્થાદિક ધ્યાનવડે આત્મશુદ્ધિ કરવા અભ્યાસ કરવો. આત્માની પરિપૂર્ણ શુદ્ધતારૂપ પર્યાય તેજ સિદ્ધતારૂપ પર્યાય તે જ સિદ્ધતા છે તેને લક્ષ્યમાં રાખીને જે કંઇ યોગ્ય લાગે તે કરવું. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રકારના દ્રવ્યભાવવાળા યોગમાં યમાદિ અષ્ટાંગ યોગ ભેદનો સમાવેશ થાય છે.

કાયાને ધર્મનીતિ માર્ગમાં પ્રવર્તાવવી અને કાયાથી અન્ય જીવોનું બૂરૂ ન થાય તેવી રીતે કાયાનો વ્યાપાર કરવો તે દ્રવ્યથી ઈર્યા સમિતિ છે. દેહવીર્યનો અધર્મ માર્ગમાં નાશ ન થવા દેવો અને દેવગુરૂ ધર્મમાં ઉપયોગ પૂર્વક કાયાને જોડવી તે દ્રવ્યથી ઈર્યાસમિતિ છે. આત્માના શુદ્ધ સ્વરૂપ તરફ દૃષ્ટિ ધારવી તે ભાવથી આધ્યાત્મિક ઈર્યાસમિતિ છે. આત્માના ગુણોપર દૃષ્ટિ રાખવી અને દુર્ગુણોમાં મન ન રાખવું તે નિશ્ચયથી ઈર્યાસમિતિ છે. કાયાને ધાર્મિક અને વ્યાવહારિક યોગ્ય માર્ગોમાં વાળવી અને દોષોથી રહિત થતા જવું તે વ્યવહાર નય યુક્ત ઇર્યાસમિતિ છે. કાયાને સમ્યગ્ માર્ગમાં વાપરવી તે સામાન્યતઃ ઈર્યાસમિતિ છે. વિચારીને ઉપયોગ પૂર્વક સ્વપરહિતાર્થે વદવું તે ભાષા સમિતિ છે. ઇર્યાસમિતિ અને ભાષાસમિતિમાં યમ નિયમ આસન એ ત્રણ યોગનો સમાવેશ થાય છે. આત્માનું જ્ઞાન પામીને વચનનો ખપ પડતો ઉપયોગ કરવો તે ભાવભાષા સમિતિ છે. આહાર પાણીનો નિયમિત રીતે ઉપયોગ પૂર્વક ખપ કરવો તે આહાર એષણા સમિતિ છે સદ્વિચારોને ગ્રહવા તે ભાવથી સદ્વિચાર એષણાસમિતિ છે. અસદ્વિચારોના ત્યાગથી અને સદ્વિચારોના ગ્રહણથી ક્રોધાદિક કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે. સાત્વિક નીતિ આદિ સદ્ગુણોને ગ્રહવા તે ગુણૈષણા સમિતિ છે. જ્ઞાન

અને અખંડાનંદ છે તેજ આત્માનો ધર્મ છે તે સ્વાભાવિક ધર્મ છે તે સ્વાભાવિક ધર્મેષણા સમિતિ છે. જ્ઞાનદર્શન ચારિત્ર તે આત્માનો વાસ્તવિક આહાર છે તેનેજ આત્મા ગ્રહણ કરે તે નિશ્ચયથી શુદ્ધ એષણા સમિતિ છે. આદાન ત્યાગ નિક્ષેપૈષણા સમિતિથી ગ્રહણ કરવા યોગ્ય હોય તે ગ્રહણ કરવું અને ત્યાગ કરવા યોગ્ય હોય તે ત્યાગ કરવું. બાહ્ય વસ્તુઓનો વિવેક-પૂર્વક ગ્રહણ ત્યાગ કરવો તે દ્રવ્યથી આદાનત્યાગનિક્ષેપ સમિતિ છે. વસ્ત્ર પાત્ર વગેરેના ગ્રહણ ત્યાગમાં ઉપયોગ પૂર્વક વર્તવું તે આદાનભંડમત્ત નિક્ષેપ સમિતિ છે. જે જે વસ્તુઓ પરઠવવા લાયક હોય તે ઉપયોગ પૂર્વક પરઠવવી. જે જે સંયોગો ત્યાગ કરવા લાયક હોય તે ત્યાગવા અને દેવગુરૂ ધર્મ કર્મના સંયોગો અંગીકાર કરવા, જડ વસ્તુઓમાં સુખની બુદ્ધિ સુખ વાસનાનો ત્યાગ કરવો તે આધ્યાત્મિક પારિષ્ઠાપનિકાસમિતિ છે. દુર્ગુણો, કષાયો, વ્યસનો અને ઉપાધિના સંયોગોને પરઠવવા તે નિશ્ચયથી પારિષ્ઠાપનિકાસમિતિ છે. પાપમાર્ગમાં જતી કાયાને રોકવી તે કાયગુપ્તિ છે. કાયાનું વીર્ય સંરક્ષવું, કાયાની ધાતુનો પ્રાણાંતે દુરૂપયોગ ન કરવો, કાયાના વ્યાપારને રોકી રાખવો તે દ્રવ્યથી કાયગુપ્તિ છે. કાયાની શુભાશુભ પ્રવૃત્તિમાં શુભાશુભ ભાવ ન ધારવો તે ભાવથી કાયગુપ્તિ છે. કાયાને પ્રસંગે ગોપવવી તે સામાન્યતઃ કાયગુપ્તિ છે. કાયગુપ્તિમાં સર્વ આસનોના રહસ્યનો અંતર્ભાવ થાય છે. કાયગુપ્તિથી આત્માની શક્તિયો જાગ્રત્ થાય છે અને મનની સ્થિરતા વધે છે અને આત્માની શક્તિયો મેળ-વવા ઘણી સહાય પ્રાપ્ત થાય છે. કાયગુપ્તિથી પદ્માસનાદિ વડે સ્થિર થતાં અનેક રોગો પ્રગટતા નથી અને મનનું આરોગ્ય વૃદ્ધિ પામે છે—કાયવીર્યના સંપાત કરતાં વચનના અધર્મ્ય વિનિ-પાતથી અનેક ધર્મ્યશક્તિયોનો હ્રાસ થાય છે. સત્યપથ્ય અને તથ્ય તથા સ્વપરોપગ્રહાર્થે વચન બોલવું અન્યથા વચનગુપ્તિ ધારવી. વચનગુપ્તિથી વચનસિદ્ધિ થાય છે અને ગએલી શક્તિયો પાછી સંપ્રાપ્ત થાય છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી ભાષાનો

વ્યાપાર બંધ થતાં સંજ્ઞી મનુષ્યોના મનનું જ્ઞાન થાય છે અને સત્યનો અનંતગુણુ પ્રકાશ વધે છે. પરા પશ્યન્તી અને મધ્યમાં ભાષાનું સ્વરૂપ ગુરૂગમદ્વારા વીતરાગ પ્રવચન દૃષ્ટિએ રૂબરૂમાં અવબોધ્ય છે. કાયા વચન અને મનનો વ્યાપાર બંધ થતાં નિર્વિકલ્પ સમાધિ સુખ પ્રગટે છે. સ્પર્શેન્દ્રિયદ્વારા કામાંગે વિકાર ન જાગ્રત્ થાય તથા મૈથુનસંજ્ઞામાં કાયા જ્યારે પ્રવૃત્ત ન થાય ત્યારે કાયગુપ્તિની સિદ્ધિ થાય છે. અત્યંત સ્પર્શ રૂપવતી દેવીઓના સ્પર્શથી પણ કાયામાં વિકાર ન થાય ત્યારે કાયગુપ્તિની સિદ્ધિ છે. કાયસ્પર્શમાં આનંદરસ ન લાગે ત્યારે કાયગુપ્તિની સિદ્ધિ છે. સર્વ પ્રકારના શુભસ્પર્શમાં રસ ન વેદાય અને આત્મામાં રસ વેદાય ત્યારે દેહગુપ્તિ સહેજે વર્તે છે અને દેહ પ્રવૃત્તિ પણ આહાર વિહારાદિ ધર્મ્ય કાર્યોમાં સહેજે પ્રવર્તે છે અને પશ્ચાત્ તે સાધનરૂપ ગમે તે સત્કાર્યોમાં વપરાય છે. રસેન્દ્રિયદ્વારા આહાર નહીં ગ્રહતાં છતાં રસેન્દ્રિયગુપ્તિ તથા વ્યાપાર વખતે રસેન્દ્રિય સમિતિ છે. આંખવડે અનેક રૂપો દેખવામાં આવે છતાં તેમાં નિર્મોહભાવ રહે ત્યારે ચક્ષુઃ સમિતિ છે અને ચક્ષુનો વ્યાપાર સ્વપરોપગ્રહાર્થે ઉપયોગ પૂર્વક થાય ત્યારે ચક્ષુઃ સમિતિ છે. એ પ્રમાણે ઘ્રાણેન્દ્રિય અને કર્ણેન્દ્રિયના વ્યાપારમાં સમજવું. કાયા અને કાયામાં રહેલી ઇન્દ્રિયોની સમિતિગુપ્તિ જ્યારે પ્રગટે છે, ત્યારે કાયયોગનું ચારિત્ર્ય પ્રગટ થએલું જાણવું. કાયયોગ ચારિત્રી વિશ્વમાં અન્ય લોકોપર ખરેખરો ઉપકાર કરી શકે છે. કાયયોગનું સ્વતંત્ર સામ્રાજ્ય એવા પ્રકારનું ધારણ કરવું તે હઠયોગી કરતાં જ્ઞાનયોગીને અનંતગુણુવિશેષતઃ પ્રાપ્તવ્ય છે. કાય દ્વારા ઉર્ધ્વરેતા થવું તે પણ કાયગુપ્તિ છે અને કાયવીર્યનો સમ્યગ્ વ્યાપાર કરવો તે કાયસમિતિ છે. કાયસમિતિથી કાયિકવીર્ય ઘટે છે અને કાયિકગુપ્તિથી દેહવીર્યની વૃદ્ધિ થાય છે. દેહવીર્યથી આત્મવીર્ય પ્રગટાવી શકાય છે. આત્મજ્ઞાનીઓ આત્માની જ્ઞાનાદિ શક્તિયો પ્રકટાવવામાં કાયિકવીર્યનો સદુપયોગ કરી શકે છે અને વચનનો પણ સદુપયોગ કરી શકે છે. કાયવીર્ય કરતાં મનોવીર્ય

અત્યંત સૂક્ષ્મ છે. મનઃસમિતિ કરતાં મનોગુપ્તિ છે તે આત્મસુખ પ્રગટાવવામાં અનંતગુણ બળવાન્ છે એમ જાણ. સાધકને ઉત્સર્ગ ચારિત્ર ત્રણ ગુપ્તિ છે અને અપવાદચારિત્ર સમિતિ છે. પૂર્ણદશામાં મનવાણી કાયાના વ્યાપારથી વિશ્વલોકોનું કલ્યાણ કરી શકાય છે. સાધકદશામાં સમિતિનો ખપ જેટલો વ્યાપાર કરવો. ચતુર્થ ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક પર્યંતની દશા તે સાધકદશા છે, તેમાં ત્રણગુપ્તિ તે ઉત્સર્ગ સાધન છે અને પાંચ સમિતિ તે અપવાદ સાધન છે. મન વાણી કાયા દ્વારા આત્મા તેજ પરમાત્મા બને છે માટે મન વાણી કાયાની અનંતગુણી મહત્તા તથા સ્વપરાર્થે ઉપયોગિતા છે. કાયગુપ્તિ અને વચનગુપ્તિ પર્યંત કથંચિત્ હઠયોગ પ્રવર્તે છે અને મનોગુપ્તિથી રાજયોગની સિદ્ધિ થાય છે. મનમાં અશુભ રાગદ્વેષના વિચારો પ્રગટવા ન દેવા તે અશુભ મનોયોગગુપ્તિ છે તથા મનમાં શુભ રાગદ્વેષના વિચારો ન પ્રગટવા દેવા તે શુભ મનોયોગગુપ્તિ છે. મનમાં ધર્મધ્યાનના વિચારો કરવા. ધર્મ્યવિચારો કરવા ને મનનો ધર્મ વ્યાપાર છે. મનમાં આત્મસ્વરૂપ વિચારવું. જ્ઞાનાભ્યાસ કરવો તે ધર્મ્ય મનોયોગ સમિતિ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના સંકલ્પ વિકલ્પથી મુક્ત થવું તે સાપેક્ષ નયે મનોગુપ્તિ છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન ધ્યાવું તે મનોગુપ્તિ છે કારણ કે તેથી મન બાહ્ય વિષયોમાં રાગદ્વેષ પરિણામે પરિણમતું નથી. મનનો બાહ્ય વિષય ચિંતવનરૂપ વ્યાપાર બંધ કરવાથી મનોગુપ્તિની સિદ્ધિ થાય છે. સ્થૂલ મનને આત્મબળથી ગોપવવું તે સ્થૂલ મનોગુપ્તિ છે અને સૂક્ષ્મ સંકલ્પ વિકલ્પને બંધ કરવા તે સૂક્ષ્મ મનોગુપ્તિ છે. જ્ઞાનયોગીને મનોગુપ્તિની સિદ્ધિ થાય છે. મનોગુપ્તિથી આત્માનંદનો પ્રકાશ થાય છે. જ્યાં સુધી બાહ્ય વિષયોમાં મન શુભાશુભપણું ચિંતવે છે ત્યાં સુધી મનોગુપ્તિ નથી. હઠયોગીને જ્ઞાનયોગની પ્રાપ્તિ વિના મનોગુપ્તિ નથી. આત્મજ્ઞાનોપયોગી મનના શુભાશુભ વિચારોને ગોપવી શકે છે. જ્ઞાનથી મનોગુપ્તિ થાય છે માટે જ્ઞાનયોગની આગળ હઠયોગની કિંમત કોડી જેટલી છે તે અપેક્ષાએ જાણ.

મનમાં શુભપુણ્યકર્મના પ્રારબ્ધ વિપાકનો અનુભવ થતાં હર્ષ ન કરવો, ગર્વ ન કરવો. કીર્તિ માન થતાં હર્ષગર્વ ન કરવો અને દુઃખવેદની ભોગવતાં અને દુઃખના સંયોગોમાં દીનતા ન કરવી શોક ન કરવો, અને શાતાવિપાકમાં અને અશાતાવિપાકમાં આત્માનું કંઇ પણ નથી એવી રીતે આત્મોપયોગથી વર્તતાં મનોગુપ્તિની સિદ્ધિ થાય છે. ઈન્દ્ર અને ચક્રવર્તિના પદની ઈચ્છા ન કરવી. બાહ્ય વિશ્વમાં શુભાશુભભાવે મુંઝાવાનું ન થાય ત્યારે મનોગુપ્તિની સિદ્ધિ છે. મનોગુપ્તિ અને મનઃસમિતિ એ બેથી જે પાર જાય છે તે સિદ્ધ છે. મનમાં મોહ આસક્તિ ભય શોક કામ લોકદેહ નામ વાસના ન વેદાય અને મોહનો મનમાં પ્રવેશ ન થાય ત્યારે મનોગુપ્તિ જાણવી. આત્મામાં નિશ્ચયજ્ઞાન થાય છે ત્યારે આત્મજ્ઞાનીપણું પ્રાપ્ત થાય છે. કરોડો મનુષ્યોમાં થોડા મનુષ્યો આવા મોક્ષમાર્ગમાં વિચરવા અધિકારી બને છે માટે આવા યોગમાર્ગ દ્વારા મુક્ત થવા પુરુષાર્થ કર. બાહ્ય જીવનપ્રવૃત્તિમાં અને આત્મ જીવન પ્રવૃત્તિમાં નિર્લેપપણે વર્તવા પુરુષાર્થ સેવ. રાજકથા ભક્તકથા દેશકથા અને સ્ત્રીકથામાં રાગ દ્વેષ પરિણામે પરિણમતા મનને વાર! યોગ સાધનમાં ગૃહસ્થ દશા, દેશથી ઉપયોગી છે અને ત્યાગી દશા સર્વથી ઉપયોગી છે. ત્યાગયોગથી આત્મદર્શન અને આત્માની પ્રભુતા પ્રાપ્ત થાય છે. જડ પદાર્થની મમતાનો ત્યાગ પરિણામ, જડ પદાર્થોમાં મૂર્છાનો અભાવ તે જ નિઃપરિગ્રહ દશા છે. જડ પદાર્થોમાં જ્યાં સુધી સુખની બુદ્ધિ છે ત્યાં સુધી આત્માનો આનંદરસ વેદાતો નથી. આત્માનો આનંદરસ અનુભવાયા પછી બાહ્યવિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી. શાતા કર્મ પ્રારબ્ધનો ભોગ છતાં આત્માના સુખની પ્રતીતિ રહે છે અને વિષયભોગમાં સુખબુદ્ધિ રહેતી નથી.

દુનિયાના સર્વ પદાર્થોમાં જ્ઞાની નિરાસક્ત રહે છે અને મનમાં બાહ્ય કર્મની કર્તૃત્વબુદ્ધિ વિના બાહ્ય કર્મને કરે છે. મન વાણી કાયાના વ્યાપારમાં તે આકાશની પેઠે નિર્લેપ જ્ઞાનો-

પયોગથી આશીભાવ રહિત્ત પ્રવર્તે છે. આવી દશા પ્રાપ્ત કર્યાથી શુદ્ધાત્મજીવનથી જીવાય છે અને સર્વ વિશ્વમાં સર્વમાં છતાં સર્વ જડ જગત્થી ન્યારાપણું અનુભવાય છે અને આત્મસત્તાએ સર્વાત્માઓમાં એકાત્મભાવ અનુભવાય છે. જ્ઞાનીની દૃષ્ટિમાં સર્વવિશ્વ છે તે બાજીગરની બાજી જેવું લાગે છે તેથી તેને તેમાં રસ પડતો નથી છતાં કર્મના ઔદાયિકભાવથી તે વિશ્વ સાથે બાહિરથી સંબંધ ધારે છે પણ અંતરથી નિઃસંગ વર્તે છે. જ્ઞાન પ્રમાણે ધ્યાન હોય છે. દિવસમાં બે ઘડી સુધી સમતાભાવ, એક વાર પ્રગટે તો આત્મજ્ઞાનાનંદનો અનુભવ થયા વિના રહેતો નથી. પ્રથમ દશામાં મનુષ્યોના સંસર્ગથી દૂર રહેવું જોઇએ અને નામરૂપનો અંશમાત્ર પણ મોહ ન પ્રગટે એવો આત્મોપયોગ ધારવો જોઇએ. પ્રભુ વીતરાગ શ્રી મહાવીર દેવનાં સૂક્તોનું મનન સ્મરણ નિદિધ્યાસન કર અને આત્મામાં આત્મસ્વભાવે અંશે અંશે પરિણમવા આત્મોપયોગી થા અને ગૃહસ્થદશાનો ત્યાગ કરી ત્યાગદશા સ્વીકારવા અત્યંત વૈરાગ્ય પરિણામે પ્રવર્ત. એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર. લોકવાસનાબુદ્ધિને પરિહર. હઠયોગ કરતાં આત્માના સ્વાભાવિક જ્ઞાનાનંદયોગમાં પરિણમવા મહાયોગેશ્વર મહાવીર પ્રભુનું ધ્યાન ધર. યોગસંબંધી વિશેષ ખુલાસો રૂબરૂમાં થશે. પત્રથી શું લખાય? ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો. इत्येवं ॐ अर्हं शांतिः३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સુરત.

સં. ૧૯૬૬ ભાદ્રપદ સુદિ ૮.

શ્રી વિજાપુર. તત્ર શ્રદ્ધાવંત દયાવંત દેવગુરૂભક્તિકારક સુશ્રાવક દોશી નથુભાઇ મંછારામ તથા શા. રીખવદાસ અમુલેખ, શા. કાલીદાસ મંછારામ યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો સાંવત્સરિક ક્ષમાપના પત્ર પહોંચ્યો. વાંચી તે પ્રમાણે સાંવત્સરિક ક્ષમાપના વાંચશો. જ્યાંસુધી કોઈનાપર શત્રુભાવ વર્તે છે અને જ્યાંસુધી ભૂલો અપરાધો માટે આંખમાંથી અશ્રુ વહેતાં નથી અને અપરાધીઓને જ્યાંસુધી ભૂલી જવામાં આવતા નથી અને જ્યાંસુધી દ્વેષ વૈરનો અંશ પણ હૃદયમાં છે ત્યાંસુધી સત્ય ક્ષમાપના નથી. સત્ય ક્ષમાપના કર્યા બાદ અન્ય વૈરીઓપર વૈર રહેતું નથી. અપરાધીઓપર શુદ્ધ પ્રેમ વર્તે છે તથા અપરાધી શત્રુઓને ઉપકારો કરીને સત્કારવામાં આવે છે. અનુપયોગે જે જે અન્યોપર અપરાધો કર્યા હોય તેનો પૂર્ણ પશ્ચાત્તાપ થવો જોઇએ. શુદ્ધ પ્રેમામૃતથી ભરેલી આંખો થવી જોઇએ. નયનમાં અને વચનમાં ક્ષમાપનાની ઝાંખી પ્રગટવી જોઈએ. પોતાનું બૂરામાં બૂરૂં કરનારપર અંશમાત્ર દ્રોહ ન રહેવો જોઇએ અને વર્તનમાં ક્ષમાસ્વરૂપ દેખાવું જોઇએ. પોતાનાથી કોઇનો અપરાધ થયો હોય-કોઈનું બુરૂં કર્યું હોય-કોઇનાપર આળ મૂક્યું હોય તો તેને આત્મસાક્ષીએ ખમાવવો જોઇએ. બને તો રૂબરૂમાં મળી અત્યંત નમ્રતા ધારીને તેને ખમાવવો કે જેથી અન્યને વૈરક્લેશકષાયનો ઉપશમ થાય. સંસારસ્વાર્થે અને ધર્માર્થે કોઈનો અપરાધ કર્યો હોય તેનો હૃદયમાં અત્યંત પશ્ચાત્તાપ થવો જોઇએ અને તે વર્તનમાં મૂકાવો જોઇએ. પશ્ચાત્તાપ આલોચનાથી આત્મશુદ્ધિ થાય છે. પોતાના દોષોને કબુલવા જોઈએ અને દોષોની નિંદાગર્હા થવી જોઈએ. અન્ય જીવોની હિંસા કરીને રાચવું માચવું ન જોઇએ. ધર્માર્થે પણ અન્યાય જુલમ દંભાદિ દોષો ન સેવવા જોઇએ. અન્ય ધર્મીઓ સાથે દ્વેષભાવ ન વર્તવો જોઇએ. પોતાની નિંદા કરનારાઓ ઉપર પણ શુદ્ધ પ્રેમ રહેવો જોઇએ અને દ્વેષ ન પ્રગટવો જોઇએ. પોતાનાથી ભિન્નમતધર્મવાળાઓ કદાપિ પોતાને સતાવે, ગાળો દે તોપણ તેઓને પ્રેમથી ચાહવા અને તેઓના બૂરામાં ભાગ ન લેવો. એવી રીતે વર્તતાં આત્માની શુદ્ધિ થાય છે અને પોતાની ભૂલો ટળે છે. વૈરીઓ ઉપર ક્ષમા રાખવી. કારણકે દ્વેષ દ્વેષથી ટળતો નથી પણ ક્ષમાથી દ્વેષ ટળે

છે. પોતાનું સર્વથા બુરૂં કરનાર સાથે સજ્જનતાથી વર્તવું એમાં ક્ષત્રિયપણું છે પણ ક્રોધ દ્વેષ પ્રગટાવવાથી આત્માની બહાદૂરી ગણાતી નથી. લાખો ધર્મશાસ્ત્રો ભણવામાં આવે પણ સત્યક્ષમાપના વિના મોક્ષનું દ્વાર ઉઘડતું નથી. જ્ઞાની ક્ષમાપનાથી આરાધક બને છે અને અજ્ઞાની ક્ષમાપના વિના વિરાધક બને છે. જ્યાં સત્ય ક્ષમા છે ત્યાં પ્રભુનું હૃદય છે. ક્ષમા કરનાર દાતાર છે. સર્વ પ્રકારની ભાષાના વિદ્વાન્ થવાથી શું ? ઈન્દ્ર થવાથી શું ! જ્યાં ક્ષમાપના નથી ત્યાં ભવપરંપરા છે એવું નિશ્ચય જ્ઞાન થાય છે ત્યારે જ આચારવિચારમાં ક્ષમાપના વર્તે છે અને અનેક જન્મ સંસ્કારપરંપરાનો નાશ થાય છે. ક્ષમાપના પશ્ચાત્ વૈરકલેશ ન વધે એવો દૃઢ નિશ્ચય ધારવો જોઇએ. પ્રેમીઓને મિત્રોને ક્ષમાવવામાં વિશેષ કંઈ નથી પણ જેની સાથે વૈર કલેશ વિરોધ આદિ દોષો પ્રગટ્યા હોય તેઓને ક્ષમાવવામાં આત્માની આત્મતા છે. બાકી દેખાદેખી લોક ગાડરિયાપ્રવાહે તો હજારો વખત ક્ષમાપના કરી, તેવી ક્ષમાપના તો ફોનોગ્રાફ પણ બોલે છે તેથી કંઈ આત્મશુદ્ધિ થતી નથી. સર્વને ખમાવતાં અહંકારને દૂર કરવો. સાંસારિક ધાર્મિક કાર્યો કરતાં રાત્રી અને દિવસમાં ક્ષમાપના કરવા જેવો પ્રસંગો ઉપસ્થિત થાય છે, માટે ક્ષમાપના કરવામાં મોહથી દૂર રહેવું એ જ આત્મહિતાર્થી મનુષ્યોનું લક્ષણ છે. સત્ય, ક્ષમા અને પ્રેમમાં સ્વર્ગીય દિવ્ય સામ્રાજ્ય છે. શુદ્ધ ક્ષમા અને શુદ્ધ પ્રેમથી મનની વાણીની અને કાયાની મલીનતા ટળી જાય છે. પ્રભુને પામવા માટે કોઇને પણ સત્ય ક્ષમાપનાના દ્વાર પાસે આવ્યા વિના છુટકો થતો નથી. કોઇની નિંદા કરી હોય, કોઈના હૃદયને દુઃખવ્યું હોય તો રૂબરૂમાં મળી ખમાવો. અસંખ્ય ઈન્દ્રોની મહત્તા કરતાં સત્ય ક્ષમાપના કાર્યની અનંતગુણી મહત્તા માનો અને તે પ્રમાણે વર્તો. સાંવત્સરિક ક્ષમાપના નહીં કરવામાં આવે તો સમ્યક્ત્વદર્શનથી ભ્રષ્ટ થવાય છે માટે સાંવત્સરિક ક્ષમાપના કરો. ક્ષમાપનાથી સત્ય પ્રગટે છે. દરેક કર્તવ્યકાર્ય કરતાં મનમાં અહંવૃત્તિ મમતા ન રહે ત્યારે અક્રિયભાવથી આત્મા

નિર્લેપ રહે છે. સત્કર્મથી હૃદયની શુદ્ધિ થાય છે પણ સત્કર્મથી સાંસારિક ફળની ઇચ્છા ન રાખવી જોઇએ એવા કર્મયોગમાં પ્રવર્તતાં સત્ય જ્ઞાનયોગની પ્રાપ્તિ થાય છે. કાર્યો થતાં આત્મા અકર્મરૂપ વેદાય એટલે આત્માની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી જાય છે. સંકુચિત કષાયમય વિચારોને પ્રગટતાં જ વારવા જોઇએ અને કોઈનો દ્રોહ થવાનો પ્રસંગ આવે તો પોતાના પ્રાણ છોડવા જોઈએ. આત્મશુદ્ધિ માટે સર્વ સાધનો છે. જે કાલે જે સ્વાધિકારે યોગ્ય લાગે તે સાધનથી પ્રવર્તો. અન્ય સાધનોને બદલવાં એ તો સ્વાભાવિક છે. સાધનોમાં ગ્રહણત્યાગભાવ જાણવો. આત્મશુદ્ધિ અનુભવાય એવી રીતે પ્રવર્તશો. સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, વ્રત, તપ આદિ સાધનોથી આત્માની શુદ્ધતા કરશો. સંભારે તેને ધર્મલાભ. ધર્મસાધન કરશો.

इत्येवं ॐ अर्हं शांतिः ३

---

બ્રહ્મ બુદ્ધિસાગર. મુ૦ મુંબઇ, વાલકેશ્વર ઉપાશ્રય

સં. ૧૯૭૦, ફાલ્ગુન સુદિ ૧૦.

મુકામ માણસા. તત્ર સુશ્રાવક શા. બાલાભાઈ અનુપચંદ તથા દલસુખભાઇ સ્વરૂપચંદ તથા મૂલચંદ ત્રિભોવન યોગ્ય ધર્મલાભ.

વિ૦ તમારો પત્ર પહોંચ્યો. આત્મહિતાર્થે પત્ર લખવા પ્રેરણા કરો છો, પણ પ્રત્યક્ષ મળી સદુપદેશ ગ્રહણ કરવો એજ સત્કર્તવ્ય છે. હૃદયમાં આત્મા તે જ પરમાત્મા પરમેશ્વર છે એમ નિશ્ચય કરી તેની સાક્ષીએ મન વાણી કાયાની પ્રવૃત્તિ કરો. આત્મા તે જ પરમાત્મા છે પણ મોહાદિ આવરણોથી આત્મા તિરોભાવે પરમાત્મા છે તેને આવિર્ભાવે કરવાને મન વાણી કાયાની જે જે કંઇ પ્રવૃત્તિ કરવી તે પરમાત્માની સેવાભક્તિ ઉપાસના કર્મ છે. આત્મા તે જ પરમાત્મા છે તેવી

હૃદયમાં જે ધારણા તે જ સત્સ્થાપના છે. કોટિકોટિ ધર્મશાસ્ત્રો નો અભ્યાસ કરીને પણ આત્માની પૂર્ણ શુદ્ધતા રૂપ પરમાત્મતા પ્રગટ કરવાની છે. આત્માના વિકાસાર્થે મન વાણી કાયા ઇન્દ્રિ-યોની પ્રાપ્તિ થઇ છે. મન વાણી કાયા અને ઇન્દ્રિયો દ્વારા અનેક શુભ શિક્ષણ મેળવવું અને મનને સદ્ગુણોમાં પરિણમાવવું તથા દુર્ગુણોથી પાછું હઠાવવું એવી જ પ્રવૃત્તિ જો થાય છે તો પછી જૈન-શાસ્ત્રો વાંચો વા ન વાંચો ત્હોયે ભલે. આત્માની જિજ્ઞાસા પ્રમાણે ગુરુ પ્રસંગોપાત્ત જે સંભળાવે તે જ શ્રુતિજ્ઞાન છે. વાંચવા કરતાં શ્રવણથી શ્રુતજ્ઞાનની આત્મા પર સારી અસર થાય છે. શાસ્ત્રોમાંથી આત્માની શક્તિઓ ખીલે એવું ગ્રહણ કરવું. શાસ્ત્રોમાંથી પોતાના યોગ્ય ગ્રહણ કરવું પણ શાસ્ત્રમોહથી દૂર રહેવું. ત્રણ ભુવનનો નાથ આત્મા તે જ પરમાત્મા છે એવો નિશ્ચયાનુભવ થયા પછી આસ્તિકતાનું સદ્વર્તન થાય છે. ખાતાં પીતાં આદિ અનેક કાર્ય કરતાં આત્મા તે જ હૃદયમાં પરમેશ્વર છે એવો ઉપયોગ રાખીને વર્તવું. એમ વારંવાર સ્થિ-રોપયોગ ધારણ કરવાથી આત્માની શુદ્ધિ થાય છે અને અન્યા-ત્માઓ પર આત્મબુદ્ધિ વર્ત્યા કરે છે માટે એવા ઉપયોગમાં જેમ વિશેષ રહેવાય તેમ રહેશો કે જેથી પૂર્ણભાવે પરમાત્મ-દશા પ્રગટાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. આત્માની શુદ્ધતા માટે અસંખ્ય યોગો છે, જેને જેમ રૂચે તેમ પ્રવર્તે, પણ આત્મોપયોગે સાધ્યને ન ભૂલે એટલે બસ. મોટી મોટી ધર્મની વાતો કર્યા કરતાં થોડું પણ જ્ઞાન છે તેને આચારમાં મૂકો એટલે આગળની દશાનો ખ્યાલ આવશે. મન ઉપર કાબુ જેથી મૂકાય તે જ્ઞાન છે. જે જ્ઞાનથી મન વશ ન થાય તે વસ્તુતઃ સત્ય જ્ઞાન નથી. ઇન્દ્રિ-યોમાં રસવૃત્તિ જ્યાં સુધી છે ત્યાં સુધી ઇન્દ્રિયોનું ગુલામપણું છે. ગુલામોને શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ શકે નહિ. દેહ મન અને ઇન્દ્રિયોના પૂજારીઓ વસ્તુતઃ આત્મપ્રભુના પૂજારી નથી. જ્યાં સુધી મન સુધી ધર્મશાસ્ત્રો જાય છે પણ આત્મા સુધી જતાં નથી ત્યાં સુધી નિરાસક્તિપણું ટળતું નથી, આત્મા પોતાના

સ્વરૂપે પરિણમે તે જ જ્ઞાન અને ચારિત્ર છે. અંતરૃદૃષ્ટિ વર્તતાં બાહ્યમાં કર્મોદય પ્રેરણાએ વર્તાય અને આત્મા જ મુખ્યપણે ઉપયોગમાં ભાસે તે જ ધર્મ જપ તપ ધ્યાન છે

આત્મા તરફ શ્રુતજ્ઞાનોપયોગ વર્તે અને બાહ્યવ્યવહાર થાય તે જ આત્માની મુક્તતા છે. આત્માને ભૂલતાં સર્વ વિશ્વ ભૂલાય છે. આત્માને પૂજતાં સર્વ વિશ્વની પૂજા થાય છે. આત્મજ્ઞાન વિના બાહ્યવિદ્યાઓથી દુનિયામાં જે મહત્તા મળે તે મનની મહત્તા છે પણ આત્માની મહત્તા નથી. આત્મજ્ઞાન વિનાનાં ભાષણો અને પ્રવૃત્તિઓ તે મનબાજીગરની બાજી સમાન છે. મનમાં મોહ વર્તે અને બીજાને આત્મજ્ઞાનનાં શાસ્ત્રો સંભળાવવામાં આવે તે નાટકીયાના પાત્ર સમાન છે. જેટલું વર્તનમાં મૂકાય તેટલું ઉપદેશ વિના મૌનપણાથી અન્યોને અસર કરી શકે છે. ચારિત્રી બોલ્યા વિના ચારિત્ર વિનાના વક્તાઓ કરતાં અનંતગુણી અસર અન્યોપર કરી શકે છે. ચારિત્રીની દુનિયાપર જેટલી અસર થાય છે તેટલી અન્યોની થતી નથી. ગુરૂઓ મૌનપણે વર્તે છે અને શિષ્યોના સંશયો ટળી જાય છે માટે સદ્વર્તનપર ખાસ લક્ષ્ય રાખો. દેવગુરૂધર્મની સેવાભક્તિથી આત્માની શુદ્ધિ થાય છે. સેવાભક્તિથી હૃદયશુદ્ધિ થતાં આત્મજ્ઞાન પ્રગટે છે. વ્યવહારનયથી વ્યવહાર પ્રમાણે વર્તો અને નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં ધારણ કરો. વ્યવહારનયને ઉત્થાપતાં ચતુર્વિધસંઘનો ઉચ્છેદ થાય છે માટે ગમે તેવા પ્રસંગે વ્યવહારનય કથિત નિમિત્ત ધર્મસાધનોનો ઉચ્છેદ થાય એવું બોલશો નહિ. એકાંત નિશ્ચય દૃષ્ટિવાળાઓને વ્યવહારનો ઉપદેશ આપું છું અને એકાંતવ્યવહારીઓને નિશ્ચયનયનો ઉપદેશ આપી બન્ને નયના ઉપયોગી બનાવું છું. જ્ઞાન એ નિશ્ચય છે અને ક્રિયા એ વ્યવહાર છે. "લોક મળે ત્યાં લોકાચાર અને સંત મળે ત્યાં આત્માકાર"ની ઉક્તિ ધ્યાનમાં રાખીને પ્રવર્તશો. સાધુઓના વિચારાચારના મતભેદ દેખીને સાધુઓની નિંદા ન કરવી. જૈનશાસન સાગર જેવું છે એમાં

સર્વનેજેમ રસ પડે તેમ વર્તે છે. એકેક દૃષ્ટિની મુખ્યમાન્યતાએ મિથ્યાત્વ છે અને સર્વદૃષ્ટિયોની સાપેક્ષતાએ સમકિત છે. કરોડો ચક્રવર્તિયોનું એકઠું સુખ કરવામાં આવે અને તેટલું સુખ એક તરફ હોય અને બીજી તરફ આત્માનંદકારક સદ્ગુરુનો સમાગમ મળતો હોય તો બાહ્યસુખને લીંટ સમાન માની આત્મસુખદાયક ગુરૂ તરફ જે વળે છે તે આત્મહિતાર્થી છે. આત્મજ્ઞાની સ્વનું કલ્યાણ કરે છે અને પરનું કલ્યાણ પણ કરી શકે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના અને આત્માનંદ મળ્યા વિના દુનિયાના લોકો બાહ્યથી ગમે તે રીતે સ્વતંત્ર થાય, કલાવંત થાય તોપણ તે પરતંત્ર મોહી રહેવાના. જડના મોહથી કદિ સત્યસુખ કોઇને મળ્યું નથી અને મળનાર નથી. આત્માની શુદ્ધિ કર્યા વિના દુનિયાના લોકો ગમે તેવા વિજ્ઞાનીઓ બને, શોધ કરે તોપણ રજોગુણ અને તમોગુણના આધીન બનેલા તેઓ આત્મશાંતિ પામી શકવાના નથી. દુનિયાના રાજ્યમાં મોહ છે. આત્માના રાજ્યમાં પ્રભુતા છે. આગળપાછળની ચિંતા ન કરો. આત્મજ્ઞાન મળ્યા વિના કોઇનું શ્રેય થયું નથી અને થનાર નથી માટે પાછળની ચિંતા ન કરો. જેનું જે થવાનું હશે તે થશે. તમે તમારૂં કરો. અન્યોની ચિંતા ન કરો. તમારી વાત તેઓને રૂચે તો ગ્રહણ કરે. ન કરે તો તમારે શું? સહેજે થાય તેમાં મઝા છે. અન્યોનું ભલું કરવું તે પોતાના હાથમાં નથી. આત્મા અન્યાત્માઓ માટે નિમિત્ત કારણ છે. નિષ્કામભાવે તથા સમપરિણામે અન્યોના હિતાર્થે સહેજે થાય તે કરવું એજ શ્રેયસ્કર છે. અન્યોના હિતાર્થે વસ્તુતઃ આત્મજ્ઞાનબોધ છે અને તે પણ તેઓને જિજ્ઞાસા પ્રગટે છે તોજ શ્રદ્ધા પ્રેમયોગે તેઓને પરિણમી શકે છે એમ જાણશો અને આત્મસ્વરૂપનો ઉપયોગ રહે એવું આલંબન લેશો તથા અંતકાળે પણ આત્મોપયોગ રહે તે માટે હૃદયમાં આત્મા તેજ સાક્ષાત્ પરમાત્મા સત્તાએ છે એવું સ્મરણ કરશો. દેવ ગુરૂધર્મનું વ્યવહારથી સદા આલંબન ગ્રહશો. શુદ્ધોપયોગમાં રમણતા રહે એ જ સર્વસાધન પ્રવૃત્તિનું સાર

સમજશો. સાંસારિક બાબતોમાં રસ ન પડે તે માટે આત્મનાઃ આનંદરસને પ્રગટાવવા પુરૂષાર્થ કરશો. વારંવાર મનુષ્યજન્મ મળવો દુર્લભ છે. સદ્ગુરૂપર જેટલી શ્રદ્ધાપ્રીતિ તેટલી આત્મ-શક્તિની પ્રગટતા થાય છે. સદ્ગુરૂના આલંબનથી જ મુક્તિ છે. ત્યાગી સાધુઓની સેવા ભક્તિમાં ગમે તેટલા ધ્યાનથી આગળ વધાય તોપણ લેશમાત્ર ખામી ન રાખશો અને શ્રદ્ધાપ્રીતિથી સેવા કર્યા કરશો. આધ્યાત્મિક જ્ઞાનનાં પુસ્તકો વાંચ્યા કરશો. એક કલાક વાંચ્યા બાદ અઢાર કલાક તેનું મનન કરશો. ધર્મ સાધન કરશો. इत्येवं ॐ अर्हं शांतिः ३

---

મુ૦ પેથાપુર, સં. ૧૯૭૭:

વિજાપુર. તત્ર સુશ્રાવક શા. સુરચંદભાઈ સ્વરૂપચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર પહોંચ્યો, વાંચી બીના જાણી. હવે તમારૂં શરીર રહે એવો તમને ભરૂસો લાગતો નથી તેમ લખ્યું તે જાણ્યું. મારૂં પણ તેવું માનવું છે, માટે હવે વિશેષતઃ આત્મો-પયોગી થશો. તમારા રચેલા અને છપાવેલા ગ્રન્થો મળ્યા છે તે જાણશો. મુનિ દેવેન્દ્રસાગરજી તમારા વંશમાં ઉત્તમ રત્ન પ્રકટ્યા છે તેની આત્મરમણતામાં રૂચિ અને અભ્યાસ વિશેષ છે. ન્યાય શાસ્ત્રનો અભ્યાસ કરે છે સિદ્ધાંતોમાં પણ લક્ષ્ય રાખી મનન સ્મરણ કરે છે. હવે તેનામાં વ્યવહાર અને નિશ્ચયનય એમ બે નયનો અનુભવ આવ્યો છે તેથી તે આત્મશુદ્ધિ પર્યાયમાં આગળ વધશે. તેના સંબંધે હવે તમે આનંદમાં રહેશો. તમારા ભાઈ પિતામ્બરના પુત્રે ( દેવેન્દ્રસાગર ) નામ ધારણ કરી ત્યાગા-વસ્થાને દીપાવી છે, બ્રહ્મચર્યદિશામાં સ્થિર ધીર છે એમ અમને નિશ્ચય છે. તમારા ભાઈ દલસુખભાઇ હઠયોગાભ્યાસમાં આગળ વધ્યા હતા અને અધ્યાત્મ જ્ઞાનમાં પાછળથી સ્થિર થયા હતા છતાં તમો લખો છો કે મરણ વખતે તેમનો ઉપયોગ બરાબર

રહ્યો નહિ. તે બાબતમાં કેવલજ્ઞાની વિના કોઇ સત્ય કહી શકે નહિ. બાહ્યરોગથી વેદના ભોગવતા છતાં અંતરમાં પ્રભુસ્મરણ આત્મસ્મરણ વર્તતું હોય તો તે બીજાથી કેમ જાણી શકાય? આત્મજ્ઞાનીને દુઃખ પડતાં તેની વાણી અને કાયાની ક્રિયાચેષ્ટાથી આત્માના પરિણામની માલુમ પડે નહિ. પ્રભુ મહાવીર દેવના કાનમાંથી ખીલા કાઢતાં તેમણે એવી બૂમ પાડી કે તેથી પર્વતશિલાઓ ફાટી ગઈ. પ્રભુની લેશ્યા તે વખતે રૈદ્રધ્યાનવાળી અને આર્તધ્યાનવાળી થઇ નહોતી. દુઃખ પડતાં બૂમ પડે હાય હો બોલાઇ જવાય, અરે વગેરે શબ્દોચ્ચાર માત્રથી શું પરિણામ વર્તે છે તે અન્યથી જાણી શકાય નહિ. પ્રભુ મહાવીર સ્વામીને કાનમાંથી ખીલા કાઢતી વખતે બૂમ મારતાં છતાં ધર્મ ધ્યાન હતુ. તેમ આત્મજ્ઞાનના અભ્યાસીને તેવા વખતે અંતરમાં આત્માના ઉપયોગના પરિણામની વિશેષ કાળજી હોય તે બનવા યોગ્ય છે, માટે અન્યના પરિણામ સંબંધી કલ્પના કરવાનો અન્યને અનધિકારી દશાએ અધિકાર નથી. અનુમાનો બાંધવાં તે પણ કેટલીક વખત જૂઠાં પડે છે. પરભવની અંતમુહૂર્ત પહેલાં લેશ્યા પ્રગટે એમ શાસ્ત્રોમાં લેખ છે પરંતુ માનસિક ઇચ્છાઓ કષાયો જે વાણીદ્વારા શબ્દોથી વ્યક્ત થાય અને તેટલામાં અંતમુહૂર્ત ઘણાં થઇ જાય તેથી ખરૂં અનુમાન નીકળી શકે નહિ. દલસુખભાઈને ખરાબ વિચારો થયા નહોતા. દુઃખથી બૂમ પડે તે તો તેવા અભ્યાસનું પરિણામ છે તેથી અશુભ લેશ્યાનું અનુમાન ન થાય. તથા અસમાધિમરણ પણ ન કહી શકાય. કાને સાંભળવાનું બંધ થાય અને મરતી વખતે આંખે દેખવાનું બંધ થાય. બોલવાનું બંધ થાય, અમી ટગતી હોય, ઘઘ્રેરો ચાલતો હોય તોપણ આત્માર્થી જ્ઞાનીને મોટા ભાગે તેવા કટોકટીના પ્રસંગમાં ધર્મધ્યાન પ્રવર્તે છે અને અજ્ઞાનીને અશુભ ધ્યાન પરિણામ વર્તે છે. પાંચે ઇન્દ્રિયોની ક્રિયા બંધ થાય તોપણ તે વખતે મન અને આત્મા બન્ને તો હોય છે તેથી જ્ઞાની ધ્યાની ભક્ત આત્મામાં પ્રભુમાં મન રાખવાનું બળ વાપરે છે અને આયુષ્ય નાશની

ક્રિયા સંમુખ હોય છે માટે જ્ઞાની મહાયુદ્ધના પ્રસંગે વિશેષ ઉપયોગી થાય તેમ બનવા યોગ્ય છે. કોઈને મરતી વખતે રોગ વેદના ઘણી હોય અને કોઈને અલ્પ પણ હોય. ક્ષય રોગીને મરતી વખતે ઘણી વેદના વેદાતી હોય એવું જણાતું નથી તેથી શું? આત્મોપયોગીને મરણ વખતે અત્યંત વેદના અગર અલ્પ વેદના હોય તેથી તેના આત્માના ઉપયોગમાં તો વિશેષ શુદ્ધ અધ્યવસાયો વર્તે એવો સંભવ છે જ. જ્ઞાની ખરી વખતે આત્મોપયોગ ચૂકે નહિ અને મરણ વખતે તો તેને સાંસારિક પદાર્થોમાં મોહ રહે નહિ એમ વિશેષતઃ અનુમાને માનવાયોગ્ય સત્ય છે. ભરનિદ્રામાં જેમ પાંચે ઇંદ્રિયોનો વ્યાપાર બંધ જેવો જણાય છે તેમ મૃત્યુ નજીકના કાળમાં પણ તેવું થાય છે, છતાં ભરનિદ્રામાં જેમ સ્વપ્ન પડે છે તેમ મૃત્યુ વખતે જ્ઞાનીને આત્માની સાથે રહેલા મનમાં સ્વપ્ન જેવું કંઈક વેદાય છે છતાં ઉપયોગ તો આત્માનો વર્તે છે એમ પ્રાયઃ સંભવે છે. ભરનિદ્રાના જેવી મૃત્યુ પામનારની બાહ્યદશા દેખાય તોપણ તે આત્માના ઉપયોગના સાધ્ય લક્ષવાળો છે. આત્મજ્ઞાનીને મૃત્યુકાળે પ્રાયઃ જડ પદાર્થ પર મોહ વર્તતો નથી તે તો મૃત્યુને મહોત્સવ તરીકે માની રણમાં જતા વીર યોદ્ધા જેવો નિર્ભય બને છે, તેને મૃત્યુ એ તો કંઇ વસ્તુ જ સમજાતી નથી. તે પોતાના આત્માને નિત્ય દેખે છે શરીરને વસ્ત્ર સમાન માને છે. તેને મૃત્યુકાલે ઇન્દ્રિયોદ્વારા ઉપયોગ ન રહે અને આત્મામાં આત્માનો ઉપયોગ વર્તે તે સ્વાભાવિક છે. જળમાં મરણ, વૃક્ષથી પતન વા બીજા અકસ્માતથી મૃત્યુનો પ્રસંગ આવતાં તે કાચબાના અંગની પેઠે મનને પોતાના સ્વરૂપ તરફ લેઈ જાય છે તેથી તે અકસ્માતાદિ મરણોમાં પણ આત્માના ઉપયોગની અપેક્ષાએ સમાધિ મરણ પામે છે. હવે તમે ઉપયોગમાં રહેશો. તમને ખરો મહોત્સવ પ્રાપ્ત થવાનો છે. પ્રભુમાં મન જોડશો. બાહ્યની કોઇ વસ્તુમાં મમત્વ રાખતા નહિ. અધ્યાત્મજ્ઞાન શાસ્ત્રોના અભ્યાસી છો, અધ્યાત્મજ્ઞાન રૂચિવાળા છો તો આત્મામાં-પ્રભુમાં તમો મનને જોડી દેશો. કષા-

ચોનો મનમાં પ્રવેશ થવા દેશો નહિ. મરેલા મડદાની પેઠે બાહ્યમાં અનુપયોગી અલક્ષ્ય ચિત્તવાળા રહેશો. તમારા ભાઇ મૂલચંદભાઇ, પિતાંબરદાસ બે ગયા. તમારા મિત્ર દલસુખભાઈ ગયા, બાલાભાઈ અનુપચંદ ગયા. માનવશરીર વસ્ત્રની પેઠે ત્યાગવાનું છે. પ્રભુના ધ્યાનમાં મગ્ન રહેશો. પોતાના આત્માનું જ્ઞાન હવે ખપમાં આવવાનું છે. ધર્મસાધન કરશો. વિજાપુર બનશે તો અવાશે. ૐ अर्हं शांतिः३

---

લેખક બુદ્ધિસાગર મુ૦ વિજાપુર.

સાણંદ. તત્ર સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ વગેરે યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર પહોંચ્યો. તમો વારંવાર ઉપદેશ માટે લખો છો પણ હું શું લખું ? ઉપદેશ પ્રમાણે વર્તન થાય તો જ ઉપદેશ દેવા લખવાનું મન થાય. વ્યાવહારિક વર્તન શુદ્ધ થાય થાય તો જ અધ્યાત્મ વર્તનની લાયકાત પ્રગટે. બાલલગ્નની પ્રજામાં કાયિક માનસિક અને આત્મિક શક્તિયો પ્રગટતી નથી. બાલલગ્નજપુરૂષ અને સ્ત્રીઓ દેશ, કોમ, સંઘ, સમાજનું શ્રેય કરવા સમર્થ થતાં નથી. તેઓ બીકણ નિર્બલ અને પુરૂષાર્થહીન હોય છે, તેઓ અન્ય પ્રજાઓના પાદ તળે કચરાઇને પોતાની સંતતિને ગુલામો બનાવે છે. એવી પ્રજા ખરેખર જૈન ધર્મને લાયક રહેતી નથી. બાલલગ્નની પ્રજામાં રાજ્ય કરવાની શક્તિ રહેતી નથી. પચ્ચીશ વર્ષનો કુમાર અને વીશ વર્ષની કુમારિકા એ બન્ને ગુણકર્માનુસારે પ્રકૃતિસામ્યે લગ્નનાં અધિકારી છે. રાજ્ય વ્યાપાર આદિનું બાહ્ય સ્વરાજ્યરક્ષણ કરવા માટે બાલલગ્નની પ્રજામાં શક્તિ રહેતી નથી. પચ્ચીશ વર્ષમાં પુત્રને રાજકીય વ્યાપારી ક્ષાત્રાદિ વિષયક સર્વ પ્રકારની કેળવણી પહેલાં ગુરૂ માર્ફત ધાર્મિક કેળવણી આપવી જોઇએ. વીશ પચ્ચીશ વર્ષમાં દૈશિક, સામાજિક, આર્થિક આદિ સર્વ બાબતોમાં પુત્ર

અને પુત્રીઓ સ્વતંત્ર મત બાંધી તે પ્રમાણે વર્તે એવાં સમર્થ થવાં જોઇએ. પશ્ચાત્ સ્વેચ્છાએ માબાપની અનુજ્ઞાપૂર્વક ગૃહસ્થાશ્રમમાં દંપતી તરીકે જીવન ગાળવાનો અધિકાર છે. એવું દંપતી જીવન અને એવું વ્યાવહારિક ધાર્મિક શિક્ષણ નથી એવી કોમ-જાતિ-સમાજમાંથી ત્યાગીઓ પણ સાચા શૂરવીર જ્ઞાની યોગી પ્રગટી શકતા નથી. કોઢી, ક્ષયરોગી વગેરે રાજરોગાદિ વાળા બાળકો અને બાલિકાઓનાં લગ્ન થવાં એ જ સ્વરાજ્ય, દેશ, ધર્મ, કુટુંબની પડતીનું મહાકારણ છે. અળશીયાં, કુક્કર, કૂતરાં જેવી પ્રજા ઉત્પન્ન કરનારાઓને લગ્નનો અધિકાર નથી. તેવાએ તો બ્રહ્મચારી રહીને વિશ્વલોકોની સેવા કરવી જોઇએ. ધર્મથી ભ્રષ્ટ નાસ્તિક અને આસ્તિકનું પરસ્પર લગ્ન ન થઈ શકે. બાલકો અને બાલિકાઓને વૈદ્યકીય શિક્ષણ મળવું જોઇએ. ત્યાર બાદ તેઓને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવવો જોઇએ. પુખ્તવય વિના પુત્રાદિકનાં લગ્ન કરાવનાર પિતા તે પિતાના ધર્મથી અને માતા, માતાના ધર્મથી ભ્રષ્ટ થાય છે. વીર્યહીન મનુષ્ય ગૃહસ્થાશ્રમનો અધિકારી નથી. પવિત્ર, શૂર, ભક્ત, જ્ઞાની, કર્મયોગી વિશેષતઃ અતિથિઓ માટે સ્વાર્પણ કરનાર તથા સ્વાશ્રયીએ ગૃહસ્થાશ્રમ માંડવો જોઈએ. મૈથુનની કામનાથી પશુની પેઠે મોહથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશનાર ધર્મ, દેશ રાજ્ય, સમાજ કુટુંબ અને સંઘનો ઘાતક હિંસક મોહી છે, તેવાઓને ગૃહસ્થાશ્રમમાં ઉત્તેજન આપવામાં ધર્મનો ઘાત થાય છે. ચોરી વગેરે દુષ્ટ કર્મોથી આજીવિકા ચલાવનારાઓનાં લગ્ન ન થવાં જોઇએ, કારણ કે તેથી તેની પાછળની સંતતિ ધર્મઘાતક બને છે. દારૂ વગેરેના વ્યસનીઓની સાથે બાલિકાઓને પરણાવવાથી ધર્મ, સંઘ, રાજ્યનો નાશ થાય છે. વીશ વર્ષ સુધી પૂર્ણરીત્યા બ્રહ્મચર્યની રક્ષા જેણે કરેલી છે એવી કુમારિકા અને પચ્ચીશ વર્ષ સુધી ઉર્ધ્વરેત રહેલ કુમાર એ બેનાં લગ્નથી પ્રગટેલી પ્રજા તે પ્રજા છે. બાકી અયોગ્ય રીતે લગ્ન કરી અયોગ્ય પ્રજા ઉત્પન્ન કરવાનો મોહ છોડી દેવો જોઇએ અને અયોગ્ય એવાં લગ્નસંબંધી જ્ઞાતિ-

સમાજનાં બંધનોનો–રૂઢીઓનો પણ નાશ કરી દેવામાં જૂઠી પ્રતિષ્ઠા માન વગેરેનો ભોગ આપવો જોઇએ. બાલલગ્નની પ્રજાને શું લખવું ? તે શું ? કરી શકે, તે લખ્યા પ્રમાણે વર્તવાને શક્તિમાન છે ? લક્ષ્મીમંતોની પ્રજા પ્રાયઃ નિર્વીર્ય અજ્ઞાન ભોગવિલાસી અને સ્વાર્થી બને છે. તેવી રાજા અને ઠાકોરોની પ્રજા અજ્ઞાન અતિભોગી કામી મોહી હિંસક જૂઠી અને કાચા કાનની તથા શૂન્ય હૃદયની પ્રાયઃ પ્રગટે છે. વ્યભિચારી લગ્નની રૂઢિયોને મૂળમાંથી ઉખેડી નાખવી જોઇએ. કૃત્રિમ પ્રેમીનાં લગ્ન તે લગ્ન નથી પણ વ્યભિચાર છે. ફક્ત પ્રજાની ઉત્પત્તિ માટે પુરૂષે અને સ્ત્રીએ વર્ષમાં એક વાર એક બીજાના શારીરિક સમાગમમાં આવવું જોઇએ. એકશય્યા–પથારીમાં સૂવું પણ ન જોઇએ એમ સમજ્યા છતાં પણ જેઓ વર્તવા શક્તિમાન્ નથી તેઓની સંતતિ દેશ, સંઘ, ધર્મ સમાજ ભૂમિ, લક્ષ્મી વગેરેનું રક્ષણ કરવા અને આત્મભોગ આપવા શી રીતે શક્તિમાન્ થાય ? પ્રજોત્પત્તિમાટે શ્વાન અને સિંહો, કાયસંબંધને વર્ષમાં એક વાર સેવે છે એવાં કૂતરાં વગેરેથી હલકાં મનુષ્યોની પ્રજાથી કઇ સારી બાબતની આશા રાખી શકાય ? જેઓ ખાવા માટે જીવે છે પણ સ્વધર્મનું પાલન કરવા જીવતા નથી તેઓના મન પર ધર્મોપદેશની સ્થાયી અસર રહી શકતી નથી. વ્યાપારીઓ પ્રાયઃ સ્વાર્થી વિષયગૃદ્ધ ભીરૂ કાયર બને છે તેનું કારણ બાલલગ્ન પશુયજ્ઞમાંથી તેઓ પ્રગટેલા છે એમ જાણુ. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાથી પશુની પેઠે જીવવું તે કંઇ મનુષ્યજીવન નથી. પુરૂષાર્થ કરો અને સમાજસંઘની સેવાભક્તિમાં દેવગુરૂ ધર્મની ભક્તિ માની ઉન્નતિના પાટા પરથી ખસી ગએલી પ્રજાને મૂળ સ્વોન્નતિ પાટા પર ચઢાવો એ જ જૈન ધર્મ છે. પોતાની ભૂલોનો પશ્ચાત્તાપ કરો પણ પાછળની સંતતિને અવનતિ ગુલામીના ખાડામાં ધકેલી ન દો. પશુ જેવી પ્રજાથી કંઇ ખુશી થવા જેવું નથી. જૈન સમાજની પડતી દશાને ટાળવામાં ગૃહસ્થે ગૃહસ્થીધર્મ પ્રમાણે વર્તવું. ગૃહસ્થસમાજમાંથી ત્યાગીઓ થાય છે. ગૃહસ્થોની

ઉન્નતિ પ્રમાણે ત્યાગીઓની ઉન્નતિ છે. જેવું પાણી કુવામાં હશે તેવું હવાડામાં આવશે. ગૃહસ્થો સુધર્યા એટલે ત્યાગીઓ સુધરેલા પ્રગટવાના, માટે ત્યાગીઓની ચર્ચા છંડીને ગૃહસ્થસંઘની ઉન્નતિ થાય તેમ કરો. ગૃહસ્થસંઘ સુધર્યો એટલે સાધુસંઘ સારો પ્રગટવાનો જ. બાલલગ્નની પ્રજામાંથી ત્યાગી થએલાઓ ગૃહસ્થાશ્રમીઓ કરતાં ઘણા પ્રમાણમાં ત્યાગગુણોવડે અલંકૃત ન થઇ શકે, માટે પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ બેને અસલ રૂપમાં મૂકવા પુરૂષાર્થ કરવાની જરૂર છે. આજથી આરંભાયેલ પુરૂષાર્થ જો સબળ હશે તો પાંચ સાત પેઢી પછી અસલ રૂપમાં ગૃહસ્થોને લાવશે. શરીરબળ પ્રમાણમાં મનોબળ છે અને મનોબળ પ્રમાણમાં આત્મજ્ઞાનાદિ શક્તિયો પ્રગટે છે. વજ્રરૂષભનારાચ સંઘયણવાળો શુક્લધ્યાનથી કેવળજ્ઞાન પ્રગટાવી શકે છે, તેનું કારણ પણ એ જ છે. માટે પ્રથમ કાયબળ વચનબળથી યુક્ત થાઓ એટલે આત્મધ્યાનને યથાશક્તિ પામી સંસારમાં નિઃસંગ નિર્લેપ સ્વાર્પણભાવવાળા બની શકશો. કારણયોગે કાર્યની સિદ્ધિ થાય છે. પ્રથમ ગૃહસ્થાશ્રમની શુદ્ધિ કરો. ધર્માર્થે મરો. મરવામાં જીવવું જાણો અને જીવવામાં મરવું જાણો અને બન્નેની પેલી પાર આત્મસ્વરૂપને જાણો. બળવાન બનો. ક્ષમા, ગંભીરતા મતસહિષ્ણુતા રાખી આગળ વધો. શરીરનું આરોગ્ય રક્ષવું એ જ પ્રથમ વ્યાવહારિક જૈન ધર્મ છે. આપ મર્યા વિના મુક્તિ નથી માટે સ્વાશ્રયી બનો. પશુજીવને જીવવું એ મિથ્યાત્વધર્મ છે અને આત્મજીવને જીવવું એ જ જૈન ધર્મ છે. એજ. ધર્મસાધન કરશો.

માઘ સુદિ ૧, વિ. ૧૯૭૦.

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૫

મુ. સાનંદ. તત્ર સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. સર્વ બાહ્ય કર્ત્તવ્યો સ્વાધિકારે કર્યાં છતાં પણ તેમાં આસક્તિ વિના આત્મોપયોગ રાખ. હૃદયને રાગનો અને દ્વષાદિક કષાયોનો આઘાત ન થવો જોઇએ એવી દશામાં આવવા માટે ગુરૂસંગતિ અને પુરૂષાર્થ એ બેનું વિશેષત: સેવન કર. લોકમાં રહ્યા છતાં લોકસંજ્ઞારહિત વર્તાય એવો ઉપયોગ રાખવારૂપ પ્રબલ પુરૂષાર્થ સ્ફોરવ. સાંસારિક સંબંધો, શુભાશુભ કર્મના ઉદયથી છે તેમાં શુભ બુદ્ધિ રાખ્યા વિના પ્રવર્તાય એવું ખાસ લક્ષ્ય રાખ. સર્વ ઔદયિક પ્રવૃત્તિમાં આત્માનું વસ્તુતઃ કર્ત્તાપણું નથી એવો અકર્તૃત્વ અક્રિય ઉપયોગ રાખ. સેવા અને ભક્તિ તે આત્મશુદ્ધિમાં સાધનરૂપ છે પણ સાધ્યરૂપ નથી. શસ્ત્રનો ઉપયોગ કરવો અને કાર્ય થતાં પાછું ફેંકી દેવું, તેમ સર્વ સાધનોમાં એવી સાપેક્ષબુદ્ધિથી પ્રવર્ત. દરરોજ આત્માના ઉપયોગમાં કેટલું રહેવાય છે અને કેમ નથી રહેવાતું તેની સાધક બાધક દશાનું પર્યાલોચનરૂપ પ્રતિક્રમણ કર. ગુરૂમાં રાગને મૂકીને રાગને શુદ્ધ કર. દુર્ગુણોપર દ્વેષ કરીને દ્વેષને શુદ્ધ કર. એમ રાગ અને દ્વેષને આત્માની વિશુદ્ધિ અર્થે ઉપયોગમાં લેતો જા. ગુરૂ પ્રભુમાં મન રાખીને મન શુદ્ધિ સાધ્ય. કાગળનાં રમકડાંની સાથે જ્ઞાનીઓનો જેવો સંબંધ રહે તેવો બાહ્ય પદાર્થો સાથે સંબંધ રાખ અને આત્મોન્નતિ હેતે સર્વ વિશ્વની ઉપયોગિતા સાપેક્ષે વિચાર અને આત્મધર્મ પ્રગટાવ.

આ વિશ્વમાં જેની જેટલી શક્તિ હોય છે તે પ્રમાણે તે પુરૂષાર્થ કરી શકે છે. આત્માનો એક વાર અનુભવ આવ્યા પછી કદિ ઉદાસીનતા રહેતી નથી આત્માનો આનંદ અને આત્માનો ઉપયોગ તે જ આત્માનો અનુભવ છે. આત્માની પ્રાપ્તિ તે આત્મા વડે આત્મા જ કરી શકે છે. આત્માનો આનંદ પ્રગટ્યા પછી

સાંસારિક પદાર્થોને ભોગવતાં છતાં તેમાં સુખની બુદ્ધિ રહેતી નથી. ઔદયિક શુભાશુભ કર્મ પ્રયોગે શરીરાદિક પ્રવૃત્તિ છતાં આત્માનો આનંદ આત્મા સ્વયં વેદી શકે છે તેથી ઔદાયિક શુભાશુભ કર્મપ્રયોગમાં ગ્રહણ ત્યાગ બુદ્ધિ રહેતી નથી પરંતુ મુખ્યતાએ સમભાવબુદ્ધિ અને તેની સાથે આત્માનંદનો ઉલ્લાસ વર્તે છે એવી દશામાં વર્તતાં ઘરમાં અને વનમાં આત્મ ચારિત્રમાં સર્વથા અભેદ છે. એવી આત્મદશાનો અનુભવ કર્યા વિનાનું જીવન તે દેહજીવન છે પણ આત્મજીવન નથી. એવી દશાનો અનુભવ કંઇક મેં વેદ્યો છે તેથી હવે સર્વ પ્રકારના બાહ્ય કદાગ્રહ-ભાવ વિના લોકસંગ્રહ દૃષ્ટિએ મન વાણી કાયાની પ્રવૃત્તિ થાય છે અને તેનો સાક્ષી આત્મા બન્યો છે એવા આત્મશુદ્ધ ભાવમાં સદા રહેવાય અને અખંડ ઉપયોગ વર્તે એવી દૃષ્ટિના પુરૂષાર્થનો ખપ કરૂં છું. તું પણ એવી આત્મદશાને વેદવા આત્મજ્ઞાનનો ખપ કર. આત્માને પકવવા માટે ગૃહાવાસની કસોટીથી કસાઇને આગળ વધ પણ સંસારમાં શુભાશુભ ભાવ ન રહે એવો આત્મોપયોગ પ્રાપ્ત કરવા જે જે સાધન સુજે તે સેવ અને આગળ વધ.

इत्येवं ॐ अर्ह शांतिः३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૫

સાનન્દ.

સુશ્રાવક ભાઇ આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ પ્રભુ મહાવીરદેવનાં વચનો શ્રવણ કરીને તથા વાંચીને સત્યસાર ગ્રહણ કરવા લક્ષ્ય દેવું. ગમે તે જૈન ગમે તે ધર્મક્રિયા કરે. સ્વાધિકાર ભેદે ભિન્ન ભિન્ન ક્રિયા વિધિ હોય તોપણ તેથી મન વાણી કાયાની શુદ્ધિ થતી હોય તો તેથી તેની પ્રગતિ છે. ગાયો વગેરેને દોહવાની તથા વલોણું વલોવવાની ભિન્ન ભિન્ન

વિધિ હોય પણ તેથી દુધ અને ઘૃતની પ્રાપ્તિ થતી હોય તો તેમાં અવિરોધ સાપેક્ષ દૃષ્ટિ છે. કોઇ ગચ્છવાળા અમુક પ્રથમ માસમાં પર્યુષણ કરે, કોઈ અધિક માસમાં પર્યુષણ કરે, કોઇ ચોથનું સાંવત્સરિક પ્રતિક્રમણ કરે, કોઈ પાંચમનું સાંવત્સરિક પ્રતિક્રમણ કરે, કોઇ ત્રણ સ્તુતિ માને; કોઇ ચાર સ્તુતિ માને, પરંતુ તેઓ જો આત્મવિશુદ્ધિ તરફ આગળ વધતા હોય અને સમભાવે આત્માની ઉન્નતિ સાધતા હોય. મન, વાણી અને કાયાનો સંયમ સાધતા હોય, ક્લેશ કદાગ્રહ વિના વીતરાગભાવની વૃદ્ધિ કરી કષાયોને જીતતા હોય તો તે સર્વે ભિન્ન ભિન્ન ક્રિયાદિ દ્વારા આત્માની પરમાત્મતા પ્રગટાવવારૂપ પ્રભુ મહાવીરની આજ્ઞાના આરાધક છે પણ વિરાધક નથી એમ જાણવું. પર્વ ક્રિયાચારાદિ સાધનો છે એ સાધનોથી આત્માની વિશુદ્ધિ કરવી એ જ મુખ્ય ધ્યેય છે, તેથી તેવા ધ્યેયની પ્રાપ્તિ માટે ભિન્ન ભિન્ન ગચ્છાદિક આચારોને સાધતા અને પરસ્પરમાં આત્મભાવે વર્તતા જૈનો સમભાવે મુક્તિ પામી શકે છે એમાં અંશમાત્ર શંકા નથી. કોઈ પણ જીવને શંકામાં ન નાખવો. કોઈ ને કોઈ પણ ક્ષયોપશમ કરનારી પ્રવૃત્તિથી પાછો ન પાડવો. જેને જેમાં રૂચિ શ્રદ્ધા હોય તે દ્વારા તેને આત્માની વિશુદ્ધિ તરફ જવા સૂચના કરવી તે જ હિતાવહ છે.

મૂર્ત્તિ માને તેને મૂર્ત્તિદ્વારા પ્રભુપ્રાપ્તિ કરવાની રૂચિ શ્રદ્ધા અને જ્ઞાન પ્રગટાવવા પ્રેરણા કરવી અને તેને સાધ્યધ્યેયનું અનુક્રમે અનુક્રમે વાસ્તવિક સ્વરૂપ સમજાવતા રહેવું. જેને મૂર્તિપર શ્રદ્ધાપ્રીતિ ન હોય તેને ગુરૂ આદિ અવલંબન દ્વારા પ્રભુનું સ્વરૂપ પ્રાપ્ત કરવા સાપેક્ષ શ્રદ્ધા બોધ દેવો અને નિરપેક્ષ કદાગ્રહ બુદ્ધિથી રહિત કરવા તથા તેઓ ગમે તે માર્ગે આત્માની શુદ્ધતા કરે તેમાં ઉદારભાવ રાખે અને સંકુચિત દૃષ્ટિ ત્યાગી આત્મસ્વરૂપ અનુભવે તેવો બોધ દેવો. કોઈ પણ મનુષ્યને સદ્ગુણ–ભક્તિ–શ્રદ્ધા–સેવા તરફ લેઈ જનારી ધર્મરૂચિથી ભ્રષ્ટ થાય એવો

ઉપદેશ ન દેવો. પોતાની મેળે પોતે શ્રદ્ધા પ્રીતિ ઉત્સાહથી પોતાની યોગ્યતાએ આગળ વધે એવી રીતિએ તેના સહાયક થવું. કોઇ અજ્ઞ અન્ધ શ્રદ્ધા પ્રીતિથી નૈગમનયની દૃષ્ટિએ દેરાસર દર્શન કરવા જાય, ગુરૂભક્તિ કરે, ધર્મની અમુક ક્રિયા કરે તો તેને તેવી રૂચિથી પરાઙ્મુખ ન કરવો. બને તો તેને જ્ઞાન આપીને શ્રદ્ધાથી ભ્રષ્ટ ન થાય તેવી રીતે આગળ વધારવો અને ધર્મક્રિયાનું રહસ્ય સારી રીતે સમજાવવું. જો તે તેવી રીતે સમજવા લાયક ન થયો હોય તો અને ઉલટો અન્ધ શ્રદ્ધા પ્રીતિથી પણ સંશયી બની પાછો પડી નાસ્તિક બની જાય તેમ લાગતું હોય તો તેને જે સ્થિતિમાં હોય ત્યાંનો ત્યાં રહેવા દેવો. જેની જેટલી જ્ઞાન ધર્મરૂચિ પ્રગટી હોય છે તે પ્રમાણે તે ધર્મપ્રવૃત્તિ કરે છે તેમાંથી તે પાછો પડે એવી સ્થિતિમાં મૂકવાથી અંતરાય કર્મ લાગી શકે છે. પ્રભુ મહાવીરદેવપર અને સાધુપર કોઇને ઓઘે કુલધર્મ દેવગુરૂ બુદ્ધિએ રાગ હોય તો તે પણ રહેવા દેવો પણ તેટલી દશામાંથી પણ પાછો પડે એવો ઉપદેશ વા એવી પ્રવૃત્તિ ન કરવી. જેને જેટલું રૂચે અને પચે તેને તેટલું દેવું. સર્વ લોકો કંઇ એકસરખા વિચારાચારવાળા કદિ બન્યા નથી અને બનવાના નથી માટે નયોની સાપેક્ષ દૃષ્ટિથી યોગ્યતા જાણી ધર્મોપદેશ દેવો. ત્યાગીઓ સર્વે એકસરખા હોઇ શકે નહિ. જેનામાં જે ગુણ હોય તે ગ્રહણ કરવો અને જે અવગુણ જણાય તેની ઉપેક્ષા કરવી. ક્રિયાવેષ કરતાં ગુણરૂપ ચારિત્રવડે ત્યાગીઓની મહત્તા આંકવી. આચારાંગ આદિ સૂત્રોમાં સાધુઓના જે આચાર બતાવ્યા છે તે જિનકલ્પી અને સ્થવિર કલ્પીના ભેગા છે. સાધુના બાહ્યાચારોને ઉત્કૃષ્ટપણે એ દર્શાવ્યા નથી. બાહ્ય ક્રિયાઓમાં હીન અને આત્મોપયોગે વર્તનાર અને કષાયોનો ઉપશમ કરનાર ત્યાગી સર્વતઃ આરાધક છે તેથી આચારાંગાદિસૂત્ર કથિત ઉત્કૃષ્ટ ક્રિયામાર્ગમાં ઉત્સર્ગ રીતે પ્રવર્તનાર અને આત્મજ્ઞાનહીન સાધુ હીન છે. કલિયુગમાં ઉત્સર્ગ અને અપવાદ અને તેમાં પણ બાહ્યચારિત્રમાં તો અપવાદની મુખ્ય-

તાએ સાધુમાર્ગે પ્રવર્તે છે, તેમાં મહાવીરદેવની સાધ્યોપયોગે આજ્ઞા છે માટે બાહ્યચારિત્રમાં એકાંત ઉત્સર્ગ માર્ગ અને એકાંત અપવાદમાર્ગની તાણાતાણ કરવી નહિ. પંચમકાલમાં ઉત્સર્ગ અને અપવાદ ચારિત્રધારક કંચન કામનીત્યાગી સાધુઓ જેવા તરતમ યોગે મળે તે પ્રમાણે તેઓની સેવાભક્તિ કરવી. આચારયોગ કરતાં આત્મજ્ઞાનયોગ અનંતગુણ અધિક છે તેથી આત્મજ્ઞાની સાધુઓનું શરણ સ્વીકારવું, તથા આત્મજ્ઞાનથી બાહ્યક્રિયાકાંડ વિધિના કદાગ્રહો નષ્ટ થાય છે એમ શ્રદ્ધા કરવી. આચારાંગાદિ સૂત્રોના આચારો પણ અપેક્ષા સહિત છે તેથી તે પાળનારા હોય તે અપેક્ષાએ ત્યાગીઓ છે પણ ઉત્સર્ગક્રિયાદૃષ્ટિધારી વર્તમાન સાધુઓની પરંપરાનો લોપ થાય એવો ઉપદેશ દેવો તે તો સ્વાત્માનો તથા સંઘનો ઘાતક છે. આ કાળમાં ગુણ અને અવગુણ બન્ને સાધુઓમાં હોય છે. ગુણ ગ્રહણ કરવા તત્પર થવું. સાધુવર્ગનો નાશ થાય એવો ઉપદેશ ન દેવો. સાધુઓની સેવાભક્તિમાં સર્વસ્વાર્પણ કરવું. ગુરૂ માટે સર્વસ્વાર્પણ કરવું. દરેક વ્રતાદિકના ઉત્સર્ગ અને અપવાદ જાણવા. ગુરૂના આત્માને સત્તાએ પરમાત્મ સમાન જાણી સત્તાદૃષ્ટિથી ધ્યાવો. ગુરૂમાં દોષ છે એવો કદિ વિચાર પણ ન કરવો. ગુરૂ સત્તાએ પરમાત્મા છે એમ જાણી ગુરૂમાં ગુણો જોવા પણ અવગુણો ન જોવા. ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા પ્રીતિ ધારવી અને તેઓનાં વચનોને અનેક અપેક્ષાએ સત્ય સમજવાં. ગુરૂના આત્માનો અને સ્વનો સત્તાએ અભેદ જોવો. સમકિતદાયક ગુરૂમાં ઉપકારભાવે ગુરૂબુદ્ધિ ધારણ કરવી અને તેમની ઔદયિક કર્મભાવની ચેષ્ટામાં દોષો અવગુણો હોય તોપણ તે તરફ લક્ષ્ય ન દેવું તથા બાહ્ય ઔપચારિક ગુણો અને દોષો તરફ દૃષ્ટિ ન દેતાં શુદ્ધોપયોગે તેમના આત્માને જોવો અને તેઓની આજ્ઞા પ્રમાણે આત્મશુદ્ધિ કરવા પ્રયત્ન કરવો. વેષ અને ક્રિયાથી ત્યાગીઓ, વેષાચાર ચારિત્ર પાળતા પાળતા છેવટે આત્મશુદ્ધતારૂપ ચારિત્રમાં અભ્યાસયોગે પ્રવેશે છે માટે તેમાં તરતમ યોગની વિચારણા કરવી અને તર-

તમયોગે તેઓની સેવાભક્તિ કરવી. ગુરૂની સેવાભક્તિથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કોઇ સાધુ વિનયમાં મુખ્ય હોય, કોઇ જ્ઞાનમાં મુખ્ય હોય, કોઇ વૈયાવૃત્યમાં મુખ્ય, કોઈ તપસ્વી હોય કોઇ જ્ઞાની હોય, કોઈ ધ્યાની હોય, કોઈ શાસન પ્રભાવક હોય, કોઈ ફક્ત આત્માના જ સાધક હોય. તેમાં વિવિધતા જોવી પણ ભેદતા દેખી મુંઝાવું નહિ. તેમજ આત્મશુદ્ધિ કરવારૂપ સાધ્યની અપેક્ષાએ સાધનભેદે પણ એકતા જોવી.

અસંખ્ય સાધનો છે અને સાધ્ય મોક્ષરૂપ એક છે. બાહ્યાન્તર ભિન્ન ભિન્ન સાધનો પૈકી જેને જે રૂચે તે અંગીકાર કરે અને અન્ય સાધનોનો સ્વીકાર ન કરે પણ તેનું ખંડન ન કરે. પરંતુ સાધ્યમાં સાપેક્ષાએ કોઇને કોઈ અને કોઇને કોઇ સાધન ઉપયોગી માની ભિન્ન ભિન્ન સાધકોના સાધનોની ભિન્નતાએ કષાયબુદ્ધિ ન ધારે એટલે સાધક અનેકાંતમાર્ગી સ્યાદ્વાદી છે. તથા સાધક ત્યાગી હોય અગર ગૃહસ્થ હોય તો પણ તે પ્રભુમહાવીર દેવની આજ્ઞાનો આરાધક છે, માટે ત્યાગી અને ગૃહસ્થો સંઘ, સમાજ, દેશ, અને ધર્મની અનેક અપેક્ષા યુક્ત દ્રવ્ય ક્ષેત્રકાલ ભાવના અનુસારે સાધનોમાં ભિન્ન માર્ગી હોવા છતાં આત્માની શુદ્ધતા, જનતાનું કલ્યાણ, આદિમાં સાપેક્ષ દૃષ્ટિથી વર્તે છે તો તેઓ સમભાવમાં આગળ વધી વીતરાગભાવને ઉપશમભાવે, ક્ષયોપશમ ભાવે અને ક્ષાયિકભાવે પ્રાપ્ત કરી શકે છે. જૈન ધર્મનો એક અંશ કોઇ સાધે અને કોઈ સંપૂર્ણ સાધે ત્હોયે તે સર્વે સાધકોની કોટિવાળા અન્તરાત્મા જૈનો છે માટે સાધન સાપેક્ષદૃષ્ટિથી અન્ય સાધકોના સંબંધી કર્તવ્યનો વિચાર કરવો અને અશુભના પરિહારમાં તથા શુભના આદરમાં સાપેક્ષવિચારાચારથી પ્રવર્તવું. **ઉત્સર્ગ માર્ગમાં એકાંતે ધર્મ નથી તેમ અપવાદ માર્ગમાં એકાંતે ધર્મ નથી એવી સાપેક્ષ** દૃષ્ટિના ધારકો જૈનધર્મના પ્રવર્તકો છે અને તેઓના ઉપદેશમાં અને પ્રભુ મહાવીર દેવના ઉપદેશમાં એક સરખું સાપેક્ષ દૃષ્ટિવાળું સત્ય છે. જ્ઞાની ગુરૂની

સંગતિમાં રહેતાં સર્વ પ્રકારની સાપેક્ષદૃષ્ટિયો સમજાય છે અને નિરપેક્ષ દૃષ્ટિયોથી પ્રગટેલો રાગદ્વેષ નષ્ટ થાય છે. સર્વ પ્રકારના કષાયોને ટાળવા માટે અને આત્માના અને મનના તથા કાયાના ગુણો પ્રગટાવવાની સાધનાઓ તે વ્યવહાર તથા કારણ છે અને નિશ્ચયનય કાર્ય છે. વ્યવહાર તે સાધન છે અને નિશ્ચયનય સાધ્ય છે. સાધન તે કારણ છે અને નિશ્ચય તે કાર્ય છે. શરીર અને વાણીની પ્રવૃત્તિ તે વ્યવહાર છે અને મનના તથા આત્માના પરિણામ તે નિશ્ચય છે. આત્માનો ઉપયોગ તે નિશ્ચય છે અને કાયાની પ્રવૃત્તિ વ્યવહાર છે.

મનની અને આત્માની શુદ્ધિ તે નિશ્ચય છે અને સ્વ તથા પરનાહિતાર્થે કાયાવાણીની પ્રવૃત્તિ તે વ્યવહાર છે. શુભ પ્રવૃત્તિ તે શુભ વ્યવહાર છે અને અશુભ પ્રવૃતિ તે અશુભ વ્યવહાર છે. અશુભ પરિણામ અને અશુભ પ્રવૃત્તિનો જે જે અંશે ત્યાગ થાય તે તે અંશે શુભ ધર્મ છે. શુભવ્યવહારથી પુણ્ય બંધ છે અને અશુભ વ્યવહારથી પાપ બંધ છે. અશુભમાંથી અનુક્રમે શુભમાં આવવું અને શુભ પરિણામથી અનુક્રમે શુદ્ધ પરિણામમાં પ્રવૃત્ત થવું-શુભાશુભ પરિણામ તે મનનો ધર્મ છે અને શુદ્ધ પરિણામ તે આત્માનો ધર્મ છે. શુદ્ધ પરિણામી થયા છતાં સ્વાધિકારે અન્ય લોકોના કલ્યાણાર્થે શુભ વ્યવહાર સેવવો તે લોક સંગ્રહ વ્યવહાર ધર્મ છે તેનો જીવન્મુક્ત થયા છતાં વ્યવહાર સેવવો એ તીર્થંકરોનું પણ વ્યાવહારિક કર્તવ્ય છે. નિષ્કામી થઇ કર્તવ્ય કરવાં એ ઉચ્ચ જ્ઞાનીઓની દશા છે તેવી દશા જેઓને પ્રાપ્ત ન થઈ હોય તેઓએ સ્વાધિકારે તરતમ યોગે શુભ કામના યુક્ત થૈને પણ કર્તવ્ય કાર્યો કરવાં. સંઘાદિકની સેવામાં તીર્થંકરોને પણ વ્યવહારથી વર્તવું પડે છે અને એવી વ્યવહાર પ્રવૃત્તિથી હું પણ અન્યોના ભલામાટે કર્મયોગ ધર્મથી મુક્ત ન થઇ શકું અને સંપૂર્ણ જીવન્મુક્તો પણ દેહયોગછતાં મુક્ત ન થઈ શકે એમ જૈનશાસ્ત્રો અને વેદાદિક શાસ્ત્રો પણ પોકારીને કહે છે. બાહ્યવ્યાવહારિક કર્તવ્યમાં સર્વ લોકો એક સરખા છે પરંતુ આત્માની દશાએ

તેઓ ભિન્ન ભિન્ન છે એમ આત્મ પરિણામની અપેક્ષાએ જાણવું. આસક્તિ વિના બંધ નથી. પોતાને આસક્તિ છે કે નહીં તે પોતે કેવલીની પેઠે જાણી શકીએ અને અન્યોને આસક્તિ છે કે નહિં તે અન્યો જાણી શકે. પોતાના મનમાં શુભાશુભ આસક્તિ જે કાલે નથી તે કાલે આત્મા તેતે પરિણામની અપેક્ષાએ મુક્ત છે અને સર્વથા સર્વદા આસક્તિ રહિત થતાં સર્વથા સર્વદા પરિપૂર્ણ પરમાત્મ શુદ્ધ મુક્ત દશા છે અને એવી દશાવાળા જીવન્મુક્ત કેવલી પરમાત્માઓ વિશ્વ લોકોનું જેટલું કલ્યાણ કરવા સમર્થ બને છે તેટલા અન્યજીવો બની શકતા નથી. અંતરમાં વૈરાગ્ય ત્યાગ ભાવ વધે છે કે નહીં તેની પર્યાલોચના કર અને નિરાસક્તિએ સર્વવ્યવહારિક આવશ્યક કર્તવ્ય કાર્યો કર. દુર્ગુણોને ટાળવા તરફ પૂર્ણ લક્ષ્ય રાખ અને ગુણોને પ્રગટાવવા માટે પ્રબલ પુરૂષાર્થ સ્ફોરવ. સર્વ જીવોપ્રતિ આત્મભાવથી જેટલું વર્તાય તેટલું વર્ત અને જે જે કારણોથી ન વર્તાય તેનો વિચાર કરીને વિઘ્નોને જીત. દેવગુરૂ ધર્મની આરાધનામાં રૂચિભાવથી પ્રવૃત્તિ કર્યાકર ધાર્મિકાદિ પુસ્તકોને સાપેક્ષ દૃષ્ટિથી સાધ્યની સિદ્ધિ માટે સાધનબુદ્ધિથી વાંચ અને શ્રવણ કર. ખંડન મંડન દૃષ્ટિનો સ્વ પરહિતાર્થે લાભાલાભનો વિચાર કરી પ્રવર્ત. ખંડન દૃષ્ટિ કરતાં સર્વ જીવોના હિતાર્થે મંડન દૃષ્ટિ અનંત ગુણી ઉપયોગી છે. મ્હને સર્વ બાબતોમાં સાપેક્ષબુદ્ધિ વર્તે છે તેથી હવે કોઈ પંથમત દર્શન ગચ્છ સંપ્રદાયપર દ્વેષભાવ પ્રગટતો નથી, પરંતુ તેમજ જે વસ્તુ જેવા સ્વભાવે છે તેમ જાણવાથી સમભાવની વૃદ્ધિ થાય છે. જૈન ધર્મમાં પૂર્વાચાર્યોના સમયમાં જે મતભેદ થયા છે તે દેશકાલની પરિસ્થિતિ આદિથી જાણતાં આત્માનો શુદ્ધોપયોગ ધારણ કરવામાં મ્હને કોઈ સાધન તે બાધકરૂપે પરિણમતું નથી એવી ગુરૂકૃપા છે એમ પૂર્ણ નિશ્ચય છે. વ્યવહારથી સ્વગચ્છના આચારોને આત્મોપયોગે વર્તતાં સાધુ છું. તેમાં સ્વ અને પરને કંથચિત્ ઉપયોગી સાધનતાનો શુભ વ્યવહાર છે. અન્ય ગચ્છમતાવલંબીઓ અને અન્યધર્મિઓ પર

વિષમભાવ–કષાયભાવ થતો નથી. તેઓ પણ આત્મ શુદ્ધોપયોગે વર્તી અને સમભાવે વર્તી સ્વમતગચ્છાદિક્રિયા વ્યવહાર સેવતાં મુક્ત થયા અને થશે એમ મારો પૂર્ણ વિશ્વાસ છે અને તેવી પ્રભુ મહાવીરદેવની આજ્ઞા છે, અન્ય લૌકિક દેવોએ અને અન્યગુરૂઓએ એક બે વા ત્રણ આદિ યોગથી મુક્તિ કહી છે અને પ્રભુ મહાવીરદેવે તો અસંખ્ય યોગોએ મુક્તિ જણાવી છે માટે સર્વ કરતાં પ્રભુ મહાવીરદેવ સર્વજ્ઞ હતા એમ પૂર્ણ શ્રદ્ધાથી માનું છું એમ જાણી સેવા ભક્તિ જ્ઞાન ક્રિયાથી આત્મશુદ્ધિ કર.

इत्येवं ॐ अर्हं शांतिः ३

---

મુ૦ વિજાપુર, સં. ૧૯૭૭

લેખક બુદ્ધિસાગર

શ્રી સાણંદ. તત્ર. મુનિ દેવેન્દ્રસાગર યોગ્ય સુખશાતા. વિ. તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા. ગુરૂની સર્વ બાબતોની સર્વ અપેક્ષાઓને જે જાણે છે તે ગુરૂભક્ત બની સુવર્ણની પેઠે મહત્તાને પામે છે. ગુરૂકુલવાસમાં રહેવું અને અત્યંત વિનય ક્ષમાગુણથી યુક્ત થવું. ગુરૂના આશયો સમજવા અને પ્રતિકુલને અનુકુલરૂપે પરિણમાવવાની શક્તિ મેળવવી. ગુરૂ સેવાભક્તિથી શાસ્ત્રબોધ દ્વારા આત્મજ્ઞાન પ્રગટ થાય છે. શ્રુતજ્ઞાનના અંશોવડે આત્મજ્ઞાન પ્રગટાવવા માટે ગુરૂકુલવાસની ઘણી જરૂર છે. માનમાં અને અપમાનમાં સમભાવ રાખવો અને ગુરૂથી પોતાનું હૃદય છૂપું ન રાખવું. ગુરૂમાં આત્માને જોવો. ગુરૂમાં સર્વ સત્ય જોવું. અનેક દુઃખો પડતાં ચંચળ ન બનવું. મનમાં વિકલ્પ સંકલ્પો પ્રગટવા ન દેવા. મનની પ્રસન્નતા ધારવી અને પુરૂષાર્થથી કદાપિ પાછા ન પડવું એવાં લક્ષણોથી ગુરૂના હૃદયદ્વારમાં પ્રવેશવાની યોગ્યતા આવે છે અને સર્વસ્વાર્પણરૂપ બલિદાનથી ગુરૂથી ઐક્ય અનુભવવાની યોગ્યતા આવે છે. ગુરૂ હૃદયને પોતાના

હૃદયરૂપ જે કરે છે તે ગુરૂથી જુદો પડતો નથી. પોતાની શ્રદ્ધા પ્રીતિ જો ગુરૂપર પૂર્ણ છે તો ગુરૂની કૃપા પોતાના પર છે એમ નિશ્ચયથી જાણવું. ગુરૂની આજ્ઞાનુસારે વર્તવામાં ધર્મ-સેવાભક્તિ યોગ છે એવો નિશ્ચય કરનાર અને તે પ્રમાણે પ્રવર્તનાર સુપાત્ર શિષ્ય છે. પોતાના માટે ગુરૂ જે કંઈ કરે છે તે પોતાના આત્માની ઉન્નતિ માટે છે એવો નિશ્ચય જેને છે તે ગુરૂનો સત્ય શિષ્ય બને છે. પોતાના નામનો કીર્તિનો મોહ જે ભૂલીને જે ફક્ત ગુરૂ માટે જીવે છે તે ગુરૂનો ભક્તશિષ્ય બને છે. સ્વાર્થકામના વિના નિષ્કામ બુદ્ધિથી ગુરૂની સેવાભક્તિમાં જે શિષ્ય અર્પાઈ જાય છે અને દુનિયાના લોકપ્રવાહે જે તણાતો નથી તે ગુરૂરૂપ બને છે, તેના આત્માના ઉપરનાં કર્માવરણો ટળી જાય છે અને તે અવશ્ય મુક્તિપદ પામે છે. ગુરૂપર શ્રદ્ધાપ્રીતિ વિના શિષ્યપણું પ્રગટતુ નથી તે માટે વ્યક્તિભેદ મોહને ટાળવો પડે છે, પોતાની માનપ્રતિષ્ટા કીર્તિ આદિને જેઓ લાત મારીને ગુરૂ પ્રેમભક્તિના રસિયા બને છે અને દુનિયાને ભૂલે છે તેઓને ગુરૂના બોધની અસર થાય છે. પાર્શ્વમણિ છે તેના સંસર્ગમાં લોહ આવે છે તો તેનું સુવર્ણ બને છે પણ તેના સંબંધમાં મૃત્તિકા આવે છે તો તેનું સુવર્ણ બનતું નથી. વેષાચાર માત્રથી શિષ્યની યોગ્યતા આવતી નથી પણ શિષ્યના ગુણોને પ્રાપ્ત કરવાથી શિષ્યની યોગ્યતા પ્રગટે છે. યોગ્ય શિષ્યને ગુરૂની કૃપા ક્ષણમાં પ્રાપ્ત થાય છે, તે ગુરૂની આગળ સ્વયમેવસ્વ હૃદય પ્રકાશે છે. ગુરૂઆજ્ઞા પ્રમાણે વર્તતાં તે ભય, લજ્જા, ખેદ, દ્વેષને ધારણ કરતો નથી. ગુરૂની સેવા કરવામાં કદિ કંટાળતો નથી. ગુરૂ કદાપિ ઠપકો દે અપમાન કરે તો તેથી મનમાં ખેદ પામતો નથી ઉલટો આનંદી બને છે અને આત્માની શુદ્ધિ કરવા તરવારની ધારપર નાચવા જેવી ગુરૂની ભક્તિ કરે છે. તે ગુરૂની શિખામણો પ્રમાણે વર્તવામાં પ્રબલ પુરૂષાર્થ કરે છે અને જે ભૂલો કરે છે તે ગુરૂને જણાવી તેનું પ્રતિક્રમણ કરી પ્રબલ બને છે. તે ગુરૂથી તે કંઇપણ ગુપ્ત રાખતો નથી. તે દુનિયામાં ગુરૂની પેઠે મનાવા પૂજાવાની વૃત્તિ અને પ્રવૃત્તિથી દૂર રહે છે.

તે ગુરૂની રૂચિ અનુસારે હેય આદેયમાં પ્રવર્તે છે અને અપ્રમત્તપણે આત્માની શુદ્ધિ કરવામાં અત્યંત ઉત્સાહી બને છે. ગુરૂના આશયોને સમજવા તે પ્રયત્ન કરે છે અને ગુરૂને ક્રોધ થાય વા અરૂચિ થાય એવી મન વાણી કાયાની પ્રવૃત્તિને ત્યાગે છે. ગુરૂની પરતંત્રતામાં તે આત્માની પૂર્ણ સ્વતંત્રતા પ્રગટાવવાનો નિશ્ચય અનુભવે છે, તે ગુરૂમાં પ્રભુતાને દેખે છે અને હર્ષોલ્લાસથી ગુરૂની છાયારૂપ બનીને વર્તે છે. વિષયોમાં તે સુખ વા દુઃખ બુદ્ધિને ધારણ કરતો નથી. ગુરૂને વિનય વિવેકપૂર્વક ધર્મપ્રશ્નો પુછે છે અને આત્મજ્ઞાન મેળવે છે. સંસારમાં તેને સુખની બુદ્ધિ રહેતી નથી, એવા ગુરૂભક્ત શિષ્યો સુવર્ણની પેઠે ટીપાઈને અલંકારરૂપ બની સર્વ લોકોના હિતકારક બને છે એમ જાણ. આત્માની શુદ્ધિ કરનારાં સાધનોને અવલંબ અને બાધક ભાવને મનમાં પ્રગટતો વાર. સર્વ વિશ્વનો ઉપયોગ એક આત્મશુદ્ધિના ઉપયોગમાં સમાઈ જાય છે. જે કંઇ દેખાય છે અને જે કંઇ કર્મ ભોગવાય છે તે જ્ઞાનીને આત્મશુદ્ધિમાં અનુકુલરૂપે પરિણમે છે એવો આત્મશુદ્ધિના અનુકુલ પરિણામ જ્યાં સુધી પ્રગટ્યો નથી ત્યાં સુધી આત્મામા સર્વનય સાપેક્ષ સમ્યગ્ જ્ઞાન પ્રગટ્યું નથી એમ જાણી એવું સમ્યગ્ જ્ઞાન પ્રગટાવવા માટે ગુરૂનું અવલંબન કર. દુનિયાને રીઝવવા કરતાં આત્માને રીઝવવો તે અનંતગુણ ઉત્તમ કાર્ય છે. આત્મામાં પ્રિયતા છે તદર્થે સર્વ વિશ્વની પ્રિયતા છે. સત્પ્રિય આત્મા છે તેને પ્રગટ કરવો અને કર્માવરણોને દૂર કરી દેવાં તેજ સત્ય સાધ્ય અને ધ્યેય છે તેનો ઉપયોગ રાખ અને ભણવું ગણવું ઈત્યાદિ સર્વે તેના માટે કર. મનને સાધ્ય એવું કે જેથી સ્વપ્ન દશામાં પણ આત્મા ભૂલાય નહીં. સ્વપ્નમાં કોઇ વખત મોહવિકાર ન પ્રગટે તેવો આત્મા મુક્તિની ઠેઠ નજીક આવ્યો છે એમ જાણ. કામાદિ વાસનાઓનો સ્વપ્નમાં પણ પ્રકટભાવ ન થાય ત્યારે આત્મા સ્વાત્મરૂપે પરિણમ્યો છે એમ જાણ અને એવી દશા પ્રાપ્ત કર્યા વિના ભવ્યોને બોધ ઉપદેશ આપવા તાલાવેલી કરવી તે નાટકીયાના જેવી પ્રવૃત્તિ છે. શાસ્ત્રોને વાચી સંભળાવવાં અને

પોતાના આત્માને ન અનુભવવો તે તો એક જાતનો ઉપદેશકનો ધંધો ગણાય, તેથી આત્માની વિશુદ્ધિમાં અંશ માત્ર આગળ ગમન કરી શકાતું નથી. ગુરૂની સેવા ભક્તિ કરી આશીર્વાદ પૂર્વક જે જ્ઞાન મેળવેલું હોય છે તે દશાથી કદાપિ પતિત થવાનું નથી. ગુરૂની સેવાભક્તિમાં નામરૂપનો મોહ ટાળી અર્પાઇ જવું એ જીવતાં વૈકુંઠની પ્રાપ્તિ કરવા બરોબર છે, તેથી મનરૂપ મર્કટની ચંચળતાનો નાશ થાય છે. જ્ઞાનીઓ કહે છે કે કમ ખાવું અને ગમ ખાવી. એ કહેવતના સારથી પચે તેટલું જ્ઞાન ગ્રહણ કરવું અને અન્યોને પચે તેટલું જ્ઞાન આપવું. મનમાં અને તનમાં અપચાથી અજીર્ણ ઉત્પન્ન થાય છે. શ્રુતજ્ઞાનનો અપચો, મહાદિ દોષોને ઉત્પન્ન કરે છે અને આત્માની શુદ્ધતામાં વિઘ્ન કરે છે. અનુભવ જ્ઞાનવિના મહાદિ દોષો ટળતા નથી અને તેથી હૃદયની શુદ્ધિ થતી નથી માટે શ્રુતજ્ઞાનનું અજીર્ણ ન થાય તે માટે ખાસ ઉપયોગ રાખવો. ક્રિયાનું અજીર્ણ નિંદા છે. એમ સર્વ અજીર્ણથી બચવું તે ઉપયોગનું ફલ છે. પાસે આવનારા મનુષ્યોથી બહુ ચેતીને ચાલવું. અજ્ઞાની ભકતોથી ચેતીને ચાલવું. નિંદા અને સ્તુતિ કરનારાઓ તરફથી ચેતતા રહેવું. કોઈનું ભલું ન થાય તો ભલે પણ કોઈનું મનથકી પણ સ્વનિંદાદિ પ્રસંગમાં બુરૂ ન ઇચ્છવું. બાણનો મારનાર ધનુર્ધર જેમ નિશાન પર બાણ મારે છે તેમ જે જે મનમાં કષાયો પ્રગટે તેનાપર શુદ્ધોપયોગનું બાણ મારવું. તેમજ જિજ્ઞાસુઓને જે જે માટે અસર કરવી ઘટે તેવું ઉપદેશરૂપ બાણ મારવું, નહીં તો વચન ગુપ્તિને ધારણ કરવી કરોડ દરજ્જે ઉત્તમ છે. જેને જે રૂચે અને જોઇએ તેનો ઉપદેશ કરવો. શ્રોતાઓની યોગ્યતા પ્રમાણે ઉપદેશ દેવો. સ્વપર શાસ્ત્રજ્ઞતા અને ઉપદેશ દેવાનો પરિપૂર્ણ અનુભવ મેળવ્યા વિના ઉપદેશ દેવા બહાર પડવું તે કાચા ફળને તોડી ખાવા બરોબર છે. ગુરૂનો અનુભવ લેવો અને સત્પ્રવૃત્તિ કરવી તે અમૃત ક્રિયા છે. જે ગુણનો પોતાનામાં પ્રાદુર્ભાવ નથી તે ગુણનો શ્રોતાઓને ઉપદેશ દેવો તે સ્વહાસ્ય કરાવવા બરોબર છે. શ્રોતાઓ રંજન પામે તેથી શું ? શ્રોતાઓ તે પ્રમાણે

વર્તે ત્યારે ઉપદેશની સફલતા છે. આત્મા જે ગુણરૂપે પરિણમે છે અને જે ગુણ માટે આત્મભોગ આપે છે તેની અન્ય લોકોપર અસર થાય છે. પોતાના આત્મામાં પ્રગટ થતા શુભાશુભ પરિણામોનો ઉપશમ કરવો અને ઇન્દ્રિયોને પોતાની આજ્ઞા પ્રમાણે વર્તાવવી તથા આહારાદિ પ્રવૃત્તિને આહાર સંજ્ઞા ટાળીને કરવી તેજ આત્મજ્ઞાનીઓનું કર્તવ્ય છે. હિતવચન જેને પ્રિય અમૃત સમાન લાગે છે તે સત્પાત્ર શિષ્ય છે તે પોતાની ભૂલ દેખી શકે છે અને સદ્ગુણ માટે પુરૂષાર્થ કરે છે. અનેક શુભાશુભ પ્રસંગોમાં અચલ ધીર ક્ષમા સમભાવ રાખીને વર્તવાની જેનામાં શક્તિ પ્રગટી છે તથા સૌથી ન્યૂરી એકાંતને જે સૌથી શૂરી એકાંત કરવા સમર્થ છે તેણે એકલવિહારી થવું અને ધ્યાનમાં વિશેષ જીવન ગાળવું. એકલ વિહારમાં શુભાશુભ અનેક પરિષહ ઉપસર્ગ સહન કરવા પડે છે અને અત્યંત ઉપયોગી થૈ જાગ્રત્ દશાએ વર્તવું પડે છે, એવી દશાનો જ અનુભવ કરવા ઇચ્છતો હોય તેણે ગુરૂની સલાહ લેવી અન્યથા પશ્ચાત્તાપ પાત્ર થવું પડે છે. ગુરૂની સલાહ એજ અમૃત છે અને સ્વચ્છંદતા એજ વિષ છે. મનના સંકલ્પ વિકલ્પ તરંગોને ઉપજતા વારવા અને આત્માનું એકાંતમાં ધ્યાન ધરી દેહાધ્યાસથી મુક્ત થઈ મુક્તિ દશા અનુભવવા પુરૂષાર્થ કર. રહેણી વિનાની કહેણીની કંઈ કિમ્મત નથી. ગુરૂકુલવાસીઓને જે જ્ઞાનાનુભવ પ્રાપ્ત થાય છે તેનો ગંધ પણ ગુરૂકુલવાસથી ભ્રષ્ટ થએલાઓ જાણી શકતા નથી. એકલા વિચારવામાં ગીતાર્થ વિના અન્ય સાધુઓ પ્રાયઃપતિત થાય છે. ગુરૂકુલવાસમાં રહેવાથી ચારિત્રની પ્રતિદિન શુદ્ધિ થતી જાય છે અને મોહનો નાશ કરવાની આત્મશક્તિ વધતી જાય છે. ગુરૂના ચરણ સેવવામાં મનને વશ કરવું પડે છે. ગુરૂઓ વારંવાર ભૂલો સુધારવા કહે છે, ઠપકો આપે છે, સ્વચ્છંદતાને વારે છે, દોષો થતા અટકાવે છે, પોતાનું માન ગુરૂ પાસે જળવાતું નથી એવું કેટલીક વખત શિષ્યને લાગે છે તેથી તે અકળાય છે અને અનેક બ્હાનાં કાઢી ગુરૂથી શિષ્ય જૂદો પડે છે અને પ્રસંગે પોતાના દોષને ઢાંકી ગુરૂના વાંકને અન્યો આગળ

જાહેર કરે છે, આનું કારણ મોહના ઉછાળા છે. મોહના ઉછાળાનો નાશ કરવા માટે સાધુપણું છે. મનને વશ કરવા માટે સાધુપણું છે. ગુરૂકૃપા અને ગુરૂના આશીર્વાદથી મન વશ થાય છે. મનમાં અનેક પ્રકારના કષાયો પ્રગટે છે તેને ગુરૂ બોધ દેઇને શમાવે છે. ગુરૂમાં પૂર્ણ શ્રદ્ધા પ્રેમ નથી ત્યાં સાધુની શિષ્યતા પ્રગટી નથી. ગુરૂની આજ્ઞાએ વર્તવામાં ધર્મ છે પણ પોતાની મરજી મુજબ વર્તવામાં ધર્મ નથી. લોકોની મરજી અનુસારે વર્તવામાં ધર્મ નથી પણ ગુરૂની મરજી અનુસારે વર્તવામાં ધર્મ છે. ગુરૂના આત્માને જાણવા જેઓ સમર્થ નથી તે ગુરૂના દેહને અને પ્રવૃત્તિને પણ ગુરૂ તરીકે જાણી શકતા નથી. ગુરૂની આગળ જે પોતાના દોષોને છુપાવે છે તેને બાહ્ય પ્રતિક્રમણ ફક્ત શબ્દ માત્રથી છે પણ તેને અંતરૂથી સત્ય પ્રતિક્રમણ થતું નથી તથા તેને આત્મરૂપ સામાયિકની પ્રાપ્તિ થતી નથી. ઢોંગમાં ધર્મ નથી પણ સત્યમાં ધર્મ છે, અસત્ય વદતાં પ્રાણ નીકળી જાય એવો જેને સત્યપર પ્રેમ છે તે ગુરૂની પાસે રહી આત્મશુદ્ધિ કરી શકે છે. ગુરૂ માટે સ્વાર્પણ ભાવવાળો, ગંભીર, દક્ષ અને સર્વ સાપેક્ષાનો જાણ એવો શિષ્ય, શિષ્યની ફરજો અદા કરીને ગુરૂ બનવાને લાયક બની શકે છે. ગૃહસ્થ લોકો વાંદેપૂજે અને વાહવાહ કરે એટલા માત્રથી ગુણોની પ્રાપ્તિ વિના ગુરૂપણું પ્રાપ્ત થતું નથી. મનુષ્ય સમાજમાં રહેતાં છતાં તેમાં નિર્લેપપણું જાળવવું એજ ત્યાગીનું મુખ્ય લક્ષણ છે. ત્હારામાં બ્રહ્મચર્ય પાળવાની શક્તિ એકંદર સારી રીતે ખીલી છે તથા અધ્યાત્મ શાસ્ત્રોપર ઘણી રૂચિ પ્રગટી છે. પ્રભુપર શ્રદ્ધા રૂચિ પ્રગટી છે. ગુરૂપર શ્રદ્ધા પ્રીતિ છે પણ ગુરૂકુલવાસમાં રહેતાં અન્ય સાધુઓ તરફથી પ્રતિકુલતા પ્રગટે તે સહન કરવાની અને વ્યવહાર કુશલતાની શક્તિ જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં પ્રગટી નથી. ધ્યાનસમાધિનો અભ્યાસ કરવા પર ત્હને અભ્યાસરૂચિ તથા પુરૂષાર્થ બન્ને ઠીક છે પણ તેટલાથી સંતોષ માની ક્ષણમાત્ર પણ પ્રમાદી ન બનવું જોઇએ. ખાતાં પીતાં હરતાં ફરતાં આત્માનો ઉપયોગ રહેવો જોઇએ અને લોકપૂજામાન પ્રસં-

શાર્થે અંશ માત્ર પણ ઈચ્છા ન રહેવી જોઇએ એવું અંતરમાં ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે. સત્યનો ઉપદેશ દેતાં પોતાના દોષો ભલે દુનિયા જાણે તેથી શું ? પણ સત્યને છુપાવવું નહિ. દુનિયાની સ્તુતિ નિંદાની પરવા ન કરવી પણ આત્મશુદ્ધિ થાય છે કે નહીં તેનો ઉપયોગ દેઈ ભૂલો સુધારી ધર્મારાધના કરવી. દુનિયાના લોકોની આગળ ગાડરિયા પ્રવાહની રીતનો ધર્મોપદેશ ન દેવો, પણ સત્યધર્મનો ઉપદેશ દેવો. કહેણી પ્રમાણે રહેણી રાખવા પુરૂષાર્થ કરવામાં કદિ કાયર ન થવું. સત્યશિક્ષાપ્રદ ગુરૂના બોધને અમૃતસમાન માની વર્તનારા જેઓ છે તેઓ શિષ્ય છે, બાકી વ્યવહારથી નામધારક શિષ્યો તો ઘણા હોય છે પણ ગુરૂની આજ્ઞાધારક શિષ્યો વિરલા હોય છે તેમ જેઓ જાણીને પોતાની ભૂલ દેખીને તેને સુધારે છે તે આરાધક બને છે. ગુરૂની પાસે રહેતાં સ્થિરતા અનુભવ વધે છે. ગુરૂની સેવાભક્તિ કરતાં જે ભય ખેદ અરૂચિ લજ્જાનો ત્યાગ કરે છે તે આત્માર્થી છે અને તે ગુરૂની ગુરૂતાને પામે છે. સત્ય શિષ્યો અસત્ય રૂઢિનો નાશ કરે છે અને લોકવાસનાના તાબે થતા નથી. સત્યધર્મથી ભ્રષ્ટ ન થવું અને સર્વ દુનિયા માને પૂજે તોપણ અસત્યને માનવું પૂજવું નહીં. જ્ઞાનદર્શન ચારિત્રની વ્યવહારથી અને નિશ્ચયથી આરાધના કરવી. હૃદયમાં શુદ્ધોપયોગ નિશ્ચય દૃષ્ટિને ધાર અને વ્યવહારનયથી બાહ્યમાં વર્ત્ત ! ! !

ઉપયોગપૂર્વક મિતતથ્ય પથ્ય સત્ય વદ. મગજ ખોઈને બોલવાથી વીર્યનો નાશ થાય છે અને તેથી શરીરાદિની અશક્તિ વધે છે. પા કલાક વાચવું તો બે કલાક તેના સંબંધી મનન કરવું અને વારંવાર તેનું નિદિધ્યાસન કરવું. ભાષા સમિતિ કરતાં વાગ્ગુપ્તિથી આત્માનું અનંતગણું બળ પ્રગટે છે. સ્વપરહિતાર્થે ભાષા સમિતિથી વદવું. કાયચેષ્ટાની પ્રવૃત્તિ જે સ્વપરહિતાર્થે થતી હોય તો કરવી અન્યથા કાયગુપ્તિનું અનેક સિદ્ધાસનાદિ દ્વારા અવલંબન કરવું. કાયગુપ્તિથી આત્મવીર્યની ચંચળતા ટળે

છે અને આત્મવીર્યની સ્થિરતા વધે છે અને તેથી આત્મયોગની શુદ્ધતા સ્થિરતા વધતી જાય છે તથા આત્માના સહજાનંદનો રસ અનંતગુણુ વિકસતો જાય છે. મનોવિચારના વિકલ્પોનો અને સંકલ્પોનો સ્વપરહિતાર્થે ઉપયોગ કરવો. આત્માના ગુણપર્યાયોનો પ્રકાશ થાય એવા ચિંતવનમાં મનને રોકવું અન્યથા કાયગુપ્તિ અને વચન ગુપ્તિપૂર્વક મનની ગુપ્તિ કરીને આત્માના ઉપયોગથી આત્માને એકીટસે અન્ય વિચાર કર્યા વિના સ્થિર દીપકની પેઠે જોઇ રહેવો. બેઘડી સુધી એકી ટસે એક સરખા આત્મોપયોગથી આત્માને અનુભવવાથી આત્માનંદ રસનો એકદમ દરિયો પ્રગટી નીકળે છે અને તે કાલે દુનિયા સ્વપ્નની પેઠે ભૂલાય છે એને તે વખતે શુદ્ધોપયોગ અને શુદ્ધાત્મ પરિણતિનો અનુભવ આવે છે. આવો અનુભવ ઘણી વખત વેદ્યો છે અને એવી ક્ષયોપશમ સમાધિમાં આત્મસાક્ષાત્કાર અનુભવ્યો છે. મનોગુપ્તિપૂર્વક આત્મશુદ્ધોપયોગે આત્માને એક જ્યોતિસ્વરૂપે બે ઘડી સુધી જોવાથી નિર્વિકલ્પાનંદ અને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કંઇક ઝાંખો આવ્યો છે તેની આગળ સવિકલ્પક સમાધિનો આનંદ તો કંઇ હિસાબમાં નથી. આવી શુદ્ધાત્મદશામાં સદા રહેનારા જીવન્મુક્તો છે એવી દશા પ્રાપ્ત કરવામાં આત્મોપયોગે આત્મરમણતા કર્યા વિના અન્ય ઉપાય નથી. રાત્રીના છેલ્લા પ્રહરમાં આત્મધ્યાન ધરવું. દુનિયાના લોકો ઉંઘતા હોય તે વખતે ઉઠીને આત્મધ્યાન ધરવું. આત્મધ્યાનમાં સર્વ તીર્થંકરના ધ્યાનનો સમાવેશ થાય છે. સિદ્ધાદિકના ધ્યાનમાં આત્મધ્યાન જ છે એમ ઉપયોગના અભેદભાવે જાણ. મનુષ્યોના સંસર્ગમાં ખપ પડતું આવવું. અન્યથા સાધક દશામાં બાધકતા આવે છે. એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરવો. આયુષ્યનો નાશ કઇ વખતે થઈ જાય તેની ખબર પડે નહિ માટે સમયે સમયે આત્માના ઉપયોગમાં રહેવાય અને બાહ્યની ધર્મકરણી થાય તેમ વર્તવું મનવાણી કાયાના વ્યાપાર વખતે આત્માનો ઉપયોગ રૂપ-સુરતાનું અવલંબન કરવું. આંખો મીંચીને ધ્યાન ધરવા કરતાં આંખો ઉઘાડી રાખીને આત્માનું ધ્યાન ધરવું કે જેથી નિદ્રા

પ્રમાદનો નાશ થાય. હઠ સમાધિથી પ્રાણને બ્રહ્મરન્ધ્રમાં રોકીને બેભાન દશા કરવાથી મનનો મોહ તેટલા કાલ સુધી ગુપ્ત રહે છે, માટે આત્માના શુદ્ધોપયોગથી મનમાં પ્રકટતો મોહ વારવો કે જેથી આત્મસમાધિપૂર્વક છેવટે શરીર પ્રાણનો ત્યાગ થાય. આત્મજ્ઞાનીને પ્રથમાવસ્થા પછી બીજી આત્માવસ્થા પ્રાપ્ત કરવા માટે વચલી સ્થિતિ પસાર કરવા પૂલના જેવું મરણ છે તેમાં તેને મોહ થતો નથી, તે મૃત્યુકાલે પણ આત્મોપયોગે વર્તવા પ્રયત્ન કરે છે. આ સાલ તમારા માટે વિજાપુર ગામની બહાર પ્લેગ વખતે છાપરામાં આંબા નીચે ધ્યાન ધર્યા બાદ જે કહ્યું હતું તે સ્મરણ કરશો અને ઘાત જેવો પ્રસંગ આવે છતે બાહ્ય રોગોના હુમલામાં અંતરૂમાં આત્મોપયોગી રહેશો. અધ્યાત્મજ્ઞાનની રૂચિ અને ધ્યાન સમાધિમાં તમને વિશેષ રૂચિ પ્રકટી છે અને આત્માની ઝાંખી પ્રગટી છે તેથી ક્રમસર આત્મોન્નતિમાં આગળ પ્રગતિ કરશો. એક શરીર બાદ બીજા શરીરમાં પણ પ્રારંભિત આત્મધ્યાન સમાધિપૂર્વક સિદ્ધ પરમાત્માની દશા પામશો એ નિશ્ચય છે, માટે આત્મોલ્લાસે વર્તવું. મહોત્સવની પેઠે કર્મના શુભાશુભ ભાવોદયે અંતરૂના ઉપયોગે રહેશો. તમારા પર મ્હને આત્મભાવે પૂર્ણરૂચિ છે. આત્મ પ્રેમે આગળ વધો. વ્યાખ્યાન પ્રસંગેજ મનુષ્યોના સમાગમમાં આવો. આત્મજ્ઞાનીને મનુષ્ય જીંદગીનો એકક્ષણ અનંતકોટિ ચિંતામણિ રત્નો કરતાં અનંતગુણો ઉત્તમ છે. માટે ક્ષણમાત્ર પ્રમાદ ન કરો. હાલ મહુડી થઇને પ્રાંતિજ ન જતાં વિજાપુર આવવાનું થયું છે. ચાતુર્માસ અહીં થશે. ધર્મસાધન કરશો. એજ ॐ अर्हं शांतिः ३

સં. ૧૯૭૪. જેઠ વદિ ૧૨.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૪ અષાડ સુદિ, ૧

શ્રી સાણંદ. તત્ર. વૈરાગ્યાદિગુણાલંકૃત મુનિ. દેવેન્દ્રસાગર આદિ યોગ્ય અનુવન્દન સુખશાતા.

વિશેષ તમારો પત્ર પહોંચ્યો. વાચી સમાચાર જાણ્યા. પોતાના વિચારોથી અન્યસાધુઓના ધાર્મિક વિચારો જૂદા હોય તેથી ક્લેશ દ્વેષ સંકલ્પવિકલ્પ થાય એવી ઉદીરણા કરી ચર્ચા ન કરીએ અન્ય સંઘાડાના સાધુઓ, ક્લેશ મોહ થાય એવી ચર્ચાની ઉદીરણા કરે તો તે કાલે મૌન રહેવું. શ્રાવકોના ચડાવ્યા ન ચડીએ અને ક્લેશાદિ દોષો થાય એવા પુરૂષાર્થને ન કરીએ. ગરાભેદે ભિન્ન મંતવ્યભેદે મૌન રહી પોતે પોતાનું ધર્મ કર્મ સ્વેચ્છાભાવે કરવું. સ્વપાસે બેસી અન્યો જુદી ક્રિયા કરે તેથી અસહિષ્ણુ ન બનવું. સોવાર વિચાર કરીને ઉપયોગપૂર્વક બોલવું. ગચ્છમોહનો સંકલ્પ ન કરવો, પરંતુ ગચ્છાચાર પ્રમાણે સમભાવે યથાશક્તિ વર્તવું. શ્રાવકોને ગચ્છનામોહે પરસ્પર ભેદભાવ થાય એવો ઉપદેશ ન દેવો, ગમે તે ગચ્છમાં થએલા આત્માર્થી મુનિસૂરિયોની પ્રસંશા કરવી. પરસ્પર મતભેદની બાબતોમાં મૌનપણે પ્રવર્તવું. વર્તમાનમાં પણ પ્રવર્તતા મુનિયોમાં જે જે ગુણો હોય તે તે ગુણોની અપેક્ષાએ તેઓની પ્રસંશા કરવી. ગમે તે ગચ્છના સાધુની માંદગીમાં અભેદભાવે સેવા કરવી. અન્યગચ્છીય શ્રાવકોને સ્વગચ્છીય શ્રદ્ધાવાળા બનાવવાના કરતાં તેઓને સ્વગચ્છમાં રહી મધ્યસ્થ સમભાવી ગુણાનુરાગી વ્યાપક સેવાભક્તિવાળા બને એવો ઉપદેશ દેવો. સર્વગચ્છમાં સર્વદર્શનમાં સમભાવથી મુક્તિ થાય છે એવું સાપેક્ષ દૃષ્ટિએ જણાવવું. કોઈપણ નાસ્તિક તથા અન્યધર્મી વગેરેને અભવ્ય દુર્ભવ્ય ન કહેવો. સર્વગચ્છના સાધુઓને વિનયથી નમન કરવું અને સુખશાતા પુચ્છવી. પોતાની નિંદા કરનાર પોતાને ગાળો દેનાર શ્રાવક અગર અન્યધર્મી હોય તોપણ તેને આત્માની

પેઠે પ્રેમથી મળવું અને તેઓનું યથાશક્તિ શ્રેય: કરવું. દિગંબરસ્થાનકવાસી જૈનો સાથે મળતી બાબતોમાં ઐક્યથી વર્તવું અને મતભેદવાળી બાબતોમાં મૌન ધરવું.

અન્યધર્મીઓ સાથે સમાનધર્મવાળી બાબતોમાં સહચારથી વર્તવું અને ભિન્નમતાચારમાં સાપેક્ષાએ મૌનધરી મૈત્રીધારી વર્તવું. કોઇપણ ધર્મવાળાની સાથે ધર્મચર્ચાનો પ્રસંગ આવતાં પરસ્પર ગુણગ્રહણ થાય તથા હિત થાય એવી બાબતની વાત કરવી અન્યથા મૌન રહેવું. નકામો ક્લેશ થાય એવી ચર્ચા ન કરવી. કોઈપણ ગચ્છના સાધુ શ્રાવકમાં જેજે ગુણો હોય તેનો ગમેતેવો મતભેદ છતાં મુક્તકંઠે પ્રસંશા કરવી. પોતાના સંઘાડામાં પરસ્પર સાધુઓમાં ભેદ ક્લેશ થાય એવી સ્વપ્નમાં પણ પ્રવૃત્તિ ન કરવી. કોઇપણ વખતે કોઈ અસહ્ય પ્રસંગે ગમે તે સાધુનો વા શ્રાવકનો મર્મ હણાય વા તેની જાહેરમાં હેલના થાય એવી સત્ય બાબત પણ પ્રાણજતાં જાહેરમાં ન મૂકવી. જૈનધર્મની આરાધના કરતી પણ અન્યધર્મોમાં જે જે સત્ય બાબતો કથી હોય તેની નિન્દા ન કરવી. તેમજ સત્યને સત્ય તરીકે પ્રકાશવું. વેષ અને ક્રિયા કરતાં આત્માના ગુણોથી જૈનધર્મની મહત્તા છે એમ ખાસ લક્ષ્ય રાખવું. કોઇની સાથે વિદ્યાનું અભિમાન ધારી ન બોલીએ. જેમ જેમ અનુભવ વધે છે તેમતેમ પહેલાં જે જે વિચારો બાંધી લીધા હોય છે તેમાં અપૂર્ણતા માલુમ પડે છે એ અનુભવ છે માટે એકાંતપ્રરૂપણા વા મત બાંધતાં સત્યનો ઘાત ન થાય તેવો ઉપયોગ રાખવો. હું કર્તા છું, મારાથી અમુક થાય છે એવો મોહ રાખ્યા વિના જે જે કંઈક પારમાર્થિક કાર્ય થાય તે કરવું અને તેમાં અન્યો, વિઘ્નો ઉપસ્થિત કરે તો તે પુરૂષાર્થથી અને શુદ્ધ પ્રેમથી ટાળવા પ્રયત્ન કરવો પણ વિઘ્નકારકો ઉપર સ્વપ્નમાં પણ ક્રોધ ઇર્ષ્યા થાય એવો ભાવ, મનમાં ન ધારવા ખાસ ક્ષણેક્ષણે ઉપયોગ રાખવો. ક્ષણ પછી શું થવાનું છે તે કેવલજ્ઞાની જાણી શકે માટે દંભાદિકવૃત્તિથી કોઇનું ભવિષ્ય કહેવાનો ડોળ ન ધરવો.

સાપેક્ષદૃષ્ટિથી અસત્ય અને સત્ય કહેવું પણ એકાંતે કોઇપણ સત્ય અસત્યનો કદાગ્રહ ન કરવો. ક્રોધથી, અહંકારથી, કપટથી અને લોભથી સત્ય હાથમાં આવતું નથી માટે જેમ બને તેમ વીતરાગ ભાવમાં આગળ વધો. આયુષ્યનો ભરૂંસો નથી માટે આત્મોપયોગ રાખી ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કર. જેમ બને તેમ આત્મજ્ઞાન અને વીતરાગભાવમાં પક્વ થયા વિના અલ્પ બોલો અને મનુષ્યસંગથી દૂર રહો અને વિકથાથી તો બિલકુલ દૂર રહો. જૈનશાસ્ત્રોના પરિપૂર્ણ ગીતાર્થ બનીને અન્યધર્મનાં વા બીજાં કોઇ પુસ્તકોને ગુરૂની સમ્મતિપૂર્વક વાંચો. શુષ્ક બુદ્ધિવાદની બણુજને છોડી દો. આત્મશ્રદ્ધામાં સ્થિર રહો. એકક્ષણ પછી શરીર છૂટે તો પછીથી ધર્મ કર્યો નહીં એવો પ્રસ્તાવો ન થાય એવી રીતે વર્તમાનમાં વર્તો. આયુર્ઘાતનો પ્રસંગ આ સાલમાં બનશે એવી શંકા છે માટે આત્માની શુદ્ધતાનું ધ્યાન ધરો. પૂર્ણ વૈરાગ્યભાવનાથી વર્ત કે જેથી મોહની આસક્તિનો લેશ પણ ન રહે. આત્માની સાક્ષીએ ધર્મ છે, અન્ય લોકોને પોતાની મહત્તા વધે એવો એક અક્ષર પણ ઉચ્ચારવો નહિ. પ્રતિબદલાની દૃષ્ટિએ કોઇને ઉપદેશાદિ પ્રવૃત્તિનું દાન કરવું એ વીતરાગભાવમાં મહાવિઘ્ન છે. સત્યને આચરવામાં તથા કથવામાં સદા નિર્ભય થૈ પ્રવર્તવું. સત્યને કથતાં અપકીર્તિ થાય તોપણ કોઇની પરવા ન કરવી. ગીતાર્થ થયા વિના વ્યાખ્યાન કરવામાં ઘણી હાનિ છે અને અલ્પ લાભ છે. ગીતાર્થની અપેક્ષાઓને સામાન્ય સાધુઓ ન જાણી શકે. સાધકાવસ્થામાં અત્યંત ઉપયોગ ધારવો. સર્વ જીવોની સાથે આત્મભાવના ઉપયોગથી વર્તો. આત્માનો અનુભવ કરવા વીતરાગભાવી આત્મજ્ઞાનનું ચિંતવન કરો. આત્માની પૂર્ણશુદ્ધતા એજ પરમાત્મ પદ છે. મનમાં સ્વપ્ને પણ મોહિની પરિણતિ પ્રગટી હોય તો પોતાના મરણ જેટલો પશ્ચાત્તાપ કરી આત્મશુદ્ધિમાં ઉપયોગી બનો. અધ્યાત્મજ્ઞાનનો ઉપયોગ ધારી નિર્ભયસ્વતંત્રનિઃસંગભાવે પ્રવર્તવું અને જે જે ભૂલો થતી હોય તેને નિંદોગર્હો. ચક્રવર્તી અને ઇન્દ્રની પદવીઓ જેવી અસંખ્ય પદવીઓ મળે તોપણ તે આત્માના એ

ઘડીના શુદ્ધોપયોગની આગળ નાકના મેલ સમાન છે એમ નિશ્ચય થતાં જ આત્માના આનંદનો અનુભવ કરી શકશો.

સ્પર્શેન્દ્રિયનો સ્પર્શ મોહ ન થાય અને રૂપને દેખીને મોહ ન થાય એટલે જાણવું કે આત્માનંદનો રસ પ્રગટ્યો છે. એવી દશા ન અનુભવાય ત્યાં સુધી મોહના કારણોથી ચેતીને ચાલો. સ્વનામ-રૂપની કીર્તિ શ્રવણ કરવામાં અને અપકીર્તિ શ્રવણ કરવામાં શુભ-અશુભભાવ ઉત્પન્ન થાય ત્યાંસુધી દુનિયામાં કોઈનું ભલું કરવા જતાં વા મનુષ્યોના સંસર્ગથી પતિત થવાનો પ્રસંગ ઉપજે છે એમ જાણી સર્વ વિશ્વમાં નિઃસંગદશાનો અનુભવ થાય એવી દશા પ્રાપ્ત કરવા આત્મોપયોગ રાખ. સંત દશા પ્રાપ્ત થતાં આત્મા પોતે પ્રભુ છે એમ નિશ્ચય થાય છે એવા અનુભવની ઝાંખી થાય છે, થઈ છે એમ સ્વયમેવ અનુભવ થશે. શુદ્ધ અધ્યાત્મશાસ્ત્રોથી આત્માની શુદ્ધિ થાય છે અને સત્પ્રવૃત્તિ મનવાણી કાયાની શુદ્ધિ થાય છે. દેહ મોહવિના દેહથી સત્પ્રવૃત્તિથી કરવી. મનોમોહ વિના મનથી વિચાર કર. એકેક કષાયપરિણામે અનંત-ભવ ભ્રમણ કર્યા છે. સર્વ કષાયરૂપ મોહ એજ શયતાન છે અને આત્મા તેજ અલ્લા, ખુદા, રામ, રહેમાન છે એમ અપેક્ષાએ જાણ. વ્યાખ્યાન વાંચવું પણ વ્યાખ્યાન કરતાં મનમાં મોહ શયતાન છાનોમાનો ન પેસી જાય એવું આત્મનિરીક્ષણ કરી અન્યકાર્ય કર. આકાળમાં વીતરાગભાવે પૂર્ણ ધર્મ પ્રગટતો નથી. શુદ્ધ જ્ઞાન પ્રગટ થયાથી વીતરાગદશાનો અનુભવ આવે છે પણ તે દશા ઝીવાર ટકે તો કેવલજ્ઞાન થાય. કેવલજ્ઞાન પ્રગટ થાય એવી ભાવનાથી આત્મોપયોગતા રાખ પછી શી દશા થાય છે તેનો વિચાર ન કર પણ ઉપયોગમાં વર્ત્યા કર. રોગ વખતે આત્માનો ઉપયોગ વિશેષ ફેરવ. વ્યવહાર દૃષ્ટિથી ધાર્મિક ક્રિયા કર. ધંધાની દૃષ્ટિએ વ્યાખ્યાન ન વાચ પણ હિત થાય તો વાંચ. ગૃહસ્થ લોકોના પ્રતિબન્ધમાં ન અવાય તે માટે ત્યાગાવસ્થાના આચાર વિચાર રૂપ આત્મસ્વાતંત્ર્ય સામ્રાજ્ય પામવા વિચાર. વારંવાર

ચારિત્રની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે. એઘડીના ચારિત્રથી ઉત્કૃષ્ટ ભાવે મુક્તિ થાય છે. ત્યાગયોગથી મુક્તિ છે. ચારિત્રની એઘડીની આગળ આખી દુનિયાનું રાજ્ય કંઇ હિસાબમાં નથી. ચારિત્રની શુદ્ધિ માટે ક્ષણેક્ષણે આત્મોપયોગ રાખવો. આત્મા આત્મરૂપે પોતાને પરિણમેલ દેખે અને જડને જડરૂપે પરિણમતું દેખવામાં આવે એટલે આત્મા તે પરમાત્માનું સ્વરૂપ અનુભવે છે એમ જાણ. ચારિત્રની આરાધનામાં સર્વનયોની આરાધના છે એમ જાણ. સર્વ દૃષ્ટિરૂપ નયોનો સાર ચારિત્ર છે. નિશ્ચય ચારિત્ર કાર્ય છે વ્યવહાર ચારિત્રકારણ છે. નિશ્ચય ચારિત્ર છે તે આત્માના પરિણામ રૂપ છે અને વ્યવહાર ચારિત્ર છે તે મનવાણીકાયાની ધર્મ પ્રવૃત્તિ આચરણારૂપ છે. વ્યવહારનયનો લોપ કરવાથી જૈનશાસનનો લોપ થાય છે, પોતે પોતાની દશા પ્રમાણે આત્માના શુદ્ધ પરિણામ વધે તેમ વર્તવું પણ અન્યજનોને તેની દશાના યોગ્ય વ્યવહારમાં શંકાશીલ ન કરવા. વારંવાર મનુષ્યજન્મની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે. મનુષ્યભવમાં ચારિત્રની પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે માટે હવે આત્માના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં બાકી ન રાખ. શરીરનો જન્મ છે અને તેનો નાશ છે તેની મમતા રાખીને ભ્રાન્ત થવાથી આત્મકલ્યાણ નથી. વૈરાગ્યરંગથી રંગાઇને આત્મશુદ્ધિ સાધન સાધ્ય. પાસે રહેલા સાધુ સાથે અભેદ આત્મભાવે વર્ત. સર્વ શ્રાવકોને લાભ. इत्येवं ॐ अर्हं शांतिः२

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

શ્રી મેહસાણા. તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ જીતસાગર યોગ્ય સુખશાતા. વિશેષ. તમારો પત્ર પહોંચ્યો. મેહસાણાના શ્રાવકોને તમારા ચોમાસાથી લાભ થયો છે તે જાણ્યું. આત્માના શુદ્ધ ગુણો પ્રાપ્ત કરવા માટે પ્રથમ ખાસ ઉપયોગ રાખવો. શ્રાવકો વ્યાખ્યાન શ્રવણથી ખુશી થાય એટલાથી કંઇ વળે નહીં, તેઓનો

આત્મા જાગ્રત્ થવો જોઇએ. તેમજ સ્વાત્મા, જાગ્રત્ દશામાં રહેવો જોઈએ. ઉંઘેલો અન્યને જગાડી શકે નહીં. જાગેલો બીજાને જગાડી શકે છે. આત્મજ્ઞાનની પરિણતિ પ્રગટયાથી જાગ્રતદશા છે. દેહ ઈન્દ્રિયો અને મનની જાગૃતિ સુધી તો નિદ્રા અને સ્વપ્ન દશા છે, તેનાથી આગળ આત્મજ્ઞાનભાવે પરિણમવાનું થાય છે ત્યારે સત્ય જાગ્રતદશા પ્રકટે છે. શ્રાવકો લોકાચારપર્યંત નિદ્રિત છે અને લોકોત્તરજ્ઞાન પામે ત્યારે જાગૃત્ થાય છે. સ્વપ્નની જાગૃતિ જેવી જાગૃતિથી કુલાચારે જેઓ લોકાદિવાસના યુક્ત બને છે તેઓ વસ્તુતઃ જાગ્રત્ નથી. જ્ઞાનીઓ બહિરૂભાવે ઉંઘે છે અને આત્મભાવે જાગે છે. શરીરમાં આત્મદેવની જાગૃતિ થાય છે ત્યારે દ્વિજભાવ-બ્રાહ્મણ દશા પ્રગટ થાય છે અને મોહાદિ શત્રુઓને હણતાં ક્ષાત્ર દશા પ્રગટ થાય છે અને આત્માના શુદ્ધગુણોના વ્યાપારથી વૈશ્ય-દશા પ્રગટે છે. આત્મજ્ઞાનીઓના સેવક બનવાથી—શિષ્ય ભક્ત બનવાથી શૂદ્રદશા પ્રગટે છે એમ આધ્યાત્મિક નિશ્ચયભાવથી જાણ, શારીરિક આરોગ્ય સચવાય એવી રીતે આહારવિહાર કરવાનો યોગ્ય દઢ નિશ્ચય રાખ, નકામા વિચારો કરવાથી દેહવીર્યનો નાશ થાય છે અને તેથી મગજ નબળું થાય છે. મનવાણી કાયાને અતિશય પરિશ્રમ ન આપ. મનવાણી કાયાને નિયમિતપણે વાપર !!! ત્હારૂં શરીર નરમ રહે છે તે જાણવામાં છે. કર્યા કર્મ ઉદયમાં આવે છે અને તે ભોગવવાં પડે છે. મનમાં મોહ રહે એજ મૃત્યુ મહાકાલ છે. કયારે પણ મગજના કલ્પિત વિચાર સાથે ચોંટી જઈ અશક્ત ન બનવું. મગજને નકામા વિચાર કરતું બંધ પાડવું હોય તો પાડી શકાય એટલી આત્મશક્તિ ખીલે એટલે સમજવું કે આત્મા યતિદશાને લાયક બન્યો છે. જ્યારેત્યારે યોગ્યરૂપમાં મનવાણી કાયા પ્રવર્તે અને અન્ય વ્યાપારથી નિવર્તે એવી યોગદશા પ્રાપ્ત કરો. ઉત્તરાધ્યયન વગેરે આગમો વાંચો છો તેથી આનંદ થાય છે. મનવાણી કાયાથી જે કરો તે નિષ્કપટભાવે કરો. મનમાં સત્યને આશ્રય આપો. જેને જેટલી યોગ્યતા પ્રગટી હોય તેને તેટલો ઉપદેશ દેવો. મનને શાંત અને નિષ્ક્રિય બનાવવા તરફ લક્ષ્ય રાખ. અનંત આત્માનો અંત

નથી એવા ઉપયોગે નિર્ભય થા અને યોગ્ય ભક્તને પોતાનો યોગ્ય પરિચય આપ. મોહના તાબે રહેલાઓના અભિપ્રાયોથી મુંઝ નહિ. જૈન ધર્મનો પ્રચાર કરવા હારી ઉત્સાહ શક્તિ વધતી જાય છે તેથી પ્રમોદ પામું છું. શ્રાવકોને તેઓની ઈચ્છાનુસારે ખુશ કરવાના નાટકનો પાત્ર ન બનીશ. તેઓને સત્ય જણાવ અને તેઓને ધર્મ માર્ગમાં ઉત્સાહિત કર ! ! ! બહિર્મુખી ગુરૂદ્રોહી ખટપટી નારદ જેવા વેષધારકોના સમાગમમાં ન આવ. હારી અપક્વદશામાં તેથી હાનિ થવાનો સંભવ છે માટે મારો આશય જાણી તે પ્રમાણે વર્ત !!! ગુરૂ કહે તેમ કરવું પણ ગુરૂ કરે તેમ ન કરવું. ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું અને ગુરૂહૃદયમાં ઉંડા ઉતરવા માટે ગુરૂ પાસે રહેવું અને વિનયભક્તિથી વર્તવું જોઈએ. જે ખરેખરો શિષ્ય બને છે તેજ સદ્‌ગુરૂ બને છે. ગુરૂ કુલવાસમાં રહેવાથી જે ગુણો પ્રગટે છે તે ગુરૂથી દૂર રહેતાં પ્રગટતા નથી. ગીતાર્થ દશા થતાં ગુરૂ આજ્ઞાથી જુદો વિહાર ઘટે છે. ગુરૂને જે ગાંઠતા નથી તે શતધા વિનિપાતને પામે છે. વ્યાખ્યાનથી શ્રોતાઓ ખુશ થાય અને બાપજી બાપજી ધન્ય ધન્ય ધન્ય કહે તેથી આત્માનંદ પ્રગટી શકતો નથી. જે માટે ચારિત્ર ગ્રહ્યું છે તેનો ખાસ ઉપયોગ રાખવો. શ્રાવકોના વખાણથી મોહરૂપવિષ ન ચઢે એવો ઉપયોગ રાખવો. ભિન્ન ભિન્ન સાધુઓના ભિન્ન ભિન્ન મત સાંભળવામાં આવે તેથી સંભ્રાન્ત ન બનવું અને સ્વગચ્છાચારે વર્તી અન્યો સાથે ઉદાર દૃષ્ટિથી વર્તવું, અને અન્યોના ખંડનમાં ન પડવું સ્વચ્છંદતાથી બહિરાત્મભાવ પ્રગટે છે અને અન્તરાત્મભાવે વર્તતાં મોહથી વિમુખ થવાય છે. આખી દુનિયાના માન સન્માન કરતાં ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવામાં શિષ્યધર્મની મહત્તા છે એમ જાણી દુનિયાના લોકોના સન્માનની વૃત્તિનો ઉપશમ કરતા રહેવું. ગીતાર્થ ગુરૂની આજ્ઞામાં સર્વ તીર્થંકરોની આજ્ઞા સમાય છે. ગુરૂની આજ્ઞા લેઈ અન્ય સાધુઓનો સમાગમ કરવો કે જેથી બાધક સાધક ભાવમાં ઉપયોગ રહે. ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવામાં જેઓ પરતંત્રતા માને છે તેઓ કદાપિ મુક્ત શુદ્ધ સ્વતંત્ર થતા નથી.

એવા નિશ્ચયથી વર્તતાં આરાધકપણું છે. પંખી, ઇંડાને સેવી પંખી બનાવે છે તેમ ગુરૂપણ શિષ્યને સેવી ગુરૂ પરમાત્મ રૂપ બનાવે છે. શુદ્ધાત્મદશા પ્રગટાવવા માટે પ્રથમ પરતંત્ર બનવામાંજ ધર્મ છે. આત્માની શુદ્ધિ કરવા ગુરૂને આત્માર્પણ કરવું જોઇએ. ગુરૂને મન અર્પણ કરી ગુરૂમાં તન્મય બની વિચરવું. શુભાશુભ કર્મના બાહ્ય સુખદુઃખ વિપાકો ભોગવતાં આત્મોપયોગ ધારણ કર. ક્રિયાનું રહસ્ય જાણ. ત્હને જે રોગ શરીરે પ્રગટયો છે તેથી પણ અધ્યાત્મદૃષ્ટિએ તો આત્માની વિશુદ્ધિ થાય છે, કારણ કે જ્ઞાન વૈરાગ્યમય આત્માને રોગો અને ભોગો બન્ને નિર્જરા અને આત્મોપયોગ હિતાર્થે પરિણામે છે. મ્હને તો મ્હારા આત્માની બાબતમાં બાહ્ય શુભાશુભ સંયોગો પણ આત્મહિતાર્થે પરિણમતા લાગે છે. ત્યાગી થતાં છતાં પણ શુભાશુભ કર્મના વિપાકો તો ભોગવવા પડે છે, અજ્ઞાનીઓ તેમાં મોહથી મુંઝાય છે અને જ્ઞાનીઓ તેમાં મોહથી મુંઝાતો નથી એટલુંજ જ્ઞાનીના અને અજ્ઞાનીના આત્મપરિણામમાં વિશેષપણું છે અને બાહ્ય સુખ દુઃખ ચેષ્ટાઓમાં અને તેના હેતુઓમાં તો કથંચિત્ સમાનત્વ છે. બોલવાનું અલ્પ અને કારણ પ્રસંગે રાખજે! અન્યથા મૌન રહેજે. પાંચે ઇન્દ્રિયોનો અને મનનો ધર્માર્થે નિયમિત ઉપયોગ કરજે. ત્હારૂં શરીર ઘસાઇ ગયું છે અને આયુષ્યનો ભરૂસો નથી માટે જેમ બને તેમ શુદ્ધાત્મમહાવીર પ્રભુનું સ્મરણ કર્યા કરજે. મરણનો અંશ માત્ર પણ ભય રાખ્યા વિના મૃત્યુ સમરાંગણમાં વીરની પેઠે વર્ત. મનને ઘણા વિચારોમાં ન રોકજે કે જેથી મગજની શાંતિ રહે. જેમ બને તેમ મનુષ્યોના પરિચયમાં થોડું અવાય એમ વર્તજે. કોઇની પણ જાહેરમાં વા ખાનગીમાં નિન્દા ન થાય એમ વર્તજે. પંચમારકમાં જગમાં બાહ્યપ્રવૃત્તિની હાલ જે ધાંધળ છે તેથી વિશેષ ભવિષ્યમાં વધી જશે. માટે મનમાંથી મોહને હઠાવીને આત્માની શાંતિ ખીલે એવી રીતે વર્તજે. પત્રથી વર્તમાન વૃત્તાંતને જણાવતો રહે છે તથા પોતાનાથી થતા પ્રમાદને જણાવે છે તેથી તું આત્મહિતને સાધી શકીશ. સ્ખલનાને

વારવી અને આત્મપયોગમાં વર્તવું એજ સાધુતા છે. વિશ્વમાં આત્મજ્ઞાનથી અને સમભાવથી હરેક મનુષ્ય સત્ય શાંતિ-સુખ મેળવવા શક્તિમાન્ થાય છે. આત્માની દૃષ્ટિએ મૃત્યુ નથી, મોહદૃષ્ટિથી મૃત્યુ છે. આત્મોપયોગે આધ્યાત્મિક જીવન છે અને શરીરને જીવાડવું તે ફક્ત શરીરજીવન છે. આત્મજીવને જીવવું એજ લક્ષ્યમાં રાખીને પ્રવર્ત. અજ્ઞાનીઓમાં શુદ્ધ પ્રેમ હોતો નથી. જ્ઞાની ભક્ત શુદ્ધ પ્રેમથી પ્રભુમય જીવનને પ્રાપ્ત કરી શકે છે. આત્માની શુદ્ધિ જેમજેમ વિશેષ થતી જાય છે તેમતેમ આત્માનંદરસ વેદાતો જાય છે અને સમભાવ સત્યનો પ્રકાશ થતો જાય છે. આત્માની શાંતિનો અનુભવ આવ્યા પછી બાહ્યપ્રવૃત્તિમાં રસ વેદાતો નથી અને ધર્મવૃત્તિ પણ ફરજ–જીતકલ્પ દૃષ્ટિ અપેક્ષાએ થાય છે. આત્માનંદના રસોદધિથી મુખપર આનંદની છટા વિલસે અને દુઃખોમાં પણ આત્મોપયોગ વર્તે એજ સર્વ શ્રુતચારિત્ર નયનોસાર અને જીવતું જીવન છે, તે પ્રાપ્ત કરીને જીવવાનો ખપ કરજે. પત્ર લખતો રહેજે. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો. इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર મુ॰ પેથાપુર,

શ્રી॰ પાટણ.

તત્ર વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ જીતસાગર યોગ્ય સુખ-શાતા. વિ. તમારો પત્ર પહોંચ્યો. ગચ્છોની સમાચારી વગેરે સંબંધી તમોએ ખુલાસા મંગાવ્યા તે નીચે પ્રમાણે જાણશો. આપણે વ્યવહારથી તપાગચ્છ સાગર શાખાના સાધુઓ ગણાઈએ. અંતર્ નિષ્કામ તપ સંયમ વગેરે સદ્ગુણોનો સમૂહ એજ નિશ્ચયદૃષ્ટિથી અધ્યાત્મ ગચ્છ છે. વ્યવહારથી વ્યવહાર પ્રમાણે વર્તીએ અને નિશ્ચયમાં નિશ્ચય પ્રમાણે વર્તીએ. ચોરાશી ગચ્છના સાધુ વગેરેમાં વ્યવહાર સમકિતની માન્યતામાં કંઇક ક્રિયા બાબતોમાં ભેદ પડે

તથા વ્યવહાર સમાચારીમાં ભેદ પડે તેથી નિશ્ચય સમકિત અને નિશ્ચય અધ્યાત્મ ચારિત્રમાં ભેદ પડતો નથી, તેથી સમભાવ પ્રાપ્ત થતાં અને સાપેક્ષ ચારિત્રદૃષ્ટિ છતાં ચોરાશી ગચ્છોમાં આરાધકત્વ અને મુક્તિત્વ પ્રાપ્ત થઈ શકે છે. તપાગચ્છથી ભિન્ન સમાચારી વાળા ખરતરાદિક ગચ્છોના સાધુઓ સાથે સમાચારીભેદે કલેશ વિરોધ દ્રોહ ભેદબુદ્ધિ ન ધારણ કરવી, તથા તેઓની સાથે આત્મભાવે વર્તવું. મંતવ્યભેદની ચર્ચા ન કરવી. છાપાઓમાં તેની તકરારો ન ઉઠાવવી. અમુક સાચી માન્યતાવાળા અને અમુક જૂઠી માન્યતાવાળા એવું વિચારવું પણ નહિ. તપાગચ્છની વ્યવહાર સમાચારી પ્રમાણે વર્તવું અને તે દ્વારા આત્મશુદ્ધિ કરવી. ખરતરાદિ ગચ્છીય સાધુઓની પણ સ્વમાન્યતાની પ્રવૃત્તિ દ્વારા મનની શુદ્ધિ થતાં આત્મોન્નતિ મુક્તિ થાય છે. ભિન્ન ક્રિયાઓ છતાં આત્મશુદ્ધિનું લક્ષ્ય તો એકજ છે. જે જે ગચ્છના પૂર્વાચાર્યોએ ઉત્તમ ગ્રન્થો લખ્યા હોય તેની અનુમોદના કરવી અને આગમોમાં જ્યાં મતભેદ જેવું દેખાય ત્યાં કેવલજ્ઞાની ઉપર ભલામણ કરી મધ્યસ્થ રહેવું. ઢુંઢીયા અને દિગંબરીઓ સાથે પણ જે જે સમાન બાબતો હોય તેમાં ઐક્ય ધારવું અને ભિન્ન માન્યતાઓ જ્યાં પડે ત્યાં કલેશ ભેદની ઉદીરણા ન કરવી. તેઓની સાથે જેમ મૈત્રીભાવ વધે તેમ વર્તવું તથા એવો ઉપદેશ દેવો. ગમે તે ગચ્છવાળા સૂરિ સાધુ વગેરેના સમાગમમાં આવતાં મૈત્રીભાવથી વર્તવું તથા પરસ્પર મધ્યસ્થભાવ વધે તેમ વર્તવું. નિશ્ચય સમ્યકત્વ તથા નિશ્ચય ચારિત્ર દશામાં આવતાં શ્વેતાંબર અને દિગંબર આદિ ગમે તેમાં વ્યવહારથી વર્તતાં છતાં મુક્તિ થાય છે. તેમજ વ્યવહાર ચારિત્ર તથા શાસ્ત્ર માન્યતાના ભેદો છતાં અંતરમાં શુદ્ધોપયોગ હોય છે તો મુક્તિ થયા વિના રહેતી નથી. બાહિરની ક્રિયાદિ માન્યતાના વિચારોમાં તો ભૂત વર્તમાન અને ભવિષ્યમાં ભેદ રહેવાનાજ. તેથી આત્મશુદ્ધિમાં આત્મોપયોગીને વ્યવહારથી વર્તતાં ખામી આવતી નથી એમ નિશ્ચયતઃ જાણુ. ભિન્નગચ્છીય શ્રાવકોને આપણા ગચ્છમાં લાવવાના પ્રયત્ન કરતાં

તેઓ વ્યવહારથી તેમના વ્યાવહારિક ગચ્છમાં રહી આત્મજ્ઞાનથી આત્મશુદ્ધિ કરે અને સર્વગચ્છીય સાધુઓની સેવાભક્તિમાં ઉપયોગી બને એવો ઉપદેશ દેવો કે જેથી અન્યગચ્છીય શ્રાવકોનું ભલું થાય. પર્યુષણાદિ પર્વભેદ માટે લખ્યું તે જાણ્યું. તપા ગચ્છ અને ખરતર ગચ્છાદિકમાં પર્યુષણ પર્વ માટે હાલમાં જે તકરારો ચાલે છે તે મારા જાણવામાં છે. તપાગચ્છવાળા તપાગચ્છની માન્યતા પ્રમાણે પર્યુષણ કરે અને ખરતરાદિ ગચ્છવાળા તેમની માન્યતા પ્રમાણે કરે પણ બન્ને આત્મશુદ્ધિ થાય એવી સાધ્યબુદ્ધિથી વર્તે તો ભિન્ન દિવસ પર્વ છતાં નિશ્ચયથી આત્મશુદ્ધિમાં હરકત આવતી નથી. ગમે તે દિવસે પર્વ કરી આત્મશુદ્ધિ કરવી એજ સર્વ પર્વનો ઉદ્દેશ છે. ચોથના દિવસે પણ ધર્મક્રિયાથી આત્મશુદ્ધિ થાય છે અને પંચમીના દિવસે પણ ધર્મક્રિયા કરતાં આત્મોપયોગે વર્તતાં આત્મશુદ્ધિ થાયછે. વર્ષના ત્રણસેને સાઠ રાત્રીદિવસમાં ગમે તે રાત્રીદિવસમાં ધર્મધ્યાનથી અને શુકલધ્યાનથી આત્માની શુદ્ધિ થાય છે, માટે તિથિ પર્વ દિવસ ક્રિયાદિ ભેદ છતાં આત્મોપયોગરૂપ સાધ્ય તરફ લક્ષ રાખી અભેદ ભાવે વર્તવું અને પરસ્પર કલેશની ઉદીરણા કરવા મન વાણી કાયાનો વ્યાપાર ન કરવો. બાહ્ય ભેદોની મત માન્યતાઓ તો રૂપાંતરે ભવિષ્યમાં પણ ગમે તે રીતે પ્રગટ થશે અને તેમાં બાલજીવોને ભેદથી કલેશ થવાના પણ જેઓ અધ્યાત્મજ્ઞાન પામશે તેઓને મધ્યસ્થભાવ અને આત્મભાવ વર્તશે અને તેઓ ગચ્છાદિક વ્યવહાર સમાચારીને પણ નિમિત્તહેતુ જાણી આત્મહિતાર્થે તથા સંઘહિતાર્થે નિર્લેપભાવે સેવશે. અન્યદર્શનીઓ સાથે પણ ચાર ભાવનાથી વર્તવું, તેઓમાં કેઇ કેઇ નિશ્ચય સમ્યકત્વ ચારિત્રને સ્પર્શી કેવલજ્ઞાન પામ્યા અને પામશે. અન્ય ધર્મીઓ સાથે શુદ્ધ પ્રેમથી વર્તવું પણ લક્ષ્ય ચૂકવું નહિ, તથા જૈનધર્મથી ભ્રષ્ટ ન થાય એવાઓએ અન્ય ધર્માચાર્યોના પ્રસંગમાં આવવું. જૈન શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસી ગીતાર્થ સાધુને સર્વ બાબતમાં સ્વતંત્રતાની યોગ્યતા ઘટે છે. મનની શુદ્ધિ કરવા માટે ક્રિયા હોય છે.

જેમાં રસ પડે છે એવું ધર્માનુષ્ઠાન વિશેષતઃ ઉપયોગી બને છે. ભિન્ન ભિન્ન રૂચિવાળા જીવો હોય છે તેથી તેઓની રૂચિભેદે તેઓની શુદ્ધિ માટે ભિન્ન ભિન્ન યોગધર્માનુષ્ઠાનો હોય છે. જેને જે વિશેષ રૂચે તેને તે કરવું જોઇએ તેમાં ખેંચતાણુની કંઈ જરૂર નથી. ધર્મના સર્વ અંગોની ઉપયોગિતા ભિન્ન ભિન્ન જીવોના ભિન્ન ભિન્ન રૂચિભેદ અધિકારે અનુભવવી: અસંખ્ય યોગથી આત્મશુદ્ધિ કરવી એજ લક્ષ્ય સર્વ માટે છે.

ઉપદેશમાં અને લેખમાં સર્વગચ્છીય જૈનોનુ ઐક્ય વધે એવું ખાસ લક્ષ્ય રાખવું. આત્મજ્ઞાનથી સર્વ જીવો સાથે એકાત્મભાવ વધે છે અને મન વાણી કાયાની શુદ્ધિ સાથે ખરેખરી આત્મશુદ્ધિ થાયછે. એકાત્મભાવથી શુદ્ધ અહિંસાભાવ વધે છે. પ્રભુ મહાવીરદે ઉપર પૂર્ણ શ્રદ્ધા ધારવી. જૈન સાધુઓનો નાશ થાય એવો ઉત્કૃષ્ટાચાર ન પ્રરૂપવો. દ્રવ્યક્ષેત્ર કાલાનુસારે સાધુઓ આચાર પાળી શકે અને આત્મશુદ્ધિ કરે એવી પ્રભુ મહાવીરની આજ્ઞા છે અને આપણો આત્મા તે પણ તેમ પ્રકાશે છે. તત્ત્વો ફરે નહિ પણ દેશકાળાનુસારે સાધુઓના આચરણમાં ફેરફાર થાય છે એવું સર્વદર્શનીય સાધુઓની પ્રવૃત્તિથી પણ દેખાય છે. આગમમાં કથેલા સાધુઓના બાહ્ય વસ્ત્રાદિક આચારોમાં અને હાલના આચારોમાં ભેદ પડવાનો, તેથી દ્રવ્યક્ષેત્ર કાલભાવથી જે સાધુપણું પળાય છે તેમાં આરાધકપણું છે એમ જે જાણે છે અને વર્તે છે તે આરાધક છે અને તે ગુરૂભક્ત તથા સંઘભક્ત છે. પરસ્પર ગચ્છના વિચારાચારભેદથી ઉદાસીન બનેલા શ્રાવકોને ગચ્છોની સાપેક્ષદૃષ્ટિએ ઉપયોગિતા બતાવવી અને આત્માની શુદ્ધિ થાય તેવો ઉપદેશ દેવો.

વ્યવહારથી કંચન કામિનીના ત્યાગી અને વ્યવહારથી જૈન ધર્મી એવા સાધુઓ જ્યાં સુધી આત્મશુદ્ધિ કરતા કરાવતા વર્તશે ત્યાં સુધી જૈનસંઘ જીવતો રહેશે. સાધુઓ પર અરૂચિ ખેદભાવ તે જ જૈનસંઘની પડતીનું કારણ છે. જૈન ચતુર્વિધ

સંઘની ઉન્નતિમાં એકતાની ખાસ જરૂર છે. આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી ક્રિયાભેદ માન્યતાઓમાં રાગદ્વેષ પ્રગટતો નથી અને આત્મશુદ્ધિ માટે શુદ્ધોપયોગ વર્તે છે. આત્મશુદ્ધિ માટે મન વાણી કાયાની શુદ્ધિની જરૂર છે. ગુરૂની સેવાભક્તિથી સર્વ પ્રકારની શુદ્ધિ પ્રગટે છે. આત્માનો સત્યાનુભવ કરવા માટે સદ્ગુરૂને સર્વસ્વાર્પણ કરીને ગુરૂમાં મન રાખી જે કંઈ કરવું હોય તે કરવું. આત્મસામ્રાજ્ય પ્રગટાવવાને ગુરૂની આજ્ઞામાં રહેવું અને તે કહે તેમ કરવું એવી શ્રદ્ધાપ્રીતિવાળા શિષ્યોને મુક્તિની પ્રાપ્તિ થાય છે. અલ્પકાળમાં તેઓ પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. ગુરૂની સેવાભક્તિમાંજ અસંખ્ય યોગોની આરાધના છે એવા પૂર્ણ નિશ્ચય વિના કોઈની સિદ્ધિ થતી નથી. સર્વ પ્રકારની પ્રવૃત્તિ કરત્તાં ક્ષણે ક્ષણે મુખથી ગુરૂનામનો જાપ કરવો કે જેથી વારંવાર ગુરૂભક્તિથી આત્મોપયોગ કાયમ રહે. આત્મા, દેવ અને ગુરૂ છે પણ આત્માને ગુરૂ અને દેવરૂપ કરવા માટે ઉપકારી ગુરૂમાં પરમાત્મભાવ ધારવો કે જેથી આત્મા તેજ પરમાત્મરૂપે વ્યક્ત થાય. તારૂં શરીર ઘણું ક્ષીણ થએલું છે. મરણ તો પાસેજ છે એમ માનીને આત્માની શુદ્ધિ કરવા અપ્રમત્તભાવે વર્તવું. શરીર સંબંધી સમાચાર જણાવતા રહેશો. ક્ષણે ક્ષણે મહાવીર દેવનું સ્મરણ કર્યા કરશો. અલ્પકાળમાં આત્માની શુદ્ધિ કરી લેવી. એજ. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક: બુદ્ધિસાગર                                                   મુ૦ પેથાપુર

પાટણ તત્ર વૈરાગ્ય ધર્મક્રિયા જ્ઞાનરૂચિ આદિ ગુણોથી સુપાત્ર શિષ્ય મુનિ જીતસાગરજી યોગ્ય અનુવંદન સુખશાતા.

વિશેષ તમારો પત્ર આવ્યો વાચી સમાચાર જાણ્યા. વિશેષ હવે તમારે શરીરમાં બિલકુલ લક્ષ્ય ન આપવું. સર્વ પ્રકારે

બાહ્યમાંથી આત્મામાં મન ખેંચી લેવું અને ભરનિદ્રાની પેઠે દુનિયાના સર્વ પ્રદાર્થોને ભૂલી જવા. આત્માના ઉપયોગે જાગ્રત્ રહેવું. સર્વ પ્રકારની વાસનાઓને મનમાંથી કાઢી નાખવી. પ્રાણ અને ઈંદ્રિયો તથા દેહથી આત્માને ભિન્નભાવી આત્મસ્વભાવે પ્રાણ જતી વેળાએ સ્થિર થજો. આંખ અને કાનનો ઉપયોગ ટળતાં પહેલાં આત્મામાં આત્મભાવે પરિણમજો. લગ્ન વેળાએ જેમ વરવધૂ આનંદમાં રહે છે તેમ પ્રાણ નીકળતી વેળાએ પણ અંતરમાં આનંદ અનુભવજો. આત્માના ઉપયોગે પરભવમાં જન્મ થતાં પણ આત્મશુદ્ધિ ક્રમમાં આગળને આગળ વધશો એવો પૂર્ણ નિશ્ચય રાખજો અને યોદ્ધાની પેઠે કાળની સાથે યુદ્ધ કરજો. ચાર શરણને સારી રીતે દૃઢ નિશ્ચયથી કરશો અને તેથી તમો અન્ય ભવમાં અરિહંત સિદ્ધ સાધુ અને સર્વજ્ઞ કથિત ધર્મને પામશો. આત્મભાવે દૃઢ નિશ્ચયી રહેશો. જીર્ણ વસ્ત્રની પેઠે શરીર બદલાતાં મનમાં ભય દીનતા ધરશો નહિ. સર્વ મન વાણી કાયાથી કરેલ દુષ્કૃતનો પશ્ચાત્તાપ કરવો. પરભવમાં સદ્ગુરૂની પ્રાપ્તિ થાય અને અરિહંતદેવની પ્રાપ્તિ થાય એવી ભાવના ભાવશો. આત્મા વિના અન્ય સર્વ વસ્તુઓની કામનાનો ત્યાગ કરી નિષ્કામભાવે વર્તજો. આત્માનો ઉપયોગ ધારતાં છેલ્લી બે ઘડીમાં મુક્તિનો અર્ધ પંથ કપાઈ જશે અને અર્ધ પંથ બાકી રહેશે. ક્ષણે ક્ષણે આત્મોપયોગે વર્તશો. શરીર છોડતાં આત્માના રસિયા બની આગળ પ્રયાણ કરશો. સર્વ જીવોને ખમાવી લેજો. સર્વ પ્રકારનાં શલ્યને દૂર કરશો. શરીર છંડ્યા બાદ શું થશે એ બાબતની ચિંતા કરશો નહિ. મનુષ્યભવની છેલ્લી બે ઘડીમાં પણ આત્માની શુદ્ધતાનો ઉપયોગ રહેતાં અવશ્ય આત્માની અર્ધી શુદ્ધિ થાય છે એમ નિશ્ચય રાખીને આત્મવીર!! મોહને જીતવા છેલ્લી વેળાનો જીતસાગર બનજે. સર્વ પ્રકારની માનસિક દુર્બળતાને હઠાવી દેજે. મોહની સાથે યુદ્ધ કરતાં છેલ્લી વખતનો શ્વાસોચ્છ્વાસ છોડજે. છેલ્લા વખતે દુઃખવેદની પ્રગટે તે વેદી લેજે પણ આત્મોપયોગી રહેજે. ત્હને અધ્યાત્મ

જ્ઞાનનો બોધ આપ્યો છે અને ત્હેં જૈનાગમોનો અભ્યાસ કર્યો છે તેનો સદુપયોગ કરજે. પંડિતમરણે અને વીરમરણે જ્ઞાનીઓ, મરે છે. બાહ્યશરીર ત્યાગરૂપ મરણે ત્યાગીઓ મરે છે અને તેઓ આકાશવત્ નિર્લેપ વર્તે છે. ત્હારી દેવગુરૂમાં શ્રદ્ધા ભક્તિ છે તેથી ત્હારૂં આત્મિક શ્રેયઃ પ્રગટશે એવો નિશ્ચય છે. હું ત્હને ખમાવું છું. જ્ઞાનોપયોગ સત્તાએ બન્ને સાથી છીએ.

આત્મા તેજ પરમાત્મા છે અને તે શરીરમાં વર્તમાનમાં બિરાજમાન છે અને આત્મા તેજ હું છું એવો નિશ્ચય જેને થયો છે તે કાલનો પણ કાલ છે એવો આત્મા પોતેજ છું એમ નિશ્ચય ઉપયોગ રાખજે એટલે શરીરમાંથી છુટતી વેળાએ આત્મા પોતાના સ્વરૂપથી નિર્ભય રહેશે. આત્માના શરણે ગએલ મનની પણ સ્વતંત્રતા નિર્ભયતા પ્રગટે છે. આત્મા શુદ્ધ નિશ્ચયદ્રવ્યાર્થિક નયે અબંધ નિર્લેપ અકર્ત્તા અકર્મા છે એવી દશાના ઉપયોગમાં સ્થિર થજે. આત્મા પોતે પોતાને ઓળખે છે એટલે તે તેની આનંદલાલીથી ઝગમગે છે. તું આત્મા છે જડ નથી. મનના સંબંધે સુખદુઃખ વેદાય પણ તેથી પૂર્ણાનન્દમય આત્મા ન્યારો છે એવા ઉપયોગમાં સ્થિર થજે. આત્મા સર્વને જાણે છે પણ આત્માને જાણવા કોઈ સમર્થ થતું નથી, તેથી આત્માની વિશ્વવાડીમાં આત્મા અનંત જ્ઞાનાનંદ શક્તિમય છે એવો હું છું અને તેવો તું છે એવો પૂર્ણ નિશ્ચય ધારણ કર. આત્માના ઉપયોગમાં રહીને શરીરમાંથી પ્રાણ છૂટે આયુષ્ય ટળે તે દેખ્યા કર. આત્માના શુદ્ધોપયોગમાં રમતાં કદાપિ મરણ વખતે વ્યક્ત ઉપયોગ ન રહે તોપણ શુદ્ધોપયોગ સંસ્કારબળથી અન્ય જન્મમાં તુર્ત દેવગુરૂ ધર્મની પ્રાપ્તિ થવાની અને શુદ્ધોપયોગની પ્રાપ્તિ થવાની, તે તથા આત્મા પરમાત્મરૂપે પ્રગટવાનો અને સર્વ કર્મનો ક્ષય થવાનો તેમાં અંશ માત્ર શંકા ન રાખ. આત્મામાં પૂર્ણ શ્રદ્ધા રાખ કે જેથી તું વિદ્યુત્વેગે આત્મશુદ્ધિ કરી શકીશ, જ્ઞાની મૃત્યુકાલે અત્યંત આત્મોપયોગી બને છે. દુનિયાના અજ્ઞલોકો તેના સમાધિમરણને જાણવા

સમર્થ થતા નથી. અજ્ઞલોકો બાહ્યચેષ્ટાથી સુમરણની વા કુમરણની કલ્પના કરે છે પરંતુ તેઓ આત્માના પરિણામને જાણવા સમર્થ થતા નથી. હવે પાટણમાં પર્યુષણ પર્વમાં ધમાલ થશે. ત્હારે વ્યાખ્યાનનો પરિશ્રમ કરવો નહિ. અન્ય સાધુ પાસે વ્યાખ્યાન વંચાવજે. હવે તું ચેતીને આત્મોપયોગે વર્તજે. જન્મેલાઓને જરૂર શરીર છંડવું પડે છે. જે પોતાનું નથી તે ક્યાંથી પોતાનું થવાનું. વસ્ત્રની પેઠે શરીર ત્યાગતાં શા માટે મુંઝાવું જોઇએ. આગળ ગમન કરો. અંધકારમાંથી પ્રકાશમાં જાઓ. આ શરીર સૃષ્ટિમાંથી બીજી શરીરસૃષ્ટિ રચી તે દ્વારા ઉન્નતિક્રમમાં આગળ વધી વ્યક્ત પરમાત્મા બનો. સાંવત્સરિક ક્ષમાપના પહેલાંથી કરી લેજો. મેં પણ કરી છે. હવે તમે પત્ર લખવાની સ્થિતિમાં રહી શકશો નહિ. આત્માનું સ્મરણ કરશો. ગુરૂભાવે મેં તમને ધર્મ-માર્ગમાં જોડ્યા છે અને શિક્ષાઓ આપી છે. તેથી તમારૂં મન દુભાયુ હોય તો ક્ષમાવું છું. હવે તમે આગળની આત્મશુદ્ધિ શાળામાં ગમન કરજો. સંબંધે ભેગું થવાય છે સર્વને આત્મભાવે સ્મરશો. હવે હું શું લખું. આત્મસ્વભાવે સદા તમારૂં અમારૂં એકતાએ મિલન છે. આત્મા આત્માને ઓળખે એ જ આત્મસંબંધ છે. એજ ધર્મસાધન કરશો. તિલકસાગરને સુખશાતા.

**इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३** શ્રાવણ વદિ ૧૧.

---

લેખક: બુદ્ધિસાગર મુ૦ પાદરા.

ચૈત્ર સુદિ ૫ સં. ૧૯૭૫.

જૂનાગઢ ગિરનાર. તત્ર સુશ્રાવક શા. પાનાચંદ જયચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. વિ. તમે ગિરનાર પર્વતપર ધ્યાન ધરો છો તે જાણ્યું. વડોદરામાં તમે મળ્યા તથા પાદરામાં ફાગુણ માસમાં સાથે રહ્યા તેથી તમારી દશામાં વિકળતા છે એમ જણાયું. મેં ત્હને ના કહ્યું

છે. હજી હારી શાસ્ત્રજ્ઞાનમાં કચ્ચાશ છે. હારા મનમાંથી કુટું-
બની વાસના છૂટી નથી અને તેથી તું પીડિત છે. પ્રાણાયામ
સાધે છે પણ હને ગુરૂગમ મળી નથી. આત્મજ્ઞાનનો અનુભવ
જોઇએ તેવો આવ્યો નથી તેથી મારી તો હિતશિક્ષા એ છે કે
તું ગુરૂના સમાગમમાં રહે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર. હજી હને
સિદ્ધિયો મેળવવાનો પ્રેમ છે, હજી હને વૈરના સંસ્કારો નડે
છે, હજી હને કામવાસના ટળી નથી. આત્મજ્ઞાન વિના ઘર અને
વન એક સરખું છે. આત્મજ્ઞાનનો અનુભવ થતાં ઘરમાં અને
વનમાં એક સરખું આત્મહિત છે. હજી હને લક્ષ્મીની વાસના
છે માટે પ્રથમ તો તું વાસના દૂર કર. એકેક ઇંદ્રિયના વિષય મોહે
અનંતી વખત જન્મમરણ થયાં માટે મનમાંથી મોહ કાઢી નાખ.
અને આત્માનો અનુભવ મેળવ. અધુરા હઠયોગીઓના સમાગ-
મથી ગાંજા વગેરે વ્યસનોનો દાસ બનીશ. પોતાનું શરીર છે તે
ગિરનાર પર્વત છે અને હૃદય છે તે ગુફા છે. મસ્તક છે તે
સાતમી ટુંક છે અને ત્યાં શુદ્ધોપયોગ તેજ મહાયોગી છે.
ત્રિપુટી છે તે પાંચમી ટુંક છે ત્યાં ચઢવાનો માર્ગ કઠિન છે. પાંચમી
ટુંકથી બ્રહ્મરંધ્રમાં જવાનો સ્થિરતારૂપ સાતમી ટુંકનો માર્ગ નીકળે
છે. ઉપયોગરૂપ સુષુમ્ણા નાડીમાં સંચરવાથી સાતમી અપ્રમત્ત દશા
ભૂમિકારૂપ સાતમી ટુંકે પહોંચાય છે. જડ પહાડોમાં પ્રભુ વસતા
નથી પણ શરીર ગિરનારમાં સાક્ષાત્ આત્મપ્રભુ વસે છે. પહાડોમાં
ચિત્તની એકાગ્રતા કરવા માટે જ્ઞાની મહાત્માઓનો વાસ સારો છે.
જ્ઞાની મહાત્માઓને ધ્યાન ધરવા માટે પર્વતાદિ એકાંતસ્થળો
ઘણાં ઉપયોગી છે. હજી હને તેવી દશા થઈ નથી. પાંચ ઇન્દ્રિ-
યોના વિષયોમાંથી હારૂં મન ખરેખરૂં આત્મા તરફ ગયું નથી.
આત્મામાં મન રમતાં સર્વ તીર્થો આત્મામાં છે એવો નિશ્ચય
થાય છે અને આત્માના અનંત આનંદનો સાક્ષાત્કાર થાય છે.
મનમાં બાહ્યરાગ છે ત્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર નથી. જ્યારે
જ્ઞાન ગર્ભિત વૈરાગ્યથી આગળ આત્મા આપોઆપ પોતાનો
સાક્ષાત્કાર કરે છે ત્યારે આત્માનંદ પ્રગટે છે. પશ્ચાત્ તપ જપ

વૈરાગ્ય આદિ સાધનોની જરૂર રહેતી નથી અને તે સાધનો થાય છે તો પશ્ચાત્ તે સંઘવ્યવહાર દૃષ્ટિએ અન્યોના ઉપકારાર્થ થાય છે. હજી ત્હને એક વાર આત્માનંદરસની ખુમારી પ્રગટી નથી. આત્માનંદની ખુમારી પ્રગટતાં પશ્ચાત્ સ્પર્શેન્દ્રિય આદિ ઈન્દ્રિયોદ્વારા રસ લેવાની ઇચ્છા રહેતી નથી અને કદાપિ પ્રારબ્ધ કર્મોથી ભોગમાં પ્રવૃત્તિ થાય છે તો તેમાં રસબુદ્ધિ હોતી નથી. તેમાં ફક્ત વેઠની પેઠે પ્રવૃત્તિ થાય છે પ્રથમ વૈરાગ્યદશામાં વિષયો વિષ સમાન લાગે છે પશ્ચાત્ જ્ઞાનદશા પ્રગટતાં વિષયોમાં વિષપણાની વૃત્તિ વા અમૃતપણાની વૃત્તિ રહેતી નથી પશ્ચાત્ જે કંઇ બાહ્ય પ્રવૃત્તિ થાય છે તે ઔદયિકમાં નિર્લેપપણે થાય છે તેથી આત્મા નિર્લેપ રહે છે. વિષયોમાં ઈન્દ્રિયોની પ્રવૃત્તિ સમભાવે થાય અને આત્મોપયોગથી આત્મરસ પ્રગટતો રહે એવી દશાવાળા આત્માને ગુરૂના આલંબનની જરૂર રહેતી નથી. અપક્વ આત્મા જો ગુરૂનો સંગ ત્યજે છે તો તેની સ્વચ્છંદતાથી તેને મોહ ઘેરી લે છે. ત્હારા મનની વિકલતા થવાનો પ્રસંગ ત્હેં સ્વછંદતાએ ઉભો કર્યો છે તેથી ત્હને ઘરમાં વા વનમાં ચેન નહિ પડતાં ગાંડા જેવી દશા પ્રગટતાં આત્મશુદ્ધિના ઉપયોગથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ સંભવે એવું અનુમાન થાય છે માટે ચેતતો રહેજે. ત્હને એવું લાગે તો મળી જજે કે જેથી વિકળતા ટળે. ત્હને મારાપર શ્રદ્ધા પ્રેમ છે પણ તે પરિપૂર્ણ નથી તેથી મારી આજ્ઞા પ્રમાણે વર્તવામાં ખામી રાખે છે અને સ્વચ્છંદી બની સ્વાત્માનુભવ થયા વિના સ્વેચ્છાએ વર્તવાથી લાભ નથી પરંતુ ઉલટી ઘણી હાનિ છે. હજી તું ચેતેતો ચેતવાનો અવસર છે. સંવત્ ૧૯૬૪ ની સાલમાં પાદ્રામાં વકીલ. મોહનલાલ હિમચંદના દેખતાં દીક્ષાની ના પાડી છે. દેવેન્દ્રસાગરે ત્હને દીક્ષા આપવાનો પ્રસંગ સં. ૧૯૭૩ માં ઉભો કર્યો હતો પણ મારા વિચાર વિરૂદ્ધ હતો. ત્હારા મનમાંથી મોહને દૂર કર. વાસનાઓને સાથે લઈ વનમાં ડુંગરમાં જવાથી શું ? જો હવે તું નહિ ચેતેતો બાજી હાથમાંથી જશે. કોઈ પણ જ્ઞાની ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા પૂર્ણ પ્રેમ મૂકીને કોઇ ભક્ત અન્ય મહા-

ત્માઓના સમાગમમાં ગુરૂની આજ્ઞાથી આવે છે તો તેનો આત્મા પાત્ર બને છે અન્યથા કોઈના પર શ્રદ્ધા પ્રેમના અભાવે આત્મા પાકતો નથી પણ ઈંડું, જેમ માતાના સેવનવિના બગડે છે તેમ મન બગડી જાય છે. માટે મારી આજ્ઞા પ્રમાણે વર્ત. ત્હારી માતા વગેરેપર શુદ્ધપ્રેમ ધારણ કર અને પાછળનું સર્વ ભૂલીજા. મ્હને આત્માનો સાક્ષાત્ કંઇક અનુભવ થયો છે તેમાં ખાસ મારા ગુરૂઓની કૃપાજ કારણ છે અને ગુરૂની આજ્ઞા પ્રમાણે ગચ્છાચારનો વ્યવહાર જેમ બને છે તેમ નિર્લેપભાવથી સચવાય છે અને સહેજે ઉપદેશાદિક પ્રવૃત્તિ થયા કરે છે. ગુફામાં ધ્યાન ધરી એકાંત શુદ્ધોપયોગી જીવન ગાળવાની મારી તીવ્રેચ્છા પ્રથમ હતી તે ગુરૂકૃપાથી હવે તો હૃદય ગુફામાં આત્મોપયોગ જીવન ગળાય છે તેથી તે ઇચ્છાની હવે જરૂર નથી. મ્હને ઉપાશ્રયમાં અને પર્વતમાં હવે તો આત્મોપયોગે એક સરખું ભાસે છે. ગુરૂએ જે પ્રમાણે આજ્ઞા કરે છે તે પ્રમાણે હું વર્તુ છું. આત્મોપયોગે વર્તવાથી સમભાવ અને આત્માનંદનો ક્ષયોપશમભાવે નિશ્ચય થયો છે. ગુરૂની કૃપા મેળવવી અને ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું એમાંજ ત્હારૂં હિત છે. શ્રાવકના ધર્મ પ્રમાણે વર્તવાથી ત્હારૂં આત્મહિત છે, ક્યાં બાહિરમાં ભટકે છે? બાહ્ય સંકટ વિપત્તિયોથી કંટાળવું નહિ પણ તેમાંથી સાર ખેંચવો. જ્ઞાનીને બાહ્ય સર્વ સંયોગોમાંથી આત્મશુદ્ધિ પ્રગટે એવો સાર મળે છે કેમકે તેની સવળી દૃષ્ટિ થઈ હોય છે. શાસ્ત્રોનું તું વાંચન કરે છે તેના કરતાં ગુરૂ પાસે આત્મબોધ શ્રવણ કરવારૂપ શ્રુતજ્ઞાન પ્રાપ્તકર!! પશ્ચાત્ આત્મહિતમાં વૃદ્ધિ કર. જ્ઞાનદર્શન ચારિત્રની આરાધના કર. ગૃહસ્થદશામાં ગૃહસ્થ શ્રાવક ધર્મ પ્રમાણે વર્ત. ધર્મસાધન કરજે. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

इत्वेवं ॐ अर्हं शांतिः ३

---

સં. ૧૯૭૨. ચૈત્ર સુદિ ૮

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

શ્રી મેહસાણા. તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત. મુનિ. જીતસાગરજી યોગ્ય અનુવન્દન સુખશાતા.

વિશેષ. તમારો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા. વિશેષ. જૈનશાસ્ત્રોના અભ્યાસમાં લયલીન રહેવું. જૈનશાસ્ત્રોના અભ્યાસથી શ્રુતજ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. પ્રથમ દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહભાવની સિદ્ધિ કરવાથી શ્રુતજ્ઞાનનું રહસ્ય પ્રાપ્ત કરી શકાય છે. મનવાણી કાયાથી શરીરધારક જીવોની હિંસા કરવી નહિ; કરાવવી નહિ અને કરતાને અનુમોદવો નહિ એ દ્રવ્યદયા છે અને મિથ્યાત્વ મોહથી આત્માને બચાવવો એ ભાવદયા છે દ્રવ્ય સત્ય અને ભાવ સત્યથી વર્તવું એ પ્રમાણે પાંચયમમાં દ્રવ્યભાવથી વર્તવું એજ આત્માની પૂર્ણોન્નતિ કરવા માટે પ્રથમ સાધન છે. સાધનથી સાધ્યની સિદ્ધિ થાય છે. શ્રુતજ્ઞાનનો પરિપૂર્ણ અનુભવ કરવા માટે યમનિયમરૂપ ચારિત્રની ખાસ જરૂર છે. યમનિયમથી આગળ વધવું જોઇએ. શ્રુત અને ચારિત્રથી આત્માનો પૂર્ણાનન્દરસ પ્રગટ કરવાની જરૂર છે. વિશ્વમાં સર્વ કોઇ આનંદરસને માટે પોતાને સુઝે તે કાર્ય કરે છે, પણ તેમાં આનંદરસ પડતો નથી તો તે કાર્યનો મનુષ્ય ત્યાગ કરે છે. આત્માનો અનંત આનંદરસ પ્રગટાવવા માટે શ્રુત અને ચારિત્ર બે વ્યવહાર સાધન છે. શ્રુતજ્ઞાનથી ગીતાર્થ થવું એને વ્યવહાર સાધન છે. શ્રુતજ્ઞાનથી ગીતાર્થ થવું અને વ્યવહાર ચારિત્રથી નિશ્ચય શુદ્ધાત્મ ચારિત્રમાં જવું. ગચ્છ પ્રતિલેખનાદિવ્યવહાર તે શુદ્ધાત્મરસનાં સાધન છે. ગચ્છનો મોહત્યાગવો પરંતુ ગચ્છનું આલંબન છે તે ન ત્યાગવું. સાધુઓના આચાર પ્રતિપાદક આગમોને સાધુઓએ જાણવાં જોઇએ અને સાપેક્ષદષ્ટિએ આત્મશુદ્ધિ અર્થે સાધુ વ્રતાચારોને પાળવા જોઇએ. દ્રવ્ય તે ભાવનિમિત્તે થવું જોઇએ અને યમાદિ ઔપચારિક ચારિત્રથી આત્માના શુદ્ધ આનંદરસને

પ્રાપ્ત કરવા માટે ખાસ પુરૂષાર્થ સ્ફોરવવું તેજ સત્યયોગ છે. આત્માનો પૂર્ણ આનંદરસ પ્રગટ કરવો તેજ ધર્મ અને તેજ યોગ અને તેજ સર્વ પ્રકારની મોહાદિકષાયોની ગુલામગીરીમાંથી છૂટવાનો ઉપાય છે. મોહથી મુક્ત થવું એજ સ્વતંત્ર આત્મ સામ્રાજ્ય છે. અને એવા આત્મસામ્રાજ્યના પૂર્ણાનન્દને પામવાનાં સાધનોનો સમુદાય તેનેજ પ્રભુ મહાવીરે જૈનધર્મ તરીકે પ્રરૂપેલ છે. પ્રભુ મહાવીરદેવે સર્વાત્માઓને પૂર્ણમહાવીરદેવ થવા માટે જૈન ધર્મની પ્રરૂપણા કરી છે. જ્ઞાનદર્શન ચારિત્રાદિ અસંખ્ય યોગરૂપ જૈનધર્મ છે. આત્માનો મોક્ષ કરવા માટે જૈનધર્મ તે સાધન છે અને એ પ્રમાણે વર્તવાથી આત્માની પૂર્ણશુદ્ધિ થાય છે. ભક્તિ, જ્ઞાન, કર્મયોગ, ઉપાસના, વૈરાગ્ય, ત્યાગ, સેવા, વગેરે અસંખ્ય યોગો છે. જેને જેમાં રસ પડે તેણે તે યોગથી આત્માનો પૂર્ણાનંદ પ્રકટ કરવા પ્રબળ પુરૂષાર્થ કરવો. ગુરૂને સ્વાર્પણ કરીને નિષ્કામભાવે આગળ વધવું. દેવગુરૂધર્મની આરાધના તેજ મોક્ષ-માર્ગ છે. મોક્ષમાર્ગમાં અપ્રમત્તપણે વિચરવું. દોષોને ટાળવા તીવ્ર પુરૂષાર્થ કરવો પણ દોષીઓપર શુદ્ધ પ્રેમ ધારણ કરવો એજ આત્માનંદરસ વેદવાની યુક્તિ છે. એકવાર કર્મમાં અલિપ્ત રહેવા માટે કર્મયોગનું સાધન વાચન મનન કરી જવું અને નિર્લે-પપણે વર્તવા અત્યંત પુરૂષાર્થ કરવો. રસમયભાવથી દરેક ધર્મ-કાર્યમાં પ્રવર્તવું. આત્માનું સમ્યગ્ જ્ઞાન થવાથી અનેક પ્રકારના હઠકદાગ્રહો ટે છે અને આત્માની આનંદરસતા અનુભવાય છે. કર્મગ્રન્થ કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થોથી કર્મનું સ્વરૂપ જાણવું અને આગમસારાદિ ગ્રન્થોથી આત્મા અને નયનું સ્વરૂપ જાણવું અને સર્વ દર્શનોને નયોની અપેક્ષાએ જૈનદર્શનમાં ઘટાવતાં શીખવું અને સવિકલ્પક સાપેક્ષ જ્ઞાનરૂપ શ્રુતનો એવી રીતે અનુભવ કરીને નિર્વિકલ્પક આત્મજ્ઞાનનો અનુભવ સાક્ષાત્કાર કરવો અને વ્યવ-હારથી જૈનધર્મમાં સ્થિર થવું તથા વ્યવહાર ધર્મનયની પુષ્ટિ કરવી કે જેથી બાલજીવોને ક્રમે ક્રમે ચઢતાં ભ્રાંતિ ન થાય તથા તેએ પૂર્ણશ્રદ્ધાથી વ્યવહાર ધર્મ પાળે અને નિશ્ચય ધર્મમાં આવી શકે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવું અને તે પ્રાપ્ત કરવા ઉપાધિકારક સંયોગોથી મુક્ત થવું. સર્વ પ્રકારની મોહાદિ વાસનાઓથી મુક્ત થવું એવી પ્રભુ મહાવીરદેવે ત્યાગીઓ માટે પ્રરૂપણા કરી છે. પ્રથમ જૈનશાસ્ત્રો અને સદ્‌ગુરૂનું પરિપૂર્ણ અવલંબન કરવું અને આત્મશુદ્ધિની બુદ્ધિએ ધર્મકાર્યો કરવાં. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી નિત્ય નૈમિત્તિક આદિ કર્મ છે અને તે નિર્મોહભાવે કરવાં એમાં નિર્મોહભાવ વર્તે છે કે કેમ નથી વર્તતો તેનું શું કારણ વગેરે જાણું અને મનમાં પ્રગટતા દોષોને હાળ એમ આત્માની શુધ્ધિ કર !

---

લેખક. બુદ્ધિસાગર. મુ૦ પેથાપુર.

સં. ૧૯૭૩ જેઠ સુદિ. ૧૫

શ્રી વિજાપુર. તત્ર. શ્રાવક. શા. સુરચંદ સ્વરૂપચંદ યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા. તમારૂં ચિત્ત અધ્યાત્મજ્ઞાનમાં રમે છે તે સારૂં છે પરંતુ અધ્યાત્મજ્ઞાનના ઉપયોગથી દેવપૂજા, ગુરૂભક્તિ, પ્રતિક્રમણ, સામાયિક, સંઘભક્તિ વગેરે ધર્માનુષ્ઠાનો કરવાની જરૂર છે. આત્માનો ઉપયોગ રાખીને શ્રાવકનાં ધાર્મિક કર્મો કરવાં જોઇએ. નિશ્ચય દૃષ્ટિવાળાને હું વ્યવહાર ધર્મનો ઉપદેશ દઉં છું-જ્ઞાનીને શુષ્કતાનો ભય છે અને ક્રિયાવાદીને જડતાનો ભય છે. વ્યવહાર ધર્મની પ્રાપ્તિ વિના નિશ્ચય ધર્મની પ્રાપ્તિ થતી નથી. સર્વજ્ઞ મહાવીર પ્રભુએ પણ વ્યવહાર ધર્મને કેવલજ્ઞાન છતાં પણ લોકોના હિત માટે આચર્યો હતો. વ્યવહાર ધર્મનું ઉત્થાપન કરવાથી જૈનધર્મનો ઉચ્છેદ થાય છે. પંચમારકમાં છેવટ સુધી ક્ષેત્રકાલાનુસારે સાધુઓ સાધ્વીઓ શ્રાવકો અને શ્રાવિકાઓ વર્તશે. ક્ષેત્રકાલાનુસાર સાધુઓ હોય છે. પંચમારકમાં પ્રશસ્ય રાગદ્વેષવાળા સંયમધારક સાધુઓ

અને સાધ્વીઓ વર્તે છે એવું પ્રભુ મહાવીરદેવે પ્રકાશ્યું છે. અધ્યાત્મજ્ઞાનથી સાધુઓપર રૂચિ પ્રગટે છે અને સાધુઓનાપર ભક્તિભાવ જાગ્રત્ થાય છે એવી દશા જ્યાં નથી ત્યાં વાચિક અધ્યાત્મજ્ઞાન છે એમ જાણશો.. શ્રાવક દરરોજ ભાવથી દેરાશરમાં જાય છે અને પ્રભુ પ્રતિમાનાં દર્શન કરીને તથા સાધુને વાંદી સુખશાતા પુછીને ખાય છે. મધ્યાહ્નકાલે તે પ્રભુ પ્રતિમાને પૂજે છે અને ગુરૂને ભોજનાદિકને વહોરાવી છતી શક્તિએ ખાય છે. સાધુનાં વસ્ત્રોપકરણ ઉપધિઆદિ દેખીને અશ્રદ્ધાળુ ન બનવું. આત્મોપયોગી મૂર્છાના અભાવે શરીરરક્ષાદિ કારણે વસ્ત્રપાત્રાદિ સામગ્રી દેશકાલાનુસારે રાખે છે તેથી શુદ્ધાત્મ રમણતારૂપ ચારિત્રને કોઇ જાતની હરકત આવતી નથી. પ્રભુ મહાવીરદેવનાકાલે સાધુઓ બાહ્યાચારવસ્ત્ર પાત્રાદિકથી જૂદિ સ્થિતિવાળા હોય અને હાલ જૂદિ સ્થિતિવાળા હોય પણ આત્મોપયોગ રમણતારૂપ લક્ષ્ય હોય તો પછી કંઇ ફેરફાર નથી. દેશકાલાનુસારે ઉપધિ આચાર વગેરેમાં તો ફેરફાર થયા કરે છે એમ અસંખ્ય તીર્થંકરોનો ઉપદેશ છે, પરંતુ તત્ત્વજ્ઞાન તો એક સરખું રહે છે એમ સર્વ તીર્થંકરોની આજ્ઞા છે માટે ક્ષેત્રકાલાનુસારે સાધુઓના આચારો કર્યા છે અને તેથી સાધુઓ વિદ્યમાન વર્ત્યા કરે છે અને તેઓ યથાશક્તિ વ્યવહાર યમનિયમાદિ ચારિત્રનું પાલણ કર્યા કરે છે અને આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા રૂચિધારી પ્રયત્ન કરે છે અને કેટલાક ગીતાર્થો આત્મજ્ઞાનને પામે છે. સદા વર્તમાનકાલમાં ચતુર્વિધસંઘ વર્તે છે એમ માની તે પ્રમાણે વર્તે છે અને ચતુર્વિધસંઘની સેવાભક્તિ કરે છે તે સમકિતી છે અને જે નાસ્તિક છે તે મિથ્યાત્વી છે. સમકિતીની સંગથી ધર્મબુદ્ધિ પ્રગટે છે અને નાસ્તિકની સંગતિથી સમકિતબુદ્ધિ ટળે છે અને મિથ્યાબુદ્ધિ પ્રગટે છે તેથી સાધુઓ ઉપર અરૂચિદ્વેષ નિંદાભાવ પ્રગટે છે. અધ્યાત્મજ્ઞાની જે ખરેખરો છે તે તમારી પેઠે સાધુઓની સેવાભક્તિ કરે છે. વ્રતાદિકની આરાધના કરે છે અને ત્યાગીઓના એક અણુસેવક તરીકે પોતાને માને છે, ત્યાગી ઉપકારી ગુરૂને આવતા દેખી ઉભો થઇ

આદરસત્કાર કરે છે. વાંદે છે પૂજે છે. ગુરૂ આવતાં શ્રાવક, ભાવથી ઉભો થાય છે, ગુરૂ બેઠા પછી બેસે છે. ગુરૂ ઉભા થતાં પોતે ઉભો થાય છે. ગુરૂની પાછળ ચાલે છે. ગુરૂને વહોરાવીને ખાય છે. સમકિતદાયક ત્યાગી ગુરૂને સર્વ સ્વાર્પણ કરી વર્તે છે. ગુરૂના આશયોને સમજે છે, અને કોઈ ધાર્મિક વિચારાચારમાં ગુરૂની અનુમતિ ગ્રહણ કરે છે. ગુરૂનો ત્યાગ કરતો નથી. પોતાના ગુરૂની નિંદાહેલના સહન કરતો નથી. કોઈકાલે ગુરૂની નિંદા કરનારનો સંગ કરતો નથી. ગુરૂથી કોઇ વિચાર છાનો રાખતો નથી, તેમજ કોઈ પ્રવૃત્તિને ગોપવતો નથી એવા શ્રાવકનું તેના ગુરૂ કલ્યાણ કરવા સમર્થ થાય છે. તેવો શ્રાવક સમકિતી છે અને તે દેશવિરતિને પામે છે અને તે સર્વ વિરતિ ચારિત્રને પામે છે નિવૃત્તિ પામ્યા વિના આત્માની પરમાત્મતા અનુભવાતી નથી. આત્મજ્ઞાન નથી સર્વથા વિરતિપણું પમાય છે. જેને આત્માપર રંગ લાગ્યો છે તેને બાહ્ય લક્ષ્મી અને ધનિકોની બિલકુલ સ્પૃહા રહેતી નથી. આત્મા કંઇ લક્ષ્મી અગર સત્તાથી અગર ઇન્દ્ર જેવી સત્તાથી પ્રાપ્ત થતો નથી. ચિદાનંદ સ્વરૂપ આત્માને માટે ગુરૂની આજ્ઞાનુસાર વર્તવુંજ જોઈએ. દુનિયાનું બાહ્ય રાજ્ય પણ આત્માના રાજ્ય પાસે નાકના લીંટ સમાન છે એમ જેને નિશ્ચય થાય છે તેજ આત્માનુભવ કરી શકે છે, બાકી બાહ્યલક્ષ્મી આદિની પ્રાપ્તિની ધમાલમાં રાત્રી દિવસ ગુંથાઈ રહેનારને આત્માની શાંતિનો અનુભવ આવી શકતો નથી. પરમાનંદ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય જન્મ છે. પરમાનંદ પ્રાપ્ત થયા પછી કંઈ કર્તવ્ય બાકી રહેતું નથી. સર્વ વિશ્વનું ઉપરીપણું મળે તો પણ આત્માનંદી તેમાં રસ લેઈ શકે નહિ. આત્મામાં અનંત આનંદરસ છે તેનો અંશ પણ આત્મા વિના અન્ય વસ્તુઓના ભોગથી મળી શકતો નથી, માટે પકવ અધ્યાત્મજ્ઞાની બાહ્ય વસ્તુઓના ભોગમાં સુખબુદ્ધિ ધારણ કરતો નથી. હવે તમારૂં શરીર જીર્ણવસ્ત્રની પેઠે જીર્ણ થયું છે. તમને સાધુઓપર સેવા ભક્તિભાવ છે. પ્રભુની મૂર્તિદ્વારા દ્રવ્યથી અને ભાવથી સેવા કરો છો. તપ તપો છો. જ્ઞાની સાધુ-

ઓની સંગતિમાં આત્મરસ વેદો છો. જૈનધર્મપર પૂર્ણ શ્રદ્ધા છે તેથી તમે પરભવમાં જૈનધર્મ અને દેવગુરૂને પામશો અને આત્મશુદ્ધિમાં આગળ વધશો. મારા બોધથી તમને જ્ઞાન ક્રિયાપર સમ્યક્ શ્રદ્ધા પ્રગટી છે તેવું તમે જણાવ્યું છે એજ સ્યાદ્વાદ જ્ઞાનીનું લક્ષણ છે. મુનિ દેવેન્દ્રસાગર જૈનાગમોનો અભ્યાસી થયો છે. હવે તે ધ્યાનદ્વારા આત્મજ્ઞાનમાં વિશેષ રસ અનુભવે છે. તમારા ગૃહસ્થ કૂળમાં તે દીપક સમાન થયો છે. તે બ્રહ્મચર્યનો અત્યંત સાધક બન્યો છે. હઠયોગનો અભ્યાસ કરીને મારી આજ્ઞા પ્રમાણે રાજયોગનો અનુભવ કરે છે. સર્વ પ્રકારની કામનાને હઠાવવા માટે આત્મજ્ઞાનનો ઉપયોગ કરે છે તેથી તમારે પ્રમોદ ભાવ ધારવો જોઇએ. તમે જો ચારિત્ર ગ્રહ્યું હોતતો આત્માની વિશુદ્ધતામાં અધ્યાત્મજ્ઞાની હોવાથી ઘણા આગળ વધ્યા હોત. જે બનવાનું હોય છે તે બને છે. ચારિત્ર લેવાની તમારી ઇચ્છા અન્ય જન્મમાં પાર પડો. આત્માના ઉપયોગથી આત્માનું સ્મરણ કરશો. પંચપરમેષ્ઠીરૂપ આત્માને માટે પંચપરમેષ્ઠી નમસ્કારથી તથા તેના સ્મરણથી આત્માના સ્વરૂપને જાગ્રત્ રાખશો. એકવાર પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ જો સ્મરાય છે તોતે એળે જતું નથી તો વારંવાર આત્માના શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ રાખવાથી આત્માની શુદ્ધતારૂપ પરમાત્મતા પ્રગટયા વિના રહે નહીં એમ નિશ્ચયથી જાણશો. શ્રીમદ્ આનંદઘનજી, ચિદાનંદજી અને ઉપાધ્યાયનાં પદોનું વારંવાર મનન નિદિધ્યાસન કરશો. સંતસાધુઓના સમાગમમાં રહેશો. આત્માના આનંદમાં મસ્ત રહી શરીર છોડવું અને આત્મામાં લક્ષ્ય રાખવું, આત્મજ્ઞાનના ઉપયોગમાં સર્વ ધર્મો સમાઈ જાય છે. વૃદ્ધાવસ્થા અને છેવટની પીડાનું દુઃખ સહન કરતાં આત્માના યોગી થઇ પ્રાણ ત્યજવા. દેવગુરૂ ધર્મની વ્યવહાર અને નિશ્ચયતઃ આરાધના કરશો. **इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३**

લેખક બુદ્ધિસાગર મુ. વિજાપુર

સં. ૧૯૭૦ પોશ સુદિ ૧

અમદાવાદ. તત્ર સુશ્રાવક શિષ્ય ભાઈ હલસુખ મગન યોગ્ય ધર્મ લાભ વિ. ત્હારા પત્રથી સ્વાત્મવૃત્તાંત જાણ્યું, હાલ ત્હારો ધર્મ બ્રહ્મચર્યનું પાલન કરવું તેજ છે. બ્રહ્મચર્ય–કાયિક વીર્યનું રક્ષણ કરવું. યુવાવસ્થામાં કામના વિચારને આવતોજ અટકાવવો અને બ્રહ્મચર્યની ઉત્તમતાના વિચારોમાં લયલીન રહેવું. ઉર્ધ્વરેતાઓ વિશ્વનું કલ્યાણ કરવા સમર્થ બને છે. ઉર્ધ્વરેતા બ્રહ્મચારીઓ યોગની સર્વ ભૂમિકાઓને સ્પર્શે છે, માટે બ્રહ્મચર્યને દેવસમાન ગણી તેનું પાલણ કર કે જેથી સર્વ યોગનો અધિકારી બનીશ. યુવાવસ્થા ગદ્ધાપચ્ચીશી છે તેને જાગવ! બ્રહ્મચર્યથી આભવ અને પરભવમાં તું આત્મોન્નતિમાં આગળ વધીશ. બ્રહ્મચર્યાવસ્થા જતાં સર્વે ગયું જાણજો. ચારિત્ર યોગ સાધવાનો પ્રસંગ પ્રાપ્ત થશે તો હાલની બ્રહ્મચર્યાવસ્થાથી અત્યંત લાભ થશે. ચામડી અને રૂપનો મોહતેજ મરણ છે એવા મરણે અનંતીવાર મરણ થયું માટે લગ્નનો વિચાર પણ માંડી વાળજે. કામની વાસના એજ સર્વ રોગ અને દુઃખનું તથા અશક્તિનું મૂળ છે માટે હવે તું બ્રહ્મચર્યથી આત્મજ્ઞાન માટે જીવ. દેવગુરૂની ભક્તિથી બ્રહ્મચર્યની રક્ષા છે. પ્રભુ પૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વગેરે ધર્મ ક્રિયાઓ કરવામાં અપ્રમત્ત રહેજે. સુસંગતિ કરજે. સંસારની માયાજાળને ભ્રાંતિ સમાન ગણજે. આત્મામાં જ આનંદ છે અને જડમાં લેશ પણ આનંદ નથી એવા દૃઢ નિશ્ચયથી ધર્મસાધન કરજે. ધાર્મિક પુસ્તકો વાંચજે એજ.

ॐ अर्हं शांतिः ३

લેખક: બુદ્ધિસાગર                                                     મુ૦ પુંત્રરા
સં. ૧૯૭૭, વૈશાખ.

શ્રી સાણંદ તત્ર. સુશ્રાવક. શા આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ વિ. તમારો પત્ર પહોંચ્યો. હાલમાં ચાલતી અસહકારની અને સ્વરાજ્યની ચળવળ વિષે મારા વિચારો મંગાવ્યા તે નીચે મુજબ છે. પૂર્ણ શુદ્ધાત્મપદ પાળવું. અષ્ટ કર્મથી આત્માને મુક્ત કરવો. આત્માને અનંત જ્ઞાનાનંદમય કરવો તે શુદ્ધ નિશ્ચય નયથી પૂર્ણ સ્વતંત્ર મુક્ત પૂર્ણાનંદમય સ્વરાજ્ય છે તેને પ્રાપ્ત કરવા માટે શ્રાવક ધર્મ અને સાધુ ધર્મની આરાધનામાં મોહ વૃત્તિયોથી દૂર રહેવું. દુર્ગુણોથી અને વ્યસનોથી દૂર રહેવું તે અસહકાર છે અને ધર્મ ધ્યાન ક્રિયા કરવી, દેવગુરૂની સેવાભક્તિ કરવી, યમનિયમાદિની આરાધના કરવી. શુદ્ધ પ્રેમે શુદ્ધોપયોગ પામવો, ધ્યાન ધરવું, ધર્માનુષ્ઠાનો કરવાં આત્માનુયાયી મન કરવું તે સહકાર છે. દેવગુરૂની સેવાભક્તિ ધ્યાનથી સર્વ વિશ્વજીવોની સાથે અહિંસાભાવ પ્રગટે છે. મોહરાજાની ઈચ્છાઓના કાયદાઓનો આત્મપ્રેમથી ભંગ કરવો તે સવિનય કાયદાભંગ છે. આત્માનું ચિદાનંદમય રાજ્ય તેજ સ્વરાજ્ય છે, બાકી પુદ્ગલનાં રાજ્ય તે મોહનાં રાજ્ય હોવાથી પરરાજ્ય છે. આત્માના શુદ્ધ રાજ્યમાં આવવા માટે સર્વ વિશ્વ લોકો અહિંસા, સત્ય, અસત્ય, નિર્મળત્વ, ત્યાગ, સંતોષ ભાવે વિચરે તો બે ઘડીમાં સર્વ વિશ્વમાં સાચી શાંતિ પ્રસરાય. પૃથ્વીને મારી ત્હારી માની મોહમય સહકાર કરવા અસહકાર કરવો. તે માયાના રાજ્યવાદીઓને ઘટે છે પણ શુદ્ધાત્મ રાજ્યવાદીઓને તો સર્વ વિશ્વના લોકો એક નિજાત્મ સરખા લાગે છે. મ્હને સર્વ વિશ્વ લોકો સાથે સર્વ જીવો સાથે એકાત્મભાવ વર્તે છે અને તેજ આત્મપ્રભુનું રાજ્ય છે, બાકી બાહ્ય રાજ્યમાં મોહનું સામ્રાજ્ય વર્તે છે અને વર્તવાનું એવું પ્રકૃતિથી થયા કરે છે અને થશે. આત્માની શુદ્ધિના સહકારમાં અને અસહકારમાં વિશ્વલોકોને લાવવાં અને બાહ્ય દેશ કોમ જાતિ. શરીર વર્ણભેદ મોહને ભૂલી જવો તેજ આર્ય મહાત્માઓનું કાર્ય છે. ત્યાગીઓને ત્યાગ દશામાં

સ્વરાજ્ય છે, એમને બાહ્ય મોહરાજ્યની જરૂર નથી. અહિંસા અસ્તેય, બ્રહ્મચર્ય, નિર્મોહભાવ, ધ્યાન સમાધિમાં સત્ય આત્મ સ્વરાજ્ય છે. તેમાં રમવું તે સર્વ વિશ્વની ત્યાગી સત્ય શહેનશાહી છે. કાળા ગોરા પીળાના ભેદમાં મરી જવાથી સ્વરાજ્ય નથી. સ્વરાજ્યનો મુખ્ય ઉદ્દેશ સ્વતંત્રતા, જ્ઞાન અને આનંદ પ્રાપ્ત કરવો તેજ છે. ફ્રાન્સ અમેરિકા સ્વતંત્ર્ય રાજ્યો છે પણ ત્યાંનાં લોકો વિષયભોગથી શરીર મનના દાસ બનેલા છે. હજી તે આશા મોહ વિષયો ભોગ બુદ્ધિથી પરતંત્ર અને દુઃખી છે તેમને આત્મજ્ઞાન વિના શાંતિ નથી. તેઓ વિષય કાયદાના ગુલામ છે મોહરૂપ શયતાનના દાસ છે. જડમાં સુખ શોધતા છતા તેઓ જડ પદાર્થોથી સુખ પામતા નથી. તેઓ આત્મજ્ઞાન વિના અજ્ઞાની છે. આત્મ સ્વરાજ્ય તેઓ સમજી શક્યા નથી. ફ્રાન્સના લોકો ધન સત્તા વિદ્યા રાજ્યથી કંઇ સત્યસુખ પામ્યા નથી. પ્રભુના રાજ્યમાં પ્રવેશ કર્યા વિના વિષયાશા, મોહ, કામવાસના, ભોગ બુદ્ધિ અને ક્રોધાદિક દોષોની જેલોમાંથી લોકો મુક્ત થવાના નથી. આ ભવમાં આત્માના આનંદને પામવો તેજ સ્વરાજ્ય છે. બાહ્ય વિષયોનો આનંદ તે ક્ષણિક આનંદ છે. વ્યસનોનો આનંદ ક્ષણિક છે, તેવા ક્ષણિક આનંદવાળા અને દુઃખવાળા રાજ્યમાં મોહ ધારણ કરવો તે શયતાનીયતપણું છે એમ મારી પૂર્ણશ્રદ્ધા છે. પ્રભુ મહાવીર દેવે અનંત આનંદમય આત્મશુદ્ધતારૂપ સ્વરાજ્ય દર્શાવ્યું છે તેવું રાજ્ય પામવું તે માટે સદ્‌ગુરૂના શરણે રહીને વર્તવું જોઈએ. એવા સ્વરાજ્યની લડત માટે કોઈની હિંસા કરવી પડતી નથી અને એવું સ્વરાજ્ય પામવા માટે સર્વ વિશ્વ લોકો, અધિકારી છે અને એવું સ્વરાજ્ય લેવા માટે બાહિરમાં ભટકવાની જરૂર નથી. એવું વિશ્વવ્યાપક સ્વરાજ્ય છે તેમાં રાગ દ્વેષ હિંસા દુઃખ નથી. કરોડો વર્ષથી તીર્થંકરો એવા સ્વરાજ્યની પ્રાપ્તિનો ઉપદેશ આપે છે, તે જૈનશાસ્ત્રોથી જણાય છે. જૈનશાસ્ત્રો અને જૈનધર્મ તથા ગુરૂદેવમાં પૂર્ણશ્રદ્ધા પ્રેમથી પ્રવર્તવું તેજ સ્વરાજ્યકર્મ છે. એનાથી ભ્રષ્ટ થતાં આત્મરાજ્યની પ્રાપ્તિ થતી નથી. સમ્યક્ત્વ

અને ચારિત્રધારી જૈનાગમોના પૂર્ણશ્રદ્ધાળુ ગીતાર્થ સદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તતાં શ્રાવકોને અને સાધુઓને સ્વરાજ્યની પ્રાપ્તિ થાય છે. એવું સ્વરાજ્ય ખરેખર આત્મામાં છે અને તે પ્રભુનું રાજ્ય છે એવા રાજ્યને મ્હેં અમુક હદનું પ્રાપ્ત કર્યું છે અને પૂર્ણ સ્વાત્મરાજ્ય પ્રાપ્ત કરવાને પુરૂષાર્થ પ્રવર્તે છે. જૈનધર્મને દેશથકી આચરવો તે દેશથી સ્વરાજ્ય છે અને ચારિત્ર અંગીકાર કરવું તે સર્વ વિરતિ સ્વરાજ્ય છે. ચોથા સમ્યગ્ દૃષ્ટિગુણ સ્થાનકથી અયોગી ચૌદમા ગુણ સ્થાનકનું અને અને પશ્ચાત્ સિદ્ધાવસ્થાનું સ્વરાજ્ય પ્રાપ્ત કરવા માટે કમરકસી પુરૂષાર્થ કરવો જોઈએ. દારૂ માંસનો ત્યાગ કરવો એતો આત્મ-રાજ્યમાં પ્રવેશ કરવાને સર્વ લોકોને ઉપયોગી છે અને સાધન ભૂત છે. માત્ર દયાથી સ્વરાજ્ય મળતું નથી તેમજ ફક્ત દ્રવ્ય સત્યથી આત્મ રાજ્ય મળતું નથી. આત્મરાજ્યની પ્રાપ્તિ માટે ભાવ સત્ય તથા સમ્યકત્વ અને ચારિત્ર તેજ સત્ય ઉપાયો છે. અન્ય દેશીય મનુષ્યોથી અસહકાર કરવો તે દ્વેષજન્ય અસહકાર છે. સર્વ વિશ્વ જાતીય મનુષ્યોમાં રહેલા મિથ્યાત્વ મોહ દુર્ગુણ કષાયોનો સંગન કરવો અને સર્વાત્માઓ કે જે મનુષ્યો વગેરેમાં રહેલા છે તેઓને આત્મપેઠે પ્રેમી માનવા તે અસહકાર અને સત્ય સહકાર છે એમ સર્વ વિશ્વ લોકો અધ્યાત્મ જ્ઞાનથી સમ-જશે ત્યારે સર્વ વિશ્વની સ્વરાજ્ય એકતા શાંતિ સુખતા પ્રવર્તશે. જૈન ધર્મરૂપ સ્વરાજ્યની પ્રાપ્તિ માટે જૈનોએ જૈનધર્માચારો પાળવા. એમ સર્વ ધર્મવાળા મનુષ્યો અધ્યાત્મ જ્ઞાનથી કષાયોને ટાળી આત્મામાં મન ધારશે ત્યારે સત્યાનંદને પામશે. જૈનશા-સ્ત્રોમાં બાહિર અને આધ્યાત્મિક સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના ઉપાયો દર્શાવ્યા છે અને તેને પ્રાપ્ત કરવા માટે સાધુઓ સાધ્વીઓ શ્રાવકો અને શ્રાવિકાઓ યથાશક્તિ પ્રવર્તે છે. અહિંસાથી અધ્યાત્મ સ્વરાજ્યમાં પ્રવેશ થયા વિના બાહ્ય રાજ્યોમાં નીતિ શાંતિ સ્થિર રહેતી નથી. હિંદીઓ અન્ય દેશો કરતાં આધ્યાત્મ રાજ્યમાં આગળ વધ્યાં છે તેઓ જો અમેરિકા વગેરેનાં બાહ્ય સ્વાતંત્ર્ય રાજ્યના

ધ્યેય તરફ સ્વધ્યેય વળશે અને આત્મા રાજ્યથી વિમુખ થશે તો તેઓ આર્ય જૈનપણાને ગુમાવી દુઃખી થશે. સંપ્રતિકાલમાં ધ્યાન સમાધિ કરનારા જે ત્યાગી મુનિવરો આત્માના આનંદને ભોગવે છે તેઓ આત્મ રાજ્યના અનુભવીઓ છે તેઓની સંગતિથી સ્વરાજ્ય અર્થાત્ અનંત આનંદનો લાભ પ્રાપ્ત થશે. અખંડ આનંદમાં મસ્ત રહેવું તેજ સત્ય આત્મ સ્વરાજ્ય છે. આત્માના આનંદની પ્રાપ્તિ કર્યા વિના સ્વરાજ્યનાં ભાષણો વાર્તાઓ કર્યાથી કંઇ વળતું નથી માટે અધ્યાત્મ સ્વરાજ્ય તરફ વળ. ભય ખેદ દ્વેષ વિના ધર્માનુષ્ઠાન. કર. મૃત્યુભયથી ડરીને સત્યથી વિમુખ થવું તેજ પર રાજ્યની ગુલામી છે. અજ્ઞાન મોહ અને કામ વાસના વૃત્તિયોનો ઉચ્છેદ કરતાં આત્મામાં પરમેશ્વરપણું અનુભવાય છે. બાહિરથી સ્વતંત્ર રાજ્ય માનનારાએ પણ અજ્ઞાન મોહ કામાદિ શયતાનના દાસો છે. પરપુદ્ગલ સંગથી સુખ થાય છે એવું અજ્ઞાન ધરાવનારા લોકો પરતંત્ર દુઃખી ગુલામ છે માટે આત્મા તરફ વળ. આત્માનું રાજ્ય પ્રાપ્ત કરવા શ્રાવક ધર્મનું આરાધન કર. ગૃહસ્થ દશામાં નિર્લેપપણું પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કર. સાત્વિક આહાર જલપાન વસ્ત્રથી કાયા અને મનની શુદ્ધિ કર. બાહ્ય રાજ્યના મોહે કેટલાક કુલાચારી જૈનો અને ત્યાગીઓ જૈનધર્મથી ભ્રષ્ટ થાય એવો વખત આવી લાગશે તેમાં જૈનશાસ્ત્રોને નહિ જાણવાં અને ગીતાર્થ ગુરૂની સંગતિનો અભાવ અને બાહ્યમોહ કારણીભૂત થશે. આત્મ રાજ્યની પ્રાપ્તિ માટે બાહ્ય રાજ્ય સમકિતીને ઉપયોગી છે. બાહ્ય રાજ્યથી અધ્યાત્મ રાજ્યમાં જવું જોઇએ. અધ્યાત્મજ્ઞાની યોગીઓ આત્માના અનંત આનંદમાં સ્વરાજ્ય અનુભવે છે. સર્વથી મહારાજ્ય પરિપૂર્ણ શુદ્ધ સ્વતંત્ર મુક્ત સિદ્ધોને છે તેથી ઉતરતું ચોદમાં તેરમા ગુણ સ્થાનક વર્તિ કેવલ જ્ઞાનીઓને શુદ્ધાત્માનંદ પૂર્ણ જ્ઞાનમય સ્વરાજ્ય છે તેથી ઉતરતું બારમા ગુણસ્થાનકમાં તેથી ઉતરતું અનુક્રમે એકાદશમામાં, દશમામાં, નવમામાં, આઠમામાં, સાતમામાં, છઠ્ઠામાં, પાંચમામાં, ચોથામાં અને તેથી ઉતરતું ફક્ત બાહ્ય

રાજ્ય પ્રથમ ગુણસ્થાનકમાં છે. સાતમા ગુણસ્થાનકમાં અપ્રમત્ત યોગીઓ ધ્યાન સમાધિદ્વારા નિર્વિકલ્પ આત્માનંદ આસ્વાદે છે. આત્મધ્યાન સમાધિમય અપ્રમત્ત સાતમી ભૂમિકામાં યોગીઓ કેવલ આત્મજ્ઞાનના આનંદમાં મસ્ત રહે છે, તેઓ શરીરદ્વારા બાહ્ય વિષયોના ભોગથી આનંદ અનુભવાતો નથી. છઠ્ઠા પ્રમત્તગુણ સ્થાનકમાં પ્રમત મુનિયો આત્માનંદનો અનુભવ કરે છે અને બાહ્યમાં પ્રમાદયોગથી પ્રશસ્યધર્મ કાર્યોથૈ પ્રવર્તે છે ફક્ત પ્રમત્તગુણ સ્થાનકમાં કેવલ આત્માનંદ ભોગનું સ્વરાજ્ય નથી. તેમાં અંશે અંશે પુદ્ગલભોગ શાતા અને અશાતાવેદનીયનું રાજ્ય પણ હોય છે, પણ તે ભોગાવલી કર્મથી હોય છે. પાંચમા દેશવિરતિ ગુણસ્થાનમાં દેશથી આત્માનંદ વર્તે છે અને પુદ્ગલ ભોગાનંદ પણ વર્તે છે, એવું મિશ્રિત આનંદરૂપ સ્વરાજ્ય પાંચમી ગુણસ્થાનકભૂમિકામાં વર્તે છે. ગૃહસ્થો મિશ્રાનદરૂપ સ્વરાજ્ય સુધી આવે છે. છઠ્ઠી ભૂમિકારૂપ છઠ્ઠાગુણ સ્થાનકમાં ત્યાગીઓ આવે છે. ચોથી સમ્યગ દૃષ્ટિગુણસ્થાનક ભૂમિકામાં આત્માનંદનો અનુભવ આવે છે, તેથી જડ ભોગઆનંદપર શ્રદ્ધા રહેતી નથી, ફક્ત પ્રારબ્ધ કર્મયોગે જડ વસ્તુઓના ભોગની પ્રવૃત્તિ થાય છે પણ તેથી સમ્યગ્જ્ઞાની જડવસ્તુઓના ભોગરૂપ બાહ્ય રાજ્યમાં લેપાતો નથી. સમ્યગ્જ્ઞાની જે થાય છે તે સ્વરાજ્યની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ પ્રારંભે છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાની, દેહમન અને ઇન્દ્રિયોમાં સ્વરાજ્યનો નિશ્ચય ત્યજે છે અને આત્માના પૂર્ણ શુદ્ધતાનાનન્દમાં સ્વરાજ્યનો નિશ્ચય કરે છે. ચોથા ગુણસ્થાનકમાં અને પાંચમા ગુણસ્થાનકમાં વર્તનારા ગૃહસ્થો હોય છે અને તેઓ બાહ્ય રાજ્યમાં મોહ પ્રગટતાં તેને ઉપશમાવે છે અને આત્મજ્ઞાનાનંદ રાજ્યનો ઉપયોગ રાખીને બાહ્યરાજ્ય કરે છે પણ તે અત્યંત નિર્લેપ રહે છે. પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનક ભૂમિકામાં મનુષ્યો દેહને ઇન્દ્રિયોને આત્મા માને છે અને જડ વસ્તુઓમાં સ્વરાજ્ય માને છે. મિથ્યાબુદ્ધિથી જડવાદીઓ દેહભોગમાં અને દેહરાગમાં સુખની બુદ્ધિ ધારણ કરે છે. જડવાદીઓ જડલક્ષ્મી

સત્તાદેહના ભોગ વિના અન્ય આત્મસુખને નિશ્ચય કરી શકતા નથી. આત્મસુખનું અધ્યાત્મ સ્વરાજ્યને તેઓ કલ્પિત માને છે, તેઓ પૃથ્વી લક્ષ્મી સત્તા વિદ્યા વગેરે માટે પરસ્પર યુદ્ધ કરે છે. દેહમાં રહેલ આત્માનું સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી આત્મજ્ઞાન કહેવાય નહિ. આત્મજ્ઞાન વિના સત્ય આત્મ સ્વરાજ્ય ઓળખાય નહિ. જ્ઞાનીગીતાર્થ યોગીના સમાગમથી આત્મજ્ઞાન પ્રગટે છે. જૈનશાસ્ત્રો આદિ ધર્મશાસ્ત્રોના અભ્યાસથી આત્મ રાજ્યની દિશા સુજે છે. આત્મ રાજ્યથી દેહરાજ્ય અને બાહ્યરાજ્ય શાસન- ભિન્ન છે. મિથ્યાત્વ ગુણસ્થાનક ભૂમિમાં અજ્ઞાન રાગદ્વેષ કામ અને બહિરાત્મબુદ્ધિનું પ્રબળ જોર હોય છે તેથી અજ્ઞાનીઓ દુનિયા માત્રનું રાજ્ય પામે તો પણ શાંતિ પામવા સમર્થ થતા નથી, માટે શુદ્ધાત્માનંદ પ્રાપ્તિરૂપ સ્વરાજ્ય પામવા માટે પ્રભુની પેઠે ગુરૂમાં શ્રદ્ધા પ્રેમ રાખીને સર્વ દોષોથી મુક્ત થવા ગુરૂની આજ્ઞાનુ- સાર વર્તવું જોઇએ. આત્માનંદ માટે ગુરૂ શરણે જવું અને પ્રથમ મનવાણી કાયાની શુદ્ધિ કરવી એ સ્વરાજ્યનાં સાધનો છે. ચોથી ગુણસ્થાનક ભૂમિકાથી ઉત્તરોત્તર આત્માની શક્તિયો ખી- લવા માંડે છે. આત્માનીજ્ઞાનાદિ શક્તિયોને ખીલવવી તેજ આત્મ- સ્વરાજ્ય ચોથા ગુણસ્થાનકથી ગૃહસ્થ દશામાં ખીલે છે અને તેથી દેવા રાજ્યથી બાહ્ય સ્વરાજ્યની ઉત્તરોત્તર ઘણી શુદ્ધિ છે. લોકો- ત્તર ભાવ સ્વરાજ્ય તે આત્માનું સ્વરાજ્ય, ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવે જાણવું. આત્મા અને કર્મનો ભેદ જાણવો તે યોગની પહેલી ભૂમિકા છે. આત્માના જ્ઞાનવડે રજોગુણ તમોગુણ વૃત્તિ અને કર્મનો ત્યાગ કરવો તે યોગની બીજી ભૂમિકા છે. સર્વ સાંસારિક વસ્તુઓની મૂર્છા ત્યાગીને આત્મારૂપ પરમાત્માને આત્મભાવે દેખવો અને બાહ્યકર્મમાં નિર્લેપ રહેવું તે યોગની ચોથી ભૂમિકા છે. અન્તરાત્મ બની શુદ્ધોપયોગે બાહ્ય વ્યવહારથી વર્તવું તે પાંચમી ભૂમિકા છે. રજોગુણ તમોગુણ અને સત્ત્વગુણવાળી બુદ્ધિ કર્મથીભિન્ન મોહાતીતપણે શુદ્ધાત્મ પરમાત્મ સ્વરૂપમાં લય- લીન થવું, તે યોગની છઠ્ઠી ભૂમિકા છે અને આત્મા તેજ પરમાત્મ

સ્વરૂપે કેવલ જ્ઞાનાનંદથી પ્રગટે તે યોગની સાતમી ભૂમિકા છે. આઠમી કર્માતીત પરમાત્મ દશા છે. સાતે ભૂમિકાઓની પ્રાપ્તિથી પરિપૂર્ણ નિત્ય અનંત શુદ્ધ બ્રહ્મસ્વરાજ્યનો આત્મા ભોક્તા બને છે. ચોથા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધીમાં સાતે ભૂમિકાઓનો અંતર્ભાવ થાય છે. રાજા પ્રજા સર્વમનુષ્યો જો આત્માના સત્યપૂર્ણાનંદ સ્વરાજ્યમાં લક્ષ્ય રાખીને બાહ્યસ્વરાજ્યમાં વર્તે તો અત્યંત નિર્લેપ દશા પામવા લાયક બની શકે એમ નિશ્ચય છે. આત્માના આનંદને પામવો તેજ માટે મનુષ્ય જન્મ છે. મનુષ્ય જન્મ પામીને દેવગુરૂધર્મની આરાધના કરવી તે આત્મસ્વરાજ્યના પૂર્ણાનન્દ માટે છે. આત્માનો આનંદ પ્રગટ થાય તોજ બાહ્ય-ભોગની નિવૃત્તિ થાય. બાહ્યાનંદ ક્ષણિક અને દુઃખરૂપ છે માટે આત્માનંદ પામવો એજ પરમકર્તવ્ય છે. મ્હારો ધર્મ અને મારૂં સ્વરાજ્ય તે પરમેશ્વરના ધર્મ સ્વરાજ્યરૂપ છે. પરમેશ્વરની જાતિ છે તેજ મારી જાતિ છે એમ મ્હને નિશ્ચય થવાથી સર્વ ખંડના મનુષ્યો મારા આત્મરૂપ લાગે છે તેથી તેઓ સાથે આત્મભાવે વર્તવામાં આવે છે. ત્યાગીમુનિયો આત્મસ્વરાજ્યમાં મસ્ત થૈ મ્હાલે છે. તેઓનો પરમેશ્વરની સાથે સહકાર છે અને મોહની સાથે અસહકાર છે એવા ત્યાગીમુનિયો ખરેખરૂં આત્મસ્વરાજ્ય પ્રાપ્ત કરે છે અને દુનિયાના લોકોને આત્મરાજ્ય દર્શાવીને તેઓના બાહ્યસ્વરાજ્ય સંબંધથી પ્રકટેલા દોષોને દૂર કરે છે તેથી આત્મસ્વરાજ્ય દર્શાવ-નાર ત્યાગી મસ્ત મુનિયો સમાન જગત્‌માં સર્વ ગૃહસ્થ સંઘ પણ ભાવ ઉપકાર કરવા શક્તિમાન્ થતો નથી. દેહ દ્વારા જે સુખ ભોગવવું તે દેહ સ્વરાજ્ય છે. મન અને ઇન્દ્રિયોનું આરોગ્ય તે મનોરાજ્ય છે. દેશ ખંડ વિશ્વલોકોના પર રાજ્ય કરવું તે દેશખંડ વિશ્વરૂપ બાહ્યસ્વરાજ્ય છે. દેહાદિક બાહ્યરાજ્યો ક્ષણિક છે. વસ્તુતઃ તે સ્વરાજ્ય નથી. આત્માનું રાજ્ય નિત્ય અખંડ છે, બાકીનાં ક્ષણિક છે. એક ખંડના લોકો અન્ય ખંડના લોકોપર રાજ્ય કરે તે પણ સત્યસ્વરાજ્ય નથી. બાહ્યસ્વરાજ્ય માનનારા-ઓમાં ન્યાયનીતિ સત્ય અહિંસા શુદ્ધપ્રેમ સેવાભક્તિ તપવ્રત

મૈત્રીઆદિ ભાવના સંપઆદિ ગુણો હોય છે અને દુર્ગુણોની સાથે અસહકાર હોય છે તો તેથી બાહ્યરાજ્યમાં શાંતિ સુખ અમુક કાલ સુધી વર્તે છે. આત્મરાજ્ય અર્થાત્ પરમાત્મ રાજ્ય પામવાનું જેઓના લક્ષ્યમાં છે તેઓ ગૃહાવાસમાં બાહ્યરાજ્યમાં પણ ન્યાય નીતિ, સત્ય, દયા, પ્રમાણિકતા, સદ્વર્તન ધારવા શક્તિમાન્ બને છે તેથી પરસ્પર થતાં હિંસાયુદ્ધ ટળે છે. હિંદના લોકો આત્માનું સ્વરાજ્ય લક્ષ્યમાં રાખીને તેની પ્રાપ્તિ માટે બાહ્યરાજ્ય સ્વતંત્રતા પ્રાપ્ત કરશે તો તેઓ ધર્મથી આર્ય તરીકે રહી શકશે. અન્યથા આત્મસ્વરાજ્ય ભૂલીને આસુરી રાજ્યમાં તણાઈ જશે. ત્યાગીઓનું ઉપયોગી મહત્વ ભૂલી જઇ સ્વરાજ્યની લાલસાએ દેહ, ઇન્દ્રિય, મનના એકાંતિક જડવાદી પૂજારીઓ બની જશે અને પૌર્વાત્ય સંસ્કાર પર પાશ્ચાત્ય સંસ્કારોનો ગેલેટ ચઢાવી દેશે અને પોતાનું ખરૂં આધ્યાત્મિક જ્ઞાનસ્વરાજ્ય અને તેના આચારોને અને વિચારોને ખોઇ બેસશે. ત્યાગીમુનિઓ ગુરૂઓપરથી શ્રદ્ધા પ્રેમ ઉઠવાની સાથે આધ્યાત્મિક રાજ્ય કે જે હાલ જે કંઈ વર્તે છે તેને ખોઇ બેસશે. અમેરિકા વગેરે દેશો સ્વતંત્ર રાજ્ય પામ્યા છે પણ તેઓ આત્માના સુખને પામ્યા નથી, તેઓ બાહ્યસુખ માટે અનેક સુધારાની ધમપછાડો માર્યા કરે છે પણ તેથી સુખી થયા નથી. આત્મજ્ઞાનીઓમાં સ્વરાજ્ય અંશ માત્ર દૂર નથી. આત્મજ્ઞાનીઓ સ્વરાજ્યને પામેલા છે, તેઓને બાહ્યરાજ્યની પરતંત્રતામાં પણ સત્ય આત્માનું રાજ્ય પ્રવર્તે છે. જૈનશાસ્ત્રકારોએ અનાદિકાલથી આત્મરાજ્ય અને બાહ્યરાજ્ય અને તેની પ્રાપ્તિના હેતુઓ જણાવ્યા છે. આત્મરાજ્ય પામ્યા વિના કોઇ પૂર્ણાનંદ પામ્યું નથી અને પામનાર નથી. આત્મરાજ્યની પ્રાપ્તિમાં દુનિયાના લોકોની જે રૂચિ પ્રગટે તો દુનિયામાંથી વર્ણ ધર્મ દેશ રાજ્યભેદ મોહ દૂર થાય અને સર્વ ખંડના લોકો સુખથી સંપીને અધ્યાત્મજીવન ગાળી શકે. બાહ્યરાજ્યનું ધ્યેય તે આત્મરાજ્યના ધ્યેયવિના આસુરી બને છે. ત્રણુગુણવાળી પ્રકૃતિનું બાહ્યદુનિયામાં રાજ્ય છે તેથી દુનિયામાં એક ગુણવાળું રાજ્ય થયું નથી અને કદાપિ થનાર

નથી. રજોગુણ તમોગુણ અને સત્વગુણ પ્રકૃતિ અર્થાત્ મોહ પ્રકૃતિની પેલીપારનું રાજ્ય તે શુદ્ધ બ્રહ્મરૂપ શુદ્ધાત્મ સ્વરાજ્ય છે એવા સ્વરાજ્યને સર્વ વિશ્વના લોકો પ્રાપ્ત કરો અને કૂતરાં જેમ હાડકાં ચુસીને સુખની ભ્રાંતિ ધારણ કરે છે એવી ભ્રાંતિથી લોકો બાહ્યપૃથ્વીના મારાત્હારાપણાના ભેદથી દૂર થાઓ. આત્મરાજ્યમાં સર્વ વિશ્વલોકોનું ઐક્ય છે અને એવું પ્રભુ મહાવીરદેવે સત્ય સ્વરાજ્ય જણાવ્યું છે તેમાં અમારૂં ત્હારૂં અને વિશ્વલોકોનું લક્ષ્ય રહો. સૂર્યના પ્રકાશ કરતાં અનંતગુણ જ્ઞાનપ્રકાશ અને અનંત આનંદવાળું સ્વરાજ્ય ખરેખર શરીરમાં રહેલા આત્મામાં છે તેની પ્રાપ્તિ માટે આત્મજ્ઞાનીઓનું શરણ કરવું જોઇએ. ત્યાગીસાધુઓ તેવા સત્યસ્વરાજ્ય માટે ઉઠયા છે, વિશ્વલોકો તે માટે ઉઠો અને બાહ્યસ્વરાજ્યમાં થતા દોષોને દૂર કરો, એવો વિશ્વને મારો સંદેશ છે. આત્મારામ તું પણ આત્મામાં રમી સત્ય આત્મારામ બનવા પ્રયત્ન કરજે અને પુદ્‌ગલારામ બનીશ નહિ. બાહ્યજડ દુનિયામાં અનંત શોધો થાય તોપણ સત્ય સુખ નથી એમ સમજી જૈનધર્મની આરાધના કરજે. પ્રકૃતિમાંથી અહંત્વાધ્યાસ દૂર કરી આત્મારામ બનજે એવો સર્વ તીર્થંકરોનો અને મારો ઉપદેશ છે, તે પ્રમાણે વર્તજે.

इत्वेवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક: બુદ્ધિસાગર મુ૦ સંખેશ્વર.

ફાગણ સુદિ ૧૫ સં. ૧૯૭૫.

અમદાવાદ મધ્યે. વૈરાગ્યાદિ ગુણાલંકૃત. મુનિરાજ. સમતા પાત્ર શ્રી રંગસાગરજી મહારાજ યોગ્ય અનુવન્દન સુખશાતા. તમારી પ્રકૃતિ વિશેષ નરમ થઇ તે જાણ્યું છે. હવે આત્માના સ્વભાવમાં વિશેષ રહેશો. પંચમારકમાં આત્માનો ઉપયોગ રાખશો વૈરાગ્યથી આત્માને ભાવશો. ચાર શરણમાં ચિત્ત રાખશો. આપણા

ગુરૂમહારાજની અંતિમદશાનો અનુભવ તમને થયો હતો તેનો ઉપયોગ રાખશો. તમારૂં બાલ્યાવસ્થાથી ધર્મી નિર્મલજીવન છે, તેથી તમારા આત્માની સદ્ગતિ થશે. ધર્મી આત્મા સદ્ગતિમાં જાય છે. મુનિ ગુલાબસાગરજીએ સં. ૧૯૬૧ માં વૈશાખમાં માણુસાગામમાં દેહનો ત્યાગ કર્યો હતો. ત્યારબાદ તમોએ દીક્ષા અંગીકાર કરી ચારિત્ર પાળી સારી રીતે આત્માની આરાધના કરી છે. ગુરૂની પાસે રહી તમે આત્મકલ્યાણ કર્યું છે. દેહની મમતા ન રાખવી. આત્મા તો ત્રણ્યકાલમાં અમર છે. તમે તો જીવતા જ છો. તમારૂં શરીર છૂટશે તેથી મુંઝાઇ ન જવું. ખરી વખતની કસોટીમાં આત્માની શ્રદ્ધામાં દૃઢ રહેવું. સર્વજીવોને ખમાવી લેશો. વ્રતાદિકની આલોચના કરશો. તમારા આત્માની અત્યંત સરલતા હતી તેથી તમારી સદ્ગતિ થવાની અને ત્યાંથી પરમાત્મપદ પામવામાં આગળને આગળ વધવાનાજ. મુનિ ઋદ્ધિસાગરજી તમને નિર્યાપના કરાવશે. તમારી સાથે સર્વથા ક્ષમાપના કરૂંછું. પ્રભુ મહાવીરદેવનું શરણુ ધારશો. તમારૂં સ્મરણ ભૂલાશે નહિ. ધર્મમાં ચિત્ત રાખશો.

इत्येवं ॐ अर्हं शांतिः ३

---

સં. ૧૯૭૮. માગશર વદિ ०))

લેખક બુદ્ધિસાગર. મુ૦ અમદાવાદ.

વિજાપુર. તત્ર. સુશ્રાવક શા. મોહનલાલ જેશીંગભાઇ આદિ યોગ્ય ધર્મલાભ. વિ. અત્ર હાલ તો સ્વરાજ્યાર્થે અહીં મહાસમિતિની ધમાલ ચાલી રહી છે. પરમેશ્વરની ભક્તિ, ધ્યાન અને આત્મજ્ઞાન વિના વિશ્વખંડોનાં રાજ્યો સત્યશાંતિ સુખ પામી શકવાનાં નથી. અમેરિકા, જર્મની, રૂશિયા, ફ્રાન્સ વગેરે રાજ્યો બાહ્યરાજ્ય સ્વાતંત્ર્યથી ખરી શાંતિ પામ્યાં નથી અને પામનાર નથી. સ્વતંત્ર દેશો પણ ભયથી શસ્ત્રબદ્ધ રહે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને

પ્રભુભક્તિથી આત્મામાં સ્વરાજ્ય સ્વતંત્રતા સમજાય છે ત્યારે અન્ય પ્રજાઓને ગુલામ બનાવવાની ઇચ્છા થતી નથી અને અન્ય દેશોની પ્રજાને અન્યાયથી દુઃખી કરવી પીડવી એ પાપ સમજાય છે, જ્યાં પુણ્ય, પાપ, ઇશ્વર, આત્માનું જ્ઞાન નથી ત્યાંની પ્રજા બાહ્યથી સ્વતંત્ર છતાં વરૂના જેવી છે. અન્યોનાં રક્ત ચુસીને જીવવું એ હિંસામય પશુ જેવી બાહ્યસ્વતંત્રતા છે. એવી હિંસક સ્વતંત્રતા કરતાં ન્યાયવાળી પરતંત્રતા સારી. જ્યાં પ્રભુનો વિશ્વાસ નથી. ધર્માચરણ નથી ત્યાં સદા સ્વતંત્ર રાજ્યના નામે અશાંતિ વર્તે છે. યુરોપમાંથી પ્રભુ મરી ગયા એવી તેની દશા થઇ છે એવી અમેરિકા અને જાપાનની દશા થાય એવો સંભવ રહે છે. ભારતદેશમાંથી પ્રભુ, ધર્મ, સંત, અને અધ્યાત્મજ્ઞાન ટળે અને તેના સ્થાને ભૌતિક સામ્રાજ્ય પ્રગટે જડવાદ પ્રગટે તો આર્યાવર્ત પોતાની કાયાને પલટી નાખે. પણ તેવું ન બને એવો ઇશ્વરી આદેશ છે. ભારત દેશ આર્ય છે તે પોતાની મહત્તા ન ભૂલે તો તે આધ્યાત્મિક સ્વરાજ્યને રક્ષી શકશે.

આસુરીશક્તિના બળે સ્થપાયલાં સ્વતંત્ર સ્વરાજ્યો અંતે પાયામાંથી ઢળી પડે છે, યુરોપ અને અમેરિકાએ એ રહસ્ય ના ભૂલવું જોઇએ. અધ્યાત્મજ્ઞાનથી સર્વ વિશ્વરાજ્યોની એકતા કાયમ રહે છે, કારણ કે તેથી સર્વવિશ્વમાં સુરીશક્તિયોનો વાસ થાય છે. ભારતે સુરીશક્તિયોનો સંગ કદાપિ ન મૂકવો જોઇએ. દુર્ગુણો જ્યાં ખદબદે છે અને જ્યાં ઘરમાં વધુવરને પણ એક બીજાપર વિશ્વાસ નથી ત્યાં સ્વતંત્રતા નથી પણ પરતંત્રતા છે. નીતિથી જીવવું અને અનીતિ કદાપિ ન ધરવી એવી જ્યાં આચરણા છે, ત્યાં સ્વતંત્રતા અને સુખ છે. યુરોપમાં અને અમેરિકામાં શું ? સત્ય સુખ પ્રગટેલું છે ? શું ત્યાં રાજાઓ, પ્રમુખો, કરોડાધિપતિયો, સત્યસુખને પામ્યા છે ? આત્મજ્ઞાન અને સંતોષ વિના કોઇ દેશનો મનુષ્ય ખરેખરો સુખી અને સ્વતંત્ર નથી. આત્મજ્ઞાનથી આત્માનંદ પ્રગટે છે. હિંદે સ્વતંત્ર સ્વરાજ્ય માટે અમેરિકાના સ્વતંત્ર રાજ્યનો આદર્શ હૃદય આગળ ખડો કરીને પોતાનું આધ્યાત્મિક જ્ઞાન,

સત્યધર્માચરણ. દેવગુરૂ સંતની ભક્તિ. આદિને ન ભૂલવાં જોઈએ. ભારતદેશ અંતે બાહ્યરાજ્યને અમુક અમુક અંશે પામી છેવટે બાહ્યથી સંપૂર્ણ સ્વતંત્ર રાજ્યવાળું થશે પણ તેને બાહ્યથી પૂર્ણ સ્વતંત્ર રાજ્ય પ્રાપ્ત થતાં તે અન્ય સ્વતંત્ર દેશોની પેઠે આસુરી ભાવનાવાળું બનશે તો મહાભારતના યુદ્ધ પછીની દશા જેવી તેની દશા થશે. ઘર ઘર, કુટુંબ કુટુંબ, આત્મજ્ઞાન-નીતિ, શુદ્ધ પ્રેમ-ભક્તિ, સેવા, સંતોષ, ઐક્ય, વૈરાગ્ય, ત્યાગ, સ્વાધીનતા, દેવગુરૂ ધર્મની સાધનાવાળાં થશે ત્યારે સર્વ વિશ્વનાં સામ્રાજ્યો સ્વર્ગસમાન શોભશે. સ્વાર્થથી અન્યાય, જુલ્મ, હિંસા થાય છે. પ્રભુ જ્યાં જીવતા જાગતા હૃદયમાં અનુભવાતા નથી, ત્યાં બાહ્યસ્વરાજ્ય છતાં નરક છે એવો મારો અનુભવ છે, એક દેશની પ્રજા અન્ય દેશની પ્રજાને પીડે દુઃખી કરે એ શો ઈશ્વરી ન્યાય છે? બળથી અન્યો કે જે અશક્ત છે તેઓને તાબે રાખવાથી શું ઇશ્વરની ભક્તિ થાય છે? સર્વ દેશના મનુષ્યો, પશુઓ, પંખીઓ, એઓ સર્વે મ્હારા આત્મ સમાન છે, તેઓનો નાશ કરવાનો મારો હક્ક નથી એવા વિચારોમાં અને આચારોમાં જે દેશ ખંડ આવ્યો નથી તે વસ્તુતઃ અજ્ઞાની પશુરાજ્યવાળો ખંડ છે એમ સર્વ ખંડના લોકો સમજશે અને તે પ્રમાણે વર્તશે ત્યારે સર્વ વિશ્વમાં દિવ્યસ્વર્ગીય રાજ્ય પ્રવર્તશે. ધર્મશાસ્ત્રોમાં કથેલી પ્રભુની આજ્ઞા પ્રમાણે લોકો ચાલશે ત્યારે હૃદયમાં સ્વરાજ્ય સ્વતંત્રતારૂપ પ્રભુનો અનુભવ થશે. દેવગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું એમાં પરતંત્રતા છતાં ખરી સ્વતંત્રતાનો ઉદય છે. હૃદયથી પ્રભુનું રાજ્ય જરાપણ દૂર નથી. તેને હૃદયમાં ઉંડા ઉતરી શોધવું જોઈએ. આત્મામાં સત્ય સ્વતંત્રતા છે અને માયામાં ખરી પરતંત્રતા છે. મનુષ્યો છાયાની પાછળ થાકી જાય છે. આત્મા તરફ વળતાં મનુષ્યો માયારૂપ છાયાને પોતાની પાછળ દાસની પેઠે આવતી અનુભવશે. સર્વ દેશમાં રહેલા ભક્ત આત્મજ્ઞાની સંતો એવા આત્મ પ્રભુ રાજ્યમાં વર્તે છે. શુદ્ધાત્મા સદા સ્વતંત્ર છે. પુદ્ગલ માયાના ભીખારીઓ રાજા ચક્રવર્તી હોવા છતાં શોક દુઃખ ભયથી પરતંત્ર છે એમ જાણ અને બાહ્યરાજ્યમાં સુરી

ગુણોવિના જીવવું નરક છે એમ જાણ. જડ વસ્તુઓને લક્ષ્મી માની તે માટે દુનિયાના લોકો રાગ દ્વેષ કરી વારંવાર જન્મમરણ કર્યા કરે છે. આત્માથી શરીરાદિ જડ વસ્તુઓને ભિન્ન દેખવી. જડવસ્તુઓનાં ખપ જેટલો પ્રસંગ પડે ઉપયોગ કરવો. જડવસ્તુઓના સંકલ્પ વિકલ્પ રહિત મનને કરી આત્માના ગુણોમાં મનને રમણતા કરાવવી. આત્મપ્રભુમાં મનને લયલીન કરવું એથી પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. એકવાર આત્મસાક્ષાત્કારનો નિત્યાનંદ અનુભવ્યા પછી જડવસ્તુઓ અને ઇન્દ્રિયભોગનો આનંદ વિરમે છે પશ્ચાત્ સાદું અને બાહ્યનું જેમ બને તેમ નિરૂપાધિમય જીવન ગાળવાથી સત્ય સ્વરાજ્ય સ્વતંત્રતા અનુભવાય છે, આત્મા બહિરાત્મા મટી આત્મામાં સુખનો અનુભવ કરી અંતરાત્મા થાય છે. બહિરાત્મ દશામાંથી અન્તરાત્મદશામાં જવા માટે અહિંસા, સંયમ, તપ, અને વૈરાગ્યત્યાગની સાધના થાય છે. આત્માને જ્યારે આનંદસ્વાદરૂપ આત્મપ્રાપ્તિ થાય છે ત્યારે વૈરાગ્ય રહેતો નથી. જ્યાંસુધી વિરહીકામિની પોતાના પતિને ન પામે ત્યાંસુધી તે ઉદાસીન રહે છે તેમ આત્મા પોતાના સુખને ન પામે અને જડવસ્તુઓના સુખને ત્યજે છે તે દશામાં વૈરાગ્ય ઉદાસીન દશા રહે છે. આત્માનો આનંદરસ આસ્વાદ્યા પછી અંતરમાં અને બાહિરમાં પ્રસન્નતા રહે છે. પ્રભુમય જીવન તે આત્માના આનંદરસથી તરબોળ થઈ જવું તેજ છે. અને એવું જીવન પામ્યા પછી ન્હાનાં બાળકો જેમ પરસ્પર નિર્દોષભાવે ખેલે છે તેમ આત્મજ્ઞાનીઓ નિર્દોષભાવને પામે છે. અત્યંત લઘુબાળકની પેઠે સ્પર્શેન્દ્રિય સ્પર્શ ભોગનો અભોગ અને રૂપના મોહનો અભાવ અનુભવાય એટલે સમજવું કે પ્રભુના આત્મરાજ્યમાં પ્રવેશ થયો છે અને મોહરાજ્યની સત્તા ઉતરી છે. આવી દશા પામ્યા વિના જીવવું તે વસ્તુતઃ મરણ છે અને બાહ્યસુખ તે સ્વપ્નની ક્ષણિક દશા જેવું કલ્પિત સુખ છે. આત્માનો આનંદ પામ્યા વિના કોઈ બાહ્યરસની આસક્તિથી રહિત ન બને, આસક્તિ એજ પરતંત્રતા છે એમ નિશ્ચય થયા વિના આત્માની સ્વતંત્રતા માટે

સત્પુરૂષાર્થ થતો નથી. આત્માનો આનંદરસ અનુભવ્યા વિના આખી દુનિયાનું રાજ્યવૈભવ અને સ્વર્ગની અપ્સરાઓ મળે તોપણ દુઃખનો નાશ થવાનો નથી એવું જ્યારે સર્વ ખંડના લોકો અનુભવે ત્યારે પરમાત્મામાં મન ધારે અને બાહ્ય વૈભવો માટે હિંસાદિ પાપો કરતા અટકે. આત્મામાં અનંત સુખ છે પણ ગુરૂગમ અને ધ્યાનવિના લોકો તે તરફ દૃષ્ટિ ન ફેંકતા જડવસ્તુઓના મોહથી અમૂલ્ય માનવજીવનને એળે કાઢે છે. જ્ઞાનીમહાત્મા પર્વતની ગુફામાં અગર નદીકાંઠાપર એક તૃણની ઝુંપડીમાં બેશી પ્રભુમાં મનવાળી જે સુખ અનુભવે છે તે સુખને ઇન્દ્રો અને ચક્રવર્તિયો પણ પામવા શક્તિમાન્ થતા નથી એવો નિશ્ચય અને એવી પ્રવૃત્તિ વિના માયાનો સાગર તરી શકો તો નથી. ત્યાગી સંતજ્ઞાનીઓના હૃદયમાં પરમેશ્વરના આનંદરસની શહેનશાહી છે અને જેઓના હૃદયમાં મોહરૂપ શયતાન છે તેઓને નરકની શહેનશાહી અનુભવાય છે. બાહ્યદેશમાં રાજ્યો માટે મનુષ્યો જેટલું મરી મથે છે તેટલું જો આત્માનું રાજ્ય પામવા માટે મરી મથે તો અનંત આનંદરસનો જીવતાં છતાં વેદી શકે અને પ્રારબ્ધ શુભાશુભ કર્મ ભોગવવામાં સમભાવ ધારી શકે. આત્માનું સ્વરાજ્ય જેઓ અનુભવે છે તેઓને જડરાજ્યની સ્પૃહા હોતી નથી. જડજગતનું રાજ્ય સદા એકસરખું રહેતું નથી. આત્મામાં સુખ અનુભવે તે જ્ઞાની છે અને જડમાં સુખ માને છે તે અજ્ઞાની છે. આત્મામાં સુખ વેદે છે તે સ્વતંત્ર છે અને જડમાં સુખ વેદે છે તે અજ્ઞાની છે તે જડના પરતંત્ર ગુલામ છે. ચામડીમાં અને ચામડીના રૂપમાં મોહવિકાર સુખબુદ્ધિ ન થાય ત્યારે આત્મા પ્રભુ થયો છે એમ જાણવું. લાખો શાસ્ત્રોનો અભ્યાસ, તપ, વ્રત કરતાં છતાં ચામડી રૂપમાં સુખ બુદ્ધિની ભ્રાંતિ જેને રહે છે તે આત્માનું પ્રભુરાજ્ય પામી શક્યો નથી એમ જે જાણે છે તે મનુષ્યભવમાં આત્માનો આનંદરસ ભોગવવા માટે આત્મજ્ઞાનને પામે છે. સદ્ગુરૂથી સેવાઇને તે આત્માની આનંદ સ્વતંત્રતાને અનુભવે છે એવું જીવન પામવા આત્મોપયોગે વર્તો. **इत्येवं ॐ अर्ह महावीर शांतिः ३**

મુ. અમદાવાદ. શેઠ દલપતભાઈ ભગુભાઇના વંડામાં.

મુ. સાણંદ સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્યધર્મ લાભ. | પોશ સુદિ. ૧૦.

વિ. શેઠ. દલપતભાઇ ભગુભાઇના વંડામાં સં. ૧૯૬૨ ની સાલમાં રહેવાનું થયું હતું. સં. ૧૯૬૫ માં એક માસ કલ્પ કર્યો હતો. હાલ અહીં પચ્ચીશ દિવસ થયા. પૂર્વે આ મુકામમાં મહાત્માજ્ઞાની બૂટેરાવજી મહારાજ રહ્યા હતા. અમદાવાદના જૈનોમાં જૈન ધર્મની શ્રદ્ધા પ્રીતિ કંઈ કંઈ ઘટવા લાગી છે. ધનિક જૈનોમાં ધર્માચાર ટળવા લાગ્યા છે. જૈનધર્મનું તત્ત્વજ્ઞાન શીખવાપર લોકોની પ્રીતિ ન્યૂન થતી જાય છે. વીશ વર્ષ પૂર્વે જૈનો જેટલા વ્યાખ્યાન શ્રવણ કરવા જતા હતા તથા પ્રતિક્રમણાદિ કરતા હતા તેનો પા ભાગ દરેક ઉપાશ્રયે હવે જતો માલુમ પડે છે, પ્રવૃત્તિમાં ઘણું જીવન જાય છે. દરેક સંઘાડાના સાધુઓનું પરસ્પર હૃદયભાવપૂર્વક મિલન નથી તેમ જ નિંદા ઈર્ષ્યા અને સ્વચ્છંદતાદિ દોષો વૃદ્ધિ પામતા દેખાય છે. જૈનોમાં તેમ જ અન્યોમાં હાલ તો સંક્રાન્તિયુગ પ્રવર્તે છે. સ્વરાજ્યપ્રતિ લોકોની વિશેષ રૂચિ પ્રવૃત્તિ વધતી જાય છે. જૈનગચ્છ સંઘાડાઓમાં ઐક્ય વધે તેવું હાલતો જણાતું નથી તેથી જૈનોનો પ્રવાહ સુધારાની બાજુએ ઘસડાઇ નવીનરૂપ ગ્રહે એમ બને તો બને. જૈન સાધુઓમાં કેટલાક વિવેકાનંદ, રામતીર્થ અને દયાનંદ સ્વામિના જેવા નવીન વિચાર તરફ જૈનોને વાળવા લાગે તેવો સંભવ રહે છે. હાલ જૈનોમાં ઐક્ય નથી તેથી સ્વચ્છંદીઓ ફાવે તેમ વર્તશે. આત્માપર લક્ષ્ય નહિ રહેવાથી બાહ્યાચાર વિચારોના મતભેદે ક્લેશ અહંતા ક્રોધાદિક દોષો પ્રગટે છે અને તેથી ધર્મ કરતાં અધર્મનું આચરણ થાય છે. આત્મજ્ઞાનીઓને આસ્રવના હેતુઓ છે તે સંવરરૂપે પરિણમે છે અને અજ્ઞાનીઓને સંવરના હેતુઓ તે આસ્રવરૂપે પરિણમે છે. આત્મજ્ઞાન અને શુદ્ધભક્તિથી અંતરમાં અને બાહ્યમાં શુદ્ધતા રહે છે. આત્માના જ્ઞાનથી શાંતિ છે અને

આત્માના અજ્ઞાનથી અશાંતિ છે. બાહ્યધર્મ મોહથી મનની ચંચળતા વધે છે. સંતોની સંગતિથી આત્મા જાગ્રત્ થાય છે. અમદાવાદમાં પ્રવૃત્તિની ધમાલ ઘણી છે. નિવૃત્તિનું નામ નહિ. ટ્રામ્વેના ઘોડાના જેવી શેઠિયાઓની સ્થિતિ છે. કેટલાક ઇન્દ્રિયોના ધર્મ સુધી અને કેટલાક મનના ધર્મ સુધી અને ધર્મ પણ મન સુધી ધારીને જીવે છે. આત્મા સુધી પહોંચનારા અને આત્માના ધર્મથી જીવનારા તો હજારો જાણુતા હોય તેમાંથી પાંચ દશ નીકળી આવે. મન દેહ અને ઇન્દ્રિયોના મેળામાં આખી દુનિયાના લોકો ઉભરાઇ જાય છે અને આત્માના ચિદાનંદરૂપ પ્રભુ મેળામાં તો હજારોમાં દશ પંદર જવાની ધારણાવાળા નીકળી આવે તો તેમાંથી આત્માની સાથે ભેટનારા તો લાખોમાં એક બે નીકળી આવે. આત્માને આત્મરૂપે ઓળખીને સર્વ વિશ્વમાં આત્મ મેળે સર્વ લોકોની સાથે મળવામાં પ્રભુ મિલન છે એવો મારો દૃઢ નિશ્ચય છે અને એવા પ્રભુ મિલનના આનંદની ઝાંખી પ્રગટી છે. કેટલાક ક્રિયા સમાચારી ભેદે આત્મમેળથી અન્યોને મળી શકતા નથી. આત્માઓના આત્મભાવે મિલનમાં પરમાનંદરસ છે. સંતને સંતદેખે ત્યાં આત્માનંદરસનો ઓઘ પ્રગટે છે. આત્માને આત્મા જ ઓળખી શકે અને મળી શકે. મન ઇન્દ્રિયદેહનો મેળ તે મેળ નથી અને તેમાં સુખ નથી છતાં અજ્ઞાનથી વિશ્વલોકો દેહાદિ મેળમાં સુખની બુદ્ધિમાને છે પણ ઉલટું દુઃખ પામે છે.

મારી પાસે ઘણા જૈનો અને જૈનોતરો આવે છે પણ મારી દૃષ્ટિએ તેમાંનો આંગળીના ટેરવા જેટલો ભાગ રોકડ ધર્મને લેઇ જતો હશે બાકી ઘણા ખાલી જાય છે. ચાર પ્રકારની વિકથામાં મ્હને રસ પડે નહીં. આત્મજ્ઞાનમાં રૂચિ પ્રગટ્યા વિના મારી પાસે આવનારાઓ શું પામી શકે? ધર્મની રૂચિથી કંઇ પુછે તે પામી શકે. વાતોના તડાકા મારનારાઓ મારી પાસે આવી શું લેઇ જાય. સંતસમાગમની ઇચ્છાવાળો જે હોય અને જે વિનયી વિવેકી હોય, શ્રદ્ધાપ્રેમથી ભરેલ હોય, ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્ત-

નાર હોય, ગુરૂને પુચ્છી આત્મતત્ત્વનું સ્વરૂપ જાણુવા ઇચ્છાવાળો હોય, ગુરૂપર અત્યંત રૂચિ પ્રગટી હોય એવો ભવ્યાત્મા મારી પાસેથી આત્મતત્ત્વ પામી શકે. ત્યાગી સંત પાસે ગમન કરી વિનય કરીને આત્મજ્ઞાન પામવા માટે પૃચ્છા કરવી જોઇએ. ત્યાગી ગુરૂ પાસે જે હોય તેનો અનુભવ કરવા માટે ગુરૂ પાસે જવું એવું જ્યારે પાસે આવનારા સમજશે ત્યારે તેઓ નકામી માથાકૂટ નહીં કરે અને ધર્મનું રોકડનાણું કે જે આત્મજ્ઞાન, આત્માનો આનંદ છે. તેનો અનુભવ કરી શકશે. આત્મારામ ! ! ! મારી પાસે શ્રદ્ધાપ્રેમવાળા ભક્તો આવીને ઘણું લેઇ જાય છે. આનંદરસમાં આવવા માટે ગુરૂમાં પૂર્ણ વિશ્વાસ પ્રેમ મૂકી ન્હાના બે વર્ષના બાળક જેવા સરલ બનવું જોઇએ, તેવા વર્તનમાં જેટલી ન્યૂનતા તેટલી આત્માનંદ ભોગવવામાં ન્યૂનતા જાણુવી. ધન સત્તા વિદ્યા અને સર્વ પ્રકારની ઇચ્છિત ભોગની સામગ્રીથી સ્વપ્ન જેવું ક્ષણિક સુખ મળે છે પણ તેમાં દુઃખ તો આગળ પાછળ અનંત છે એમ જે જાણે છે તે આત્માના આનંદ માટે ગુરૂને સેવે છે. શરીરથી જીવતાં આત્માનંદ પમાડે તે આત્મિક ગુરૂ છે અને તે પરમેષ્ઠી છે. આત્માના અનંત આનંદરસવેદનમાં જ પ્રકટ પરમાત્મત્વ છે. સર્વ કોઇ આનંદાર્થે અનેક પ્રકારના પુરૂષાર્થ કરે છે. આનંદ આનંદમાં અનંતગુણો ફેર છે. સર્વ પ્રકારના પૌદ્ગલિક રસ કરતાં આત્માનો અનંતગુણુ નિત્ય આનંદ છે તે આનંદરસ પામ્યા પછી કોઇપણુ પૌદ્ગલિક રસમાં પ્રેમ રહેતો નથી એવું સ્હેજે બને છે. અજ્ઞાનતાથી માની લીધે કંઇ વળતું નથી. સર્વ ખંડના મનુષ્યો પશુઓ પંખીઓ અને દેવો દેવીઓ આનંદ માટે મનવાણી કાયાની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરી માયિક સુખથી ઠગાય છે. સદ્ગુરૂ ભક્તને આત્માનંદનો અનુભવ—નિશ્ચય સમ્યકત્વ—આત્માનું શુદ્ધ ચરિત્ર પ્રગટયું ત્યારે ગણાય કે જ્યારે આત્મા પોતાના આનંદરસનો અનુભવ કરતો હોય. આવો પ્રભુરસ, આત્મરસ પ્રગટયો નથી ત્યાંસુધી કોઇએ સત્યસ્વતંત્ર નિ-ર્ભય નિર્દ્વંદ્વ પ્રભુ રાજ્ય પામ્યું નથી અને એવા રાજ્ય પામ્યા

વિના જીવવું તે વસ્તુતઃ જીવન નથી એમ જ્યારે લોકો જાણશે ત્યારે તેઓ ધર્મી બનશે અને અન્યજીવોની હિંસા આદિ દોષો કરતા અટકશે અને ત્યારે સત્ય સ્વરાજ્ય અનુભવમાં આવશે. પ્રભુમાં મનનું ધારણ કરતાં પ્રભુરાજ્યમાં પ્રવેશ થાય છે અને મોહમાં મન રાખતાં શયતાન રાજ્યમાં પ્રવેશ થાય છે. શયતાનના રાજ્યમાં સદા દુઃખ છે અને શુદ્ધાત્મ રમણતારૂપ રાજ્યમાં સદા સુખ છે. આત્મસુખનો અનુભવ થયા વિના સ્વાર્થ, મારામારી; હિંસા; અનીતિ, જુલ્મ વગેરે દોષોનો કોઇ નાશ કરી શક્યું નથી અને કરી શકનાર નથી. ભોગમાં રોગ છે અને અનાભોગમાં આરોગ્ય છે. ભોગની આશાતૃષ્ણાના જેઓ દાસ બનેલા છે તેઓનો આત્મરાજ્યમાં પ્રવેશ થતો નથી. શુદ્ધાત્માનાં અનેક તીર્થંકર આદિ અનેક ભાષામાં નામો છે. દેહમાં રહેલ આત્માની જાગૃતિ વારંવાર ગુરૂ સંગતિ કર્યા વિના થવાની નથી. અનેક ભાષામાં પ્રભુનાં જેટલાં નામો છે તે આત્માનાં અપેક્ષાએ છે એમ જાણી આત્મારૂપ પ્રભુને જાપથી ધ્યાનથી પ્રગટાવવા જોઇએ. અત્રમુનિશ્રી કર્પૂરવિજયજી મળ્યા હતા. તેમને આત્મજ્ઞાનનાં રહસ્યોની વાત કરતાં તેમને અત્યંતરસ પડયો હતો અને મારા સમાગમમાં રહી આત્માનંદની મસ્તી અનુભવવા ઇચ્છતા હતા. અમદાવાદમાં અધ્યાત્મજ્ઞાન પ્રેમીઓ પરિચયથી એ ત્રણ જણાયા છે બાકી વ્યવહાર ધર્મ રૂચિવાળા છે. આત્મજ્ઞાનથી આત્માના રસિક થવું તે કંઇ બાલકનો ખેલ નથી. જૈનધર્મની વ્યવહારરૂચિ સુધી આવેલાઓને ધન્ય છે કારણ કે વ્યવહાર તેજ નિશ્ચયનું કારણ છે. શુદ્ધ નિશ્ચયોપયોગે વર્તવું અને બાહિરથી આવશ્યક વ્યવહાર ધર્મકાર્ય કરવાં કે જેથી નિર્લેપ રહી શકાય. એવી રીતે વ્યવહાર ધર્મને સેવું છું અને શુદ્ધ દ્રવ્યાર્થિકનયકથિત શુદ્ધ મૂળ આત્મસ્વરૂપનો ઉપયોગની ધારામાં વહું છું કે જેથી વ્યક્તિપર્યાય ભાવે શુદ્ધાત્મ સ્વરૂપ જ્ઞાનપર્યાયનું અમુકાંશે વેદન અનુભવાય છે. જેટલું અનુભવાય તેટલું કથવામાં અસત્યતા તથા મહત્તા નથી તેમજ તેથી અન્યલોકો આત્માના સ્વરૂપની

પ્રાપ્તિ માટે રૂચિવાળા થાય. પચ્ચીશ વર્ષે આત્માનું જ્ઞાન ધ્યાન કરવાની પ્રવૃત્તિ રૂચિમાં પસાર થયાં છે. આત્મામાં તેની સચોટ ભાવના પ્રગટી રહી છે. જૈનઅધ્યાત્મ શાસ્ત્રો અને યોગશાસ્ત્રોના અભ્યાસથી આત્માની રૂચિ ગુરૂ કૃપાએ પ્રગટી છે હવે તેનો રસ આવે છે. દુનિયા લોકો આ વાતને ન માને તેથી મ્હને કંઈ ખોટું લાગતું નથી, ત્હને શ્રદ્ધા બેસે તો દેવગુરૂ ધર્મની આરાધનાપૂર્વક આત્મશુદ્ધિ કરવા લક્ષ્ય આપ. પોતાના અનુભવ વિના અન્યના અનુભવથી પોતાને આનંદ રસવેદાય નહિ માટે જાતે અનુભવ કરો. આત્માનો રસ કંઇક અંશે વેદાય છે અને તે પૌદ્ગલિક રસથી ભિન્ન છે એવો નિશ્ચય કરવામાં ભ્રાંતિ રહી નથી અને તેથી જૈનશાસ્ત્રોમાં કહેલ આત્માનંદ પ્રતીત થયો છે. હવે તો જ્યાંસુધી આયુષ્ય હોય ત્યાંસુધી આત્માનંદના ઉપયોગે રહેવાય તેમ રહેવું. હવે હું ભારત મહાસભા વિષયે પ્રગટેલ વિચારો અને ભારતનું ભાવિ કર્તવ્ય દર્શાવું છે. ભારતીઓએ શુદ્ધ પ્રેમ, શુદ્ધ જ્ઞાન અને નિર્મોહકર્મથી પોતાના દેશને તો શું પણ સર્વ વિશ્વને આદર્શ-રૂપ થવું એજ તેમની સ્વતંત્રતા અને મહત્તાનું સત્ય જીવન છે. ભારતે અધર્મમાર્ગથી પ્રતિક્રમણ કરવું અને ધર્મમાર્ગમાં સંચ-રવું. ભારતે સત્ય શુદ્ધ જીવનથી સ્વરાજ્ય સ્વાત્મામાં પ્રગટ કરવું જોઇએ. સર્વ વિશ્વવર્તિ લોકોની સાથે શુદ્ધ પ્રેમ, જ્ઞાન અને પર-સ્પર સહાયતારૂપ સેવાથી ભારતે સ્વદેશનો વ્યાપકધર્મ પ્રગટાવવો જોઇએ. ભારતે સાધુસંતગુરૂની ભક્તિ કરવી. ભારતના ઘેરઘેર મનુષ્યો સત્ય આત્મ પૂજારીઓ થવા જોઇએ. દુઃખી ગરીબો માટે તન મન ધનથી અર્પાઇ જવાની કૃતિનો સાક્ષાત્કાર કરવો જોઇએ. સર્વ જાતના ભિન્નભિન્ન ધર્મીઓના મતમતાન્તરોમાં સહિષ્ણુતા અને વિવિધતાની સાથે આત્મભાવે એકતા અનુભવવી જોઇએ. ધર્મભેદે કલેશ વેર ન થવાં જોઈએ. ભારતના ઘરોઘરમાં જ્ઞાની પુરૂષો અને ભક્તિમંતી નારીઓનાં મધુર ધર્મગીતો પ્રગટવાં જોઇએ સાત્વિક વિચારાચારથી આર્યભૂમિનું સર્વ પ્રકારનું વાતા-વરણુપૂર્ણ શુદ્ધ બનવું જોઈએ. હે ભારત ! ! ! અહંના અને મમતાના

બંધનથી મુક્ત થઈ સ્વતંત્ર આત્માનંદે વિચર અને સર્વ વિશ્વના લોકોને અધ્યાત્મજ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કર. હે ભારત !!! પૂર્વ અને પશ્ચિમ વર્તિ સર્વ મનુષ્યોને એક સરખા ગણ !!! ત્હારી સ્વતંત્રતા થતાં અંતરથી અને બાહિરથી સર્વ વિશ્વની શુદ્ધ સ્વતંત્રતા થવામાં અર્પાઇ જજે. ભારતનું ભાવિ કર્તવ્ય એ છે કે તેને આધ્યાત્મિકભાવે સર્વ ખંડોની સાથે એકાત્મ મિત્રભાવે જોડાઈ રહેવું અને અપકારપર ઉપકાર કરવો. સર્વ વિશ્વખંડવર્તિ મનુષ્યો એક સરખા છે અને એક સરખી રીતે તેઓને ચ્હાવા અને શુદ્ધ પ્રેમથી સહેવું એજ સત્ય ભાવિ કર્તવ્ય છે. સર્વ પ્રકારની ભેદભાવવાળી વૃત્તિયોને પરિહરીને સર્વ ખંડોને આવશ્યક ધર્મસહાય આપવી. કર્મપ્રકૃતિના રાજ્યમાંથી શુદ્ધાત્મા રાજ્યમાં વસવું એજ સર્વ વિશ્વલોકોનુ મુખ્ય કર્તવ્ય છે અને એજ દૃષ્ટિએ સર્વ વિશ્વમાં પ્રકટપ્રભુની પૂજા છે. ભારતે સર્વ પ્રકારના શુદ્ધાદર્શથી ઘેરઘેર પ્રભુમય જીવન પ્રકટાવવું અને સર્વ વિશ્વમાં શુદ્ધાત્મ પ્રભુ જીવનનો રસ વહેવરાવવો એજ ભારતનું ભાવિ સ્વરાજ્ય કર્તવ્ય છે અને વર્તમાનમાં તેવા જ્ઞાન પ્રકાશથી સર્વ વિશ્વની એકતાના ધ્યેયે પ્રવર્તવું. હવે આત્મજ્ઞાનપર વિશ્વને મૂકે એવા પ્રભુ મહાવીરદેવની ભક્તિથી જ્ઞાનીઓ પ્રગટો એટલું ઇચ્છી વિરમું છું. ધર્મ સાધના સાધશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

મુ. અમદાવાદ. શેઠ દલપતભાઇ ભગુભાઇના વંડામાં.

## જૈનધર્મ વ્યાખ્યાન.

જૈન ધર્મનો સાર અલ્પ શબ્દોમાં કથવો તે બે હાથે કરી સાગરનું માન કાઢવા બરોબર છે. જિનોએ ભવ્ય લોકોના ઉદ્ધારાર્થે કથિત ધર્મને જૈનધર્મ જાણવો. જૈનાગમ શાસ્ત્રોથી જૈનધર્મનું સ્વરૂપ અવબોધાય છે.

જૈનધર્મનો સાર એ છે કે આત્માને શુદ્ધ કરી પરમાત્મસ્વરૂપ કરવો. અનાદિ કાલથી આત્માની સાથે કર્મપ્રકૃતિનો સંયોગ છે. કર્મના સંયોગનો વિયોગ તેજ મોક્ષ છે. પરિપૂર્ણ શુદ્ધાત્મા તેજ પરમાત્મા છે. શુદ્ધાત્મા તેજ અરિહંત-જિનેશ્વર આદિ નામોથી સંબોધાય છે રજોગુણ તમોગુણ અને સત્વગુણ પ્રકૃતિનો મોહકર્મમાં અંતર્ભાવ થાય છે. પરમાત્મા દેવનો અને જૈનધર્મનો અનુભવ કરાવનાર સદ્ગુરૂ છે. સર્વ વીતરાગ પરંપર પ્રવહિત ધર્મશાસ્ત્રો, આત્મજ્ઞાનીયોના ઉદ્ગારો તે શ્રુતધર્મ છે. સદ્ગુરૂદ્વારા શ્રુતધર્મથી આત્માનું સ્વરૂપ સમજાય છે. શ્રુતધર્મના આલંબનથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટાવવું. ગુરૂદ્વારા શ્રુતધર્મથી સમ્યગ્જ્ઞાન થાય છે. સર્વ ધર્મથી દૃષ્ટિયોનો જૈનધર્મમાં સમાવેશ થાય છે. મહાવીર પ્રભુએ જણાવ્યું છે કે પ્રકૃતિના ધર્મારોપથી આત્મામાં કર્તૃત્વવાદનો અંતર્ભાવ થાય છે અને તે કર્તૃત્વબુદ્ધિ સહિત હોય છે. પ્રકૃતિથી ભિન્ન આત્મદૃષ્ટિએ આત્મા બાહ્યવિશ્વનો અકર્તા અભોક્તા છે. રાગ દ્વેષ રહિત આત્મા થાય ત્યારે તે કેવલાદ્વૈત શુદ્ધ બ્રહ્મરૂપ છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે સત્તાએ અદ્વૈત છે પણ પુદ્ગલ કર્મ સહિત જ્યાં સુધી છે ત્યાં સુધી કર્મની વિશિષ્ટતાની અપેક્ષાએ વિશિષ્ઠાદ્વૈત છે. આત્માના શુદ્ધ સ્વરૂપે સર્વે આત્માઓ સત્તાએ સિદ્ધ છે તેની સાથે રાગદ્વેષ છતાં આત્માને શુદ્ધ અદ્વૈતભાવવોઅને સર્વાત્માઓને શુદ્ધાદ્વૈતભાવે જોવા તેવા સાપેક્ષિક શુદ્ધાદ્વૈતવાદનો જૈનધર્મ દૃષ્ટિમાં અંતર્ભાવ થાય છે.

સત્તાએ આત્મા કથંચિત્ અદ્વૈત છે અને આત્માના પર્યાયો કથંચિત્ રાગદ્વેષની પરિણતિવાળા હોવાથી દ્વૈત છે એમ સર્વ વિશ્વમાં સંસારી જીવોમાં જોવું તે કથંચિત્ દ્વૈતાદ્વૈતવાદ છે તે દૃષ્ટિનો સ્યાદ્વાદ દૃષ્ટિએ જૈનધર્મ દૃષ્ટિમાં અંતર્ભાવ થાય છે. આત્મા, સાત્વિકવૃત્તિએ વિષ્ણુ છે અને રજોગુણવૃત્તિ સહિત બ્રહ્મા છે અને તમોગુણવૃત્તિ સહિત રૂદ્ર છે. ત્રણ વૃત્તિના ભેદે આત્માને બ્રહ્માદિનામોપાધિવાળો કહેવો તે એક રીતે કર્મસહિત આત્માનું વર્ણન હોવાથી તથા રેચકપૂરક કુંભક ને અનુક્રમે ૩ મહાદેવ–બ્રહ્માવિષ્ણુ નામ આપવાં તે જૈનધર્મ દૃષ્ટિએ તેનો પ્રકૃતિ પ્રાણમાં અંતર્ભાવ થાય છે. પ્રકૃતિ અને પ્રાણનો પુદ્‌ગલ દ્રવ્યમાં સમાવેશ થાય છે તેથી તે જૈનદર્શનમાં અંતર્ભાવ પામે છે. સાંખ્યે કથેલી પુરૂષ અને પ્રકૃતિનો આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યમાં સમાવેશ થાય છે જ્ઞાનરૂપ વિષ્ણુ–ચારિત્રરૂપ મહાદેવ અને સમ્યક્ત્વ દર્શનરૂપ બ્રહ્માનો શુદ્ધાત્મામાં અંતર્ભાવ થવાથી જૈનધર્મ દર્શનમાં તેનો અંતર્ભાવ થાય છે. સાંખ્ય અને વૈશેષિક દર્શનનો નયોની અપેક્ષાએ જૈનધર્મ દર્શનમાં અંતર્ભાવ થાય છે. આત્મા તે અલ્લા છે અને મોહ તે શયતાન છે અને કર્મ છે તે કિસ્મત્ છે. શુદ્ધ મન તે પયગંબર છે. શુદ્ધ હૃદયમાં આત્માનો પયગામ ઉતરે છે. આત્મારૂપ અલ્લાહના સદ્‌વિચારો તે વહીયો છે અને તે વહિયોનું ઝીલનાર શુદ્ધ મન તે પયગંબર છે. હૃદયરૂપ મક્કા છે તેમાં મોહબુદ્ધિ વૃત્તિયો એજ પશુઓ છે તેની કુર્બાની કરવાની છે. આત્મારૂપ અલ્લામાં લયલીન થનારને પુનર્જન્મ નથી એમ આધ્યાત્મિક દૃષ્ટિએ મહોમદેન ધર્મનો જૈનધર્મમાં અંતર્ભાવ અનાદિકાળથી છે. આત્મા તે પ્રભુ છે અને ભક્તિવાળું મન તે ઇશ્વરનો પુત્ર ઈશુ છે. તે ધ્યાનરૂપ ફાંસીએ ચઢે છે અને મરી જાય છે પશ્ચાત્ પ્રભુ જીવને પ્રભુમય બની પુનઃ શુદ્ધાત્મસંગીથૈ જીવન્મુક્ત દશા સુધી રહે છે એમ જાણતાં ખ્રીસ્તિ દર્શનનો નયોની અપેક્ષાએ જૈન દર્શનમાં સમાવેશ થાય છે. જડ અને બ્રહ્મની બહાર કોઇ ધર્મ નથી. નિમિત્ત કારણની અપેક્ષાએ

જડમાં ધર્મનો ઉપચાર થાય અને ઉપાદાનની અપેક્ષાએ આત્મામાં આત્માનો ધર્મ છે. એમ બન્ને પ્રકારના ધર્મથી અવિકારી અંશે અંશે સર્વધર્મો અને તેની દૃષ્ટિયોનો જૈનધર્મમાં અંતર્ભાવ થાય છે એમ જે જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ જૈન છે અને જડને પણ આત્મધર્મ પ્રગટાવવામાં અનેક નિમિત્ત સાધન તરીકે જે વાપરે છે તે ચારિત્ર ધારક જૈન છે. સર્વ વિશ્વનો આત્માનંદ પ્રગટાવવા માટે જે ઉપયોગદૃષ્ટિએ ઉપયોગ ધારે છે તે જૈન છે અને તેની વૃત્તિયો અને કૃતિયો જૈનધર્મ છે. રાગદ્વેષને જીતવામાં બાહ્યનિમિત્ત કારણરૂપ જે ધર્મ છે તે નિમિત્તકારણરૂપ જૈનધર્મ છે અને આત્માના શુદ્ધસ્વાભાવિક ગુણોનો આવિર્ભાવ કરવા ક્ષમાદિ વ્રતાદિ માનસિક વિચારણાઓ—પ્રશસ્ય ભાવો તે આંતર ઉપાદાન શુદ્ધિ હેતુભૂત સાત્વિક જૈનધર્મ છે અને આત્માના જ્ઞાન અને આનંદ ગુણનો પ્રકટભાવ તે જિનધર્મ યાને વીતરાગ પ્રભુધર્મ છે. આત્માને શુદ્ધ કરવા જે જે વિચારાચારો સેવવા તે જૈનધર્મ છે દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ધારણ કરવી તે જૈનધર્મનો દર્શનરૂપ પાયો છે. જૈનધર્મમાં સર્વધર્મનો અંતર્ભાવ થાય છે. પર્યાયાર્થિકદૃષ્ટિની મુખ્યતાવાળા બુદ્ધ દર્શનનો નયોની અપેક્ષાએ જૈનધર્મમાં અંતર્ભાવ થાય છે. આકાશથી અનંતગુણ વ્યાપક જૈનધર્મ અને જિનધર્મ છે. આત્માના સદ્ગુણોનો આવિર્ભાવ કરવો અને સર્વ પ્રકારના દુર્ગુણોનો સંહાર કરવો એજ જૈનધર્મનો સાર છે. જડમાં સુખ નથી પણ આત્મામાં સુખ છે એવી દૃષ્ટિ પ્રગટતાં બહિરાત્મા તેજ અંતરાત્મા થાય છે. અન્તરાત્મા મોહની સાથે યુદ્ધ કરી, અજ્ઞાન મોહનો નાશ કરે છે ત્યારે તે પરમાત્મા અર્હન્સિદ્ધ થાય છે. આત્મા તેજ પરમાત્મા છે. આત્મા જ્યારે કર્મનો નાશ કરે છે ત્યારે તે શુદ્ધાત્મા પરમાત્મા જાણવો. વિશ્વમાં ભિન્ન ભિન્ન દેશમાં અનેક જાતના મનુષ્યો હોય છે તેઓના આત્માઓને જ્ઞાનદર્શન ચારિત્રમય જણાવવા અને તેઓને શુદ્ધ પ્રેમી જ્ઞાની ભક્ત, આશાતૃષ્ણાથી મુક્ત બનાવવા જે જે ઉપાયો કરવા કરાવવા અને તેઓને સર્વ પ્રકારના દુઃખથી મુક્ત કરવા પુરૂષાર્થ

કરવો તે જૈનધર્મ છે. જ્ઞાન, ભક્તિ, સેવા, ક્રિયા, ઉપાસના, નીતિ દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્યઆદિ અનેક ધર્મ યોગો તે જૈનધર્મ છે. જ્યાં આત્મા છે ત્યાં અવશ્ય અલ્પ અધિકાંશે સદ્‌વિચાર અને સદાચારરૂપ જૈનધર્મ ખીલવવા માંડેલો હોય છે. રજોગુણી તમો-ગુણી અને સાત્વિકગુણી પ્રકૃતિ ભેદે જૈનધર્મનો તરતમ યોગે બાહ્યો પાધિએ સાપેક્ષ દૃષ્ટિએ ભેદ છે. મોહાદિ સર્વ પ્રકૃતિયોને હણવા માટે ચારે આશ્રમોની પ્રકૃતિ સંબંધે ગૃહસ્થાવાસ તથા ત્યાગા વાસની જરૂર છે. આત્માને આત્મસ્વરૂપે અનુભવતાં જિન વીતરાગ મહર્ષિદશા પ્રગટે છે પશ્ચાત્ આત્મા ત્રણ પ્રકૃતિરૂપ વિશ્વાતીત થાય છે. જૈનધર્મનો સાર એ છે કે ગૃહસ્થદશામાં સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત અંગીકાર કરવાં અને બને તો તેથી અનંતગુણુ ઉત્તમ ત્યાગીનાં પંચ મહાવ્રત અંગીકાર કરવાં. શ્રાવકનાં બાર વ્રત ન અંગીકાર કરી શકાય તો એકાદિક વ્રતોને સ્વીકારવાં. દેશવિરતિપણું કર્મો-દયથી ન પ્રાપ્ત કરી શકાય તો સમ્યકત્વનો સ્વીકાર કરવો અને દેવગુરૂ સાધુસાધ્વી શ્રાવક શ્રાવિકાની સેવાભક્તિ કરવી અને જિને-શ્વર પ્રતિમાદિની પૂજા કરવી–જૈનધર્મથી વિશ્વમાં સર્વત્ર ધર્મ રાજ્ય પ્રવર્તે છે. જૈનધર્મની આરાધનામાં બાહ્યાંતર રાજ્યની પ્રાપ્તિ છે. જૈનધર્મની આરાધનાથી સર્વ વિશ્વમાં સુખશાંતિ પ્રવર્તે છે, અને દુઃખ પરતંત્રતાનો નાશ થાય છે, દેવગુરૂ ધર્મની આરાધના તેજ જૈન ધર્મનો સાર છે. અસંખ્ય યોગની આરાધના તે જૈનધર્મ છે. નયોની અપેક્ષાએ જૈનધર્મનું રહસ્ય જે જાણે છે અને હૃદયમાં શ્રદ્ધા રાખે છે તે જૈનધર્મી છે. શરીરમાં રહેલો આત્મા તેજ પરમાત્મા બને છે અને પ્રતિ શરીર ભિન્ન અનંત આત્માઓ છે. કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ કારણે સર્વ પ્રકારના કાર્યની સિદ્ધિ થાય છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર. નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવતત્ત્વ નો આત્મા અને જડ એ બે તત્ત્વમાં સમાવેશ થાય છે સદ્ગુરૂ મળતાં બહિરાત્મા તે અન્તરાત્મપદને પામે છે. ચતુર્દશ ગુણસ્થાનક ઉલ્લંઘીને આત્મ તેજ પરમાત્મા સિદ્ધ બને છે

ષ ડ્દ્રવ્યાત્મક જગત્ અનાદિ કાલથી છે અને અનંતકાલપર્યંત રહેશે. ઉત્પાદ વ્યય અને ધ્રુવ સ્વરૂપ આત્માદિ ષડ્દ્રવ્ય છે. ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ જગત્ છે. કર્મસહિત આત્મા સ્થૂલ ઔદારિકાદિ શરીર ધારણ કરીને મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક એ ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. આત્માથી કર્મનો વિયોગ તે મોક્ષ છે. કર્મ બંધનો સર્વથા નાશ તે મુક્તિ છે. મનવાણી કાયાની શક્તિ કરતાં આત્માની અનંત શક્તિ છે. મનમાં મોહસહિત જે મનોબલ છે તે પશુબલ છે તેના કરતાં આત્માનું અનંત બલ છે. જેમ જેમ રાગદ્વેષ પરિણતિનો ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે તેમ તેમ આત્માની શક્તિયો વિકાસ પામતી જાય છે. દેહાદિ પુદ્ગલ પ્રકૃતિ તે આત્માની શુદ્ધતામાં અને આત્માની અનંત શક્તિની ઉન્નતિમાં નિમિત્ત કારણ છે અને આત્માના શ્રુતજ્ઞાન ધ્યાનાદિક ગુણો તે અશુદ્ધ ઉપાદાન કારણ છે. આત્મા જેવા દેવરૂપે મનોવૃત્તિને વાળે છે તેવા દેવરૂપે પોતાનાં પોતેજ દર્શન કરી શકે છે. આત્મા જેવા ભાવને ધારણ કરે છે તેવા રૂપે પોતે થાય છે. આત્મા પોતે બાહ્યમાં બાહ્યથી અને અંતરમાં અંતરથી કર્તા-કર્મ-કરણ, સંપ્રદાન-અપાદાન અને આધારકારકરૂપ છે. તે બહિર દૃષ્ટિએ બહિરાત્મા છે અને અંતર દૃષ્ટિએ પરમાત્મા બને છે. આત્મા અનાદિ અનંત છે તેને સ્વરૂપે જાણો. શ્રોતાવક્તા સર્વે આત્માઓ છે અને સર્વે પરમાત્માઓ બનવાને અધિકારી છે. આત્મા આત્માનો પૂર્ણાનંદ પામો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

લેખક: બુદ્ધિસાગર                                                    મુ૦ અમદાવાદ.

શેઠ દલપતભાઇ ભગુભાઈના વંડામાં.           પોષ સુદિ ૮ સં. ૧૯૭૫.

સાણંદ. તત્ર. સુશ્રાવક. શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ.

વિ. ત્યાંના પત્રથી સમાચાર જાણ્યા. દ્રવ્ય બ્રહ્મચર્ય અને ભાવ બ્રહ્મચર્ય તથા આત્મ બ્રહ્મચર્યનું તથા વ્યભિચારનું સ્વરૂપ નીચે પ્રમાણે જાણશો. બ્રહ્મચર્ય તે વીર્યનું રક્ષણ જાણવું. વીશ વર્ષ પર્યંત પુત્રી કુમારી દેવી તરીકે રહી શકે. બાલકનો જન્મ થાય ત્યારે પશુ સ્રીની પેઠે અન્યની જરૂર ન પડે તેવી શારીરિક સ્થિતિ થવા દેવી, પશ્ચાત્ કર્મયોગે પતિની સાથે લગ્ન કરવાની અધિકારિણી થાય. પુસ્તક વગેરે એવાં વાંચવાં કે જેથી શરીર વીર્યનું રક્ષણ થાય. પચ્ચીશ વર્ષનો પુત્ર થાય ત્યારે તે પત્ની કરવાને પરિપૂર્ણ આરોગ્યતાએ લાયક બને છે. બન્નેમાં કોઈને કોઇ જાતનો વંશ પરંપરાનો વા જન્મથી રોગ ન થએલો જોઇએ. ધર્મથી ગુણથી કર્મથી બન્ને સમાન જોઇએ બન્નેને જૈનધર્મમાં પૂર્ણ શ્રદ્ધા હોય તે લગનને લાયક છે તથા પ્રકૃતિનું બન્નેમાં સામ્ય જોઇએ. ગૃહસ્થાવાસની તીર્થયાત્રામાં બન્ને લાયક જોઇએ. પતિમાં પતિનાં ગુણકર્મો અને સ્રીમાં સ્રીનાં ગુણકર્મો જોઈએ. બન્ને ચામડી રૂપરંગનાં રાગી ન હોવાં જોઈએ. ચામડીનાં રૂપરંગ રાગી વસ્તુતઃ આત્મગુણોનાં રાગી નથી. બાહ્ય સ્વાર્થના રાગે લગ્ન ન જોઇએ. વેદોદયમાં બન્ને સંતોષભાવે સમાનતાવાળાં જોઈએ. વીર્ય રજનો સૃષ્ટિકર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિથી નાશ થએલ ન હોવો જોઇએ. યોગ્ય રીતે આહાર અને વિહારથી શરીરનું વીર્ય સંરક્ષેલું હોય, સ્વપ્નમાં વા બીજી કોઇ રીતે અતિ આહાર વિહારથી વા રોગથી વાયુઆદિ પ્રકૃતિથી શરીર વીર્યનો નાશ ન થએલ હોય તે લગ્નને લાયક છે. સંતાનાર્થે બન્નેનો કાય સંબંધ હોય. ગર્ભાધાનથી તે બાલક જન્મી અઢી વર્ષનું થાય ત્યાં સુધી બન્નેનું

બ્રહ્મચર્ય કાયમ રહેવું જોઈએ, અન્યથા શાસ્ત્રાજ્ઞા તોડવાથી વ્યભિચાર છે અને તેથી સંઘધર્મ-સમાજનો નાશ થાય છે. ત્રણ વર્ષે એક વાર એમ સંતાનોત્પત્તિ અર્થે પરસ્પરની ધર્મ્ય મરજીએ દેહસંયોગ તે અવ્યભિચાર છે, બાકી વ્યભિચાર છે. સ્વપ્નમાં સંયોગ તે પણ બ્રહ્મચર્યની હાનિ ભંગ અપેક્ષાએ છે. પરસેવો, મહેનત, મન વગેરે દ્વારા શરીરમાંથી વીર્ય ન જવું જોઈએ. આજન્મથી કુમાર અને કુમારિકાએ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું એ પરમયોગ સાધવાનું હેતુભૂત છે. પૃથ્વીપર એક વીર્યનું બિંદુ પણ ન પડે, શરીરમાંથી ઉપસ્થ દ્વારા વીર્યનો અધઃપાત ન થાય ત્યારે ઉર્ધ્વ રેતા બ્રહ્મચારી ગણાય. આવી સ્થિતિમાંથી જેટલો દુનિયાના લોકોનો અધઃપાત થાય છે તેટલી વિશ્વની પડતી છે. દ્રવ્ય બ્રહ્મચર્યની એ પ્રમાણે સામાન્યતઃ વ્યાખ્યા કહી. બ્રહ્મચર્યાશ્રમ, ગુરૂકુલાશ્રમ, સાત્વિક આહાર વિહાર અને વિચારથી દ્રવ્ય બ્રહ્મચર્યની રક્ષા થાય છે. પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોમાં રાગદ્વેષની પરિણતિ, વિષયોમાં મનનું લપટાવવાપણું તે પંચેન્દ્રિય વિષ લંપટતા છે. પાંચ ઇન્દ્રિયોને રાગથી વિષયમાં લંપટ આસક્તિ ન થવા દેવી. મનને ચામડીરૂપ રંગ ધન વગેરેમાં જતું વારવું તે ભાવથી બ્રહ્મચર્ય છે. દ્રવ્યથી બ્રહ્મચર્ય પાળી શકાય તેથી શરીર આરોગ્ય દીર્ઘ આયુષ્ય વગેરે કાયિક માનસિક શક્તિયો ખીલે છે અને ભાવ બ્રહ્મચર્યથી મોહનો રોધ થતાં આત્માની ઉપશમભાવાદિ શક્તિયો ખીલે છે. દ્રવ્ય બ્રહ્મચર્ય કરતાં ભાવ બ્રહ્મચર્ય અનંતગુણ ઉત્તમ છે. ભાવ બ્રહ્મચર્યમાં સ્ત્રી પુરૂષ ભોગની વાંછા ઇચ્છા પરિણતિ રહેતી નથી. ચામડીરૂપ રંગનો મોહ રહેતો નથી. જડનો મોહ રહેતો નથી. જડભોગની આસક્તિ તે ભાવ બ્રહ્મચર્યની અપેક્ષાએ વ્યભિચાર છે. જડની પરિણતિએ આત્માનું પરિણમન તે વ્યભિચાર છે. દ્રવ્ય અને ભાવ બ્રહ્મચર્યમાં અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અને અનાચાર રહિત થવું તે દ્રવ્ય અને ભાવ બ્રહ્મચર્યની સિદ્ધિ છે. મનમાં સ્ત્રીની આસક્તિ થવી સ્થૂળ

દોષ થવો તે પણ ભાવ બ્રહ્મચર્યનો ભંગ છે. દેહમાંથી વીર્યને બહાર નીકળવા ન દેવું તે શારીરિક બ્રહ્મચર્ય છે. આત્મા તેજ બ્રહ્મ છે. આત્મા તેજ જ્ઞાન આનંદરૂપ છે. જ્ઞાન અને આનંદરૂપે પરિણમવું તે આત્મિક બ્રહ્મચર્ય છે. જ્ઞાન અને શુદ્ધાનંદના પરિણામમાં ન પરિણમવું તે દુઃખ છે. દુઃખ તે વ્યભિચાર છે, કારણકે તે આત્માનંદનો વિરોધી છે. કેવલ જ્ઞાન અને પૂર્ણાનન્દમય થૈ મસ્ત મહાયોગી થવું તે પૂર્ણ આત્મિક બ્રહ્મચર્ય છે અને તે શુદ્ધાત્મા પૂર્ણ બ્રહ્મચારી છે. એવા આત્મિક પરમાત્મ સ્વરૂપ રમણતારૂપ મહા બ્રહ્મચર્યયોગને લાખોમાંથી કોઈક પામે છે. લોકો આનંદને માટે વ્યભિચારાદિસેવે છે પણ જ્યારે તેઓને સાચું જ્ઞાન મળે છે અને મોહ ટળે છે ત્યારે ત્રણ પ્રકારના વ્યભિચારથી મુક્ત થાય છે. અહંતા અને મમતારૂપ માયાની બુદ્ધિથી વર્તવું તે આત્મિક બ્રહ્મચર્યની અપેક્ષાએ વ્યભિચાર છે. સમ્યગ્ દૃષ્ટિ આત્મા, ભાવબ્રહ્મચર્યને પામે છે અને તેથી આત્મિક મુક્તિની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય બ્રહ્મચર્ય તે સમકિતીને ભાવમુક્તિ માટે હેતુભૂત થાય પણ મિથ્યાદૃષ્ટિયોને હેતુભૂત થતું નથી. એ પ્રમાણે દ્રવ્યભાવથી બ્રહ્મચર્ય અને વ્યભિચારનું સ્વરૂપ જાણી દ્રવ્યથી અને ભાવથી જેટલું બને તેટલું બ્રહ્મચર્ય આરાધવા દરરોજ પુરૂષાર્થ કરવો અને પ્રમાદોને પરિહરવા. કોઈ સ્ત્રીથી દૂર રહે અને બીજી રીતે અયોગ્ય કાયા મનવાણી વ્યાપારથી શરીર વીર્યનો ઝરો ખાલી કરે તેથી બ્રહ્મચારી ગણાય નહીં. માટે એવું સ્વરૂપ સમજીને બ્રહ્મચારી તરીકે ગણાતા ત્યાગીઓએ દ્રવ્ય અને ભાવથી બ્રહ્મચર્યનો ખ્યાલ કરી દંભમાન ત્યજી લઘુતા સરલતા ધારી સત્યથી વર્તવું સર્વ વિશ્વમાં દ્રવ્યભાવ બ્રહ્મચર્યથી મુક્તિના દરવાજા ઉઘાડા છે તેમાં ભવ્યો પ્રવેશો. સકલ વિશ્વનો ઉદ્ધાર હેતુભૂત દ્રવ્ય અને ભાવ બ્રહ્મચર્ય છે. બ્રહ્મરૂપ શુદ્ધાત્મ સ્વરૂપમાં ચરવા માટે કાયિક વીર્ય અને માનસિક વીર્યનું રક્ષણ કરવા માટે આશા, તૃષ્ણા વાસના, કીર્તિ, અપકીર્તિ, પ્રતિષ્ઠા, ઇચ્છાઆદિ સર્વ પરપરિણતિરૂપ પરસ્ત્રી છે તેની સંગતિથી ભાવબ્રહ્મચર્યની પ્રાપ્તિ નથી. પર પરિ-

ણતિરૂપ સ્રીનો સંગ કરનાર બાહ્યથી બ્રહ્મચારી છતાં ભાવથી વ્યભિચારી છે. ક્રોધ માનમાયા લોભ કામાદિપર પરિણતિ છે તેની સંગતથી વ્યભિચાર છે. દ્રવ્ય વ્યભિચારના ત્યાગથી શરીરની શુદ્ધિ થાય છે અને ભાવ વ્યભિચારના ત્યાગથી મનની અને આત્માની શુદ્ધિ થાય છે. દ્રવ્યથી અને ભાવથી બ્રહ્મચર્ય પાળવા માટે યથાશક્તિ પુરૂષાર્થ કરવો. પુરૂષોએ અને સ્રીઓએ ગૃહસ્થાવાસમાં એક શય્યાએ દરરોજ સૂઇ રહેવું તે પણ એક દૃષ્ટિએ વ્યભિચાર છે. બાલલગ્ન પણ કાયિક માનસિક વ્યભિચાર છે. વૃદ્ધ લગ્ન પણ કાયિક અને માનસિક વ્યભિચાર છે. પરસ્પર એકબીજાની મરજી વિરૂદ્ધ અને ધર્મમાર્ગથી ભ્રષ્ટ થઇ વર્તવું તે પણ વ્યભિચાર છે. આત્માના તાબે મનવાણી કાયા ન રહે અને અધર્મ્ય રીતે વિષયોમાં મનવાણી કાયાની પ્રવૃત્તિ થાય તે પણ વ્યભિચાર છે. જડ વિષયોમાં હદબહારની ઇચ્છા અને મનવાણી કાયાનો દુષ્ટાસક્તિથી અતિ વ્યાપાર તે વ્યભિચાર છે. અધર્મ્ય કષાયથી મનવાણી કાયાથી થતી પ્રવૃત્તિ તે વ્યભિચાર છે. આત્માનો આત્માના જ્ઞાનાનન્દસ્વરૂપે રમવાનો સ્વભાવ છે અને પરપરિણતિમાં રમવું તે આત્માનો ધર્મ નથી છતાં પરપરિણતિમાં રમવું તે વ્યભિચાર અધર્મ છે, તેથી ચતુર્ગતિમાં વારંવાર જન્મ મરણ કરવાં પડે છે શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ શુભાશુભ પરિણતિ, શુભાશુભ પ્રકૃતિના ભોગની ઇચ્છા તે પરસ્રી છે તેની સાથે રમવું તે વ્યભિચાર છે, અને આત્માની શુદ્ધ ચેતના પરિણતિની સાથે રમવું તે સ્વધર્મ છે. એમ અધ્યાત્મજ્ઞાનદૃષ્ટિએ અવબોધવું. એવું જાણીને પૂર્ણાનંદ રમણતારૂપ આત્મ બ્રહ્મચર્યની પ્રાપ્તિ માટે જે જે નિમિત્ત બ્રહ્મચર્ય હોય તેનું અવલંબન કરવું. દ્રવ્ય બ્રહ્મચર્ય ધર્મને ગૃહસ્થાવાસમાં અને ત્યાગવસ્થામાં સાધવા પ્રયત્ન કરવો અને ભાવબ્રહ્મચર્યની અંશે અંશેપ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવો. ભાવબ્રહ્મચર્ય અને દ્રવ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું તે ન્હાના બાલકનો ખેલ નથી. આકાશમાં ચડી શકાય, ઉડી શકાય, પાતાળમાં પેસી શકાય, અષ્ટસિદ્ધિ મેળવી શકાય, ઇન્દ્રની પદવી મેળવી શકાય પણ દ્રવ્ય અને ભાવ

બ્રહ્મચર્યની પ્રાપ્તિ કરવી મહાદુર્લભ છે. દ્રવ્ય બ્રહ્મચર્ય અને ભાવ બ્રહ્મચર્ય પાલનમાં સ્વરાજ્ય સ્વતંત્રતા, મહત્તા, પ્રભુતા, પરમાત્મતા છે. નવ વાડથી દ્રવ્ય બ્રહ્મચર્યરૂપ કલ્પવૃક્ષને ઉચ્છેરવો. મનવાણી કાયામાં જડવાદ પ્રસરેલો જેને હોય છે તે આત્માનું સુખ મેળવી શકતો નથી. આત્માનો પૂર્ણાનન્દ પ્રાપ્ત કરવા માટે દ્રવ્યભાવ બ્રહ્મચર્યરૂપ ત્યાગ વૈરાગ્ય અને પ્રભુરાગ બન્ને સાધન છે. આત્મજ્ઞાનથી દ્રવ્યભાવ બ્રહ્મચર્યની મહત્તા અનુભવાય છે. હઠયોગ અને રાજયોગ એ બેનો દ્રવ્ય અને ભાવ બ્રહ્મચર્યમાં અંતર્ભાવ થાય છે. સર્વ વ્રતો નદીઓ સમાન છે અને બ્રહ્મચર્ય સાગર સમાન મહાન્ છે. આત્માનંદ માટે દ્રવ્ય બ્રહ્મચર્ય તથા ભાવબ્રહ્મચર્ય તપસંયમ અહિંસા સત્ય યોગરૂપ છે. ગૃહસ્થોમાં અને ત્યાગીઓમાં જે જે અંશે દ્રવ્યભાવથી બ્રહ્મચર્યવ્રતનું પાલન દેખીએ તે તે અંશે તેઓની પૂજ્યતા સ્વીકારીએ. વંદીએ, પૂજીએ. સમકિતીને દ્રવ્ય બ્રહ્મચર્ય છે તે આત્માના ભાવગુણોની પ્રાપ્તિ હેતુભૂત થાય છે. બ્રહ્મચારીએ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા માત્રથી ન રીજવું પણ કૃતિથી રીજવુ, પણ વ્યભિચારીપર ખીજવું નહીં. અંશે અંશે વ્યભિચાર અને બ્રહ્મચર્ય એમ બન્ને સાથે દોષ અને ગુણ પ્રથમ અંતરાત્મસાધકાવસ્થામાં હોય છે. દશમા ગુણસ્થાનક પછી શુદ્ધાત્મભાવની અપેક્ષાએ વ્યભિચાર નથી. મોહ નથી. મોહથી વ્યભિચારીપણું છે. આ કાલમાં સરાગધર્મ સંયમ ચારિત્ર યોગભક્તિ સેવા જ્ઞાન વગેરે છે તેથી દોષ લાગે તેનું પ્રતિક્રમણ કરવું અને દેહમન આત્માની શુદ્ધિ કરવી. આ કાલમાં ઉપશમ અને ક્ષયોપશમભાવે બ્રહ્મચર્ય છે તેથી દોષ લાગે તેથી પ્રતિક્રમણ દરરોજ કરી દ્રવ્યભાવ બ્રહ્મચર્યમાં સ્થિર રહેવું. દોષીની નિંદા ન કરવી. વ્યવહારથી પ્રભુ મહાવીર દેવે બ્રહ્મચર્યની મર્યાદા દર્શાવી છે તેમાં સ્થિર થવું અને દંભત્યાગી સત્ય સરલતાથી વર્તવું કે જેથી આત્માની શુદ્ધિ થતાં આત્માનંદ પ્રગટ થાય. ભાવબ્રહ્મચર્ય વિના કોઇની મુક્તિ થઇ નથી અને થશે નહીં. ચામડીનો સ્પર્શ મોહ અને ચામડી રૂપરંગનો મોહ જીત્યો ત્યારે ગણાય

કે જ્યારે આત્મા બે વર્ષના બાલકની પેઠે નિષ્કામ ચેષ્ટા વૃત્તિવાળો બની જાય અને ઉપસ્થદ્વારા આંખદ્વારા અને મનદ્વારા વિકારવૃત્તિ ચેષ્ટાનો બિલકુલ અભાવ થઈ જાય, એવી દશા ન થાય ત્યાં સુધી સદ્‌ગુરૂથી તથા નિમિત્તથી દૂર ન રહેવું. ગૃહાવાસમાં પ્રવેશ કરેલાઓએ પરસ્રીનોસર્વથા ત્યાગ અને કન્યાવિક્રય, વરવિક્રય–બાલલગ્ન, વૃદ્ધલગ્ન–રોગીલગ્ન રાક્ષસી વિવાહ વગેરે દોષોનો ત્યાગ કરીદંપતીજીવન શુદ્ધાત્માની પ્રાપ્ત માટે જાણી વહન કરવું. તરવારની ધારપર ખેલ ખેલવાના જેવો ગૃહસ્થાવાસ છે. આત્મજ્ઞાન, ભક્તિ, સેવા અને નિર્લેપકર્મથી ગૃહાવાસમાં ઉપર પ્રમાણે સંતાનોત્પત્તિ વિનાના બાકીના કાલમાં સ્વસ્રીત્યાગ અને અંતરથી પરપરિણતિનો ત્યાગ કરવા ક્ષણે ક્ષણે આત્મોપયોગી રહેવું. કોઈની ટીકા ન કરવી પણ આદર્શરૂપ બનવા પોતે બાહ્યાંતર શુદ્ધિ ધારવી. બ્રહ્મચર્ય સંબંધી પૂર્વે પણ એકવાર લખવામાં આવ્યું છે, રૂબરૂમાં ઘણી વખત ઉપદેશ દીધો છે, હવે તો વર્તવાનું બાકી છે. આત્મ જ્ઞાનથી જે આત્મામાં આનંદની શ્રદ્ધા ધારણ કરે છે તે બ્રહ્મચર્યની ઉપયોગિતા સમજે છે. આત્માના શુદ્ધાદેશથી વર્તવું. દ્રવ્ય બ્રહ્મચર્યથી આત્માના ગુણો પ્રગટ થાય છે અને તેથી જ્ઞાન ધ્યાન સમાધિમાં પ્રભુ સરખી સહાય મળે છે. કામના વિચારોને મનમાં ન પેસવા દેવા. બ્રહ્મચર્યનું પાલન થાય એવો આહાર વિહાર તથા વિચાર તથા સત્‌સંગતિ કરવી. વીર્યહીનથી આત્મા પ્રાપ્ત થઇ શકતો નથી. એકવાર આત્મરસ મળ્યા પછી બાહ્યરસમાં રસબુદ્ધિ રહેતી નથી. સર્વ વિશ્વના લોકોનું સત્યરાષ્ટ્ર બ્રહ્મચર્ય છે તેને સર્વ લોકો પ્રાપ્ત કરો એવી મારી આંતર સ્ફૂરણા છે. એ જ ધર્મલાભ તથા ભાઈ દલસુખ તથા મણિલાલ તથા ભોગીલાલ તથા શા. રાયચંદભાઇ રવચંદ વગેરેને ધર્મલાભ.

इत्येवं ॐ अर्ह महावीर शांतिः ३

સં. ૧૯૭૮. ઉત્તરાયણ.

લેખક બુદ્ધિસાગર. મુ૦ રાંધેજા.

મુકામ. વિજાપુર. તત્ર. સુશ્રાવક. શા. મોહનલાલ જેશીંગભાઈ શા. વાડીલાલ દલસુખ શા. પોપટલાલ કચરાભાઈ. શા. ભીખાભાઇ કાલીદાસ. શા. ભોગીલાલ અમથા શા. ચંદુલાલ ગોકલભાઈ યોગ્ય ધર્મલાભ. વિશેષ–પત્રથી સમાચાર જાણ્યા. અહીંથી પ્રાયઃ લોદરા–શા. રામચંદભાઈ રીખવદાસના ઉજમણાપર ભાઇ, બબલ ઘહેલાભાઈ તથા છનાલાલની વિનંતિથી મહા સુદિ પાંચમપર આવવા વિચાર છે. ઉદ્યાપનનું મૂલરહસ્ય લોકોના સમજવામાં આવે તો જૈનો જ્ઞાનનો પ્રકાશ થાય એવા માર્ગો વિશેષતઃ ગ્રહણ કરી શકે. હાલમાં સાધુઓપરથી લોકોની રુચિહઠતી જાય છે તેનું કારણ અગીતાર્થ સાધુઓનો વિહાર અને અગીતાર્થનો ઉપદેશ તથા તેઓના દ્રવ્યક્ષેત્ર કાલભાવ જ્ઞાનનું અજ્ઞત્વ છે. ગીતાર્થ ગુરૂ સૂરિના ઉપદેશમાં વિશ્વાસ લાવવો. સામાન્ય ક્રિયા માત્રના જાણકાર અજ્ઞસાધુઓનો ઉપદેશ શ્રવણ ન કરવો અને તેઓના વિહાર આદિની પ્રસંશા પુષ્ટિ ન કરવી. ચાર પ્રકારના અનુયોગી સ્વપર અધ્યાત્મજ્ઞાનાદિ શાસ્ત્રોના અનુભવી ધર્માચાર્યની સલાહ પ્રમાણે સર્વ ધર્મ કર્મની પ્રવૃત્તિ કરવી, પરંતુ ગાડરિયા પ્રવાહે ન પ્રવર્તવું. પ્રભુની પ્રતિમાની ગુણોની પ્રાપ્તિ માટે પૂજા કરવાની શ્રદ્ધાથી પૂજા પ્રવૃત્તિ હરરોજ કરવી. ગીતાર્થ સદ્ગુરૂને પૃચ્છા કરી શંકાઓનું સમાધાન કરવું. એકલવિહારી સાધુની સંગતિ ન કરવી અને સંગતિ કરવી હોય તો ધર્માચાર્યગીતાર્થ ગુરૂની આજ્ઞા લેઈ કરવી. સેંકડો અન્ય પુસ્તકોપર વિશ્વાસ ન મૂકતાં ગીતાર્થ ગુરૂના બોધપર વિશ્વાસ મૂકવો. અનાદિકાલથી જૈનધર્મ છે અને અનંતકાલપર્યંત જૈનધર્મ રહેશે. દેવગુરૂ જૈનધર્મની શ્રદ્ધા ઉઠે એવા મનુષ્યોની સંગતિ ન કરવી. નાસ્તિકોના ઉપદેશમાં વિશ્વાસ ન મૂકવો. સદ્ગુરૂનાપર પૂર્ણ વિશ્વાસ મૂકવો એવા વિશ્વાસને કોઈ અંધ

વિશ્વાસ યા દૃષ્ટિરાગ કહે તો તેથી તેનું કહ્યું માન્ય ન કરવું. જૈન શાસ્ત્રોને ગુરૂગમથી સમજવાં કે જેથી અવળું પરિણમન ન થાય. જૈનધર્મ શાસ્રો ચાલણીની પેઠે ચળાશે. હાલ સંક્રાન્તિયુગ ચાલે છે તેથી અનેક શુભાશુભ પરિવર્તનો થશે તેથી ગીતાર્થ સદ્ગુરૂના પૂર્ણ વિશ્વાસ વિના ગમે ત્યં ધર્મશ્રવણ કરવાથી ભક્તિનુંતત્ત્વ અને હિતાચરણુતત્ત્વ ઘટી જશે. ગુરૂની સ્થાપના સ્થાપીને તેની આગળ સામાયિક કરવુ. કોઇના ભરમાવ્યાથી ભરમાઇ ન જવું અને ગુરૂને હૃદયનું સર્વ નિવેદન કરી મનવાણી કાયાથી શુદ્ધ શ્રદ્ધાચરણ ધારણ કરવું. શ્રદ્ધા અને પ્રેમ વિના આત્માનો અંશ માત્ર પણ વિકાસ થવાનો નથી. હાલમાં ધર્મના નામે અનેક સુધારા થવાના પ્રસંગો જૈનો ઉભા કરશે પણ સત્યનો અનુભવ કર્યા વિના પ્રાચીન છંડવું નહિ. અસલ કાયમ રાખીને વિકારી રૂપનો ત્યાગ કરવો એ સત્ય સુધારો છે. આત્માની શુદ્ધિ કરવા માટે હાલમાં ગીતાર્થગુરૂ સમાન કોઇ આલંબન નથી ઘડીઘડીમાં ગુરૂ બદલનારા અને જ્યાં ત્યાં ગુરૂની બુદ્ધિ ધારણ કરનારા વસ્તુતઃ ગુરૂને જાણતા નથી. સમ્યગ્ દૃષ્ટિદાયક ગુરૂ ગમે તેવા સંયોગોમાં ભવોભવ એક સરખા એક ગુરૂ તરીકે કાયમ રહે છે. ગીતાર્થ ગુરૂની આજ્ઞા વિચારોપર અજ્ઞાન દશામાં જે શ્રદ્ધા તેજ શ્રદ્ધા છે અને કદાપિ જે પ્રેમ ન ટળે તે ગુરૂપ્રેમ છે. ગુરૂના આશયો ન સમજાય તત્કાલે શ્રદ્ધા રાખવી તે શ્રદ્ધા છે. ભક્ત લોકોના ભોજન પાણીથી ગુરૂની ધર્મશક્તિ વધે છે. નાસ્તિકો વગેરેનું ભક્તિ વિનાનું ભોજન ગુરૂઓ કરતા નથી. નાસ્તિકો ધર્મથી ચલાયમાન બુદ્ધિ થાય એવા ઉપદેશો પુસ્તકો રચે તેનું અવલંબન ન કરવું. પ્રમાણિકપણે વર્તવું. ગુરૂ જ્યાં રહેલ હોય યા વિચરતા હોય ત્યાં વારંવાર જવું. પ્રાણ જાય તો પણ ગુરૂની નિંદા સુણવી નહિ અને કદાપિ દેવતાઓ ગુરૂની શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવા ગુરૂનું રૂપ ધારણ અનેક ખરાબ ચેષ્ટાઓ દેખાડે તો પણ ગુરૂની શ્રદ્ધા ભક્તિથી અંશ માત્ર ચલાયમાન ન થવું. ગુરૂના સદ્વિચારોમાં પૂર્ણશ્રદ્ધા રાખવી. ગુરૂની ઔદયિક ચેષ્ટામાં વિપરિત બુદ્ધિ શંકા થાય તો

વિનય પ્રેમથી ગુરૂને મન નિવેદવું અને ગુરૂ માટે સર્વથા અર્પાઈ જવું એજ ધર્મની પૂર્ણ પ્રકટતા કરવાનું પુષ્ટાલંબન છે.

इत्येवं ॐ अर्ह महावीर शांतिः ३

---

પોષવદિ ૧.

લેખકઃ બુદ્ધિસાગર મુ૦ રાંધેજા.

શ્રી અમદાવાદ. તત્ર. શ્રદ્ધાવંત. દયાવંત. દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શેઠ. કેશવલાલ લલ્લુભાઈ રાયજી તથા શેઠ અમૃતલાલ લલ્લુભાઇ આદિ યોગ્ય ધર્મલાભ વિ. અમદાવાદથી વિહાર કરીને પોર, ડભારસદ થઇને આજ આ તરફ આવવાનું થયું છે. ધર્મ સાધન કરશો. આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજીને તેમાં આત્મોપયોગ ધારણ કરવો. આત્મજ્ઞાન વિના મુક્તિ નથી. દેવગુરૂ ધર્મની સેવા ભક્તિથી હૃદયની શુદ્ધિ થાય છે. દેવગુરૂ ધર્મમાં જે પ્રેમ પ્રગટે છે તે પ્રશસ્ય પ્રેમ છે. દેવગુરૂ ધર્મની શ્રદ્ધા અને પ્રેમથી યોગની ભૂમિકા દૃઢ થાય છે. આસક્તિનો નાશ કરનાર યોગ છે. સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત થૈ કર્તવ્ય કાર્ય કરવાં તે યોગ છે. આત્મસાક્ષીભાવે બાહિરનું સર્વ દેખવું અને ધર્મકર્મ કરવું તે નિઃસંગ કર્મયોગ છે. હું કર્તા છું, હું ભોક્તા છું, સર્વ મારૂં છે અને હુંજ છું એવી અહંમમત્વ બુદ્ધિ વિના કર્મમાં અકર્મત્વ છે. હું સદ્‌ગુણી છું અને બીજા દોષી છે, હું કરી શકું છું અન્યો નથી કરી શકતા, એવી મનની સંકલ્પ વિકલ્પદશા છે ત્યાં સુધી નિર્વિકલ્પ આત્મસ્વરૂપનો આનંદ પ્રગટતો નથી એમ જાણી જેઓ આત્મામાં મનનો લય કરે છે તે જીવન્મુક્ત મહા પુરૂષો છે. જ્ઞાન અને આનંદ તેજ શુદ્ધાત્મા છે. આત્માની જે જે અંશે શુદ્ધિ તે તે અંશે આત્મધર્મ છે. સર્વ વર્ણગંધવસ સ્પર્શમય પુદ્‌ગલ દ્વારા આનંદ ભોગવવાની બુદ્ધિ તે ભ્રાંતિ છે. પુદ્‌ગલ જડવસ્તુની કલ્પાતી લક્ષ્મી આદિની માયામાં ઉચ્ચત્વ કલ્પવું તે ભ્રાંતિ છે.

જડલક્ષ્મી આદિના સંયોગે આત્મા મોટો નથી તેમ તદભાવે આત્માલઘુ પણ નથી. પુણ્યકર્મ અને પાપકર્મના ઉદયમાં આત્માનું શુભત્વ અને અશુભત્વ કલ્પવું એ ભ્રાંતિ છે એમ જાણી બાહ્ય સુખ દુઃખમાં જે આત્મમોહ ધારતો નથી તે આત્મજ્ઞાની છે. આત્માનું નામરૂપ નથી. નામરૂપના મોહરહિત આત્મોપયોગે અંતરમાં વર્તવું અને બાહ્યમાં નામરૂપના મોહરહિત વર્તવું. મોહસહિત દશા તે બહિરાત્મદશા છે. નટ જેમ બાહ્યથી અનેક વેષરૂપ નામ ચેષ્ટા ધારણ કરી નાટક કરે છે પણ વસ્તુતઃ તે સર્વ પ્રકારના નામરૂપથી પોતાને ભિન્ન માને છે અને બાહ્યરૂપ નામમાં મોહ પામતો નથી તેમ જે કર્મના શુભાશુભ ભાવ પ્રયોગથી શુભાશુભ દશાના નાટક ખેલો કરે છે ( કર્મથી કર્યા વિના કોઈનો છૂટકો થતો નથી ) પણ જે તેમાં પોતાના આત્માને નિઃસંગ જાણી પ્રવર્તે છે તે માયાસાગરને તરી પેલીપાર જાય છે. શુભાશુભ પ્રારબ્ધ કર્મોના ભોગમાં જે નિર્લેપ વર્તે છે તે આત્મજ્ઞાની છે. બાહ્ય શુભાશુભ તે વસ્તુતઃ આત્મદૃષ્ટિએ કલ્પિત છે તેમાં શુભાશુભ બુદ્ધિ ન પ્રગટે એટલે આત્મા પોતાના સ્વરૂપનો અનુભવી થયો એમ જાણવું. બાહ્યમાન અપમાન કીર્તિનિંદા વગેરે શુભાશુભ દ્વંદ્વની પેલીપાર આત્મસ્વરૂપનું વેદન છે. આ પ્રત્યક્ષ દેખાતી દુનિયા પ્રતિ સમભાવ પ્રગટે એટલે આત્માની જીવન્મુક્તદશા થાય છે. મનવાણી કાયાની ક્રિયામાં અહંમમત્વ બુદ્ધિ પ્રગટતી વારવી એટલે આત્મામાં મુક્તિનો સાક્ષાત્ અનુભવ થાય છે. પોતાના કલ્પાયેલા નામરૂપમાં આત્મા નથી. નામરૂપમાં વસ્તુતઃ આત્મા નથી એમ પૂર્ણ નિશ્ચય કરીને દુનિયાની સંજ્ઞા, વિષયસંજ્ઞા, વાસનાઆદિ સંજ્ઞાઓથી મરી જવું તે દેહથી જીવતાં જીવન્મુક્તિ છે અને એ આત્મજ્ઞાની મરજીવાનીદશા છે તથા એ રાજયોગીની દશા છે. આત્માનો સાક્ષાત્ અનુભવ સ્વયં આત્મા કરે છે ત્યારે ચતુર્દશ રાજલોકમાં ન માય એટલો બધો પૂર્ણાનંદ પ્રગટે છે. આત્માસ્વયં આત્માને પામે છે ત્યારે સ્વયં પરમાત્મા બને છે એવી અનુભવદશા પહેલાં વૈરાગ્ય અને ઉદાસીનતા

રહે છે. વૈરાગી આત્માને પામવા પુરૂષાર્થ કરનાર છે પણ વ્રત વૈરાગ્યદશામાં તે આત્માનંદ અનુભવી શકતો નથી તેથી તે શોકી વિયોગી જેવી જડભોગી અને આત્મજ્ઞાનયોગીની વચ્ચમાંની દશા અનુભવે છે. પુદ્ગલાનંદના હેતુઓ ત્યાગવાની ત્યાગદશા તથા વિષયોપર વૈરાગ્યદશાથી સાધક આત્માનંદ પામવા પ્રયત્ન કરે છે અને જ્યાં સુધી તે આત્માનંદ પામ્યો નથી ત્યાં સુધીની વચલી દશા તે ત્યાગવ્રત વૈરાગ્યદશા છે. ત્યાગ વૈરાગ્ય વ્રતદશા તે ભરદરિયાના મધ્યવર્તી નાવની દશા જેવી દશા છે ત્યાંથી શ્રદ્ધા પ્રીતિથી ભ્રષ્ટ થતાં પુનઃ પુદ્ગલાનંદ તરફ પણ પાછું પડાય છે. એકવાર આત્માનંદનો સ્વાદ મળતાં પશ્ચાત્ બાહ્ય સર્વ રસની ભ્રાંતિ ટળે છે અને પત્ની જેમ પતિવિયોગથી દુબળી થએલી જ્યારે પતિને પામે છે ત્યારે આનંદથી મસ્ત બને છે તેમ આત્મા પણ સર્વ દુઃખમય શોકની પેલીપાર જાય છે. પત્ની જેમ પતિના વિયોગમાં પતિપર પત્ર લખે છે, પતિનું ધ્યાન ધરે છે, વ્રત કરે છે; મોજશોખની વસ્તુઓનો ત્યાગ કરે છે, ઉદાસીન વૈરાગિણી ત્યાગિની થાય છે, પતિના વિયોગે રૂવે છે. પણ જ્યારે તેના પતિ તેના ઘેર પધારે છે એટલે પૂર્વની ધ્યાન વૈરાગ્ય આદિવિયોગ દશાનો અનુભવ કરતી નથી. પતિ મળ્યા પછી પતિનું શું ધ્યાન? અને વ્રત ત્યાગ ક્યાં? તેમ આત્મા જ્યારે પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને પામે છે, ચેતના જ્યારે આત્મપતિને શુદ્ધાદ્વૈતભાવે મળે છે અને કેવલ અદ્વૈતપણું અનુભવે છે ત્યારે આત્મા તેજ પરમાત્મભાવે વ્યક્ત થાય છે તેથી ત્યાં તપજપ વૈરાગ્ય ત્યાગવ્રત વગેરે કંઈ રહેતું નથી. પોતાના આત્માનો જ્યાં પોતાને સાક્ષાત્કાર અનુભવાય છે તેજ પ્રભુની પ્રાપ્તિ છે એવી પરમેશ્વરની પ્રાપ્તિ થતાં અપરંપાર આનંદ સાગરની લ્હેરો ઉછળે છે. પછીથી શરીર છતાં બાહિરથી ત્યાગીનો વેષ છતાં પશ્ચાત્ વચલી દશા અને તેની ક્રિયા રહેતી નથી અને વચલી દશાનું મન પણ રહેતું નથી. એવી આત્મદશાની ઝાંખી કંઇ કંઇ વેદાય છે પણ તેની બીજાને તે દશા થયા વિના ઝાંખી કરાવી શકાય નહિ. વાણીથી કહેતાં અન્યને

તે દશા ન થાય ત્યાં સુધી અનુભવ ન આવે દુનિયાના લોકો ગમે તેમ માને અને લોકવાસનાથી ગમે તેમ બોલે પણ આત્માનંદ દશા ક્ષયોપશમની હોય છે તેવી દશા વારંવાર આવે છે અને જાય છે છતાં તે દશાનો આનંદરસ તેજ આત્મા છે એમ પરિપૂર્ણ નિશ્ચય થયો છે તેથી પૂર્ણાનંદમાં લક્ષ્ય રહે છે. એવી આત્માની ક્ષાયોપશમીય આનંદદશાની વારંવાર મસ્તી આવવાથી સાધનોમાં સાધ્યબુદ્ધિ રહેતી નથી તેમજ દુનિયામાં મનાવા પૂજાવાનો અને અષ્ટ સિદ્ધિયોની પ્રાપ્તિનો બિલ્કુલ મોહ થતો નથી. દેવલોક પ્રાપ્તિનો રાગ પણ પ્રગટતો નથી. આત્માની પરિપૂર્ણ શુદ્ધિ એજ મોક્ષ છે તેની પ્રાપ્તિમાં સર્વ પ્રકારની કામના રહિતપણે થઇ જવું. આત્માના ક્ષાયોપશિમક આનંદ ઝરણાંના પ્રવાહક શ્રી આનંદઘનજી, ચિદાનંદજી અને ઉપાધ્યાયજી છે તેમના હૃદયમાં પૂર્ણાનંદની ઝાંખી થઇ હતી. તેઓની નિષ્કામ કરણી તથા અવધૂત મસ્તદશા હતી. આત્માના આનંદ માટે મગનતાની ધૂન જાગ્યા પછી સાંસારિક વ્યવહાર કરણીઓ ફર્જ તરીકે થાય છે અને તે દશાની કરણીને નિષ્કામ કરણી કથવામાં આવે છે. આત્માની મુખ્ય કામના પ્રથમ મોક્ષની જાગે છે તેવી પૂર્ણાનંદની કામના પશ્ચાત્ જડવસ્તુઓમાં રહેતી નથી. પછીથી બાહ્ય વ્યાવહારિક કાર્યો તે કર્મ પ્રેરણાદિથી થાય છે, અને બાહ્યકર્મમાં પૂર્ણાનંદની કામના નહિ હોવાથી નિષ્કામકર્મ ગણાય છે છતાં બાહ્ય આ જીવિકાદિ સાધનોની ઉપયોગિતાની દૃષ્ટિએ તે થાય છે. અધ્યાત્મ જ્ઞાનની પકવદશા થતાં તેનેભવમાં અને મુક્તિમાં સમભાવ પ્રગટે છે. આત્માથી મુક્તિ ભિન્ન નથી. આત્માની શુદ્ધિમાટે જ્ઞાનીને બાહ્યાંતર વસ્તુઓ હોય છે. અજ્ઞાનીને સંવરના હેતુઓ પણ આસવરૂપે પરિણામે છે. બાહ્યથી અજ્ઞાની અને જ્ઞાનીમાં ફેર નથી પણ બન્નેના પરિણામમાં અનંતગુણ ફેર છે. સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત કરનાર આત્મજ્ઞાન છે અને સદાચાર છે. ગૃહસ્થાવાસમાં અગર ત્યાગાવાસમાં આત્માની શુદ્ધિ કરવાપર જેને ખાસ લક્ષ્ય હોય છે તેને ધર્મની પ્રાપ્તિ થાય છે. મન અને

ઇન્દ્રિયોમાં આત્માધ્યાસ ત્યજવો અને જેટલું બને તેટલું આત્માનું ધ્યાન ધરવું. દેહ કરતાં ઇન્દ્રિયોની અને ઇન્દ્રિયો કરતાં મનબુદ્ધિની શક્તિ ઘણી છે અને તે કરતાં આત્માની અનંતગુણી શક્તિ છે તે પ્રગટતાં જન્મ મરણની પરંપરાનું કારણ કર્મરૂપ બીજ ટળી જાય છે. આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં પ્રકાશિત થાય છે તેનો મનમાં બુદ્ધિમાં અપેક્ષાએ કંઇક પ્રકાશ પડે છે અને દેહમાં રહ્યો છતોઆત્મા, દેહથી ન્યારો છે તેને પ્રકાશ કરવા દેહશક્તિમાન્ થતું નથી, આત્માનો જ્ઞાનથી પ્રકાશ થાય છે. રજોગુણી તમોગુણી બુદ્ધિનો ત્યાગ કરી સાત્વિકબુદ્ધિ પ્રાપ્ત કરવી. આત્મામાં રમતી બુદ્ધિ તે શુદ્ધ બુદ્ધિ છે. રાગદ્વેષ વિનાનું આત્મજ્ઞાન તે શુદ્ધજ્ઞાન છે. રાગદ્વેષ વિનાનો યોગ તે શુદ્ધયોગ અને તેમાં જ શુદ્ધભક્તિ છે એવી દશા આવવા માટે અનુક્રમે ધર્મયોગનાં પગથીયાંપર ચઢવું જોઇએ. ગૃહસ્થદશા છતાં નિરાસક્તિથી વર્તવા પુરૂષાર્થ કરવો જોઇએ. સંસાર વ્યવહારમાં નિઃસંગતા અને પ્રમાણિકતાનું જીવન ગાળવું જોઇએ. સદ્ગુરૂ અને સંતસમાગમમાં આવી આત્મજાગૃતિમાં વારંવાર રહેવું જોઇએ. મનવાણી કાયા આહાર આચાર અને વિચારની શુદ્ધિપૂર્વક આત્મશુદ્ધિમાં પ્રતિદિન કંઇને કંઇ આગળ વધવું જોઇએ અને તેનો અનુભવ પોતાને આપવો જોઇએ એવો વીતરાગ પ્રભુ મહાવીરદેવનો સદુપદેશ છે. મનની સંકલ્પ વિકલ્પદશાને ટાળવા માટે જે મનવાણી કાયાની પ્રવૃત્તિ તે જૈનપણું છે અને આત્માની શુદ્ધ ચિદાનંદ દશાની પ્રાપ્તિ કરવી તે જિનવીતરાગપણું છે. સર્વ પ્રકારની સંકલ્પ વિકલ્પરૂપ મોહદશાથી આત્મા તરફ આવવું અને મોહદશાને ત્યાગવી તે જૈનદશા છે. અનેક સાધનો વાળી જૈનદશા અને એક આત્માની નિર્વિકલ્પદશાનો આનંદ પ્રાપ્ત કરવા માટે જેને જે ઘટે અને જે રૂચે તે સાધનથી સાધ્યની સિદ્ધિ કરવા પ્રબલ પુરૂષાર્થ કરવો અને અન્યોની નિંદા વગેરેમાં ન પડવું, નિંદા કરવી, દોષ દેખવા અને દોષીઓને દેખવા, એ સર્વ મોહવૃત્તિ છે. આજીવિકાદિ કારણો જે ખાસ સંસાર

વ્યવહારમાં ઉપયોગી છે તે વિના બાકીની માથાકૂટમાં ન પડવું એ ધર્મીનું કર્તવ્ય છે. બીજાની પંચાત કરતાં આત્માનો ઉપયોગ ભૂલાય તે મોહ છે એવા મોહને મનમાં પેસવા ન દેવો. મિથ્યા મોહાદિને જીતીને જીવતાં આત્મારૂપ તીર્થનો પ્રકાશ કરવો. પ્રભુની પૂજા કરતા રહેશો. ધાર્મિક પુસ્તકોને વાચશો. ચમનલાલ, રતિલાલ, ત્રિકમ તથા નરોત્તમ, મનુ વગેરેને ધર્મલાભ કહેશો. નિશ્ચય દૃષ્ટિરૂપ શુદ્ધાત્મ સ્વરૂપનો અંતરૂમાં ઉપયોગ રાખીને કર્મયોગ રૂપ વ્યવહારથી વર્તશો. દરેક બોધ વચનોનો અનુભવ કરવા લક્ષ્ય દેવું અને જે અનુભવમાં ન આવે તે માટે ભવિષ્ય પર વિશ્વાસ મૂકી આધ્યાત્મિક પુસ્તકો વાચશો. દેવગુરૂ દર્શન ભક્તિ સેવામાં ઉપયોગી રહેશો.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

---

૧૯૭૮. પોશવદિ. ૩

લેખક, બુદ્ધિસાગર. મુ૦ લીંબોદરા.

અમદાવાદ. તત્ર સુશ્રાવક. શેઠ જગાભાઈ દલપતભાઈ તથા શેઠ મણિભાઇ દલપતભાઇ યોગ્ય ધર્મ લાભ, વિશેષ અમદાવાદથી તેરસે વિહાર કરી બીજની સાંજરે લીંબોદરે આવવાનું થયું છે. હવે માણુસે થઈ લોદરે રીખવદાસ રામચંદ અને ઘેહલાભાઈ રામચંદના ઉદ્યાપનોત્સવપર જવાશે.

**વિશેષ**—ઘણી વ્યાપારની ઉપાધિમાંથી લક્ષ્ય ઓછું કરશો. ધનાસક્તિથી શાંતિ આનંદ મળવાનો નથી. જે જે અંશે નિરૂપાધિપણું તે તે અંશે ધર્મ છે. નંદરાજાની સુવર્ણની ટેકરીઓ કોઇના ખપમાં આવી નહિ. ગરીબ અને લક્ષાધિપતિને સંતોષથી

સુખ છે. સંતોષ વિના યુરોપ અમેરિકા શું સુખ ભોગવે છે? ઈન્દ્રિય અને દેહથી સુખ ભોગવવું એ તો ભ્રાંતિ છે આત્મામાં સ્થિરતા વિના શાંતિ નથી. શરીર અને ઇન્દ્રિયોને ઘસવી નાખે તો પણ સત્ય સુખ મળવાનું નથી. અગ્નિમાં લાકડાં અને ઘી જેમ જેમ વધુ હોમવામાં આવશે તેમ તેમ વિશેષ પ્રકારે અગ્નિની જ્વાલાઓ પ્રગટવાની. મન અને ઈન્દ્રિયોથી ભોગ ભોગવતાં ઈન્દ્ર ચક્રવર્તીયોને પણ સાચી શાંતિ થઇ નથી. આશા તૃષ્ણાના પૂરમાં તણાતાં અંશ માત્ર સત્ય સુખ મળવાનું નથી.

સ્વયંભુરમણ સમુદ્રને કોઈ તરી શકે પણ લોભ સાગરનો કોઇ પાર પામી શકનાર નથી. મન મરતાં મુક્તિ છે દુનિયામાં મનની હારાહાર જીતાજીત છે, અલ્પકાળ જીવવું અને લાખો વર્ષ ચાલે એટલી ઉપાધિ કરવી એ તે શું કર્તવ્ય છે? કોના માટે કેટલી માથાકૂટ? અનંત શક્તિ લક્ષ્મીનો સ્વામી દેહમાં રહેલો આત્મા છે. આત્માને પ્રાપ્ત કરતાં અનંત શાંતિ સુખ છે માટે તેમાં લક્ષ્ય દેવું જોઇએ. તૃષ્ણા સાગરને સૂકવી નાખો. સંતોષરૂપ અગસ્તિ ક્ષણમાં તૃષ્ણા સાગરને પી જાય છે. સર્વ પ્રકારની ઉપાધિ એ મનની કલ્પના છે. જ્યાં મનની કલ્પનાઓ ઉઠતી નથી ત્યાં અનંત સુખનો પ્રાદુર્ભાવ છે. આત્મજ્ઞાનીને આત્મામાં ધ્યાન સમાધિથી જે સુખ થાય છે તેનો અનંતમો ભાગ પણ સત્તા લક્ષ્મી સ્ત્રી પરિવારથી મળતો નથી માટે જાગ્રત્ થાઓ. ચેતવું પોતાના હાથમાં છે. સંતની ફરજ સંત બજાવ્યા કરે છે. બાજી હાથમાંથી જતી રહેશે ત્યારે પશ્ચાત્તાપ અને દુઃખ રહેશે. માટે ચેતો.

બાહ્યમાં સુખ માટે જે કરવાનું થાય છે તે અજ્ઞાની મોહીને દુઃખ માટે થાય છે. આત્માની શુદ્ધતામાં મુક્તિ છે. આત્માની મુક્તિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યભવ છે તેને એળે ન ગુમાવો. શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરો અને અન્ય લોકોની ઉપકારતામાં જીવન ગાળો. હજારોમાં કોઇ એક પ્રભુનો ભક્ત બને છે. મનુષ્ય જન્મની એક ક્ષણ પણ નકામી ન ગાળવી જોઇએ. જેઓ નાસ્તિકો

તેઓ તો જીવતાં મરેલા છે તેઓ મોહ અજ્ઞાનતારૂપ શયતાનના તાબામાં રહેલા છે. સદ્વિચારોને આચારમાં મૂકવા એ જીવતો રોકડો ધર્મ છે. આત્માના આનંદમાં શ્રદ્ધાપ્રીતિ થવી એજ રોકડ નાણું છે અને આત્માના જ્ઞાનાનન્દ જીવનથી જીવવું એજ પ્રભુ પરમાત્મ જીવન છે. મોહની નિદ્રાથી સૂતેલાઓને વારંવાર બેઠા કરવામાં આવે તો પણ તે પાછા સૂઇ જાય છે. આયુષ્ય ટળતાં પછીથી કંઇ થઇ શકનાર નથી. દરરોજ સામાયિક, પૂજા, ગુરૂ-ભક્તિ, સાધુ સમાગમથી આત્માને જાગૃત કરો. દેખતાં છતાં આંધળા થવું એ કેમ પાલવી શકે તેમ જાણતાં છતાં વિષપાન કરવું કેમ સારૂં લાગે. ઉપાધિ જેટલી વધારશો તેટલી વધશે. લક્ષ્મીથી મળેલું માન કેટલા દિવસનું, લક્ષ્મીથી આત્માની પ્રભુતા પ્રગટ ન કરી શકાય. લક્ષ્મી જડ છે તેની આત્મા આગળ ધૂલ જેટલી પણ મહત્તા નથી. માટે મોહને દૂર કરો અને ધર્મમા પ્રવૃત્ત થાઓ. આત્મજ્ઞાનથી જાગૃત થયા પછી આત્માનંદ તરફ લક્ષ્ય થવાનું. આત્મામાં મન રાખો. આત્મામાં મન ધારણ કરતાં પશ્ચાત્ જે સદ્ભૂત ગુણ છે તે પણ પ્રગટવાના અને ઔપચારિક અસત્ ભૂત સાત્વિક ગુણો પણ પ્રગટવાના. શ્રીકુંથુનાથ, શાંતિનાથ અને અરનાથ પ્રભુએ નાકના લીંટ સમાન પૌદ્ગલિક ભોગોને જાણી તેઓથી મુક્ત ત્યાગી થયા હતા અને કેવલજ્ઞાન પ્રગટ કરીને વિશ્વોદ્ધાર કર્યો હતો. દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ છે. મન, વાણી કાયાથી ધર્મનાં કૃત્યો કરો, ધર્મની આરાધના કરો. પ્રભુ મહાવીર દેવનાં વચનામૃતોને સદ્ગુરૂદ્વારા શ્રવણ કરો. બહારની કીર્તિ મોટાઇ તે સ્વપ્નની ભ્રમણા છે. આત્માની અને મન વાણી કાયાની શુદ્ધિ તે સત્ય સુધારો છે, બાકી બાહિરના સુધારા તે ભ્રાંતિ છે. દેવગુરૂ ધર્મની આરાધના તે આરાધના છે. બાકી બીજી વિરાધના છે. દેહ ઇન્દ્રિયના મિથ્યા ભોગમાં મુંઝાઇને જીવવું તે પશુ જીવન છે એવું જીવન તો અનંતીવાર ભોગવ્યું માટે આત્મ જીવને જીવવા માટે ઉઠો! જાગૃત થાઓ! કેમ પ્રમાદ કરો છો? પોતાના હૃદયમાં આત્માનો નિશ્ચય કરો. શંશયથી આત્માનો

નાશ થાય છે. આત્માની શુદ્ધતા તેજ સત્ય ધર્મ છે. ગાડરીયા પ્રવાહે ચાલવું તેતો પશુની ચાલ છે. દુનિયાના માર્ગે તો અજ્ઞો ચાલે છે. જ્ઞાનીઓ તો પ્રભુના માર્ગે ચાલે છે. દુનિયાને રીઝવી ન રીઝવાય. આત્માની રીજમાં દુનિયાની ખીજને અમૃત જેવી ગણો. પ્રમાદોને પ્રગટતાવારી ખાસ જૈન ધર્મની આરાધના કરશો. શેઠાણી ગંગાબેનને ધર્મ લાભ. તમારી માતાજીના જેવી પ્રભુ ભક્તિ ગુરૂભક્તિ તમને પ્રાપ્ત થાઓ. ધારો તો હજી તમો ઘણું કરી શકો. ઉત્સાહ ખંત પુરૂષાર્થથી ધર્મમાં પ્રવર્તો.

**इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३**

---

લેખકઃ બુદ્ધિસાગર મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૩.

અમદાવાદ. તત્ર વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ દેવેન્દ્રસાગર યોગ્ય અનુવન્દન સુખશાતા વિ. તમોએ આગમ શાસ્રો સંબંધી કેટલીક શંકાઓ પુચ્છી તેનો ખુલાસો નીચે પ્રમાણે છે. વિ. આચારાંગ સૂત્રમાં મુખ્યતયા જિન કલ્પીના પાઠો છે અને સ્થ-વિર કલ્પીના પણ છે. આટલાં વસ્ત્ર રાખવાં અને આટલાં ન રાખવાં, અમુક આચાર પાળવા તે ઐાપચારિક વ્યવહાર ધર્મની વાત છે તેમાં એકાંત કદાગ્રહ ન કરવો. કોઇ નગ્ન રહે અને સ્થ વિર વગેરે ઉપકરણો દેશકાલાનુસારે આત્મોપયોગમાં રહેવા માટે વાપરે તેમાં સાપેક્ષોપયોગની અપેક્ષાએ કંઇ દોષ નથી. આત્માના ઉપયોગમાં રહેવું એવો શુદ્ધ નિશ્ચયનય હૃદયમાં

ધારણ કરવો. વેષ વસ્ત્ર વગેરે ઔપચારિક ચારિત્ર છે તેમાં દેશ કાલાનુસારે સુધારો વધારો પરિવર્તન થઈ શકે. વ્યવહાર ક્રિયા ચારિત્ર હાલ અપવાદ માર્ગથી વિશેષ પ્રવર્તે છે. વ્યવહાર ચારિત્રની ઉત્કૃષ્ટ ઉત્સર્ગતા બતાવવાના પાઠો આગળ કરવા તેથી સાધુ સાધ્વીના માર્ગનો નાશરૂપ તીર્થચ્છેદ થાય. સાધુ સાધ્વીરૂપ ત્યાગી ધર્મગુરૂ વિના જૈનધર્મ ન વહે એમ જાણવું. છેદ સૂત્રો વગેરે શાસ્ત્રોમાં ત્યાગીઓને અપવાદ ક્રિયા ચારિત્રમાં જે જે દોષો પ્રકટે તેનાં પ્રાયશ્ચિત્તો દર્શાવ્યાં છે. આત્માના શુદ્ધ ધર્મમાં રમણતા કરવામાં બાહ્યવેષ ક્રિયા ચારિત્ર નિમિત્ત કારણરૂપ છે તેથી અધ્યાત્મ જ્ઞાનોપયોગી સાધુઓને બાહ્ય વેષ ક્રિયારૂપ ચારિત્રમાં એકાંતે રાચવું થતું નથી. આગમોમાં ભય વચન અને રોચક બન્ને પ્રકારનાં વચનો છે તથા ભયકારક તથા રૂચિકારક બન્ને જાતની કલ્પિત તથા અકલ્પિત કથાઓ છે તેનો મૂળ ઉદ્દેશ મોક્ષની તરફ ગમન કરવું અને પાપ માર્ગોથી દૂર રહેવું, એજ છે. આત્માનું શુદ્ધસ્વરૂપ કેવલજ્ઞાનમય અને પૂર્ણાનંદમય છે એવી શ્રદ્ધાપ્રીતિ જેઓને ન થઈ હોય તેઓને સ્વર્ગાદિ સુખોની પ્રાપ્તિ માટે વ્રતાદિકનાં ફલો અપેક્ષાએ દર્શાવ્યાં છે અને જ્યારે આત્માનંદનો પૂર્ણ નિશ્ચય થાય છે ત્યારે તેઓને વ્રતાદિક મોક્ષાર્થે પરિણમે છે.

વ્રતધર્માનુષ્ઠાનોમાં દોષ વગેરે લાગે તો તેથી મહા ભય બતાવ્યો છે તેનું કારણ એ છે કે ધર્મી લોકો વ્રત ક્રિયા ધર્માનુષ્ઠાનોમાં દોષ ન થાય તેવી રીતે પ્રવર્તે. કેટલેક સ્થાને અતિ ભય દર્શાવ્યો છે અને કેટલેક સ્થાને ધર્મનું અત્યંત ફલ દર્શાવ્યું છે તે વસ્તુત: અસત્ય નથી. કારણ કે અત્યંત શુભ પરિણામથી ક્ષણમાં દેવલોકની પ્રાપ્તિ થાય છે અને અત્યંત અશુભ પરિણામથી ક્ષણમાં નરકની પ્રાપ્તિ થાય છે રૂચિ વચનો તે દેવ ગુરૂ ધર્મમાં પ્રવૃત્તિ માટે છે અને ભય વચનો તે પાપથી નિવૃત્તિ માટે છે, અને એવાં રોચક તથા ભય વચનો સર્વ વિશ્વમાં

પ્રવર્તતા ધર્મોનાં શાસ્ત્રોમાં અલ્પાધિક તરતમયોગે સત્ય હોય છે. દેરાસરમાં કોઈ પાદે તો તે કસ્તુરી દુધથી દેરાસર ધોવરાવે ત્યારે તે શુદ્ધ થાય એમ કહેવામાં આવ્યું છે, તેમાં દોષની નિવૃત્તિનો મુખ્ય ઉદ્દેશ છે. કેટલાક અજ્ઞ જડ લોકોને અત્યન્ત ભય બતાવવામાં આવે છે, ત્યારે તે દોષ આશાતનાથી પાછા હઠે છે એવો વ્યવહાર ધર્મનો વિવેક છે. આધ્યાત્મિક જૈન શાસ્ત્રોમાં અશુભ અને શુભ પરિણામ તથા વ્યવહારથી ભિન્ન શુદ્ધાત્મ સ્વરૂપ દર્શાવ્યું છે અને શુદ્ધ પરિણામમાં મુક્તિ દર્શાવી છે. ત્યાં ઔપચારિક વ્યવહાર ધર્મને દર્શાવ્યો નથી. ઔપચારિક વ્યવહાર ધર્મ શાસ્ત્રોમાં ઉપમા વચનો છે અને ત્યાં કવિયોને અલ્પ વસ્તુને મહાવસ્તુ તરીકે વર્ણવાની છૂટ છે. સૂયડાંગ સૂત્રમાં શ્વેત પુંડરીક કમલ અને સરોવરની વાત છે તે કલ્પિત કથાનક છે અને તે બોધ આપવા માટે કલ્પિત દૃષ્ટાંત તરીકે વાપર્યું છે એમ કલ્પિત કથાઓ દ્રષ્ટાંતોથી બોધ આપવાની પ્રથા સર્વ ધર્મના આચાર્યોએ ધર્મ શાસ્ત્રોમાં ગ્રહી છે. બાલ જીવોને તેથી બોધ થાય છે. પંચતંત્ર અને શુક બહોતેરીથી તથા એવા બીજા અનેક પુસ્તકોથી લોકોને બોધ મળે છે. કલ્પિત અને અકલ્પિત કથાઓમાં નવ રસનાં વર્ણનો આવે છે. ન્હાની વાતને મોટી કરવામાં આવે છે, પણ તે બધામાંથી સત્વ સાર ખેંચવાનો હોય છે એમ ગુરૂગમથી શિષ્યો સમજે છે તેથી તેઓ નાસ્તિક બનતા નથી. એક દોષથી લાખો ખરાબ અવતાર વર્ણવેલા હોય છે ત્યાં ભય અને દોષ પરિણામરૂપ સત્ય એ બન્ને સાથે હોય છે તેમજ આધ્યાત્મિક દષ્ટિએ અનેક શુભાશુભ વિચારો તે પણ મારી વિચાર જન્ય પરિભાષાએ ભવો છે તેમજ સ્વપ્નમાં દેખાતા વિચારો તે શુભાશુભ જન્મો ભવો છે ત્યાં પણ સુખ દુઃખ વેદાય છે. સૂક્ષ્મ વિચારો તેજ સ્થૂલ ભવો તરીકે થાય છે એ રીતે અવલોકતાં મન તેજ સંસાર છે અને મનની શુભાશુભ પરિણતિ તે સૂક્ષ્મ ભવો અને તે સ્થૂલમાં ભોગવાય તે સ્થૂલભવો એમ અનેક પ્રકારના ભવોનું સુખ દુઃખ ફલ શાસ્ત્રોમાં છે.

નવ તત્ત્વનું જ્ઞાન, ષડ દ્રવ્યનું વર્ણન, સ્વર્ગ નરક, મનુષ્ય લોકનું વર્ણન એ તત્ત્વ વસ્તુ વર્ણન છે. ચક્રવર્તી ચોસઠ હજાર રૂપ કરે છે એ વાત અસત્ય નથી. યોગવિદ્યા શક્તિબળે તે બની શકે છે. કૃષ્ણે અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું હતું તે યોગ વિદ્યા શક્તિએ સિદ્ધ ઠરે છે. મેસ્મેરિઝમ અને હીપનોટિઝમ વિદ્યાના અભ્યાસી યોગીઓના ચમત્કારો અને તેઓના અનુભવોથી તેવી બાબતો ગપ્પ પુરાણ જેવી લાગતી નથી. દશાર્ણભદ્ર રાજાએ પ્રભુ મહાવીરનું સામૈયું કર્યું અને મનમાં તેમને અહંકાર થયો તે અહંકારનો નાશ કરવા ઇન્દ્રે હાથીના દંતુશલ ઉપર વાવ કમલ વગેરેની રચના દેખાડી તે હીપનોટિઝમ જેવી યોગ વૈક્રિય લબ્ધિની શક્તિનો એક ભાગ હતો તેથી દર્શાણભદ્ર રાજાને તેમ દેખાયું. મ્હેં પણ એક વખતે એક છોકરાને હીપનોટિઝમ જેવી યોગ શક્તિથી હનુમાન દેખાડી તેના મસ્તકપર શીંગડાં દેખાડયાં હતાં. આપણે જેવું ચિંતવીએ તેવું અન્યને દેખાય, અનુભવાય, તેવું યોગ શક્તિથી થાય છે, તો ઇન્દ્રાદિક દેવો મુનિયો વગેરેએ હાલના લોકોને અસંભવતું લાગે તેવું કરેલું હોય તેમાં શંકા ન આણવી. ઐતિહાસિક દૃષ્ટિથી અનેક પરસ્પર વિરૂદ્ધ કલ્પનાઓ ઉઠવાનો સંભવ છે. પ્રતિમાના સંબંધમા ઐતિહાસિક શાસ્ત્ર પ્રમાણ કરતાં આત્માની શુદ્ધિ અને પ્રભુપર પ્રેમ કરવાના નવ ચિત્તનો સ્વભાવંજ મુખ્ય કારણ છે, તેપર ખાસ લક્ષ્ય રાખીને જોતાં ચૈત્ય પ્રતિમાની ઉપયોગિતા ગમે તે પ્રકારે અનાદિકાલથી સિદ્ધજ થાય છે. જે તીર્થંકરાદિનું ચરિત આપણે જાણીએ છીએ તે તીર્થંકરાદિની પ્રતિમા આંગળ સહેજે ભક્તિથી આપણો આત્મા નમ્ર થઇ જાય છે. મનુષ્ય પ્રેમ સ્વભાવ રૂપ શાસ્ત્રની ગમે તે કાલથી મૂર્તિની માન્યતા સિદ્ધજ છે. પ્રિય અને પ્રિયાની છબીને માટે મનુષ્યો હજારો લાખો રૂપૈયાનાં ખર્ચ કરે છે તે સર્વ વિશ્વમાં પ્રસિદ્ધ વાત છે આદર્શ ધ્યેય તીર્થંકર ગુરૂની મૂર્તિ આગળ તેના ભક્તો નમ્ર બની ધ્યેયના ગુણોમાં તલ્લીન બની તેના જેવા આદર્શ બને એજ મૂર્તિ પૂજાનો મુખ્ય ઉદ્દેશ છે. એ ઉદ્દેશ જ્યાં

જીવતો છે ત્યાં જીવતી મૂર્તિ પૂજા છે. ધ્યેયના જેવા થવું તે પ્રતિમાની પૂજાનો ઉદ્દેશ છે. નવીન દેરાસરો કરવામાં હાલ લાખો રૂપૈયા અર્ચવાની જરૂર નથી. અન્ય ક્ષેત્રો કે જેઓનો ઉદ્ધાર કરવાની જરૂર છે તેઓમાં ખાસ મુખ્યતાએ દ્રવ્ય અર્ચવું. હાલ સંક્રાંતિ યુગ છે, તેથી હાલ જંગમ તીર્થની સેવા ભક્તિમાં મુખ્યપણે વિત્તાદિકનો ભોગ આપવાની જરૂર છે, આચાર્યાદિક છે તે શુદ્ધ નિશ્ચયનયે પ્રતિમા છે. જેઓ પ્રભુના સરખા હોય તે પ્રભુ પ્રતિમા રૂપ આત્મજ્ઞાનીસૂરિ જાણવા. જેઓ પ્રભુની સ્થાપના પ્રતિમાને ન માનતા હોય તેઓપર દ્વેષ ન ધરીએ અને તેઓનું મન વાણી કાયાથી અશુભ ન કરવું અને સ્વમાન્યતામાં અડગ રહેવું.

તમે લખ્યું કે કેટલાકો એમ કહે છે કે હાલ જે જૈનધર્મ પ્રચલિત છે તેના રીત રીવાજોના ઉપદેશક શ્રી મહાવીર પ્રભુ નથી, શ્રી મહાવીર પ્રભુએ તો કંઈ ધર્મ ચલાવ્યો નથી. ગણધરો તથા પાછળના આચાર્યો વગેરેએ જૈનધર્મના આચારો વગેરેની વ્યવસ્થા કરી છે એ બાબતના ખુલાસામાં જાણવાનું કે પ્રભુ મહાવીર દેવની પાસે ગણધરોએ વાસ કર્યો હતો. તેમના ઉપદેશાનુસારે તેઓએ સૂત્રો વગેરેની ગુંથણી શબ્દો દ્વારા કરી છે. પ્રભુ મહાવીર દેવના ઉપદેશથી વિરૂદ્ધ મનસ્વી ધર્મ રચવાનું તેમને કંઇ કારણ નહોતું. પ્રભુના મુખના ઉપદેશને જૈનશાસ્ત્રોમાં સમાવ્યો છે તેમાંથી પોતાનું હિત થાય તેટલું ગ્રહણ કરવું. ગણધરોની પરંપરાએ જે જે આચાર્યો થયા તેઓએ પ્રભુના ઉપદેશનું રહસ્ય લક્ષ્યમાં રાખીને ગ્રન્થો લખ્યા અને જૈનધર્મનો પ્રચાર કર્યો. દિગંબરો અંગોનો વિચ્છેદ માને છે તેમને જે રૂચે તે માને અને આપણને રૂચે તે આપણે માનીએ. તેઓ તેમની માન્યતામાં અનેક તર્કો કરે તો ભલે કરે પણ આપણે આપણી દલીલોને રજુ કરી જિજ્ઞાસુઓને સમજાવીએ મતભેદ તો રહેવાનો, અને તે ભવિષ્યમાં પણ બીજી રીતે અનેક મતભેદો વર્તવાના, આપણે આગમોનું રહસ્ય સમજીને આત્મશુદ્ધિ તરફ વળવું જોઇએ અને

તેઓ પૂર્વાચાર્યોના ગ્રન્થો માનીને આત્મશુદ્ધિ તરફ વળે. બન્ને એ શાસ્ત્રોને શસ્ત્રરૂપે ન પરિણમાવવાં અને મતભેદથી ક્લેશની ઉદીરણા થાય એવી ચર્ચાવાદવિવાદ ભાષણ લેખ વગેરેથી દૂર રહેવું. પ્રભુના વખતનાં શાસ્ત્રો હોય કે હાલના શાસ્ત્રો બનેલા હોય તેથી શું ? બન્ને રીતના શાસ્ત્રોથી આત્માની શુદ્ધિ અને મન વાણી કાયાની શુદ્ધિ તરફ વળવું એજ સાર છે. સર્વે મોક્ષના અર્થી છે. સમભાવ, અનાદિ કાલથી વિશ્વમાં સર્વ લોકોને મુક્તિ આપવા સમર્થ છે. આત્મ શુદ્ધત્વ એજ દિગંબર શ્વેતાંબર વગેરે સર્વ દર્શનીઓનું ધ્યેય છે, અને તે સમભાવથી પ્રાપ્ત થાય છે, આધ્યાત્મિક દ્રવ્યાનુયોગી શાસ્ત્રોમાં બન્નેનું વિશેષ મંતવ્ય સમાનત્વ છે. દિશારૂપ અંબરના જેવો આત્મા નિર્લેપ અરૂપી કરવો તે દિગંબરત્વ આધ્યાત્મિક દૃષ્ટિએ છે અને શ્વેત અંબરના સમાન શુદ્ધ આત્મા કરવો તે શ્વેતાંબરત્વ છે. આત્મા વસ્તુતઃ શ્વેતાંબર નથી અને દિગંબર નથી. પ્રભુની પરંપરાએ આગમો ચાલ્યાં આવે છે, તેમાં વધઘટ પરિવર્તન થયાં હોય ત્હોયે શું ? અને ન થયાં હોય ત્હોયે શું ? એ આગમોનો સાર એ છે કે પાપકર્મ ત્યાગવુ. ગૃહાવાસમાં રહીને અગર ત્યાગી બનીને આત્માની શુદ્ધિ કરવી. આગમોના મુખ્ય ઉદ્દેશ તરફ વળવું અને સદ્‌વિચારોને આચારમાં મૂકવા પુરૂષાર્થ કરવો. આત્મજ્ઞાનીને આસ્રવ પણ સંવરરૂપે પરિણમે છે એવી તેની દૃષ્ટિ ખીલેલી હોય છે તો પછી તે ત્યાગી બની ઉપયોગી વસ્ત્રો માત્ર રાખે ત્હોયે કશી હરકત નથી અને નગ્ન ફરે ત્હોયે કશી હરકત નથી. આ કાળમાં સવસ્ત્ર પાત્રાદિક ઉપકરણો રાખનારા અને દેશકાલાનુસારે ધર્મ પ્રચારાર્થે ઉપયોગી પરિવર્તનો કરનારા સાધ્ય દૃષ્ટિવાળા સાધુઓથી, આચાર્યોથી જૈનધર્મ વહશે. સાધુઓ ત્યાગીઓ ભિન્ન વેષાચારવાળા હોય તો પણ તેથી આત્મશુદ્ધિ કરવામાં કદાગ્રહ રહિત ભાવે કશી હરકત નથી. આત્માની શુદ્ધિરૂપ ધ્યેયને લક્ષ્યમાં રાખીને હાલમાં વસ્ત્ર પાત્રાદિક વિશેષ ઉપકરણોથી સાધુઓ વર્તે તો પણ તેઓ પ્રભુ મહાવીર દેવની

આજ્ઞા પ્રમાણે વર્તનારા છે. પ્રભુ મહાવીર દેવની આજ્ઞા છે કે ક્ષેત્રકાલાનુસારે બાહ્ય ચારિત્ર બને તેટલું પાળવું અને અંતરથી કષાયાદિકથી રહિત થવા પુરૂષાર્થ કરવો. વેદાંતી સન્યાસીઓ વગેરે અન્ય ધર્મના સાધુઓ વર્તમાનકાલાનુસારે બાહ્યથી વર્તે છે અને સ્વસ્વ દર્શન સંપ્રદાયનો ધર્મ ઉપદેશે છે. બાહ્ય ધર્મ ચારિત્ર ક્રિયા વગેરેમાં સંક્રાંતિ યુગમાં સંક્રાંતિ યોગ્ય પરિવર્તન થાય પણ મૂલ રૂપનો નાશ ન થાય એવી રીતે વર્તવું. આત્મજ્ઞાનથી ધ્યાન સમાધિમાં વિચરવું અને બાહ્ય કાર્યમાં તથા બાહ્ય વિષયોમાં કર્મપ્રયોગ પ્રેરણા છતાં સાક્ષી તટસ્થભાવે નિર્લેપપણે વર્તવું અને કર્તા ભોક્તાદિ બુદ્ધિનો ત્યાગ કરવો. યોગ ઉપધાનનું મુખ્ય રહસ્ય હાલ જૈનો પ્રાયઃ ગાડરીયા પ્રવાહમાં પતિત થૈ ભૂલી ગયા છે. ગુરૂ પાસે રહી ધર્મશાસ્ત્રોનું રહસ્ય તપ કરી સમજવું. ધર્મશાસ્ત્રોમાં ગુરૂગમ લેવી. ધર્મશાસ્ત્રોમાં થતી શંકાઓનો ગુરૂદ્વારા ખુલાસો લેવો, સૂત્રોને સમજવાં અને આત્મોપયોગે વર્તવું એજ યોગ ઉપધાનનું કર્તવ્ય રહસ્ય છે. શ્વેતાંબર હોય અગર દિગંબર હોય અગર ગમે તે ગચ્છમાં હોય પણ સમભાવથી મુક્તિ ગમેતેની થાય છે. તમે લખ્યું કે શ્રી આનંદઘનજીએ **गच्छना भेद बहु नयन निहालतां** એ ગાથાથી ગચ્છનું ખંડન કર્યું છે પણ એ ગાથામાં ખંડનની ગંધ નથી પણ ગચ્છમાં રહેવું પણ ગચ્છ મોહ રાખવો નહિ એવો સદુપદેશ છે. શરીરમાં રહેવું પણ શરીરમોહ ત્યજવો. પંચેન્દ્રિય ગચ્છમાં રહેવું પણ ઈન્દ્રિય ગચ્છ મોહ ત્યજવો. સંઘમાં સમાજમાં રહેવું પણ સંઘમોહ ત્યજવો એમ આત્મજ્ઞાનથી ગચ્છાદિકનો મમત્વ ત્યજવો. ગચ્છમાં આચાર્યાદિકની સંગતિમાં રહેવાથી પંચાચારની શુદ્ધિ થાય છે અને જ્ઞાનાદિક ગુણોનો પ્રકાશ થાય છે. જે ગચ્છમાં રહેવાનું થયું હોય તે ગચ્છથી ભિન્ન ગચ્છોની નિંદા ન કરવી. ગચ્છ ભેદવાળી ભિન્ન ભિન્ન સમાચારી માન્યતાઓમા મધ્યસ્થ સમભાવપણે વર્તવું. ભિન્ન ગચ્છી સાધુઓ સાથે આત્મ-

ભાવે વર્તવું. આત્મશુદ્ધિ માટે ગચ્છની ઉપયોગિતા છે એમ સાધ્યને લક્ષ્યમાં રાખીને વર્તતાં ગમેતે ગચ્છમાં રહેનારની મુક્તિ થાય છે. સ્વગચ્છમાં ધર્મ છે અને અન્ય ગચ્છમાં અધર્મ અસત્યતા છે એવું મોહવચન કદાપિ વદવું નહીં. જૈનધર્મના ભિન્ન ભિન્ન ગચ્છમાં શુદ્ધાત્મભાવે રમણુતા કરનારની મુક્તિ થાય છે. ધર્મશાસ્ત્રોના ભિન્નભિન્ન પરસ્પર વિરૂદ્ધ મતોમાં શુદ્ધ નિશ્ચય નયનો ઉપયોગ રાખી આત્મોપયોગી થવું. સમ્યગ્ દષ્ટિ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકામાં એવી આત્મજ્ઞાન શક્તિ પ્રગટે છે કે જેથી તે આસ્રવના હેતુઓને સંવરભાવે પરિણુમાવી શકે છે. મિથ્યાત્વ શાસ્ત્રોને અને મિથ્યાત્વ દર્શનોને સમ્યક્ત્વ જ્ઞાનરૂપે સાપેક્ષભાવે પરિણુમાવી શકે છે તો પછી શ્વેતાંબર દિગંબર મતભેદ અને ગચ્છભેદાદિક માન્યતાઓમાં કેમ તે મુંઝાય ! અલબત્ત કદિ મુંઝાય નહિ. જૈનધાર્મિક શાસ્ત્રોના સંકુચિત સામાન્ય મતભેદોમાં જ્ઞાની સંઘ મુંઝાય નહિ અને સમભાવથી અને સમ્યગ્ દૃષ્ટિથી અવળામાંથી પણુ સવળું ગ્રહણુ કરે. દ્રવ્યાનુયોગ. ગણિતાનુયોગ. કથાનુયોગ અને ચરિતાનુયોગ આદિ સર્વ ધર્મ શાસ્ત્રો, યોગશાસ્ત્રો, અધ્યાત્મશાસ્ત્રો, મંત્રશાસ્ત્રો, અન્ય ધાર્મિકશાસ્ત્રો, વગેરેનો અનુભવ સર્વ જેના હૃદયમાં સંગ્રહિત થયો છે તે જૈનધર્મના અનુભવી ગુરૂ ગીતાર્થ સૂરિ છે તેમની પાસે રહી સર્વ પ્રકારના ખુલાસા કરનાર શિષ્યો સર્વ નયોની અપેક્ષાએ ધર્મ રહસ્ય સમજી શકે છે અને મોહાદિ આવરણો દૂર કરીને આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રગટાવી શકે છે. સવિકલ્પ જ્ઞાનથી નિર્વિકલ્પજ્ઞાનને પામવા ગુરૂકુલમાં રહેવુ. નિર્વિકલ્પ આત્મજ્ઞાનની ઝાંખી અનુભવાય છે તેથી આત્માનંદનો અનુભવ થયો છે તે માર્ગે વહો. સર્વ ધર્મો આત્મામાં સમાય છે. રાગદ્વેષનો પરિણામ જેમાં ન હોય તે આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાનમાં મત પંથ ભેદ નથી. આત્મજ્ઞાનોપયોગથી આત્મા તે આત્મરૂપ ભાસે છે, અને તેમાં રાગદ્વેષનું દ્વૈત હોતું નથી. આત્મજ્ઞાનમાં મોહનો વિકાર રહેતો નથી. આત્મામાં જ્ઞાન દર્શન ચારિત્રની એક શુદ્ધ પરિણુચ

તિનો ગચ્છ છે. આત્મામાં અનંતજ્ઞાનાદિ ગુણ પર્યાય સંઘરૂપ વિશ્વ તે સત્ છે. જડ વિશ્વ પણ આત્મજ્ઞાનમાં નાસ્તિ પર્યાય જ્ઞેયપણે ભાસે છે. આત્મામાં હું તુંનો ભેદ નથી તો બાહ્ય ધર્મોનો તથા વર્ણદેશ ધર્માદિકનો મતભેદ ક્યાંથી રહે ભાસે એવા પ્રકારનું રાગદ્વેષ વિનાનું જ્ઞાન તે નિર્વિકલ્પક આત્મજ્ઞાન છે. એવા આત્મજ્ઞાનને પ્રકટાવો એજ જૈન ધર્મનું છેવટનું પરમ કર્તવ્ય છે. ગાડરીયા પ્રવાહે ચાલતા વેષ ક્રિયામતભેદમાં મધ્યસ્થ થૈને વર્તવું અને જૈનોને સત્ય જ્ઞાન માર્ગમાં વાળવા સર્વ વિશ્વ લોકની શુદ્ધિ માટે જૈનધર્મની ઉપયોગિતા છે તેને વાડામાં ગાંધી ન રાખતાં સર્વ વિશ્વમાં વ્યાપક કરવો. પ્રભુ મહાવીર દેવના સમવસરણ વિષે લખ્યું તે સંબંધી જાણવું કે તેવા સમવસરણની વાર્તા શ્રદ્ધાગમ્ય થાય પણ બુદ્ધિ ગમ્ય ન થાય તેથી શંકાશીલ ન બનવું. યોગના ઐશ્વર્યથી તેવું સમવસરણ બની શકે. દેવતાઓ તેવું સમવસરણ બનાવવા સમર્થ છે છતાં સમજવાનું કે પ્રભુ મહાવીર દેવને તીર્થંકર માનીએ છીએ તે સમવસરણને લેઇને નહિ પણ પ્રભુ પરમાત્મ મહાવીર દેવ કેવલ જ્ઞાની થયા તે કેવલ જ્ઞાનથી પ્રભુનું તીર્થંકરત્વ છે. કોન્ગ્રેસ વગેરેના મંડપોમાં હાલ જે શોભા બને છે તેથી અનંત ગુણી વિશેષ ખરેખર પ્રભુ મહાવીર દેવના સમવસરણની હોઇ શકે તેમાં કંઈ શંકા જેવું નથી. સુવર્ણ રત્નના સિંહાસન પર પ્રભુ મહાવીર દેવ બેસે તેથી તેમની વીતરાગતા મટીને સરાગતા ન થાય. મમતા રહિત પ્રભુને રત્નોના સિંહાસન પર બેસવાથી મોહ પાછો પ્રગટે નહીં માટે નિર્મોહી વીતરાગ સમવસરણમાં ન બેસે એવી મિથ્યા શંકા ન કરવી. ગુણ દૃષ્ટિથી ગુણ દેખાય છે અને દોષ દૃષ્ટિથી દોષ દેખાય છે. આ કાલમાં સરાગ ચારિત્રવાળા સાધુ મુનિયો છે તેથી આ કાળમાં મુનિયોમાં દોષ પ્રગટે પણ તે પ્રતિક્રમણાદિકથી ટળી શકે માટે સાધુઓના ગુણો તરફ લક્ષ દેવું અને આત્માની શુદ્ધતાનો ઉપયોગ ધારી સંયમયોગમાં વિચરવું.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

સં. ૧૯૭૨

લેખકઃ બુદ્ધિસાગર મુ૦ માણસા.

શ્રી અમદાવાદ તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ. દેવેન્દ્ર સાગર યોગ્ય અનુવન્દન સુખશાતા.

વિશેષ. તમારો પત્ર પહોંચ્યો. યોગાભ્યાસંબંધી જે લખ્યું તે જાણ્યું. ગુરૂગમ વિના હઠયોગમાં આગળ ન વધવું. હઠયોગમાં ખેચરી મુદ્રાસિદ્ધ પ્રાયઃ થૈ તેમ લખ્યું તે જાણ્યું. રાજયોગમાં આધ્યાત્મિક ખેચરી મુદ્રાને જે પરિભાષાએ હું લખું છું તે રીતે પામશો. મારી આધ્યાત્મિક યૌગિક પરિભાષાએ લખેલી સ્વતંત્રાન્ય વિચારણાઓને અનેક અપેક્ષાએ ધ્યાનમાં લેઇ તે પ્રમાણે અભ્યાસી થશો. શુદ્ધોપયોગ પામવાની વૃત્તિ તે અધ્યાત્મિક દૃષ્ટિએ ખેચરી મુદ્રા છે. આત્મારૂપ આકાશમાં જે ઉપયોગ વૃત્તિથી વિચરાય અને આત્માની રસવૃત્તિનો આત્માજ રસ સ્વાદન કરે, આત્માનંદ તે સત્ય અમૃતરસ છે તેને આત્મા આસ્વાદે એવી આત્મશુદ્ધોપયોગ વૃત્તિ પ્રવાહ ધારા તે ખેચરીમુદ્રા છે. તેના ઉત્કૃષ્ટ શુદ્ધ પરિણામથી ક્ષણમાં આત્મામાં કેવલ જ્ઞાનનો પ્રકાશ થાય છે અને તેથી ક્ષણમાં સિદ્ધસ્થાનની પ્રાપ્તિ થાય છે. આધ્યાત્મિક ભાવ ખેચરી મુદ્રાથી આત્મા આકાશના જેવો નિર્લેપ થાય છે અને તેથી અહંતા મમતાનો ભાર રહેતો નથી એવી અધ્યાત્મભાવ ખેચરી મુદ્રાથી ચાર ગતિમાં પરિભ્રમણ થતું નથી અને આત્મા પોતાની શુદ્ધ નિર્વિકલ્પ પરિણતિથી નીચે અશુદ્ધભાવમાં ઉતરતો નથી. હઠયોગની ખેચરી મુદ્રા તે જડ અને જ્ઞાન વિનાની ટકાની કિંમત જેટલી છે અને સાપેક્ષાએ આત્મજ્ઞાનીને સાધન તરીકે પરિણમે છે. મેરૂ દંડમાં રહેલા મણકાઓમાં વિદ્યુત્ શક્તિ રહી છે તેનું રહસ્ય જે જાણે છે તેઓ જડમાં પરિણમતી એવી લબ્ધિ સિદ્ધિયોને પ્રગટાવી શકે છે. આત્માની જ્ઞાનાદિ શક્તિયોથી અનંત સુખ છે. જડચેતનની મિશ્ર હઠયોગની શક્તિયોથી અજ્ઞાનીઓ આત્માનંદ પ્રાપ્ત કરી શકતા નથી.

રાજયોગીને હઠયોગની શક્તિયોમાંથી પડવાનું થતું નથી. મનને સંસારથી ઉન્મુખ કરીને આત્મામાં લયલીન કરી દેવું તે ઉન્મુની મુદ્રા છે ઉન્મુની મુદ્રાથી સર્વ સંકલ્પ વિકલ્પનો નાશ થાય છે. સર્વ પ્રકારના શુભાશુભ લાગતા વિષયોમાં મનથી શુભા શુભપણું ન કલ્પાય એવી દશાને ઉન્મુની જાણવી. સાંસારિક વિષયો અજ્ઞાનમાં અમૃત જેવા લાગતા હોય છે તે આત્મજ્ઞાન થયા થયા પછી વિપરીત લાગે છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં અને ઇન્દ્રિયોમાં આનંદ ન અનુભવાય અને શુદ્ધાત્મામાં આનંદ અનુભવાય તે અધ્યાત્મભાવથી વિપરીત કરણી જાણવી. સમકિતનાં ષટ્સ્થાનક ત ષટ્ ચક્ર છે તેમાં રમવાથી આત્માનો પ્રકાશ થાય છે તેમજ ષડ્ગુણ ભાગ હાનિ વૃદ્ધિ તે રૂપ ષટ્ ચક્રનું જ્ઞાન થવાથી આત્મજ્ઞાનનો પ્રકાશ થાય છે. તેમજ, સ્વાત્મભાવે-કર્તા કર્મ, કરણ સંપ્રદાન, અપાદાન અને આધાર રૂપ ષટ્કારક ચક્રના જ્ઞાન પ્રકાશથી આત્માની પ્રાપ્તિ થાય છે. આત્માની શુદ્ધાત્મ પરિણતિમાં જ્ઞાનોપયોગે પ્રવેશ કરીને આત્માનું શુદ્ધ વીર્ય આત્મા પોતાના સ્વરૂપમાં પરિણમાવે અને પર જડ વસ્તુમાં પરિણમતા આત્મવીર્યને આત્મામાં પરિણમાવે તે મારી આધ્યાત્મિક જ્ઞાનની પરિભાષાએ વજ્રોલીમુદ્રા જાણવી. એમ હઠયોગની અનેક મુદ્રાઓને મેં અધ્યાત્મજ્ઞાનથી આત્મામાં ઉતારી છે તેનો રૂબરૂમાં સારો ખુલાસો થઈ શકે. રાગ દ્વેષ વિનાની આત્માની નિર્વિકલ્પ જ્ઞાન દશા તે અધ્યાત્મજ્ઞાન પરિભાષાએ શૂન્ય શિખર સ્થિતિ જાણવી. જે આત્માની શિખર જેવી ઉચ્ચદશામાં રાગ દ્વેષ વિકલ્પ વૃત્તિયોની શૂન્યતા હોય છે તે શૂન્ય શિખર જાણવું, અને તેવી આત્મ દશાની સ્થિતિ તે શૂન્ય શિખર સ્થિતિ જાણવી. આત્માનો ઉપયોગ તે મારી અધ્યાત્મ પરિભાષાએ બ્રહ્મ રન્ધ્ર છે. બ્રહ્મ અર્થાત્ આત્મામાં પ્રવેશ કરવાનું રંધ્ર અર્થાત્ માર્ગ તે સમ્યગ્ જ્ઞાન યાને આત્મોપયોગ છે. આત્મોપયોગ રૂપ બ્રહ્મ રંધ્રમાં પ્રવેશ કરતાં ષટ્ કારકરૂપ ષટ્ ચક્રમાં પ્રવેશ કરી આગળ વધવું જોઈએ. ષડ્ દ્રવ્યનું સાત નયથી જ્ઞાન કરીને આત્મપયો-

ગમાં પ્રવેશવું જોઈએ. આત્મોપયોગ રૂપ બ્રહ્મ રન્ધ્રમાં પ્રવેશ કરતાં ઈડાપિંગલા નાડી રૂપ રાગ દ્વેષની પરિણુતિમાં આત્મ પ્રાણુ વહેતો નથી અને સમવૃત્તિ રૂપ સુષુમ્ણા નાડીથી આત્મા સંયમરૂપ મેરૂ દંડ ઉપર ચઢીને કાલને જીતે છે અને જન્મ મરણાદિક દુઃખની પેલી પાર જાય છે. રજોગુણ અને તમો ગુણ રૂપ અધ્યાત્મ દ્દષ્ટિએ ઇડા પિંગલાનાડીજાણવી અને સાત્વિક વૃત્તિરૂપ સુષુમણા નાડી તે શુભોપયોગ દ્દષ્ટિએ છે. શુદ્ધાત્મ દ્દષ્ટિએ તો જ્ઞાન પરિણુતિ તે સુષુમ્ણા નાડી છે એમ અધ્યાત્મ દ્દષ્ટિની મારી કલ્પિત પરિભાષાએ જાણ. આત્મિક શુદ્ધ જ્ઞાન રૂપ સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરી સર્વ ગુણ સ્થાનકરૂપ મેરૂ દંડ અગર પશ્ચિમ દિશાની ખડકીમાં પ્રવેશી બ્રહ્મ ગુફારૂપ જીવનમુક્તિ દશા પ્રાપ્તિ કરવી. આત્મામાં કેવલ જ્ઞાનનો પ્રકાશ કરી લોકાલોક વિશ્વને નિઃસંગપણે અવલોકવું. હઠયોગની સમાધિની પરાકાષ્ઠા બ્રહ્મરન્ધ્રમાં પ્રાણનો આરોહ છે એવી હઠ યોગની સમાધિને વિ. સં. ૧૯૬૧. ખાસઠમાં દશ. આઠ. પાંચ. ચાર. ત્રણ કલાક સુધી અનુભવી છે તેમાં ભરનિદ્રા જેવી દશા રહે છે અને તેથી કોઇ જાતનું ભાન રહેતું નથી બ્રહ્મરન્ધ્રમાંથી પ્રાણ પાછો નાડીયોમાં ઉતરતાં પૂર્વની જેવી દશા હોય છે તેવી દશા પાછી મનની કાયમ રહે છે. જ્ઞાનયોગ સમાધિથી મનની સંકલ્પ વિકલ્પ રૂપ મોહ પરિણુતિ શમી ટળી જાય છે. સર્વ દુઃખનું મૂળ કારણ અજ્ઞાન મોહ છે તેનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે. સ્વપર પ્રકાશક નિર્મોહ જ્ઞાન વડે આત્માના સ્વરૂપમાં રમણુતા થાય છે તથા જ્ઞાનસમાધિમાં ઉઠતાં, બેસતાં, ચાલતાં, અનંત આનંદનો બોધ પ્રગટે છે તેની પણ ઝાંખી અનુભવી છે. હઠસમાધિ અપેક્ષાએ જ્ઞાનીને જ જ્ઞાન સમાધિમાં કારણીભૂત થાય છે. ભકિતની છેલ્લીદશા સમાધિ છે. પરમાત્માની સાથે એકતાનતા એકતાર લીનતા થતાં મોહની સંકલ્પ વિકલ્પ દશા ટળી જાય છે. આત્માની તેથી પૂર્ણશુદ્ધિ થાય છે તેથી આત્મા પોતાનું શુદ્ધ જ્ઞાનરૂપ પરમાત્મપણું

અનુભવે છે. સર્વ વિશ્વ જીવોને આત્મ સમાન માનીને તેઓને પરમાત્મત્વ રૂપ અનુભવીને સર્વ વિશ્વ લોકની નિષ્કામપણે સેવા કરવી. જીવોમાં અને પ્રભુમાં અપેક્ષાએ સેવાને પ્રભુ ગુરૂની સેવા માનવી. પ્રભુ ગુરૂની સેવામાં આત્માર્પણ કરવું. પ્રભુ ગુરૂ રૂપ પોતાના આત્માને ભાવીને સેવા કરવાથી આત્મા તેજ પરમાત્મરૂપે પ્રકાશે છે. એ સેવા યોગ છે. ભક્તિ અને સેવા યોગમાં શ્રદ્ધા પ્રીતિની મુખ્યતા છે. શ્રદ્ધા પ્રીતિ વિના મોક્ષ માર્ગમાં એક ડગલું પણ ભરી શકાતું નથી. દેવ ગુરૂની શ્રદ્ધા પ્રીતિથી હૃદયની શુદ્ધિ જ્યારે લઘુ બાલક જેવી થાય છે ત્યારે જ્ઞાન યોગની પ્રાપ્તિ થાય છે. પ્રભુ મહાવીર દેવના નામ મંત્રનો જાપ જપવો અને પ્રભુની સાથે આત્મોપાસનાથી એકતા અનુભવવી તે મંત્ર સમાધિ યોગ છે. હવે હઠ યોગનાં અંગોને મદીય આધ્યાત્મિક જ્ઞાનસ્ફુરણોત્થ ભાષાશૈલીએ કંઈક અધ્યાત્મભાવે સમજી દર્શાવું છું. પરમાત્માના અસંખ્ય પ્રદેશની અરૂપ મૂર્તિનું અનંત નૂર છે તેની ધ્યેય વૃત્તિ તે નુરતા-નૂરત છે અને તેમાં સ્મૃતિ વારંવાર રાખવી તે સુરત અગર સુરતા છે. સુરત નુરતથી શુદ્ધાત્મામાં લયલીન મસ્ત થતાં આત્મા તેજ પરમાત્મા રૂપે પ્રકાશે છે અર્થાત્ જીવ તે શિવ થાય છે, પશ્ચાત્ સુરત નુરત રૂપ સાધનતા રહેતી નથી. નાસિકા કપાલનો મલ દૂર કરવાની ક્રિયાને નેતિ કથે છે. ભાવથી નેતિ તે છે કે પ્રતિષ્ઠાને, ઇન્દ્રાદિક પદવીને, લોક વાસનાને, અપકીર્તિ ભીતિ તથા માન સન્માન વૃત્તિને, લીંટ સમાન જાણીને તેને દૂર કરવી, અહંમમત્વવૃત્તિને દૂર કરવી તે અધ્યાત્મજ્ઞાન શૈલીએ નેતિ જાણવી. સોળ આંગળ લાંબી અને ચાર આંગુલ પહોળી ઝીણી સુંવાળી મલમલની ધોતિને મુખદ્વારા પેટમાં ઘાલી તે દ્વારા કફ પિત્તને બહાર કાઢવો તે ધૌતિ કર્મ છે. આત્મભાવથી ધોતિ એ છે કે અશુદ્ધ રાગરૂપ કફ અને અશુદ્ધ તર્કબુદ્ધિરૂપ પિત્તને ગુરૂગમજ્ઞાનરૂપ ધોતિથી આત્મામાંથી બહાર કાઢી ફેંકી દેવો. ગુદાદ્વારા શુદ્ધ વાયુને નળમાં

ચઢાવવો. જળને નળમાં ચઢાવવું અને નળની શુદ્ધિ કરવી તે બસ્તિકર્મ છે સમકિતજ્ઞાનમાં લાગતા દોષોને દૂર કરવા, મિથ્યા બુદ્ધિ જડવાદબુદ્ધિ કર્મને દૂર કરવાં તે અધ્યાત્મભાવે બસ્તિકર્મ છે. બાહ્યજ્ઞાનથી પ્રગટેલી શુષ્કતા અને ઉદાસીનતા શોકરૂપ મલને દૂર કરવો તે બસ્તિકર્મ છે આત્માનંદ મસ્તીથી બસ્તિકર્મ થાય છે અને તેનાથી ઉપર્યુક્તમલનો નાશ થાય છે. સમક્તિરૂપમુખથી અધ્યાત્મરસને વિવેકરૂપનાસિકાદ્વારા ઉપર આત્મામાં આકર્ષવો તે અધ્યાત્મભાવે ગજકરણી જાણવી નળને હલાવી નળની શુદ્ધિ ગુરૂગમ જ્ઞાનથી કરવી તે નૌલિકર્મ છે. આત્માના મતિ શ્રુતજ્ઞાનને શુદ્ધ કરવાં અને અશુદ્ધત્તાને દૂર કરવી, સાત્ત્વિકમતિ શ્રુતજ્ઞાનને શુદ્ધ રાખવાં તે ભાવ **નૌલિકર્મ** છે. મનવાણી કાયાપર આત્માનો કાબુ સ્થાપવો તે અધ્યાત્મભાવે યમ છે. બહારૂથી પંચ મહાવ્રત યમ છે. મનોવૃત્તિયોને તાબે કરવી, નિયમમાં લાવવી, અધર્મ્યવૃત્તિયોને દૂર કરી ધર્મવૃત્તિયોને પણ હળવે હળવે સંક્ષેપવી વાણી અને દેહની ધર્મ પ્રવૃત્તિયોને પણ હળવે હળવે સંક્ષેપવી, તે નિયમ છે. બહિર્મુખ અશુભ મનવાણી કાયાના યોગને આત્માભિમુખ શુદ્ધ કરવા તે નિયમ છે અને તેનાં નિમિત્ત હેતુઓ પણ ઉપાદાનની શુદ્ધિની અપેક્ષાએ નિયમરૂપ જાણવાં ગુરૂની આજ્ઞાનુસાર જે કાલે જે ક્ષેત્રે જે યોગ્ય લાગે તે નિયમથી આત્મશુદ્ધિ કરવા પ્રવર્તવું. જે આસનથી સુખે બેસાય સ્થિરતા થાય તે આસન છે. બાહ્ય શરીરનાં ચોરાશી આસનો તથા બીજાં હજારો આસનો છે. કાયાનાં આસનોથી કાયાની આરોગ્યશક્તિ વધે છે અને મનની સ્થિરતામાં આત્મજ્ઞાનીને ઉપયોગી છે. ભાવથી પિંડસ્થ આસનો અનેક પ્રકારનાં છે. હૃદય પદ્મમાં પ્રભુને સ્થિર બેસાડી પરમાત્મામાં ઉપયોગ રાખવો તે અધ્યાત્મભાવથી પદ્માસન છે. સિદ્ધ પ્રભુના ઉપયોગે રહી નાભિમાં સિદ્ધ પ્રભુમાં લયલીન થવું તે ભાવતઃ સિદ્ધાસન છે. સિદ્ધ પ્રભુઓ જેવી અવગાહનાએ સિદ્ધ થયા છે તેવી અવગાહનાએ પોતાના આત્માને સ્થિર થએલો

ઉપયોગભાવે ધારવો અને એવા ઉપયોગે જેટલું સ્થિર રહેવાય તેટલું અધ્યાત્મભાવથી સિદ્ધાસન જાણવું. વીરની પેઠે આત્મવીર્યથી આત્મામાં મનને વાળી રાગદ્વેષની પરિણતિને પ્રગટ થતી વારવી તે ભાવથી વીરાસન છે. આત્મવીર્યને પ્રગટાવીને દેહવીર્યનું અયોગ્ય અધર્મ્ય કામસ્ફુરણાથી રક્ષણ કરવું તે આત્મભાવે વીરાસન છે. કુકકુટની પેઠે આત્માના પ્રતિપક્ષી મોહની સાથે યુદ્ધ કરવામાં સાવચેત રહેવું તે કુકકુટાસન છે એમ અનેક આસનોની આધ્યાત્મિકભાવ પરિભાષાએ વ્યાખ્યા છે તે રૂબરૂમાં મળતાં જાણશો. આંતર આસનોથી આંતર ચિદાનંદભાવ પ્રાણની શક્તિની વૃદ્ધિ કરવી તે અધ્યાત્મભાવ પરિભાષાએ ભાવ પ્રાણાયામ છે. મલીન અશુદ્ધ વિચારોને રેચવા, ભયશોક કામવાસના રાગદ્વેષના વિચારોને આત્મામાંથી કાઢી નાખવા, મિથ્યા બુદ્ધિના સંકલ્પ વિકલ્પને આત્મામાંથી દૂર કરવા તે રેચક પ્રાણાયામ છે. આત્મામાં સદ્ગુણોને ભરવા, સાત્વિકબુદ્ધિ ભક્તિ અને જ્ઞાનસેવાના સદ્ વિચારોને કરવા. આત્માના શુદ્ધ ઉપયોગને આત્મામાં પૂરવો ભરવો તે પૂરક પ્રાણાયામ છે. આત્મામાં ધર્મના વિચારોને ભરવા તે પૂરક છે અને અધર્મના વિચારોને દૂર કરવા તે રેચક છે. અશુભ પરિણામનો ત્યાગ તે રેચક છે. શુભ પરિણામનું ગ્રહણ તે પૂરક છે અશુદ્ધ પરિણામનો ત્યાગ તે રેચક છે અને શુદ્ધ પરિણામે વર્તવું તે પૂરક છે. આત્મામાં આત્મ સમભાવી ઉપયોગે વર્તવું તે કુંભક પ્રાણાયામ છે. આત્મા વિના મનવાણીકાયદ્વારા ગ્રહણ ત્યાગમાં સમભાવે વર્તવું. શુભાશુભનું ગ્રહવું નહિ અને ત્યાગવું નહીં એવો આત્માનો શુદ્ધોપયોગ તે કેવલ કુંભકપ્રાણાયામ છે. આત્મામાં ગ્રહણ ત્યાગધર્મ નથી અને જડમાં ગ્રહણ ત્યાગ નથી એવો આત્માનો શુદ્ધ સમભાવ ઉપયોગ અને આત્માજ આત્માવડે સ્થિરોપયોગે ધ્યેયરૂપે પરિણમીને પશ્ચાત્ ધ્યેય ધ્યાતા અને ધ્યાનથી એકતાનો એક નિશ્ચય પરિણામ ( જલથી પૂર્ણ ભરાયલા ઘટની પેઠે ) વર્તે તે શુદ્ધાત્મભાવે કેવલ કુંભક પ્રાણાયામ છે. એવા કેવલકુંભક પ્રાણાયામથી ઉત્કૃષ્ટ સમભાવ પ્રગટે છે અને એક ક્ષણમાં કેવલ

જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. સાતમા ગુણસ્થાનકની ભૂમિકામાં તેવા કેવલ કુંભક પ્રાણાયામના ધારક અપ્રમત્તયોગી મહાત્માઓ વર્તે છે. ચોથી ગુણસ્થાનક ભૂમિકામાં ભાવ કુંભકનો પ્રારંભ થાય છે. ભાવકુંભકની પૂર્ણતા થતાં સાત્વિકગુણોની વૃત્તિ પણ રહેતી નથી. તથા બાહિરમાં ગ્રહણ ત્યાગ બુદ્ધિ રહેતી નથી. પ્રારબ્ધકર્મ પ્રેરણાએ બાહ્ય પ્રવૃત્તિ થાય છે. તથા શુભાશુભ કર્મફલના સાક્ષી તરીકે આત્મા નિર્લેપી રહીને વર્તે છે. કેવલ કુંભકભાવ પ્રાણાયામથી એક ક્ષણમાં શુદ્ધાત્મ સમાધિભાવ પ્રગટે છે. ચંદ્રભેદક પ્રાણાયામ તે અધ્યાત્મ શાંતિ છે. સૂર્યભેદકભાવ પ્રાણાયામ તે તીવ્રજ્ઞાનોપયોગ છે. ભાવક્ષમા તે ચંદ્રપ્રાણાયામ છે. તેથી આત્માની શીતલતા પ્રગટ થાય છે અને શુદ્ધાત્મ ધ્યાન તે સૂર્ય પ્રાણાયામ છે. સૂર્યથી જગતનો અંધકાર દૂર થાય છે અને સર્વત્ર પ્રકાશ થાય છે તેમ શુદ્ધાત્મ ધ્યાનરૂપ પ્રાણાયમથી અજ્ઞાન મોહનો સર્વથા નાશ થાય છે અને કેવલજ્ઞાન જ્યોતિથી આત્મા સર્વ વિશ્વનો પ્રકાશ કરે છે. આત્માના શુકલ નિર્મલ પરિણામના ઉપયોગે વર્તવું તે ભસ્ત્રિકા પ્રાણાયામ છે. ભસ્ત્રિકા પ્રાણાયામથી આત્માની શુદ્ધજ્ઞાનાગ્નિ પ્રગટે છે અને તેથી સર્વ ઘાતી કર્મનો ક્ષય થાય છે અને ક્ષણમાં આત્મા તેજ પરમાત્મા બને છે. દર્શનોપયોગ તે ચંદ્ર છે. ચંદ્ર અને જ્ઞાન સૂર્યનું ધ્યાન ધરવાથી આત્મા સર્વ વિશ્વનો પ્રકાશ કરવા સમર્થ બને છે. અધ્યાત્મ પરિભાષાએ જ્ઞાનદર્શન ચારિત્ર રૂપભાવ પ્રાણના ઉપશન, ક્ષયોપશમ અનેક ક્ષાયિકભાવે અનેક ભેદ જાણ્યા છે, તેના આશ્રયમાં ગુરૂગમથી સ્થિર થવું અને ગુરૂગમથી તેવા અધ્યાત્મભાવ પ્રાણાયામની સાધનામાં અપ્રમત્તભાવે પુરૂષાર્થ કરવો કે જેથી આત્માની દ્રવ્યભાવથી અનંત શક્તિયો પ્રગટે અને આત્મા તેઓને અનુભવે. મિથ્યાત્વ વિચારોને બંધ કરવા અને સમ્યકત્વની દૃષ્ટિ પ્રાપ્ત કરવી તે ભાવથી મૂલ બંધ છે. જ્ઞાનરૂપ પ્રાણનો પરભાવમાં નિરોધપૂર્વક ઉર્ધ્વદશામાં આરોહ તે ભાવથી ઉડ્ડિયાન બંધ છે. રજોગુણ અને તમોગુણની વૃત્તિયો અને પ્રવૃત્તિયોને બંધ કરવી તે જાલંધર બંધ

છે. ઇન્દ્રિયોના શુભાશુભ વિષયોમાંથી શુભાશુભ પરિણામ બુદ્ધિનો ત્યાગ તે પ્રત્યાહાર છે. શુભાશુભ વૃત્તિયોથી નિર્લેપ રહેવું તે પ્રત્યાહાર છે. અધ્યાત્મભાવ પરિભાષાએ આત્માના શુદ્ધાનંદના આહારથી આત્માએ જીવવું તે પ્રત્યાહાર છે. જડમાં પ્રગટી આસક્તિનો મૂલહેતુ, પુદ્ગલદ્વારા આનંદરસ અનુભવવો તે છે પણ તે ક્ષણિક આનંદની પાછળ અનંત દુઃખ છે. તેથી પ્રભુ મહાવીરદેવે આત્માના આનંદરસનો આહાર અર્થાત્ ભોગ કરવો જણાવ્યો છે. પુદ્ગલ વસ્તુઓની આશા તૃષ્ણા સ્પૃહા આસક્તિનો ત્યાગ કરવો, પૌદ્ગલિક વસ્તુઓપર વૈરાગ્ય પ્રગટવો તે દ્રવ્ય પ્રત્યાહાર છે અને આત્માના પ્રેમમાં અલમસ્તથૈ આત્માનંદનો ભોગ કરવો તે શુદ્ધભાવ પ્રત્યાહાર છે. આત્માનો આનંદ તે આત્માના પ્રતિ આહરવો. મેળવવો તે આત્મપ્રત્યાહાર છે, તેની પ્રાપ્તિ થતાં આત્માનું સ્વરૂપ તે આત્મામાં ધારી શકાય છે અને બાહ્ય જડમાં આત્માનું સ્વરૂપ ચિદાનંદરૂપ છે તે ધારી શકાતું નથી. ઉપશમભાવથી અને ક્ષયોપશમભાવથી આત્માનંદ રસભોગે ભાવ પ્રત્યાહારની ઝાંખીનો અનુભવ આવ્યો છે અને તેથી જડવસ્તુઓમાંથી જડસુખસ્વાદ બુદ્ધિ ટળી ગઇ છે અને આત્મામાંજ અનંત આનંદની ધારણા થઇ છે. શુદ્ધાત્મા તે પૂર્ણજ્ઞાનાનંદમય છે તેની ધારણાને બાહ્યમાં બાહ્ય ત્રાટકથી સ્થાપવી અને આત્મામાં સદ્ભૂતનયે ધારવી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવને સમ્યગ્ દષ્ટિભાવે આત્મામાં ધારી સ્વયં પોતાને સર્વ દેવ તરીકે અનુભવવો તે આત્મધારણા છે એવી આત્મધારણાથી આત્માનું ધ્યાન થાય છે. પિંડસ્થ. પદસ્થ. રૂપસ્થ અને રૂપાતીત એ ચાર પ્રકારનું ધ્યાન છે. ધર્મધ્યાન અને શુક્લ એ બે ધ્યાન ક્રમથી ઉત્તમોત્તમ છે. આત્મામાં પૂર્ણાનંદ છે અને સદ્ અસત્ અર્થાત્ અસ્તિનાસ્તિ પર્યાયોની અપેક્ષાએ આત્મા સર્વ વિશ્વરૂપ છે તેમાં ધ્યાનથી લયલીન બનવું. શુદ્ધાત્માના ધ્યાનથી શુદ્ધાનંદ પ્રગટે છે. શુદ્ધાત્મ ધ્યાનમાં શુભાશુભ પરિણામ હોતો નથી. શુદ્ધાત્મ

ધ્યાનથી એક ક્ષણમાં અનંતભવનાં બાંધેલાં અનંતકર્મો છૂટી જાય છે, તથા રાગદ્વેષના અસંખ્ય અધ્યવસાયરૂપ સૂક્ષ્મ ભવજન્મ મૃત્યુથી આત્મા છૂટે છે અને આત્મા તે કેવળજ્ઞાનથી સ્વયં પરમાત્મરૂપે પ્રકાશી અનંત જીવન પ્રાપ્ત કરે છે. આત્મજ્ઞાની મહાત્માઓ ખાતાં પીતાં હરતાં ફરતાં શુદ્ધાત્મધ્યાનોપયોગે વર્તે છે અને તેથી શુદ્ધાત્મ સમાધિને પામે છે. આત્મધ્યાનથી પૂર્ણાનંદનો પ્રકાશ થાય છે. જેના મુખ આદિ સર્વ અંગોમાં આત્માનંદરસની પ્રસન્નતા ઝળકી ઉઠે છે તેણે આત્મધ્યાનથી આત્મપ્રભુનાં દર્શન કર્યાં છે અને આત્મપ્રભુને પામ્યો છે એમ જાણ. ધ્યાન પણ એક અપ્રાપ્ય આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સાધન છે અને સાધનને સાધ્ય કલ્પવું ન જોઈએ. ધ્યાન પશ્ચાત્ આત્માની શુદ્ધ સમાધિ પ્રગટે છે. મતિશ્રુતજ્ઞાનોપયોગે સવિકલ્પ સમાધિ છે અને અવધિ જ્ઞાન તથા મનઃ પર્યવ જ્ઞાનોપયોગે આત્મસમાધિ નથી તેમ ધ્યાન પણ નથી. મતિશ્રુત જ્ઞાનમાં અને કેવલજ્ઞાનની પૂર્વે નિર્વિકલ્પ સમાધિ પ્રગટે છે અને ત્યાં રાગદ્વેષ સંકલ્પ વિકલ્પ રહિત નિર્વિકલ્પ આત્માનુભવ જ્ઞાન વર્તે છે. શાસ્ત્રજ્ઞાનનું અવલંબન છે ત્યાં સુધી સવિકલ્પ સમાધિ છે તેમજ નય નિક્ષેપ સપ્તભંગી વગેરેનો શ્રુતજ્ઞાનનો સંકલ્પ વિકલ્પ જ્યાં નથી એવી આત્મ સમાધિને નિર્વિકલ્પ સમાધિ જાણવી. સવિકલ્પ સમાધિથી નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થતો નથી. નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કંઈક ક્ષયોપશમ ચારિત્ર તથા ધ્યાન પ્રતાપે થયો છે. નિર્વિકલ્પ સમાધિ પછીથી ક્ષાયિક ભાવનું કેવલજ્ઞાન અને નિશ્ચય ચારિત્રરૂપ પૂર્ણાનંદ પ્રગટે છે અને શુદ્ધાત્મા પરમેશ્વરત્વ પ્રગટ થાય છે. મન વાણી કાયાના યોગ સુધી સયોગી કેવળી જીવન્મુક્તિની દશા છે પશ્ચાત્ શરીરાદિનો ત્યાગ થતાં આત્મા તેજ સિદ્ધ બુદ્ધ પરમાત્મા તરીકે અનંતજીવને વર્તે છે. કંઈક નિર્વિકલ્પ સમાધિ પછીની આગળની દશાનો અનુભવ થયો નથી. નિર્વિકલ્પ સમાધિ માટે શુદ્ધોપયોગ

ભાવની જરૂર છે. આત્મા તેજ પરમાત્મ રૂપે કરવો તે યોગ છે. શુદ્ધાત્મામાં આરોહવા માટેભાવથી યોગનાં આઠ પગથિયાં અને તેનું આધ્યાત્મિક મદીય પરિભાષા શૈલીએ કંઈક સ્વરૂપ જણાવ્યું તે પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થવું અને શુદ્ધાત્મ સામ્રાજ્ય પ્રગટાવવું તેથી અનંતી શાંતિ સુખ છે. આત્મામાં સ્વર્ગ અને મોક્ષ છે તેને અંતરમાં ઉતરી મેળવો. દેવગુરૂની ભક્તિધર્મી સંતોની સેવા ' પ્રતિક્રમણ વગેરેથી આત્માની શુદ્ધિ કરવા આત્મોપયોગી થવું. યોગ સાધનમાં નિષ્કામ બનવું. પોતાની દશા બીજાને કહેવી નહિ. બાહિરૂમાં સિદ્ધિયોને ન વાપરવી. ગાંડાની પેઠે બાહિરમાં યોગીઓ વર્તે છે. અન્યોને પ્રાણાં, તે પણ ચમત્કાર બતાવવાની પ્રવૃત્તિ ન કરવી. ગુરૂના પુષ્ટાલંબનથી અને નિર્દંભ પણાથી યોગની સિદ્ધિ છે.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

લેખક: બુદ્ધિસાગર મુ૦ પેથાપુર.

સં. ૧૯૭૨.

શ્રી અમદાવાદ તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત મુનિ દેવેન્દ્રસાગર યોગ્ય અનુવન્દન સુખશાતા. વિ. તમોએ પુછેલા વિચારોનું નીચે પ્રમાણે સમાધાન જાણશો. યોગ શબ્દની અનેક વ્યાખ્યાઓ છે. મનવાણી કાયાના વ્યાપારને જૈનધર્મ દૃષ્ટિએ યોગ કહેવામાં આવે છે. મન વાણી અને કાયાના ધર્મ વ્યાપારથી પરમાત્માની સાથે આત્માનો યોગ થાય છે અર્થાત્ આત્મા તેજ પરમાત્મા થાય છે માટે ઔપચારિક વ્યવહારથી મન વાણી કાયાને યોગ કથવામાં આવે છે. પતંજલિ મુનિ કથે છે કે **योग श्चित्त वृत्ति निरोधः** ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે યોગ છે. ચિત્તમાં પ્રગટતી રાગ. દ્વેષની વૃત્તિયોનો નિરોધ કરવો તે યોગ છે તેની સાથે એવો પણ ભાવ ઝળકે છે કે રાગદ્વેષવાળી ચિત્તવૃત્તિયોનો નિરોધ થવાથી રાગદ્વેષ ટળતાંની સાથે આત્મા શુદ્ધ વીતરાગ બને છે અને

તેજ પરમાત્મા બને છે. આત્મામાં પરમાત્માપણું છે તેનો પ્રકાશ થાય છે. જૈનશાસ્ત્રોમાં યોગની વ્યાખ્યા વ્યવહાર નિશ્ચયથી અનેક પ્રકારે કરવામાં આવી છે. નિમિત્ત યોગ અને ઉપાદાન યોગ એમ બે પ્રકારે યોગ છે મનગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ એમ ત્રણ પ્રકારે યોગ છે. બાહ્ય અને આંતર એમ બે પ્રકારે યોગ છે વ્યવહાર નયયોગ અને નિશ્ચય નયયોગ એમ બે પ્રકારે યોગ છે. અસદ્ભૂત અને સદ્ભૂત એમ બે પ્રકારે યોગ છે. અશુદ્ધ અને શુદ્ધ એમ બે પ્રકારે યોગ છે. જ્ઞાન યોગ અને કર્મયોગ એ બે પ્રકારે યોગ છે. તિરોભાવ જ્ઞાનાદિ શક્તિયોનો પૂર્ણ આવિર્ભાવ કરવો તે એકધા યોગ છે. ધર્મવ્યાપાર તે પણ યોગ છે. આત્માની પૂર્ણજ્ઞાનાદિ શક્તિયોમાં દેવગુરૂનું પુષ્ટાલંબના અને દેવગુરૂની સેવા-ભક્તિ તે નિમિત્ત યોગ છે પરમાત્મામાં મનને વાળવું; ગુરૂમાં મનનું યોજવું તે નિમિત્ત યોગ છે, તે નિમિત્ત યોગથી ઉપાદાન જ્ઞાનદર્શન વીર્યની પૂર્ણ શુદ્ધિરૂપ ઉપાદાન યોગ તે સિદ્ધતારૂપ કાર્યથી સિદ્ધ થાય છે. નેતિધોતિ બસ્તિ નૌલિ પ્રાણાયામ આસ-નથી શરીરનું આરોગ્ય અને શુદ્ધિ કરી આત્માની શુદ્ધતા કરવા કાયાના વ્યાપારને યોજવો તે નિમિત્ત કાયયોગ છે, તે પ્રમાણે વચનની શુદ્ધિ કરીને વચનને આત્માની શુદ્ધિમાં વાપરવું તે નિમિત્ત વચન યોગ છે. રાગદ્વેષ રહિત મનને કરીને તેને આત્માના ગુણોના સ્મરણ મનન નિદિધ્યાસનમાં વાપરવું તે આંતર નિમિત્ત મનોયોગ છે. પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ એ યોગનાં ચાર અંગો, આંતર મનયોગમાં અન્તર્ભાવને પામે છે કારણ કે શુદ્ધ મન વડે એ ચાર અંગોનું અવલંબન થાય છે. દેવગુરૂ ધર્માર્થે તથા સર્વજીવોના હિતાર્થે મનવાણી કાયાનો વ્યાપાર કરવો તથા આત્માની શુદ્ધિ અર્થે મનવાણી કાયાનો વ્યાપાર કરવો તે નિમિત્ત મન વાણી કાયાયોગ છે. મન વાણી કાયાના એવા શુભયોગથી આત્માની શુદ્ધિ થાય છે. નિર્લેપપણે મન વાણી કાયાથી કર્તવ્ય કાર્યો કરવાં તે કર્મયોગ છે. સકામભાવથી કર્મ કરવાં તે સકામકર્મ યોગ છે અને નિષ્કામ ભાવથી કર્મ

કરવાં તે નિષ્કામ કર્મયોગ છે. નિષ્કામ કર્મયોગથી શુદ્ધ મુક્તિ છે. મન વાણી કાયાથી દેવગુરૂની સેવાભક્તિ કરવી. સંત વગેરે ચતુર્વિધ સંઘની ભક્તિ કરવી તે નિમિત્ત ભક્તિયોગ છે અને શુદ્ધ પ્રેમથી આત્મામાં લીન થવું તે આંતર ભક્તિયોગ છે. શુદ્ધ પ્રેમથી લઘુ બાલકના જેવી જ્ઞાન છતાં મન પ્રવૃત્તિ થાય ત્યારે ભક્તિ યોગની ભૂમિકામાં પ્રવેશ થયો છે એમ જાણવું. બાહ્ય ભક્તિ યોગથી આંતર ભક્તિ યોગની ભૂમિકામાં પ્રવેશ થાય છે એમ જાણવું. બાહ્યભક્તિયોગથી તથા આંતરભક્તિયોગથી આત્માને પરમાત્મા કરવો. આત્માને પરમાત્મરૂપે થવામાં વચ્ચે મોહ વગેરે કર્મો નડે છે. મોહાદિ દ્રવ્યભાવ કર્મનો નાશ થતાં આત્માનો પરમાત્મદશા પ્રાપ્તિરૂપ યોગ પ્રકટે છે કર્મસહિત આત્માઓ તે સંસારી આત્માઓ છે અને તે ચારગતિમાં વારંવાર જન્મ ગ્રહે છે. પોતાનું સ્વરૂપ જેઓએ જાણ્યું નથી અને અજ્ઞાન દૃષ્ટિવાળા છે તેવા આત્માઓ—જીવો તે બહિરાત્માઓ જાણવા. જેઓ આત્માનું સમ્યક્ સ્વરૂપ જાણે છે તેઓ અન્તરાત્માઓ છે અને જેઓ ચાર ઘાતીકર્મ અને અઘાતીકર્મનો નાશ કરે છે તેઓ પરમાત્માઓ છે. આત્મા તેજ પરમાત્મા થવો એટલે નિજ જ્ઞાનાદિ ગુણોના તિરોભાવનો આવિર્ભાવ થવો એ પરમશુદ્ધયોગ છે. મનવાણીકાયાથી ઉપાસનાયોગ ત્રિધા છે. વ્યવહારચરિત્ર, દેવગુરૂ ધર્મની સેવા, તપ, સંયમ, પંચાચાર પાલન, યમ, નિયમ, વગેરે સર્વ વ્યવહાર યોગ છે. વ્યવહારયોગમાં જડ પ્રકૃતિનો સંબંધ છે અને નિશ્ચય યોગમાં જડપ્રકૃતિનો સંબંધ નથી. આત્માના શુદ્ધોપયોગવડે આત્માને ધ્યાવવો અને શુદ્ધ ચિદાનંદભાવે પરિણમવું તે નિશ્ચય યોગ છે. વ્યવહારયોગ તે નિમિત્ત છે અને નિશ્ચયયોગ તે ઉપાદાન યોગ છે. કાયાદિ જડયોગ તે વસ્તુતઃ અસદ્ભૂત યોગ છે કારણકે તે આત્મા નથી, તો પણ મનવાણી કાયાના વ્યવહારયોગ વિના નિશ્ચય યોગની પ્રાપ્તિ થતી નથી. મનવાણી કાયાની શક્તિયો તથા આરોગ્ય જે રીતે વધે તે રીતે વધારવું. ભક્તિયોગ ઔપચારિક

વ્યવહારમાં પરમાત્માપર કર્તૃત્વ, ન્યાય પ્રમાણે કર્મફલ દાતૃત્વઆદિ ઉપચારો થાય છે. જ્ઞાનપૂર્વક ઔપચારિક અને એક અજ્ઞાનપૂર્વક ઔપચારિક ભક્તિ થાય છે, ભક્તિથી હૃદયની શુદ્ધિ થાય છે અને હૃદયમાં શુદ્ધાત્મા પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવ થાય છે. આ શરીરથી આત્માએ ઔપચારિક અને અનુપચારિક બન્ને પ્રકારની ભક્તિ કરીને આત્માનંદ અમૃતરસ પીધો છે. અનુપચારિક ભક્તિથી શુદ્ધાત્મામાં એકતાનતા થાય છે અને બાહિરના સંકલ્પ વિકલ્પ ટળી જાય છે અને સર્વ જીવોમાં શુદ્ધાત્મપરબ્રહ્મત્વ અનુભવાય છે. આવી આંતરભક્તિથી કલાકોના કલાકો પર્યંત આત્માનંદરસની ઘેન કેટલાક વર્ષથી ઘણીવાર પ્રગટે છે. કંઈક આવરણ આવતાં તેનો તિરોભાવ થાય છે. પ્રભુની પ્રતિમા આગળ ચૈત્યવંદન સ્તવન કરતાં એકાંતમાં ઘણી વખત આનંદ રસમય ભક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. શુદ્ધ ભક્તિમાં રાગદ્વેષની પરિણતિ હોતી નથી અને શુદ્ધ ભક્તિમાં આત્માના શુદ્ધસ્વરૂપે પરિણમવું તે શુદ્ધ ભક્તિ છે તેજ શુદ્ધ ચારિત્રરૂપ આત્માનંદ છે, એમાં દર્શન જ્ઞાનચારિત્ર પરિણતિની એકતા છે. ધ્યેય શુદ્ધાત્મ પ્રભુ ગુરૂની સેવામાં શુદ્ધતા સરલતા પ્રગટવાથી આત્માનંદરસ પ્રગટે છે. આત્માનંદ રસમય થઈ જવું તે રોકડિયો યોગ છે અને ગમે તે યોગથી જ્યાં સુધી આત્માનંદરસ ન પ્રગટે ત્યાં સુધી ઉદ્ધારિયો કર્મયોગ છે. ન્હાનાં બાળકો જેમ રમતમાં એકતાન રસીલાં બની જાય છે અને ખાવા વગેરેનું ભાન ભૂલી જાય છે તેમ ગમે તે યોગથી આત્માનંદરસ પ્રગટે અને અન્ય ભાન ભૂલાય, તથા જે યોગ સાધવા મંડયો તેમાં અત્યંત રૂચિરસ લહેર મસ્તદશા પ્રગટે તે યોગથી આત્માની પરમાત્મતા પ્રગટે છે. જે ક્રિયા દર્શન પૂજા સેવા વગેરેથી દેહભાન ભૂલાય, અહંમમત્વ ભૂલાય અને જેને જેમાં અત્યંતરસ પ્રગટે તેને તે યોગનું ગુરૂગમપૂર્વક સેવવું કરવું. જેમાં રસ ન પડે, કંટાળો આવે, ઉંઘ આવે, તે યોગના સાધનમાં પ્રવૃત્તિ ન કરવી પણ જેથી આનંદરસ પ્રગટે તેમાં પ્રવૃત્તિ કરવી. મ્હેં દેવગુરૂ સંતસાધુની સેવા યોગથી આનંદરસ અનુભવ્યો છે.

પ્રભુ મહાવીરદેવની ઉપાસનાથી પ્રભુનો અનુભવ કરી આનંદરસ પીધો છે. જ્ઞાનયોગથી આત્માનંદરસ અનુભવ્યો છે. હજી એ રસનો અનુભવ, ક્ષયોપશમભાવથી અનુભવાય છે પણ ચારિત્ર મોહનીયના ક્ષાયિકભાવનો આનંદરસ વેદ્યો નથી પણ ચારિત્ર મોહનીયના ક્ષાયિકભાવનો આનંદરસ વેદવા માટે—પ્રાપ્તિ માટે યોગની આરાધના આંતરભાવે થાય છે. ઇન્દ્રિયો દ્વારા વિષયોના ભોગોપભોગથી જે આનંદ મળે છે તે પુદ્ગલાનંદ છે પણ આત્માનંદરસ નથી. આત્મા બાહ્ય વિષયોના સંબંધ વિના શુદ્ધાત્મસ્વરૂપના સ્મરણ મનન નિદિધ્યાસન અને તન્મયતાથી જે આનંદ ભોગવાય છે તે આત્માનંદરસ છે તે બ્રહ્મ છે તે પરમાત્મસાક્ષાત્કાર છે. સેવાભક્તિ મંત્રોપાસના આદિ યોગથી શુદ્ધાનંદ જ્ઞાન યોગરૂપે પરિણમવું જોઇએ. લાકડાની પૂતળીને મદારી જેમ નચાવે છે તેમાં મદારી અને અન્ય લોકો સાક્ષી ભૂત છે. મદારી બાહ્યથી પૂતળીની ચેષ્ટાનો પ્રવર્તક છે પણ તે કંઇ પૂતળીરૂપ નથી, એમ પોતાને જાણે છે તેમ જે ભક્ત યોગી જ્ઞાની દેહને પૂતળી સમાન માને છે અને તેની ચેષ્ટામાં આત્માધ્યાસ કરતો નથી, કર્મયોગે દેહ પૂતળીની, પ્રારબ્ધ શુભાશુભ સુખ દુઃખ ચેષ્ટાનો આત્મા અપેક્ષાએ વ્યવહારથી પ્રેરક છે છતાં આત્મજ્ઞાનથી પોતાને સાક્ષી દ્રષ્ટા મધ્યસ્થમાને છે, કર્મનું ફળ કર્મને છે, અને આત્માનું આત્માને છે, એમ જાણી જે નિર્મોહભાવે વર્તે છે અને કર્તવ્ય કાર્યોને વ્યવહારથી કરે છે, તથા અંતરમાં આત્માને પરમાત્મરૂપે જે અનુભવે છે તે આત્મજ્ઞાની રાજયોગી છે, એવા રાજયોગીઓ વિશ્વના તારક સેવક મહંતસંતો છે. રાજયોગમાં આત્મજ્ઞાનોપયોગ મુખ્ય છે. આત્મા પોતાના શુદ્ધોપયોગમાં રહીનેકર્મનું કર્તા હર્તાપણું કર્મમાં જાણે છે દેખે છે અને આત્માનું શુદ્ધ કર્તાપણું આત્મામાં અનુભવે છે ત્યારે તે પરમાનંદ રસનો સાગર તે આત્મામાં પ્રગટ કરી વેદે છે તે રોકડીયો રાજયોગ જાણવો એની પણ જ્ઞાનોપયોગથી કંઇ કંઇ ઝાંખી આવ્યા કરે છે

જૈન ગૃહસ્થોને ગુરૂદેવ અને સંઘની ભક્તિથી ભક્તિયોગની આરાધના થાય છે, અને સંત વગેરેની સેવા, માતાપિતા વૃદ્ધગુરૂ જનાદિની સેવાથી, સમાજ વગેરેની સેવાથી, પશુપંખી વર્ગની દયાથી સેવા યોગની આરાધના થાય છે, તેમજ અન્ય લોકોને બલ્કે દુનિયામાં વર્તનારા સર્વ ધર્મી લોકોને તેથી સેવા યોગની પ્રાપ્તિ થાય છે અને તેથી આત્મામાં પરમેશ્વરનો અવશ્ય સાક્ષાત્કાર થાય છે. સર્વ વિશ્વજીવોને આત્મસમાન માની તેઓને જ્ઞાન ધર્મહિત વગેરેનું અર્પવું તે સેવા યોગ છે. ત્યાગી સાધુઓ સર્વ વિશ્વ લોકો વગેરેની સદુપદેશથી સેવા કરે છે. આત્મજ્ઞાના દિયોગોનું સ્વરૂપ છે તેનું અન્ય લોકોને યોગ્યતા પ્રમાણે દાન તે જ્ઞાની ત્યાગીઓનો નિષ્કામ સેવા યોગ છે. જે જે ભાવથી સેવા ભક્તિ કરવામાં આવે છે તેવા ભાવ યુક્ત ફલની સિદ્ધિ થાય છે. સકામભાવે સકામ ફલની પ્રાપ્તિ થાય છે અને નિષ્કામ ભાવે પૂર્ણ મુક્તિની પ્રાપ્તિ થાય છે. એકી વખતે સર્વયોગની સાધના થાય નહીં. એક નગરમાં પ્રવેશવાના પચ્ચીશ દરવાજા હોય તેમાંથી ગમે તે દરવાજામાં પ્રવેશ કરતાં નગરમાં પ્રવેશ થાય છે, તેમ અસંખ્ય પરંપર અનંતર બાહ્યાંતર યોગો છે તેમાંથી ગમે તે યોગમાં પ્રવેશ કરતાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનાનંદરસ વેદવો તે સર્વ યોગોનું ફલ છે. કેરી પાકે છે તેમાં મિષ્ટ રસ થાય છે તેમ યોગની સાધના પાકયાનું ફળ આત્માનંદરસ પ્રગટવો તે છે. આત્મનંદરસની પ્રાપ્તિ એજ બ્રહ્મ પ્રભુ પરમેશ્વરની પ્રાપ્તિ છે. જ્યાં પૂર્ણ બ્રહ્મરસ અનુભવાતો નથી ત્યાં અપક્વયોગ સાધના છે એમ જાણતાં યોગની કઇ દશામાં તમે છો એનો સ્વયમેવ નિશ્ચય થશે અને ગુરૂગમથી આગળ વધી શકશો. પ્રભુ મહાવીર દેવે અસંખ્ય યોગો કથ્યા છે તેનાં બાહ્ય લક્ષણ સ્વરૂપ વિચારાચાર ભિન્ન હોય તોપણ તે સર્વથી આત્માની પૂર્ણ શુદ્ધિ થાય છે માટે ભિન્ન ભિન્ન યોગોને સાપેક્ષ દૃષ્ટિએ સાધનરૂપ જાણવા અને પરસ્પર એક બીજાનું ખંડન ન કરવું તે સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે. સમ્યગ દૃષ્ટિ મનુષ્ય,

અસંખ્ય યોગોને પરસ્પર અવિરૂદ્ધ માને છે અને સ્વાધિકાર યોગથી પ્રવર્તે છે. અસંખ્ય યોગરૂપ અસંખ્ય માર્ગો ઠેઠ મુક્તિ-નગરીના દ્વાર સુધી હોય છે પશ્ચાત્ યોગ નથી. આત્માનો પૂર્ણાનંદ પ્રગટ્યો એટલે નિમિત્ત બાહ્યયોગ રહેતા નથી એમ જાણી આત્મશુદ્ધિ એટલે આત્મનંદરસ વેદવો એજ યોગનો આશય છે આગમસાર, નયચક્રાદિ દ્રવ્યાનુયોગના ગ્રન્થો જાણવા. નવ તત્ત્વ તથા ષડ્દ્રવ્યને સાત નય અને ચાર નિક્ષેપથી જાણવા. આગમોના ચાર અનુયોગને જાણવા. સાત નયથી સર્વ પ્રકારના યોગનું સ્વરૂપ જાણવું, એમ જાણીને અનુભવ કરવો તેથી રાજયોગમાં પ્રવેશ થાય છે અને સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થાવાસમાં સમ્યકત્વ અને દ્વાદશવ્રત અંગીકાર કરવાં અને દેવગુરૂની સેવા ભક્તિ કરવી તે યોગ છે. ગૃહસ્થાવાસમાં જ્ઞાન યોગ, કર્મયોગ, સેવાયોગ, ભક્તિયોગ, તપયોગ, સંયમયોગ, વિદ્યાયોગ, ઉપાસનાયોગ, શાસ્ત્રયોગ, ઈચ્છાયોગ, સામર્થ્યયોગ, વિનયયોગ, વગેરે નિમિત્ત તથા આંતર અનેક પ્રકારના યોગની આરાધના કરવાની જરૂર છે. ગૃહસ્થાવાસમાં સકામભાવે પણ યોગ સેવાય છે અને નિષ્કામ ભાવે પણ યોગ સેવાય છે. ત્યાગાવસ્થામાં દેવગુરૂના અવલંબન પૂર્વક ઉપર્યુક્ત ધર્મ્મયોગથી આત્માની શુદ્ધિ કરવા માટે ગૃહસ્થ કરતાં અનંત ગુણી આરાધના થાય છે. ગૃહસ્થાવાસમાં ભક્તિ કર્મયોગની મુખ્યતા છે અને ત્યાગાવસ્થામાં જ્ઞાનયોગની મુખ્યતા છે. વૈરાગ્ય અને ત્યાગની અપૂર્વ દશાને પ્રાપ્ત કરવાથી આત્માની પૂર્ણ શુદ્ધિ થાય છે. ધર્માર્થે એક શુભ વિચાર અને એક ધાર્મિક અંશ માત્ર પ્રવૃત્તિથી પણ નૈગમનયની અપેક્ષાએ ઓઘ માર્ગે યોગની શરૂઆત થાય છે. ષડ્દર્શનમાં સાપેક્ષનયદૃષ્ટિએ સર્વયોગની અંશે અંશે પ્રવૃત્તિ છે અને સર્વ જાતના ધર્મીઓની પૂર્ણ સમયોગની પ્રાપ્તિથી મુક્તિ છે. પૃથ્વીની વચ્ચે એક મહાન્ મેરૂ પર્વત છે ચારે દિશાથી અને વિદિશાથી લાખો યોજનથી મનુષ્યો મેરૂ પર્વતના શિખર પર રહેલી જિન પ્રતિમાનાં દર્શન કરવા આવે છે. કેટલાક લાખ ગાઉ,

પચ્ચાશ હજાર, પચ્ચીશ હજાર, પાંચસે, પચ્ચીશ, પાંચ, એક ગાઉ તરતમ યોગો દૂર છે. કેટલાક તલેટી સુધી આવ્યા છે, કેટલાક ઉપર ચઢે છે, કેટલાક વચ્ચમાં છે, કેટલાક ઠેઠ શિખર સુધી આવ્યા છે, કેટલાક મંદિરમાં પેઠા છે, કેટલાક જિન પ્રતિમાનાં દર્શન કરે છે, કેટલાક જિન પ્રતિમાના ગુણોનાં દર્શન કરે છે, કેટલાક ગુણોને ગ્રહણ કરે છે, કેટલાક જિનમય થઇ જિનને ધ્યાવે છે અને કેટલાક જિનરૂપ થાય છે. લાખ યોજનથી યાત્રાર્થે નીકળતા અને જિનરૂપ થવા ધ્યાન ધરનાર સર્વે યાત્રાળુઓ ભક્તો તરતમ યોગે ગણાય તેમ યોગના અસંખ્ય ભેદ છે તેમાંથી અંશે અંશે યોગની ઇચ્છાપ્રવૃત્તિ કરનાર અને ઠેઠ યોગની છેલ્લી કોટિમાં પ્રવેશ કરી પરમાત્માનાં દર્શન કરી પરમાત્મપદ પામવાની તૈયારી કરનાર સર્વે તરતમયોગે અનેક નયોની અપેક્ષાએ યોગની આરાધના કરનાર તરીકે ગણુ યછે, મેરૂ પર્વત તરફની દિશા તરફ જનાર સર્વે યાત્રાળુપણાને અતિક્રમણ કરતા નથી પછી તે વચ્ચમાં વાસ કરે હળવે હળવે જાય વા શીઘ્ર ગતિ કરે તોપણ સર્વે યાત્રાળુઓ છે તેમ ગૃહસ્થાવાસમાં ત્યાગાવસ્થામાં ગુરૂગમપૂર્વક લોકો અસંખ્યયોગ પૈકી ગમે તે યોગની આરાધના કરે તે યોગીદશા તરફ ગમન કરનારા જાણુવા. અપેક્ષા દૃષ્ટિથી યોગની આરાધના છે જેમાં રસ પડે તે તે યોગથી આત્માની શુદ્ધિનો પુરૂષાર્થ સેવવો. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચે શરીરથી મુક્ત થૈ મુક્તિ લેવા માટે યોગની સેવા, આરાધના કરવાની જરૂર છે. ગુરૂગમથી ગમે તે યોગની સાધના કરવી. સમ્યગ્ દૃષ્ટિ થયા બાદ નિષ્કામ ભાવે આત્માની શુદ્ધિરૂપ ઉપાદાન નિમિત્ત યોગની આરાધના થાય છે, એમ જાણીને યથાશક્તિ યોગની આરાધના કર! પ્રતિક્રમણ, પ્રતિલેખન, દેવદર્શન, પંચાચાર પાલન અને પંચ મહાવ્રત પાલનમાં અપ્રમત્તપણે ઉપયોગી થા! દેવગુરૂ ધર્મની શ્રદ્ધા એજ સર્વ યોગનો મૂલ યોગ છે. બાહ્ય સુખની આશાએ યોગ સાધવો તે અજ્ઞાનીનું કર્તવ્ય છે. ગુરૂની આજ્ઞા પ્રમાણે ધર્મકરણી કરવી,

તે યોગ છે. ગુરૂની કૃપાથી યોગમાં પ્રવેશ થાય છે. બાહ્ય ચમત્કારો કરવા માટે યોગ સાધનારાઓ કરોડની કિંમતવાળા યોગને કોડીમાં વેચી નાખનારા છે. સંશય વગેરે યોગમાં મહાવિઘ્ન છે. બાહ્ય જડવસ્તુઓની ઇચ્છા લેશ પણ ન રહે અને આત્માના ગુણોનો આવિર્ભાવ કરવા લક્ષ રહે ત્યારે જ્ઞાનયોગ રાજયોગની સિદ્ધિ કરી શકાય છે. આકાશમાં ગમન થાય, અષ્ટ બાહ્ય સિદ્ધિયો પ્રગટે, દેવતાઓની સાથે વાર્તાલાપ થાય, કરોડો મનુષ્યોના મનમાં પોતાનો સંકલ્પ ઉતરે અને તે પોતાની મરજી પ્રમાણે ચાલે એવી યોગ શક્તિઓ પ્રગટે તોપણ તેમાં જ્યારે મુંઝાવાનું ન થાય, આખી દુનિયા પ્રભુ તરીકે માને તોપણ હર્ષપ્રદ શાતા ગારવ ન થાય અને દુર્જન શત્રુઓ કે જેઓ કરોડ ગણું અપમાન નિંદા કરે કલંકો દે તોપણ તેઓ પર રાગદ્વેષવૃત્તિ ન પ્રગટે અને આત્માના જ્ઞાનાદિ શુદ્ધપર્યાય ગુણોમાં રમણતા થાય એવી ઉપયોગ દૃષ્ટિવાળાને યોગથી તુર્ત મુક્તિની પ્રાપ્તિ થાય છે. જૈન દ્રવ્યાનુયોગી તથા જૈન આધ્યાત્મિકયૌગિક શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસી અનુભવી ત્યાગી ગુરૂ મહારાજની પાસે રહી ગુરૂગમ પૂર્વક સર્વ જૈનતત્વ ધર્મયોગ શાસ્ત્રોનો અભ્યાસ કરવો અને ગુરૂની આજ્ઞાનુસાર સર્વ પ્રકારના યોગનું સ્વરૂપ જાણવું અને પશ્ચાત્ સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વક યોગનો અનુક્રમે અભ્યાસ કરવો, બે વખત ષડાવશ્યકરૂપ યોગની આરાધના કરવી. નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં ધારણ કરી વ્યવહાર નયથી ચાલવું. વ્યવહારનયકથિત ધર્મકાર્યો કરવાં, મનવાણી કાયાથી જે જે દોષો થાય તે ગુરૂની આગળ જણાવવા, ગુરૂની આગળ હૃદયનું કંઇ પણ મંતવ્ય ગુપ્ત ન રાખવું, લઘુબાલક જેમ માતપિતા આગળ સ્પષ્ટ કથે છે તેમ ગુરૂ પાસે હૃદયનું સર્વ પ્રકાશવું, એવી રીતે ગુરૂકુલવાસમાં રહી ગુરૂની સેવા ભક્તિથી ધર્મકર્મો કરવાં. ગુરૂબોધાનુસાર ગૃહસ્થે શ્રાવક ધર્મ પાળવામાં વર્તવું અને ત્યાગી શિષ્યે ત્યાગ ધર્મ પ્રમાણે વર્તવું. ગૃહસ્થ દશામાં અણુસમાન ધર્મયોગ છે અને ત્યાગી ચારિત્રને મેરૂપર્વત સમાન જ્ઞાન દર્શન ચારિત્રયોગ છે,

જૈનોની બાહ્યાંતર સર્વ ધર્મ કરણી મોક્ષાર્થે હોવાથી યોગરૂપ છે. જ્ઞાનોપયોગ પ્રમાણમાં ધ્યાન છે માટે વિનયવડે ત્યાગી ગીતાર્થ ગુરૂ પાસે રહી આત્મજ્ઞાન મેળળવું અને પશ્ચાત્ અન્યધર્મીનાં આધ્યાત્મિક યૌગિકશાસ્ત્રોને ગુરૂ પાસે રહી ભણવાં, એ પ્રમાણે મારો અનુભવ છે, તે પ્રમાણે વર્તવાથી મુક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે. તમોગુણી રજોગુણીબુદ્ધિકર્મભક્તિનો ત્યાગ કરી સાત્વિકબુદ્ધિ કર્મભક્તિ સેવા ઉપાસનાથી આત્માના ગુણોને પ્રકટ કરવા અને દોષ કર્મોને દૂર કરવાં. એ પ્રમાણે યોગાભ્યાસ કરવો. ઢોંગ, બડાઈ, અસત્ય, માનપૂજા, કીર્તિ, કામવાસના લોભ વગેરેને સ્વપ્નમાં પણ ન આવવા દેવા. બાજીગર જાદુગરની પેઠે યોગની ક્રિયાઓને ખેલોના રૂપમાં વાપરવાથી પતિત ભ્રષ્ટપણું પ્રાપ્ત થાય છે. ભવિષ્યવાદમાં ન પડવું, આશીર્વાદ અને શાપ દાનથી દૂર રહેવું. સાધક દશામાં અત્યંત મૌન રહેવું, ઉપસર્ગ પરીષહને સમભાવે સહવા, વીતરાગ પરમાત્મા અને ગુરૂની ભક્તિ કરવી, એ પ્રમાણે યોગનું સ્વરૂપ જાણી યથાશક્તિ સાધશો. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો. હવે પાસે આવવા ઉપયોગ રાખશો.

**इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३**

---

મુ૦ ગોધાવી. લે. બુદ્ધિસાગર.

સંવત ૧૯૭૭ જેઠ વદિ ૨

સાણંદતત્ર શ્રાવક હલસુખ ગોવીંદજી યોગ્ય ધર્મલાભ,

( કવ્વાલિ. )

પિતાનું મૃત્યુ થાવાથી, કરીશ નહિ શોક સમજુ રે;
મર્યા વણ તો નહિ રહેવું, હૃદયમાં ધારજે કહેવું. ૧
અહો કુદરત તણી રીતિ, અહો કુદરત તણી નીતિ;
જગતમાં નિશ્ચયે વહેતી, વિચારી ભૂલી જા વીતી. ૨

ખરેખર જન્મની સાથે, વહે છે મૃત્યુ સહુ માથે,
ખરેખર કાયદો એવો, ઘટે ના શોકને વહેવો. ૩
બન્યા કરતું જ બનવાનું, રહે ના વિશ્વમાં છાનું;
જમાતું ના ભર્યું ભાણું, મળંતાં મૃત્યુનું ટાણું. ૪
બન્યું જે તે પછી બનશે, કર્યા વણ શોક તે સહેજે;
ધરી સમભાવ વર્ત્યા કર, ગુરૂ શિક્ષા હૃદયમાં ધર. ૫
કદી ના હારવી હિંમત, કરીને આત્મની કિંમત;
શુભાશુભ વેદી લે કીસ્મત, ગણીને બાળની ગમ્મત. ૬
કરેલું કર્મ ભોગવવું, સદા સમભાવમાં રહેવું;
કશું ના કોઇને કહેવું, જગતમાં ચાહવું ને સહેવું. ૭
પલકની નહી ખબર પડતી, સુરત નહી રાખવી રડતી;
ખરા ચાતુર્યથી ચડતી, થતી ને દુષ્ટતા ટળતી. ૮
પ્રભુ ઘટ રાખજે પળ પળ, કરી કર્તવ્યની ચળવળ;
બનો ક્યારે નહિ નિર્બળ, હૃદયને રાખજે નિર્મળ. ૯
બને તે સ્વોન્નતિ હેતે, શુભાશુભ કર્મસંકેતે;
બને જે સત્ય છે તે તે, વિચારે નહીં ચડો ખત્તે ૧૦
કરાતા કર્મથી ખેલો, ગુણે તે થાય નહિ ઘેલો;
બને તે ધર્મીમાં પહેલો, રહે નહિ મોહ છટકેલો. ૧૧
રડે કો આંસુ લોવાનું, રૂડું નહી ચિત્ત રોવાનું;
રડીને પાપ ધોવાનું, સદા નિજરૂપ જોવાનું. ૧૨
શુભાશુભ બહુ પ્રસંગોમાં, ખુશી થા ના અરે રો મા;
રહ્યા કર સાક્ષી રંગોમાં, નિજાનંદ ભાવને ખો મા. ૧૩
રહ્યા કર નિત્ય સત્સંગે, શુભાશુભ પૂર્ણ ઉમંગે;
રહીને આત્મના રંગે, વહ્યા કર સદ્ગુણો અંગે. ૧૪
શિખામણ માનજે સારી, કરીશ નહિ દુર્મતિ યારી;
વિવેકે સત્ય નિર્ધારી, કરી સહુ કાર્ય સુખકારી. ૧૫
ઘણી જો ઠોકરો વાગે, ગુણો નિજ ચિત્તમાં જાગે;
રહીને જ્ઞાન વૈરાગ્યે, જીવો! સ્વાર્પણ ભલા ત્યાગે. ૧૬

વધતાં સદ્ગુરૂ પ્રીતિ, સુધરતી નીતિને રીતિ;
બુદ્ધ્યબ્ધિ જાગતી શક્તિ, થતી પરમાત્મની વ્યક્તિ. ૧૭
ચલંતું વહાણુ ભર દરીએ, કપાતો માર્ગ સંચરીએ;
પ્રભુ મહાવીર દિલ ધરીએ, બુદ્ધ્યબ્ધિ ઠામ જઈ ઠરીએ. ૧૮
ખરૂં દલસુખ સમજાવ્યું, ઘણા નિજભાવથી ગાયું;
હૃદય નિજપૂર્ણ રંગાયું, ભલામાં વાળજે આયુ ૧૯

---

લેખ. બુદ્ધિસાગર. મુ૦ વડોદરા.

શ્રી સાણંદ તત્ર શ્રદ્ધાવંત દયાવંત દેવગુરૂ ભક્તિકારક શા. આત્મારામ ખેમચંદ વગેરે યોગ્ય ધર્મલાભ–વિ. તમારો પત્ર આવ્યો, શરીર સાચવવું, તમને તથા રાયચંદભાઈ વગેરેને મળ્યાં એક વર્ષ થઇ ગયું. સાણંદના શ્રાવકોના ગુરૂભક્તોના રાગ મોળા પડી ગયા હોય એમ લાગે છે. ખરો રાગ તો વધતો જાય છે. આ કાળમાં શ્રદ્ધા રાગભક્તિથી ધર્મની પ્રાપ્તિ થાય છે. જે મનુષ્યોને ગુરૂભક્તિમાં પૂર્ણરાગ નથી, તેઓના આત્માની ઉન્નતિ થતી નથી. ગુરૂપર પૂર્ણરાગ જ્યાં સુધી નથી ત્યાં સુધી શુષ્ક જીવન છે. બને તો આત્મ કલ્યાણની દ્રષ્ટિએ ઉપદેશનો લાભ લેશો. પુસ્તકોનું વાંચન ખરેખર ગુરૂનો પરોક્ષ સંબંધમાં પ્રગતિપદ છે. મ્હારા પત્રનો આશય સમજી યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી.

ૐ શાન્તિ ૩.

---

મુ. સાણંદ તત્ર સુશ્રાવક–શા, આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ–હાલ કંઈ વ્યાખ્યાન લખાણની પ્રવૃત્તિમાં અધિક રૂચિ નથી. તમારે આવવા ઈચ્છા છે એમ લખ્યું તે જાણ્યું. આવો ન આવો તેમાં તમને રૂચે તેમ કરો. આવવું જવું પોતાના માટે છે, આવવામાં મ્હને હર્ષ વા શોક નથી. બાહ્ય પ્રવૃત્તિ વા નિવૃત્તિમાં

શુભાશુભત્વની કલ્પના થતી નથી. સહેજે જે બાહ્યાંતર પર્યાયો થાય છે અને થશે તેમાં સાક્ષીભાવ તાટસ્થ ભાવ છે. મારા માટે અને અન્ય વિશ્વમાટે પ્રવૃત્તિ વા નિવૃત્તિમાં સંકલ્પ વિકલ્પ પ્રકટ કરવા માટે રૂચિભાવ, ઔદયિકભાવ થતો નથી. જે થાય છે તેમાં જણાવવાનું કંઇ રહ્યું નથી. સેવા કરવાની ફર્જ છે. હું કરૂં છું એવો અહંભાવ થતો નથી. નામરૂપનો અહંભાવ કરવામાં વિચારને અવકાશ નથી. સમુદ્રના તરંગો સમુદ્રમાં સમાય છે. ધર્મસાધન કરશો એવું હવે કહેવાનું વા લખવાનું રહેતું નથી જેઓ આત્મ ભાવે જાગ્યા તેઓને પોતાનો આત્મા સહેજે સર્વત્ર બોધ આપ્યા કરે છે.

---

લેખક-બુદ્ધિસાગર. મુ० વિજાપુર

સુશ્રાવક. શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ-

વિશેષ પત્ર વાંચ્યો, ચોમાસું વિજાપુર કરવા ભાવ છે જ્ઞાન મંદિરનું ઘણું કામ બાકી છે. તમે દેવદ્રવ્ય સંબંધી લખ્યું તે જાણ્યું-રૂબરૂમાં તેનો ખુલાસો થશે. પાંચ છ દિવસમાં એકવાર અત્ર જરૂર મળી જવું. ક્ષણિક મનના ન થવું. મનના વિચારો અને પ્રવૃત્તિયોમાં આત્મધર્મ માનીને દુનિયાના પ્રવાહમાં નિરપેક્ષપણે ન ઘસડાવું. મનુષ્ય પોતાની વૃત્તિ પ્રમાણે અન્યની મહત્તા આંકે છે. બીજાની દૃષ્ટિએ સારા દેખાવવા માટે જેટલો પ્રયત્ન થાય છે તેટલો આત્માની દૃષ્ટિએ સારો દેખાડવા પ્રયત્ન થાય તો કલ્યાણ થાય. સંશયી આત્મા નષ્ટ થાય છે ગુરૂના વિચારે ગુરૂત્વ હોય છે પણ શિષ્યના વિચારે ગુરૂત્વ નથી. ભક્તને સવળું પરિણમે છે સમજે તેની બલિહારી ધર્મ સાધન કરશો ૐ શાન્તિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

શ્રી સાનંદ.

તત્ર સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર વાંચી સમાચાર જાણ્યા. વિ. કેશવલાલ નાગજીપર છાણીવાળાએ ચર્ચાપત્રો બહાર કાઢ્યાં છે તે ત્યાં હોય તો વાંચવા માટે મોકલી આપશો. તમોએ દેવ દ્રવ્ય સંબંધી અમારા વિચારો જાહેર કરવા લખ્યું પણ હાલતો તમે બન્ને તરફથી વિચારો, જાહેર પત્રોમાં બાહિર પડે છે તે વાંચી સત્ય લાગે તે ગ્રહણ કરો. જ્યાં સુધી સત્ય અંગીકાર કરવા લાયક સમાજ ન બન્યો હોય ત્યાં સુધી વિચારો બહાર કાઢવા માત્રથી શું વળે ? અને જો એમ વળતું હોય તો બન્ને આચાર્યોની ચર્ચાનું ફલ જુઓ શું આવે છે તે ભવિષ્યમાં માલુમ પડશે. એકવાર તમો પાંચ છ શ્રાવકો રૂબરૂમાં મળશો ત્યારે વિચાર કરશો. ત્યાં ચોમાસા માટે લખ્યું તે જાણ્યું. વૈશાખ સુદિ તો અહીં થશે પછી બને તે ખરૂં:–

ધર્મસાધન કરશો, ધર્મ કાર્ય લખશો, જૈન સંઘની ઉન્નતિની દિશા માટે કેટલાક અંશે આંખો મીંચી ચાલે છે. નેતાઓ સારા પ્રગટવા જોઈએ. બાલ લગ્નની પ્રજા સત્ય અંગીકાર કરી શકતી નથી. નિર્બળોથી–આત્મોન્નતિ અને સંઘોન્નતિનો માર્ગ દૂરછે. છાપામાં લેખો લખવાથી કંઇ જૈનસંઘ એકદમ એક વિચારમાં આવી શકતો નથી. સૌ સૌનાં કામ કરે છે. કુદ્રતના હાથનાં હથિયાર-રૂપે જે જાહેરમાં આવ્યા છે તેઓ કાર્ય કરે છે. ધર્મ સાધન કરશો ધર્મકાર્ય લખશો.

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

સંવત્ ૧૯૭૮ પોષ વદિ ૧૧.

અમદાવાદ તત્ર સુશ્રાવક-શેઠ જગાભાઇ દલપતભાઇ તથા શેઠ મણિભાઇ તથા શેઠાણી સુશ્રાવિકા ગંગાબેન આદિ યોગ્ય ધર્મલાભ વિ. તમારો પત્ર મળ્યો, વાંચ્યો, ઉપાધિ ન્યૂન કરી આત્મહિત કરવા ભાવ જણાવ્યો તેથી આનંદ થયો છે. સૂક્ષ્મ નિશ્ચય દ્રષ્ટિએ જેટલા રાગદ્વેષના સંકલ્પ તેટલા સૂક્ષ્મ જન્મ મરણ છે અને તેથી સ્થૂળ જન્મ મરણ છે. રાગદ્વેષમય મન તેજ સંસાર છે અને આત્મામાં મન રમતાં મન તેજ મુક્તિનું કારણ છે. સત્ય આત્મજ્ઞાન વિના ખ્યાલ આવનાર નથી એકાંતમાં બેસી બે ઘડી આત્માના આનંદનો વિચાર કરો. આત્મવિચારથી આવરણો ટળશે અને ધર્મનું સૈન્ય દેખાશે. દેવગુરૂ ધર્મની આરાધના કરો. લક્ષ્મી સત્તાથી શુદ્ધ આત્મધર્મ પ્રગટતો નથી. વસ્તુતઃ લક્ષ્મીથી ધર્મ કરવો એ ઔપચારિક ધર્મ છે. લક્ષ્મી સત્તાથી આત્મસુખ શાંતિ નથી. આત્માને અનુભવતા વિશ્વનો અનુભવ થાય છે. સામાયિક પૂજામાં પૂર્ણ લક્ષ્ય દેશો. વાસનાઓ પણ સૂક્ષ્મ જન્મો છે તેના સમૂહથી આત્માને ભિન્ન ધારો. ધાર્મિક-પુસ્તકો વાંચો. આનંદઘનપદ ભાવાર્થ સંગ્રહ એકવાર પૂર્ણ વાંચી જાઓ જરૂર, પછી પત્ર લખશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

સંવત્ ૧૯૭૮ પોષ વદ ૧૩.

શ્રી અમદાવાદ તત્ર. સુશ્રાવક. શેઠ કેશવલાલ લલ્લુભાઇ રાયજી. તથા અમૃતલાલ વગેરે યોગ્ય ધર્મલાભ. વિશેષ, તમારા બે પત્રો આવ્યા તેથી તમારી આત્મજિજ્ઞાસા તથા આત્મપ્રાપ્તિની ઇચ્છા સારી જણાઇ આવે છે. સાંસારિક કર્ત્તવ્યો કરવાં પણ તેનું ફલ ન ઇચ્છવું. મોક્ષ થવાની બુદ્ધિ ધારણ કરવી.

આત્માની શુદ્ધિ માટે વ્યવહાર કર્મની ઉપયોગિતા જાણવી. આત્મજ્ઞાનીને સંસારિકકાર્યો પણ મોક્ષના હેતુભૂત અપેક્ષાએ આત્મોપયોગે થાય છે. जे आसवा ते परिसवा जे परिसवा ते आसवा એમ આચારાંગ સૂત્રમાં કહ્યું છે તેનો ભાવાર્થ એ છે કે સમ્યગદૃષ્ટિ એવા જ્ઞાનીને કર્મબંધનના હેતુઓ તે સંવર અર્થાત્ કર્મના અબંધના હેતુરૂપે પરિણમે છે અને અજ્ઞાનીને સંવરના હેતુઓ તે આસવના હેતુરૂપે પરિણમે છે. માટે પ્રથમ તો સમ્યગ્દૃષ્ટિ પ્રાપ્ત કરવી. ભાવાધ્યાત્મ દૃષ્ટિએ સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ તેજ સુષુમ્ણા નાડીનું ઉત્થાન છે અને રાગદ્વેષ અજ્ઞાન તે સર્પિણી કુંડલી છે તેનું મુખ ખરેખર સુષુમ્ણા કે જે સમ્યગદૃષ્ટિ છે તેના ઉત્થાનથી નીચું થાય છે અને તેથી આત્માનો પ્રકાશ વધતો જાય છે, તથા શુભાશુભ નાડીરૂપ પિંગલા અને ઇડાના શુભ અને અશુભ પરિણામરૂપ બાહ્ય પ્રાણનો સંચાર બંધ થાય છે અને સમ્યગ્દૃષ્ટિરૂપ સુષુમ્ણામાં શુદ્ધ પરિણામ ( રાગદ્વેષ પરિણામ રહિત આત્માનો ઉપયોગ ) રૂપભાવ પ્રાણ વહે છે, તેથી આત્મા, મોક્ષદ્વારરૂપ બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરીને કાલને જીતે છે, કાલને જીતી મહાકાલ સિદ્ધબુદ્ધ બને છે. સમ્યગ્જ્ઞાન થવાથી આત્મામાં સર્વકર્મો કરતાં નિર્લેપ રહેવાની રાજયોગ શક્તિ પ્રગટે છે અને મૂલાધારાદિષટ્કારકરૂપ ષટ્ચક્રની શુદ્ધિ થાય છે. અજ્ઞાનીની ઇચ્છા પ્રવૃત્તિ કરતાં આત્મજ્ઞાનીની ઇચ્છા તથા પ્રવૃત્તિ છે તે અનંતગુણી શુદ્ધ છે. જ્ઞાનમાર્ગ તે સૂર્ય માર્ગ છે. જ્ઞાનને પ્રગટાવવાથી કર્મ કરતા છતાં આત્મા નિર્લેપ રહેવાને સમર્થ બને છે. આત્મજ્ઞાનના સંસ્કારો જેમ વિશેષ પ્રગટે તેમ પ્રવૃત્તિ કરવી. બાહ્યિરમાં લક્ષ્ય હેતાં છતાં બાહ્યિરમાં નિર્લેપ રહેવા આત્મોપયોગ ધારનો એવી દશા પ્રાપ્ત કરવા માટે સંત સમાગમ, સદ્ગુરૂ સંગ, અને વૈરાગ્યકારક અધ્યાત્મ જ્ઞાનનાં શાસ્ત્રો વાંચવ સર્વ કર્તવ્યનું કેન્દ્ર ધ્યેય આત્માની શુદ્ધિ જાણી યોગ્ય લાગે તેમ પ્રવર્તવું.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

સં. ૧૯૭૮ પોષ વદિ ૧૦

મુ. પાદરા. તત્ર. શ્રદ્ધાવંત. દયાવંત. દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક. વકીલ શા. મોહનલાલ હિમચંદ યોગ્ય ધર્મલાભ. વિશેષ. તમારો પત્ર પહોંચ્યો. તેનો ઉત્તર પહોંચ્યો છે. લોદરામાં માઘવદિ પાંચમે ઉદ્યાપન શરૂ થાય તેમ લાગે છે. વિશેષ વારંવાર ધાર્મિક પુસ્તકોનું વાચન સ્મરણ મનન નિદિધ્યાસન કરશો. શરીરમાં આત્માદેવ સાક્ષાત્ વિરાજમાન છે એમની સાક્ષીએ મન વર્તે અને કાયા પ્રવર્તે એટલે મુક્તિનો અર્ધપંથ કપાઇ ગયો એમ અનુભવ થશે અને ભવનો ભય રહેશે નહીં. આત્માના ઉપયોગ કાલે અન્તરાત્મદશા છેજ. મનવાણી કાયાથી આત્મશુદ્ધિ થાય તેવી સર્વ પ્રવૃત્તિને નિમિત્ત ધર્મ કથવામાં આવે છે. અસદ્ભૂત ધર્મરૂપ તમથી સદ્ભૂત ધર્મરૂપ પ્રકાશમાં જવું. સદ્ભૂત ધર્મ તેજ શુદ્ધાત્મા છે તેજ હું છું એમ જાણતાં અન્ય સર્વ જડ જગત્માં સુખની ભ્રાંતિ રહેતી નથી, તતઃ પશ્ચાત્ આત્મામાં પણ હું તુંનીવૃત્તિ રહેતી નથી, એવો અનુભવ જીવતાંજ લેઈ અમર બનવું અને તે માટે આત્મરૂપે પરિણમવામાં મનને રોકવું. સિદ્ધ પરમાત્મા જેવો સ્વાત્મા છે એવી સત્તાની ધારણા ધારવી પશ્ચાત્ શુદ્ધાત્માના ઉપયોગે આત્માને જોઇ રહેવો. મનમાં અન્ય વિચારો પ્રગટતાજ વારવા અને આત્મોપયોગે આત્માને જોઇ રહેવો. આત્માનું દર્શન તે પ્રભુ દર્શન છે.આત્મા સર્વ વસ્તુ જ્ઞેયનો પ્રકાશક છે અને તેવો હું આત્મા પ્રકાશક સાક્ષી છું એવી રીતે ઉપયોગની ધારા વહેવરાવવી. બે ઘડી સુધી એવી રીતે શુદ્ધ ઉપયોગની ધારા વહેરાવતાં શુદ્ધ સામાયિક થાય છે અને તેથી જીવતાં મુક્તિનો અનુભવ મળે છે. એવો અનુભવ થાય છે. તેમાં શંકા ન કરવી. એવા શુદ્ધોપયોગમાં જેટલો કાલ રહેવાય તેટલા કાલ રહેવું. શા. માણેકલાલ વરજીવનદાસને તેમ જણાવશો. એવા શુદ્ધોપયોગના અભ્યાસ માટે પ્રાતઃકાલ અનુકુલ છે. ગામની બહાર એકાંત સ્થાનમાં બેસી ધ્યાન ધરવું પશ્ચાત્ વ્યાવહારિકકાર્ય કરતાં પણ શુદ્ધાત્માનો ઉપયોગ જેટલો બને તેટલો રાખવા પુરૂષાર્થ કરવો, તેથી શુભાશુભ અધ્યવસાયરૂપ સંસારના સૂક્ષ્મભવ જન્મ પરંપરા ટળી જશે. આત્મા તેજ શરીરમાં રહેલ સત્તાએ સર્વ

તીર્થંકર સિદ્ધ સમાન સત્તાએ છે એવી રીતે અપેક્ષાએ સત્તા ધ્યાન ધરવું તેથી વ્યક્તિએ પરમાત્મપ્રકટતા અનુભવાશે.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

સં. ૧૯૭૮ પોશવદિ ૧૩.

મુ. ઊનાવા તત્ર. જૈનધર્મ જિજ્ઞાસુ. મહાશય. નાગર બ્રાહ્મણ મહાસુખભાઈ તથા દયાશંકર યોગ્ય ધર્મલાભ.

વિ. સર્વ પ્રકારની બાહ્ય વૃત્તિવાસનાથી આત્મા જ્યારે મુક્ત થાય છે ત્યારે મુક્તિની પ્રાપ્તિ છે રાગદ્વેષથી મુક્ત થવું તે મુક્તિ છે. સર્વ પ્રકારની વાસનાથી રહિત થવા આત્મોપયોગી થાઓ. શરીર તેજ હું આત્મા છું એવી ભ્રાંતિ પ્રથમ ટળવી જોઇએ. મન તેજ હું છું એવી ભ્રાંતિ ટાળો. વર્ણ વાસના તે હું અમુક જાતિવર્ણી છું એવી વાસનાથી મુક્ત થવું. શરીરપર વર્ણજાતિ રહે છે. શરીર તે રૂપ છે. પુદ્ગલ છે તેથી આત્મા ન્યારો છે. વસ્તુતઃ આત્મા આર્ય પણ નથી અને અનાર્ય પણ નથી, માટે તે વાસનાથી મુક્ત થવું. આત્મા વસ્તુતઃ આર્ય પણ નથી અને અનાર્ય પણ નથી માટે આર્યત્વની વાસનાથી મુક્ત થવું. પાંચે ઇન્દ્રિયો વસ્તુતઃ આત્મા નથી અને પાંચે ઇન્દ્રિયોના વિષયો પણ આત્મા નથી માટે તેમાં અહંવૃત્તિ ન રહેવી જોઇએ. વિષયોમાં આત્મ સુખની બુદ્ધિ ન રહેવી જોઇએ. નામવાસના અને કીર્તિવાસના એ બે મનમાં રહેલી સ્ત્રીઓ છે, બાહ્ય સ્ત્રીના ત્યાગરૂપ બ્રહ્મચર્યથી બ્રહ્મચારી બનવું સહેલ છે, પણ નામવાસના અને કીર્તિવા--સનારૂપ સ્ત્રીના ભોગથી વિરમવું મહામુશ્કેલ છે એવું જાણી નામવાસના અને કીર્તિવાસનાથી મુક્ત થવા ઉપયોગ રાખશો. સત્તા દેહપ્રાણ ધનનો ત્યાગ થાય પણ નામ કીર્તિવાસનાનો

ત્યાગ ન થાય એવી વાસનાથી મુક્ત થવા અત્યંત જ્ઞાનોપયોગે રમવું જોઇએ. પત્થર ધુલની પેઠે પોતાના પાડેલા નામની દશા અનુભવાય, સ્વનામ રૂપની સ્તુતિ વા નિંદામાં હર્ષ શોક અંશ માત્ર પણ જ્યારે ન વેદાય ત્યારે નામરૂપની વાસનાથી મુક્તિ થતાં આત્માનુભવનો સાક્ષાત્કાર થાય છે. સર્વ પ્રકારનાં શાસ્ત્રોમાં મ્હારા ત્હારાપણાની આગ્રહબુદ્ધિ ન થાય તથા સર્વ ધર્મ દર્શનોમાં મારા ત્હારાપણાની બુદ્ધિ ન થાય અને અનેક દૃષ્ટિયોથી સત્ય ગ્રહણ થાય, સર્વ નયોની અપેક્ષાથી સત્ય ગ્રહાય, ત્યારે શાસ્ત્રવાસના મતપંથ દર્શન ધર્મની અશુભવાસનાથી મુક્ત થવાય છે. લોકોની સ્તુતિ નિંદાથી હર્ષ શોક ન થાય અને ગાડરીયા પ્રવાહે લોકની અસત્ય રૂઢિમાં વર્તવા પ્રવૃત્તિ ન થાય અને સત્યથી વર્તન થાય ત્યારે પ્રભુ મહાવીર દેવકથિત વીતરાગ દશાની પ્રાપ્તિ થાય છે. સર્વ શુભાશુભ વાસનાઓમાં રાચવું તે બહિરાત્મભાવ છે. સર્વ શુભાશુભ વાસનાઓથી આત્મા ન્યારો છે એમ જાણી વાસનાથી મુકત થવા પ્રવર્તવું તે અંતરાત્મભાવ છે. તથા સર્વ વાસનાથી મુક્ત થવું તે પરમાત્મભાવ છે. સામાયિક, પ્રતિક્રમણ ધ્યાનથી આત્માની શુદ્ધાત્મ દશા પ્રગટાવશો.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

૧૯૭૮ પોશ વદિ ૧૩.

મુંબાઈ તત્ર સુશ્રાવક શા. વાડીલાલ મગનલાલ યોગ્ય ધર્મલાભ–વિશેષ–પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા. વિશેષ એક વાર મનવાણી કાયાને આત્મા ધર્મની પ્રાપ્તિ માટે અર્પી દો અને પશ્ચાત્ અનુભવ કરો એટલે આત્માની જાગૃતિ થશે ધર્મની ખરી લાગણી પ્રગટયા વિના અને આત્માના ગુણ પર્યાયોનું સમ્યક્

સ્વરૂપ જાણ્યા વિના આત્મ પ્રેમ પ્રગટતો નથી. ગુરૂદ્વારા આત્મ રંગ પ્રગટે છે. જડાદિ વસ્તુઓપર થતો પ્રેમ એકઠો કરીને ગુરૂપર મૂકવો જોઇએ. ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા પ્રેમ ધારવાથી, અને ગુરૂનો બોધ વારંવાર શ્રવણ કરીને તે પ્રમાણે વર્તવાથી આત્મ રંગ પ્રગટે છે. ધર્મનાં પુસ્તકો દરરોજ વાંચવામાં ન આવે તેથી જ્ઞાનની વૃદ્ધિ ન થાય. પરમાત્માની પેઠે ગુરૂપર પૂર્ણ શ્રદ્ધા પ્રેમથી ગુરૂનું શરણ સ્વીકારી ગુરૂભક્તિ સેવામાં લયલીન બનો તેથી મોહનીય અંતરાયાદિ કર્મો ખરશે અને અંતરમાં આત્મ સ્વરાજ્ય સામ્રાજ્ય પ્રગટ થતું અનુભવાશે ગુરૂ વિના આત્મ પ્રકાશ ન થાય. ભસવું અને આટો ફાકવો એ બે કાર્યો સાથે ન બને, તમારામાં યોગ્યતા પ્રગટાવો, ગુરૂ જ્ઞાન આપવા તૈયાર છે પણ શિષ્યોમા યોગ્યતા પ્રગટવી જોઇએ. નામરૂપને ભૂલી ગુરૂને શરણે રહો. ગુરૂને આત્મા નિવેદો અને ગુરૂપ્રેમી બનો તેથી આત્મધર્મ સહજ પ્રગટશે. જાણવું સહેલ છે કરવું મુશ્કેલ છે. સર્વાર્પણ રૂપ યજ્ઞથી આત્માની શુદ્ધિ થાય છે. દુનિયાનો ગાડરિયો પ્રવાહ, લોકવાસના, વિષયવાસના, નામવાસના રૂપ પશુઓના તાબે ન થાઓ આત્મ ધર્મરૂપ પૂર્ણાનંદ પ્રગટાવવો હોય તો લખ્યા પ્રમાણે વર્તો—મર્દ વિના આત્મા અન્ય પામી શકે નહિ. જીવતાં છતાં મરવું હોય તો આત્માની પ્રાપ્તિ છે. આત્મા માટે મોહને ભૂલો. કાંતો દુનિયા માટે આત્મા ભૂલો. રૂચે તો આત્મધર્મ પ્રગટાવો. એકવાર આત્મા માટે મરીને જીવવું અનુભવો.

अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. માણસા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૧

પેથાપુર પાસે ઉનાવા તત્ર ધર્મજિજ્ઞાસુ. મોક્ષની રૂચિમાન્. નાગર બ્રાહ્મણ મહાસુખભાઈ તથા દયાશંકર યોગ્ય ધર્મલાભ

વિશેષ તમોએ જણાવ્યું કે જૈનધર્મને અન્ય લોકો નિરીશ્વરવાદી નાસ્તિક કહે છે તેનું કેમ? તેના ઉત્તરમાં જણાવવાનું કે જૈનો ઇશ્વરને રાગદ્વેષ રહિત પરમાત્મા પરમેશ્વર માને છે. તે વસ્તુતઃ જગત્ના કર્તા નથી તેમ—જીવોના કર્મના કર્તા પણ નથી, તેમજ જીવોના શુભાશુભ કર્મના ફલદાતા નથી. આત્માજ કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે. આત્મા તેજ ત્રણ રજોગુણ આદિ ગુણદશામાં કર્મનો કર્તા તથા ભોક્તા છે. વેદાંતમાં પણ સબલ બ્રહ્મ અર્થાત્ કર્મ પ્રકૃતિવાળા આત્માને કર્મનું કર્તાપણું તથા ભોક્તાપણું કથ્યું છે પણ રજોગુણાદિ ત્રણ ગુણ પ્રકૃતિથી મુક્ત પરબ્રહ્મને કર્તાપણું તથા ભોક્તાપણું કથ્યું નથી. શંકરાચાર્યે સાત્વિક પ્રકૃતિવાળા આત્માને ઇશ્વર કથ્યો છે. શ્રી શંકરાચાર્ય અને તેના અનુયાયીઓ વસ્તુતઃ જગત્નો કર્ત્તા ઇશ્વર છે એમ માનતા નથી, તેઓ તો કથે છે કે વસ્તુતઃ બ્રહ્મ વિના અન્ય જગત્ નથી તો પછી તેનો કર્તા ઈશ્વર કયાંથી હોય? એમ જણાવે છે. પંચદશી વગેરે શાસ્ત્રોમાં તથા યોગવાસિષ્ઠમાં જગત્ કર્તા ઈશ્વર નથી એમ વેદાન્તિક ગ્રન્થોમાં પણ સિદ્ધ કરી બતાવ્યું છે, તેમ છતાં કાલ્પનિક વિવર્તવાદની દૃષ્ટિએ બ્રહ્મના અજ્ઞાનપણામાં જગત્નો કર્તા ઈશ્વર છે એમ શ્રી શંકરાચાર્યે જણાવ્યું છે તે સ્વપ્ન દૃષ્ટિની પેઠે જાણવું એમ તેઓ કથે છે. તેમજ ભગવદ્ગીતાના પંચમાધ્યાયમાં શ્રી કૃષ્ણ કથે છે કેઃ "લોકનો કર્તા હું નથી તેમજ લોકોનાં કર્મનો કર્તા તથા શુભાશુભ કર્મ ફલદાતા હું નથી એમ તેમણે પ્રકાશ્યું છે તેથી જગત્નો કર્તા ઇશ્વર સિદ્ધ થતો નથી. માણસાના ઠાકોર રાઓળ તખ્તસિંહજીને ત્યાં પોલીટીકલ જેકોબ આવ્યા હતા, પોશવદિ આઠમના બપોરે. અમદાવાદ સ્વામીનારાયણ પાઠશાળાના મોટા પંડિત ગિરિજાશંકર તથા અન્ય પંડિત હતા. રામાનુજ સંપ્રદાયના એક મહેસુર પ્રાંત ા આચાર્ય હતા. તે પ્રસંગે અમને ત્યાં આમંત્રણ હતું. દરબારે પુછ્યું હતું કે પ્રભુ કૃપાથી મોક્ષ થાય છે કે કર્મથી મોક્ષ થાય છે. ગિરિજાશંકર સ્પષ્ટ જણાવ્યું હતું કે અનાદિકાલથી જગત્

છે. જીવો છે અને પરમેશ્વર છે. તેથી જગત્નો કર્તા ઇશ્વર નથી અનાદિ જેની છે તેનો કોઈ કર્તા નથી. જીવોનો અને દુનિયાનો કર્તા ઈશ્વર નથી એમ તેમણે પ્રતિપાદ્યુ હતું ફકત તેમણે એટલું કહ્યું કે જીવો પુણ્યપાપ કર્મ કરે છે. કર્મ જડ છે તેથી શુભાશુભ કર્મનો ફલદાતા ઈશ્વર છે એમ તેમણે કહ્યું હતું. તેના ઉત્તરમાં અમોએ જણાવ્યું હતું કે, આત્માની અપેક્ષાએ કર્મ છે તે જડ છે પરંતુ કર્મની અપેક્ષાએ કર્મના પરમાણુઓનો જથ્થો કર્મ છે તે સક્રિય છે. ગમનાદિ સર્વ રીતે કર્મ શક્તિમાન્ છે તેથી તે સુખ દુઃખ ફલ આપવાને શક્તિમાન્ છે. અફિણ સોમલ વગેરે વિષ સક્રિય શક્તિમાન્ છે અને તે પ્રાણાદિકનો નાશ કરે છે તેમ છતાં તેમાં પ્રાણના નાશમાં ઈશ્વર માનવામાં આવે તો તેથી ઈશ્વરમાં અન્યાય નિર્દયતા પક્ષપાત વગેરે દોષોની આપત્તિ આવે છે તેથી વિષની શકિતથી પ્રાણાદિકનો નાશ માનવો યોગ્ય ઠરે છે. વિષને દુગ્ધના પરમાણુઓની પેઠે પુણ્ય અને પાપ કર્મના પરમાણુઓમાં મન ઇન્દ્રિય દેહદ્વારા આત્માને સુખ દુઃખ વેદાવાની શક્તિ રહેલી છે તેથી શુભાશુભ કર્મફલદાતા તરીકે કર્મને માનવાથી ઇશ્વરની પરતંત્રતા થતી નથી. કર્મના પ્રમાણે જીવોને ઈશ્વર સુખ દુઃખ આપે છે એમ માનતાં કર્મ કરતાં ઇશ્વરની શક્તિ વધતી નથી અને કર્મપર ઈશ્વરની સત્તા સિદ્ધ ઠરતી નથી. કર્મના અનુસારે ઈશ્વરકાર્યકર્તા રહ્યો તેમાં ઇશ્વરની પરતંત્રતા ઠરી. કર્મથી અધિક ઇશ્વરમાં શકિત સિદ્ધ ન ઠરી. કર્મની પાછળ ઈશ્વરને સુખ દુઃખ આપવાની પ્રવૃત્તિ થયા કરવાની. તેના કરતાં સક્રિય વિષની પેઠે કર્મમાં સુખ દુઃખ આપવાની શકિત માનવી અને ઇશ્વરને સાક્ષી દષ્ટા માનવો. વીતરાગ માનવો એજ વિશેષતઃ ન્યાય્ય ઠરે છે એ પ્રમાણે કથતાં શાસ્ત્રી ઉત્તર ન આપતાં સંમત રહ્યા હતા. પશ્ચાત્ સભા ઉઠી ગઇ હતી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જગતનો કર્તા ઇશ્વર સિદ્ધ ઠરતો નથી એમ બૌદ્ધ, જૈન અને કેવલાદ્વૈતવાદી વેદાંતીઓના ગ્રન્થોથી, તથા સ્વાનુભવથી સિદ્ધ ઠરે છે. જૈનો ઇશ્વર, આત્માઓ, કર્મ, પુનર્જન્મ, સ્વર્ગ, નરક, મનુષ્ય લોક, વગેરેને માને છે તેથી તે આસ્તિક અને

ઇશ્વર વાદી છે પણ ઇશ્વર કર્તા વાદી નથી. પુણ્ય, પાપ, આત્મા, કર્મ, પુનર્જન્મ વગેરે તત્ત્વોને ન માને તે નાસ્તિક છે. બાલજીવો, ભક્તિની દૃષ્ટિએ ઇશ્વરને જગત્ કર્તા માનીને ધર્મ કરતા હોય અને અધર્મનો ત્યાગ કરતા હોય તો અજ્ઞાનાવસ્થામાં કંઇક અપેક્ષાએ ઠીક છે પણ અજ્ઞાનયુક્ત ભક્તિ છે ત્યાં સુધી સ્વર્ગ મળે છે પણ મુક્તિની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન વિના સત્યનો પ્રકાશ નથી. અમો આત્માને ઇશ્વર માની કર્મદશામાં તે શરીરાદિક સૃષ્ટિનો કર્તા હર્તા અપેક્ષાએ માનીએ છીએ, અને સંપૂર્ણ કર્મરહિત દશામાં શુદ્ધ નિશ્ચયનયે પોતાના જ્ઞાનાદિ અનંતપર્યાયનો કર્તા હર્તા છે પણ કર્મ શરીરાદિ સૃષ્ટિનો કર્તા હર્તા નથી એમ આત્મારૂપ પ્રભુમાં કર્તા હર્તાપણું અપેક્ષાએ માનીએ છીએ અને અમોએ વેદાંત ઉપનિષદો અને વેદસંહિતા વગેરે વાંચીને એ અનુભવ કર્યો છે કે સબલ બ્રહ્મ અર્થાત્ કર્મ પ્રકૃતિ સહિત આત્માને દેહાદિ જડ પુદ્ગલરૂપ જગત્ પ્રકૃતિનું કર્તા હર્તાપણું છે પણ જ્યારે આત્મા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે પ્રકૃતિનું કર્તાપણું કર્મ પ્રકૃતિમાં માને છે અને જડપ્રકૃતિનું કર્તાપણું આત્મામાં માનતો નથી. ચિદાનંદમય આત્મા જ્યારે કર્મપ્રકૃતિ રહિત શુદ્ધ થાય છે, રજોગુણ તમોગુણ અને સત્વગુણથી મુક્ત થાય છે ત્યારે તેને કર્મપ્રકૃતિ માયાનું કર્તાપણું હર્તાપણું રહેતું નથી એવી સૂક્ષ્મજ્ઞાનાનુભવદશા ન થઇ હોય તેઓ અંધભક્તિના માર્ગે ચડે છે, પાપકર્મો દુર્ગુણ વ્યસનો ત્યાગે છે, આત્મશુદ્ધિ કરે છે. ઇશ્વરને જગત્ કર્તા હર્તા માને છે, ઇશ્વરને માનીને જેઓ નીતિવાળા બને છે તેઓ અપેક્ષાએ જ્ઞાની થતાં સમ્યગ્દષ્ટિવાળા બને છે. આત્માની શુદ્ધિ કરે છે અને જેઓ મનવાણી કાયાથી ધર્મ કરે છે અને અધર્મનો ત્યાગ કરે છે તેઓ આસ્તિક છે. આત્મા, પુણ્ય, પાપ, પુનર્જન્મ, ચાર ગતિ વગેરેને માને છે અને પાપ કર્મનો ત્યાગ કરે છે તથા અસંખ્ય યોગો પૈકી ગમે તે યોગથી આત્માની શુદ્ધિ કરે છે તે આસ્તિક છે. જે મધ્યસ્થ યોગ્ય અને

સત્યનો અભિલાષી હોય તેને તેની યોગ્યતા પ્રમાણે બોધ આપવો. બાલજીવોને અજ્ઞાનદશામાં ભક્તિની દૃષ્ટિએ જગત્ કર્તા તરીકે ઇશ્વરનું મંતવ્ય જો તેમને પુણ્ય કર્મનીતિ, સદાચાર તરફ વાળતું હોય અને ઇશ્વર કર્તા નથી એવું જાણતાં તેઓ અજ્ઞાનથી ભ્રષ્ટ થઇ પાપકર્મ કરવા તૈયાર થાય, તથા વિભ્રમમાં પડી સત્ય પણ સમજવા લાયક ન બને ત્યાં સુધી તેઓને તેમની અજ્ઞત્વની કર્તાપણાની ઉપચારવાળી ભક્તિથી ખસેડતાં ધર્મ નથી. તેઓ જ્યારે સત્ય સમજવાને લાયક હોય ત્યારે તેઓને ઇશ્વરનું સત્ય સ્વરૂપ નવતત્વાદિકનું સ્વરૂપ સમજાવી સમ્યગ્ જ્ઞાની ભક્ત બનાવવા પુરૂષાર્થ કરવો. અન્યથા મૌન રહી આત્મશુદ્ધિ કરવી અને કર્તાદિ વાદવિવાદમાં ન પડતાં જીવોને સદ્ગુણ સદાચારથી નીતિની અને સંત સાધુની સંગતિથી શુદ્ધ કરવા ઉપદેશ દેવો.

इत्येवं अर्हं ॐ महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ અમદાવાદ.

૧૯૭૮ માગશર વદિ ૩ ઠે. શેઠ દલપતભાઈ ભગુભાઈના વંડામાં.

મુ. પાદરા તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક. વકીલ સા. મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ વિ. સાણંદથી માગસર સુદિ તેરસે વિહાર કરીને માગર વદિ પાંચમે અમદાવાદમાં પ્રવેશ કર્યો છે. જો શારીરિક બરાબર આરોગ્ય રહેશે તો પોસ સુદિ પૂર્ણિમા લગભગ રહેવાશે. શાંત સ્થાનમાં નિવૃત્તિ દશા રહે એવું આંતરિક વાતાવરણ પ્રગટ કરતાં ઉપાધિ ભાવવેદાય નહીં. આત્માની શુદ્ધોપયોગ દૃષ્ટિની મુખ્યતાએ બાહ્યમાં પ્રવર્તતાં આત્માની શાંતિ કાયમ રહી શકે. આત્માની શુદ્ધતાનો એકવાર અનુભવ થયા બાદ વિશ્વ લોકોની સાથે સંબંધમાં આવતાં આત્માને અવરાવાનો પ્રસંગ ભાગ્યેજ પ્રાપ્ત થાય. સર્વ પ્રવૃત્તિમાં પ્રવર્તતાં છતાં અંતરમાં આત્મોપયોગ વર્તે એજ જીવનમુક્ત દશા, શબ્દનયે અવબોધવી. એવી

આત્મદશામાં આસ્રવના હેતુઓને સંવરરૂપે પરિણમાવવાની શક્તિ પ્રગટે છે. એવી આત્મદશા પ્રગટાવવા શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ વૈરાગ્યનું બળ પ્રગટાવવું જોઈએ અને એવી દશા પ્રગટતાં આત્માનંદ સહેજે પ્રગટે છે, પશ્ચાત્ તે સ્વયમેવ ઉપયોગી થૈ આગળનો માર્ગ અવલંબી મુક્ત થાય છે. સર્વ શાસ્ત્ર, તપ, જપ, સંયમ આદિ સાધનોથી એવો આત્મોપયોગ પ્રગટાવવો જોઈએ. એવો આત્મોપયોગ ન વેદાતો હોય તો તે વ્યક્ત થૈ અનુભવાય અને કર્તવ્ય પ્રવૃત્તિ થાય, એવો પુરૂષાર્થ અપ્રમત્ત ભાવે સેવવો જોઇએ.

**इत्येवं ॐ अर्हं महावीर शांतिः**

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સુરત.
સં. ૧૯૬૬ ભા. સુ. ૮

શ્રી અમદાવાદ. તત્ર. મુનિશ્રી ન્યાયસાગર યોગ્ય સુખશાતા વાંચશો. તમારો પત્ર આવ્યો વાંચી સમાચાર જાણ્યા. તમો સારી રીતે જાણો છો કે એકલા ન રહેવું છતાં ગુરૂ મહારાજની આજ્ઞા માની નહિ અને એકલા રહ્યા. ગુરૂમહારાજનો તમારાપર વિશેષ પ્રેમ છે તેની પણ તમે દરકાર ન કરી અને સ્વેચ્છાએ વર્ત્યા તે સારૂં થયું નથી. તમારા ગુરૂશ્રી ભાવસાગરજી હોત તો તમને શાતા વેદનીયા રહેવા ન દેત. ધર્મશાસ્ત્રો ઘંટા નાદે જાહેર કરે છે કે યુવાવસ્થામાં ખાસ અપવાદ વિના સાધુએ એકલા ન રહેવું. એકલા રહેવામાં સદ્ગુણોની વૃદ્ધિ થતી નથી અને એશઆરામ સ્વચ્છંદતાની વૃદ્ધિ થતી જાય છે. કોઈ એકલા રહેવા માટે ઠપકો દે ત્યારે પોતાની ભૂલ કઢાતી નથી પણ ગુરૂજનની ભૂલો કાઢવાનો વખત આવે છે. દુઃખ વેઠીને પણ મોટા સાધુઓના ભેગા રહેવું જોઇએ. હજી સમજો તો સારી વાત છે. ચોમાસું પૂરૂં થતાં ગુરૂ પાસે જાઓ. તમારા ગુરૂ શ્રી ભાવસાગરજી મહારાજે તમને ગુરૂ

પાસે રહેવાની ભલામણ કરી છે માટે શૈથિલ્ય અવશ્ય દૂર કરો અને ગુરૂ પાસે જશો. ઉપાશ્રયમાં આખો દિવસ રાત્રી ગોંધાઈને બેસી રહેવું એ તમારી પ્રકૃતિ માટે હિતકારક નથી. સમજીને વર્તવું તમારા હાથમાં છે. શરીર પાસેથી કાર્ય લ્યો. પડી ન રહો. ઉપદેશ દેતા રહો. હિંમત ન હારો. પોતાનું ભાવિ પોતાના હાથમાં છે. જેવી ભાવના રાખશો તેવા થશો. વર્તમાનમાં જેવું કરવું તે પોતાના હાથમાં છે હૃદયમાં જ્યારે ત્યારે પણ સદ્બુદ્ધિ પ્રગટતાં જો દૃઢ નિશ્ચય કરવામાં નહિ આવે તો પશ્ચાત્ બાજી હાથમાં રહેતી નથી અને પ્રમાદનું જોર વધી જાય છે એમ ખાસ સમજશો. સમય વીત્યાબાદ પશ્ચાત્તાપ કરવાથી કંઇ વળતું નથી. હિતસ્વીઓ ઉપર પ્રેમદૃષ્ટિ રાખશો. તમારા ચારિત્ર માટે અમને ઘણું માન છે. બ્રહ્મચર્યાદિ વ્રતમાં કોઈ જાતનો દોષ લાગ્યો નથી. ફક્ત એકલા રહેવામાં અમને તમારૂં ભાવી સારૂં લાગતું નથી. તમારા પર મ્હને પ્રેમ છે તમારામાં કેટલાક સારા સદ્ગુણો ખીલ્યા છે પણ એકલા રહેવાનો પ્રમાદ ન કરો. તમો સમજુ છો વિચારી જોશો એજ ધર્મકાર્ય લખશો.

इत्येवं ॐ अर्हं शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સાણંદ.

સં. ૧૯૭૭ શ્રાવણ સુદિ ૮

પાદરા તત્ર શ્રદ્ધાવંત દયાવંત દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક વકીલ. શા. મોહનલાલ હીમચંદ યોગ્ય ધર્મલાભ વિ. તમારો સુદિ સાતમે પત્ર આવ્યો, તમારા ન્હાનાભાઇ ડાહ્યાભાઈનું મૃત્યુ થયું તેના સમાચાર લખ્યા તે જાણ્યા. તે સંબંધી મ્હેં તમને પહેલાંથી જણાવ્યું છે. આત્માને ભાઇ માનો અને આત્માની દૃષ્ટિએ સર્વાત્માઓ ભાઇ છે. એકલા શરીર સંબંધને ભાઈ માની વિકલ્પ સંકલ્પ ન કરો. તમારાપર ભારબોજો આવ્યો તેથી શું

થયું ? મનમાં ભારબોજાની કલ્પના ન કરવી. જે બને તે તટસ્થ થૈ દેખો. બને તેટલું કરો. સંકલ્પ વિકલ્પ આવે પણ તેને હઠાવવાનો અંતરમાં અભ્યાસ કરો. જાણેલા જ્ઞાનને આવા વખતે આચારમાં મકી શકાય છે. આવા હજારો પ્રસંગોને નિર્લેપ ભાવેસહો. મનમાં શોક ચિંતા કર્યા વિના કર્તવ્ય કરો. આત્માને આત્મદષ્ટિથી દેખો. શરીરને અનિત્ય દેખો, આત્માનો નાશ થતો નથી. વસ્ત્રની પેઠે શરીર બદલાય છે, તેથી શરીર નાશથી મોહ થવો ન જોઇએ. મુસાફરોના વસ્ત્રો જેવાં શરીરો તરફ જુવો પણ તેઓના આત્માઓને દેખો ! આખી દુનિયાના જીવો સાથે અનંતવાર આવા સંબંધ થયા છે, ભૂતકાલીન, વર્તમાનકાલીન આત્માના પર્યાયોમાં મુઝો નહીં પણ તેઓનો વિવેક કરો. પોતાનું શરીર છૂટે છે અને અન્યો પોતાના શરીર નાશથી ખેદ કરે છે, પણ આત્માને ઓળખતા નથી. એવો ખ્યાલ પોતાના હૃદયપર ખડો કરીને આત્મ જ્ઞાનથી સત્ય વિચારો. શુભાશુભ જે કલ્પાયું છે, તેમાં શુભાશુભ ભાવરહિત થઇને આત્મામાં પૂર્ણ પ્રેમ, ધારણ કરો. રૂવો તો એવા ભાવે રૂવો કે જેથી આત્મા વૈરાગ્ય શાંતરસ સાગરમાં ઝીલે. આત્મા અમર છે. કોઇનો આત્મા મરતો નથી. કેવળજ્ઞાને સર્વાત્માઓને ભવિષ્યમાં ઓળખી મળી શકશો. અનંત ધૈર્ય ધરો. આનંદરસેરસિત થાઓ..

इत्येवं ॐ अर्हं महावीर शान्ति ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

તા. ૯–૪–૧૮

સુશ્રાવક વકીલજી શા. મોહનલાલ હીમચંદભાઈ યોગ્ય ધર્મલાભ. વિશેષ હાલમાં તમારો પત્ર નથી. તમારૂં શરીર નરમ રહે છે તે જાણ્યું છે. જે જે વેદના થાય તે ભોગવ્યા વિના છૂટકો નથી. ગમે તેવાને પણ શારીરિક વેદના ભોગવવી પડે છે, તેમ

તમે જાણો છો સમભાવે વેદના ભોગવવી જોઇએ. પંડિત વીર્યથી આત્મશક્તિ ખીલે છે, અને વેદના વખતે પણ આન્તરિક તથા બાહ્ય શાન્તિને બનતા પ્રયાસે જાળવી શકાય છે. કર્મનું દેવું ચૂકવતાં પુનઃ અશુભ પરિણામથી નવીન કર્મ ન બંધાય એવું લક્ષમાં રાખવું જોઇએ, ઉપયોગ દશામાં અને છતી સામગ્રીએ પ્રારબ્ધ કર્મનું દેવું ચૂકવતાં પાછું વ્યાજ વળગે નહીં એમ-સતત વર્તવાનું છે. ઉપયોગદશા એ ખરૂં હથીઆર છે, આત્માની કિંચિત્ પણ ઉપયોગદશામાં જે દેવું ચૂકવાય છે, તેથી આગળ વધી શકાય છે. આત્માની ઉપયોગ ધારા એજ નગદ નાણું છે. મૂળ રકમ છે અને નિમિત્ત કારણની સામગ્રી પ્રવર્તન તે ઉઘરાણી સમાન છે. ઉઘરાણીનો ધંધો એડનારા ઘણા છે. મૂળ વ્યાપાર તે આત્મામાં શુદ્ધોપયોગે વર્તવું એ છે. સાધન ધર્મ અને ઉપાદાન ધર્મથી આત્માની સાધ્યદશા પ્રગટાવવી એજ કર્તવ્ય છે.

ૐ શાન્તિ ૩.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ અમદાવાદ.

સં. ૧૯૬૮ ભા. વ. ૯

શ્રી પાદરા મધ્યે શ્રદ્ધાવંત-દેવગુરૂ ભક્તિકારક, સુશ્રાવક વકીલ શા. મોહનલાલભાઇ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ વિશેષ તમારો પત્ર પહોચ્યો છે, વાંચી સમાચાર જાણ્યા છે. વિશેષ સાંસારિક સંબંધોના પ્રસંગોમાં અન્તરથી નિર્લેપ રહી વિવેક દશાથી કર્તવ્ય કાર્યોમાં પ્રવૃત્તિ થવી જોઇએ અને એમ થશે તોજ સંસારના બંધનોથી મુક્તિ થઇ શકશે. સંસારના બંધનો એ વસ્તુતઃ બંધન નથી પણ તેમાં અજ્ઞાન આદિથી આત્માજ બંધનને બંધન રૂપે કલ્પીને તેમાં બંધાય છે. સાંસારિક બંધનોથી-પોતાનો આત્મા સ્વતંત્ર થતાં તેમાં, બંધાતો નથી એવી આત્મ સત્તાની પવિત્ર ભાવના ભાવવી જોઇએ અને આત્માને શુદ્ધ રાખવા-પ્રયત્ન કરવો

જોઇએ. સંસારમાં નિર્લેપદશા પ્રાપ્ત કરવાને માટે વૈરાગ્ય ઉત્તમ સાધન છે. જ્ઞાનને વૈરાગ્યનું એટલું બધુ બળ છે કે જળમાં કમળની પેઠે આત્માને નિર્લેપ રાખવાને માટે સમર્થ થાય છે. મોહના દુઃખના પ્રસંગોમાં આત્માની કસોટી થાય છે. વૈરાગી આત્મા સર્વત્ર અભયને દેખે છે અને પોતાના આત્માને એકાંત દશાએ ભાવે છે. સર્વની સાથે સંબંધોની યોગ્યતાએ પ્રવર્તે છે, પણ આન્તરિક દશાથી મુંઝાતો નથી. યુદ્ધમાં ચઢેલા શૂરવીરની પેઠે જ્ઞાનીનો આત્મા આગળ પાછળ રચાતાં અશુભ વિચારોનાં બંધનોને છેદી નાંખે છે, અને સૂર્ય જેમ અભ્રમાંથી દૂર ખસે છે તેવી રીતે સર્વ રાગાદિક બંધનોથી તે દૂર રહે છે. બાહ્યના પ્રસંગો ગમે તેવા દુઃખદ જણાતા હોય તો પણ, તે અન્તરથી નિર્ભય રહીને સર્વત્ર આત્મભાવે જગતને-નિરખે છે. આવી આત્મદશા પ્રગટ કરવાને પ્રયત્ન કરશો. દાક્તર સકરચંદભાઇને તથા માણેકલાલને ધર્મલાભ.

---

લેખક-બુદ્ધિસાગર. મુ૦ અમદાવાદ.

તા. ૨૦-૧૦-૧૮

સુ. પાદરા પ્રિય ધર્મી સુશ્રાવક શા. મોહનલાલ હિમચંદભાઈ યોગ્ય ધર્મલાભ-ચિત્તની અન્ય ધાર્મિક દિશામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ વૃત્તિ હોવાથી પત્ર લખવાની પ્રવૃત્તિ હાલ વિશેષ થતી નથી. ગુરૂજીના શરીરાવસાન પશ્ચાત્ નિવૃત્તિમાં વિશેષ લક્ષ્ય ખેંચાય છે તો પણ ધાર્મિક પ્રવૃત્તિ થવાની હોય છે તે થાય છે.

વિશેષાવશ્યક સંપૂર્ણ થવામાં પન્નર દિવસ લગભગ હવે જોઇશે. ધર્મરત્ન પ્રકરણ પણ પન્નર દિવસમાં સંપૂર્ણ થશે. અન્ય ધર્મનાં પુસ્તકોનું વાંચન થાય છે. પ્રાયઃ હાલ બાહ્ય ઉપાધિ જણાતી નથી. તેમ અનુભવાતી નથી, પ્રાયઃ સ્વાનુભવ પ્રમાણે

આનંદ રહે છે એમ ભાસે છે. ધર્મગ્રન્થોના વાંચનમાં ઘણો વખત જાય છે અને લેખનમાં મન્દ પ્રવૃત્તિજ થાય છે. એટલું ખરૂં છે કે જ્યાં ઇચ્છા છે ત્યાં અન્તે માર્ગ પડે છે. નિવૃત્તિની ઇચ્છાવાલાને નિવૃત્તિ મળે છે અને મળશે, દિવ્ય ચક્ષુ જેની ઉઘડી છે તેને બાહ્યમાં રૂચતું નથી અને તેથી તેને પોતાની સમાન સ્થિતિના આત્માઓની સંમતિમાં આનન્દરસ પડે છે. તેવો અન્યત્ર પડતો નથી, આવો સર્વત્ર અનુભવ છે ક્ષયોપશમની સર્વ મનુષ્યોની ભિન્નવૃત્તિ હોવાથી પોતાનું અન્યને સર્વ પસંદ ન આવે અને સર્વનું પોતાને સર્વથા પ્રકારે પસંદ ન આવે, આવી સ્થિતિ સર્વત્ર થોડા ઘણા અંશે જ્યાં ત્યાં દેખાય છે તેમાં જ્ઞાની સાપેક્ષબુદ્ધિ ધારણ કરીને સાપેક્ષભાવે વ્યવહાર અને નિશ્ચયથી મધ્યસ્થ વૃત્તિએ આત્મ કલ્યાણમાં પ્રવર્તે છે.

---

સં. ૧૯૭૮ ચૈત્ર સુદિ ૬.
મુ૦ વિજાપુર

## અધ્યાત્મ ઘટના.

આત્મામાં આધ્યાત્મિક દૃષ્ટિએ સ્વર્ગ નરકની આધ્યાત્મિક કલ્પના કરી શકાય, દેહધારી આત્મામાં મનુષ્ય લોકની કલ્પના ઘટાવી શકાય, આત્મા અને મનમાં આધ્યાત્મિક દેવદેવી ઇન્દ્રની કલ્પના ઘટાવી શકાય, પણ તેથી શ્રી સર્વજ્ઞ પરમાત્મા મહાવીર દેવે પ્રકાશેલાં બાહ્ય સ્વર્ગ તરફ મનુષ્ય લોક દેવો ઇંદ્રો વગેરેનું નાસ્તિત્વ કદાપિ માનવું નહિ. કારણકે સર્વજ્ઞે કેવલ જ્ઞાનમાં ચૌદરાજ લોક વગેરે જે જે પદાર્થો દેખ્યા છે તે સત્ય છે. તે પરોક્ષ જ્ઞાનથી તે તે સ્વર્ગ તરફ નરક વગેરે સાક્ષાત્ ન દેખાય અને કેટલાક પદાર્થો બુદ્ધિગમ્ય ન થાય તેથી તેની શંકા ન કરવી. અનુભવ ગમ્ય જ્ઞાન ન થાય ત્યાં સુધી અંધ શ્રદ્ધાને પણ ખાસ ધારવી. સર્વજ્ઞ વીતરાગ મહાવીરનાં વચનોની અંધ

શ્રદ્ધાથી પણ અંશે આત્મશુદ્ધિ થાય છે. ચૌદરાજ લોકમાં રહેલા સર્વસ્થૂલ સૂક્ષ્મ પદાર્થોને અધ્યાત્મદૃષ્ટિએ અધ્યાત્મરૂપકથી આત્મામાં ઉતારી શકાય છે, તેથી બાહ્ય પદાર્થોનું ખંડન થતું નથી એમ અધ્યાત્મ દૃષ્ટિથી તથા તત્ત્વદૃષ્ટિથી સમજવું. ઉલટી વાણી-અવળી વાણીનો અર્થ છે તે અધ્યાત્મદૃષ્ટિથી ઉકેલી શકાય છે. આધ્યાત્મિક દૃષ્ટિથી ઉપમિતિ ભવ પ્રપંચ આદિ ગ્રન્થોનાં પાત્ર સમજવાં તથા વેદાંતના ગ્રન્થો પણ કેટલાક જાણવા. કર્મ ક્ષેત્ર વિજયો વગેરેને અધ્યાત્મ પાત્રોથી અંતરમાં ઉતારી શકાય છે. સર્વ તીર્થંકરો ને અધ્યાત્મદૃષ્ટિએ અંતરમાં અધ્યાત્મ પાત્રો તરીકે ઉતારી શકાય છે તેમાં અસદ્ભૂત ઔપચારિક વ્યવહાર નયની દૃષ્ટિની મુખ્યતા છે એમ એ નયની અપેક્ષાએ જાણવું. રામ, કૃષ્ણ, બુદ્ધ, પ્રભુ મહાવીર વગેરેનું બાહ્ય ચરિત્ર પ્રસિદ્ધ છે તેમ તેમને આત્મરૂપે આત્મામાં અંતર ચરિત્રથી ઘટાવી શકાય છે એમ બે રીતે પણ અપેક્ષાએ ચરિત્ર જે સમજે છે તે અધ્યાત્મજ્ઞાની બને છે.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સાણંદ.

તા. ૮-૮-૨૧

પાદરા મધ્યે તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂ ભક્તિકારક, સુશ્રાવક વકીલ શા. મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ.

વિશેષ તમારો વીસ દિવસ લગભગથી પત્ર નથી. ડાહ્યાભાઇ અમદાવાદ માંદા છે તેથી તે તરફ લક્ષ હશે આજ વધારે માંદા છે એમ જાણ્યું છે. કર્મનો ઉદય ભોગવ્યા વિના પરમાત્મા મહાવીર જેવા પણ છૂટ્યા નથી. કર્તવ્ય બજાવવું. હર્ષ શોકથી મુક્ત રહેવું. જ્ઞાનની કસોટી આવા પ્રસંગે થાય છે. કમલ જેમ જલ ઉપર રહે છે તેમ આત્મજ્ઞાની સંસારના વિકલ્પ સંકલ્પના ઉપર રહ્યા કરે છે પણ તેમાં બૂડતો નથી, કોને જન્મ મૃત્યુ નથી ?

આત્માનો સખા આત્મામાં છે. ભાઈ વગેરે સર્વ આત્માઓને દેખવા પણ દેહના સંબંધે આત્માનો સંબંધ ન દેખવો. આત્માથી દેહભિન્ન છે એમ જાણે છે તે શોકથી મુક્ત છે. ધર્મ સાધન કરશો. ધર્મ કાર્ય લખશો.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.
સં. ૧૯૫૯

શ્રી કાવીઠા મધ્યે સુશ્રાવક શા રતનચંદ લાધાજી તથા શા. ઝવેરચંદ ભગવાનદાસ તથા ભાઇ મનસુખ તથા મણિલાલ યોગ્ય ધર્મલાભ પ્રાપ્ત થાઓ.

વિશેષ સ્વશક્તિ અનુસારે આત્મોપયોગે સ્વધર્મમાં પરભાવ ત્યાગ પૂર્વક પ્રવૃત્તિ થતી હશે એજ સારમાં સાર કર્તવ્ય છે. કહ્યું છે કે—जिअं जलबिन्दु समं—संपत्तीओ जल तरंग लीलाओ.

सुमिणय समंच पिम्मं—जं जाणसु तं करिज्जासु ॥१॥

જીવન, ડાભના અગ્ર ભાગમાં રહેલા જલના બિંદુસમાન છે, સંપત્તિયો જલના તરંગ સમાન છે, સાંસારિક કુટુંબનો પ્રેમ સ્વપ્ન સમાન છે, માટે હે ભવ્યાત્મા જો તું તેવું જાણતો હોય તો ધર્મ સાધન કરી લે. ગયો વખત પાછો આવનાર નથી. કહ્યું છે કે—जाजा वच्चइ रयणी—न सा पडिनिअत्तइ

अहम्मं कुणमाणस्स—अहला जंति राइओ ॥१॥

જે જે રાત્રી દિવસો વિતે છે તે પાછા આવતા નથી. ધર્મ પુરૂષોનો રાત્રી દિવસરૂપ કાલ સફલ છે પણ અધર્મ કરનારનો રાત્રી દિવસરૂપ કાલ નિષ્ફલ જાણવો. આ જીવ પોતે કર્મ કરે છે અને પોતે તે ભોગવે છે.

કહ્યું છે કે—एगो बंधइ कम्मं, एगो वह बंध मारण वसणाई।
विसहर भवंमि भमडइ—एगुच्चिअ कम्म वेलविओ

જીવ સ્વયમેવ કર્મ બાંધે છે એકલોજ વધ બંધન મારણ આદિ આપત્તિને સહન કરે છે, વળી એકલોજ કર્મથી ઠગાયો

છતાં ભવમાં ભટકે છે, આ આત્માનું અન્ય કોઇ હિતાહિત કરવા સમર્થ નથી. પોતાના શુદ્ધ સ્વભાવે પોતાનું હિત છે, અને આત્માના અશુદ્ધ સ્વભાવે आत्मानुं अहितज છે, પ્રાય પંચમ કાલમાં अहितनां નિમિત્તો વિશેષ છે. હિતનાં નિમિતો કવચિત્ ભાગ્યોદયે મળી શકે છે. सत् स्वरूप अन्यथा થતું નથી પણ તેને તેનું જ્ઞાન નથી તેથી ભવ ભ્રમણ કરે છે. જડ તે चेतन रूपे त्रिकाले થશે નહીં. આત્માની અશુદ્ધ પરિણુતિ તેજ દુઃખદાયિકા છે. વસ્તુ, વસ્તુરૂપે સમજવી મુશ્કેલ છે.

यत: ચોપાઇ—વસ્તુ સ્વરૂપે વસ્તુ લહે, તે પરમાં શું રાચી રહે.
જ્યાં નહિ આતમનો ઉપયોગ, ત્યાં નહિ શાશ્વત
સુખનો ભોગ ૧

મનમાં જાણે ભોગજ રોગ–પુત્રાદિક દુઃખકર સંયોગ.
શરીર માટી ખોટો ખેલ–વસવું તેમાં જેવી જેલ. ૨

ભવાભિનંદિ વૃત્તિ ટળે–આપોઆપ સ્વભાવે ભળે.
વૈરાગ્યે જો અંતર વસે–આત્મ સ્વભાવે વૃત્તિ ધસે. ૩

રાશિ કર્મતણી રોકાય–ધર્મજ સાચો તેહ કહાય.
સમ્યગ્ જ્ઞાન વિના નહિ મુક્તિ–આત્મજ્ઞાનથી રહે ન ભ્રાંતિ ૪

નામ માત્ર જ્યાં ધર્મે ધંધ–સત્યાસત્ય ન દેખે અંધ.
ધર્મ કર્મનો લહે ન ભેદ–ભવની ભ્રમણાનો લે ખેદ. ૫

આતમ ધર્મ ન પુદ્ગલ માંય–માને મૂરખ ધર્મજ ત્યાંય.
ધર્મ નામથી તે શું તરે–મૃગ કસ્તુરી વન જયું ફરે. ૬

તારૂં તારામાંહી રહ્યું–ઝટ તે જ્ઞાની પુરૂષે કહ્યું
કરતો તેનું પોતે ધ્યાન–પામે અવિચલ મુક્તિ સ્થાન. ૭

સદસત્ ભાવે આતમ એકો–સાદિ અનંતિ સ્થિતિ લહેો;
એવો આતમ જાણ્યો જાય–ધર્મ લાભ ત્યારે કહેવાય. ૮

અનંત જ્ઞાનાદિક છે ધર્મ-ધર્મી આતમ જાણો મર્મ
ભેદાભેદે તેહ જણાય-ધર્મ લાભ ત્યારે કહેવાય. ૯
સ્વયં પ્રકાશક ગુણની ખાણ-અજ અવિનાશી સિદ્ધ સમાન.
નિજ ગુણ ભોગી જ્યારે થાય-ધર્મ લાભ ત્યારે કહેવાય. ૧૦
સુખ દુઃખ આવે હર્ષ ન શોક-શત્રુ મિત્ર સમદૃષ્ટિ યોગ.
સમભાવે જગમાં વર્તાય-ધર્મલાભ ત્યારે કહેવાય. ૧૧
પર પરિણુતિ તે નિંદા વૈર-આતમ રમતો સમતા ઘેર;
ચિદાનંદ જ્યોતિ પ્રગટાય-ધર્મલાભ ત્યારે કહેવાય. ૧૨
મારૂં ન્યારૂં કદી ન થાય-તારૂં ક્ષણમાં વિણશી જાય.
નિશ્ચયથી એ જાણ્યું જાય-ધર્મલાભ ત્યારે કહેવાય. ૧૩
નવ તત્ત્વાદિક સાતે ભંગ-જાણી લાગ્યો અવિહડ રંગ.
મન વૈરાગ્યે વર્તે ભાય-ધર્મલાભ ત્યારે કહેવાય. ૧૪
ધર્મ ન પુદ્ગલ ધર્મ ન કુલ-ધર્મ ગ્રહે વર્ણું તે ભૂલ.
નય નિક્ષિપે ધર્મ ગ્રહાય-ધર્મલાભ ત્યારે કહેવાય. ૧૫
ધર્મલાભ જો એવો મળે-જન્મ જરાના ફેરા ટળે.
ધર્મલાભ એવો જે પાય-વંદુ તેના નિશદિન પાય. ૧૬

ઇત્યેવં ૐ શાંતિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. સંવત ૧૯૫૯ જેઠ સુદિ ૨ મુ૦ મેસાણા.

શ્રી પાદરા મધ્યે શ્રદ્ધાવંત દયાવંત દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શા. મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય ધર્મલાભ.

જ્ઞાન ચરણ ઉપયોગમાં, કાઢે નિશદિન કાલ,
સાધુ તેહીજ આતમા, અવર મ જંખો આળ. ૧
પંચ મહાવ્રત ઉચ્ચરે, દોષ રહિત આહાર,
આતમ અનુભવ બીનતે, એ સબ મિથ્યા જાળ. ૨

કષ્ટ કરે કાઉસગ્ગથી, ચપળ ચિત્ત અનુસાર,
આતમ અનુભવ બીન તે, કયું ઉતરે ભવપાર. ૩
વચન પ્રપંચ વિલાસથી, દેતો પર ઉપદેશ,
આતમ અનુભવ બીન તે, લજવે સાધુ વેશ. ૪
ગામોગામ ફરતો ફરે, ઉપદેશે જીનધર્મ,
આતમ અનુભવ બીન તે, કયું છોડેગા કર્મ. ૫
ચાર નિક્ષેપે દેશના,—વ્યવહાર નિશ્ચય જાણુ,
આતમ અનુભવ જાણતો, ધરશે જીનવર આણ. ૬
મારગ અનુસારી ક્રિયા, કરતો ધરતો ધ્યાન,
આતમ અનુભવ જાણતો, લહેશે કેવળ જ્ઞાન. ૭
નિશ્ચય નય હૃદયે ધરી, ધરતો શુભ વ્યવહાર,
આતમ અનુભવ જાણતો, જીન શાસન જયકાર. ૮
તત્ત્વ નવ અને દ્રવ્યના, દ્રવ્ય ગુણ પર્યાય,
આતમ અનુભવ જાણતો, આતમરૂપી થાય. ૯
દ્રવ્યતણા ઉત્પાદને, વ્યય ધ્રુવનું જ્ઞાન,
આતમ અનુભવ જાણતો, લહેશે તે શિવસ્થાન. ૧૦
સપ્ત ભંગીએ વહેંચતો, દ્રવ્ય પદારથ જેહ,
આતમ અનુભવ જાણતો, શિવ સુંદરી વરે તેહ. ૧૧
પરમાતમ સો એક હૈ, તેહ તણા જીવ અંશ,
વેદ વચન પ્રપંચથી, કરતો જગ પ્રશંસ. ૧૨
પરમાતમથી ભિન્ન એ, જગત જીવ દેખાય,
પરમાતમ અંશ જ્ઞાની વા- અજ્ઞાની કહેવાય. ૧૩
જ્ઞાની કહો પરમાત્મ અંશ, અજ્ઞાની દેખાય,
યદિ કહો અજ્ઞાની તો—જ્ઞાની જીવ જણાય. ૧૪
જ્ઞાનાજ્ઞાન મયી અહો, જો માનોગે અંશ,
જ્ઞાનાજ્ઞાનમયી થયો, પરમાતમ પદ ભ્રંશ. ૧૫

પરમાતમથી ભિન્ન નિત્ય, જો માનોગેં જીવ.
વ્યક્તિરૂપે પરમાતમા, નહીં તે થાય સદીવ. ૧૬
પરમાતમથી ભિન્ન જો, વ્યક્તિ જીવકી હોય,
તો એહી પરમાત્મા, અંશ તે કયું કરી જોય. ૧૭

અભિન્ન પરમાતમ થકી, જગત જીવ કહો ભાઇ,
અંશ જીવની ભિન્નતા, પ્રગટ કયું દેખાઇ. ૧૮

ભિન્નાભિન્ન કહો યદિ, પરમાતમથી જીવ,
સ્યાદ્વાદ તબ આ ગયા, કયું કરતે હો રીવ ૧૯
જ્ઞાનથકી અભિન્નહે, વ્યક્તિસ્વરૂપે ભિન્ન.
નિત્યાનિત્ય વચનથકી, અદ્વૈત મતતા ખિન્ન. ૨૦
સત્તાયે પરમાતમા, સર્વ જીવ હે જાણ,
કર્મ સંબંધે આતમા, સ્વરૂપ ભૂલ્યો ભાન. ૨૧

કર્તા હર્તા એક હે, જગત રચનાકાર
કર્તા તે વળી જીવનો, પશુ પંખી નરનાર. ૨૨
બ્રહ્મા જગ રચના કરે, વિષ્ણુ પાલનહાર.
જગત જીવતણો વલી, કરે રૂદ્ર સંહાર, ૨૩
તેહ ત્રણ્ય રૂપે કરી, જાણો એક જ વ્યક્તિ,
રજ, સત્વ તમોગુણે. ભિન્ન વિચારો શક્તિ, ૨૪
કર્તા ઇશ્વર માનનાર, કરતો એ ઉપદેશ,
તત્વાતત્વ વિચાર બિન, જ્ઞાન નહિ લવલેશ. ૨૫
જગત્ હે પુદ્ગલ દશા, ઇશ્વર આતમ દ્રવ્ય,
પુદ્ગલ રચના કયું કરે, સુયુક્તિ સુણ ભવ્ય. ૨૬
અરૂપીજ પરમાતમા, સ્વ સ્વરૂપનો જાણ,
પુદ્ગલ તેહથી ભિન્ન હૈ, કપદેશે જીન ભાણ, ૨૭
એક અધિકરણ મૂર્તિરૂપ, તેમાં વિજાતિ સ્વભાવ.
ગુણ ત્રણ્ય કિમ કરી રહે બને ન એહ બનાવ. ૨૮

તમઃ તેજ વિજાતિ જે, તે એનું કીમ હોય,
એકાધિકરણ જ અહો, સમજે વિરલો કોય. ૨૯
અધિકરણરૂપ મૂર્તિમાં, ગુણ ત્રણ રહે ભાય,
એતો શશના શૃંગ સમ, વચન એ ન સુહાય. ૩૦
રજ તમઃ ગુણ યુક્ત જે, અજ્ઞાની કહેવાય,
ઉત્તમ તેહને માને જે, મુક્તિપદ કયું પાય. ૩૧
રજઃ તમો અજ્ઞાનમય, ગુણ તે કયું કરી હોય,
આતમ ગુણને અનુભવો, સ્યાદ્વાદ સુખ જોય. ૩૨
મિથ્યા મત મૂકી કરી, આરાધે જીવનવાણી,
લહેશે તે પરમાતમપદ, આતમ અનુભવ જાણી. ૩૩
બાહિર ધર્મદશા ભજે, અંતર ધર્મ વિચાર,
આપ સ્વરૂપ વિચારણા, ધર્મ ધ્યાન મનોહાર, ૩૪
દેખે સો નહી આતમા, આતમ નહીં દેખાય,
રાગદ્વેષ તું કયા કરે, પુદ્ગલમેં કયું જાય. ૩૫
અલખ નિરંજન આતમા, વ્યાપી રહ્યો શરીર,
ખીર નીર સંબંધ ક્યું, શુદ્ધ બુદ્ધ વડવીર. ૩૬
પ્રતિ શરીરે ભિન્ન ભિન્ન, આતમ દ્રવ્ય અનંત,
અજર અમર અવિનાશી હૈ, સિદ્ધ બુદ્ધ ભગવંત. ૩૭
રાગી નહિં દ્વેષી નહિં, અરાગી નિર્માયી,
અનંત સુખ કો ભોગી હૈ, અનંત શક્તિ સુહાઈ ૩૮
સિદ્ધ તણા સાધર્મી હૈ, સત્તાયે સબ જીવ,
રાગી દ્વેષી જે લહે, તેહી મૂઢ જ કલીબ. ૩૯
સજાતિ સબ જીવપર, જે જન ધરતો વૈર,
બહિરાતમ શિરોમણિ, કરતો કાળો કેર. ૪૦
ભૂંડું કરવા કો નહિ, સમર્થ જગમાં જોય,
કર્મ વિપાક વિચારીને, સમજો સજ્જન લોય. ૪૧

આપઆપ મેં સ્થિત જબ, પરકો કિસ્યો પ્રચાર
મોહરાય તબ નાશ હૈ, ખાશે દુર્જન માર. ૪૨
અપની કથની સૌ કથે, પરની કથની પાપ,
સ્યાદ્વાદવાદી જીનકી, કથની હરે સંતાપ. ૪૩
આતમના પરિણામ તો, આતમમાંહી સમાય,
વપુ ક્રિયામાં કર્મની, પ્રવૃત્તિ જ જણાય, ૪૪
બાહ્યાચાર પ્રવૃત્તિમાં, નહીં આતમનો ધર્મ,
બાહ્યાચારથી રાચવું, એતો મિથ્યા ભર્મ. ૪૫
આતમનો ઉપયોગ તે, આતમનો છે ધર્મ,
બાહ્યવિષે નહિ આતમા, સમજે રહે ન કર્મ.
કર્તવ્ય કર્મો કરે, જ્ઞાની નહિ બંધાય,
જ્ઞાન દશા જે આકરી, તે ચારિત્ર સુહાય. ૪૭
શુદ્ધાતમ વણ અન્ય સહુ, તેમાં નહીં નિજ ધર્મ,
સમજી બાહિર સહુ કરે, તે નહીં બાંધે કર્મ. ૪૮
નિમિત્ત કારણ ધર્મ તે, પ્રતિ વ્યક્તિએ ભિન્ન,
જ્ઞાની ત્યાં મુંઝાય નહિ, નયદૃષ્ટિએ પ્રવીણ. ૪૯
બાહિર કર્મો સહુ કરે, પણ નહિ બાંધે કર્મ,
એવો જ્ઞાની આતમા, પામે મુક્તિ શર્મ ૫૦
દેવગુરૂને ધર્મની, શ્રદ્ધા પ્રીતિ યોગ;
સમકિત પ્રગટે આતમમાં–રહે ન પુદ્ગલ ભોગ. ૫૧
સંપ્રતિ પંચમકાલમાં, ગુરૂ આલંબન શ્રેષ્ઠ,
ગુરૂ આલંબન યોગથી–લાગે જડ સુખ એંઠ ૫૨
ગુરૂ કૃપાવણ ધર્મની, કુંચી હાથ ન થાય;
ગુરૂ શ્રદ્ધા પ્રીતિ બળે, ગુરૂ કૃપા પ્રગટાય. ૫૩
ગુરૂમાં શ્રદ્ધા પ્રીતિથી, પત્થર જેવા લોક,
આતમ જ્ઞાનને પામતા, ગુરૂવણ સઘળું ફોક, ૫૪

ગુરૂની ભક્તિ જેહને, તેનું અંતર ઓર,
ફરક એટલો જાણુવો, શાહુકારને ચોર, ૫૫
આત્માદિક તત્ત્વો તણી, શ્રદ્ધા, ગુરૂથી થાય,
જૈન ધર્મ સમજાવવા, ગુરૂજી પુષ્ટ ઉપાય. ૫૬
ગુરૂ આધારે જ્ઞાન છે, બીજો નહીં ઉપાય,
ગુરૂ ભક્તો ઘટ અનુભવે, નાસ્તિક ખત્તા ખાય. ૫૭
ધર્માનુભવ ભાવની, તત્ત્વજ્ઞાન દાતાર.
બુદ્ધિસાગર અનુભવે, પામે તે સુખસાર. ૫૮

---

श्री सर्वज्ञ स्याद्वादिने नमः

શ્રી કાવીઠા મોક્ષાભિલાષીભાઇ રતનચંદ લાધાજી તથા ભાઇ ઝવેરભાઇ યોગ્ય પાદરાથી મુનિ. બુદ્ધિસાગરના ધર્મલાભ. પૂર્વક માલુમ કે આત્મા સર્વની શાંતિ ઇચ્છે છે અને તે આભ્યંતર શાંતિ હૃદયમાં પ્રસરો અને કર્મની વર્ગણાઓનો વિયોગ થાઓ. આત્મા સ્વ સ્વરૂપ શાંતિ પામી સર્વજ્ઞત્વ પ્રગટ કરે એમ મારો મૂલ ઉદ્દેશ ભાવી ભાવે કરી બની આવે તો પ્રયત્ન લેખે ગણીશ–મોક્ષ પ્રાપ્તિમાં દરેક મનુષ્યને ઇચ્છા હોય છે પણ યથાયોગ્ય સામગ્રી મળવી મુશ્કેલ છે વારંવાર આત્માની શુદ્ધિ માટે બોલવાનું થાય છે પણ આત્માની શુદ્ધિ કોઈ વિરલા કરી શકે છે. વેશ પહેરવો સહેલ છે, પણ ભજવવો મુશ્કેલ છે. બાકી તો શું કહેવું. નિર્ગ્રન્થ પ્રવચન અને કાંતતા સૂચવે છે તેથી એકાંતનો પરાજય છે, આ કાલમાં તેમ સર્વ કાલમાં પાંચ સમવાયી કારણે કાર્યની સિદ્ધિ થાય છે.

( કાલ–સ્વભાવ–નિયતિ–કર્મ અને ઉદ્યમ ) તેમાં ઉદ્યમની પ્રધાનતા છે પણ તે ઉદ્યમ સાપેક્ષબુદ્ધિથી થાય છે, ઉદ્યમથી આત્મા અભ્યુદય દશા પામી શકે છે, ઉદ્યમવડે સર્વ કાર્ય સિદ્ધ થાય છે, તેમ લૌકિક વ્યવહાર પણ તત્ત્વાર્થીઓને હિતદાતા છે. આત્મા હાલ જે આ શરીરને વ્યાપી રહ્યો છે, અને આપણે તેના હિત માટે ઉદ્યમ કરીએ છીએ, તેજ આત્મા અનાદિ કાલથી ચોરાશી લાખ જીવયોનિમાં અજ્ઞાનદશાએ પરિભ્રમણ કરી, મહા રૌરવ છેદન, ભેદન, તાડન તર્જનનાં દુઃખ પામ્યો અને કોણ જાણે ક્યારે આત્માની શાન્તિ થશે! પુદ્ગલનો સંબંધ "અહંમમ મોહ" એવી અજ્ઞાનદ શાથી આત્માનું શું સ્વરૂપ છે તે જણાવા દેતો નથી, અને કદાપિ જાણ્યું તો તેર કાઠીઆ મોહની ઝાળમાં ફસાવી જાણ્યું તે ન જાણ્યા જેવું કરાવી દે છે ત્યારે તેવા મોહરાજાની સાથે યુદ્ધમાં ખરેખરી આત્મદશા જાગ્યા વિના શી રીતે ટકી શકાય ? અને તેનો પરાજય કેમ કરી શકાય ? વારંવાર મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે. મનુષ્ય જન્મનું સાર્થક્ય તો ત્યારે કરી શકાય કે જ્યારે આત્મા જન્મ મરણના દુઃખનો નાશ કરે અને આત્મદશા પામે, જ્યારે મુક્તિ પમાય ત્યારે મનુષ્ય જન્મ સફલ ગણી શકાય. યાદ રાખવું કે આ દેખાતા પુત્ર–પુત્રી–માતા–પિતા–ભાઇ–બેન લક્ષ્મી ઘરબાર એ કોઇ દિવસ પોતાનાં થઇ શકશે નહિં. પુત્ર પુત્રીના ભરણ પોષણમાં પોતાનો જન્મ ગુમાવી અમૂલ્ય નરાયુને જ્ઞાનીઓ નિષ્ફલ ગાળતા નથી. એતો સત્ય પોતાનું શું છે તેની વહેંચણ કરી વિવેક દૃષ્ટિથી પોતાનું પોતાની પાસે છે, આત્માનું ધન, શરીરમાં નથી. મનમાં નથી–વચનમાં નથી પોતાનું પોતાથી પાસે છે એમ જ્યારે વિચાર કરી કપિલ કેવલી વા અનાથી મુનિની પેઠે મોક્ષનગરમાં જવા મોહથી દૂર રહેશે ત્યારે આત્મા મુક્ત થશે, વૈરાગ્ય રંગે રંગાએલાં જેનાં મન છે તે શું અસાર ને સાર માની શકવાના ? કદાપિ માની શકશે નહીં, પુદ્ગલ દ્રવ્યમાં શરીર–મન–કાયા લેશ્યા વગેરેનો સમાવેશ થાય છે અને તે

થકી ભિન્ન શરીરમાં વ્યાપક આત્મા અલગ છે એમ જાણી તેનું સ્મરણ મનન કરવું, અને વિકલ્પ સંકલ્પ રહિત થઈ તેના સ્વરૂપમાં લીન થવું, એ ઉત્તમ માર્ગ જેટલો પામી શકાય તેટલો પામવા પ્રયત્ન કરવો એ ઉપયોગીનું લક્ષણ છે. એમ તો કહી શકાય કે જેવાં કારણો મળે તેવો આત્મા બની જાય છે, માટે આત્માનું કલ્યાણ જેમ થાય તેવાં કારણો સેવવા યોગ્ય છે. દુનિયાના છળ પ્રપંચમાં પતિત થવું એ મોહાંધતાનું લક્ષણ છે. વ્યવહાર અને નિશ્ચય નય એમ બે નય જેમ આત્માનું કલ્યાણ થાય તેમ સેવવા યોગ્ય છે. જ્યાં સુધી સાધ્યને પમાયું નથી ત્યાં સુધી સાધનને મૂકવું નહિં પુદ્ગલના ક્ષણિક સુખમાં રાચી માચી રહેવું નહિ અને નિત્ય આત્માનું સુખ પામવા પ્રયત્ન સતત કરવો. જે જે આંખે દેખાય છે તે ક્ષણિક છે. અનિત્ય છે એમ નિદિધ્યાસન થવું જોઇએ, આંખનો વિષય પુદ્ગલ દૃશ્ય છે. રક્ત, પિત્ત, નીલ, શુક્લ, કૃષ્ણ, એ પુદ્ગલના પર્યાય છે. તેને દેખી તેમાં રાચવું નહિ અને તેને મનથકી તો પોતાના છેજ નહિં એમ નિશ્ચય પૂર્વક જાણવું જોઇએ. જેમ ધાવમાતા બાળને રમાડે છે પણ તેને પોતાનો-હૃદયથી માનતી નથી તેમ આપણી ખરી નિશ્ચય પૂર્વક વર્તણુક થવી જોઇએ અને આત્માને દુઃખમાંથી છોડાવવા સારૂ જેટલો પ્રયત્ન કરીએ તેટલો ઓછો છે. પૂર્વ મહર્ષિઓએ આત્માની શાંતિને સારૂ જે જે પ્રયત્નો કર્યા છે તેની જરા પણ વાનગી પામીએ તો ધન્ય ધન્ય અવતાર ગણાય. આ વિષમ કાળ છે. આયુષ્ય જલતરંગવત્ અસ્થિર છે. કુટુંબની જાળ-જીવરૂપી માછલા ઉપર પથરાણી છે, દિવસ અને રાત્રીઓ બે આયુષ્ય જળ ખુટાડે છે, જરા રાક્ષસી સામી છે, ક્રોધાદિ હજી જેવાને તેવા છે, શરીરના ધર્મ બદલાય છે, તેમ છતાં હજી ચેતન મોહની ઘેંનમાં પડી રહી કંઈ કરવા લાયક કરતો નથી અહો શી ગતિ થશે ? અને કેવા દુઃખ સહન કરવા પડશે ? અને કેટલો સંસાર રખડવો પડશે તે વિચારવા લાયક છે. રોગાદિ ઉપદ્રવો વૈરાગ્ય ઉત્પન્ન કરે

છે તો પણ હજી જાગતો નથી, ત્યારે બીજાનો શો દોષ? વિચારો કે આપણે મરતી વખતે જેટલું આંખે દેખીએ છીએ તેમાંનું શું લઇ જવાના તે વિચારવા લાયક છે? અને જ્યારે તેમાંનું કંઇ પણ સાથે નથી આવવાનું ત્યારે નાહક તેવા પદાર્થોની પ્રાપ્તિનો પ્રયત્ન કરી નકામો જન્મ ગુમાવવો એ સારૂં કહી શકાશે નહિં જેમ બને તેમ પ્રમાદ દૂર કરી ધર્મમાં તત્પર થવું. હવે હું ઉપસંહારમાં આત્માની શાંતિનો માર્ગ આત્મા પ્રત્યે જણાવું છું કે હે આત્મન્! તમો પોતે અનંત શક્તિના ધણી થઇને તમને જે પુદ્ગલ દ્રવ્ય દુઃખી કરે છે તેનો વિચાર કરો તેનું કારણ એ છે કે તમો તે કર્મને પોતાને દુઃખકારી છે એમ જાણુતા નથી અને જાણો છો છતાં પણ પુદ્ગલમાં મમતા છે તેનો ત્યાગ કરતા નથી. આ આંખે દેખાતો કર્મનો પ્રપંચ ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં રહેશો. યશ કીર્તિને સારૂ પ્રયત્ન કરવો તે ઠીક નથી. ફક્ત તમો પોતે તમારા સ્વરૂપમાં રહેશો તો શાશ્વત સુખ પામશો. એમ દેહ ધારી બુદ્ધિ નામ ધારી ચેતનજ આવસ્થામાં આત્માને અહિત માર્ગ કહે છે તે આદેય છે એમ જાણવું, તે સત્ય ગ્રાહીઓને લાભ આપશો.

ॐ शान्ति ३.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ પેથાપુર.

વૈશાખ. સં. ૧૯૬૨ જૈન કોન્ફરન્સ પ્રસંગ.

પેથાપુરમાં જૈન પ્રાંતિક કોન્ફરન્સ ભરવાનો ઉપદેશ આપ્યો અને તેથી સંઘના આગેવાનોએ જૈન કોન્ફરન્સ ભરી. ત્રણ દિવસની બેઠક થૈ. પ્રમુખ શ્રાવક ગુલાબચંદ ઢઢ્ઢાએ જૈનોની ઉન્નતિના ઉપાયો દર્શાવ્યા. છેલ્લા દિવસે સંઘના આગ્રહથી મેં ભાષણ આપ્યું. બાહ્યથી અવલોકતાં જૈનો અભ્યુદય માર્ગે વહે

ને એમ લાગે છે પણ અધ્યાત્મદૃષ્ટિથી દેખતાં તેઓ જૈન તત્ત્વજ્ઞાન પામ્યા વિના આગળ સત્યોન્નતિ માર્ગપર ગમન કરી શકે નહિ. આધ્યાત્મિક વ્યક્ત સર્વ શક્તિયોનું સંગઠન થયું નથી તેથી જૈન કોમ હજી જાગી જ નથી એમ અપેક્ષાએ કથાય છે. જૈનધર્મના જ્ઞાન વિચારોથી અને જૈનધર્માચારોથી જ જૈનોની ઉન્નતિ છે. જૈન અધ્યાત્મજ્ઞાનથી અને યોગથી જૈનોની પરંપરા ઉન્નતિ ક્રમમાં ઉત્તરોત્તર વંશપરાએ વહી શકશે. દેવગુરૂ ધર્મની શ્રદ્ધાથી પતિત થનાર જૈનોથી આત્માની ઉન્નતિ થઈ શકતી નથી અને દેશ સંઘ કોમની પણ ઉન્નતિ કરી શકનાર નથી. બાલલગ્નની મજામાંથી પ્રગટેલા જૈનો, ઠરાવો કરીને ખુશ થયા છે પણ તે પ્રમાણે વર્તવાને આત્મભોગ આપવામાં પાછા પડે છે. થોડા વર્ષ સુધી ભાષણોની મહત્તા અંકાશે પશ્ચાત્ તો કથની કથનારા કરતાં કારણોથી આદર્શ કર્મયોગીઓ થનારાઓની મહત્તા અંકાશે. જેઓએ પોતાના શરીરમાં રહેલા આત્માનું સમ્યક્ સ્વરૂપ જાણ્યું નથી અને આત્માની જ્ઞાનાદિ શક્તિયોપર જેઓને વિશ્વાસ નથી તથા તે પ્રગટાવવાની જેઓની પ્રવૃત્તિ નથી તેઓ બાહ્ય વિશ્વાસમાં અલસિયાંના જેવું જીવન ગાળનારાઓ ચાતુર્વિધ સંઘની ઉન્નતિ શું કરી શકવાના હતા ? ઠરાવોને આચારમાં મૂકીને જેઓ મૂગા મૂગા કાર્યો કરે છે તે જૈનો ચડતીના માર્ગપર મુસાફરી કરનારા છે. હજારો અજ્ઞાની જૈનો કરતાં એક જૈનધર્મ તત્ત્વજ્ઞ જ્ઞાની જૈનથી સ્વપરનું અનંતગણું હિત થનાર છે. જૈન પરિષદો ભરવી પણ ઠરાવો કરીને તે પ્રમાણે વર્તવું. સંઘની સેવામાં સર્વ તીર્થોની સેવા ભક્તિ સમાય છે. એવા ચતુર્વિધ સંઘની સેવાભક્તિમાં આત્મા સમર્પાઈ જાઓ.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વડોદરા. કોઠીપોળ

સંવત્ ૧૯૬૦

શ્રી કાવીઠા મધ્યે સુશ્રાવક. શા. ઝવેરભાઈ તથા રતનચંદ લાધાજી યોગ્ય ધર્મલાભ વિશેષ અત્ર સુખશાતા. વિશેષ એજ કે ધર્મ સાધનમાં તત્પર રહેવું, અને આત્મ સ્વરૂપનું ચિંતવન કરવું, તેમ કરતાં મોહ રાયનો ચાર ઓછો થતો જાય છે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

આત્મા સ્વરૂપ વિચારણારે લાલ–એહી જછે શિવ શર્મ;
માને અપમાને સમ હુવેરે લાલા.
કીમ કરી બાંધે કર્મરે, ભવિકજન ઓલખો આત્મસ્વરૂપ ॥૧॥
આત્મસ્વરૂપ ભાવિત મતિરે લાલા. મોહરાય કરે નાશ, તેર
કાઠીઆ જીતતાંરે લાલા.
ચિદાનંદ પ્રકાશરે, ભવિકજન ! ઓલખો આત્મસ્વરૂપ. ॥ ૨ ॥

ઇત્યાદિથી જાણવું કે ષડ્ દ્રવ્યમાં સારભૂત ઉપાદેય આત્મ દ્રવ્ય–અનંત જ્ઞાન દર્શન ચારિત્રમય, લોકાલોક પ્રકાશક, ઉત્પાદ વ્યય ધ્રુવ સહિત છે, તેજ આદરવા યોગ્ય છે, અને રાગદ્વેષ પુદ્ગલ રૂપ છે તેનો ત્યાગ કરવો તે ઉપર કહે છે.

રાગદ્વેષ પુદ્ગલ દશા, અંતર આતમ ખેલ,
અતિ નિર્મળ પરમાતમા, નાહી કર્મકો મેલ. ॥ ૧ ॥
આંખથકી જે દેખતા, તેતો પુદ્ગલ ભાવ,
અંતર દૃષ્ટિ જો કરે, પરમાતમ દેખાવ. ૧
ક્ષણે ક્ષણે આયુ વહે, પામર જીવ વિચાર,
દુઃખ અનંતા પામીયાં, નરક નિગોદ મઝાર. ૨
કર્મ સંયોગે દુઃખ છે, જ્ઞાન સંયોગે શર્મ,
તે કારણ ભવી જીવડા, નાશ કરો સબ કર્મ. ૩
પરપરિણતિ પોતાતણી, માને તેહી ગમાર,
પરપરિણતિ દૂરે કરે, પામે તે ભવપાર. ૪
અંજલિ જલ જ્યું આઉખું,–જોબન એળે જાય,
ધર્મ ક્રિયા અઘ સબહુરે, ધર્મ ધ્યાન ચિત્ત લાય. ૫

મુખ પોકારે આતમા, ક્ષણમાં ભૂલી જાય,
ઉપયોગી થૈ આતમા, મુક્તિ વધુ સુખપાય. ૬
નરક નિગોદે તું ભમ્યો, જાણ અનંતીવાર,
આઠ કર્મની વર્ગણા, ગ્રહી લહ્યો અવતાર. ૭
ચેત ચેત અવસર મળ્યો, મોહને દૂર નિવાર,
ધૂમાડા બાચક સમો, પુત્રાદિક પરિવાર. ૮
અહં મમ એ મંત્રહે, ભવભ્રમણકો હેતુ,
નાહં ન મમ મંત્ર હે, ભવસાયરકો સેતુ. ૯
હાડ રૂધિર માંસે બન્યુ, યહ શરીર વિચાર,
પાણી પરપોટા સમું, જતાં ન લાગે વાર. ૧૦
સંસાર વ્યવહારેકરી, જગમાં મોટો થાય,
શરીર સોજા પુરૂષવત, મનમાં શું? ફૂલાય. ૧૧
માન અપમાન નિંદાતણું, કારણ પુણ્યને પાપ,
એ બીહે પુદ્ગલ દશા, આતમ અવિચલ છાપ. ૧૨
કોણ તું ક્યાંથી આવિયો, જાઈશ ક્યાં તું વિચાર.
એકીલો તું આવીયો, માતા ઊર વિચાર. ૧૩
ગર્ભકાલના દુઃખનું, ભાન તું ભૂલ્યો ભાઈ,
આલ પંપાલે વિંટીયો, માની બેઠો સગાઈ. ૧૪
ઇંદ્રિ પુદ્ગલ મન વચન, એ સબ કર્મે હોય,
જબ ઊનકો વિનાશ હે, તબ શિવ સુખકું જોય. ૧૫
વારંવાર નહીં મલ્યો, મનુષ્ય ભવ અવતાર,
પર પુદ્ગલ અપનો ગ્રહી, જાઈશ નરક દુવાર. ૧૬
પઢી પાર નહીં પામીયો, સર્વ શાસ્ત્ર જગસાર,
ષડ્ દ્રવ્યો વિચારીને, ગ્રહો આતમ હિતકાર. ૧૭
સ્થાનક પાપ અઢારકી, ત્યાગ બુદ્ધિ જબ હોય,
સૈન્ય તદા મોહ રાયકો, પોકે પોકે રોય. ૧૮
નિંદ્રા વિકથા પરિહરો, નિંદા વિષય કષાય,
શુદ્ધ સ્વભાવે આતમા, પરમાતમ પદપાય. ૧૯

અહો અહો આ આતમા, અનંત શક્તિ કો સ્વામી,
અજર, અમર, અવિનાશી હૈ, પૂર્ણાનંદ નિઃકામી. ૨૦
દર્શન જ્ઞાન ચરણુતણો, ભોકતા આતમરાય,
નિત્યાનિત્ય અરૂપી હૈ, એકાનેક કહેવાય. ૨૧
આઠ પક્ષે કરી આતમા, સ્વરૂપ વિચારે જેહ,
ધર્મ ધ્યાની તે જાણુવો, કરે કરમકો છેહ. ૨૨
મુંડ મુંડાવે વેષ લઈ, ધારત પરકી આશ,
અહો અહો બહિરાતમા, કરતો આપકો નાશ. ૨૩
ચરણુ ગ્રહી નિંદા કરે, પરકા અવગુણુ ગાય,
એભી હૈ પુદ્દગલ દશા, તીસકો સંગ નિવાર. ૨૪
ગુણુ લહીજે જ્યાંથકી, તીહાં ધર ભવિરાગ,
નિંદા કરતાં પરતણી, ઘરમાં મૂકે આગ. ૨૫
આરોપિત પુદ્દગલ તણા, સુખકું માનો દુઃખ,
ભવ ઉદ્વેગથી નિસ્તરો, પામી આતમ સુખ. ૨૬
ધરો ધ્યાન ઔર જ્ઞાનકું, ભાવના બાર વિચાર,
સત્સમાગમ દોહીલો, કર્મ કટાવન હાર. ૨૭
નિમિત્ત જેવાં પામતો, તેવો આતમ થાય,
ઇલી ભમરી સંગજ્યું, સત્સંગમ સુખદાય. ૨૮
કૃષ્ણુપક્ષીયા જીવડા, પંચમ આર મઝાર,
ભવની બાહુલ્યતા થકી, માને સાર અસાર. ૨૯
પંચ વિષ મલીયાં જીહાં, મોહરાય પ્રચાર,
પુન્યોદયથી જીવને, સત્સંગમ આધાર. ૩૦
સત્સંગમ કરી આતમા, જોતો આત્મ સ્વરૂપ,
બુદ્ધિસાગર ધ્યાનથી, ભવી થાવે ચિદ્રૂપ. ૩૧
આતમ સ્વરૂપ વિચારણા, કરતો આતમરાય,
પરમાતમ પદ પામી તે, રહેશે શિવપુર ઠાય. ૩૨

એમ આતમ સ્વરૂપ વિચારણા કરશો કે જેથી તત્વજ્ઞાન થાય એજ.

---

ૐ નમો વીતરાગિને.

લેખક બુદ્ધિસાગર. સંવત ૧૯૬૦

મુ૦ અમદાવાદ. આંબલી પોલનો ઉપાશ્રય.

શ્રી પાદરા મધ્યે દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક વકીલજી શા. મોહનલાલ હિમચંદભાઈ તથા શા. ઝવેરભાઈ યોગ્ય ધર્મલાભ પહોંચે. વિશેષ આત્મપ્રવૃત્તિ જારી રાખતા હશો, મન વચન અને કાયાએ કરી હિત પ્રવૃત્તિ થઈ શકે છે અને અહિત પ્રવૃત્તિ પણ થઇ શકે છે. જાણ્યા છતાં પણ અહિતમાં પ્રવૃત્તિ થઈ શકે છે, અને નહિ જાણતાં છતાં પણ અહિતમાં પ્રવૃત્તિ થઈ શકે છે. તથા હિતમાં પ્રવૃત્તિ તો જાણવાથી થઇ શકે છે. લૌકિક હિત પ્રવૃત્તિ અને લોકોત્તર હિત પ્રવૃત્તિ એમ બે પ્રકારની હિત પ્રવૃત્તિ જાણી લોકોત્તર મોક્ષ સુખ પ્રાપ્ત કરાવનારી હિત પ્રવૃત્તિ અંગીકાર કરવી. તત્ત્વજ્ઞાની વારંવાર સાક્ષાત્ સ્વ સ્વરૂપ રમણતાથી હિત પ્રવૃત્તિ માને છે અને જ્યાં સુધી એ દશા તરત થઈ નથી ત્યાં સુધી મુનિપણું અગર શ્રાવકપણું ભાવથકી આવ્યું કોણ કહી શકે? કેટલાએક બહિરાત્માઓ પર પુદ્ગલમાં હિત માને છે અને તેની પ્રાપ્તિ સારૂ અમૂલ્ય નરભવહારી જાય છે અને કેટલાએક અંતરાત્માઓ પોતાનામાં પોતાનું હિત માની તેને ધ્યાવે છે તેનું મનન કરે છે અને પોતાનો આત્મા મોક્ષસુખ પામે તેમ પ્રયત્ન કરે છે. નિવૃત્તિદશામાં અંતરસુખનો અનુભવ થઇ શકે છે. અંતર સુખની પ્રાપ્તિ માટે ભવ્યાત્માઓ વિષયને વિષ સરખા જાણી નરકનું બારણું સમજીને, કુટુંબ પરિવાર વિકલ્પ સંકલ્પનું કારણ સમજી જેમ સ્વાનુભવ જાગે તેમ તે પ્રવૃત્તિ કરે છે. અંતરાત્માને બાહિરની કોઇ પદવીથી અગર માનથી શાંતિ થતી નથી. અંતરાત્મા વિચારે છે કે પોતાની ખરી આત્મિક મોટાઈ નથી ત્યાં સુધી બીજી મોટાઇથી કશું થવાનું નથી. અંતરાત્મા વિચારે છે કે બાહિરની મોટાઈને બહિરાત્માઓ સારી ગણે છે, પણ અંતરાત્માઓ તેને વિપરીત ગણે છે. અંત-

રાત્મા બાહિરની વસ્તુને દેખી ખુશી થતો નથી પણ બહિરાત્મા બાહિરની વસ્તુને પોતાની માની ઘાંચીની ઘાંણીના બલદની પેઠે અંતર દૃષ્ટિ હીન ચાલ્યા કરે છે અને આઠ કર્મની વર્ગણાઓના થોકાથોક સમયે સમયે ગ્રહણ કરી ભારે થતો જાય છે. આત્માએ ગ્રહણ કરેલું કર્મ આત્માનેજ દુઃખી કરે છે, કે જેથી આત્મા હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? અને ક્યાં જઇશ ? ઇષ્ટ શું છે ? અનિષ્ટ શું છે ? કરવા યોગ્ય શું છે ? અકૃત્ય શું છે ? હેય શું છે ? જ્ઞેય શું છે ? આત્મા છું કે જડ છું ? કર્મનો કર્તા છું કે તેનો હર્તા છું ? તે જાણવા દેતું નથી. જેમ કોઈ અજ્ઞાન માણસ ગુરૂ ( ધર્મોપદેશક ) ના વચન નહિં માનતાં દારૂનો શીશો પી જાય છે અને જ્યારે તે દારૂ ચઢે છે ત્યારે તે દારૂની કેફથી સ્વભાવ ભૂલી જઇ હું પુરૂષ અગર સ્ત્રી છું તે પણ જાણવા સમર્થ થઇ શકતો નથી, તેમ કર્મરૂપી દારૂનો શીશો ભવી જીવ, ગુરૂનું વચન નહિ માનતાં પીજાય તો તેનાં ફલ કડવા પામી પરવશ થઈ જાય, અને નવાં કર્મ ઉપાર્જન કરી સંસારમાં નવા નવા વેષે ભટકે તેને કોણ દુઃખમાંથી છોડાવે ? અનાદિ કાલથી એ કર્મરૂપ પુદ્ગલ દલીયાં આત્માને રખડાવે છે અને આત્માની બે હાલત કરી દુઃખી કરે છે. આત્માને મુક્તિ સુખમાં વિઘ્ન કરે છે. માટે ભવ્ય જીવો તમને દયા હોય તો તમો આત્માને મારી નાંખનાર, દુઃખ દેનાર કર્મ શત્રુને દૂર હઠાવો. નહિં તો તમારી દયા ક્યાં રહેશે ? દયાવંત એ વિશેષણ સફલ કરો. આત્મા સિંહ સમાન થઇ કર્મ વશે રંક બની ગયો છે તેની દયા કેમ કરતા નથી ? શું તમો જાણ્યા છતાં દયા નહિ કરો, અને કર્મરૂપ કસાઇના હાથમાંથી આત્માને મૂકાવશો નહિં તો, તમારામાં દયાના પરિણામ શી રીતે કહેવાશે ? એમા કાંઇ પૈસા ખરચવા પડતા નથી. કંઇ દેશોદેશ મુસાફરી કરવી પડતી નથી, ફક્ત આત્માને સ્વ સ્વરૂપમાં લાવશો તો કર્મ હરનાર પણ આત્મા છે, કોઇ વખતે કર્મ બલવાન થઇ જાય છે અને કોઈ વખત આત્મા બલવાન થઈ કર્મને હઠાવે છે.

આચાર પ્રદીપ ગ્રન્થમાં કહ્યું છે કે.

कथ्थवि जोवोबलिओ, । कथ्थवि कम्माई हुंति बलोआई । जीवस्सय कम्मस्सय, पुब्व निबद्धाइं वेराई-(१)

कम्मवसा खलुजीवा । जीववसा कहिंवि कम्माई, कथ्थइ धणिओ बलवं । धारणिओ कथ्थइ बलवं-(२)

કોઈ વખતે કર્મને વશ જીવ થઇ જાય છે અને કોઈ વખત આત્માને વશ કર્મ બની જાય છે. હવે પોતાને પોતે જ પુછવું કે હે આત્મા તું કર્મને વશ છે કે કર્મ તારે વશ છે? જો કર્મને વશ હોઇશ તો કર્મનો નાશ શી રીતે કરી શકીશ ?–માટે હે ચેતન! તું કર્મને વશ થઇશ નહિ. એ કર્મ આંખે દેખાતું નથી પણ જ્ઞાનદૃષ્ટિથી જાણી શકાય છે, કોઈ આસન્નભવી કર્મ સામી દૃષ્ટિ કરે છે અને હવે વસ્તુને વસ્તુગતે ક્ષયોપશમ અનુસારે જાણ્યા છતાં આત્મા કેમ અહિત માર્ગમાં પ્રવૃત્તિ કરે છે? શું હજી તેમાં હિત જાણ્યું છે? જો હિત ના જાણ્યું ત્યારે હે આત્મા હવે તમે સિદ્ધ માર્ગ પર ચાલો, અને ખરાબ રસ્તો છોડી દો. તમો હવે પર દ્રવ્યમાં પ્રવૃત્તિ કરશો નહિ, અને સ્વભાવે રહો. આ વચનો હૃદયમાં ધારણ કરી પ્રમાદ ભાવને હે આત્મા તમો ત્યાગ કરો. એ પ્રમાદ મોહરાજાનો સૈનિક છે. તે તમને સંસાર કેદખાનામાંથી છૂટવા દેશે નહિ. એમ વારંવાર મનન કરો, અને કર્મ કલંકને દૂર કરો. કહ્યું છે કેઃ—

आचार प्रदीप ग्रंथमां

कम्मं जइवि जिआणं, भवं भमंताणं देइ अइदुःखं, ।
तहवि निहणेइ सव्वं, धम्मस्स उवक्कमो तंपि ॥ १ ॥

ભવમાં ભટકતા એવા આત્માઓને જો કે કર્મ અતિ દુઃખ દે છે તોપણ ધર્મના ઉદ્યમે કરી આત્મા, કર્મનો નાશ કરે છે. કારણ કે અનંત શક્તિમાન્ સૂતો સિંહ જાગ્રત્ થઇ ઉદ્યમ કરે તો મોક્ષ નગર કયાં અતિ દૂર છે. આત્મા પોતાની કુચાલ છોડી સુચાલ ચાલશે તો ધર્મરાજા પોતાની મુક્તિ નામની પુત્રીનો

વિવાહ આત્માની સાથે કરશે; અને પોતે જ્યારે સુચાલ ચાલતાં જ્ઞાન દર્શન ગુણે કરી શુદ્ધ સ્વદશાએ જુવાન અવસ્થા પામશે, ત્યારે ધર્મરાજા પોતાની મુક્તિ નામની પુત્રીનું લગ્ન નિરધારશે. ત્યારે ભવિ આત્મા શુકલ ધ્યાનરૂપ ઘોડા ઉપર ચઢી સ્વભાવ રમણતા રૂપ માથે છત્રી ધરાવી જ્ઞાન અને ધ્યાનરૂપ નોબતો ગડગડાવતો ગુણઠાણા રૂપ શેરીઓને ઉલ્લંઘતો શુકલ ધ્યાનના ચાર પાયા રૂપ ચાર ફેરા ફરતો ચોથા પાયા રૂપ ફેરામાં મુક્તિ રૂપ સ્ત્રીને પરણી અનંતકાળ પર્યંત શાશ્વત સુખ ભોક્તા થશે. બાકી અશુચિમય પુદ્ગળરૂપ સ્ત્રીને પરણવા થકી કંઇ સુખ મળી શકવાનું નથી. એ પ્રવાહ અનાદિ કાળનો ચાલેલો છે. પણ તે માર્ગ ઝાંઝવાનાં પાણીની પેઠે અસત્ય જાણી તે માર્ગમાં પ્રવૃત્તિ કરવી એ આત્મ હિતાર્થે નથી. સંસારમાં અનેક જીવો છે તે બિચારા કર્મના આધીન થયા છતાં સત્ય સ્વરૂપ સમજી શકતા નથી. પણ જે થોડા ભવમાં મુક્તિ પામવા લાયક હોય છે, તે ભવ્ય જીવોને આત્મિક ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. પુદ્ગલમાં ધર્મ રહેતો નથી, ધર્મતો આત્માનો ગુણ છે, તેને અને પુદ્ગલને કંઇ સંબંધ નથી, આત્મિક ધર્મ પામવાને માટે કંઇ પૈસો ખર્ચવો પડતો નથી. એ આત્માનો ધર્મ પામવા માટે જેમ થોડી જંજાલ હોય તેમ વિશેષ આત્મહિત સાધી શકાય છે.

આત્મિક ધર્મ જે તત્ત્વવેદી પામ્યા તેજ મોટા છે અને તેમનું આલંબન લેવું. પણ જેથી વિકલ્પ સંકલ્પ થાય અને આત્મા, કર્મ ગ્રહણ કરે તેને ધર્મ કહી શકાય નહિ. કહ્યું છે કે.

आत्म गुण रक्षणा तेह धर्म, स्वगुण विध्वंसणा ते अधर्म ।
भाव अध्यात्म अनुगत प्रवृत्ति, तेहथी होय संसार छित्ति ॥

પોતાના આત્માના ગુણોનું રક્ષણ કરવું, સ્વગુણ જેથી પ્રાપ્ત થાય તેવું સદ્‌ગુરૂનું આલંબન સેવવું તે ધર્મ જાણવો. પોતાના આત્માના ગુણોનો જેથી વિનાશ થાય તે **અધર્મ** જાણવો. નામ અધ્યાત્મ અને સ્થાપના અધ્યાત્મ અને દ્રવ્ય અધ્યાત્મ એ ત્રણનો ત્યાગ કરી ભાવ અધ્યાત્મને અનુસરી પ્રવૃત્તિ કરવાથી સંસારનો

છેદ ( નાશ ) થાય છે. ભાવ અધ્યાત્મ પામવાનાં કારણો પ્રાપ્ત કરીએ તો ભાવ અધ્યાત્મ પામી શકીએ, અને જે જે અંશે નિરૂપાધિપણું પામ્યા તે ધર્મ જાણવો એમ જ્ઞાનીઓ ફરમાવે છે. અહર્નિશ પર સ્વભાવમાં પ્રવૃત્તિ કરી મેરૂ પર્વત જેટલી કર્મ વર્ગણાઓ ગ્રહણ કરી તે જરા માત્ર ધર્મસેવનથી શી રીતે નાશ થઈ શકે? અલબત્ત ધર્મનું સેવન વધારે કરીએ તો કર્મનો નાશ વધારે થઈ શકશે. આખુ ઘર બળવા માંડયું ત્યારે એક લોટા જેટલા પાણીથી શો ફાયદો થઇ શકશે. માટે જેમ બને તેમ હે આત્મા હું શુદ્ધ ચેતના તને કહું છું કે તું તારા સ્વભાવમાં રમણતા કરજે પોતાના સ્વભાવમાં નહિ રમીશ તો મહા વાયુએ આકડાનું તુલ જેમ આકાશમાં અહીં તહીં ફરે છે તેમ તું કર્મરૂપ મહાવાયુએ કરી સંસારરૂપ મેદાનમાં ભટકી ભટકી અઘોર દુ:ખ પામીશ, તે વખતે તને કોઈ સહાય કરી શકશે નહિ. ખરો આ અવસર છે. રખેને તને તે તેર કાઠીઆ કર્મ જાળમાં મૃગલાંની પેઠે ફસાવે નહિ તે ધ્યાનમાં રાખજે. વારંવાર હે આત્મા શું કહેવું? સમજુને વધારે શુ સમજાવવું? બૃહસ્પતિની આગળ શીવાફ ચાતુરી તેમ તું પોતે જાણે છે, છતાં શું મોહ દશામાં પોઢે છે? તું હે આત્મા શરીરરૂપ ઘરમાં વાસો કરી રહ્યો છે તે શરીરરૂપ ઘર ભાડાની કોટડી સમાન તારૂં નથી. એ શરીર ઘરની ચારે તરફ આગ લાગી છે છતાં તું કેમ હજી જાગીને પ્રયત્ન કરતો નથી. એ શરીર રૂપ ઘર હવે ઘણા કાળ નભશે નહિં. એ પારકું તે પારકું છે. જ્યાં સુધી તેમાં વાસો છે ત્યાં સુધી ધર્મ સાધન થાય તેટલું કરી લે, નહિ તો અંતે પસ્તાઈશ. કોઈ જીવ? શરીરરૂપ ઘર સાથે લઈ ગયો નથી. જો તારે પોતાનું ખરેખરૂં ઘર છે તેમાં જવા ઇચ્છા હોય તો વૈરાગ્ય દશાથી પરને પારકુ જાણી સદ્ગુરૂ મહારાજને નમ્રતાથી પુછીશ તો તને પોતાનું ઘર બતાવશે. વ્યવહાર અને વિશ્વાસરૂપ બે ચક્ષુથી ચાલતાં ગુરૂ કૃપાથી તું મોક્ષરૂપ ઘરમાં પ્રવેશ કરી શકીશ કે જેથી પછી તેમાંથી કોઈ પણ વખત નીકળવા

પામીશ નહિં. વળી હે આત્મા! તારે પુત્ર ઉપર મોહ હોય તો તેવો પુત્ર પામવા ઈચ્છા કરજે કે જે પુત્રનો તારાથી કદાપિ કાળે વિયોગ થાય નહિં. બાકી પુદ્ગલમાં રહેલા કોઇ અન્ય આત્માને અને તે પુદ્ગલને પોતાનો પુત્ર માને છે તે ક્યાં સુધી કહેવાશે? એવા પુત્રથકી તું સુખની આશા રાખીશ નહિ. જો હે આત્મા તારે ખરા પુત્રની ઈચ્છા હોય તો તે વાત ગુરૂ મહારાજને પુચ્છ, તે તને જ્ઞાનરૂપ પુત્રની ઓળખાણ કરાવશે, કે જેથી તું જ્ઞાનરૂપ પુત્ર પામી તેનો વિયોગ કદી પણ પામીશ નહિ અને તેથી તું અત્યંત સુખી થઈશ. તે વિના અન્ય પુત્રોથી શું આત્મહિત થવાનું છે? તે વિચારવાનું છે. વળી હે આત્મા તું પુદ્ગલ ઋદ્ધિથી મોટા મનાતા જીવોને દેખી પુદ્ગલ ઋદ્ધિ મેળવવા પ્રયત્ન કરે છે, પણ તે પુદ્ગલ ઋદ્ધિથી કંઈ તું સુખ પામવાનો નથી. વળી તે પર વસ્તુ જડરૂપ છે તે તારી નથી. તેનાથી તને સુખ થવાનું નથી. માટે આત્મિક ગુણ રૂપ ઋદ્ધિ મેળવવા પ્રયત્ન કરજે. એ આત્મિક ઋદ્ધિ પામ્યા પછી તું કદી પણ દુઃખી થઇ શકીશ નહિ, તે વિના પૌદ્ગલિક ઋદ્ધિથી શોભા પામેલા જીવોને કસાઇના ઘેર પુષ્ટ થએલા બોકડાની પેઠે અથવા દશરાના દિવસમાં શણગારેલા પાડાના સરખા ક્ષણિક સુખી જાણજે. ભવ્ય જીવો પુદ્ગલથી થયેલા સુખને દુઃખ કરી જાણે છે. આત્મિક સુખ જાણ્યા પછી આ સંસારના કોઇ પણ પદાર્થથી સુખ ભાસતું નથી. એ સ્વતઃ અનુભવમાં ભાસે છે, તેમ જ્ઞાન થતાં સર્વે જણાશે. કારણ કે એ વાત અનુભવ સિદ્ધ છે. અનુભવથી જોતાં એ આત્મા હાડકાં અને લોહીથી શણગારેલી કાયારૂપી કોટડીમાં વાસો કરે છે, એમ જાણ્યા બાદ એ કાયા ઉપર પણ મોહ રહેતો નથી. પણ એ ઘર ર હેઠાણ છે તે જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી સારૂ રાખવું એ ન્યાય છે. આત્મિકસુખને વિરલા જાણે છે, અને આંખે દેખાય છે તેને માનનારા કોણ નથી? વીતરાગ ભગવાને પ્રરૂપેલા સ્યાદ્વાદ ધર્મમાં આત્માને દોરવો. સારી અગર ખોટી પ્રવૃત્તિ વિના એક સમય પણ ખાલી જતો નથી. તો હે આત્મા પર

પૈસારૂપ પુદ્દગલ દ્રવ્યનો રોજમેળ કોરે મૂકી સ્વચેતન ગુણરૂપનો રોજમેળ તપાસ કે આજ તારે કેટલી ખોટ ગઈ, અને આવક શી શી થઇ એમ ભાવરોજમેળ દરરોજ તપાસતાં આત્મહિતમાં પ્રવૃતિ થશે. મારા આત્માથી આ લખાણુ તમારી નિર્મળ વૈરાગ્યતા તથા ભક્તિ ખેંચી તમને અર્પણુ કરે છે. મેં જેમ દોરી વડે કુવામાંથી પાણી કાઢી પોતે પીધું તેમ આપણુ તમારી ભક્તિ આત્મામાં રહેલું ધન તમને અર્પણુ કરે છે, તેમાં તમારૂં ભાગ્ય છે. નિર્મળ એવી તમારી ભક્તિરૂપ દોરી એવીને એવી રહી સ્વગુણુ જલ, સ્વ કુવામાંથી કાઢીને પીશે, પીવે છે એમ કહી શકાય છે. આ લેખ લખતાં તમારી ભક્તિએ મારા આત્માની શક્તિ જગાડી પ્રયત્ન કરાવ્યો છે તે સફળ થાઓ. સીસાપેન ઘસાઇ જઈ કાગળનો પાર આવ્યો પણુ લખવાની ઈચ્છા કાયમ છે. જેમ આયુષ્ય રૂપી સીસાપેન ઘસાઈ જાય છે, કાગળરૂપ સામગ્રી પામ્યા છતાં પણુ મનની ઇચ્છા તો તેવીને તેવી રહે છે. ઘસાઈ જતી નથી, તે આશ્ચર્ય છે. હરકત નહિ. પરોપકારકારિણી ઇચ્છા કાયમ રહો કે જેથી શિવ સુખ પામી શકીએ. વખત જાય છે, આત્મા ઘડી પહેલાં કેવા વિચારમાં હતો, હાલ કેવા વિચારમાં છે? અને ઘડી પછી કેવા વિચારમાં હશે તે ભૂલતા નહિ. ધ્યાનમાં રાખજો. રાગ અને દ્વેષ રૂપ મોહના પુત્રો રખેને મોક્ષ માર્ગમાં જતાં હરકત કરે, જેમ બને તેમ હે ચેતન! તું રાગાદિ શત્રુઓનો ક્ષણુ માત્ર પણુ વિશ્વાસ રાખીશ નહીં. લખેલી હકીકત હૃદયમાં ધારણુ કરી ઉપયોગ રાખશો કે જેથી કર્મને આવવાનાં બારણું રોકાઈ શકાય.

દુહા.

કર્મ કર્મ સૌ કરે, સમજે નહિ તસરૂપ;
કર્મશત્રુ સમજ્યા પછી, કિમ પડીએ ભવકૂપ (૧)
કર્મ ભર્મ દૂરી કરણુ, આતમ ધર્મ ઉપાય
કરતાં શિવ સુખ સંપજે, જન્મ મરણુ દૂર જાય (૨)
સમજુ સમજે સત્યને, કર્મ મર્મ કરે દૂર;

કર્મ મર્મનાશ્યાથકી, હોવે શિવ સુખ પૂર (૩)
નગર પાદરાવાશી શેઠ. વકીલ મોહનલાલ;
ઝવેરભાઈના કારણે, લખતાં મંગળ માળ. (૪)
મંગળ તેહી જ આતમા, સમજો ભવિ સુખકાર.
બુદ્ધિસાગર સુખ લહે, હોવે જય જયકાર (૫)

---

સં. ૧૯૭૮ ચૈત્ર સુદિ ૫. મુ. વિજાપુર.

આ કાલમાં ગમે તેવા સુધારા કરો પણ સાધુ સાધ્વી ઉપર અરૂચિ થાય અથવા નવા સાધુ સાધ્વી ન થાય એવી રીતનો સુધારો તે કુધારો છે અને તેથી સંઘની પડતી થાય છે. દેશકાલાનુસારે સાધુઓના અને સાધ્વીઓના ઘણા ચોથા આરાના જેવા ઉત્કૃષ્ટાચાર પણ ન જોઇએ. ઘણા ઉત્કૃષ્ટાચારથી સાધ્વી સાધ્વીઓ નવાં ન થઈ શકે અને હીનાચારથી શિથિલાચાર વધી પડે અને કંચન કામિનીની આસક્તિ વધતાં ભ્રષ્ટાચારીપણું પ્રાપ્ત થાય. ચોથા વ્રતમાં અપવાદ નથી, બાકી અન્ય વ્રતોમાં ઉત્સર્ગ અને અપવાદ માર્ગ છે. ચતુર્વિધ સંઘની સેવા ભક્તિમાં દોષ દૃષ્ટિ ન ધારવી. સંઘની વર્તમાનકાલે જે આજ્ઞા થાય તે તીર્થંકરની આજ્ઞા છે. દેશકાલાનુસારે વર્તતા સાધુઓનું ખંડન નિંદા થાય તેવું લખવું વા ભાષણ કરવું તે સંઘની આશાતના હેલના છે. સાધુઓનો અને સાધ્વીઓનો નાશ થાય અને નવાં ન થાય એવો જાહેર ઉપદેશ વા એવો લેખ છપાવવો તેમાં જેટલું પાપ છે તેટલું પાપ બીજામાં નથી. એવો શ્વેતાંબર સંઘનો વ્યવહાર છે તેથી પોતાની ગમે તેવી ઉત્કૃષ્ટદશા હોય છતાં ઉપદેશમાં તો શ્વેતાંબર વ્યવહારમાર્ગનું કદાપિ ઉલ્લંઘન ન કરવું જોઇએ. પંડિત શ્રાવકોએ કોઇ પણ કાળે સાધુઓના અને સાધ્વીઓના ચોથા આરામાં ઉપદેશાયલા આચારાંગાદિ અંગોમાં ઉત્કૃષ્ટ વ્રતાચાર તેજ હાલના સાધુઓના વ્રતાચાર છે એમ એકાંતે ન માનવું અને એવું જાહેર ભાષણ પણ ન આપવું. બાહ્યાચાર

વ્રતાદિકથી એકાંતે મુક્તિ નથી. આત્માના ઉજ્વલ પરિણામથી મુક્તિ થાય છે. આત્મજ્ઞાનના ઉપયોગથી દેશકાલાનુસારે યથાશક્તિ કર્તવ્ય કર્મ કરતાં જેટલી આત્મશુદ્ધિ થાય છે તેટલી એકાંતે બાહ્યવ્રત ક્રિયાકાંડના વર્તનથી થતી નથી. દિગંબરીઓની પેઠે મુનિના ઉત્કૃષ્ટ વ્રતાચાર ન પ્રરૂપવા, તથા અધ્યાત્મજ્ઞાનની નિશ્ચય દૃષ્ટિ પોતાના અંતરમાં રાખવી પણ વ્યવહારમાં તો દેશકાલાનુસારે વર્તન રાખવું તેથી ચતુર્વિધ સંઘની ઉન્નતિ છે.

---

ૐ વીતરાગેભ્યો નમો નમઃ

લેખક બુદ્ધિસાગર. મુ૦ વડોદરા.

સંવત. ૧૯૬૦ કારતિક વદિ ત્રીજ.

શ્રી પાદરા મધ્યે દેવગુરૂ ભક્તિ કારક. સુશ્રાવક શાહ. મોહનલાલ હીમચંદભાઇ યોગ્ય ધર્મલાભ પહોંચે. વિશેષ અત્ર સુખશાંતિ તત્રાસ્તુ—

શાંતિ બે પ્રકારની છે દ્રવ્યશાંતિ અને ભાવશાંતિ. દેહ પુદ્ગલની નિરોગતા તે દ્રવ્ય શાંતિ. અષ્ટકર્મધ્વંસથી નિર્મલી ભૂત આત્મશાંતિ તે ભાવશાંતિ છે. દ્રવ્યશાંતિ તે ભાવશાંતિમાં ...માં જીવોને સાપેક્ષતાએ કારણ છે, પણ દ્રવ્યશાંતિ વિના ...વશાંતિ નથી એવો કંઇ નિયમ નથી. જુઓ ગજસુકુમાલ તથા અરણીક મુનિ યા સમરાદિત્ય કે જેને સાધુ અવસ્થામાં લુગડાં ભેગા કરી અગ્નિ સળગાવ્યાથી શરીરે દ્રવ્યશાંતિ નહોતી પણ શુદ્ધ ધ્યાન "શુકલધ્યાન" ના આલંબનવડે મુક્તિપદ પામ્યા, આદિ અનંત શાશ્વત ભાવશાંતિ પામ્યા. પુણ્ય પ્રકૃતિથી દ્રવ્યશાંતિ છે, અને ધ્યાનના સાક્ષાત્ તરતમ યોગથી પરંપરાએ વા અનંતર તીર્થંકર યા ચક્રવર્તી અપર મુનિ વર્ગ પણ તે ભાવશાંતિ મેળવવા તત્પર હોય છે, માટે દ્રવ્યશાંતિ જે ક્ષણિક શરીરના આશ્રયે રહેલી છે તેની તરફ વિશેષ લક્ષ નહિ દેતાં તાત્ત્વિકશાંતિ

મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. શાંતિને જ્ઞાતા આત્મા છે. માટે ભાવશાંતિ તેમાં જ રહેલી છે. આ ચેતન ચોરાશીલાખ જીવ ચોનિમાં અનંતીવાર ભટકયો પણ શુદ્ધ આત્મ સ્વરૂપની ઓળખાણ વિના પાર પામ્યો નહિ. પૂર્વ પુણ્યથી મનુષ્ય જન્મ પામી આત્મા કાંઇક આત્મસ્વરૂપ જાણે છે છતાં તે ઉપર લક્ષ આપતો નથી. મોહરાજાના તેર કાઠીઆ ભાવશાંતિમાં વિઘ્ન કરે છે માટે તેર કાઠીઆઓનો વિશ્વાસ કરવો નહિ. છકાયનો કૂટો આપણે કરીએ તો તેથી પરજીવને દુઃખ દીધાથી કર્મ વર્ગણાઓ ગ્રહણ થાય તો કર્મ દૂર શી રીતે થઇ શકે ? મેરૂ પર્વત જેટલો કર્મનો ઢગલો છે તે શું થોડી મહેનતે દૂર કરી શકાય ? ના કરી શકાય નહિ, આલસ્ય રાજકથા, ભક્તકથા, દેશકથા ઈત્યાદિ સ્થાનોને મલ સરખાં આપણે જાણીને દૂર રહેવા પ્રયત્ન કરવો, અને જેમ બને તેમ ધ્યાનમાં ઘણો વખત નીકળે તો જીવ્યું લેખે છે, નહિ તો મિથ્યા પ્રપંચ રૂપ કુટુંબ અર્થે નકામા પાપ કરી આત્મા ભારે કરી આપણે સંસારમાં વારંવાર ભટકીએ છે. કર્મની ચીકણી ગાંઠો વૈરાગ્ય રૂપ તીક્ષ્ણ શસ્ત્ર વિના દૂર થવી મુશ્કેલ છે. આપણે મનમાં જરા વિચાર કરીએ કે, ચેતન!!! આજ તેં સંસારની શી અસારતા ભાવી. યા કેટલો વખત આત્મ સ્વરૂપમાં ગાળ્યો અને ચેતન કહો કે 'તમે હવે કેટલું જીવી શકશો, અને જુઓ કે પરભવમાં તમારી શી ગતિ થશે. ચેતન સંસાર અસાર જો લાગે તો તમે પાછી અસારમાં કેમ પ્રવૃત્તિ કરો છો ? એમ કહેવાશે કે મોહના ઉદયથી ચેતનની સંસારમાં પ્રવૃત્તિ થાય છે, તો તે મોહને હવે તમે આ ભવમાં નાશ કરી શકશો નહિ તો હવે બીજા કયા ભવમાં નાશ કરી શકશો ? તીર્થંકર મહારાજા યા ચક્રવર્તી જેવા ભોગી પુરૂષોએ કેમ ધ્યાનમાં રૂઢ થવા એકાંતતા સેવી ? અને વિકલ્પ સંકલ્પનું કારણ એવા ગૃહસ્થાવાસનો કેમ ત્યાગ કર્યો ? કદાપિ એમ કહેવાશે કે આપણને ઘણાં કર્મ છે તેથી તેવા ભાવ આવતા નથી, તો હવે બીજી કઈ ગતિમાં તેવા ભાવ આવશે; આપણી નજરે લાખો મનુષ્યો શરીરનો ત્યાગ કરી ચાલ્યા

જાય છે તો આપણે શું અમર રહીશું ? શું આપણી સાથે કોઈ આવશે કે ? ના કદી આવશે નહિં. સંસારમાં મોટાઈ યા માન ધનવંતપણું એ એક પ્રપંચ મિથ્યા છે તેથકી દૂર રહેવા પ્રવૃત્તિ કરવી અને મનમાં ચેતન વિચાર કે જન્મ મરણનાં દુઃખનો હજી પાર આવ્યો નથી. ઝાંઝવાના જલ તરફ જેમ મૃગ દોડે છે તેમ તું અથિર પદાર્થમાં કેમ મોહ કરે છે ? વિચારો કે ચેતન ! આર્તધ્યાન રૌદ્રધ્યાન થકી દુર્ગતિ છે અને ચેતન તું સમયે સમયે સાત-આઠ કર્મ ગ્રહણ કરે છે તેના આખા દિવસમાં કેટલા સમય થાય, તો તે થકી બાંધેલા કર્મ, શુદ્ધ દીર્ઘ વૈરાગ્ય વિના દૂર શી રીતે થઇ શકે ? આ ચેતને અનંત કલેવર મૂક્યાં અને સગપણ પણ અનંતાં કર્યાં, કર્મે આકાશના સર્વ પ્રદેશે અનંતિવાર જન્મ્યો અને મરણ પામ્યો તોપણ હજી તૃપ્તિ પામતો નથી. રાગાદિ દોષો મહા પ્રબલ છે. એમનાથકી જે દૂર રહ્યા છે તેને મારા નમસ્કાર થાઓ. સમ્યકત્વની શ્રદ્ધા પરિપૂર્ણ આસન્ન ભવીને થાય છે, જેઓ સદા જ્ઞાન ધ્યાનમાં તત્પર રહે છે અને ધ્યાન દ્વારા આત્મ સ્વરૂપ નિહાળે છે તેને મારા નમસ્કાર થાઓ.

દુહા—જ્ઞાન ધ્યાન ઉપયોગમાં, જે કાઢે નિજ કાળ;
કર્મ મેલ ખપાવીને, પામે મંગળ માલ. ૧

સમતા રસમાં મગ્ન થઈ, સંતોષે ચિત્ત લાય;
વિવેકે વર્તે સદા, ધન્ય ધન્ય મુનિરાય. ૨

બાહ્ય ક્રિયામાં રાગ પણ, નહિં અંતર ઉપયોગ;
શિવ સુખ તેથી દૂર છે, એ પણ કર્મનો ભોગ. ૩
આત્મસ્વરૂપે ખેલતો, જે કાઢે નિજ કાલ;
કર્મ કલંક ખપાવીને, પામે મંગળ માળ. ૪

હઠ કદાગ્રહ વાસના, વાસિત મન જસ હોય;
મુક્તિ દૂર તેથી કહી, સમજો સજ્જન લોય. ૫
જશે શરીર છૂટી કદા, કોઇ ન આવે સાથ;
મારૂં કરી કેમ મોહિયો, જેવી બાવળ બાથ. ૬

વાદળમાં જેમ વિજળી, તેના સરખી દેહ;
સાથે નહિ તે આવશે, ન કરો તેથી નેહ. ૭

તન ધન યૌવન કારમું, ક્ષણમાં થાશે દૂર;
સત્ય તે મનમાં ધારજો, જીમ પામો સુખપૂર. ૮

મમતા વિષની વેલડી, તેનો કરો વિનાશ;
તે ત્યાગે સબ ત્યાગીયું, સંતોષે સ્થિરવાસ. ૯

અહં મમ એ મોહ છે, મોહથી તે બોલાય;
અહં મમતા નાશથી, પામે શિવપુર ઠાય. ૧૦

મોહ કર્મ દૂરે કરી, સમજો આતમરૂપ;
શુક્લધ્યાનયોગે કરી, હોશો ભવી ચિદ્રૂપ. ૧૧

અવસર ફરી નહિ આવશે, કરશો તેહી જ સાથ;
જે જે રાગ પ્રગટાય છે, આવે નહિં તે હાથ. ૧૨

ભરત ક્ષેત્રમાં પાદરા, નામે નગરે આઇ;
કર્મ વશે મનુષ્યભવ, પામ્યા છો જોગવાઇ. ૧૩

ચેતી શકો તો ચેતજો, ભાઈ મોહનલાલ;
છાયામિશે સાથ નિત્ય, ભમતો રહે છે કાળ. ૧૪

બહોત ગઇ થોડી રહી, આયુ ઘટતું જાય;
બેર બેર કયા બોલના, સમજો ચિત્તમાં ભાય. ૧૫

આતમ ઉપયોગે રહી, જે કાઢે નિજ કાળ;
બુદ્ધિ શિવ સુખ પામશે, લહેશે મંગળ માળ. ૧૬

ભાઇ ઝવેરભાઇને તથા વકીલ નંદલાલને સંસાર ઉપાધિ અસત્ય ભાસો.' અને જ્ઞાન દર્શન ચારિત્ર યુક્ત મોક્ષ પ્રાપ્તિ ભણી ધર્મલાભ પ્રાપ્ત થાઓ.

માગશર સુદિ ૧.

લેખક બુદ્ધિસાગર. મુ૦ માણસા.

સં. ૧૯૫૯ ભાદ્રપદ સુદિ એકાદશી.

મુકામ. વિજાપુર તત્ર દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક. ભાઇ. મોહનલાલ જેશીંગભાઈ યોગ્ય ધર્મલાભ. વિ. ભાવીભાવ હશે તો ચોમાસાબાદ વિજાપુર આવવાનું થશે, મેહસાણાથી શ્રી ગુરૂમહારાજ અહીં માણસા આવનાર છે. તમારે અભ્યાસ કરવાપર ખાસ લક્ષ્ય દેવું. જીવવિચાર, નવતત્ત્વ, દંડક, કર્મગ્રન્થ, આગમસાર, નયચક્ર, ગુણપર્યાયનો રાસ વગેરે ગ્રન્થોનું ગુરૂગમ પૂર્વક અધ્યયન કરવાથી જૈન તત્ત્વનું જ્ઞાન થાય છે અને તેથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. બનશે તો ત્યાં આવ્યાબાદ આગમસારાદિકનો જરૂર અભ્યાસ કરાવીશ. આગમસાર અને શ્રીમદ્ દેવચંદ કૃત ચોવીશી વગેરેનો અભ્યાસ કરવાથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. જેને તત્ત્વજ્ઞાન મેળવવું હોય તેણે આગમસારાદિ ગ્રન્થોને ગુરૂગમ પૂર્વક વાંચવા. ગુરૂની સેવાભક્તિ કરીને ગુરૂનીકૃપા મેળવી જે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે તે આત્મામાં આત્મરૂપે પરિણમી શકેછે. સામાયિકમાં ધર્મ ગ્રન્થોનું વાચન કરવું. ગુરૂગમ લેઇને જે કંઈ વાચવામાં આવે છે તે અંતરમાં પરિણમે છે. પ્રભુની સેવા પૂજા કરવી. જિન મંદિરમાં એક કલાક વા બે કલાક જેટલી સ્થિરતા થાય તેટલું બેસવું. સ્તવન ચૈત્યવંદન વગેરે જે કંઈ બોલો તેનો પૂર્ણ અર્થ જાણીને બોલો. પ્રતિક્રમણ સૂત્ર વગેરેનું સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરો. જે જે વ્રતો ગ્રહો તેનું પહેલાં સમ્યગ્જ્ઞાન કરો. વ્યાપાર વગેરેનું આજીવિકા ચલાવવા માટે જ્ઞાન મેળવવું. આ જીવિકાનું સાધન પ્રાપ્ત કર્યા વિના ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરવો જોઇએ. ગુરૂની પાસે જે કંઈ વિનયવિધિ પૂર્વક શાસ્ત્રજ્ઞાન ગ્રહણ કરવામાં આવે છે તે સવળું પરિણમે છે ધર્મ સાધન કરશો.

ૐ શાંતિઃ ૨

લેખક બુદ્ધિસાગર. મુ૦ વસો.

શ્રી કાવીઠા મધ્યે સુશ્રાવક આત્માર્થી રતનચંદભાઇ લાધાજી તથા શા ઝવેરભાઈ ભગવાનદાસ તથા ભાઇ મનસુખભાઈ ઝવેરભાઇ તથા મણિલાલ રતનચંદ યોગ્ય શ્રાવક ગુણરૂપ જે શ્રાવક ધર્મ અને તેથકી ઉત્પન્ન થનાર યતિધર્મ અને તેથકી ઉત્પન્ન થનાર શુદ્ધ આત્મધર્મ તેથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાઓ એજ. શ્રાવકના એકવીશ ગુણ શાસ્ત્રકારો દર્શાવે છે. તેથી જ શ્રાવકની યોગ્યતા પ્રાપ્ત કરવા જીવો પ્રયત્ન કરે છે. માટે તેનું યત્ કિંચત્ સ્વરૂપ દર્શાવું છે. મુખ્યતાએ વિચારતાં માલુમ પડે છે કે સંસાર અવસ્થામાં દરેક જીવો પ્રાયશઃ વિકલ્પ સંકલ્પની શ્રેણિયોએ કરી વ્યામોહિત થાય છે. માટે શ્રાવક અવસ્થામાં લેશથકી ધર્મ હોય છે તે પણ ગળીયા બળદની પેઠે જે નિર્બલ હોય છે તેજ તે અવસ્થામાં રહી શકે છે. પણ ભાગ્યવંતો સંસારને એક કેદખાના સરખો સમજી કેદીની પેઠે તેમાંથી છટકી જવા પ્રયત્ન કરે છે, અને જેમ કેદખાનામાંથી છુટવાના વિચાર વારંવાર થાય છે, તેમ ભવ્ય જીવને આ સંસારરૂપ કેદખાનામાંથી વારંવાર મનમાં છુટવાના વિચાર વર્તે છે. જેમ કેદીને કેદખાનામાં કંઇ સુખ લાગતું નથી તેમ ભવ્ય જીવને સંસારરૂપ કેદખાનામાં કંઈ સુખ લાગતું નથી. કેદી જેમ કેદખાનામાં પરાધીનપણે રહે છે, તેમ ભવ્ય જીવ સંસારરૂપ કેદખાનામાં માતા, પિતા, સ્ત્રી, ભાઈ, બેન સગાંવહાલાં રૂપ ચોકીદારોના પહેરામાં પડયો છતો પરાધીનપણું ભોગવે છે. કેદખાનામાં જેમ અંધારૂં હોય છે તેમ સંસારરૂપ કેદખાનામાં પડેલા જીવોને મોહમાયા રૂપ અંધારૂં જાણવું. કેદખાનામાં જેમ કેદી દિન પ્રતિદિન દુઃખી થઇ રીબાય છે. તેમ સંસારી જીવ, સંસાર રૂપ કેદખાનામાં પડયો છતો દિન પ્રતિદિન અનેક પ્રકારની ઉપાધિએ કરી રીબાય છે. કેદખાનામાં જેમ કેદીને કોઈનું શરણ નથી તેમ સંસાર રૂપ કેદખાનામાં પડેલા જીવને કોઇનું શરણ નથી. અર્થાત્ પોતે તેમાં પડયો

છતો વીતરાગ દેવનું શરણ કરી શકતો નથી. કેદી જેમ કેદખા-નામાં વિવિધ, તાઢ, તૃષા, ભુખ ઇત્યાદિ દુખે કરી રીબાય છે, તેમ ભવ્યજીવ, સંસાર રૂપ કેદખાનામાં પડયો છતો સંસારના કાર્ય કરતો તાઢ તૃષા ભૂખ ઇત્યાદ દુઃખે કરી રીબાય છે. કેદી જેમ કેદખાનામાંથી નીકળવા પામતો નથી તેમ ભવ્ય જીવ પણ સંસાર રૂપ કેદખાનામાંથી મોહરૂપ પહેરગીરના કબજાવડે છૂટી શકતો નથી. કેદખાનામાંથી જેમ અક્કલવાન, બળવાન, હુશિયાર કેદી કપટ કરી નાશી જાય છે તેમ સંસાર રૂપ કેદખાનામાંથી હુશીયાર બળવાન ભવ્ય જીવ નાશી જાય છે. કેદખાનામાંથી છૂટેલા કેદીને જેમ સરકારનો ભય રહે છે કે જેથી તેને કોઈ પકડે નહિ એવા ઠેકાણે તે કેદી ચાલ્યો જાય છે તેમ સંસાર રૂપ કેદખાનામાંથી છૂટેલો ભવ્યજીવ, મોહરૂપ કર્મ સરકારનો ભય પામ્યો છે તો જ્યાં મોહ રાજા આવી શકે નહિ એવી ધર્મ ધ્યાનરૂપ ગુફામાં સંતાઈ જાય છે. કેદખાનામાંથી નાઠેલો કેદી જેમ સદા જાગતો રહે છે અને કોઇનો વિશ્વાસ કરતો નથી તેમ સંસારરૂપ કેદખાનામાંથી છટકેલો ભવ્ય જીવ, સદા જ્ઞાન ધ્યાનવડે કરી જાગતો રહે છે અને તેર કાઠીઆનો વિશ્વાસ કરતો નથી. એ કેદી જેમ પોતાના હિત ભણી અનેક ઉપાયો ચિંતવે છે તેમ ભવ્ય જીવ પણ સંસારરૂપ કેદખાનામાંથી છુટ-વાને અગર તેમાંથી છૂટીને અનેક પ્રકારના આત્મહિતના ઉપાયો ચિંતવે તો સુખી થઇ શકે છે. વળી એક જુદા પ્રકારનું કેદખાનું છે કે જેમાં સૌ જીવોને મનુષ્ય જન્મ પામ્યા બાદ રહેવુ પડે છે. ત્યારે તે કેદખાનું કયું હશે ? એમ શંકા થતાં જણાવવામાં આવે છે કે તે ભયંકર કેદખાનું માતાનું પેટ છે કે જ્યાં દરેક જીવો નવ માસ પ્રાયશઃ કેદનું દુઃખ ભોગવે છે અને વળી કેટ-લાક જીવો ભોગવશે. કેટલાક જીવોએ એકે કેદખાનું ભોગવ્યું છે પણ હવે કદી ભોગવનાર નથી. કેટલાક જીવો એવા છે કે તે કેદખાનાનું દુઃખ હાલ ભોગવતા નથી પણ પાછા ભોગ-વશે, હવે તે વિશેષતઃ જ્ઞાની મહારાજા કહે છે કે હાલ

મનુષ્યનો અવતાર પામી માતાના પેટમાંથી જે જીવો બહાર નીકળ્યા છે તે જીવો હાલ કેદખાનું ભોગવતા નથી તે વચન, ગર્ભરૂપ કેદખાના આશ્રયી જાણવું. કેટલાક જીવો હાલ માતાના પેટમાં રહેલા છે તે વર્તમાનકાળે ગર્ભ કેદખાનાનું દુઃખ ભોગવે છે. તીર્થંકર મહારાજાઓએ ગર્ભ કેદખાનાનું દુઃખ ભોગવ્યું છે. પણ હવે કર્મનો નાશ કરવાથી કદી ભોગવનાર નથી. કેટલાક જીવો હાલ માતાના ગર્ભમાંથી બહાર નીકળી એ કેદખાનામાંથી છુટયા છે. પણ પાછું બીજુ શરીર ધારણ કરશે ત્યારે ગર્ભરૂપ કેદખાનામાં પડી અઘોર દુઃખ ભોગવશે. કેટલાક જીવોને એક કેદખાનાનું છે, કેટલાકને બે કેદખાનાં છે. કેટલાકને ત્રણ કેદખાનાં છે, કેટલાકને ચાર કેદખાનાં છે, કેટલાકને પાંચ કેદખાનાં છે તે બતાવે છે. આ એક શરીર દેખાય છે તે પણ એક હાડકાની માળાથી બનેલું છે, અને તે ઉપર ચામડી મઢેલી છે. ચામડીમાંહી માંસ લોહી પરૂ ભર્યું છે, વળી આ શરીરની અંદર વિષ્ટામૂત્ર વિગેરે ભર્યું છે તે સદા અશુચિમય છે. તેની અંદર આત્મા રહેલો છે. તે શરીર જો ચાલે તો આત્મા પણ ચાલ્યો કહીએ, તે શરીર જો દુઃખી થાય તો આત્મા પણ દુઃખી થાય તેથી આત્મા પણ દુઃખી થયો કહીએ, તે શરીર જો વિણશી જાય તો આત્મા પણ પર્યાયાર્થિકનયે કરી મૃત્યુ પામ્યો કહીએ, એ શરીરરૂપ કેદખાનામાં અપરાધ કરવાથી આત્માને કર્મ રાજાએ આયુષ્યરૂપ બેડી ઘાલીને ઘાલ્યો છે. માટે શરીરની અપેક્ષાએ આત્માને એક કેદખાનું હાલ પ્રત્યક્ષ છે તે કેદખાનું સર્વ સંસારી જીવોને લાગ્યું છે. કોણ એવો સંસારમાં છે કે-જે હાડકાની માળાવડે સહિત શરીરરૂપ કેદખાનામાં વસતો નથી. હે આત્મા!! વિચાર કરકે એ શરીરરૂપ કેદખાનું કોને સારૂ લાગે વારૂ? ત્યારે એ કેદખાનામાંથી છુટવાનો કોઇ ઉપાય છે? એમ પ્રશ્ન થતાં તીર્થંકર મહારાજા એમ કહે છે કે-એ શરીરરૂપ કેદખાનું અન્યાય કરવાથી પ્રાપ્ત થાય છે. ત્યારે વળી પ્રશ્ન કર્યો કે હે ગુરૂજી-જીવે શો અપરાધ કર્યો અને કેમ કર્યો? ત્યારે ગુરૂ

મહારાજ ભવ્યજીવને કહે છે કે-મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ, તેથકી પરભાવમાં રમણતારૂપ અન્યાયને જીવ કરે છે તેથી કર્મ ગ્રહણ કરે છે અને તેથી તેનું ફળ શરીરરૂપ કેદખાનું પ્રાપ્ત કરે છે, અને ચાર ગતિમાં ભટકે છે. કોઈ વખત થોડી મુદતનું કેદખાનું પામે છે, કોઈ વખત લાંબા વખતનું કેદખાનું પામે છે, કોઇને સ્ત્રી શરીરરૂપ કેદખાનું પ્રાપ્ત થાય છે, કોઇને ભૂંડના શરીરરૂપ કેદખાનું પ્રાપ્ત થાય છે અને કોઈને હાથીના શરીરરૂપ કેદખાનું પ્રાપ્ત થાય છે. લોકમાં રાજાને કેદ કરવાને હોય છે ત્યારે તેને માટે સારૂં કેદખાનું હોય છે કે જ્યાં તે જરા સુખ પામી શકે છે, તેમ કેટલાક જીવો પુણ્ય કરવાથી જરા સારૂં દેવ મનુષ્યાદિ શરીર ધારણ કરી બીજા જીવોના શરીરની અપેક્ષાએ જરા સુખી હોય તેમ દેખાય છે, પણ એ શરીરરૂપ કેદખાનું સારૂ નથી. એ શરીરરૂપ કેદખાનામાં જીવ સુખી થતો નથી. જેમ દેખાતા કેદીઓને બે પગમાં બે બેડીઓ ઘાલેલી હોય છે, તેમ કર્મરાજાએ સંસારી જીવોરૂપ કેદીઓને શરીરરૂપ કેદખાનામાં ઘાલી રાગદ્વેષ રૂપ બે બેડીઓ પહેરાવી છે કે જેથી તેઓ અત્યંત દુઃખી થાય છે. એક પ્રકારનું શરીરરૂપ કેદખાનું સર્વ જીવોને પાપ પુણ્ય અનુસારે નાનું, મોટું, ખોટું, સારૂં, રોગી, શોગી, પ્રાપ્ત થયું છે. હવે બે પ્રકારે કેદખાનું કહે છે. ચોરોને બે પ્રકારનું કેદખાનું પ્રત્યક્ષ દેખાય છે. એક તો શરીરરૂપ કેદખાનું પ્રથમથીજ હેય છે તે થકી ચોરી જારી કરવાથી સરકાર તેઓને કેદખાનામાં નાખે છે. કેદખાનાં બે દેખાડયાં, હવે ત્રણ કેદખાનાં દેખાડે છે. પહેલું તો આ શરીર તે ઔદારિક શરીરરૂપ કેદખાનું સાત ધાતુથી બનેલું આંખે કરી પ્રત્યક્ષ દેખાય છે તે જાણવું. બીજું તે શરીરની મધ્યે તૈજસ શરીરરૂપ બીજું કેદખાનું છે, વળી ત્રીજું કર્મના વિકારથી બનેલું કાર્મણ શરીરરૂપ કેદખાનું છે. એ ત્રણ કેદખાનાં, કર્મનો નાશ કરવાથી દૂર થાય છે. એ ત્રણ કેદખાનાં દરેક સંસારી જીવોને હોય છે, પણ એટલું વિશેષ કે દેવતાને ઔદારિકને ઠેકાણે વૈક્રિય શરીરરૂપ કેદખાનું હોય છે. એ ત્રણ

કેદખાનાં આ આત્માએ અનંતીવાર ભોગવ્યાં અને હજી કોણ જાણે એ ત્રણ કેદખાનાં ક્યારે દૂર થશે? તેમાં પડયો છતાં પણ જીવ હું સુખી છું આ મારૂં છે એમ માને છે તે સર્વ ખોટું સમજવું. એ ત્રણ કેદખાનામાંથી છુટેલા સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર થાઓ. એ ત્રણ કેદખાનામાંથી છૂટવા માટે દરેક ઉપાયો કરવા અને સુખ પામવું એજ સાર છે. નારકીમાં પણ ઔદારિકને ઠેકાણે વૈક્રિય શરીરરૂપ કેદખાનું છે, પણ એ કેદખાનામાં મહા ભયંકર દુઃખ છે. હવે ચેતન તત્વદૃષ્ટિથી વિચાર કે રાજા હોય, અગર રંક હોય, શેઠ હોય અગર ચોર હોય, ધનવાન હોય અગર નિર્ધન હોય તો પણ એ ત્રણ કેદખાનામાં પડેલો કયો જીવ સુખી છે? એટલુંજ કહેવાશે કે સુ ગુરૂ વચનાનુસાર એ ત્રણ કેદખાનાથાંથી છૂટવા જે ઉદ્યમ કરે છે તે જીવોને ધન્ય છે. પણ જે સંસારની ખાલી મોટાઇમાં અને મમતામાં પડે છે તે સંસારની વૃદ્ધિ કરશે. માટે હે આત્મા તું તારૂં સ્વરૂપ વિચાર કે જેથી શિવસુખ પામે. હવે ચાર પ્રકારની કેદ આ જીવને જણાવે છે કે ૧ દેવતાની ગતિ ૨ મનુષ્યની ગતિ ૩ તિર્યંચની ગતિ ૪ નરક ગતિ. આ ચાર ગતિરૂપ ચાર કેદખાનાં જીવ અનંતી વાર પામ્યો. હજી તેમાંથી છુટયો નથી. હે ચેતન! એ ચાર ગતિરૂપ કેદખાનાં છે. વળી તેની મુદત પૂરી થઇ એટલે બીજી ગતિમાં જાઇશ પણ ગમનાગમનનું દુઃખ દૂર થાય તેમ હજી તું પ્રવૃત્તિ કરતો નથી તે શું? આત્મા! તને ઠીક લાગે છે? ભલા આવો યોગ વારંવાર તને મળનાર છે? ના, નથી મળનાર તો કેમ તું સંસારમાં મોહે કરી મુંઝાય છે? એ મોહનીય કર્મ એવું છે કે તેનો ઉત્કૃષ્ટ બંધ સિત્તેર કોડા કોડી સાગરોપમ પર્યંત છે. એ ચાર ગતિરૂપ સંસારમાં સૌ સ્વાર્થનું સગું છે. કોઇ પોતાનું નથી. પિતા, ભાઈ, બેન, પુત્ર, સ્ત્રી, ધન, શરીર ઈત્યાદિમાં અહંમમત્વ રાખ્યા વિના વ્યવહારથી વર્તવું અને અંતરમાં આત્મોપયોગ રાખવો એજ ધર્મ છે.

વકીલજી મોહનલાલભાઈ હિમચંદ, તથા શા. નંદલાલ લલ્લુભાઈ ફાગણ વદિ સાતમ આઠમ લગભગ અહીં આવવા લખે છે અનુભવ પચ્ચીશીનો ટબ્બો બાકી છે, અહીં મોકલી શકાય તો પૂરો થઈ શકે. પ્રમાદ, રખે છેતરે નહિ. બોરસદ કાવીઠામાં શાંતિ હશે. સંભારે તેને ધર્મ લાભ. સં. ૧૯૫૯ ફાગણવદિ ૩.

---

ॐ नमः

લેખક બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સંવત ૧૯૬૦ શ્રી પાદરા.

તત્ર સુશ્રાવક. વકીલ મોહનલાલ હિમચંદ યોગ્ય ધર્મલાભ

परामनंद संपन्नं, निर्विकारं निरामयं;
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम् । १ ।

પરમાનંદ સંપન્ન જીવ, નિર્વિકારી ધાર;
પુદ્‍ગલમાં વ્યાપી રહ્યો, દેખે નહિં ગમાર. ॥ ૧ ॥

ભાવાર્થ—આખા શરીરમાં વ્યાપી રહેલો આત્મા. અરૂપી ચેતના ગુણવાન્ છે. પુદ્‍ગલના વિકાર રહિત છે અનંતજ્ઞાન દર્શન ચારિત્રનો ભોક્તા છે. અનાદિ અનંત છે, સ્વભાવી છે. અજર અમર ચિદાનંદ ભગવંત પરમાત્મા આખા શરીરમાં વ્યાપી રહ્યો છે. તે પરમાત્માને ધ્યાનહીન માણસો દેખી શકતા નથી, પણ સ્યાદ્વાદ દર્શન યુક્ત જે ધ્યાની પુરૂષો છે તે આત્માને પરમાત્મા સમાન દેખી પરવસ્તુમાં મોહ પામતા નથી. આત્માના સ્વરૂપનું જે ચિંતવન તેને અધ્યાત્મજ્ઞાન કહે છે. તે અધ્યાત્મજ્ઞાનથી જીવને આત્યંતિક સુખ થાય છે. ત્રણ કાળના જે દેવતા તેનાં સુખ ભેગાં કરીએ તોપણ અધ્યાત્મરૂપી જે સમુદ્ર તેનું જે સુખ તેના બિંદુ સમાન પણ પૌદ્‍ગલિક સુખ નથી. જ્ઞાની પુરૂષો આ સંસારમાં મોહના વશ થયેલા જીવોને દેખી અજાયબ થતા નથી, કારણ કે તે જાણે છે કે કર્મના તાબે સર્વ જીવો રહેલા છે

તેથી તેઓ વિવિધ પ્રકારની ચેષ્ટાઓ કરે તેમાં આશ્ચર્ય શું છે? અજ્ઞાની પુરૂષો જ્ઞાની મનુષ્યોના વિચારોના આશયોને તથા પ્રવૃત્તિયોના આશયોને સમજી શકતા નથી તેથી તેઓને હસી કાઢે છે. ચેતન જેવાં જેવાં ચસ્માં આંખે ચઢાવે છે તેવો તેવો વસ્તુસ્વભાવ દેખી શકે છે. જો લાલ ચસ્માં પહેરે તો પદાર્થને લાલ દેખી શકે છે, અને લીલાં પહેરે છે તો તેને લીલું સર્વ દેખે છે, તેમ જીવને કર્મયોગે જાણી લેવું-પરમાત્માનું સ્વરૂપ વીતરાગ વચન વિના જાણી શકાતું નથી, કારણકે જો ચેતન વીતરાગ વચનરૂપી ચસ્મા આત્મ ઉપયોગરૂપી આંખે ચઢાવી દરેક પદાર્થનું સ્વરૂપ જુવે તો સત્ય જેવું હોય તેવું માલમ પડી શકે છે. તેવાં વીતરાગ વચનરૂપી ચસ્મા કોઇ ઠેકાણે પામી શકીએ છીએ અને તેની કીંમત પણ મોટી હોય છે, અને તેના જેવાં ચસ્માં તકલાદી ધૂર્ત લોકો વીતરાગ વચનના નામથી વેચવા ધારે છે, પણ અવિચક્ષણ પુરૂષો હોય છે તેજ તેવાં ચસ્માં ખરીદ કરી શકે છે. વિચક્ષણ સત્ય ચસ્માં પામી વસ્તુનો સ્વભાવ દેખે નહિ અને એક ઠેકાણે મૂકી રાખે તે માણસ તે ચસ્માં પામ્યો અગર નહી પામ્યો તે પણ સરખાં છે. હવે વીતરાગ વચનરૂપી ચસ્માં ચેતને લગાવી દુનીયાનું સ્વરૂપ જોયું તેમાં તેને સર્વ પદાર્થો ખોટા ભાસ્યા અને આત્મા વસ્તુ ખરી લાગી. ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે મારી આંખે આજ સુધી ખોટું ભાસ્યું હતું પણ હવે તો બરાબર વસ્તુ દેખાઈ. પછે વિચારે જે હવે મારા આત્માની સાથે કર્મરૂપ પુદ્ગલ વસ્તુ લાગી છે તે જુદી થાય તો હું નિર્મળ થાઉં? જેમ ખાણમાં રહેલા સોનાને માટી લાગી હોય તે જેમ સોનાથી જુદી થાય ત્યારેજ નિર્મળ સોનું થાય તેમ મારા આત્માથી કર્મ વસ્તુ જુદી થાય તો ઘણું સુખ પામું, હવે જ્ઞાનીના મનમાં વિચાર આવ્યો કે કર્મદ્વારા સુખ દુઃખ જે જે પ્રાપ્ત થાય છે તે પણ હું નથી અને કર્મ છે તે પણ હું નથી હું તો શુદ્ધ સ્વરૂપી આત્મા છું, નિરંજન છું, કર્મ દ્વારા થતા સર્વ પ્રકારના

વ્યવહારમાં અંતરથી નિર્લેપપણે વર્તવું તેજ મારો શુદ્ધ ધર્મ છે, તથા બાહ્યથી બાહ્ય વ્યવહારમાં વર્તવું તે તે બાહ્ય અધિકાર પરત્વે ફરજ છે એમ તે જાણે છે. જડ કર્મવસ્તુને મેં આજ સુધી મારી ગણી પણ તે તો મારી ભ્રાન્તિ હતી. એતો જડ છે. હાય હાય અરે હું ભોળો ઠગાણો? હવે શું કરૂં? એવો વિચાર થતાં તેને બીક લાગી કે કર્મ તો ઘણાં છે. આયુષ્ય તો થોડું છે, અરે શી રીતે એટલાં કર્મનો નાશ થશે? અને એ કર્મ તો બીજી ગતિમાં મને બેભાન કરી દુઃખ દેશે. હવે હું શું કરૂં? એવામાં ચેતન રાજાની સુમતિ નામની સ્ત્રી હતી તેણીએ કહ્યું કે હે સ્વામિનાથ ચેતન! તમે કેમ ચિંતા કરો છો. કર્મનો મેરૂપર્વત જેવડો ઢગલો હોય તો પણ આત્મસ્વભાવમાં રમણતા કરો કે જેથી તેનો નાશ પામે. તમે ચિંતા કરશો નહિ, અને ઉદ્યમ કરો. હું તમને સહાય કરીશ પણ કુમતિરૂપી આ બીજી સ્ત્રી છે તે તમને દુઃખમાં નાખશે, માટે તેના કહેવા પ્રમાણે કરશો નહિ, અને ધીરૂપણું ધારણ કરજો. એક શ્વાસોશ્વાસમાં અનંત વર્ષનાં કરેલાં કર્મો નાશ પામે છે, માટે ઉદ્યમ કરો. તેવામાં ચેતનનો વિવેક રૂપી ભાઇ ચેતનના સામું જોઇ કહે છે કે તમો કેમ ચિંતા કરો છો? તમોને દુઃખ દેનાર ક્રોધ, માન, માયા અને લોભરૂપી મોટા શત્રુઓ છે, તેને તમોહઠાવો. તમને મિત્ર સમાન તે ભાસે છે. પણ તમારૂં તે સત્યાનાશ કરનારા છે. તે મિત્રનાં લક્ષણ બતાવે છે પણ હું જ્યાં સુધી તમારી પાસે છું ત્યાં સુધી તે તમને મિત્ર સરખા લાગશે નહિ. તમો મોહરૂપી શત્રુને મારવા સારૂં જ્ઞાનરૂપી જે ધનુષ્ય તેને સજ્જ કરો અને ધ્યાનરૂપી બાણ ચઢાવો અને સ્વભાવ ઉપયોગ રૂપહલકારાથી શત્રુના ઉપર બાણ તાકીને ફેંકો. હવે ચેતનને શૂર આવ્યું તેથી ઉદ્યમ કરવા લાગ્યો. મોહ શત્રુનું કંઇ ફાવ્યું નહિ, અને તેનો નાશ ચેતને કર્યો. સ્વયં-પોતે નિર્મળ થયો, સર્વે દુઃખ નાશ પામ્યું. અનંત સુખ ભોગી થયો. એવા ચેતેલા અનંત આત્માઓ મુક્તિ પામ્યા. સર્વે આત્માઓ સત્તાએ તેવા છે. પુરૂષાર્થ કરો. એજ.

લે. બુદ્ધિસાગરના ધર્મ લાભ,

સૂચના–વાચકોને.

મુ. વિજાપુર.

સં. ૧૯૭૮ ચૈત્ર સુદિ ૭

મારા લખેલા લેખો ગ્રન્થો વગેરે સર્વે સાતનયોની પરસ્પર સાપેક્ષદૃષ્ટિએ અનુભવવા. જેઓએ જૈન ધર્મશાસ્ત્રોનો આધ્યાત્મિક તથા વ્યવહારદૃષ્ટિએ તથા સાત નયોની દૃષ્ટિએ અભ્યાસ કર્યો હોય છે, તથા જેઓએ યોગશાસ્ત્રોનો અભ્યાસ કરીને તેઓનો અનુભવ કર્યો હોય છે, તથા જેઓએ ચાર વેદ, એકસોઆઠ ઉપનિષદો, ગીતાઓ, વૈદાંતિક આધ્યાત્મિક ગ્રન્થો તથા જૈન આધ્યાત્મિક ગ્રન્થોનો અભ્યાસ કર્યો હોય છે, તથા જેઓએ રાષ્ટ્રીય સામાજિક સંઘ પ્રગતિકારક તત્ત્વોનો અભ્યાસ કર્યો હોય છે તથા જેઓએ શ્વેતાંબર દિગંબર તત્ત્વાદિક ગ્રન્થોનો અભ્યાસ અનુભવ કર્યો હોય છે, તેઓ ગીતાર્થ જ્ઞાનીઓ બનેલા હોય છે તેઓની પાસે રહી સેવા ભક્તિ કરી મારા ગ્રન્થોને ગુરૂગમ ગ્રહી વિચારે છે તેઓને સર્વજાતની શંકાઓ રહેતી નથી અને તેઓ આત્માને પરમાત્મા બનાવવાની આધ્યાત્મિક દૃષ્ટિ પરિણતિને પ્રાપ્ત કરે છે. મારા ગ્રન્થોનો અભ્યાસ કરવામાં ગુરૂગમની તથા અપેક્ષા દૃષ્ટિની જરૂર છે. ઉપર્યુક્ત જ્ઞાનીઓ મારા લખેલા આશયોને સમજાવી શકે છે માટે વર્તમાનમાં વર્તનારા તથા ભવિષ્યમાં મારા આશયોને અપેક્ષાએ સત્ય જાણનારા જ્ઞાનીઓની સેવા ભક્તિમાં અર્પાઈ જવું. હું પ્રભુ મહાવીર દેવમાં સેવા ભક્તિ દૃષ્ટિએ અર્પાઈ ગયો છું. ગુરૂઅને પ્રભુમાં અભેદ સત્ય ભક્તિ ભાવ છે.

મુકામ. લોદરા
લેખક. બુદ્ધિસાગર
સંવત. ૧૯૬૦

શ્રી. કાવીઠામધ્યે, સુશ્રાવક, રતનચંદ તથા ઝવેરભાઇ તથા, મનસુખ તથા મણિલાલ યોગ્ય ધર્મલાભ.

વિશેષ. બહિરાત્મત્વનાશક, આર્તધ્યાન, રૌદ્રધ્યાન પરિહારક, આત્મોદ્ધારક આતમામાં રહેલ અરૂપી અક્ષય, અખંડ, અચલ, અમલ એવો અનંત ધર્મ તેની પ્રાપ્તિ તેનો લાભથાઓ. એજ પરસ્પર શરીર વ્યક્તિમાં રહેલા આત્માઓના પ્રતિ હિતાકાંક્ષા, છે. પ્રતિદિન ક્ષણે ક્ષણે ઉપયોગ ભાવે વર્તો. અશુદ્ધ ભાવે પરિણમેલાં ષડ્કારક આત્માને ચારગતેમાં બહિરાત્મભાવે ભ્રમણ કરાવે છે. તે દરેક જીવને સમયે સમયે શુદ્ધકારક ચક્ર વા અશુદ્ધ ષડ્કારક ચક્ર અંતરંગ ભાવે વર્તી રહ્યું છે, અશુદ્ધ પરિણામ ભાવ અનાદિ અનંતમેભાગે અભવ્ય જીવને સંલગ્ન છે. સમ્યક્ જીવની અપેક્ષાએ પણ અનાદિ સાંત ભાંગે કેટલાએક ભવ્ય જીવોને છે, અનંત કાલ ષટ્ચક્ર અશુદ્ધિપરિણામોદયે જીવ, પુદ્ગલને શરીરરૂપે પરિણમાવી રાચ્યો માચ્યો, નાચ્યો, પરવસ્તુમાંજ સુખની ભ્રાંતિ કરી અને શુદ્ધદશાનું ભાન, આત્મા ભૂલ્યો. એના અશુદ્ધપરિણામ યોગે વિચિત્ર દશા થઇ અને મોહની ઘેંનમાં સૂતો. સ્ત્રી, પુત્ર, માતા, પિતા ગૃહાદિની મોહમાયાની ભર નિદ્રામાં પડયો. ગયો કાલ પણ જાણ્યો નહિ. સદ્ગુરૂએ મોહની નિદ્રામાં પડેલા જીવની દયાલાવી શુદ્ધોપયોગ રૂપ વચન ઘોષ કરી જગાડયો, નિદ્રામાંથી ઊઠાડવા શુદ્ધ ચેતના રૂપ પાણી છાંટયું, તેથી જરા સ્વસ્વરૂપે થયો, પાછો ઊંઘની ઘેંન આવવાથી વિષય પથારીમાં સૂતો, ગુરૂએ વૈરાગ્ય વચનથી હાક મારી. મોહની અસારતાની સમજણ રૂપ ઢોલ વગાડયો પણ બહિરાત્મી જીવ જાગ્યો નહિ. વિચિત્ર વિકલ્પ સંકલ્પની જાળ રૂપ સંસાર સુખ દુઃખનાં સ્વપ્નાં અનુભવવા લાગ્યો. ભવસ્થિતિ પરિ-

પકવતા યોગે, મોહ નિદ્રાનું જોર ઘટયું. સત્ય અંતરાત્મરૂપ સૂર્યનો ઉદય થયો તેના જ્ઞાનરૂપ કિરણોનો પ્રકાશ, સર્વથા ષડ્ દ્રવ્યમાં તેના ગુણ પર્યાયમાં પ્રસરવા લાગ્યો. મોહ નિદ્રાથી મિંચાતી એવી વિવેક ચક્ષુ નિર્મલ થઇ. બહિરાત્મભાવ રૂપ સ્વપ્નનો નાશ થતાં હું કોણ છું? મારૂ કોણ છે. મારી દશા કેવી છે? કેમ થઇ? ભૂત કાલમાં હું કેવા સ્વરૂપે હતો? વર્ત-માન કાલમાં હું કેવા સ્વરૂપે છું? ભવિષ્ય કાલમાં કેવા સ્વરૂપે થઈશ? સદાને માટે મારૂ નિત્ય સ્વરૂપ કેવું છે? સ્વાભાવિક હું કેવા સ્વરૂપે છું? તથા વિભાવયોગે કેવા સ્વરૂપે હું વર્તુ છું? તેના સદ્ વિચારો અંતરમાં થવા લાગ્યા, ભાન આવ્યું. અંધારૂ તે અંધારૂં, મોહે મુંઝિત બહિરાત્મીઓનું જાણવું. સત્ય અજ-વાળું આત્મસ્વભાવે જાગેલા અંતરાત્માઓનું સમજવું. પ્રભાતનો પહોર થયો. સ્વગુણોની સ્થિરતા તેની ઉપયોગતા, તાદાત્મ્યતા, ગ્રાહ્ય ગ્રાહકતાએ કરી આત્મગગનમાં અંતરાત્મ રૂપ સૂર્ય વૃદ્ધિ પામવા લાગ્યો. હું અને મારૂં, શત્રુ અને મિત્ર રૂપ મોહ સ્વપ્ન વિસરી ગયું. જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યમય અરૂપી, અખંડ એવી આત્મભાવની ધારા હૃદયમાં વહેવા લાગી. મોહ ઊંઘમાંથી, ઉઠા-ડનાર સદ્ગુરૂનો, ઊપકાર, તેમની દયાની હવે કિંમત ખરી જાણી. તેમનો કેવો ઉપકાર! કેવી પરોપકારતા! તેમની કેવી લાગણી! તેનો વિવેક હ્રદયમાં પ્રગટયો દ્રવ્ય દયાના કરતાં ભાવ દયાનું અનંત ગણું વિશેષ પણું લક્ષ્યમાં આવ્યું. ભાવ દયા તેજ સારમાં સાર તરીકે હૃદયમાં ભાસી. અનુભવી, તેનીજ બલિહારી છે, તે વિના અંતરગમલનો નાશ થતો નથી. તે સત્ય ભાસ્યું, સત્ય ધર્મનો આત્માર્થી, વિશ્વાસી યોગ્યજીવપ્રતિ ઉપદેશ દેવો, તેજ ભાવદયા સિદ્ધાંતમાં પરમકૃપાળુ વીરપરમાત્માએ, દર્શાવી છે. તેથી જ અંતરમાં સૂર્યનો ઉદય થાય છે. મિથ્યાત્વ અંધકાર નાસે છે. વસ્તુના સ્વભાવે વસ્તુ ભાસે છે. નવ તત્ત્વ તથા ગુણ પર્યાય તથા તેનો આધાર ષડ્ દ્રવ્યો તે દ્રવ્યોનો સામાન્ય ધર્મ તથા તેમનો વિશેષ ધર્મ હૃદયમાં પ્રકાશિત થતાં

હેય જ્ઞેય અને ઉપાદેય નો વિવેક પ્રગટતાં તેથી, સ્ત્રી પુત્ર ધન, તથા પોતાના શરીરમાં અહં અને મમભાવ ઊઠતો હતો, તે શાંત થયો, પરવસ્તુમાં સુખની ભ્રાંતિ થતી ટળતાં સંસારમાં રાગદ્વેષ યોગે થતી પ્રવૃત્તિ ટળી. પોતાની મેળે ટળી. સંસારમાંથી મન નિવૃત્ત થયું, સહજ ઉદયાગત આત્મપ્રવૃત્તિ સ્વગુણે થવા લાગી, તેમ તેમ શુદ્ધ સચ્ચિદાનંદ અનંત ગુણનો અધિષ્ઠાતા આત્મા મધ્યાહ્ન સૂર્યની પેઠે ઝળહળવા લાગ્યો. સોઽહં સોઽહં પરમાત્મા સ્વરૂપ હું છું, એમ ભાસ સમયે સમયે થવા લાગ્યો, અંતે શુક્લ ધ્યાન યોગે કર્મમલ અપહરી પરમાત્મસ્વરૂપે આત્મા થયો, જન્મ, જરા, મરણની ઉપાધિ દૂર થઈ. પુદ્ગલમાં સંગ-રહિત આત્મા થયો. અનંત સુખનો ભોક્તા આત્મા થયો, એવી રીતે પરમાત્માપદ પામેલાની દશા વિચારવી. એક આત્મ તત્ત્વ જાણતાં સર્વ જાણ્યું, કારણ કે, આત્મ તત્ત્વ જાણતાં લોકાલોકના સ્વરૂપને પણ આત્મા, જ્ઞાને કરી જાણે છે, તે આત્મસ્વભાવે ક્ષણે ક્ષણે રમવું, ધ્યાન ધરવું, પરભાવ ત્યાગવા અને સંસાર સ્વરૂપને સ્વપ્નની પેઠે વિસરી જવું, તથા સ્વસ્વરૂપે ક્ષણે ક્ષણે ઉપયોગ વંત થવું એજ હિતાકાંક્ષાની પરાકાષ્ઠા, ભવ્યાત્માઓને પ્રાપ્ત થાઓ—

---

લે૦ બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૮ ફાગણ વદિ ૮

મુ૦ અમદાવાદ તત્ર સુશ્રાવક પેથાપુરી શા. મણિલાલ હીરાચંદ વગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા.. પેથાપુરવાલા જેસીંગભાઈ સાકેરચંદ લાલી પારેખે શા. મનસુખ-ભાઈ લલ્લુભાઈએ દેહત્યાગ કર્યો એમ તેજ દિવસે મુંબાઈથી લખી જણાવ્યું હતું. બાર દિવસથી અમે જાણ્યું છે. તેમનામાં કેટલાએક સદ્ગુણો ખીલ્યા હતા. જન્મ્યો તેને જરૂર દેહ બદ-લવાનો છે. ગૃહસ્થાવસ્થામાં આત્મપર લક્ષ્ય રાખી વર્તવું, અને

વૈર કદાગ્રહથી જેમ બને તેમ મુક્ત થવા પ્રયત્ન કરવો સાંસારિક સંબંધો અનિત્ય છે, તેમાં મોહથી ન મુંઝાવું જોઈએ, આત્માના ગુણો ખીલવવા પ્રયત્ન કરવો. દરેક મનુષ્યમાં રહેલા ગુણો તરફ દૃષ્ટિ દેવી પણ દુર્ગુણો તરફ ચિત્ત ન દેવું. મનુષ્ય ભૂલને પાત્ર છે માટે ક્ષમા અને ઉદારભાવથી વર્તવું. વિ. તમોએ ગાંધીને સાદી છ વર્ષની કેદ થઈ તેમ લખ્યું તે જાણ્યું. તેમાં સરકાર અને ગાંધીજી પોત પોતાની દૃષ્ટિ પ્રમાણે વર્તે છે. અમારે તો મોહ-રૂપ સરકારની સાથે યુદ્ધ ચાલે છે. રાગદ્વેષની પરિણતિ ન થવા દેવી અને આત્માનું ધન જ્ઞાનાનંદ રૂપ છે તે પોતાનું છે તેને મોહે દાબ્યું છે તેથી મોહનું સામ્રાજ્ય દબાવવા માટે આધ્યાત્મિક ધ્યાન પુરૂષાર્થ શરૂ છે. કર્મની કેદમાં સર્વ દેશના મનુષ્યોને મોહરાજાએ રાખ્યા છે. આત્મા જો આત્માનું સ્વરૂપ સમજે તો તે શુદ્ધોપયોગથી ચિદાનંદમય આત્મસામ્રાજ્ય પ્રાપ્ત કરી શકે, ગાંધી અને સરકાર તો શું પણ આખી દુનીયાના જીવો પર મોહ સામ્રાજ્ય પ્રવર્તે છે. તેથી સર્વજીવો ખરેખર મોહના દાસ છે. મોહના ગુલામ બનેલા જીવો, ખરેખર અજ્ઞાનથી અન્ધ બની એક બીજાને શત્રુ માને છે, અને મોહને પૂજે છે. એવી દશામાં આત્મરાજ્યનું સ્વપ્ન સુખ પણ કયાંથી પ્રગટી શકે ? સંત જ્ઞાનિઓનું શુદ્ધાત્મમાં રાજ્ય છે અને મોહી અજ્ઞાની-ઓનું જડપ્રકૃતિપર રાજ્ય છે, પણ વસ્તુના જડમોહિયોપર જડપ્રવૃત્તિ, પોતાનું રાજ્ય ચલાવે છે. આત્માના આધ્યાત્મિક અહિંસામય રાજ્યની સાથે બાહ્ય ન્યાય રાજ્યની સત્ય વ્યવસ્થાને આ દેશના લોકો અને ઈંગ્લાંડના મોહી જડ અજ્ઞાની લોકો સમજવાને શક્તિમાન્ થયા નથી. પ્રકૃતિના બાહ્ય સામ્રાજ્ય-વાદીઓને જ્ઞાની ત્યાગી સાધુઓ છે તે સદ્ગુણોનો બોધ આપે છે, પણ બાહ્યમાં ચિત્ત હોય છે ત્યાં સુધીઅંતરનું ન સમજાય એવું બને છે. ત્રણ ગુણની પ્રકૃતિવાળા જીવો સર્વે સાત્વિક ન બને, પ્રકૃતિની સામે પ્રકૃતિ છે. શુદ્ધાત્મરાજ્ય માટે આત્મજ્ઞાન પામો, અને આત્મા વડે બાહ્યમાં પ્રવર્તતાં જેમ બને તેમ નિર્લેપી બનો. અમારે ત્યાગીના

ધર્મ પ્રમાણે વર્તવું અને તેમ છતાં પ્રજાને તથા સરકારને કેવી રીતે સદ્ગુણોથી વર્તવું ? અને કેવી રીતે બાહ્ય ધર્મ્યરાજ્ય ચલાવવું તેનો ઉપદેશ આપવો એવી અમારી ફરજ છે પણ બાહ્ય રાજ્યની પ્રવૃત્તિની ધમાલમાં પડવાની અમારી ફર્જ નથી.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः

---

લે૦ બુદ્ધિસાગર

મુ૦ સાણંદ.

સં. ૧૯૭૯ વૈશાખ સુદિ ૪.

શ્રી પાદરા મધ્યે સુશ્રાવક વકીલ મોહનલાલ હિમચંદભાઈ તથા મણિલાલ તથા રતિ બાબુ વગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો છે અત્ર થોડા દિવસ રહેવાનું છે, પણ નિશ્ચયાત્મક નથી. વિશેષાવશ્યકનો છઠ્ઠો ભાગ અત્ર મોકલાવશો. અત્ર સાધુ સમ્મેલન સામાન્ય રીતનું હતું. જૈનશાસનનીસેવા અર્થે કંઇક જૈનોપયોગી વિચારો ફેલાવવાનો મુખ્ય ઉદ્દેશ હતો. જે કંઇ બને છે તે વિવેકદૃષ્ટિથી અવલોકીને અનુપયોગી બાબતોમાં ઉપેક્ષા બુદ્ધિ રાખવી જોઈએ. શ્રી વીરપ્રભુના શરણ વિના અન્યત્ર ઠરવાનું ઠામ નથી. જેમ બને તેમ સ્વાત્માર્થની બુદ્ધિ-રાખીને પરના કલ્યાણ માટે પ્રવૃત્તિ કરવાની છે. પોતાના આત્માના અધ્યવસાયની દરરોજ કેટલા દરજ્જે શુદ્ધિ થતી જાય છે તે સંબંધી ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. પોતાના આત્માના પરિણામની શુદ્ધિ થતી જાય એવાં બાહ્ય આલંબનો અવલંબવાની જરૂર છે. સત્સમાગમ એ મોટામાં મોટું આલંબન છે. ગમે તેવો આત્મા બલવાન્ હોય, તો પણ પ્રમાદ થવાનો સંભવ છેજ માટે આ કાલમાં શુભ ધર્મી પુરૂષોનાં આલંબનની ખાસ જરૂર છે. વાચિક જ્ઞાનથી પરિણામિક જ્ઞાન કરવાની પૂર્ણ જરૂર છે એવી દશામાં પ્રયત્ન કરવાને પૂર્ણ દાઝ છે અને તે ઇચ્છું છું. તમે પણ ઇચ્છશો.

ॐ शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુ. અમદાવાદ.

તા. ૧૦-૯-૧૦.

પાદરા મધ્યે સુશ્રાવક વકીલ શા. મોહનલાલ હીમચંદભાઈ તથા મણિલાલ તથા પાનાચંદ તથા માસ્તર ઉજમશી વગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. સાંવત્સરિક પ્રતિક્રમણની ક્ષમાપનાનો પત્ર આવ્યો તે પહોંચ્યો છે. હું પણ તે પ્રમાણે ખમાવું છું. ક્ષમાપના એ જ મોક્ષનું મૂલ છે. સાધુ થવામાં પણ ક્ષમા જોઇએ. ક્ષમા વિના આત્મવીર્ય પ્રગટતું નથી. ક્ષમાથી આત્માના ગુણો પ્રગટ થાય છે. ક્ષમાથી સર્વ જીવોને ખમાવો અને આગળ વધો. ક્ષમાના મૂલ માર્ગમાં દાખલ થવાની યોગ્યતા પ્રાપ્ત કરીને સદ્દગુણોની ઉપાસના કરી શુદ્ધોપયોગથી આત્માને પવિત્ર કરવામાં સદાકાલ તત્પર થાઓ. એ જ.

ॐ अर्हं शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

તા. ૨૨-૪-૨૪.

શ્રી વડોદરા તત્ર સુશ્રાવક વકીલ નંદલાલભાઇ લલ્લુભાઈ યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો ધર્મ તમારી પાસે છે તે વધે છે કે ખૂટે છે? તેની તપાસ કરી બાર મહીનાના સરવૈયા સાથે આત્માની દયા લાવી આત્માજ પોતાનો છે, બીજું પોતાનું નથી એવું જાણી તેને તે સંભળાવશો. ગુરુરૂપ जंगम तीर्थनी શ્રદ્ધા હોય અગર ના હોય, તેના પર પ્રેમ, શ્રદ્ધા-વિશ્વાસની દરકાર કરવી જોઇએ. પુત્ર અને સ્ત્રીના કરતાં ગુરૂપર વિશેષ પ્રીતિ હશે અને હોય તો બેમાંથી કોનું વધારે સ્મરણ સેવન થાય છે? તે પોતાનો આત્મા સમજુ છે માટે તેને પૂછશો, તો સાક્ષી આપશે. પુત્રનું દર્શન

વહાલું કે ગુરૂનું ? મોહ માયાના પાસો અળગા કરી ક્ષણે ક્ષણે વૈરાગ્યનાં કારણો સેવવાં તે જ આત્માની શુદ્ધિમાટે છે. અનંત ભવ ભ્રમણ કરીને આ ભવમાં પામેલું અને માંસ, હાડ, રૂધિરથી બનેલું શરીર અંતે વિનશ્વર છે એમ સમજી આત્મરમણતા તરફ લક્ષ રાખશો.

આ પત્ર સાત વાર વાંચશો. વકીલ મોહનલાલભાઇને ધર્મલાભ. શ્રદ્ધા ભક્તિ પ્રીતિ ત્યાં જ મુક્તિ: છે એજ.

ૐ अर्हं शांति: ३

---

લે૦ મુનિ બુદ્ધિસાગર — મુ૦ ભોયણી.

સં. ૧૯૫૯.

શ્રી કાવીઠા મધ્યે દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શા. રતનચંદ લાધાજી તથા શા. ઝવેરભાઇ ભગવાનદાસ તથા મનસુખભાઇ તથા મણિલાલ તથા દલપતભાઇ વિગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. આત્માએ કર્માનુસારે મનુષ્ય શરીર ધારણ કરી તિર્ચ્છા લોકમાં દક્ષિણાર્ધ ભરતમાં ક્ષેત્ર સ્પર્શના કરવા માંડી છે હવે ક્યાં સુધી કરશે તે જ્ઞાની જાણે. શરીરવડે જેમ બાહિરના ક્ષેત્રોની સ્પર્શના થાય છે તેમ જો આત્મ ઉપયોગે કરી આત્માના અસંખ્યાત પ્રદેશોની આત્મસ્પર્શના થાય તો ચાર ગતિ ભવભ્રમણ ભય ભાગી જાય અને તાત્ત્વિક શાશ્વત આત્મસુખની આત્માને જ પ્રાપ્તિ થાય. કહ્યું છે કેઃ—

દુહા.

ચાર ગતિ ભવભ્રમણકો, હેતુ કર્મ કહાય;<br>
તસ યોગે આ આતમા, જન્મ મરણ દુઃખ પાય. ૧<br>
જન્મ મરણ દુઃખ પાવતો, મનમાંહી મુંઝાય;<br>
મુંઝાતો આ આતમા, બહિરાતમ પદ પાય. ૨

બહિરાતમ પદ અનુભવે, કાલ અનાદિ ધાર;
ખાતો પીતો ખેલતો, મમતા કરે અપાર. ૩
મમતા પિશાચી ગ્રહ્યો, કરતો પાપ અઘોર;
કૂદે નાચે આતમા, કરતો શોર બકોર. ૪
રોગ પરિગ્રહ મનથકી, દુઃખે અળગો થાય;
અળગો જેને એ થયો, તેને શિવસુખ થાય. ૫
શિવસુખ ઈચ્છા સૌ કરે, પણ તે અતિ મુશ્કેલ;
ઉપાદાન કારણથકી, શિવસુખ પ્રાપ્તિ સહેલ. ૬
શિવનગરી પ્રતિ ચાલવા, ગમન કરે સૌ લોક;
પણ મારગ ભૂલ્યાથકી, મહેનત જાવે ફોક. ૭
મહેનત જાવે ફોગ તાસ, સેગું નહિ જસ સાથ;
રત્ન પડ્યું છે પાસ પણ, અંધ ન લેવે હાથ. ૮
મોહ વાયુ દ્વેષ પિત્ત, કફ ને રાગ પિછાણ;
રોગ ત્રિદોષે આતમા, જગમાં રોગી જાણ. ૯
મમતા તાવ ચઢ્યો અતિ, મતિવિભ્રમ બહુ હોય;
ઉલટી આતમગુણ તણી, ત્યાં શરણું કુણ જોય. ૧૦
કુટુમ્બ ક્લેશ ઉધ્રસ જિહાં, કામ ભગંદર રોગ;
શૂળ જીહાં છે શલ્યનું, કીમ ત્યાં હોય ન શોક. ૧૧
એવા રોગે રોગીઓ, મનમાં બહુ અકળાય;
મતિ લબ્ધિને વૈદ્ય વિણ, રોગ કહો કયું જાય. ૧૨
વૈદ્ય મળ્યો પણ કાલ નહિ, ત્યાં સિદ્ધિ નહિ થાય;
હોય ઉભય પણ કર્મ વિણ, રોગી રોગ ન જાય. ૧૩
વૈદ્ય કાલ ને કર્મ જ્યાં, મળીયા ત્રણ્ય ઉપાય;
પણ ઉદ્યમ કીધા વિના, રોગી રોગ ન જાય. ૧૪
વૈદ્ય કાલ કર્મોદ્યમે, પણ સિદ્ધિ નવિ થાય;
પાકી નહિ ભવિતવ્યતા, રોગી રોગ ન જાય. ૧૫
સ્વભાવ સિદ્ધિ જ્યાં નહિ, ત્યાં કિમ વૈદ્ય ઉપાય;
પામી અભવી જીનને, કર્મરહિત નવી થાય. ૧૬

પંચ સમવાયી કારણે, કાર્યોત્પતિ કહાય;
એક એક કદાગ્રહે, મત ગત જૂદા થાય. ૧૭
સત્ સામગ્રી પામીને, કર્મ રોગ કર ! દૂર;
સાર સાર એ શાસ્ત્રનું, ચિદાનંદ ભરપૂર. ૧૮
જૈન જીનેશ્વર વૈદ્ય જ્યાં, દયા ધર્મ જ્યાં ખાસ;
રોગી ભવીને આપતાં, થાયે રોગ વિનાશ. ૧૯
સંવર કરણી ધર્મ છે, અપથ્ય અવિરતિ જાણ;
ત્યાગે માગે આતમા, અનુભવ નિર્મલ જ્ઞાન. ૨૦
કુગુરૂ વૈદ્યો જ્યાં મળ્યા, થાશે શી ? ગતિ તાસ;
દવા મળી જ્યાં ઊલટી, ત્યાં કીમ શિવ સુખ આશ. ૨૧
ખાનારો પણ મૂઢ જ્યાં, મળીયો યોગે યોગ;
તે શિવસુખ કયું પામશે, આતમ નહિ ઉપયોગ. ૨૨
ઠાઠ ઉપરનો બહુ કર્યો, પણ નહિ આતમભાન;
તર્યા વિના શું ? તારશે, જસ નહિ સમ્યગ્ જ્ઞાન. ૨૩
સમ્યગ્ જ્ઞાન વિના કહી, કિરીયા જૂઠ ડફાણ;
આતમ અનુભવ જ્ઞાનથી, કિરીયા સફલી જાણ. ૨૪
કિરીયા પંચક જાણજો, આતમ અનુભવ કાજ;
આતમજ્ઞાન વિના કહી, કિરીયા અંધ સમાજ. ૨૫
અનન્ય વિષ ગરલ થકી, ચાર ગતિ મેં ભમંત;
તદ્ધેતુ અમૃતથકે, કેવલજ્ઞાન લહંત. ૨૭
જાણે મન નહિ રોગ જ્યાં, દવાતણી ત્યાં આશ;
ફોગટ જાણો તેહનો, જે છે પુદ્ગલ દાસ. ૨૮
પુદ્ગલપર પ્રીતિ કરે, પુદ્ગલ માને સાર;
પુદ્ગલ પર જસ રાગ દ્વેષ, તે છે ભવ ભમનાર. ૨૯
જીવ અનાદિ કાલથી, પુદ્ગલ સંગી હોઇ;
મોહ કરી પરભાવનો, આતમ ઋદ્ધિ ખોઇ. ૨૯
આતમ ઋદ્ધિ ભૂલીને, પુદ્ગલ માને ઋદ્ધિ;
તે શિવસુખ કેમ પામશે, જસ નહિ આતમસિદ્ધિ. ૩૦

જેનું પુદ્ગલ વસ્તુને, દેખી મન લપટાય;
પુદ્ગલનંદી આતમા, મુક્તિ કહો કયું પાય. ૩૧

આ ધન આ ઘર પ્યારૂં મુજ, મનોહર પ્યારી કાય;
પુદ્ગલ પ્યારૂં જેહને, તે મુક્તિ કયું પાય. ૩૨

પ્યારી સ્ત્રી પુત્રો બહુ, તે વીણ ઘડી ન જાય;
જસ મન વર્તે એહવું, તે મુક્તિ કયું પાય. ૩૩

મારૂં તારૂં માનતો, પરભાવે હરખાય;
જસ મન વરતે એહવું, તે મુક્તિ કયું પાય. ૩૪

હિંસાદીક ચોરી કરે, મૈથુન પરિગ્રહ ધ્યાય;
જસ મન વર્તે એહવું, તે મુક્તિ કયું પાય. ૩૫

રાગ દ્વેષની વૃત્તિથી, જેનું મન વર્તાય;
પરભાવે રમતા છતા, તે મુકિત કયું પાય. ૩૬

સાધુ નામ ધરાવતા, મોટા જગ કહેવાય;
પણ આતમ અનુભવ વિના, તે મુક્તિ કયું પાય. ૩૭

સત્ય જ આત્મ સ્વરૂપમાં, જેનું મન વર્તાય,
સ્યાદ્વાદિ આતમ રૂચિ, તે જીવ મુકિત પાય. ૩૮

જીવાદિક નવ તત્ત્વનો, સાચો અનુભવ થાય;
શ્રદ્ધા સંવેગેકરી, તે જીવ મુકિત પાય. ૩૯

ધર્માદિક ષડ દ્રવ્યના, સમજે ગુણ પર્યાય;
શ્રદ્ધાથી સાચા ગ્રહ્યા, તે જીવ મુકિત પાય. ૪૦

વિષ હલાહલ સારીખો, પુદ્ગલ સંગ કહાય;
તેથી ન્યારો જે રહે, તે જીવ મુકિત પાય. ૪૧

ગુણ વન દાવાનલ સમો, સ્ત્રી ધનનો સમુદાય;
તેથી ન્યારો જે રહે, તે જીવ મુકિત પાય. ૪૨

કાયા વિષ્ટા કોથળી, તેમાં નવી લપટાય;
મમતા તજી સમતા ભજે, તે જીવ મુકિત પાય. ૪૩

જીન વાણી અમૃત લહી, મનમાંહી હરખાય;
જીનાજ્ઞા મનમાં વસી; તે જીવ મુકિત પાય. ૪૪
સર્વજ્ઞ વાણી જાણીને, જે નહિ પરમાં જાય;
ઉપાદેય આતમ ભજે, તે જીવ મુકિત પાય. ૪૫
પુદ્ગલ ન્યારો આતમા, નિઃસંગી નિઃકષાય;
અરૂપ ચેતન ધ્યાવતાં, પરમાતમ પદ પાય. ૪૬
આત્માનંદી આપને, ધ્યાવે ચિત્ત મિલાય;
ધ્યાતા ધ્યેયપણું લહી, પરમાતમ પદ પાય. ૪૭
સત્ય એ શિક્ષા જીનતણી, જાણો ચેતનરાય;
કરો ન નિંદા પારકી, તો મુકિત સુખ થાય. ૪૮
મત મતવાદી હઠથકી, કહેતા આત્મવિચાર;
સમજ્યા નહિ તે બાપડા, કિમ પામે ભવ પાર. ૪૯
એકાંત સ્થલમાં બેસીને, ધ્યાવે ચેતન રાય;
અસંખ્યપ્રદેશી નિર્મલો, આતમ મુકિત કહાય. ૫૦
ભોયણી ગામે શોભતા, મલ્લિ જીન પસાય;
દર્શન કરતાં તેમનાં, રચના કીધી ભાય. ૫૧
અનુભવ બાવની એ કહી, વાંચે જે ધરી પ્યાર;
સત્યસ્વરૂપ લહી આત્મનું, પામે ભવજલ પાર. ૫૨
કાવીઠાના વાસી શેઠ, રતનચંદ હિતકાર;
ઝવેરભાઇના કારણે, રચતાં જય જયકાર. ૫૩
સમય સિદ્ધાંત વિચારીને, કીધી એ હિત લાય;
હઠ કદાગ્રહ ત્યાગીને, વાંચે તે શિવ પાય. ૫૪
તરવું છે જીવ એહથી, નિમિત્ત શુદ્ધ કહાય;
સમજુ સમજે ચિત્તમાં, સત્ય પદારથ પાય. ૫૫
અનુભવ આતમનો કરી, સદ્ગુરૂ વાણી પસાય;
બુદ્ધિસાગર સુખ લહી, ચિદાનંદ પદ પાય. ૫૬

તાત્ત્વિક સુખ પામ્યા જીવોને કંઈ પણ દુઃખ નથી. એની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો તે સફલ છે. તે વિના બાકીનો કાલ અલેખે જાણવો. એક એક ઘડી કરોડો રૂપૈયા ખર્ચે પણ મળે નહિ તેવી છે તેને જે ખરાબ સાંસારિક કાર્યોમાં ગુમાવી દે છે તે અલેખે જાણવી. જેટલો વખત આત્મશાંતિમાં ગયો અને જાય છે અને જશે તેટલો વખત લેખે જાણવો. એવું પરમ પુરૂષ જીનેશ્વરનું વચનામૃત છે. એજ.

ॐ शांतिः ३

વીર સંવત્ ૨[illegible]૯ના વૈશાખ શુદિ ૨.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વડોદરા

સં. ૧૯૫૯ કારતક વદિ ૧.

કાવીઠા મધ્યે ગુણાનુરાગી આત્માર્થી ભાઈ ઝવેરભાઈ તથા રતનચંદ લાધાજી તથા દેણીચંદ તથા મણીલાલ તથા મનસુખભાઈ વિગેરે યોગ્ય ધર્મલાભ પહોંચે.

વિ. આત્મ સાધન કરવું તે શ્રેયસ્કર છે એમ જે સમજ્યો તેને સમજુ જાણવો, પણ સંસાર વ્યવહારમાં કુશળ તે સમજુ કહેવો તે ફક્ત વ્યવહારથી જ છે પણ જેને આત્મ સ્વરૂપનું જ્ઞાન નથી આત્મા નિત્ય છે કે અનિત્ય છે? જ્ઞાની છે કે અજ્ઞાની છે? એક છે કે અનેક છે? એ આદિ આઠ પક્ષથી આત્માનું સ્વરૂપ જાણે એમ સદ્દહે તે ધર્મનો અધિકારી છે, અને તે જ આત્મહિત કરનાર જાણવો. કદાપિ આઠ પક્ષે કરી આત્માનું સ્વરૂપ જાણ્યું પણ પણ શિષ્ય પરિવાર આદિનો મોહ આડંબર કરી તેમાં લીન રહે તો તે જાણ્યું પણ તો યથાર્થ ફલ આપી શકતું નથી. કહ્યું છે કેઃ—

જીમ જીમ બહુજન બહુમત સંમત, બહુ શિષ્યે પરીવરીઓ;
તીમ તીમ જીન શાસનનો વૈરી, જો નવી નિશ્ચય દરીઓરે—
ભવિકા.

ઈત્યાદિ વચનો શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યાં છે તથા કહ્યું છું કે—

દ્રવ્ય સાધુપદ ભાવનું, કારણ માનો ભવ્ય;
સાપેક્ષ વચને શુદ્ધ છે, ભાવ અને વળી દ્રવ્ય. ૧
ભાવ વિના કિરીયા સવી, ફોગટ કષ્ટ અપાર;
સંમતિ ગ્રંથે ભાખીયું, મ કરો માન લગાર. ૨
અતિ શુદ્ધપ્રણિધાનથી, કર્મ કલંક કટાય;
બાહ્ય ક્રિયા કારણ ભજી, અવલંબે સુખ થાય. ૩
અનુયોગના ચાર ભેદ, દ્રવ્ય વડો જગ સાર;
ઉપદેશપદાદિગ્રંથથી, જો જો તે અધિકાર. ૪
દ્રવ્યાદિક પદાર્થનું, સમ્યગ્ જ્ઞાન જો થાય;
નિશ્ચય સમકિત પામીએ, મુજ મન એ સોહાય. ૫
સર્વ દ્રવ્યમાં ભાખીયું, આતમ અતિ હિતકાર;
ઉપાદેય તેહીજ છે, બીજાં જ્ઞેય વિચાર. ૬
તત્વરમણ જેને થયું, મોહે નહિ લેપાય;
આતમ અનુભવ જાણતો, સકલ ઋદ્ધિને પાય. ૭
ભણે ભણાવે શાસ્ત્રને, વાદી જગ કહેવાય;
આતમ અનુભવ બીન તે, ચતુર્ગતિ ભટકાય. ૮
મનમાં જાણે જ્ઞાની હું, મુજ સરખો નહિ કોય;
આતમ અનુભવ બીન તે, મૂઢ મતિ જગ રોય. ૯
પત્થર પગ પગ પામીએ, સોનું રૂપું ખાણ;
ચિન્તામણિની પ્રાપ્તિ સમ, વિરલો આતમ જાણ. ૧૦
ભાગ્યદશા જો આકરી, આતમ અભિમુખ થાય;
ચિદાનંદ અનુભવથકી, રત્નત્રયી પ્રગટાય. ૧૧
બાહિર હિત જે દેખતો, તેહિજ આત્મમગીર;
દેખે તેહીજ દેખતો, સમજજો નર નાર. ૧૨

જગ જાણે ઉન્મત્ત એ, એ માને સબ અંધ;
જ્ઞાની જગમાં દેખતો, ક્યાંય ન પામે બંધ. ૧૩
પરોપકારી તે ખરો, ભાવ દયા દાતાર;
આત્મસ્વરૂપ જણાવતાં, નિઃસંગી નિર્ધાર. ૧૪
પંથ પંથ કદાગ્રહે, પડીયા નડીયા કર્મ;
ઉપદેશે શું ધર્મને, કયું નહિ પાવે શર્મ. ૧૫
ગચ્છ ગચ્છ કિરિયા મતે, વ્યાખ્યા કરે મતપુષ્ટિ;
પરનું ઉત્થાપન કરી, માને આતમ પુષ્ટિ. ૧૬
પંડિતાઈ મન ધરી, ઉંચા બોલે બોલ;
કર્મરાયવશ માચીયા, ચતુર્ગતિ રંગરોળ. ૧૭
ચાર દિવસની છાંયડી, બાહિર સુખની જાણ;
તેમાં તારૂં કંઈ નહિ, પુદ્ગલ સર્વ પિછાન. ૧૮
જન મન રંજન કારણે, ધર્મ દેશના દેત;
મૂલ ન એક બદામકો, ચેત ચેત ભવિ ચેત. ૧૯
પર મન રંજન હેતુથી, મત વિસ્તારણ હેત;
કપટ ક્રિયા ફોગટ સવી, કયું મુક્તિપદ દેત. ૨૦
સાધુ ભયા તો કયા હુવા, મન નહિ આવે ઠામ;
તબ લગ કષ્ટક્રિયાતણી, કિમ્મત એક બદામ. ૨૧
પુદ્ગલ ભોગે રાચીયો, લપટાયો તું છેક;
સ્ત્રી પુત્રે મમતા ગ્રહી, માને નહિ તું એક. ૨૨
સાધુ ભયા તો કયા હુવા, બાહ્ય લોભ મન થાય;
પરનું પોતે માનીને, રૌરવ દુઃખ ઉપાય. ૨૩
અનંત કલેવર મૂકીયાં, કોઇ ન આવ્યું સાથ;
આ પુદ્ગલ પણ નાશી છે, દેખંતાં સાક્ષાત્. ૨૪
અશુચિ કાયામાં ભરી, રૂધિર હાડ ને માંસ;
ભાડાની છે કોટડી, શું ફૂલે ? ધરી હોંશ. ૨૫
છંડો મમતા તેહથી, મંડો સમતા સંગ;
ખંડો કર્મ કુટીલ ને, દંડો દુષ્ટ અનંગ. ૨૬

જંગમ જગ થાવર પરે, જેને ભાસે નિત્ય;
સમતા સંગી ધ્યાની તે, કર્યું હોવે જડ ચિત્ત. ૨૭
પરમાતમનું ધ્યાન તે, આતમને હિતકાર;
ધ્યાતા ધ્યેય ને ધ્યાનથી, સિદ્ધિ બુદ્ધિ જયકાર. ૨૮
પરમાતમ તે હુંજ છું, બહિરાતમ છે ભર્મ;
બુદ્ધિ કહે જે જાણશે, તે લહેશે શિવ શર્મ. ૨૯

ઈત્યાદિ વાક્યોને વિચારી જોશો તો સાક્ષાત્ આત્માનુભવ પ્રાપ્ત થશે. એજ. ધર્મસાધન કરશો.

---

લે૦ બુદ્ધિસાગર. મુ૦ દશાપુરા.
સં. ૧૯૫૯ માગશર શુદિ ૪. મુનિરાજ ગુરૂવર્ય સુખસાગરજી આદિ.

**શ્રી** કાવીઠા મધ્યે સુશ્રાવક શા. ઝવેરભાઇ તથા રતનચંદ લાધાજી વગેરે યોગ્ય ધર્મલાભ.

વિ. ભવ્ય જીવોએ બહારના પદાર્થો દેખીને આનંદિત ન થવું જોઈએ. કારણ કે બહારના પૌદ્ગલિક પદાર્થો જ્યારે જ્યારે દેખવામાં આવે છે ત્યારે ત્યારે તે પદાર્થો ક્ષણભંગુર ભાસે છે. તેથી સંસારમાં જ્ઞાનીને ઉદાસીન વૃત્તિ લાગે છે અને અનિત્ય પદાર્થો ઉપર તેની રૂચિ થતી નથી, માટે બાહિર પદાર્થો જીવોને વૈરાગ્ય ભણી થાય છે. દુનિયામાં જેટલી વસ્તુઓ આંખે દેખવામાં આવે છે તે વૈરાગીને વૈરાગ્યનું કારણ છે, અને ભોગીને ભોગનું તથા શોકનું કારણ છે. જે માણસો બહારના પદાર્થો દેખી ખુશી માને છે તે મોહરાજાના પાસમાં ફસાય છે. જેમ જેમ જે બાહિર વસ્તુને પોતાની માને છે તેમ તેમ તે અનંતા અનંતા કર્મ ઉપાર્જન કરે છે. અનાદિ કાલથી ચેતન, સાંસારિક સુખમાં રાચ્યો માચ્યો રહે છે અને દુઃખ પડે છે તેને સુખ કરી માને છે, જેમ કોઇ માણસ મદિરા પીને ગાંડો બની ગયો હોય તો સત્ વસ્તુને અસત્ માને છે, અનેક પ્રકારના

વિલાપ કરે છે, શોક કરે છે, તેમ બાહિર વસ્તુને દેખી મોહી માણસ મારૂં મારૂં માની બેઠો છે, પણ તેમાં કશું કાંઇ તારૂં નથી. હે ચેતન ! આયુષ્ય ખૂટયું એટલે તું આ શરીરમાં જરા વાર રહેવાનો નથી અને ભાઇ, બેન, સ્ત્રી, પુત્ર, ધન, ઘર, હાટ સર્વે તારી આંખે દેખવામાં આવે છે, તે તારી સાથે આવશે નહિ. હે ચેતન ! ખોટી વસ્તુને કેમ ખરી માની બેઠો છે ? શું તને ભવનો ભય લાગતો નથી ? શું તારે આ સંસારમાં મરવાનું નથી ? શું પરભવમાં મનુષ્યનો અવતાર આવશે કે કેમ ? વળી તેં ગર્ભમાં ભોગવેલું અનંતુ દુઃખ કેમ વિસરી ગયો ? તારૂં મન હે ચેતન ! નવાં નવાં કર્મ ઉપાર્જન કરાવે છે. હે ચેતન ! તું કર્મની સંગે બહુ દુઃખીયો થયો અને હજી જો એ કર્મનો વિશ્વાસ કરીશ તો અનંતો સંસાર રખડીશ. હે ચેતન ! તેં તારા ઘરમાં શી શી વસ્તુઓ ભરી છે તેની ખબર લીધી નહિ. અહો હવે આયુષ્ય પણ ઓછું થતું જાય છે. જરા રાક્ષસી દાંત પીસી સામું જોઇ રહી છે. કામ ક્રોધ અને લોભરૂપી પિશાચો તારા શરીરમાં આખો દિવસ વાસ કરી રહ્યા છે. હે ચેતન ! આ સંસારમાં તને શાનો રાગ થાય છે ? હે ચેતન ! ઘરને બંદીખાના સમાન કેમ ગણુતો નથી ? સ્ત્રીના રાગને નરકના બારણા સમાન કેમ ગણતો નથી ? અને પુત્ર તથા પુત્રીઓને દુઃખનું કારણ કેમ માનતો નથી ? તારી સાથે આ સગાઇ જે થઈ છે તે પરભવમાં રહેશે નહિ. તું કપટ કરીશ નહિ, અહંકાર કરીશ નહિ, હવે હે ચેતનરાજ ! જો તમારા સ્વભાવમાં રમશો તો તમારે ભટકવું પડે છે અને દુઃખ સહન કરવાં પડે છે તે નહિ પડે. કહ્યું છે કેઃ—

जा दव्वे होइ मइ। अहवा तरुणीसु रूपवंतीसु ॥
सा जइ जिणवर धम्मे। करयल मझे ठिया सिद्धि ॥ १ ॥

જેવી બુદ્ધિ અને મન–તનની એકાગ્રતા પૈસો કમાવવામાં થાય છે અને જુવાન સ્ત્રીઓ ઉપર જેવો રાગ થાય છે તેવો

રાગ જો જૈન ધર્મપર થાય તો હથેલીમાં મુક્તિ જાણવી. વળી ધર્મ વસ્તુ કંઇ આંખે દેખવામાં આવતી નથી. તે તો આત્માનો ધર્મ છે આત્માના સ્વરૂપમાં રમવું તેનું નામ ધર્મ છે, જે માણસ આત્મધ્યાનમાં વખત ગાળે છે તેજ ડાહ્યા-સમજુ જાણવો. બળતા દાવાનળમાં રહી જે માણસ આત્મહિત કરવા ધારે છે તેનાથી ધર્મસાધન બરાબર બની શકવાનું નથી, કારણ કે અગ્નિમાં વસવું અને ઠંડા રહેવું એ કોઇ દિવસ બની શકતું નથી. ધન્ય છે સ્થૂલભદ્ર મુનિને, ધન્નાશાલીભદ્ર, સનત્-કુમાર ચક્રવર્તી જેવાને કે જેણે સંસારના સામી પુંઠ દઈને પોતાનું હિત કર્યું. જાણતાં છતાં પણ ચેતન પૌદ્ગલિક વસ્તુમાં રાચી માચી રહ્યો છે, તે દુઃખકારક છે. આ સંસારમાં કોઇ કોઈનું નથી, પરભવમાં કોઈ સાથે આવશે નહિ. આવી ધર્મની જોગ-વાઇ બીજા ભવમાં મળવી દુર્લભ છે. હે ચેતન ! તું વાંદરાની પેઠે ખૂબ પસ્તાઈશ. તે વાંદરાની કથા જંબુસ્વામિ ચરિત્રમાંથી જાણી લેવી. હે ચેતન ! આવી સામગ્રી પામ્યા છતાં પણ જો ચેતીશ નહિ તો કોઈનો વાંક નથી. કેવળ તું મૂર્ખ ગણાઇશ. રત્નદ્વીપ-માં જઇ જે રત્ન લે નહિ અને પથ્થર ગ્રહણ કરે તેવો તું હે ચેતન થઇ ગયો છું. જે જે વસ્તુમાં તું સુખ માને છે તે વસ્તુથી તને દુઃખ થવાનું છે. તરવું અને બૂડવું પોતાના જ હાથમાં છે. હે ચેતન ! આજકાલ કરતાં કેટલાંએક વર્ષ વીતી ગયાં, પણ હજી સંસારની અસારતા સમજી શકયો નહિ. પસલીમાંના પાણી જેવું આઉખું ચંચળ છે. આતમ સ્વરૂપ વિચાર !!! પરભાવ ત્યાગ કર ! હૃદયમાં જો ! આપોઆપ વિચારતાં આત્મસુખ પ્રાપ્ત થશેજ. હે ચેતન ! તું એમ કહીશ કે આ પુત્ર પુત્રીઓની જો સંભાળ ના લઉં તો શી ગતિ થાય, પણ જાણતો નથી કે જન્મતી વખત કાંઇ સાથે લઈ તું આવ્યો નથી અને કંઇ લેઈ જવાનો નથી. સૌ પોતપોતાના કર્મના અનુસાર સુખ દુઃખ ભોગવે છે, પણ તું તેમાં હું કરૂં છું, મારૂં છે, એવું જે અભિમાન રાખે છે તે ખોટું ઇંદ્રજાળ સમાન છે. જ્ઞાતા ખરો તે જ કે જે મોહ

માયામાં ફસાતો નથી. હે ચેતન! ચેત! કાળ ઝપાટા દેત. એવા વાક્યનું સ્મરણ કર. તારી જેવી મતિ તેવી ગતિ થશે. પરિણામે બંધન છે, એ વાક્યનો વિચાર કર. ઈંદ્ર મહારાજના ઘંટાનાદની પેઠે તારી ઊંઘ ઉડાડવા વાક્ય કહું છું કે સ્વભાવે ધર્મ છે અને વિભાવે કર્મ છે એવું જાણી મોક્ષ પામવા યથાશક્તિ અપ્રમત્તભાવે પુરૂષાર્થ કરવા તત્પર થા. દેવગુરૂની સેવાભક્તિમાં પૂર્ણ શ્રદ્ધાથી પ્રવર્તો. સાધુઓ પર શ્રદ્ધા રાખો, ત્યાગી ગુરૂઓની સેવા કરો. ત્યાગી મુનિયોનું વારંવાર આલંબન ગ્રહો, આગમો અને ધર્મગ્રંથોનું ગુરૂગમ પૂર્વક ગુરૂ પાસે શ્રવણ કરો, મત મતાંતર દૃષ્ટિરાગથી વ્યવહાર ધર્મસાધન કરતાં પાછા ન પડો. ત્યાગી સાધુમાં ગુરૂબુદ્ધિ ધારો- જૈન ધર્મશાસ્ત્રોની વિરૂદ્ધ જે જે મતમતાંતર હોય તેમાં શ્રદ્ધા ન રાખો. ગૃહસ્થમાં અને ત્યાગીમાં આકાશ પાતાળ જેટલો ફરક છે; ગૃહસ્થ ગમે તેવો આત્મજ્ઞાની હોય તો પણ તે ત્યાગી મુનિ આગળ સરસવના દાણા જેવડો છે અને ત્યાગી ગુરૂ મેરૂ પર્વત સમાન છે એમ સમજી ગૃહસ્થ દશા કરતાં મુનિદશાની ઉત્તમતા અનંતગુણી વિશેષ છે એમ નિશ્ચય કરજો અને નવીન મત પંથની જાળમાં દૃષ્ટિરાગથી સપડાશો નહિ; જો કે તમારી શ્રદ્ધા સાચી છે છતાં તેવા સંયોગોથી બાલજીવોને વંશપરામાં દૃષ્ટિરાગ અંધશ્રદ્ધા વડે ભવિષ્યમાં હાનિ પહોંચવાનો સંભવ ઉભો થાય. તમે ત્યાગી મુનિને ગુરૂ માનો છો; જ્ઞાની મુનિયો પર પૂર્ણ શ્રદ્ધા પ્રેમ રાખો છો; ગૃહસ્થને ગુરૂ માનતા નથી તેમ વારંવાર તમે મ્હને ખરી રીતે હૃદયથી જણાવ્યું છે છતાં પ્રસંગોપાત્ત ઉપદેશ દેવો, સૂચના કરવી તે ભાવી હિતાર્થે છે. જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના કરવા લક્ષ્ય દેશો. અસાર સંસારમાં કંઇ સાર નથી. દરરોજ વૈરાગ્ય ભાવથી આત્માને ભાવશો. ધર્મ સાધન કરશો. એજ

ૐ શાંતિઃ ૩

લેખક. બુદ્ધિસાગર — મુકામ. લોદરા

સંવત. ૧૯૬૦

શ્રી. કાવીઠા મધ્યે સુશ્રાવક. શા રતનચંદ લાધાજી તથા ઝવેરભાઇ ચોગ્ય ધર્મલાભ—

વિ. આત્મ સાધન થતું હશે, વ્યવહાર તથા નિશ્ચય નય વાદી, સર્વદર્શી આર્હતધર્મપ્રરૂપક જે ભવ્ય ઠેર ઠેર સમ નયાલંબને કરી કારણ કાર્યરૂપ ધર્મ સ્વીકારે છે, મનન કરે છે તે ભવ્યજીવ, ધર્મોન્નતિ દ્વારા શાશ્વત સુખ કરતલ ગત કરે છે. નિશ્ચય તે આત્માની શુદ્ધસત્તા પ્રરૂપે છે તે નયનું કારણ ભૂત વ્યવહાર નય છે, તીર્થંકર મહારાજા વ્યવહાર ચારિત્ર ગ્રહણ કરી નિશ્ચયની સફલતા દર્શાવે છે. કારણને છેદ તેને કાર્યને છેદ બતાવે છે. મુક્તિરૂપ કાર્યનાં અનેક કારણ મુખ્ય તથા ગૌણતાએ તથા શુદ્ધ તથા અશુદ્ધરૂપતાએ નિમિત્ત તથા ઉપાદાન રૂપે ભાસે છે. પરિણામનીધારા ‘ કારણ પામી ’ નિશ્ચયાત્મક આત્મસ્વરૂપ વિકાસે છે, જોકે ઉપર લખેલી બાબતોનું વર્ણન વિશેષ છે અને પરસ્પર સાપેક્ષ શ્રદ્ધા યુત ભવ્યને મુક્તિની પ્રાપ્તિ કરાવે છે. જોકે વ્યવહાર નયેકરી વ્યવહારનો વિશેષ ભેદ દેખાડવામાં આવે છે તેથી એકાંતતાનો ત્યાગ તે નય સૂચવે છે. જેમ જેમ જ્ઞાન શક્તિદ્વારા આત્માની સ્ફૂર્તિ પ્રગટી ભૂત થાય છે તેમ તેમ અનુભવજ્ઞાને જ્ઞાની, કારણ કાર્યનું પુષ્ટ અવલંબન કરે છે અને કરશે. પ્રગટ જ્ઞાન દ્વારા સૂક્ષ્મ દષ્ટિ જીવોને જીનવાણી યથાર્થ ભાસેછે. જ્ઞાન અને ક્રિયા દ્વારા કારણ કાર્યતાએ મોક્ષ લક્ષ્મી, આસન્નતાને પામે છે પણ એકાંતતા, નિર્ગ્રન્થ પ્રવચનમાં સ્વીકારાતી નથી. જોકે પંચ વિષ પરિપૂર્ણ હુંડા અવસર્પિણી કાલમાં સર્વ ધર્મ સામગ્રી પામવી દુર્લભ છે, તોપણ પુણ્યાનુસારે ભવિતવ્યતા મુજબ કર્મ તથા ઉદ્યમ પૂર્વક સત્સંગદ્વારા–વિશ્વાસ પૂર્વક વિવેકમારફત ભવ્યોથી પામી શકાય છે, કેટલાક પામશે અને કોઈ કાલાનુસાર પામે છે એજ

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર

વિ. સં. ૧૯૬૪

અમદાવાદ તત્ર સુશ્રાવક શા. અમૃતલાલ કેશવલાલ યોગ્ય ધર્મલાભ વિ. તમોએ મનને વશ રાખવાના ઉપાયોને પુચ્છયા તે જાણ્યું. તે સંબંધી જણાવવાનું કે જ્યાંસુધીમનમાં વિષય કામેચ્છાઓ છે ત્યાં સુધી મન સ્થિર થતું નથી. જે જે પદાર્થોના ભોગો માટે મન ચંચળ બને છે તે તે પદાર્થોનું ક્ષણિકત્વ અસારપણું ચિંતવવું. બાહ્ય વિષયદ્વારા આનંદ પ્રગટે છે. એવી બહિરાત્મ બુદ્ધિથીજ મન ચંચલ અશાંત બને છે. આનંદમાટે જ સર્વ જીવોની ગમે તેવી પ્રવૃત્તિ થાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોના ભોગથી આનંદ મળે છે એવી રજોગુણ તમોગુણવાળી મોહબુદ્ધિથી મનમાં ઉપાધિનો સંસાર પ્રગટે છે. પશ્ચાત્ તે બાહ્યમાં પણ દૃશ્યમાન થાય છે. જડ વસ્તુઓથી આનંદ મેળવવાની વાસના છે જ્યાં સુધી ત્યાં સુધી મનવશ થાય નહિ. આનંદ વિના કોઇ પણ પ્રાણી જીવી શકતો નથી. જડાનંદ અગર આત્માનંદ એમાંથી ગમે તે આનંદે મનુષ્યો જીવી શકે છે, પૂર્ણાનંદ ન પ્રગટે અર્થાત્ આત્માનંદન સ્વાદી શકાય ત્યાં સુધી જડાનંદની વૃત્તિ અને પ્રવૃત્તિ રહ્યા કરે છે. આત્માનંદનો અનુભવ આવ્યા પછી જડાનંદની શ્રદ્ધા સહેજે ટળે છે. જડાનંદની સામગ્રીનો ત્યાગ કર્યા માત્રથી જડાનંદની વૃત્તિ ટળતી નથી. જ્યારે આત્માનંદનો અનુભવ આવે છે ત્યારેજ જડાનંદની મોહવૃત્તિ ટળે છે જડાનંદની વૃત્તિ જ્યાં સુધી છે ત્યાં સુધી મનની સ્થિરતા થતી નથી. આત્મજ્ઞાન પ્રગટયા પછી આત્મામાંજ આત્માના આનંદનો નિશ્ચય થાય છે પશ્ચાત્ ભોગાવલી કર્મોદયથી પૌદ્ગલિક શાતા ( જડાનંદ ) ભોગવાય છે પણ તેમાં આત્માના સત્યાનંદનો નિશ્ચય રહેતો નથી, તેથી ત્રયોદશમા ગુણસ્થાનક વર્તી કેવલ જ્ઞાની શાતા વેદનીય રૂપ જડાનંદનો ભોગ કરે છે તો પણ તે અંતરથી ન્યારા છે અને સમયે સમયે આત્માના પૂર્ણાનંદ રસનો ભોગ કરે છે. તેરમાગુણસ્થાનક

સુધી સાતા વેદનીયરૂપ જડાનંદનો ભોગ તો રહે છે પણ ત્યાં જડાનંદની ઈચ્છા રહેતી નથી. જ્યાં સુધી જડાનંદની ઈચ્છા છે ત્યાં સુધી મોહ છે. જડાનંદની ઈચ્છા વિના પ્રારબ્ધ ભોગાવલી કર્મથી શાતાવેદની પ્રગટે છે તે ભોગવતાં છતાં આત્માનંદનો અનુભવ, જ્ઞાનીઓને કાયમ રહે છે તેથી આત્મજ્ઞાનીઓ શાતાવેદનીય ( જડાનંદ ) ભોગવતા છતા નવીન કર્મ બાંધતા નથી, સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી ઉપર ઉપરના ગુણસ્થાનકે આત્માનંદનો નિશ્ચય વધતો જાય છે. જડાનંદનો પ્રારબ્ધ કર્મોદયે ભોગ છતાં અંતરથી તેમાં અનાસક્તિ તથા આત્માનંદની ઝાંખીનો અનુભવ આવતો જાય છે, અંતરાત્મ દશામાં આ પ્રમાણે આત્માનંદ નિશ્ચય, કંઈક આત્માનંદની પ્રાપ્તિ તથા શાતાવેદનીય જડાનંદની ઇચ્છા તથા ઇચ્છા મોહ વિના જડાનંદ ભોગ એવી દશા કાયમ રહે છે. સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકમાં આત્માનંદનો વિશેષ અનુભવ થાય છે. આઠમા ગુણસ્થાનકથી ક્ષપક શ્રેણિમાં આત્માનંદ અનુભવની વિશેષ ઝાંખી પ્રકટે છે. તેરમા સયોગી ગુણસ્થાનકમાં કેવલજ્ઞાન અને આત્માનો પૂર્ણાનંદ પ્રગટે છે. શાતા વેદનીયરૂપ જડ પ્રકૃતિનો સંબંધ તેરમા ગુણસ્થાનક સુધી કેવલી પરઆત્માને વર્તે છે પણ ત્યાં ભાવ મન નથી. ક્ષપકશ્રેણિમાં દશમા ગુણસ્થાનક ઉપર મોહ નથી. ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી ચારિત્રની ક્ષયોપશમ દશા હોવાથી વારંવાર આત્મસુખનો અનુભવસ્વાદ આવે છે અને જાય છે એમ અસંખ્ય વાર બને છે. જેમ જેમ આત્મોપયોગ વર્તે છે તેમ તેમ મોહનો ઉપશમ ક્ષયોપશમ થાય છે તેથી આત્માનંદ વેદાય છે અને શાતાવેદનીય પણ કાયમ વર્તે છે. કોઈને અશાતાવેદનીય પણ ઉદયમાં હોય છે. આત્મજ્ઞાન અને આત્મોપયોગથી મનની ચંચળતા ટળે છે. આત્મજ્ઞાન થયા પછીથી મન હળવે હળવે વશમાં આવે છે. અનેક ભવના મન જીતવાના અભ્યાસથી મન વશ થાય છે. આત્માને સમ્યક્ પ્રકારે જાણીને જે આત્માપર જ વિશ્વાસ રાખે છે તેને બાહ્ય વસ્તુઓનો મોહ રહેતો નથી. બાહ્ય વસ્તુઓનો

મોહ ટળતાં મન વશ થાય છે અને આત્માની આજ્ઞા પ્રમાણે વર્તે છે, પશ્ચાત્ શાતાવેદનીયના ભોગોમાં શાતાનો અનુભવ છતાં પણ આત્માના આનંદનો પૂર્ણ નિશ્ચય વર્તે છે. આત્માના આનંદનો અનુભવ થયા પછી બાહ્ય પદાર્થોમાં સુખની બુદ્ધિ નહિ રહેવાથી આપોઆપ આત્મા જડ વસ્તુઓમાં મોહ પરિણામે પરિણમતો નથી. જડ વસ્તુઓનો રાગ જે જે અંશે ટળે છે અને આત્મા પર જે જે અંશે રાગ પ્રગટે છે તે તે અંશે મનની ચંચળતા ટળે છે, માટે આત્મામાં પૂર્ણરાગે રંગાઇ જા! આત્મામં શ્રદ્ધાપ્રેમથી લયલીન થા! એજ. પ્રેમભક્તિનો મન વશ કરવાનો યોગ સાધ્ય !!! મનમાં ઉપજતા દુર્ગુણ દુષ્ટ કષાયોને પ્રગટતા વારવા પ્રયત્ન કર! મોહને હૃદયમાં પ્રગટવા ન દે. ક્ષણે ક્ષણે અશુભ વિચારોનું પ્રતિક્રમણ કર. શાતા વેદનીય ભોગોને વેદતો છતો તેમાં સુખની બુદ્ધિ ધારણ કરીને મોહ ન પામ. આત્મામાં વિશ્વાસ રાખ!!! મનના કહ્યા પ્રમાણે ન વર્ત. મનની મારામારીથી આત્મા જૂદો છે એમ ભાવ, શરીરાદિના પડદાઓમાં રહેલો આત્મા તેજ હું છું એમ સોઽહં સોઽહં મંત્રનું સ્મરણ કર. જ્ઞાનદર્શન ચારિત્રમય આત્મા તેજ તું છે પણ જડ વસ્તુઓ તે તું નથી એવો **तत्त्वमसि**નો અનુભવ કરી અન્ય જડ વસ્તુઓથી આત્માને ભિન્ન ભાવ! ગુરૂ અને સાધુઓની વારંવાર સંગતિ કર! પ્રભુની પ્રતિમાની પૂજા કરી મનને જીતવાના વિચારો કર !!! ધર્મશાસ્ત્રોને વારંવાર સ્વાધિકારે વાંચ. ધર્માનુષ્ઠાનોને ઉપયોગ પૂર્વક આદર! એથી મન વશ કરવાની કુંચીઓ હાથમાં આવશે. ધર્મસાધન કરજે.

**ॐ अर्हं शांतिः ३**

લે૦ બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૮ ફાગણ સુદિ. ૯.

શ્રી અમદાવાદ તત્ર સુશ્રાવક શા. ઝવેરી કેશવલાલ લલ્લુભાઈ રાયજી તથા ભાઈ અમૃતલાલ લલ્લુભાઈ તથા મનુભાઈ યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર પહોંચ્યો. વિ. અત્ર નિરૂપાધિક દશામાં આત્મોપયોગે જીવન વીતે છે. આત્માનંદમાં મસ્ત રહેવા માટે બાહ્યથી નિરૂપાધિ જીવન ઘણું ઉપયોગી છે. અહીંના પાટણવાળા મુન્સફ મણિલાલ દોલતચંદ તથા વકીલ વીરપાળ તથા વકીલ નગીનદાસ જેઠાભાઇ, વકીલ હીરાલાલ વગેરેએ આગમસાર ગ્રંથનો અમારી પાસે અભ્યાસ કરવા માંડયો હતો તે છઠ્ઠે પૂરો થયો છે. હવે તે રાત્રીએ આવે છે અને અન્ય જૈનો પણ અધ્યાત્મ જ્ઞાનની ઇચ્છાથી આવે છે તેથી આત્મજ્ઞાનનો ઉપયોગ ઘણો તાજો રહે છે અને સમભાવ પૂર્વક આત્માનંદરસ અનુભવાય છે. અન્યોને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ પન્નર દિવસે થાય છે. આવાં વિજાપુર જેવાં સ્થળો અને ગામડાંઓમાં નિવૃત્તિસ્થળે રહેવાનું કારણ ખરેખર જ્ઞાન ધ્યાન સમાધિ દ્વારા આત્મોપયોગની શુદ્ધતા કરવાનું છે. પાદરાથી વકીલનું મંડળ અહીં આવી જ્ઞાન ધ્યાનની ગોષ્ટીથી આનંદ પામી ગયું છે. મનને આત્માભિમુખ રાખવામાં હાલ વિશેષ ઉપયોગ દેવાય છે. પૂર્વ કૃતકર્મ પૈકી ઘાતીકર્મનો આત્મોપયોગે ઉપશમ અને ક્ષયોપશમ થાય છે. ઘાતી કર્મનો નાશ કરવા આત્મોપયોગ તે અંતરંગ ઉપાદાન કારણ છે તે ઘણી વખત વ્યક્ત વર્તે છે તેથી દેહાદિક ઔદાયિક ભાવની અહંવૃત્તિ થતી નથી. આત્મોપયોગે અઘાતીકર્મનો ઉદય વેદાતાં સમભાવ રહે છે અને તેથી નવીન કર્મનો અબંધ, અલ્પ બંધ જેવો અનુભવ આવે છે, એમ શુદ્ધોપયોગકાલે તેવું અનુમાન ભાસે છે. શુદ્ધોપયોગકાલમાં કર્મ ભોગવતાં નવીન કર્મબંધની પરંપરા રહેતી નથી. ઔદયિક કર્મયોગે બાહ્યકર્મ કરતાં

છતાં આત્મામાં ચિત્ત ઉપયોગ રાખી આત્માનું સ્વરૂપ ભાવતાં આત્મબલ પ્રગટે છે અને નવીન અહંવૃત્તિ સ્ફૂરતી નથી, એવી દશા પ્રગટાવવા માટે આત્મજ્ઞાન પ્રગટાવવું જોઈએ; અને પ્રગટયું હોય તો તમારે સર્વ કાર્ય કરતાં અંતરથી ન્યારા રહી વર્તવું જોઈએ. એવી દશા પામવાને સંત સમાગમ અને જ્ઞાન ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. જેટલી બને તેટલી બાહ્યની ફરજો બજાવતાં છતાં બાહ્યમાં રસ લાગતો નથી પણ આત્માનંદ રસે બાહ્ય ફરજ અદા કરતાં બાહ્યમાં શુષ્કતા રહેતી નથી એમ ક્ષયોપશમભાવની પરિણતિએ માનું છું. ક્ષાયિકભાવે થશે ત્યારે પૂર્ણ કાર્ય સિદ્ધ થશે.

**इत्येवं ॐ अर्ह महावीर शान्तिः ३**

---

લે૦ બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૮ ફાગણ વદિ ૯.

શ્રી અમદાવાદ તત્ર. સુશ્રાવક. શેઠ. જગાભાઇ દલપતભાઇ. શેઠ મણીભાઈ દલપતભાઇ—સુશ્રાવિકાશેઠાણી ગંગાબેન તથા સરસ્વતીબેન વગેરે યોગ્ય ધર્મલાભ

તમારો પત્ર આવ્યો હતો તથા દવા પણ પહોંચી, હવે શરીર નિરોગી થયું હશે, ક્ષણ પહેલાનાં કરેલાં કર્મો તે અપેક્ષાએ પૂર્વ કૃતકર્મ છે અને પૂર્વ ભવનાં કરેલાં કર્મ પણ પૂર્વ કૃતકર્મ છે તે ઉદયમાં આવીને રોગાદિક કર્મ વિપાકોને દેખાડે છે. સમ્યગ્ દૃષ્ટિ જીવ, કર્મોદય વખતે કર્મનું સ્વરૂપ વિચારે છે તેથી તે નવીન કર્મ બંધ પ્રાયઃ અલ્પ કરી શકે છે, સમ્યગ્ દૃષ્ટિ જૈન, કર્મોદય પ્રસંગે ઔષધાદિ પ્રવૃત્તિ કરે છે પણ તે મોહથી મુંઝાતો નથી. આત્માનું સ્વરૂપ અને કર્મનું સ્વરૂપ વિવેકથી ભિન્ન ભિન્ન કરે છે તેથી તે કર્મોદયમાં ધર્મ ધ્યાનનો ઉપયોગી બને છે. કહ્યુ છે કે—

ગાથા—सव्वे पुव्व कयाणं। कम्माणं पावए फल विवागं।
अवरोहेसु गुणेसुअ। निमित्तमित्तं परो होइ ॥
સર્વ જીવો પૂર્વ કૃતકર્મના શુભાશુભ કર્મ વિપાકોને ભોગવે છે. અપરાધોમાં, ગુણોમાં કર્મના ઉદયથી અન્ય જીવો તો નિમિત્ત રૂપ બને છે.

[ દુહા. ]

કર્મોદયથી સુખ દુઃખ, પામે સર્વે જીવ;
નિર્લેપી થઇ ભોગવે, તે પામે જન શિવ. ૧
કર્મવશે સૌ જીવડા, ચતુર્ગતિ અથડાય;
આત્મોપભોગે વર્તતાં, આતમનું સુખ પાય. ૨
મુક્તિના સોપાન પર, જીવ ચઢે ગુણ જાણ;
પણ ઉથલાવી પાડતું, કર્મોદય બલવાન. ૩
કર્મોદય બલવાન તો, ઉદ્યમ નિષ્ફલ જાય;
ઉંદર ઉદ્યમ બહુ કરે, સર્પ મુખે તે જાય.
ખંડ દેશ પર્વત ભમો, પણ છે આગળ કર્મ;
શર્મ નહિં છે કર્મને, કરવા દે નહિ ધર્મ ૫
કર્મોદય અનુસાર સહુ, પામે છે સુખ દુઃખ;
ઊંચા નીચા ભેદ સહુ, કર્મે રોગ ને ભૂખ. ૬
જ્ઞાની કર્મોદયવિષે, ધારે છે સમભાવ;
કર્મોદયનાટકવિષે, ઉપયોગે લે દાવ. ૭
કર્મોદય આવ્યા થકી, હર્ષ શોક નહિ થાય;
ચિદાનંદ ઉપયોગમાં, આત્મવિષે જ સમાય. ૮
કર્મતણાં નાટક કરે, રાખે આતમભાન;
બુદ્ધિસાગરજ્ઞાનીજન, પામે કેવલજ્ઞાન. ૯

શુભાશુભ કર્મોદયી જીવો સર્વે દેખાય છે તેમાં શું આશ્ચર્ય છે? કર્મોદય પ્રસંગે આત્માનું સ્વરૂપ વિચારવું. કર્મોના વિપાકો ચિંતવતાં આત્મા નિર્મોહી બને છે. કર્મોદય પ્રસંગે હું તો શુદ્ધાત્મ

સ્વરૂપનો ઉપયોગ ધારવા પ્રયત્ન કરૂં છું, તેથી બાહ્યથી કર્મ વેદાય છે, અને અંતરમાં ઉપયોગ રહે છે. એમ સદા અભ્યાસ રહે એ જ ધારણા છે. ધર્મસાધન કરશો. સર્વને ધર્મલાભ, પત્ર વાંચીને દીર્ઘકાલ સુધી મનન કરશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः

---

લે૦ બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સં. ૧૯૭૮ ફાગણ વદિ ૯

## વિજાપુરમાં લુંટારાઓની ધાડની અફવાથી ફેલાયલો લોકોમાં ત્રાસ અને લોકોની નિર્બળતા, ભીરૂતા.

ફાગણ વદિ નવમીના રોજ બે વાગ્યાના સુમારે ભાવસોર ગામ તરફથી કોઇક આવનારે અફવા ફેલાવી કે વિજાપુરમાં લુંટારાઓ ચઢી આવે છે, ભાટવાડો લુંટે છે. એવી અફવાથી કચેરીઓ અને નિશાળ બંધ થઇ ગઈ, દુકાનો ધપોધપ બંધ થઇ ગઇ, બૈરાંઓ તો કેટલાંક થર થર કંપવા લાગ્યાં. હિંદુ બૈરાંઓ તથા કેટલાક જૈનપુરૂષો બીકના માર્યા વહોરાઓ અને મુસલ્માનોના ઘરમાં તથા ઢેંડોના ઘરમાં સંતાયા, કેટલાક તો ઘર વાસી વાસીનેસંતાઇ ગયા. અમોએ ઉપાશ્રયમાં રહી આવી સ્થિતિ દેખી અને તેથી ગામના લોકોની ભીરૂતા અને બાયલાપણા ઉપર કરૂણા આવી. જે ગામના અને દેશના પુરૂષો અને સ્ત્રીઓ આવાં બીકણુ હોય છે તેનાં સંતાનોની પરંપરા દુનિયામાં જીવી શકે નહિ અને મંદિર, દેરાસર, ધર્મ તથા સ્વકુટુમ્બ વગેરેનું રક્ષણ કરી શકે નહિ. પોતાની માલમિલકત રક્ષણ કરવા જેટલી શક્તિયોને મેળવ્યા વિના ગૃહસ્થાશ્રમી ન થવું જોઇએ. પોતાનું, ગામનું, સંઘનું રક્ષણ કરવા જેટલી શક્તિ વિનાના બાયલા પુરૂષોને ગૃહસ્થજીવને જીવવાનો અધિકાર નથી. એવા લોકોની વંશ પરંપરાના લોકો બકરીના જેવા પશુજીવને જીવીને છેવટે મરે છે અને

તેના સ્થાને અન્યદેશી શૂરો આવે છે. કર્મમાં અગર ધર્મમાં બાયલાઓને જીવવાનો અધિકાર નથી. જે કર્મમાં શૂરા હોય છે તેજ ધર્મમાં શૂરા હોય છે. લુંટારાઓના સ્હામે સ્વકુટુમ્બ, ગ્રામ વગેરેના રક્ષણ માટે પહેલાંથી શસ્ત્રાદિકના બળનું શિક્ષણ મેળવીને ગૃહસ્થો ગૃહસ્થધર્મની ફરજ અદા કરે છે. ગૃહસ્થાવાસમાં ગૃહસ્થની ફરજો જે જે અદા કરવાની હોય તે તે આત્મોપયોગીને પણ ગૃહસ્થદશામાં અદા કરવી પડે છે. જો તે સ્વફરજો અદા કરતાં મૃત્યુ આદિ ભયથી બીએ છે તો તે ગૃહસ્થધર્મને લાયક રહેતો નથી. નિર્વીર્યમનુષ્ય ખરેખર મડદા જેવો છે. દેરાસર ઉપાશ્રય આદિનું રક્ષણ કરવામાં તથા લુંટારાઓથી પોતાની જાત, ઘર, દુકાન વગેરેને બચાવવામાં બાયલા નપુંસક જેવા જૈનો અને તેઓની સ્ત્રીઓથી ઉત્તમ શૂર કર્મયોગી સંતાનો પ્રગટી શકે નહિ અને એવા જૈનોથી જૈનધર્મનું રક્ષણ થઇ શકે નહિ. હિંદુઓ અને જૈનોની આવી પામર દશા જ્યાં સુધી છે ત્યાં સુધી તે બાહ્ય સ્વરાજ્યને લાયક નથી. શસ્ત્રાદિક બળનો અન્યાયથી સ્વાર્થથી દુરૂપયોગ ન કરવો પણ ધાડપાડુ લુંટારા જેવાની સ્હામે રહી સદુપયોગ કરવો એવી ગૃહસ્થ લોકોની ફરજ છે, તેથી ભ્રષ્ટપતિત થનારાઓ આર્યપણાને લજવે છે. ગૃહસ્થ જૈનોના ત્યાગીના જેવા અહિંસકપરિણામ વર્તે ત્હોયે પણ તેઓએ ગૃહસ્થાવાસમાં રહેવાનું હોય ત્યાં સુધી ગૃહસ્થાવાસની ફરજોને અંતરથી ન્યારા રહી બહારથી કરવી જોઇએ અને એવી ફરજો અદા ન કરાય તો ગૃહસ્થાવાસનો ત્યાગ કરવો જોઇએ. ત્યાગી અવસ્થાની ફરજો અદા કરવામાં તથા ધર્માચાર્ય પ્રવર્તકની ફરજો અદા કરવામાં જે કાયર હોય તેણે તે તે પદને સ્વીકારવું ન જોઇએ. ગૃહસ્થાવાસમાં રહ્યા છતાં ત્યાગીના જેવું વર્તન થઈ શકે નહિ. જે પોતે બાયલો બને છે તે પોતાનાં બાળકોને અને વંશપરંપરાને બાયલી બનાવે. છે. એવા લોકોની દેશભૂમિ, લક્ષ્મી સંતતિ વગેરેને અન્ય શૂરપ્રજાઓ પોતાના તાબે કરે છે અને તેઓ ગુલામ બની વિશ્વમાં પોતાના ધર્મનું તથા વંશપરંપરાનું

અસ્તિત્વ ગુમાવી દે છે. પોતાનામાં પોતાના રક્ષણનું બળ પ્રગટાવવું જોઇએ અને પારકાના બળ ઉપર વિશ્વાસ રાખી પરાશ્રયી ન બનવું જોઇએ. જે અન્યોના આધારે જીવી શકે છે તે જીવતા મરેલા છે. મરેલાની જગ્યાએ અન્ય જીવંત લોકો આવે છે. ગૃહસ્થ લોકોએ ગૃહસ્થાવાસમાં સર્વપ્રકારની શકિતયોથી યુક્ત રહેવું અને પોતાને નાશ કરનારાઓ સ્હામે સ્વશકિત તથા સંઘ શકિત વાપરીને જીવવું અને અંતરમાં આત્માના શુદ્ધોપયોગે જીવવું. પોતાનાં બાળકોને બળવાન્ બનાવવાં. એક જ બાળક જ્યારે ત્યારે પ્રસંગ પડે ત્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનું કાર્ય કરે અને જૈનધર્મને આરાધી શકે એવી રીતે માબાપે બાળકોને શિક્ષણ આપવું. જૈનોએ ક્ષાત્રકર્મની ફરજોને ખોઇ, વણીક પણાની ફરજોથી પણ હાલ મહદાલ બને છે અને જૈનધર્મની સાધનામાં પણ મહદાલ બને છે તે ગૃહસ્થધર્મથી પતિત થવાનું ચિન્હ છે. તેઓ મોજી શોખી બનીને જૈનત્વનું સ્વાસ્તિત્વ ન ગુમાવે અને બહાદુર બની સ્વફરજોથી દેશ કોમ જ્ઞાતિ સમાજ સંઘ રાજ્ય કુટુંબ વગેરેનું રક્ષણ કરે અને ત્યાગીઓની, તીર્થોની, ચતુર્વિધસંઘની ભકિત સેવા રક્ષણ કરતા જીવે અને વિશ્વવર્તિ ધર્મીલોકોને જીવાડે એમ જૈનધાર્મિકશાસ્ત્રો ફરમાવે છે. કર્મયોગી જ્ઞાની ગૃહસ્થ જૈનો વિશ્વમાં જયવંતા વર્તે છે. ગૃહસ્થ દશામાં ચોથામાં અને પાંચમા ગુણસ્થાનકમાં રહેલ જૈનોના શુભાધ્યવસાયો કદાપિ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક વર્તી સાધુના જેવા વર્તે પણ ગૃહસ્થવેષમાં ગૃહસ્થની લૌકિક લોકોત્તર ધર્મ્ય ફરજોને ઉત્સર્ગ માર્ગથી અને અપવાદમાર્ગથી બાહ્યથી અદા કરવી જોઇએ. મારી દશા શુદ્ધાત્મસ્વરૂપના સાધક ત્યાગી ધર્મની છે તેમાં મારો ઉપયોગ છે અને વ્યવહારથી વ્યવહાર ફરજોને અદા કરવાની છે. મારે મારા સ્વભાવમાં રહેવું અને ગૃહસ્થોને ગૃહસ્થ ધર્મની ફરજોનો ઉપદેશ દેવો તે તેમના ધર્મની દૃષ્ટિએ દેવાનો છે. તે પ્રમાણે દીધો છે.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः

લેખક બુદ્ધિસાગર. મુ. અમદાવાદ.

તા. ૧૦-૯-૧૦.

શ્રી પાદરા મધ્યે સુશ્રાવક વકીલ મોહનલાલ હીમચંદ ભાઇ યોગ્ય ધર્મલાભ.

વિ. જ્ઞાનસાર પુસ્તક વાંચીને તેનો અર્થ વિચારશો તો મનના વિકલ્પ સંકલ્પ ટળશે. આત્મદૃષ્ટિ વિના પરભાવ દૃષ્ટિથી અવલોકવાથી બંધનો પેદા થાય છે. આત્મદૃષ્ટિથી દેખનાર મનુષ્યો જગત્માં વિરલા છે. આત્માને આત્મભાવે દેખીને અને જડ વસ્તુઓને જડભાવે દેખીને સ્વભાવ રમણતા કરતાં પારકી પંચાતનો અવકાશ રહેતો નથી. જ્યારે સાધ્યનો ઉપયોગ ચુકાય છે ત્યારે પરની પંચાતોમાં લક્ષ્ય જાય છે. વિનય ભકિત આદિ અંગોમાં જેટલી ન્યૂનતા થાય છે તેટલું અહિત થાય છે. જે જે અંગોની સાધ્ય સાપેક્ષપણે આવશ્યકતા સિદ્ધ કરે છે. તે તે અંગોમાં અમુક અંશે અમુક દૃષ્ટિથી ન્યૂનતા રહેવાથી શુદ્ધાત્મ પ્રાપ્તિમાં વિઘ્નો નડે છે, સાધ્યદૃષ્ટિ રાખીને આત્મના ગુણ પર્યાયની ચિંતનામાં રમણતા કરીને અપ્રમત્તપણે આત્મહિતમાં પ્રવૃત્તિ કરવી. એજ હિતકર છે

ૐ શાંતિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. મુ. દમણ.

તા. ૨૭-૬-૧૨

શ્રી પાદરા મધ્યે સુશ્રાવક શા. મોહનલાલ હિમચંદ ભાઈ યોગ્ય ધર્મલાભ

તમારો પત્ર અત્રેના સંઘપર આવ્યો હતો તે વાંચ્યો. અત્ર પ્રાયઃ સાત આઠ દિવસ રહેવા વિચાર છે. ભવ્ય જીવોને યથા શક્તિ ઉપદેશ આપવા ગુંથાયેલો છું. પ્રાયઃ અત્ર તરફ ઘણી

હિંસા થતી જોવામાં આવે છે તેથી બનતો ઉપદેશ આપવા લક્ષ્ય રહે છે અને એમ કહેવું જોઈએ કે ઉપદેશની અસર જેટલી થાય છે તેટલી કરોડો રૂપૈયા ખર્ચવાથી પણ અસર થતી નથી. ઉપદેશથી હૃદયમાં રહેલ અજ્ઞાન અંધકાર દૂર જાય છે સદ્‌ગુરૂના ઉપદેશ વિના માનસિક દુઃખો કદિ ટળ્યાં નથી, અને ટળવાનાં નથી. માનસિક વાસનાઓથી થતાં દુઃખેનો નાશ કરવો હોયતો ઊપદેશપાનામૃત પીવું જોઈએ. સર્વ ધર્મની ક્રિયાઓની આવશ્યકતા પહેલાં ખરેખર ઉપદેશ શ્રવણ ક્રિયાની આવશ્યકતા છે. ઉપદેશ દેતાં અને લેતાં પણ ઘણાં વિઘ્નો આવી પડે છે. અનેક જીવો પ્રતિપક્ષી બને છે છતાં આત્માર્થી જીવો સદુપદેશના સિદ્ધાંતને દૃઢ રીતે વળગી રહે છે. આકાળમાં સદુપદેશ દેનારા અને લેનારા વિરલા છે ઉલટા તેમાં અંતરાય કરનારાઓ પોતાને જ્ઞાની માની ઉંધું કરવા ચૂકતા નથી તેમ છતાં સાગરમાં મહેરામણ મીઠીજાણીને આત્માર્થી જનો આત્મામાં રમણતા કરે છે. પંચમ કાલમાં સત્સમાગમ એજ કલ્પ વૃક્ષ છે કે જેથી શાંતિ મળે છે. અત્ર નવમી દશમી સુધી પ્રાયઃ રહેવાનું બને તેમ છે.

ૐ શાંતિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ.

તા. ૨૬–૪–૧૩

શ્રી પાદરા મધ્યે સુશ્રાવક વકીલ મોહનલાલ હીમચંદ ભાઈ યોગ્ય ધર્મલાભ

વિ. થોડા દિવસપરના પત્રથી હકીકત જાણી.

કાવ્ય.

જીનવાણીનું જ્યાં જોર છે, ત્યાં વાત કરાંથી ભ્રાંતિની.<br>
આત્મિકરૂપે પરિણમે જ્યાં, જ્ઞાનવાત જ શાંતિની ॥

આત્માર્થની ચર્ચાવિષે, આનંદમાં જીવન વહે;
ત્યાં કર્મ પણ સમભાવથી, વેદાય છે જ્ઞાની કહે ॥ ૧ ॥
અનુભવથકી ભેદ જ થતો, જ્યાં જીવને કાયાતણો.
ત્યાં ભેદજ્ઞાન જ વસ્તુતઃ, એ બોધ છે સોહામણો;
પરિણામ જ્યાં નિજમાં થતું, અંતરતણી નિજશક્તિનું
ત્યાં કારકો સવળાં થતાં, પ્રાકટય છે નિજ વ્યક્તિનું ૨

સંસ્કાર એવા જ્ઞાનથી, ચારિત્રના વધતા રહે;
આત્માર્થતા વૃદ્ધિ કરી, પરમાત્મતા અંતર વહે.
સંસ્કાર એવા પાડવા, અંતરથકી ઉદ્યમ કરો;
ચારિત્ર્યની એ ભાવના, ફળ આપશે નિશ્ચય ધરો. ૩

જે ભાવનાનો રસ પડયો, ફલ આપતો તેતો સહી;
આત્માર્થના સંસ્કારમાં, આગળ વધો મન ગહગહી.
આત્માર્થના શુભ હેતુઓને, આદરી આગળ વહો;
ત્રિયોગનું જે વીર્ય તે, નિજશુદ્ધિ માટે સંલહો. ૪

વ્યાપાર અંતર બાહ્યથી, નિજશુદ્ધિના તે તે કરો;
અધિકાર પોતાનો ખરો, ઝટ ઓળખી યોગ્ય જ ધરો.
અધિકારથી કરણી ખરી, સહુને અપેક્ષાએ રહી;
સમજે સમયના ભેદુઓ, નિજ આત્મમાં સ્થિરતા વહી. ૫
સાપેક્ષદૃષ્ટિ સાધ્યના, ઉપયોગમાં લયલીન થૈ;
ધ્યાન જ ધરે અંતરવિષે, અનુભવ પયસ્માં મીન થૈ.
અનુભવતણા બહુ ભેદમાં, નહિ ખેદ જ્ઞાની ઘટવિષે;
બુદ્ધયબ્ધિ સાધ્ય જ સાધવા, સ્યાદ્વાદિને સાચું દિસે. ૬

શ્રીમદ્. દેવચંદ્રજીની લખેલી ચોવીશી મારી પાસે નથી. અમદાવાદમાં મળી શકશે. બનતો પ્રયત્ન કરીશ. ધર્મ સાધન કરશો.

લેખક. બુદ્ધિસાગર                                                     મુ. અમદાવાદ.

તા. ૧૬-૭-૧૨.

શ્રીપાદરામધ્યે સુશ્રાવક. વકીલ મોહનલાલ હિમચંદભાઇ યોગ્ય. ધર્મલાભ. વિ. જેના હૃદયમાં જ્ઞાનનો અંકુર ફુટયો છે. તેનું હૃદય ઉત્તમ ભાવનાઓવડે શુદ્ધ થતું જાય છે. ઉત્તમ આચારોના સૂક્ષ્મ હેતુ ભૂત સદ્વિચારોનો જેના મનમાં પ્રવાહ વહે છે તે માણસ સંસારમાં નિર્લેપદશા ધારણ કરવા સમર્થ બને છે. પંચ સમિતિ કરતાં ત્રણ ગુપ્તિનું ચારિત્ર ઉત્તમ અને ઉત્સર્ગ રૂપ છે. ઉત્સર્ગ ચારિત્ર ખરેખર આત્માને પોતાના મૂળ ધર્મમાં લઈ જાય છે. પાંચ સમિતિ રૂપ અપવાદ ચારિત્ર પાળતાં છતાં પણ ત્રણગુપ્તિ રૂપ ચારિત્રની ઇચ્છા ધારવી જોઇએ. મનોગુપ્તિની વ્યાખ્યા સારી રીતે અવબોધવી જોઈએ. મનોગુપ્તિની આવશ્યકતા છે અને તેની પ્રાપ્તિ માટે દરરોજ પ્રયત્ન કરવો જોઇએ. મનોગુપ્તિની અમુક અંશે પણ સિદ્ધિ કર્યા વિના શુદ્ધાનંદ રસનો સ્વાદ લઈ શકાતો નથી. મનોગુપ્તિનો ઉપદેશ દેનારા તો ઘણા મનુષ્યો મળી આવે કિંતુ મનોગુપ્તિની સિદ્ધિ કરનારાઓ તો અલ્પ મનુષ્યો હોય છે. હીરાના વ્યાપાર સમાન ખરેખર મનોગુપ્તિનો વ્યાપાર છે. નિર્વિકલ્પદશાનું સ્પષ્ટ દ્વાર મનોગુપ્તિ છે. મનોગુપ્તિના સામ્રાજ્યના જેઓ રાજા બને છે તેઓ અંતરપ્રદેશના શહેનશાહ બને છે. જાગ્રત્ દશા થતાં જેમ સ્વપ્ન દશાનું ભાન રહેતું નથી, તેમ મનોગુપ્તિના વ્યાપારમાં પ્રવૃત્ત થવાથી જે બાહ્ય વિકલ્પ દશાનું ભાન રહેતું નથી. આવી મનોગુપ્તિની પણ પ્રયત્નવડે અમુક અંશે સિદ્ધિ થાય છે. ઉદ્યમ કરો, ઉત્સાહ ધરો, અને અંતરમાં પ્રવેશો. બાહ્યમાંથી મન હઠાવી દો. દુનિયાના શુભાશુભ ચિત્રોને ભૂલી જાઓ. મનને રાગદ્વેષના વિચારમાં પ્રવૃત્ત ન થવા દો. એક આત્માના ઉપયોગમાં રહો. એક સ્થિરોપયોગથી આત્મા સામું જોઈ રહો. ઉંઘ ન આવે તેવી સાવધાનતા રાખો. મિનિટ બે મિનિટ એમ ઉત્તરોત્તર વિશેષ કાલ મનોગુપ્તિમાં

રક્ષા કરો, મનના વ્યાપારને ગોપવો અને આત્મભાવે હું છું, એમ દૃઢ સંકલ્પ કરીને આત્મામાં સ્થિર થાઓ, અને એવો અમુક કાલ પર્યંત અનુભવ કરો. એક અનુભવ પોતાની પશ્ચાત્ અન્ય અનુભવને પ્રકટ કરશે અને આત્મા આનંદમય જણાશે.

ૐ શાંતિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સંવત ૧૯૭૮ ફા. વ. ૧૦

શ્રી સાણંદ. તત્ર. સુશ્રાવક. શા. કેશવલાલ નાગજી યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર, ન્યાયદર્શક પ્રેસમાં પુસ્તક છપાય છે તે બાબતનો પહોંચ્યો. વકીલ શા. મોહનલાલ હિમચંદને તે બાબતની ભલામણ કરી છે. હાલ અત્રશાંતિ છે. પ્રભુ મહાવીરના નામનો વારંવાર જાપ જપવામાં આવે છે અને પ્રભુ મહાવીરના સ્વરૂપની સાથે સર્વ સિદ્ધ તીર્થંકરની એકતા કરવામાં આવે છે એટલુંજ નહિ પણ સાતનયે અને ચાર નિક્ષેપે મહાવીર પ્રભુનું સ્વરૂપ ચિંતવીએ છીએ, તથા આત્માને મહાવીરદેવ સત્તાએ માની તેનું ધ્યાન ધરીએ છીએ. આત્મારૂપ મહાવીર અને ચોવીશમા તીર્થંકર મહાવીર એ બેની ઉપયોગમાં એકતા લીનતા કરી આનંદમાં રહું છું. ઔદયિકભાવે શુભકર્મોદયે ચક્રવર્તિ ઇન્દ્રરાજા શૂરો વગેરે અનેક આત્માઓ મહાવીર છે. લૌકિક મહાવીરો તરીકે દાતારો શૂરો અને નૈષ્ઠિક દ્રવ્ય બ્રહ્મચારીઓ છે. ઔદયિક મહાવીરો સાદિ સાંત ભાગે છે. અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વના અને ચારિત્રના ઉપશમભાવે જેઓ આત્મ પરિણામધારી બને છે, તેઓ ઉપશમભાવીય મહાવીર છે. ઔદયિક મહાવીરો તરીકે ચાર પ્રકારના દેવો મનુષ્યો અને તિર્યંચો હોય છે. ઉપશમભાવી મહાવીરો તરીકે ચાર ગતિમાં

આત્માઓ લાભે છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમભાવે ચાર ગતિમાં અનેક જીવો અસંખ્ય વારંવાર ક્ષયોપશમભાવીય મહાવીરો બન્યા બને છે અને બનશે. અગિયારમા ગુણસ્થાનક પર્યંત ઉપશમભાવીય મહાવીરો વર્તે છે અને બારમા ક્ષીણમોહી ગુણસ્થાનકપર્યંત ક્ષયોપશભાવી મહાવીરો વર્તે છે. ક્ષાયિક સમ્યક્ત્વની અપેક્ષાએ ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી મહાવીરો વર્તે છે. આત્મા, લોકોત્તર મહાવીરની અંશે અંશે દશા પ્રગટાવવા માટે ચોથાગુણસ્થાનકથી પ્રારંભ કરે છે. દેશવિરતિ આત્માઓ તે દેશવિરતિ મહાવીરો છે તે પાંચમા ગુણસ્થાનકમાં હોય છે. સર્વ વિરતિ આત્માઓ કે જે મુનિયો ત્યાગીયો સાધ્વીઓ સંયતો છે તે છઠા ગુણસ્થાનકવર્તિ સર્વ વિરતિ મહાવીરો છે. ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આત્માઓ આત્મમહાવીરરૂપે બનતા જાય છે અને તે અધ્યાત્મજ્ઞાન દૃષ્ટિની અપેક્ષાએ આત્માને મહાવીર જાણવો અને તે ચોવીશ તીર્થંકરાદિ સર્વ તીર્થંકરોના નામ ઠામ આદિને અધ્યાત્મજ્ઞાનની અપેક્ષાએ પોતાનામાં ઉતારે છે અને આત્મામાં અંતરમાં મહાવીર પ્રભુના માતપિતાદિક પાત્રોને પણ અધ્યાત્મગુણ રૂપકોને આપી અધ્યાત્મભાવનાથી ભાવે છે. ચોથા ગુણસ્થાનકથી ઔદયિક સંબંધી મહાવીર, ઉપશમ મહાવીર ક્ષયોપશમીય મહાવીર અને ક્ષાયિકસમ્યક્ત્વભાવીયમહાવીર તરીકે અંતરમાં અંશે અંશે વ્યક્ત બને છે અર્થાત્ પ્રકટ મહાવીર થાય છે. મનુષ્યદેહ તે ભારતદેશ છે તેમાં સમ્યક્ત્વ બુદ્ધિ તે ત્રિશલા ક્ષત્રિયાણી રાણી છે અને તે વૈરાગ્યભાવે દેહરહિતદશાના ભાવમાં વર્તતા જ્ઞાનગર્ભિત વૈરાગ્યરૂપ ચેટક રાજાની બેન છે માટે તે વૈદેહ ચેટક રાજાની બેન છે. આત્માને ચેતાવે, આત્માની આત્મભાવે ચેષ્ટા કરાવે, તે ચેટક રાજા છે અને તેની શુભભાવનારૂપી વૈશાલી નગરી છે. આત્મપરિણામ તે સિદ્ધાર્થ રાજા છે. કારણ કે આત્માની શુદ્ધતારૂપ અર્થને સિદ્ધ કરવા જે આત્મપરિણામ સમર્થ થાય છે તે અધ્યાત્મભાવે

સિદ્ધાર્થ રાજા છે. સમ્યક્ત્વપ્રવૃત્તિ તે ક્ષત્રિય બનેલા આત્માને રહેવાનું સ્થાન-નગર હોવાથી તે ક્ષત્રિયકુંડ નગર છે. ઉપશમાદિભાવ અને અનંત પુણ્યના ઔદયિકભાવે પરિણમતો આત્મા તે મહાવીર છે અને તેવું આત્માનું નામ દેવો આપી શકે છે. ક્ષણે ક્ષણે આત્માના ઉજ્વલપરિણામે વધતો કર્મ સહિત આત્મા તે વર્ધમાન છે અને તે પરાક્રમી હોવાથી મહાવીર છે. આત્માનો આલ્હાદ, હર્ષ પરિણામ તે, પ્રભુ મહાવીર દેવનો નંદિવર્ધન ભાઈ છે. આનંદપરિણામ તે અંતરમાં નંદિવર્ધન છે. આત્માના સર્વશુભપરિણામો તે દેવો છે તે પરિણામો મનમાં રહે છે અને શુભ મન તે દિવ્યાલય-સ્વર્ગ છે અને મનની શુભ વૃત્તિયો તે દેવીઓ છે. દૃઢ શુભ સંકલ્પો તે ઇન્દ્રો છે, તે મનોરૂપ સ્વર્ગમાં દેવો અને દેવીઓપર રાજ્ય ચલાવે છે. આત્મિકપરિણતિ તે યશોદા છે અને શુકલલેશ્યા વૃત્તિ તે પ્રિયદર્શના છે. સમ્યક્ત્વ દૃષ્ટિની વ્યાપાર ભાવના તે સુદર્શના છે. આત્મિકપરાક્રમ ભાવ તે સિંહરૂપ છે. ઔદયિક બલવીર્ય શૂરત્વ તે ઔદયિક સિંહાંકિત મહાવીર પ્રભુનું સ્વરૂપ છે. આત્મારૂપ મહાવીરનું સર્વવિરતિરૂપે પરિણમવું તે ચારિત્ર સંયમ ત્યાગાવસ્થા છે. આત્મારૂપ મહાવીરનું બાહ્યથી ઔદયિક કર્મ સહિત વર્તવું અને અંતરમાં અપ્રમત્ત આત્મજ્ઞાનધ્યાને પરિણમવું તે અપ્રમત્ત અધ્યાત્મ મહાવીરત્વ ખરેખર સાતમા ગુણ સ્થાને જાણવું. મતિ જ્ઞાની અને શ્રુત જ્ઞાની ચારિત્રી આત્મા જ્યાં સુધી સાધકાવસ્થામાં છે અને કેવલજ્ઞાન પ્રગટાવ્યું નથી ત્યાં સુધી છદ્મસ્થ મહાવીર દેવ જાણવા. ઉપશમ ચારિત્રાદિભાવે જેમ જેમ આત્મારૂપ મહાવીર પરિણમતો જાય છે તેમ તેમ અસંખ્ય પ્રદેશ પર લાગેલાં આવરણો ટળતાં જાય છે. તે તે દશાએ આત્મારૂપ મહાવીર દેવ નગ્ન જાણવા પણ એવી નગ્નાવસ્થાને બાહ્ય દૃષ્ટિવાળા જીવો દેખી શકે નહિ. શુકલ ધ્યાની મહાવીર છે તે અંતરના શુદ્ધ પરિણામની ઉત્તરોત્તર વધતી જતી દશારૂપ આઠમા ગુણસ્થાનકથી ક્ષીણમોહ બારમા ગુણસ્થાનકને ઉલ્લંઘીને તેરમા

ગુણસ્થાનકમાં ક્ષાયિક ભાવે સાદિ અનંતમા ભાંગે શુદ્ધાત્મ કેવલ જ્ઞાની મહાવીર બનીને અઘાતી કર્મરૂપ પ્રારબ્ધને વેદે છે અને અંતરમાં અનંત આનંદ જ્ઞાનરૂપી લક્ષ્મીના ભોક્તા બને છે. ક્ષાયિકભાવીય કેવલજ્ઞાની પરમાત્માને અઘાતી કર્મ હોય છે ત્યાં સુધી દ્રવ્યમનોવર્ગણા રૂપ દ્રવ્ય મન કાયયોગ અને વચન યોગ વર્તે છે. મનવાણીકાય યોગથી રહિત શુદ્ધાત્મા તે એવંભૂત નયની અપેક્ષાએ શુદ્ધ પરમાત્મા મહાવીરદેવ ખરેખર જાણવા. ઉપશમ શ્રેણિએ આરોહનાર ઉપશમભાવીય મહાવીર છે અને આઠમા ગુણસ્થાનકથી ક્ષપક શ્રેણિએ ચઢનાર ક્ષપકશ્રેણિસ્થ મહાવીર છે. મોહનીય કર્મનો ઉપશમ થાય એવી સદ્‌વિચારની શ્રેણિ તે ઉપશમ શ્રેણિ છે અને જે શુક્લધ્યાનથી જે જે કર્મનો ક્ષય કરે તે પુનઃ કદિ ન બંધાય એવી શ્રેણિ તે ક્ષપકશ્રેણિ છે. આત્માના ઉજ્જવલ પરિણામ રૂપ ઉપશમ શ્રેણિ અને ક્ષપક શ્રેણિ છે. આત્માનું આત્માના શુદ્ધ સ્વભાવે જીવવું અને એવા પારિણામિકભાવે જીવનારા તે પારિણામિક મહાવીર જાણવા. નૈગમ નયની અપેક્ષાએ પરાક્રમ ફોરવવાનો અભ્યાસ કરનાર એવો આત્મા તે મહાવીર છે. મહાવીરપણું પ્રાપ્ત કરવાનો કંઈક અભિલાષ અને કંઇક તે માટે ઔપચારિક પ્રવૃત્તિનો લેશ પ્રારંભ તે નૈગમનયની અપેક્ષાએ આત્મા, બાહિરાત્મભાવથી મહાવીર જાણવો. નૈગમ નયની દૃષ્ટિવાળો ઔદયિક ભાવની વીરતામાં મહાવીરત્વ માને છે. આત્મામાં સત્તાએ મહાવીરપણું છે. અનંતશક્તિનો સાગર એવા આત્મામાં પરમાત્મપણું સત્તાએ જે છે તે મહાવીરપણું છે. અનંત શક્તિનો સાગર આત્મા છે. આત્મામાં પરમાત્મપણું સત્તાએ રહેલું છે. આત્મામાં સત્તાએ મહાવીરપણું છે તો તે કોઈ કાલે વ્યક્ત મહાવીરત્વને પામે છે. આત્મા સત્ પર્યાયે મહાવીર છે અને તેથી તે સામર્થ્યપર્યાયે મહાવીર બને છે. આત્મદ્રવ્ય મહાવીર સત્તાએ છે એમ સંગ્રહનય સત્તાની અપેક્ષાએ આત્માને મહાવીર માને છે પણ આત્માના પર્યાયને

મહાવીરતરીકે ગ્રહતો નથી. સંગ્રહનયસત્તાએ સર્વ આત્મ દ્રવ્યો મહાવીર છે અને વિશેષસંગ્રહનયની અપેક્ષાએ આત્માની સત્તા તે મહાવીર છે એમ માનીને સર્વ જીવો છે તે મહાવીર છે એમ સંગ્રહનય માને છે. વ્યવહારનય, દુનિયામાં વર્તતા વીર બહાદુર યોદ્ધાઓને મહાવીરો વીરો માને છે. અર્જુન, કર્ણ, હનુમાન, રામ, ભીમ, દુર્યોધન, ભીષ્મ, દ્રોણ, નેપોલિયન, ખારવેલ મહામેઘવાહન, સિકંદર ચેટક, શ્રેણિક વગેરેને મહાવીરો કથે છે. રણમાં જેઓ શૂરાતરીકે પ્રસિદ્ધ થાય છે તે વીરો જાણવા. શુભકર્મ કરનારા શુભ વીરો છે અને અશુભ કર્મ કરનારા અશુભ વીરો છે. પુણ્યોદય ભોગવનારા તે શુભ કર્મ વીરો છે. લૌકિક દુનિયાના વ્યવહારમાં રાજ્યાદિક રક્ષણ માટે સ્વાર્થમાટે વા પરમાર્થ માટે પ્રાણાર્પણ કરનારા યોદ્ધાઓ મહાવીરો છે. વ્યવહાર નયે મનાતા સર્વવીરો તે ઔદયિકભાવીય મહાવીરો જાણવા. પુણ્ય કરવાથી તીર્થંકરપદ, મનુષ્ય ગતિ, મનુષ્ય શરીર બને છે અને તેથી આત્માનું મહાવીરત્વ પ્રાપ્ત થાય છે માટે વ્યવહાર નયથી મહાવીરપણું તે અપેક્ષાએ ઔદયિક સાધન છે તેની પ્રાપ્તિથી શુદ્ધાત્મમહાવીરપદ પ્રાપ્ત થાય છે. રાગદ્વેષ પરિણામે મહાવીર-પણું તે અશુદ્ધ મહાવીરપણું છે અને જે કાલે રાગદ્વેષના પરિણામ ન પ્રગટે તે કાલે શુદ્ધમહાવીરપણું છે, ઋજુ સૂત્રની અપેક્ષાએ વર્તમાનકાલમાં મહાવીરનો ઉપયોગ મહાવીરનો પરિણામ તે ઋજુ સૂત્રનયની અપેક્ષાએ મહાવીર છે. શબ્દનયની અપેક્ષાએ શરીરાદિથી આત્મા ન્યારો છે એમ નિર્ણય થાય છે, તે નયની દૃષ્ટિથી જડમાં મહાવીરપણું દેખાતું નથી પણ આત્મામાં આત્માનું મહાવીરત્વ દેખાય છે. જડ અને ચેતન એ બે દ્રવ્યમાં આત્મા જ મહાવીર છે એમ નિશ્ચય થાય છે. તેથી તે નયની અપેક્ષાએ ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિકસમ્યક્ત્વવાળો આત્મા તે મહાવીર છે. તથા આત્મા મહાવીર છે એવો નિશ્ચય થવાથી મોહ કામ રાગદ્વેષના પરિણામપર જય મેળવવા દેશવિરતિ ચારિત્ર અને સર્વવિરતિ ચારિત્રનું ગ્રહણ થાય છે. રાગદ્વેષને જીતવાનો સાધક

પરિણામ ક્ષયોપશમીય ઉપાદાન ચારિત્ર, ઠેઠ બારમા ગુણસ્થાનક સુધીની અંતરાત્મમહાવીરદશા તે શબ્દનયની અપેક્ષાએ મહાવીરપણું છે. તેરમા ગુણસ્થાનકવર્તી અને ચૌદમા ગુણસ્થાનક વર્તી પરમાત્મા મહાવીરો છે તે સમભિરૂઢ નયની અપેક્ષાએ મહાવીરો જાણવા. સમભિરૂઢ નય છે તે એક અંશ ન્યૂન મહાવીરને સંપૂર્ણ મહાવીર તરીકે માને છે. એવંભૂતનય જે આત્મા સર્વકર્માતીત આઠ કર્મ રૂપ ત્રિપ્રકૃતિ રહિત શુદ્ધ બુદ્ધ થાય છે અને સિદ્ધસ્થાનમાં વિરાજમાન થાય છે તેને મહાવીર કથે છે. પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનવર્તિ આત્માઓ તે ઔદયિક ભાવીય બહિરાત્મ મહાવીરો જાણવા. પરમાત્મ મહાવીરો, તેરમા અને ચૌદમા ગુણસ્થાનક વર્તી અલ્પ છે અને સિદ્ધમહાવીરો અનંત છે. તમોગુણી મહાવીરો અને રજોગુણી મહાવીરો કરતાં સાત્વિકગુણી મહાવીરો અનંત ગુણા ઉત્તમ છે. પાપી વીરો કરતાં પુણ્યકર્મ કરનારા વીરો અનંત ગુણા ઉત્તમ છે. વિભાવ પરિણતિએ મહાવીરપણું તે વસ્તુતઃ અસત્ મહાવીરત્વ છે. આત્માનું આત્માના ગુણ પર્યાયોએ જે મહાવીરપણું છે તે સત્ મહાવીરત્વ છે. અસદ્ભૂત મહાવીર કરતાં સદ્ભુત દૃષ્ટિવાળા મહાવીરો અનંત ગુણ ઉત્તમ શુદ્ધ છે. જડમાં અને આત્મા તથા કર્મ રૂપ પુદ્ગલ દ્રવ્યના સંયોગે પ્રગટેલ વિભાવિક દશામાં મહાવીરત્વ કલ્પવું તે વસ્તુતઃ અસત્ મહાવીરત્વ છે અને એવા મહાવીરપણાને આત્મારૂપે માનવું તે અસત્ ઔપચારિક મહાવીરત્વ છે. પુદ્ગલાદિ જડ દ્રવ્યોનો સમૂહ તે મારી કલ્પેલી પરિભાષાએ પ્રકૃતિ છે એવી પ્રકૃતિનો સ્વામી પ્રભુ આત્મા બને તે આત્મ મહાવીર છે. જડ પ્રકૃતિના સંબંધ સાહાય્યથી આત્મા તે પરમાત્મ મહાવીર બને છે. મારી કલ્પેલી મારી પરિભાષાની પ્રકૃતિનું સ્વરૂપ જ્યારે આત્મા જાણે છે ત્યારે તે પોતાનું મહાવીરપણું જાણે છે ત્યારે તે પોતાનું મહાવીરપણું અધ્યાત્મભાવે જાણીને અને પ્રકૃતિમાં થએલી મહાવીરત્વની ભ્રાંતિનો ત્યાગ કરે છે. સાધનની અપેક્ષાએ

પ્રકૃતિમાં નિમિત્ત કારણ મહાવીરત્વ છે. નિમિત્ત કારણ પુષ્ટ મહાવીરત્વયોગે અંતરૂમાં ઉપાદાન મહાવીરત્વ પ્રકટે છે. પ્રકૃતિમાં અહંત્વાધ્યાસ ન રાખવો પણ પ્રકૃતિનું યથાયોગ્ય અવલંબન કરવું. આત્માની શુદ્ધિમાટે સાધનભૂત થતી પ્રકૃતિનો ઉપયોગ કરવો. આત્માનું સમ્યગ્જ્ઞાન થયા પછી સર્વ પ્રકૃતિની સાથે પ્રારબ્ધ કર્મે ખેલતો એવો અંતરૂમાં બાહિરૂમાં આત્માનંદે ખેલતો છતો ઉત્તરોત્તર શુદ્ધ અધ્યવસાયોએ ઉજ્જવલ મહાવીર બને છે. પ્રકૃતિ તે પ્રકૃતિની અપેક્ષાએ મહાવીર શક્તિવાળી છે તેથી તેને દેવીની ઉપમા ઘટે છે અને આત્મા તે દેવ છે. પ્રકૃતિને પ્રથમ સાધનાવસ્થામાં અવલંબવી અને તેના ટેકાએ આત્માની પરમાત્મ દશાપર આરોહણ કરી પૂર્ણ મહાવીર થવું. જ્ઞાનદર્શન ચારિત્ર વીર્યરૂપ મહાવીરરૂપ આત્મા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન; મનઃ પર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન રૂપ આત્મા તે મહાવીર છે. ચક્ષુઃદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવલ-દર્શનરૂપ આત્મા તે મહાવીર છે. જડશક્તિના મહાવીર કરતાં ઔદયિક મહાવીર અનંતગુણ શ્રેષ્ઠ છે. ઔદયિક મહાવીર કરતાં ઉપશમ મહાવીર અનંતગુણ શ્રેષ્ઠ છે. ઉપશમભાવીય આત્મ મહાવીર કરતાં ક્ષયોપશમીય આત્મારૂપ મહાવીર અનંતગુણ શ્રેષ્ઠ છે. ક્ષયોપશમીય આત્મમહાવીર કરતાં દર્શન ચારિત્ર ક્ષાયિક ભાવીય આત્મા તેજ શુદ્ધાત્મ મહાવીર અનંતગુણ શ્રેષ્ઠ છે. આત્મારૂપ મહાવીર માટે સર્વ જડ પંચદ્રવ્ય જગત્ અને સચેતન જગત્ છે તેનો તે વિવેક પૂર્વક ઉપયોગ કરીને તેના અવલંબને આત્મમહાવીરની અનંત શક્તિયોને આત્મા પોતે ખીલવે છે. જડમાં મોહ ન રહેવો જોઈએ. જડવસ્તુઓમાં પ્રથમ અજ્ઞાન દશામાં અશુભ રાગદ્વેષ હોય છે તે પશ્ચાત્ સમ્યકત્વ પ્રગટતાં જડવસ્તુઓપર શુભ રાગદ્વેષ થાય છે, પશ્ચાત્ આત્મા ઉચ્ચ સમભાવી મહાવીર થતાં જડદ્રવ્યોને સમભાવે જડભાવે દેખે છે અને સર્વ જીવોને સત્તાએ આત્મ મહાવીરરૂપે દેખે છે. કર્મયોગી મહાવીર બને છે તેજ ભક્તિયોગી મહાવીર બને છે અનેતેજ જ્ઞાન-

યોગી મહાવીર બને છે. રજોગુણુ તમોગુણુ વૃત્તિયોને શનૈઃ શનૈઃ સાત્વિક મહાવીર વૃત્તિયોનારૂપે પરિણુમાવવી. સાત્વિક વૃત્તિયો છે તેપણુ આત્માગરનું કવર છે તેથી વસ્તુતઃ આત્મા ન્યારો છે અને તે જ મહાવીર છે. રાગદ્વેષના વ્યવહારની અપેક્ષાએ આત્મા અશુદ્ધ કહેવાય છે. શુદ્ધ નિશ્ચય નયની અપેક્ષાએ આત્મારૂપ મહાવીરમાં કર્માદિકનો ઉપચાર–આરોપ કરવો તે અસત્ ઉપચાર માત્ર છે એમ વ્યવહાર નિશ્ચય નયની અપેક્ષાએ આત્મમહાવીરનું સ્વરૂપ જાણી તેને પ્રકટાવવું. ઉપશમભાવે આત્માનું પરિણુમન તે ઉપશમભાવે આત્મમહાવીર પ્રભુ પ્રકટ થએલા જાણુવા તથા ક્ષયોપશમભાવે આત્માનું આત્મામાં પરિણુમવું તે ક્ષયોપશમ ભાવે તથા ક્ષાયિકભાવે આત્મ મહાવીરની આવિર્ભાવ તે ક્ષયોપ-શમભાવે તથા ક્ષાયિકભાવે આત્મમહાવીર દેવની પ્રકટતા જાણુવી. ચોવીશમા શ્રીવર્ધમાન મહાવીર પ્રભુ પ્રથમ જન્મ દશામાં તથા ગૃહસ્થ દશામાં ચોથા ગુણુસ્થાનક વર્તી મહાવીરદેવ હતા, પશ્ચાત્ સર્વવિરતિરૂપ ચારિત્ર અંગીકાર કરીને છઠ્ઠા તથા સાતમા ગુણુસ્થાનકના આત્મમહાવીર બની બાર વર્ષ અધિક ધર્મ ધ્યાનથી આત્મ મહાવીરનું ધ્યાન ધર્યું. પશ્ચાત્ છેલ્લા અંતર્મુહૂ-ર્તમાં આઠમા ગુણુસ્થાનકથી શુકલધ્યાન ધરીને કેવલજ્ઞાની પરમાત્મ મહાવીરદેવ બન્યા અને ક્ષાયિકભાવે શુદ્ધાત્મ મહાવીર બની વિશ્વનો ઉદ્ધાર કરી આયુઃ ક્ષયે શૈલેશીકરણુ કરી સિદ્ધ બુદ્ધ સાદિ અનંત શુદ્ધાત્મ મહાવીર થયા. તેમ દરેક આત્મા પ્રથમ દ્રવ્યથી મહાવીર બની પશ્ચાત્ ભાવથી મહાવીર થાય છે. સત્તાએ સર્વ જીવો મહાવીર છે. આત્મ સત્તાનું ધ્યાન ધરીને સત્તાએ રહેલી શક્તિયોને ભક્તો સંતો વ્યક્ત મહાવીરભાવે કરે છે. નામ અને સ્થાપના નિક્ષેપાએ મહાવીરની વ્યાખ્યા સુગમ છે. દ્રવ્યથી અનેકધા અસંખ્ય યોગે મહાવીરો છે. ભાવની અપેક્ષાએ શબ્દાદિક ઉપરના નયોથી મહાવીરત્વ જાણુવું. આત્મા કર્તારૂપ મહાવીર છે. આત્મા સ્વયં કર્મરૂપ મહાવીર છે. આત્મા કરણુરૂપ,

સંપ્રદાનરૂપ અપાદાનરૂપ અને આધારરૂપ મહાવીર છે. એમ શુદ્ધપણે શુદ્ધષટ્કારકરૂપે આત્મા મહાવીર છે અને રાગદ્વેષાદિ કર્મના અશુદ્ધભાવે અશુદ્ધ ષટ્કારકરૂપ આત્મા મહાવીર છે. એમ અનંત આત્માઓનું મહાવીરપણું છે. એમ મેં પ્રભુ મહાવીર દેવ તીર્થંકરનું અથથી ઇતિ સુધીનું મહાવીરસ્વરૂપ જાણ્યું છે અને મારા આત્માનું તથા અનંત આત્માઓનું સાત નયજ્ઞાને મહાવીર સ્વરૂપ જાણ્યું છે એમ સર્વ તીર્થંકરાદિનાં અસંખ્ય નામો છે તે આત્માનાં જ અપેક્ષાએ નામો છે અને આત્મ મહાવીરમાં તેઓના સર્વ ભાવોને અધ્યાત્મ પરિભાષાએ ઘટાવું છું અને આત્માનંદના ઉભરાઓને પ્રગટાવી મસ્ત બનું છું. પ્રભુ મહાવીર એવો નામ મંત્રોચ્ચાર કરતાંની સાથે તેમાં ઉપયોગ રહે છે અને ઔદયિકભાવનું ભાન ભૂલાય છે માટે એવા મહાવીર નામના જપ યજ્ઞને વારંવાર અન્ય કાર્યો કરતાં જીહ્વાથી તથા ઉપયોગથી આરંભુ છું. તેથી મ્હને ઘણો આનંદ થાય છે. અધ્યાત્મદૃષ્ટિએ અધ્યાત્મમહાવીરની સાથે ખેલું છું રમું છું, વાતો કરૂં છું અને તેમના જ્ઞાનસ્ફૂરણાએ પ્રકટતા પયગામોને વિશ્વજીવોની આગળ જાહેર કરૂં છું, અને સ્વાધિકારે બાહ્યકર્તવ્યોને આત્મમહાવીર કરે છે. તથા સ્વસ્વરૂપમાં ખેલે છે, એમ ક્ષયોપશમભાવીય આત્મમહાવીરની દૃષ્ટિએ અનુભવું છું. ચોવીશમા તીર્થંકર પરમાત્મા મહાવીર દેવના ભાવનિક્ષેપાના ઉપયોગની ધારાએ પરિણમતાં આત્માનાભાવે સત્પર્યાયરૂપ મહાવીરત્વ અને પ્રભુ મહાવીર દેવનું મહાવીરત્વ એક સ્વરૂપ અનુભવાય છે, અને પ્રભુનું ધ્યાન તે આત્મ મહાવીરધ્યાન જ છે એમ નિશ્ચય અનુભવ થાય છે. રાગદ્વેષાદિકમોહ પરિણતિનું ઉદયત્વ જેમ જેમ ઉપશમે છે તેમ તેમ આત્મમહાવીર ઉપશમભાવે તથા ક્ષયોપશમભાવે જ્ઞાનાદિકની અપેક્ષાએ સંપ્રતિ અંતરૂમાં પ્રગટેલા અનુભવાય છે, તેથી હું પોતે પોતાને મહાવીરરૂપે અનુભવી પોતે પોતાને નમું છું પૂજું છું, તથા સર્વ ભાવ મહાવીરોને તે ભાવે નમું છું પૂજું છું, સ્તવું છું, આત્મા કયારે કયારે ઔદયિકભાવના

મહાવીરરૂપે પણ પરિણમતા દેખાય છે પણ આત્મમહાવીરની દૃષ્ટિના ઉપયોગે તેમને દેખતાં પાછા તે ભાવથી વિલય પામે છે. આત્મ મહાવીરરૂપ સર્વજીવો સત્તાએ છે તે સત્તાની અપેક્ષાએ આત્મહાવીરમાં સમાય છે તેથી અપેક્ષાએ સત્તાએ આત્મસત્તારૂપ મહાવીર એક છે અને તે વિશ્વરૂપ પણ અપેક્ષાએ સમષ્ટિએ છે. આત્મરૂપ મહાવીરમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, રામ, કૃષ્ણ, બુદ્ધ, ઇશુ વગેરેનો અંતર્ભાવ થાય છે. આત્મરૂપ મહાવીર, સર્વ જીવો છે. તેથી વિશ્વવર્તિસર્વ જીવસંઘ તે મારી કલ્પેલી અધ્યાત્મ પરિભાષાએ વૈરાટ્ મહાવીર ભગવાન્ છે. તેનો સંગ્રહનયની અપેક્ષાએ મહાવીર દેવમાં અંતર્ભાવ થાય છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ચતુર્વિધ સંઘરૂપ મહાવ્યાપક મહાવીર છે, તેની સેવાભક્તિમાં મારા આત્મમહાવીરનું સર્વ અપાઈ જાઓ. મારો આત્મ મહાવીર તેની સેવાભક્તિ માટે મન વાણી કાયાથી જીવો. ચતુર્વિધ સંઘને કેવલજ્ઞાની તીર્થંકરો **नमोतित्थस्स** વદીને નમસ્કાર કરેછે. તીર્થંકરો વગેરેનું ઉત્પત્તિસ્થાન સંઘ છે. ચતુર્વિધ સંઘ આગળ કોઈ મહાન્ નથી. ચતુર્વિધ સંઘરૂપ પ્રકટ મહાવીરો જ્યાં ત્યાં દેખાય છે તેનાં દર્શન તે પ્રભુનાં દર્શન છે. તેની કૃપામાં સર્વદેવોની કૃપા સમાઈ જાય છે. ગમે તેવી આત્મમહાવીરની ઉચ્ચ અપ્રમત્તદશા થઈ હોય તોપણ ચતુર્વિધસંઘરૂપમહાવીર પ્રભુની સેવાભક્તિમાં તો અર્પાઇ જવું જોઈએ. વિનય સેવાભક્તિથી આત્મ મહાવીર ગુણ પર્યાયોએ વિકસે છે. પોતાના શરીરમાં જેવો આત્મારૂપ મહાવીર છે તેવા સર્વ દેહધારીઓમાં આત્મારૂપ મહાવીરો, અરિહંતો, સિદ્ધો સર્વ નયોની અપેક્ષાએ છે. એકેક નયે આત્મ મહાવીરનું સ્વરૂપ માનીને એકાંત એકનયનો આગ્રહ કરી અન્યનયોવડે કહેવાતા આત્મ મહાવીરનું સ્વરૂપ ઉત્થાપે છે તે અજ્ઞાની મિથ્યાત્વીઓ છે. સર્વનયોની પરસ્પર અપેક્ષા ગ્રહીને આત્મ મહાવીરને જાણી જે સદ્દહે છે તે સમ્યગ્ જ્ઞાની આત્મમહાવીરરૂપે પ્રકટે છે. શ્રી ચોવીશમા તીર્થંકર મહાવીર પ્રભુના ચારે નિક્ષેપાએ

મહાવીર દેવનું સ્તવન પૂજન ધ્યાન ધરૂં છું તેજ મારો ઉચ્ચ શુદ્ધ આદર્શ છે અને તેવા રૂપે મારા આત્મમહાવીરને પ્રકટાવવો તે જ મારૂં સાધ્ય કર્ત્તવ્ય છે. ॐ अर्ह महावीर એવી રીતે પ્રભુ મહાવીર દેવનો એક દિવસમાં હજારો વાર જાપ જપ્યા કરૂં છું અને ગૃહસ્થોને તેમની દશા પ્રમાણે કર્ત્તવ્ય ધર્મનો ઉપદેશ આપું છું અને તેઓના આત્મ મહાવીરોને જાગૃત્ કરવા પ્રભુ મહાવીરનું ગાન ગાઉં છું. મહાવીરરૂપ થઈ મહાવીરને ભજવાથી મહાવીર થવાય છે. કહ્યું છે કે:—

जिनस्वरूप थै जिन आराधे, ते सहि जिनवर होवेरे ।
इयळ भ्रमरीने चटकावे, ते भ्रमरीरूप जोवेरे ॥

( आनंदघन )

જેવી ભાવના તેવી સિદ્ધિ. આત્માને મહાવીર પ્રભુ કરવાની ભાવનાથી આત્મા સ્વયં મહાવીર પ્રભુ બને છે. રાગદ્વેષરૂપ મહા મલ્લોના જે વશમાં છે તે મહાવીર થઈ શકે નહિ. રાગદ્વેષરૂપ મહા મલ્લોને જીતનારા આત્માઓ મહાવીરો છે, કામાદિ વિકારો જેમ જેમ જીતાય છે તેમ તેમ આત્મમહાવીરરૂપે આત્માનો આવિર્ભાવ થાય છે. સર્વાત્માઓને આત્મ મહાવીરરૂપે પ્રગટ થવામાં મન, વાણી, કાયા, લક્ષ્મી, સત્તા વગેરેની જે જે સહાય આપવી તે ચોવીશમા તીર્થંકર મહાવીર પ્રભુની સેવાભકિત, પૂજા ભાવના છે. જૈનધર્મનું સ્વરૂપ એ દ્રવ્યભાવથી દ્રવ્યભાવમહાવીરનું સ્વરૂપ છે માટે જૈનધર્મનો સર્વ વિશ્વાત્મમહાવીરોમાં પ્રકાશ કરવા જે જે કંઈ કરવું તે સર્વે ખરેખર સકામ અને નિષ્કામભાવે ચોવીશમા તીર્થંકર મહાવીર દેવની સેવાભક્તિછે, તેમજ સ્વાત્મમહાવીરની સેવાભકિત છે, એમ નયની અપેક્ષાએ જાણુ. યૌગિક નામની દૃષ્ટિએ પોતાના આત્માને મહાવીર જાણવો અને મહાવીરદેવ એવું રૂઢ નામ ચોવીશમા તીર્થંકરનું છે. યૌગિક

મહાવીર આત્મા છે. જડદ્રવ્યો ઉપર આત્માની શક્તિની અસર થાય છે. શરીરમાંથી આત્મા મહાવીર નીકળી જતાં જડ શરીરથી કોઇ જાતનો વિચાર થઇ શકતો નથી. તથા હલન ચલન થઇ શકતું નથી. ગૃહસ્થાવાસમાં સમકિતી મહાવીરો અને દેશવિરતિ મહાવીરો જૈનધર્મની આરાધના કરે છે અને દેવગુરૂધર્મની આરાધના કરે છે. દેશવિરતિ મહાવીરો, શ્રાવકનાં વ્રતોને તથા ગુણોને ધારણ કરે છે અને ગૃહસ્થદશામાં સ્વાધિકારે જૈનધર્મને આરાધે છે. ગૃહસ્થ દશાનો ત્યાગ કરી ત્યાગી બનેલા એવા આત્મ મહાવીર મુનિયો શુદ્ધાત્મ મહાવીરનું ધ્યાન કરીને શુદ્ધાત્મ મહાવીર બને છે અને ગૃહસ્થ જૈનોને તેઓના અધિકાર પ્રમાણે સર્વ ધાર્મિક કર્તવ્યોનો બોધ આપે છે, તથા આત્માદિક તત્ત્વોનો બોધ આપે છે. ગૃહસ્થ મહાવીર જૈનો કરતાં ત્યાગી મહાવીરો અનંતગુણશ્રેષ્ઠ નિરૂપાધિ જીવન ગાળે છે. ગૃહસ્થોને અને ત્યાગીઓને વ્યવહાર અને નિશ્ચયનયથી આરાધના કરવી પડે છે. દ્રવ્ય મહાવીરરૂપ પોતાના આત્માને ભાવવીરરૂપે પ્રકટાવવા માટે ગૃહસ્થ ધર્મ અને બીજો સાધુધર્મ ઘણો ઉપયોગી છે. સાધન મહાવીર દશામાંથી સાધ્ય મહાવીર દશા પ્રાપ્ત કરવાને ખાસ ઉપયોગ રાખવો જોઇએ. આત્મા, જીવ, ચેતન, બ્રહ્મ, પરબ્રહ્મ, મહાવીર વગેરે એક જ આત્માનાં કંઇક શબ્દાર્થ વાચ્યભેદ નામો છે. મહાવીર પ્રભુનું આલંબન લેઇ મહાવીરરૂપ થવું જોઈએ. જ્યારથી સમકિત પ્રગટયું ત્યાંથી આત્મ મહાવીરની ચઢતી કલા થાય છે. શરીર આરોગ્ય, બ્રહ્મચર્ય પાલન વગેરેથી માનસિક આરોગ્ય દૃઢ રહે છે અને તેથી આત્મા પ્રથમ દ્રવ્ય મહાવીર બને છે અને પશ્ચાત્ ભાવમહાવીર બને છે. દ્રવ્ય તે કારણ છે અને ભાવ તે કાર્ય છે. દ્રવ્યથી ભાવની સિદ્ધિ થાય છે. અસંખ્ય દ્રવ્ય યોગો છે અને અસંખ્ય ભાવયોગો છે તે પૂર્ણ શુદ્ધ મહાવીર થવામાં સાધન છે.

ક્ષયોપશમભાવીય આત્મ મહાવીરને ક્ષાયિક મહાવીર થતાં કાચી બે ઘડી વાર લાગે છે. આત્મા એ જ મહાવીર છે તેના

ક્ષયોપશમજ્ઞાને અને ક્ષાયોપશમિક ચારિત્રે પોતે પોતાનું દર્શન મિલન થયું છે. હવે તો ક્ષાયિકભાવે આત્મ મહાવીર પોતે પોતાને મળે એ જ મિલન બાકી છે. પરોક્ષમિલન પશ્ચાત્ પ્રત્યક્ષ મિલન થાય છે. આત્મ મહાવીર પોતે પોતાના તીર્થનો પ્રકાશ કરે છે. જે પિંડગત મહાવીરને દેખે છે તે બ્રહ્માંડગત મહાવીરને દેખે છે. આત્મમહાવીરનું પરાક્રમ રૂપ સિંહ લંછન છે. પશુબલ તે સિંહ છે, તેને જે વશમાં રાખે છે તે મહાવીર છે અથવા બળપરાક્રમ શૌર્યરૂપ સિંહનાપર જે સ્વારી કરીને આત્મભાવે વિશ્વમાં જીવે છે તે મહાવીર પ્રભુરૂપે પ્રકટ થાય છે. અપેક્ષાએ આત્મબળ તે સિંહનું સૂચક છે. સર્વપ્રકારની અનંત શક્તિ સમૂહ પિંડ તે સિંહ છે એવી શકિતયો મેળવવાથી આત્મા મહાવીરદેવ બને છે. આત્મા તે જ પરમાત્મા છે. તે જ મહાવીર છે. સત્તાએ મહાવીર છે તેને વ્યકત મહાવીર કરવા માટે સદ્ગુરૂને સર્વ સ્વાર્પણ કરવું જોઇએ. કેવલજ્ઞાન અને પૂર્ણાનન્દ પ્રકટાવવા માટે સદ્ગુરૂ મહાવીરમાં નામરૂપનો મોહ ત્યજી અર્પાઇ જવું જોઈએ. જડમાં હુંતું નો મોહ પ્રગટે છે તેને ટાળી દેવો જોઈએ. સદ્ગુરૂ મહાવીરમાં પૂર્ણ શ્રદ્ધા પ્રેમથી વર્તતાં અને તેમની પરીક્ષાની કસોટીમાં ટકતાં તેમની કૃપાનો ભાગી શિષ્ય થાય છે. સદ્ગુરૂ મહાવીરની પૂર્ણ કૃપામાં જ આત્મ મહાવીરનો પ્રકટભાવ છે એવો નૈસર્ગિક ત્રિકાલાબાધિત સત્ય નિયમ છે તે પ્રમાણે વર્તવાથી સર્વપ્રકારના યોગોનું બલ પ્રકટે છે અને આત્મ મહાવીર ઉત્કૃષ્ટતઃ અંતર્મુહૂર્તમાં સર્વજ્ઞ પરમાત્મ મહાવીર બને છે. ચોવીશમા તીર્થંકર મહાવીરદેવનો ચૈત્ર સુદિ ત્રયોદશીની મધ્યરાત્રીએ જન્મ થયો હતો. ચૈત્ર સુદિ તેરસે જન્મ કલ્યાણ હોવાથી સર્વજ્ઞ પ્રભુ મહાવીરદેવનો જન્મોત્સવ થાય છે. તે દિવસે વીર મહાવીર નામનો જપ અને પ્રભુ મહાવીરમાં ઉપયોગ રાખું છું. મહાવીરના જાપ સ્મરણ ધ્યાનથી અને પ્રભુ મહાવીરમાં પૂર્ણ પ્રેમશ્રદ્ધા ધારવાથી ગૃહાવસ્થાના, ત્યાગાવસ્થાના, અને કેવલી

અવસ્થાના પ્રભુ મહાવીરનાં સ્વપ્નમાં દર્શન થાય છે અને પ્રભુએ જ્યાં જ્યાં ઉપદેશ આપ્યો છે તે તે સ્થાનોમાં પ્રભુ ઉપદેશ આપતા દેખાય છે અને પ્રભુનો ઉપદેશ સ્વપ્નમાં સંભળાય છે. પ્રશ્નોત્તરના ખુલાસા થાય છે. સમવસરણમાં મહાવીર પ્રભુ બેઠેલા દેખાય છે અને તેથી આત્મ મહાવીરની વિશુદ્ધિ થાય છે. એક-વાર પ્રભુ મહાવીરદેવ પર પ્રેમના તાને લયલીન થવાથી આગળનો માર્ગ સહેજે ખુલ્લો થાય છે, પ્રભુ મહાવીરે સમ્યગ્દૃષ્ટિ થૈ ચારિત્રમાં શુભરાગે તીર્થંકર નામ કર્મ બાંધ્યું ત્યાંથી દેવલોકમાં ઉત્પન્ન થયા, ત્યાંથી દક્ષિણ ભરતમાં, ક્ષત્રિયકુંડ નગરમાં અવતર્યા ગૃહાવાસમાં રહ્યા. સર્વ પ્રકારના જડવિષય ભોગોની સાથે બાહિ-રથી ભોગાવલી કર્મે ભોગી થયા અને અંતરથી યોગી થૈ ત્રીશ વર્ષની ઉમરે દીક્ષા અંગીકાર કરી. બારવર્ષ અધિક ચારિત્ર ધારણા ધ્યાન સમાધિમાં રહ્યા અને બેતાલીશમા વર્ષે કેવલજ્ઞાની પરમાત્મા બન્યા. બહોતર વર્ષ પૂર્ણ થતાં દેહ છોડી પૂર્ણ મુક્ત સિદ્ધબુદ્ધ પરમાત્મા થયા. જેવો તેમનો આત્મા, મહાવીર પરમાત્મા થયો. તેમ સર્વેના આત્માઓ, ચોથા ગુણસ્થાનકથી આરંભી અંશે અંશે મહાવીર પરબ્રહ્મ બને છે અને છેવટે પૂર્ણ મુક્ત શુદ્ધબુદ્ધ મહા-વીર પરમાત્મા બને છે. ગૃહસ્થાવાસના આદર્શને સુધારવામાટે ગૃહસ્થોએ ગૃહસ્થ મહાવીરનું આદર્શજીવન પોતાના આચરણમાં મૂકવું અને ત્યાગીઓએ ત્યાગી મહાવીર પ્રભુનું જીવન વિચારી તેવું જીવન કરી ત્યાગી આત્મારૂપ મહાવીર બનવું. મેં આત્મા-રૂપ મહાવીરનું દેહરૂપ જગત્માં ગૃહસ્થ મહાવીર તરીકે આધ્યાત્મ દૃષ્ટિની પરિકલ્પિત પરિભાષાએ ગૃહસ્થ મહાવીર પ્રભુ મહિમા ગાયો છે, કવ્યો છે અને લખ્યો છે. તથા આત્માને ત્યાગી મહાવીર રૂપ માનીને દેહ વિશ્વમાં સર્વત્ર આત્મોપયોગ દૃષ્ટિએ વિહાર કરાવી વિશ્વલોકોને ઉપદેશ આપી વિશ્વોદ્ધાર કરવાની ભાવના એ વિચરાવ્યો છે એમ આત્માઓને મહાવીર પ્રભુની ભાવનાએ ભાવી પ્રભુ આત્મ મહાવીર થવા પુરૂષાર્થ કરૂં છું અને આત્મા-નંદે જીવું છું તથા દેહ દુઃખથી દૂર થાઉ છું એમ ક્ષયોપશમ

ભાવે અંશે અંશે બને છે. ષટ્ ચક્રોમાં પ્રભુ મહાવીરનો જાપ તથા ધ્યાન કર્યા કરૂં છું તેથી આત્મોપયોગરૂપ વા સમ્યગ દૃષ્ટિરૂપ કુંડલિની જાગૃતિ થઇ છે. કેવલ કુંભક પ્રાણાયામ કરી મહાવીરનું ચિંતવન કરૂં છું. હઠયોગ, રાજયોગ, મંત્રયોગ અને લયયોગ એ ચારે યોગથી શુદ્ધ બ્રહ્મ પરમાત્મ શુદ્ધાત્મ મહાવીર દેવરૂપે સ્વાત્મા બને છે. બાહ્યદેહ ક્રિયાદિનો હઠયોગમાં સમાવેશ થાય છે. આત્મજ્ઞાન અને શુદ્ધ પ્રેમનો રાજયોગમાં સમાવેશ થાય છે. ॐ **अर्हं महावीर**ના નામના જાપરૂપ મંત્રનો, મંત્રયોગમાં સમાવેશ થાય છે. અસંખ્ય યોગોએ આત્મા તેજ શુદ્ધાત્મ મહાવીર રૂપે પ્રકટ થાય છે. ક્ષયોપશમ સમકિતભાવે અને ક્ષયોપશમ ચારિત્ર પરિણતિએ આત્માનો પ્રકટભાવ તે આત્મમહાવીરનો પ્રકટભાવ છે અને એવા પ્રકટ આત્મપ્રભુઓનાં દર્શન થાય ત્યાં ક્ષયોપશમ ભાવીય આત્મમહાવીર પ્રગટ્યા જાણી નયસાપેક્ષે ત્યાં નમી જવું અને તેઓમાં અર્પાઇ જવું. તીર્થંકર મહાવીર દેવ પર જેને શ્રદ્ધા પ્રેમ પ્રગટ્યો છે તેમાં હું મન વાણી કાયાથી અર્પાઇ ગએલો છું. ચતુર્વિધજૈનસંઘમાટે અર્પાઇ ગયો છું. આત્મમહાવીરને પ્રકટ કરવા પ્રથમ પૂર્ણ પ્રેમી બનો. સર્વવિશ્વને આત્મમહાવીરરૂપે દેખો. સર્વ બાબતમાં વીર બનો. દુનિયામાં મહાવીર બનો. તમે પોતે સત્તાએ વીર છો. મોહમાયારૂપ પનોતીને શુદ્ધાત્મ પ્રેમરૂપ પગની નીચે દાબી દો. રક્તવીર્યના અણુ અણુમાં અને રોમે રોમે પ્રભુ મહાવીરના પ્રેમે રંગાઇ જાઓ. પંચ પરમેષ્ટીરૂપ મહાવીરોને આત્મારૂપ મહાવીરમાં એક ધ્યાને પરિણમાવો. દુનિયામાં ગૃહસ્થે અને ત્યાગીએ પ્રભુ મહાવીરના આદર્શ સ્હામી દૃષ્ટિ–ઉપયોગ રાખી આત્માને મહાવીર બનાવવા પુરૂષાર્થ કરવો. આત્મમહાવીરમાં ઉપયોગ રાખીને બાહિરનાં ગુણકર્મો પ્રમાણે વર્તવું. અશુભમાંથી શુભમાં આવવા માટે તથા શુદ્ધાત્મ મહાવીરરૂપે થવા માટે વ્યવહારનય અને નિશ્ચયથી જૈનધર્મરૂપ

આત્મમહાવીરના સ્વરૂપને પામવું. એમ લેશમાત્ર આત્મમહાવીરની દિશા દેખાડી છે તે તરફ ગમન કરશો.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર.                                                   મુ૦ વિજાપુર.

સંવત ૧૯૭૮ ફા. વ. ૧૨

મુ૦ દહેગામ તત્ર વિદ્યાપુરીય સુશ્રાવક દેશાઇ ડાહ્યાભાઇ નથુભાઇ યોગ્ય ધર્મલાભ.

બાહ્ય જગત્માં શુભાશુભ ભાવ કલ્પ્યા વિના બાહ્ય જીવન ઉપયોગી વસ્તુઓના વ્યવહારને ફર્જની દૃષ્ટિએ આચરવો, એમ આત્મજ્ઞાની સમજી શકે છે. અસંખ્યનયની દૃષ્ટિયોનું મૂલ આત્મા છે. આત્માનો આનંદ ખરેખર આત્મોપયોગે પ્રગટે છે. ગુરૂગમ પૂર્વક આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરનાર આત્મા, આ દુનિયાની સર્વ વસ્તુઓના ધર્મ્યસ્વાર્થ માટે અને પરમાર્થ માટે સારો ઉપયોગ કરવા સમર્થ થાય છે. તે મન વાણી કાયાના યોગોનો અને ઔદયિક કષાયોનો પણ ધર્મ્ય શુભ ઉપયોગ કરી આગળ ને આગળશુદ્ધ પરમાત્મદશા વ્યક્ત કરવામાં વહે છે. તેની આજુબાજુના શુભાશુભ કર્મોદયોના સંયોગોને તે આત્માની શુદ્ધિ તરફ વાપરે છે. અજ્ઞાનીઓના દૃષ્ટિએ તે પડતો જ્યાં દેખાય છે ત્યાં તે અંતરાત્મોપયોગે ચઢતો હોય છે. એવી સમ્યક્દૃષ્ટિની પ્રાપ્તિ માટે આગમસાર, નયચક્ર. જ્ઞાનસાર વગેરે દ્રવ્યાનુયોગી ગ્રન્થો અને આધ્યાત્મિક શાસ્ત્રોનો અભ્યાસ કરો. બહુશ્રુત જ્ઞાની ગુરૂગમ પૂર્વક જ્ઞાનાભ્યાસ કરીને સમ્યગ્ દૃષ્ટિની પ્રાપ્તિ કરી શકાય છે. પછીથી જે કંઇ દેશ, સંઘ, કોમ, ધર્માદિ માટે કરાય છે તથા વિચારાય છે તેના ગર્ભમાં ભાવિ આત્માની પરમાત્મદશાનો

પ્રકટભાવ રહેલો હોય છે અને તે વર્તમાનમાં ગમે તેવી બાહ્ય ફરજોની દશામાં ક્ષણે ક્ષણે થાય છે. સમ્યક્દૃષ્ટિ આત્માની દૃષ્ટિ સવળી થાય છે તેથી તેને બાહ્ય સાધનો, શાસ્ત્રો, વિષયો, સંયોગો કે જે પહેલાં અવળા આસ્રવહેતુ રૂપે પરિણમતા હતા તે ને તે સંયોગો વિષયો–પ્રકૃતિયો, ભોગ, મન વાણીકાયાની પ્રવૃત્તિયો, પછીથી આત્મશુદ્ધિ હેતુરૂપે–નિર્જરા હેતે પરિણમે છે. પૂર્વે સંસાર, બંધન માટે થતો હતો તે જ સંસાર પશ્ચાત્ બંધનમાટે થતો નથી. સર્વ દેવનો દેવ આત્મા છે. તે શરીરમાં રહેલ છે. એના પર પ્રેમની લગની લાગતાં તે આપોઆપ પ્રગટ થાય છે, તે જ પરમેશ્વરનાં દર્શન અને પ્રાપ્તિ છે. જેણે પોતે પોતાને પ્રભુરૂપે અનુભવ્યો તેણે સર્વવિશ્વનાધર્મોને પામ્યા અને સર્વદેવોને પામ્યા. એ જ નિશ્ચય હૃદયમાં ધારણ કરશો, એક વાર આત્મજ્ઞાન પામ્યા પછી દેહના ભોગોમાં પણ યોગના પ્રાકટ્યનો અનુભવ આવે છે અને તેથી ગૃહસ્થ તીર્થંકરોના ભોગોમાં યોગની દશાનો ખ્યાલ આવે છે અને પછી આત્મપરિણામ કે જે વિરતિરૂપ હોય છે તેનો સાધનદશામાં અનુભવ થાય છે અને તેથી આત્મા પોતાના આત્માનંદનો અનુભવી બને છે. જેટલા રાગદ્વેષના પરિણામ છે તેટલા ત્યાગના પરિણામ અધ્યવસાય છે. જે આત્મદશામાં રાગ નથી તે દશામાં ત્યાગ પણ નથી. જ્યાં સુધી રાગ પરિણામ છે ત્યાં સુધી ત્યાગ પરિણામ છે. રાગ નથી ત્યાં ત્યાગ નથી. પછી શરીર મન વાણી કાયાનો ઔદયિકભાવ ફક્ત પરમાર્થે સર્વ લોકોના હિતાર્થે અને શેષકર્મ નિર્જરાર્થે પરિણમે છે. આચારંગ સૂત્રમાં કથ્યું છે કે:—

जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा ।
तथा ॥ यथा प्रकारा यावन्तः संसारावेशहेतवः ॥
तावन्तस्तद्विपर्यासा– न्निर्वाणसुखहेतवः ॥ १ ॥

આત્મજ્ઞાની એવા સમ્યક્ દૃષ્ટિ ગૃહસ્થ અગર ત્યાગીને જે આસ્રવો અર્થાત્ કર્મબંધના હેતુઓ છે તે જ હેતુઓ ખરેખર કર્મની

નિર્જરાના હેતુભૂત પરિશ્રવો થાય છે અને અજ્ઞાનીઓને તે આસ્રવ રૂપે પરિણમે છે. બાહ્ય આસ્રવ અને બાહ્ય સંવર તે મોહહેતુ માત્ર છે. વસ્તુતઃ સમ્યગ્દૃષ્ટિને મિથ્યા અજ્ઞાનદૃષ્ટિયોગે બાહ્ય મન વાણી કાયાદિ સાધનો છે તેજ સંવર નિર્જરા અને મુક્તિ હેતુભૂત થાય છે. આત્મજ્ઞાનીને જડ જગત્ તે સુખ દુ:ખરૂપે પરિણમતું નથી. તેમ જ મનુષ્યાદિ પ્રાણધારીઓ પણ આસ્રવ હેતુરૂપે પરિણમતા નથી. કારણ કે તે જડ જગત્ અને દેહીઓના સંગથી વ્યવહારથી નિર્જરા કરે છે તથા પાંચે ઇન્દ્રિયોના શુભાશુભ વિષયોના ભોગથી પણ ગૃહસ્થ તીર્થંકરોની પેઠે પૃથ્વીચંદ્ર ગુણસાગરવત્ આસ્રવો ને પરિશ્રવોરૂપે પરિણમાવે છે એવી આત્મજ્ઞાનીની સમ્યક્ત્વ દૃષ્ટિ છે. સમ્યગદૃષ્ટિથી સત્ય અને અસત્યનો વિવેક થાય છે અને તેથી ગૃહસ્થાવાસમાં અગર ત્યાગાવસ્થામાં સમ્યગ્ જ્ઞાનના બળે સર્વ પ્રકારની આવશ્યક ધર્મ્યકર્મ પ્રવૃત્તિ કરતાં નિર્જરા થાય છે. સમ્યગ્દૃષ્ટિને આત્મામાં લક્ષ્ય રહે છે. આત્મજ્ઞાન વિનાના મનુષ્યો મડદા જેવા છે અને જ્ઞાનીઓની પ્રવૃત્તિ તે જીવતી છે. જ્ઞાનીઓ જાગતા છે અને અજ્ઞાનીઓ ઉંઘતા છે. સમ્યગ્દૃષ્ટિને જેટલાં બંધનાં સ્થાનો છે તે અબંધરૂપે પરિણમે છે. સમ્યગ દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિનો વિપર્યાસ થવાથી અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ પ્રકટવાથી તે આત્મોપયોગે જાગ્રત્ રહે છે. આત્માના સ્વરૂપનો અનુભવ આવ્યા પછી પૂર્વની મિથ્યાદૃષ્ટિ ટળવાથી આખો સંસાર બદલાઈ જાય છે. બાહ્યથી તો જ્ઞાનીની અને અજ્ઞા નીની વ્યવહારમાં એક સરખી પ્રવૃત્તિ લાગે છે પણ અંતરની જ્ઞાનાદિ વૃત્તિયોમાં આકાશ પાતાળ જેટલો તફાવત હોય છે. ઉપયોગી આત્માને દૃશ્યવિશ્વમાં બંધ નથી. આત્મા જો અન્ય જડવસ્તુઓમાં બ્રહ્મ સ્થાપના દૃષ્ટિએ બ્રહ્મ માની ધારીને કર્તવ્ય કરે છે તો તે ક્ષણે ક્ષણે આત્મારૂપ પરમેશ્વરને મળે છે. જડવસ્તુઓ દ્વારા ભોગવાતા જડાનંદથી જડવસ્તુઓના સબંધમાં આવવા કરતાં આત્માના આનંદ રસથી હર્ષાગમાન થઈ

સ્વાધિકાર કર્તવ્યથી જડજગતરૂપ પ્રકૃતિસાથે સંબંધી થતાં કોઈ જાતનો બાહ્ય બંધ રહેતો નથી. આત્માના આનંદનો ભોગ તેજ અમરપણું છે અને જડાનંદ રસની પરિણુતિથી જીવવું તેજ મરણુ છે. આત્માનંદથી સર્વ દેહધારીઓની સાથે વર્તવું. અજ્ઞમનુષ્યો દેહધારીઓના શરીરદ્વારા આનંદ લેવાની ભ્રાંતિ ધારણુ કરે છે. સમ્યગ્દૃષ્ટિ એવા જ્ઞાનીઓ, કર્મોદયથી શાતા ભોગવે છે. પુણ્ય કર્મોને સેવે છે, છતાં તેમની દૃષ્ટિમાં તો આત્માનંદ પ્રાપ્ત કરવો એજ લક્ષ્ય છે. સમ્યગ્દૃષ્ટિજ્ઞાનીઓને રાગદ્વેષ ઉદય ટળવાથી રાગદ્વેષની પરિણુતિની ઉપશમતા, ક્ષયોપશમતા અને ક્ષાયિકતા થાય છે. સમ્યગ્દૃષ્ટિયોને કષાયોનો ઉદય પણુ ધર્માર્થે અને નિર્જરાર્થે પરિણુમે છે. હૃદયમાં શુદ્ધ બુદ્ધિ છે અને હિંસાદિ આસ્રવના પરિણામ નથી એવા ગૃહસ્થ અને ત્યાગીઓને બાહ્યથી કલ્પાએલા એવા આસ્રવના હેતુઓ પણુ નિર્જરાર્થે થાય છે અને તેથી સમ્યગ્દૃષ્ટિ એવા ગૃહસ્થ તથા ત્યાગીજૈનો સંઘ, તીર્થ, ધર્મ અને કુટુંબ, જ્ઞાતિ, દેશ, કોમ, રાજ્ય લક્ષ્મી આદિમાં સ્વસ્વાધિકારે કર્તવ્ય કર્મોની ફરજો બજાવતા છતા નિર્લેપ રહે છે અને સમયે સમયે કર્મની નિર્જરા કરે છે અને મુક્તિ તરફ ક્ષણે ક્ષણે આગળ વધતા જાય છે. પરિપૂર્ણ નિર્મલ કેવલજ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ તેજ મુક્તિ છે. એવી મુક્તિ તે આત્મામાં છે. સમ્યગ્દૃષ્ટિયોની ગમે તેવી બાહ્યાંતરાવસ્થામાં રાત્રી દિવસે ક્ષણે ક્ષણે ઉત્ક્રાંતિ છે પણુ અપક્રાંતિ નથી, કારણુ કે તેની સવળી દૃષ્ટિ પ્રગટી છે. સમ્યગ્દૃષ્ટિયો વ્યવહારમાં વ્યવહાર દૃષ્ટિએ વર્તે છે અને અંતરૂમાં ઉપયોગભાવે વર્તે છે, સમ્યક્દૃષ્ટિ ઉંઘતો હોય વા ગાંડો થયો હોય તો પણુ તે જાગ્રત્ છે અને તેમાં તથા પાગલપણુામાં પણુ તે કર્મની અનંતગુણી નિર્જરા કરે છે. અજ્ઞાનીઓના આશયમાં અમૃત પણુ વિષ જેવું છે. સમ્યગ્દૃષ્ટિયોને અવળું પણુ સવળું પરિણુમે છે તેથી ગૃહસ્થદશામાં રહ્યા છતાં અંતરથી મિથ્યા દૃષ્ટિયો કરતાં અનંતગુણુ ઉચ્ચ અને શુદ્ધ છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ

કરતાં સમ્યગ્દૃષ્ટિ ત્યાગી અનંતગુણ ઉચ્ચ છે અને જૈનધર્મની દૃષ્ટિએ ત્યાગી ગુરૂ છે. સર્વવિશ્વનો ત્યાગી ગુરૂ છે. ગૃહસ્થોને સમ્યગ્દૃષ્ટિ બળે શાતાવેદનીય ભોગવતાં અને અશાત વેદનીય ભોગવતાં પૂર્વનાં બાંધેલાં ઘણાં કર્મ ખરે છે અને તેનો આત્મા બાહ્યથી અન્ય લોકોની દૃષ્ટિએ ગમે તેવો હલકો જણાતો છતાં અંતરથી તે વિશ્વનો શહેનશાહ દેવ બને છે. અંતરથી હિંસાના પરિણામ નથી અને બાહિરથી દેવગુરૂ ધર્મ સંઘાદિકની સેવા-ભક્તિ અર્થે પ્રવૃત્તિ કરતાં સમ્યગ્દૃષ્ટિ એવા ગૃહસ્થોને તથા ત્યાગીઓને હિંસા થતાં હિંસા નથી પણ ધર્મ છે. દેવગુરૂ ધર્મની ખરી શ્રદ્ધાનું મૂલ કારણ સમ્યગ્દૃષ્ટિ છે. ષડ્દ્રવ્યના ગુણ પર્યાયનું સ્વરૂપ જાણવાથી તથા તેની શ્રદ્ધા થવાથી તથા નવતત્ત્વનું સ્વરૂપ જાણવાથી સમ્યગ્દૃષ્ટિ પ્રગટે છે. સમ્યકત્વ પ્રગટવાથી આત્મવિશ્વાસ પ્રગટે છે. સમ્યક્ત્વ તેજ અપેક્ષાએ ચારિત્ર છે. **जंसम्मंसं पासह तं मोणं पासह, जंमोणं पासह तं समत्त पासह** આચારાંગ સૂત્રમાં સમ્યક્ત્વ તેજ મૌન અર્થાત્ ચારિત્ર છે અને ચારિત્ર છે તેજ સમ્યકત્વ છે, એમ અપેક્ષાએ જાણ. **एगं जाणइ से सव्वं जाणइ, सव्वं जाणइ से एगं जाणइ.** જે ગુણ પર્યાય યુક્ત આત્માને નયનિક્ષેપાથી જાણે છે તે ષડ્દ્રવ્યમય સર્વ જગત્‌ને જાણે છે અને દ્રવ્યગુણ પર્યાયથી સર્વ જગત્‌ને જાણે છે તે આત્માને જાણે છે. જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. આત્માને નયનિક્ષેપથી જાણતાં અને અનુભવતાં સર્વ વિશ્વ છે તે આત્માની શુદ્ધિમાં ખરેખર સાધનતરીકે ગૃહસ્થ જ્ઞાનીઓને અને ત્યાગી જ્ઞાનીઓને અંતરમાં પરિણમે છે. ઉપાદાન સાધનરૂપ સદ્‌ભૂત ધર્મ અને વ્રતાદિક સાત્વિક અસદ્‌ભૂત સાધન ધર્મ આદિ સર્વે ધર્મોમાં અહંમમત્વ વિના વર્તવાથી તથા અપેક્ષાએ ગ્રહણ અને ગ્રહણનો પણ ત્યાગ અને ત્યાગનું પણ ગ્રહણ અપેક્ષાએ કરીને સર્વ સાધનવ્યવહારમાં વર્તવાથી આત્મા બાહિરાંતર ત્યાગી અને ભક્ત બને છે. તેમજ ઐાપચારિક લૌકિક અસદ્‌ભૂત આજીવિ-

કાદિ વ્યવહારમાં પણુ તે તે દૃષ્ટિએ સ્વસ્વાધિકારે વર્તાય છે અને અંતરૂથી આત્મા ન્યારો વર્તે છે. પાંચ અજીવ દ્રવ્યના ગુણુ પર્યાય તથા ઔદયિકભાવ પર્યાય તે સર્વનું મારી પરિભાષાએ પ્રકૃતિ-માયા એવું નામ આપું છું અને તે આત્માની અપેક્ષાએ અસત્ છે અને આત્મા સ્વસ્વરૂપે સત્ છે. અસત્ પ્રકૃતિની સાથે પોતાને સત્રૂપે માનીને વર્તનાર તથા અસત્નો ઉપયોગ પણુ તેમાં અસત્પણું માનીને કરનાર સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થ તથા ત્યાગી જૈન ખરેખર અજ્ઞાની લોકો કરતાં દેશ સંઘ રાજ્ય સમાજ કુટુંબા-દિની સેવા ફર્જ કરતાં અનંત ગુણુ વિશુદ્ધ નિર્લેપ વર્તે છે અને અજ્ઞાની લોકો કરતાં સર્વ વિશ્વમાં અનંતગુણુ ઉત્તમ અર્હંત બની શકે છે. એવી સમ્યગ્દૃષ્ટિ પામીને ગૃહસ્થ દશામાં વર્તવું તથા તેથી આજ ભવમાં તથા બેત્રણુ ભવમાં આત્માની પૂર્ણ મુક્તિ થાય છે, ગુરૂની સંગતિ સેવાભક્તિ અને તેમની પૂર્ણ કૃપાથી સમ્યગ્દૃષ્ટિની ( સમ્યક્ત્વની ) પ્રાપ્તિ થાય છે તેથી સાંસારિક સર્વ કાર્યોમાં જલપંકજની પેઠે આત્મા નિર્લેપ રહે છે. આત્મા-માંજ સમ્યગ્દૃષ્ટિ અને આત્માનંદરૂપ શુદ્ધ ચારિત્ર છે તે ગુરૂના પુષ્ટ આલંબનથી પ્રગટે છે. શાસ્ત્રો પણુ ગુરૂ વિના એક દેશી છે. આત્માના ગુણો છે તે શરીરના વર્તનમાં સર્વથા ઉતરી શકે નહિ. મનદ્વારા પણુ એક અંશ માત્ર અનુભવાય માટે આત્માને આત્મામાં અનુભવો.

इत्येवं ॐ अर्हं महावीरशांतिः ३

---

ॐ नमः संखेश्वर पार्श्वनाथाय.

મંગલાચરણુ દુહા.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ, આપો શાંતિ ક્ષેમ;
આત્મોપદેશ કરતાં થકાં, જાગો અનુભવ પ્રેમ. (૧)

આતમ ઉપાદેય છે, ત્યાગ કરી પરભાવ;
આત્મ સ્વરૂપ વિચારણા, એહી જ ભવજલ નાવ. ( ૨ )
દર્શન દર્શન સૌ કરે, દર્શન આતમરૂપ;
કરતાં સિવ સુખં સંપજે, પડે ન ભવજલ કૂપ. ( ૩ )
આતમ આતમ સૌ કરે, સમજે નહીં તસરૂપ;
પરભાવે માચ્યો રહે, તે પડતો ભવકૂપ. ( ૪ )
પુદ્ગલથી ન્યારો સદા, નિરાકાર સુખ ધામ;
કર્મસંયોગે આતમા, ભવમાં ભટકે આમ. ( ૫ )
કર્મસંયોગે આતમા, પામે દુઃખ અપાર;
વિવિધવેષે ભટકતો, ચાર ગતિ સંસાર. ( ૬ )

હવે આત્માને ઉપદેશ આપે છે. પોતાના આત્માને ઉપદેશ આપવો એ ઉત્તમ વાત છે, કારણ કે પોતે સુધર્યા વિના બીજાને ઉપદેશ આપી શકતો નથી. જે મહાત્માઓ વિશેષ ગુણવાન છે અને વૈરાગી છે તેમનો ઉપદેશ બીજાને વધારે અસર કરી શકે છે. કામી સ્રીના હાવ ભાવ જેમ નપુંસક આગલ નકામા છે તેમ વૈરાગી જીવોનો ઉપદેશ, મોહી દૃષ્ટિ રાગી કદાગ્રહીની આગળ નકામો થાય છે. શ્રી ઉપદેશ રત્નાકર ગ્રંથમાં શ્રીમુનિ સુંદર મહારાજ કહે છે કે.

गाथा

रत्तोदुट्ठोमूढो, पुव्विं वुग्गाहिओ अ चत्तारि ।
उवएसस्स अणारिहा, अहवा सएर्हि परिबुझंति ॥१॥
जं जस्स पिअं तंतस्ससुंदरं रुवगुणविप्पमुक्कंवि ।
मुत्तुण रयणाहारं, हरेण सप्पो कओ कंठे ॥ २ ॥

( ભાવાર્થ ) રક્ત, દુષ્ટ, મૂઢ અને કદાગ્રહી એ ચાર ઉપદેશને અયોગ્ય છે. અતિશયવંત પુરૂષોથી કદાપિ તે બોધ પામી શકે છે, તે ઉપર ઉદાયી રાજાનો દૃષ્ટાંત જાણવો. જે માણસને જે વસ્તુ પ્રિય હોય છે તે વસ્તુ તે માણસને પ્રિય ( વહાલી ) લાગે છે, મહાદેવે રત્નનો હાર મૂકીને સર્પ ગળામાં ઘાલ્યો,

તે દૃષ્ટાંત જાણી લેવું. ગુણગ્રાહીના નવ ઉપદેશને યોગ્ય કહેવાય છે પણ જે બાપના કુવામાં બુડી મરવું એ ન્યાયને અનુસરી ચાલે છે તે ઉપદેશને યોગ્ય નથી. યોગ્ય પરીક્ષા કરવી ઘણી કઠીન છે તેથી જેમ બને તેમ દ્રવ્યક્ષેત્ર કાલભાવને અનુસરી સ્વપરહિતમાં પ્રવૃત્તિ કરવી. પોતાનું હિત કરવા વિશેષે કરી પ્રયત્ન કરવો જોઇએ. આત્મા અનંત જ્ઞાનદર્શન અને ચારિત્રનો ભોક્તા છે. આત્મા, નિરાકાર છે પણ કર્મસંયોગે પુદ્ગલ લોલી ભૂત થયો છે અને તેથી સાકાર કહેવાય છે.

આત્માઓ બે પ્રકારના છે. ભવ્યાત્માઓ અને અભવી તેમાં ભવિજીવો મુક્તિ પદ પામી શકવાને લાયક છે અને અભવીજીવો તો કદાપિ કાળે મુક્તિપદ પામી શક્યા નથી, અને પામશે નહી. ભવીજીવોમાં પણ ભવાભવી જીવો તો નિગોદમાંથી નીકળ્યા નથી, અને મુક્તિપદ પામવા લાયક નથી. દૂર ભવીજીવોને ઘણા ભવ કરવા પડશે. આસન્નભવી થોડો કાળ સંસારમાં રખડશે. હવે આત્માને પૂછવું કે તું ભવિ છે કે અભવિ છું? જે માણસના મનમાં હું ભવી છું કે અભવી છું? એમ વિચાર થાય તે ભવીજીવનું લક્ષણ જાણવું.

આત્મા અનાદિકાલથી પુદ્ગલ દ્રવ્યની સંગતિથી દુઃખી થાય છે. એ પુદ્ગલ દ્રવ્ય જડ છે. પુદ્ગલ દ્રવ્યની સંગત કરનાર પણ જડ જેવો બની જાય છે. એક પત્થરની શિલા ઉપર સૂર્યના કિરણ પડે છે ત્યારે તે પત્થરની શિલા ઉષ્ણ ( ઉની ) થાય છે અને જ્યારે રાત્રિનો વખત થાય છે ત્યારે શીત પુદ્ગલના સંયોગથી ઠંડી થઇ જાય છે. તેમ આત્મા પણ પરસ્વભાવમાં રમતા આકુળ વ્યાકુળ થઇને જડ બની જાય છે અને પરભાવમાં રમે છે, અને પરસ્વભાવ છોડે છે ત્યારે શાંત બની જાય છે. આત્માને દુષ્ટ જનની સંગતિ થવાથી પોતે પણ તેના જેવો બની જાય છે, અને વૈરાગીની સંગતિ થવાથી વૈરાગી બની જાય છે. જેવાં

નિમિત્ત મળે છે, તેવો આત્મા પ્રાયશઃ બની જાય છે, માટે શુભ અને સત્ય નિમિત્તોનો સંયોગ કરવા લક્ષ દેવું. એવો કોઇ દેખાતો નથી કે જે-અહર્નિશ આત્મસ્વભાવમાં રમ્યા કરતો હશે. તો પણ શુદ્ધ નિમિત્તના સંયોગી મુનિરાજ મહારાજ સ્વરૂપમાં રમે છે. વિકલ્પ અને સંકલ્પનો ત્યાગ, પંચવ્રત ધારી મુનિમહારાજથકી થઈ શકે છે. જેમ બને તેમ ગુરૂ મહારાજ ઉપર શ્રદ્ધા રાખવી. જે ગુરૂ મહારાજથકી બોધિ બીજની પ્રાપ્તિ થઈ હોય તેમને તન મન અર્પણ કરવું, એવી જ્યારે દશા જાગશે ત્યારે સ્વહિત થઇ શકશે, પણ હરાયા ઢોરની પેઠે આડું અવળું જ્યાં ત્યાં ભટકવાથી, વિશેષ આત્મલાભ થઈ શકતો નથી, ફક્ત જેનાથકી આપણને ઉપકાર થાય તેમનાજ વચનો ઉપર વિશેષ પ્યાર ભક્તિ રાખવી જોઇએ.

જેમ કોઇ રોગી માણસ છે તેને રોગ થયો છે તેને ઘણા દાકતરો પાસે દવા કરાવી પણ રોગ મટયો નહિ. પુણ્ય સંયોગે કોઇ અનુભવીનો સંયોગ થયો તેની દવાથી શરીર સારૂં થયું. રોગ થવાનું મુખ્ય શું કારણ હતું તે જાણ્યું અને રોગ મટયો ત્યારે બીજી વખત રોગ થયો તો તેમના થકીજ ટળશે એમ જાણી તેમની દવા કરી અને તેમનો ઉપકાર ભૂલ્યો નહિ. સાધુ મહારાજો દુનિયામાં ઘણા છે. સર્વે नमो लोए सव्व साहूण એ પદમાં આવી ગયા. જે ગુરૂ મહારાજથી પૂર્ણ બોધિ બીજની પ્રાપ્તિ થઈ હોય તેમના કહ્યા પ્રમાણે ચાલવું. કારણકે તે જે કંઇ કહેતા હશે તે આપણા હિતને માટે કહેતા હશે. તેમને કંઇ કોઇ પાસેથી લેવું દેવું નથી. રોગી માણસ જેની દવા કરી તે વૈદ્યથી ફેર થયા છતાં બીજા વૈદો પાસે જાય ત્યારે વૈદો પોતપોતાની મતિ પ્રમાણે જુદી જુદી દવાઓ ખાવાનું કહે, અને તે પ્રમાણે કરે તો સારૂં થવું મુશ્કેલ છે, અને કદાપિ રોગ મટે નહિ ત્યારે જેની દવાથી પહેલાં સારૂં થયું હતું તેની પાસે જાય ત્યારે તેને પોતાની હકીકત કહે ત્યારે તે વૈદ વિચારે કે આ

માણસ દવા કરવાને લાયક નથી. કારણકે ગુણ અવગુણની અગર ઉપકારની તેને પરીક્ષા નથી. જો હું દયા ધારી દવા આપું તો એને જ્યાં સુધી પૂર્ણ વિશ્વાસ મારા ઉપર થયો નથી ત્યાં સુધી દવા તેને અસર કરી શકશે નહિ, કારણ કે તે વળી વચમાં બીજાની પણ દવા કરાવે ત્યારે બીજા વૈદ્યો ભરમાવે કે તું જેની દવા ખાય છે તેનાથી તું નીરોગી થઇશ નહિ. ત્યારે તે સંશયમાં પડે ( **संशयात्मा विनश्यति** ) તેથી તે રોગીના મનમાં સંશય રહે અને નિરોગી થઈ શકે નહિ. તેમ આ સંસારમાં રહેલા ભવી જીવો કર્મથકી રોગી થયેલા છે અને વિવિધ જાતનાં દુ:ખ ભોગવે છે, તેમાં કોઈ જીવને પુણ્યસંયોગે શુદ્ધ આત્મસ્વરૂપ સમજાવનાર ગુરૂ મહારાજનો સંયોગ થયો તેમને તે રોગી જીવને રોગ થવાનું મુખ્ય કારણ બતાવ્યું. અનાદિકાળથી હે ભવિજીવ! તને કર્મરૂપ જડ વસ્તુના સંયોગે રોગ થયો છે, અને તેથકી તું રૌરવ દુ:ખ ભોગવે છે, અને ચાર ગતિ રૂપ સંસારમાં ચોરાશી લાખ જીવ યોનિમાં વિવિધ વેષે નાચે છે, માટે તે કર્મનો નાશ કરવાનાં અમુક કારણો છે. તત્ત્વની શ્રદ્ધા પહેલી તમો કરશો ત્યાર બાદ સર્વ સફળ થશે, એમ ગુરૂમહારાજનું વચન સાંભળી જીવ તત્ત્વ શ્રદ્ધા કરે ત્યાર બાદ ગુરૂમહારાજ ઉપદેશ કરે કે હે ભવ્ય જીવ!!! તું શુભાશુભ આસ્રવ અમુક છે તેનો ત્યાગ કર તે પ્રમાણે વાણી સાંભળી તેનો ત્યાગ કરે એમ ગુરૂમહારાજનાં વચનો ઉપર પ્રતીતિ થવાથી પછી તે પ્રમાણે વર્તવું એટલુંજ બાકી રહે છે. માટે ઠેર ઠેર ભટકવું નહિ. ગુરૂમહારાજ તો એકજ કરવા. જેમ કોઇ સ્ત્રી એકજ પુરૂષને વરે છે તેમ ગુરૂમહારાજ તો ઉપકારી એક હોઈ શકે છે. સાધુઓ તો અનેક હોઈ શકે છે. માટે તેમની ખૂબ ભક્તિ કરવી. તેમના વચનાનુસાર ચાલવું. તેમનો વિનય ધારણ કરવો. તેથી આપણે શુદ્ધ ધર્મ પાળી શકીયે છીએ. કારણ કે ગુરૂમહારાજ આપણી યોગ્યતા જોઈ આપણું હિત થાય એમ ઉપદેશ આપે છે. બોધિબીજની પ્રાપ્તિ કરાવનાર ગુરૂમહારાજનો

કોઇ રીતે ઉપકારનો બદલો વાળવા આપણે સમર્થ નથી. કહ્યું છે કે:—

समकित दायक गुरुतणो, पच्चुवयार न थाय,
भवकोडाकोडि करे, करतां कोटि उपाय. १

श्लोक.

एकाक्षर प्रदातारं, योगुरुं नैव मन्यते
श्वानयोनि शतंगत्वा, चौडालेष्वपि जायते १

ભાવાર્થ:—એક અક્ષરનું પણ જ્ઞાન આપનારને જે ગુરૂ કરી માનતો નથી તે કુતરાની યોનિમાં સો વાર ઉત્પન્ન થઇને ચાંડાળના કુળમાં ઉત્પન્ન થાય છે. માટે ભવ્યજીવોએ બોધિ બીજના આપનાર ગુરૂમહારાજની અત્યંત ભક્તિ કરવી. સંસારમાં અત્યંત પુણ્યના યોગે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે. તે પામી કોણ ગુમાવશે, હા અલબત્ત, પ્રમાદી જીવ ગુમાવી શકશે.

વિચિત્ર કર્મની પ્રકૃતિયો છે. તેમાંથી કોઇ પણ ઉદયે આવે છે, ત્યારે આત્મા ગભરાઈ જાય છે, કોઈ વખત એ મન, રાજા થાય છે, કોઇ વખત રંક થાય છે, કોઈ વખત સુખી અને કોઈ વખત દુ:ખી દેખાય છે, આઠ પ્રકારના કર્મના સંબંધથી જીવને સુખ દુ:ખ વેદની ભોગવવી પડે છે અને અષ્ટકર્મના નાશથી આત્માનું અનંત સુખ પ્રગટે છે. જડસુખની પાછળ અને પહેલાં અનેક ઉપાધિ અને દુ:ખ છે. તુચ્છ ક્ષણિક સુખમાં રાચવું માચવું એ અજ્ઞાન છે. ગુરૂ જો આત્મજ્ઞાની અને આત્મસુખના અનુભવી મળે છે તો શિષ્યને આત્માના સુખની પ્રાપ્તિ કરાવી આપે છે. અજ્ઞાન મોહ ટળવાથી આત્મસુખનો અનુભવ થાય છે. કનકકાંતા વ્યવહારમાં જેટલો આત્મભોગ આપવામાં આવે છે તેટલો જો આત્માના સુખની પ્રાપ્તિ માટે આપવામાં આવે તો આત્મસુખનો અનુભવ થાય. જડમોહના ત્યાગ વિના આત્માસ્વસુખનો રાજા નથી. વ્યાવહારિક વિદ્યાઓ વગેરેની પ્રાપ્તિ માટે જીવો પોતાના સ્વાર્થે વ્યાવહારિક વિદ્યાગુરૂઓને સેવે છે તેના કરતાં અનંતગુણરાગે

જે આત્મજ્ઞાની ગુરૂઓનો વિનય કરાયતો આત્મજ્ઞાનની પ્રાપ્તિથી આત્મસુખ સ્વયં આત્મા પામે એ સત્ય નિશ્ચય છે એવા માર્ગમાં જગતના લોકો વળો.

## મહાવીર સ્વામીનું સ્તવન.

ગીરૂઆરે ગુણ તુમતણા ( એ રાગ. )

ચરમ જીનેશ્વર વીનતિ, સાસન નાયક સ્વામીરે;
કરજોડી ઉભો રહું, ચરણકમલ શિરનામીરે. (ચરમ) ૧
અનંતજ્ઞાન ગુણે કરી, સકલપદારથ જ્ઞાતારે;
રાગદ્વેષ દૂરે કર્યા, ભવ્યજીવ જગ ત્રાતારે. (ચરમ) ૨
ચોસઠ ઇન્દ્ર પૂજીત પ્રભુ, જગબંધવ જગ ભ્રાતારે;
વાણી ગુણ પાંત્રીસથી, દેશના દ્યો સુખદાતારે. (ચરમ) ૩
દોષ અઢાર રહિત પ્રભુ, હું અવગુણથી ખૂબ ભરિયોરે;
સંસાર સમુદ્રમાં હું પડયો, સંસાર સમુદ્ર તેં
તરિયોરે. (ચરમ) ૪
પરમાતમ પદ તેં લહ્યું, પ્રભુ તેહતણો હું રાગીરે.
તુજમુજ અંતર અતિઘણું, કહો જાય કેણીપરે ભાગીરે. (ચરમ) ૫
કર્માષ્ટક દૂરે ગયાં, પ્રભુ તુજથકી ભય પામીરે;
અહો કર્મ પંજરમાં હું પડયો, ચાર ગતિ ભયગામીરે. (ચરમ) ૬
તમે મોહ રિપુ સંગ્રામમાં, વર્યા શિવરમણી વરમાલારે.;
પ્રભુ તેહ થકી હું હારીયો, હું દીન તમેછો દયાલારે. (ચરમ) ૭
તુજ આગમ દર્પણ જોવતાં, મુજ આતમ રૂપ દેખાયરે;
તારક વારક ચઉગતિ, તુજ આગમ મોક્ષ ઉપાયરે. (ચરમ) ૮
તુજ ગુણ નિર્મલ જલથકી, મુજ પાપ પંક દૂર થાયરે;
તુજ ધ્યાને મુજ આતમા, પરમાતમ પદને પાયરે. (ચરમ) ૯
વિનતિ તેહીજ ઉન્નતિ, આતમ ગુણની દાખીરે;
બુદ્ધિસાગર સુખ અનુભવે, ધ્યાનામૃત રસ ચાખીરે. (ચરમ) ૧૦

## જૈન સંઘની ચડતીના ઉપાયો.

ગરબી.

જૈન સંઘની ચડતી કરવા, જે જે સત્ય ઉપાયોજી.
તે તે સર્વે સેવો જૈનો, જૈન ગણો ન પરાયો,
સમજી વર્તોજી. સેવાથી દિલ શુદ્ધિ, ભવીજન કરતોજી. (સમજી) ૧

જ્યાં ત્યાં જૈનને દેખી નમીએ, વેર ભેદને શમીએજી;
મન ઇન્દ્રિયો વેગે દમીએ, અપરાધીને ખમીયે. (સમજી) ૨

ખર્ચ નકામા કરીએ ન ક્યારે, જૂઠી કીર્તિ તજીએજી;
બાલલગ્નને વૃદ્ધ લગ્નથી, વેગળા રહી જિન ભજીએ. (સમજી) ૩

દુઃખી નિર્ધન જૈનની વ્હારે, ચઢવું સ્વાર્પણ ભાવેજી;
પ્રતિબદલા વણ નિષ્કામી થઇ, કર્મ કરો હિત દાવે. (સમજી) ૪

જંગમ સ્થાવર તીર્થની સેવા, રક્ષણ માટે મરીયેજી;
પ્રમાણીક જીવનથી જીવવા, સર્વ ઉપાયો કરીયે. (સમજી) ૫

દેવગુરૂને ધર્મની શ્રદ્ધા, જૈન ધર્મ આરાધોજી;
કોટી કોટી યત્ન કરીને, સંઘોન્નતિને સાધો. (સમજી) ૬

વાતો કરતાં કાંઇ વળે નહી, કાર્ય કરો અધિકારેજી;
જૈનો સાચા ક્યાંયે ન હારે, આપ તરે પરતારે. (સમજી) ૭
સંઘની સેવા તે નિજ સેવા, તીર્થંકર પદ સાધેજી;
સાત ક્ષેત્રના જીર્ણોદ્ધારે, આત્મોન્નતિ ઝટ વાધે. (સમજી) ૮
સંઘોદય કરવાને માટે, સ્વાર્પણ સર્વે કરીયેજી;
જૈન ધર્મનું શિક્ષણ લેવા, સર્વપ્રમાદો હરીયે. (સમજી) ૯

સંઘોદયમાં સ્વાર્થો હોમો, પાછું વાળીને ન પેખોજી.
દુર્ગુણ ટાળો સદ્ગુણ ધારો, દોષની દ્રષ્ટિ ઉવેખો. (સમજી) ૧૦
હાથો હાથ મીલાવી સંપી, એકાત્મા થઇ જાવોજી;
ખાવો પીવો સંગાથે સૌ, ભેદ ન મનમાં લાવો. (સમજી) ૧૧

દેશકાલ અનુસારે લક્ષ્મી, ખર્ચો જૈનોમાટેજી;
જૈનો માટે જીવો નક્કી; ચડતી છે શિરસાટે. (સમજી) ૧૨

મત ક્રિયાદિક ઝઘડા ટંટા, ત્યજીએ મોહને મારીજી;
નિજ આતમ સરખા સૈ આતમ, દેખો સત્ય વિચારી. (સમજી) ૧૩
જૂઠ ન વદવું પ્રાણ જતાં પણ, કરી પ્રતિજ્ઞા પાળોજી;
મોહ અહંતા મમતા ત્યાગી, પડતીનાં બી બાળો. (સમજી) ૧૪
જૈનશાસ્ત્રને સદ્ગુરૂ શરણે, રહીને આગળ ચાલોજી;
બુદ્ધિસાગર સત્ય ઉપદેશે, બોલ્યા તેવું પાળો. (સમજી) ૧૫

ॐ शांति.

( ઉદય માસિકમાં આની એક નકલ આપી છે. )

स्वाध्याय.

## શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી કોઇની ચડતી પડતી નથી

સંતો દેખીએરે પરગટ પુદ્ગલ જાલ તમાસા. એ રાગ.

દ્રવ્યાર્થિક મતેરે ચડતી પડતી નહીં કોની.
આત્મ અરૂપી કર્મે રૂપી, ચડતી પડતી જીવોની. દ્રવ્યાર્થિક ૧
આતમકર્મ એ બેનો સંબંધ, અનાદિથી કથાયરે;
ખાણમાં રજ સુવર્ણની પેઠે, અનેકાંત કહવાય. દ્રવ્યાર્થિક. ૨
કાલ સ્વભાવને નિયતિ કર્મ, ઉદ્યમપંચમ જાણરે;
પંચ હેતુથી કાર્યોત્પત્તિ, સ્યાદ્વાદે સુપ્રમાણ. દ્રવ્યાર્થિક. ૩
જ્ઞાનાવરણને દર્શનાવરણને, વેદની મોહનીચારરે;
આયુષ્યનામને ગોત્રાંતરાયનો, છે અતિ ઘણોવિસ્તાર. દ્રવ્યાર્થિક. ૪
અષ્ટકર્મનું ક્ષય રૂપ કાર્ય તે; પંચ હેતુથી થાયરે;
આતમ સત્તા પ્રગટે પૂરી, મુક્તિપુરી સુખ પાય. દ્રવ્યાર્થિક. ૫
હું સુખી હું દુઃખી ભોગી, રોગી શોકી ધનવંતરે;
હું રાજા પ્રજા નરનારી, કર્મતણો છે તંત. દ્રવ્યાર્થિક. ૬
કોઇક જમતા કોઇક ભૂખ્યા, રમત ભમત બહુરીતરે;
પંચેદ્રિ સુખ ભોગવે કેઇક, કર્મે હર્ષને ભીતિ. દ્રવ્યાર્થિક ૭
પુણ્યોદયથી શાતા સુખ છે, પાપોદયથી દુઃખરે;
નાટકીયા પેઠે ભવ નાટક, મિથ્યાજડનું સુખ. દ્રવ્યાર્થિક ૮

વિશુદ્ધ દ્રવ્યાર્થિકનયદેખે, સર્વ દ્રવ્ય સ્વતંત્રરે;
પર્યાયાર્થિક શુદ્ધનયે પણ, કોઈ નહીં પરતંત્ર. દ્રવ્યાર્થિક ૯
અશુદ્ધ નયે પર્યાયાર્થિકથી, જડ ચેતન સંબંધરે;
શુભ અશુભ બે અશુદ્ધમાંહી, બનો ન તેમાં અંધ. દ્રવ્યાર્થિક ૧૦
પરમદ્રવ્યાર્થિકનયદૃષ્ટે, આતમ સત્તા ધ્યાનરે;
ધરતાં પર્યાયોની શુદ્ધિ, થતાં સ્વયં ભગવાન્. દ્રવ્યાર્થિક ૧૧
આતમ સત્તા ચોખી તેનો, વર્તે જે ઉપયોગરે;
શુદ્ધોપયોગ જ તે દિલ જાણો, પ્રગટે આનંદ ભોગ. દ્રવ્યાર્થિક ૧૨
ચડતી પડતી છે કર્મથકી જગ, તેમાં દૃષ્ટિ ન દેવીરે;
અશુદ્ધનો ઉપયોગ ન દેવો, મુક્તિ કુંચી છે એવી. દ્રવ્યાર્થિક ૧૩
અશુદ્ધપરિણતિ પર્યાયોમાં, આતમભાવ ન ધરવોરે;
આતમસત્તા ક્ષણ ક્ષણ ધ્યાયી, અનુભવ સાચો વરવો. દ્રવ્યાર્થિક ૧૪
સંવત્ ઓગણિશ તેપનસાલે, વિજાપુર આલોલેરે;
ચડતી પડતીપણ આતમસત્તા, જાણી બુદ્ધિ બોલે. દ્રવ્યાર્થિક ૧૫
પ્રેમી દેશાઈ ડાહ્યાભાઇ, નથ્થુભાઇ હેતેરે;
ચડતીપડતી પણ આતમ સત્તા, ગાઇ ગુણ સંકેતે. દ્રવ્યાર્થિક ૧૬

## સિદ્ધાચલ સ્તવનમ્.

આદિતે અરિહંત અમધર આવોરે. એ રાગ.

સિદ્ધાચલ ગિરિરાજ વંદો ભાવેરે,
ભવોભવનાં પાતિક જાય; શિવસુખ પાવેરે.

શાશ્વત ગિરિ એ પ્રાય ભરત મઝારેરે;
પંચમ આરે ભવિ પ્રાણીને ઝટતારેરે. સિદ્ધાચલ. ૧

પૂર્ણ નવાણું વાર પ્રથમ જીણંદરે,
સમવસર્યા હિતકાર ભવ દુઃખ અંતરે. સિદ્ધાચલ. ૨
પંચકોડ મુનિ સાથ પુંડરિક આવેરે,
પુંડરગિરિ નામ પ્રસિદ્ધ ભવિજન ધ્યાવેરે;
આદિનાથ ભગવંત ગિરિવર રાયારે,
માતા મરૂ દેવાનંદ પુણ્યે પાયારે. સિદ્ધાચલ. ૩

નાભિરાયા કુળ દિનમણિ ગુણ દરિયારે,
ભવિ પ્રાણિ થોકાથોકને ઉદ્ધરિયારે;
પાપ અનંતાં મેં કર્યાં નહિ ખામીરે,
ભવ ભ્રમણ કર્યાં મેં અનંત સુણ મુજ
સ્વામીરે. સિદ્ધાચલ. ૪

તારણ હારો તું મળ્યો ભવપારરે,
તારક બિરૂદ જો સાચું તો મુજતારરે;
સુખસાગર ગુરૂરાય પ્રણમી પાયરે,
બુદ્ધિસાગર સુખપાય પ્રભુ ગુણ ગાયરે. સિદ્ધાચલ. ૫

( વચનામૃત )

દર્શન દર્શન સૌ કરે, દર્શન આતમરૂપ;
કરતા શિવસુખ સંપજે, પડે ન ભવજલ કૂપ. ( ૧ )
પ્રભુ દર્શનથી સંપજે, દર્શન શિવસુખ સંગ;
દર્શન તે હિજ સુજહજો, તે દર્શન સુજરંગ. ( ૨ )
આત્મ ધ્યાન કરતાં થકાં, શિવસુખ સહેજે થાય;
કર્મ કલંક અનાદિનું, સાંત થઇ દૂર જાય. ॥ ૧ ॥

---

# आध्यात्मिक प्रस्ताव.

વિવેક ભાનુ પ્રગટતાં, ભાગે તિમિર ઘન ઘોર;
બુદ્ધિ ધનસુખ સંપજે, વિવેક વિના સ્યું ઓર, ॥ ૧ ॥
વિવેક વિના સવિ વસ્તુકી, વહેંચણ ઠીક ન થાય;
વસ્તુ વિવેકે વહેચતાં, વસ્તુ યથાર્થ જણાય. ॥ ૨ ॥
જનવિવેકી પ્રસંગથી, પામે જન ગુણ અંશ;
સદસદ્ વસ્તુ વિચારતાં, મોહતણો છે ધ્વંશ. ॥ ૩ ॥
જે જે ભાવે મન થતું, આતમ તદ્રૂપ થાય;
ઇચ્છો જેવું ચિત્તમાં, નિશ્ચય તે થૈ જાય. ॥ ૪ ॥
ઉપશમભાવે પરિણમે, આતમ તદ્રૂપ થાય;

ક્ષયોપશમભાવે તથા, આતમ ઝટ પ્રગુમાય. ॥ ૫ ॥
ઉદયિક જે જે ઈચ્છશો, તે મળશે નિર્ધાર;
શુભભાવે શુભ થાય છે, મન જેવો સંસાર. ॥ ૬ ॥
અંતર મનના ભાવથી, સર્વ કર્મ ખેંચાય;
આતમમાં મન પરિણમે, કર્મ નહીં બંધાય. ॥ ૭ ॥
મનની જીતાજીત છે, મનની હારાહાર;
મનવણુ ન્યારો આતમા, મુક્ત પ્રભુ નિર્ધાર. ॥ ૮ ॥
શુભ અશુભ બેભાવથી, મનડું છે સંસાર.
શુભ અશુભ જ્યાં છે નહીં, ત્યાં મુક્તિ નિર્ધાર. ॥ ૯ ॥
શુભાશુભ સહુ કલ્પના, તેમાં રાગ ન ત્યાગ;
બુદ્ધિસાગર આતમા, પરમ બ્રહ્મવડ ભાગ. ॥ ૧૦ ॥

## आत्मस्वाध्याय.

સઝાય

નમો નમો અરિહંતને, સિદ્ધ ભજો ચિત્ત ધ્યાઈ;
આચારજ ઉવઝાય ને, સાધુ સકળ સુખદાઈ. ॥ ૧ ॥
આતમ ત્રણ્ય પ્રકાર છે, બાહિર અંતર તેમ;
પરમ ભેદ ત્રીજો ગ્રહી, અક્ષય સુખ લહો ક્ષેમ. ॥ ૨ ॥

નિંદી વેરણ હુઈ રહી એ રાગ.

બહિરાતમ પહેલો કહ્યો, તેનું લક્ષણુ હો કહ્યું શાસ્ત્રમઝારકે; પુદ્ગલ
મમતા ચિત્ત ગ્રહી, માને તેને હો આતમરૂપ સારકે;
જીનવાણી ચિત્ત ધારીએ. ॥ ૧ ॥
સ્ત્રીધનભાઈ ભગિનીને, પુત્ર પુત્રી હો કુટુંબ પરિવારકે;
તેહને સંગે રાચીયો, મોહે ઘેર્યો હો લહે દુ:ખ અપારકે.
જીનવાણી. ॥ ૨ ॥
શરીર આતમરૂપ માનતો, ભિન્ન સમજેહો નહિ તેહ
અજાણકે;
બહિરાતમ પહેલો કહ્યો, ભેદ આતમનો છંડો સુજાણકે.
જીનવાણી. ॥ ૩ ॥

અષ્ટકર્મ સંગતિ થકી, પામે આતમહો નાના અવતારકે;
ચાર ગતિમાં સંચરે, મહારૌરવ હો દુ:ખનો નહિ પારકે.
જીનવાણી. ॥ ૪ ॥

આતમ કર્મ સંબંધ છે, અનાદિથી હો રજ કનક દષ્ટાંતકે;
અનાદિ અંતભવી આશ્રયી, અભવ્ય ને હો કહું
સુણો થઇ શાંતકે. જીનવાણી. ॥ ૫ ॥

અનાદિ અનંત અભવીતણો, નિત્યા નિત્ય હો વળી
કર્મ સંબંધકે;
અભવી ભવી કર્મથી સુણી, કિમ બાંધેહો બંધને થઇ
અંધકે. જીનવાણી. ॥ ૬ ॥

રૂપી શરીરને આશ્રયી, રહ્યો આતમ હો અરૂપી મહંતકે;
અંતર આતમ એહવો, ભેદ બીજો હો કરે કર્મનો અંતકે.
જીનવાણી. ॥ ૭ ॥

કર્મ સંગ દૂરે કરી, પામ્યા કેવળહો જ્ઞાન ગુણ અનંતકે;
ત્રણ ભુવનના ભાવને, જાણે સમયમાં હો ચિદાનંદ-
ભગવંતકે. જીનવાણી. ॥ ૮ ॥

દ્રવ્ય ગુણપર્યાયના, જ્ઞાતા જ્ઞાની હો પરમાતમ જેહકે;
ભેદ ત્રીજો આતમતણો, ધ્યાવો હૃદયમાંહો ધરો
તેહશું નેહકે. જીનવાણી. ॥ ૯ ॥

ઇયળ ભમરી સંગથી, ભમરી રૂપ હોથાવે જેમ એહકે;
પરમાતમ પદ ધ્યાવતાં, બુદ્ધિસાગરહો લહે શિવસુખ
ગેહકે. જીનવાણી. ॥ ૧૦ ॥

---

## અભિનંદન જીન સ્તવન.

અભિનંદન જીન વંદીએ, સમતા રસભંડારરે;
દોષ અઢારે ક્ષય કર્યા, ઉપન્યા ગુણ સુખકારરે.
અભિનંદન જીનવંદીએ. ॥ ૧ ॥

સુરઘટ સુરતરૂ ઉપમા, પ્રભુને કહો કેમ છાજેરે;

આત્મિક સુખની આગળે, ચિંતામણિ પણ લાજેરે.
અભિનંદન. ॥ ૨ ॥

લોકાલોકપ્રકાશકા, મહિમા અપરંપારરે,
તારકવારક ચઉગતિ, સત્ય સ્વરૂપ આધારરે.
અભિનંદન. ॥ ૩ ॥

શુદ્ધ બુદ્ધ अविनाशी તું, અવિચળ નયનાનંદરે;
પામી સુરતરૂ પુણ્યથી, સેવે બાઉલ કોણ મંદરે.
અભિનંદન. ॥ ૪ ॥

અનુપમ પ્રભુગુણ ધ્યાનથી, નિશદિન મનમાં રાચ્યુંરે.
બુદ્ધિસાગર જીનધ્યાવતાં, લાગ્યું સ્વરૂપ શુદ્ધ સાચુંરે.
અભિનંદન. ॥ ૫ ॥

## सामायिक स्वरुप

સામાયિકના નિમિત્તભેદે અનેક ભેદ છે. સમભાવમાં પરિણમવું સામાયિક છે. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે જે વ્યવહાર સાધન છે તે વ્યવહાર સાધન સામાયિક છે. શાસ્ત્રોમાં આઠ પ્રકારનું સામાયિક દર્શાવ્યું છે.

**सामाइयं समइयं, सम्मंवाओ समास संखेवो;**
**अणवज्जंच परिण्णा; पच्चक्खाणे य तेअठ्ठा ॥ १ ॥**

૧ સમભાવ સામાયિક—સર્વ જીવ અને અજીવ ઉપર સમભાવ પરિણતિએ વર્તવું, સમભાવ સામાયિક છે, શત્રુ અને મિત્ર બંને એક સરખા આત્મરૂપે ભાસે, શત્રુ ઉપર દ્વેષ ન થાય અને મિત્ર ઉપર રાગ ન થાય. જેમ દમદંત રાજાએ ચારિત્ર દીક્ષા અંગીકાર કરી અને વનમાં કાઉસગ્ગમાં રહ્યા. પાંડવોએ તેમને દેખી સ્તુતિ કરી અને કૌરવોએ તેમના ઉપર ઈંટો ફેંકી તો પણ તેમણે બન્ને ઉપર સમભાવ રાખ્યો. બન્નેને આત્મ સ્વરૂપે દેખ્યા. ઉત્કૃષ્ટ સમભાવ સામાયિકથી એક ક્ષણમાં કેવલ જ્ઞાન પ્રાપ્ત થાય છે. સમભાવ સામાયિક દરેક કર્તવ્ય કરતાં રાખવા પ્રયત્ન કરવો. આત્મજ્ઞાનીને સમભાવ સામાયિક પ્રાપ્ત

થાય છે. તે જડને જડરૂપે દેખે છે ને આત્માને આત્મરૂપે દેખે છે. તે જડ અને ચેતનમાં રાગદ્વેષની પરિણુતિથી પરિણમતો નથી. આવા નિશ્ચય સામાયિકને ક્ષણે ક્ષણે સાધવા આત્મ ઉપયોગ ધારણ કરવો જોઇએ.

૨ સમયિક સામાયિક—સર્વ જીવો ઉપર દ્રવ્ય દયાને ભાવદયા ધારણુ કરવી. શત્રુઓ ઉપર હિંસાબુદ્ધિ ન રાખવી અને કોઇની હિંસા ન કરવી તે સમયિક સામાયિક છે. મેતાર્ય મુનિએ ચારિત્ર અંગીકાર કર્યું અને રાજગ્રહી નગરીમાં સોનીને ઘેર વહોરવા ગયા. સોનીએ સુવર્ણના ૧૦૮ યવ નીચે મૂકયા હતા. સોની મુનિને વહોરાવા ગયો. ક્રોંચપક્ષી એવામાં ત્યાં આવ્યું અને તેણે દાણાની ભ્રાંતિથી ૧૦૮ યવ ગળી ગયું અને ભીંતપર બેઠો. સોનીએ યવ ન દેખવાથી મુનિના ઉપર સંશય આણ્યો. વાધરે વીંટીને મુનિને ખૂબ માર્યા, પણ મુનિએ સોનીનું બૂરૂં ચિંતવ્યું નહિં. તેમ તેનાપર ક્રોધ કર્યો નહિ. હિંસાની બુદ્ધિ ધારણ ન કરી. તડકામાં મુનિ શાંત ચિત્તે આત્માને ભાવવા લાગ્યા, પણ સોની ઉપર ક્રોધ ન કર્યો અને મરીને સદ્ગતિ પામ્યા, એમ શત્રુઓની ઉપાધિના પ્રસંગે સામાયિક સ્વભાવે પરિણમવું જોઇએ.

૩ સમવાદ સામાયિક—સત્ય વચન બોલવું અને અસત્યને પ્રાણ જતાં ન બોલવું, વસ્તુનું સત્ય સ્વરૂપ પ્રરૂપવું તે સામાયિક છે. તુરમણિ નગરીમાં કુંભરાજા રાજ્ય કરતો હતો તેનો દત્ત પુરોહિત હતો. તેણે કાલિકાચાર્યને પશુ હિંસાવાળા યજ્ઞનું ફળ પુછયું. કાળિકાચાર્યે કહ્યું કે પશુયજ્ઞ કરવાથકી નરકની પ્રાપ્તિ થાય છે. યજ્ઞમાં પશુ હોમવાથી પરમેશ્વર પ્રસન્ન થતા નથી તેમજ કોઇ દેવો પણ પ્રસન્ન થતા નથી. તે રાજાના કોપથી ભય પામ્યા નહિ ને સત્ય બોલ્યા અને સત્ય ધર્મનો પ્રકાશ કર્યો તેથી તે દેવલોકમાં ગયા. ક્રોધ, માન, લોભ, માયા, સ્વાર્થ તથા કામથી અસત્ય ન બોલવું. ભયથી અસત્ય ન બોલવું. સત્તાના લોભથી

અસત્ય ન બોલવું. પક્ષપાતથી અસત્ય ન બોલવું. રાત્રી તથા દિવસે ખાતાં પીતા, હરતાં, કામકાજ કરતાં આવું સત્ય બોલવારૂપ સામાયિક પ્રાપ્ત કરવા ઉપયોગ રાખવો અને તે પ્રમાણે વર્તવું.

૪ સમાસ સામાયિક—અલ્પ અક્ષરમાં ઘણું તત્ત્વ સમજવું. અલ્પ બોધમાંથી ઘણો સાર લેવો અને તે પ્રમાણે વર્તવું તે સમાસ સામાયિક છે. ચિલાતિ પુત્રે વનમાં મુનિને પુછયું કે મને ધર્મનો સાર કહો. ચિલાતિપુત્રના એક હાથમાં સુસીમાનું મૃત મસ્તક હતુ, અને એક હાથમાં તલવાર હતી. મુનિએ તેને કહ્યું કે ઉપશમ, સંવર અને વિવેક એજ ધર્મનો સાર છે. ચિલાતિ પુત્રે વિચાર કર્યો કે ક્રોધ, માન, માયા, લોભને અને કામને ઉપશમાવવો તે ઉપશમ છે. જડનો મોહ ત્યાગ કરીને આત્મમોક્ષ પ્રાપ્ત કરવો તેજ સત્ય વિવેક છે, અને એ સર્વ પ્રકારના મોહના વિચારને પ્રગટ થતાં વારવો તેજ સંવર છે. મારામાં ઉપશમ નથી, સંવર નથી ને વિવેક પણ નથી. તેથી તે વિવેકને પામ્યો અને આત્માની શુદ્ધતા કરવા સંવર ભાવ ધારણ કરવા લાગ્યો અલ્પ કાળમાં તે કર્મને ક્ષય કરવા લાગ્યો. તે આત્માની શુદ્ધિ કરી સદ્ગતિને પામ્યો, તે પ્રમાણે અલ્પ ઉપદેશમાંથી ઘણો સાર ખેંચવો ને તે પ્રમાણે વર્તવું તથા આત્મ સ્વરૂપે પરિણમવું. તે સમાસ સામાયિક ગમે તે વખતે થઈ શકે છે. આત્માના સન્મુખ મન કરવાથી સમાસ સામાયિક અંતરમાં થાય છે. આવું સામાયિક પ્રાપ્ત કરવા અહર્નિશ પ્રયત્ન કરવો, અને સાધુ સંતની સંગતિ કરવી. પુરૂષો અને સ્ત્રીઓ, સમાસ સામાયિક પાસ કરવાને એક સરખા હકવાળાં છે, જ્યારે જ્યારે ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે તે તે ઉપશમાવવો, કપટને વારવું. લોભના વિચારોને વારવા, પાપના વિચારોને આચારોથી પાછા હઠવું. કોઇનું બૂરૂ કરવાનો વિચાર થાય તો તે વિચાર ઉપશમાવવો. મૈથુન કામના આવેશને વારવો. કામ થકી થતી દુર્બુદ્ધિ તથા દુષ્ટ પ્રવૃત્તિને વારવી. આત્મા અને જડવસ્તુનો વિવેક કરવો. સત્ય ધર્મને અસત્યધર્મને અસત્યધર્મનો

જૈનશાસ્ત્રાધારે વિવેક કરવો. વિવેકના વિચારો અને વિવેકના આ-ચારોથી પ્રવર્તવું. મન, ઇન્દ્રિય અને દેહને પાપ માર્ગમાં જતી વારવી. મનમાં ઉત્પન્ન થતી ખરાબ ઇચ્છાઓને વારવી. ખાતાંપીતાં, હરતાં ફરતાં, કામકાજ કરતાં મનવાણી ને કાયાને નિયમમાં રાખવી અને મોહના વશમાં થવા ન દેવી. એવી રીતે વર્તતાં ઉપયોગ રાખતાં સમાસ સામાયિકની ઉત્તરોત્તર શુદ્ધ પ્રાપ્તિ થાય છે. (૫) પાંચમું. સંક્ષેપમાં સામાયિકનું સ્વરૂપ સમજવું અને તે પ્રમાણે વર્તવું. આત્મા તે સામાયિક છે, સમભાવે પરિણમવું તે સામાયિક છે. પુણ્ય અને પાપથી આત્મા ન્યારો છે એમ જાણવું. આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાનદર્શન ચારિત્રમય છે. રાગ અને દ્વેષભાવ છે તે વિષમભાવ છે. વિષમભાવને ટાળવો અને સમભાવે પરિણમવું તે સામાયિક, છે જ્યારે જ્યારે વિષમભાવ પ્રગટે ત્યારે તેને વારવો એવું સંક્ષેપ સામાયિક ક્ષણે ક્ષણે પુરૂષોએ અને સ્ત્રીઓએ કરવું.

**છઠ્ઠું અનવદ્ય સામાયિક**–મનવાણી કાયાથી પાપ કરવું નહિ કરાવવું નહિ અને અનુમોદવું નહિ તે અનવદ્ય સામાયિક છે. અનવદ્ય સામાયિક કરવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. ધર્મઘોષ આચાર્યના શિષ્ય ધર્મરૂચિ અણુગારને એક બ્રાહ્મણીએ કડવા તુંબડાનું શાક વહોરાવ્યું, મુનિએ શાકને પરઠવ્યું નહિ, કારણ કે પરઠવાથી ઘણા જીવની હિંસા થાય, એમ જાણી તે શાક ખાઇ ગયા, પણ જીવોની હિંસા થવા દીધી નહિં. સર્વ સાવદ્યયોગ તથા સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તે અનવદ્ય સામાયિક છે.

**સાતમું પરિજ્ઞા સામાયિક**–સંસારની અનિત્યતા જાણવી. સ્વાર્થવાળા સંસારી લોકો છે. સ્વાર્થવશે એક બીજાને ચાહે છે પાંચ ઇંદ્રિયોના સ્વાર્થે તથા જડ સુખના સ્વાર્થે લોકો એક બીજાની સાથે સ્નેહ બાંધે છે, તથા, ક્લેશ યુદ્ધ કરે છે. ઇલાચી કુમારે નટનો વેશ ભજવ્યો અને વાંસ ઉપર ખેલ કરતાં પોતાની નટડી પર રાજાની કામાંધ દૃષ્ટિ પડી તે જાણી, અને એક તરફ પદ્મિની

સ્ત્રી, સાધુને લાડુ વહોરાવતી હતી પણ તેઓ નહોતા લેતા એમ જાણ્યું અને વિવેક થયો. આત્મભાવના ભાવતાં, વાંસપર તેમના આત્મામાં કેવલજ્ઞાન પ્રગટ્યું, અને રાજા નટડી વિગેરે સર્વ લોકો બોધ પામ્યા. એવું પરિજ્ઞા સામાયિક પ્રાપ્ત કરવા સ્ત્રીઓએ તથા પુરૂષોએ પ્રયત્ન કરવો.—

**આઠમું પ્રત્યાખ્યાન સામાયિક**—ત્યાગવા યોગ્ય પદાર્થનો ત્યાગ કરવો, પૌદ્ગલિક ઈચ્છાઓનો ત્યાગ કરવો, દેશ થકી વા સર્વ થકી અશુભ ઇચ્છાઓનો તથા શુભ ઈચ્છાઓનો નિરોધ કરવો, દેશથકી વા સર્વથકી, પરિહાર્ય વસ્તુઓનો ત્યાગ કરવો તે પ્રત્યાખ્યાન સામાયિક છે. આહારાદિકનો દેશથકી વા સર્વથકી ત્યાગ કરવો તે આહાર પ્રત્યાખ્યાન છે, ભોગવા ઉપભોગની વસ્તુઓનો ત્યાગ કરવો તે ભોગોપભોગ પ્રત્યાખ્યાન સામાયિક છે. કષાયનો ત્યાગ કરવો તે કષાય ત્યાગ પ્રત્યાખ્યાન છે, અંતરૂના શુભાશુભ અધ્યવસાય ત્યાગ ભેદે તથા બાહ્યની કામ્ય વસ્તુ ત્યાગ ભેદે દેશથકી વા સર્વથકી પ્રત્યાખ્યાનના અસંખ્ય ભેદ પડે છે. ઉપાધિભેદે પ્રત્યાખ્યાનના અનેક ભેદ પડે છે. પ્રત્યાખ્યાનથી ભૂતકાળના કર્મોની નિર્જરા થાય છે અને નવાં કર્મ બંધાતાં નથી. આત્માની શુદ્ધિ કરવા માટે પ્રત્યાખ્યાનની અત્યંત જરૂર છે. વ્યવહારથી તથા નિશ્ચયથી સમક્તિની પ્રાપ્તિ કરવી તે સમ્યક્ત્વ સામાયિક છે. ચાર નિક્ષેપાએ તથા સાતનયે નવ તત્ત્વનું શ્રવણ કરવું, સમજવું તથા આગમ પ્રકરણ વિગેરે ગુરૂ પાસે શ્રવણ કરવું, તે શ્રુત સામાયિક છે. સમક્તિ પૂર્વક એક વ્રત બે વ્રત અગર બાર વ્રત અંગીકાર કરવાં તે દેશ વિરતિ સામાયિક છે. તથા સમકિત પૂર્વક સાધુના પંચમહાવ્રત અંગીકાર કરવાં, તથા ગૃહસ્થાવાસનો ત્યાગ કરવો તે સર્વવિરતિ સામાયિક અનંતઘણું ઉત્તમ છે. ઉપશમ સામાયિક, ક્ષયોપશમ સામાયિક અને ક્ષાયિક સામાયિક ઉત્તરોત્તર ઉત્તમને મોક્ષ દેનારાં છે, સાત નયથી સામાયિકનું સ્વરૂપ ધારવું. આત્માની સર્વથા શુદ્ધ પરિણતિ છે તે સર્વોત્તમ સામાયિક છે. એમ આઠ પ્રકારનાં સામાયિક

છે તે આત્માના શુદ્ધ સ્વરૂપમાં સમાઈ જાય છે અને તેથી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, પ્રગટે છે. આઠ પ્રકારના કર્મના ક્ષયથી આત્માના આઠ ગુણ પ્રગટે છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ, અનંત સ્થિરતા, સાદિ અનંત સ્થિતિ, અરૂપી, અગુરૂલઘુ, અને અનંતવીર્ય એ આત્માના આઠ ગુણ છે, તેના પ્રાકટ્યથી આત્મા તે શુદ્ધાત્મા પરબ્રહ્મ બને છે.

સં. ૧૯૬૨ માં કેશરીયાજીની યાત્રાએ જતાં નિર્જન સ્થાનોમાં ધ્યાનધર્યા પછીના કેંક ઉદ્‌ગારો પ્રગટેલા તેનો ઉતારો નીચે પ્રમાણે છે.

મનુષ્ય પ્રતિ એક સરખું કર્મ, નથી એક સરખું જ્ઞાન નથી તેથી ધર્મ માર્ગમાં અનાદિ કાળથી ભિન્નતા છે, અને અનંતકાલ સુધી સર્વ જીવોની અપેક્ષાએ ભિન્નતા રહેવાની.

ષડ્‌દર્શન અનાદિ કાલથી છે, જીનદર્શન સર્વાંગે પરિપૂર્ણ છે.

માયાથી આચ્છાદિત બુદ્ધિવાળા જીવો આતીર્થ આતીર્થ જાણી પરિભ્રમણ કરે છે જે ભવ્યે અસંખ્ય પ્રદેશી આત્માને તીર્થ જાણ્યું નથી; તેનાં અન્ય તીર્થાટન—પૂજન નિષ્ફલ છે.

इदं तीर्थमिदं तीर्थं ये भ्रमन्ति तमोवृताः
आत्मतीर्थं न जानंति, तेषां तीर्थं निरर्थकम् ॥ १ ॥

આ શ્લોક ચિન્તનીય છે સ્મરણીય છે.

એકાંતે પ્રભુની આજ્ઞા નથી, અનેકાન્તનયે જૈનધર્મ છે.

જેઓ બાહ્ય પંચમહાવ્રત શુદ્ધ પાળે છે, કિંતુ જે જીવોએ સ્યાદ્વાદરીત્યા જીવાજીવાદિક તત્ત્વ સ્વરૂપ જાણ્યું નથી. તે ભવાંત પામતા નથી. અભવ્ય જીવ પણ બાહ્યથી વ્રત પાળી નવગ્રૈવેયક સુધી જાય છે. કહ્યું છે કે उपदेश रत्नाकर ग्रन्थे.

गाथा—संसारसागर मिणं, परिभमंतेहिं सव्वजीवेहिं;
गहियाणिअ मुक्काणिअ, अणंतसो दव्वलिंगाइं । १ ।

ચતુર્ગત્યાત્મક સંસાર સાગરમાં, પરિભ્રમણ કરતાં એવા સર્વજીવોએ અનંતિવાર દ્રવ્યલિંગો ગ્રહણ કર્યા તથા મૂકયાં અહો કર્મની વિષમતા ?

કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ રૂપ પંચ કારણથી સર્વ પ્રકારે કાર્યોત્પતિ થાય છે.

સંઘયણ, કાલ, મનોબલની યોગ્યતાએ ધ્યાન થઇ શકે છે.

અનંતગુણ ધામ જે મોક્ષ, તે મનોજયથી છે.

જ્ઞાનથી મનવશ કરવું તેને રાજયોગ કહે છે.

ફોનોગ્રાફ યંત્રના કરતાં અતિ ત્વરિત ગતિથી મન અનેક વિષયોને ગ્રહી રાગદ્વેષ સંસ્કારમય બને છે અને તે સંસ્કારોનો દ્રવ્યક્ષેત્રકાલભાવ યોગે ઉદ્ભવ થાય છે, માટે આત્મોપયોગે રહી તેવા સંસ્કારોને હઠાવ.

જે વિષયની ઇચ્છા કરાય છે તે વિષય આબેહુબ મનમાં ખડા થાય છે.

ક્રિયાકાંડ પૂજન આદિ સર્વ મન વશ કરવા માટે છે.

જ્ઞાનની અનંતશક્તિ છે. જ્ઞાની ગુરૂનો સમાગમ અતિ દુર્લભ છે.

અજ્ઞાની જ્ઞાનીને પારખી શકતો નથી. અજ્ઞાન છે માટે.

ધુળના ઢગલામાંથી ખાંડના સૂક્ષ્મ કણીઆ શોધી ગ્રહણ કરવાના કરતાં આ શરીરરૂપી ધુળના ઢગલામાં વ્યાપી રહેલા આત્માના અસંખ્ય પ્રદેશોને ઉપયોગથી ધ્યાન દ્વારા શોધી કાઢવા એ અતિ દુર્લભતર કાર્ય છે.

અજ્ઞાની જીવ શરીરના ઉપર મમત્વભાવ રાખે છે તેનો લાખમો અંશ પણ શરીરમાં રહેલા આત્મામાં રાખતો નથી.

જગત્માં માન, પૂજા, લજ્જા, કીર્તિના કારણથી બાહ્યક્રિયા આચારમાં લક્ષ્ય રાખ્યાના કરતાં સ્વલ્પ પણ આત્મહિતાર્થે નિ-રાશી ભાવે બાહ્યક્રિયા આચારમાં પ્રવર્તન થાય તો વિશેષ ક-લ્યાણ માટે છે.

આનંદઘન પ્રભુ કાલી કાંબલીયાં ચઢત ન દૂજોરંગ. આ વાક્ય અમૂલ્ય છે. દુષ્ટ મૂઢ હઠ કદાગ્રહી દ્રષ્ટિરાગી જીવોની તેવી

સ્થિતિ છે, તેમાં શું ખેદ !!! જેવી જીવોની ભવિતવ્યતા.

યોગ્ય જીવ અને વિશ્વાસ વિના મૌન ધારણ કર.

અયોગ્યને ઉપદેશ વાક્‌ક્લેશ ફળ માટે છે.

તું તારા માટે છે અન્ય માટે નથી, અન્ય ભાવોપકારમાં તું સહજ નિમિત્ત કારણરૂપે છે, કોઈનું કર્યું કંઈ થતું નથી.

તાત્ત્વિક સત્યસુખની વાનગી ધ્યાનથી મલી તો હવે આગલ પુરૂષાર્થ કર. ક્ષણમાત્ર પણ પરભાવ સંબંધી સંકલ્પવિકલ્પ કરવો યોગ્ય નથી.

કીર્તિ, અપકીર્તિ, કર્મપ્રકૃતિ છે તેના ફળમાં ધર્મ નથી. તું તેથી ન્યારો છે, માટે કીર્તિની વાસનામાં વા અપકીર્તિના ભયથી જીવન ગાળીશ નહિ. એવું અનંતિવાર તેં જીવન ગાળ્યું પણ વૃથા.

તારા માટે અન્યજનોનું કથન યત્કિંચિત્કર છે.

તું પોતે પોતાનું કાર્ય સાધી શકીશ.

મનુષ્ય જન્મ-આયુષ્ય-શરીર નિરોગતા-ક્ષયોપશમતા આદિ અનુકુલ સાધનો પામી તું ક્ષણમાત્ર પણ પ્રમાદ કરીશ નહિ. દુષમ આરો તારે તો સુષમ સરખો છે.

વાક્‌સંયમ હજી વિશેષ કર. નિષ્કારણ મુખરૂપ ચુલામાં વાણીરૂપ ઇંધન બાળીશ નહિ.

પંચ ઇંદ્રિયોના વિષયો જીતવા મહાદુષ્કર છે. ઉદ્યમથી તે સર્વ બને છે.

મનોજય વિના ઇંદ્રિયોના વિષયો જીતાતા નથી.

મનોજય માટે યોગાભ્યાસ છે. જ્ઞાન યોગાભ્યાસથી મન નિર્મલ થાય છે.

તીર્થસ્થાનોનું સેવન મુખ્યતાએ નિવૃત્તિ અર્થે છે.

મોહનીય કર્મના ઉપશમભાવમાં, ક્ષયોપશમભાવમાં તથા

ક્ષાયિકભાવમાં, ક્ષયોપશમિક જ્ઞાન હેતુભૂત છે. તેમ તેના આવિં-ભાવમાં તે હેતુભૂત છે.

શુક્લધ્યાનના પાયાનો અનુક્રમ યથાતથ્ય અનુભવ ગમ્ય થાય છે.

ધર્મધ્યાન કરતાં શુકલધ્યાન મોટું છે.

નિ:સંગતા થયા વિના સંકલ્પ વિકલ્પનો નાશ થતો નથી.

અનામી શુદ્ધાત્માનું સ્વરૂપ વાણીઅગોચર છે તોપણુ શબ્દ બ્રહ્મનો અગમ્યસ્વરૂપ પ્રતિ અનહદ ઉપકાર—શબ્દ બ્રહ્મ-વિના આગળ ધ્યાન નિ:સરણી ઉપર આરોહણુ થતું નથી.

णमो बंभलीवीए બ્રાહ્મી લીપી જે અક્ષરાત્મક છે તેથી આત્માને ઉપકાર થાય છે. માટે નમસ્કાર સહેતુક અનુભવમાં આવે છે. વાણીનો સ્થાપના નિક્ષેપો સયુક્તિ ચિંતનીય છે. પૂજ્ય છે. દેવ નાગરીલિપી પહેલાં બ્રાહ્મીલિપીમાં જૈનાગમો લખાતાં હતાં.

ભક્તિમાર્ગ પણુ વિનયથી ભરપૂર છે. ચિત્તવૃત્તિનું વલણુ તેમાં સહેજે થાય છે.

ભક્તિમાર્ગની ત્રણુ દશા છે. ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, તેમાં ઉત્તમ ભક્તિદશા જ્ઞાની જીવોને પ્રાપ્ત થાય છે.

ઉત્તમ ભક્તિવંત જીવોનું ધારવું, માનવું, સેવવું અલખ અરૂપી બ્રહ્મસ્વરૂપમય થવા અર્થે છે.

જ્ઞાનથી ભક્તિના સહસ્રશઃ ભેદ પાડી શકાય. અપેક્ષાએ સર્વ કથન છે.

એકાંતથી ત્રણુશો ત્રેશઠ પાંખડી મતનો પ્રાદુર્ભાવ કથ્યો છે.

અનેકાંત દૃષ્ટિમાં તેમાંનું કશું નથી. દૃષ્ટિ ફેરે ફેર. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. અનેકાંત દર્શનમાં ત્રણુસે ત્રેસઠ પાખંડ દૃષ્ટિ-યોનો સાપેક્ષે સમાવેશ થાય છે.

સર્વ શક્તિયોનો પ્રાદુર્ભાવ જ્યોતિથી થાય છે તેથી તું ભિન્ન છે અને અભિન્ન છે.

શામાટે સંબંધ? શામાટે વાર્તાલાપ? શામાટે પ્રવૃત્તિ? તું જ્યાં નથી ત્યાં તે સર્વ નિરસ લાગે છે.

કર્મોદયમાં ગમતું નથી પણ ઔદયિક ભાવે જે થવાનું હોય છે તે થયા કરે છે. ત્યાં સમભાવ છે.

તે દેખાય છે, જણાય છે, અને તેમાંથી કેટલુંક કરાય છે.

ઘાતીકર્મને પુરૂષાર્થે જીતાય છે પણ અઘાતી કર્મ તો ભોગવવાં પડે છે તેમાં પુરૂષાર્થનું કંઇ ચાલતું નથી.

નયની વ્યાખ્યા શ્વેતાંબર અને દિગંબરની સર્વથા મળતી આવતી નથી. વિશેષતઃ વિચારવા યોગ્ય છે.

નય અને પ્રમાણથી તે સાધ્યની સિદ્ધિ થાય તે વણ એકડા વિના સો મીંડાં નકામાં છે.

વીરનાં સર્વ વચન પરસ્પર સાપેક્ષતાવાળાં છે, એમ જ્ઞાની તથા આસન્ન ભવ્યજીવો સમજી શકે છે.

કદાગ્રહી જીવોથી સત્ય સમજી શકાતું નથી.

સત્યમાર્ગ જીવો સમજે તેનાં કારણો શોધવાં.

વીતરાગ હૃદય વિના વીતરાગનાં વચનો બોધી શકાતાં નથી.

ભાગવતી દીક્ષા અંગીકાર કરી ચારિત્રનો અનુભવ કરી ગીતાર્થ ગુરૂ પરંપરા અવગાહી-દ્રવ્ય-ક્ષેત્ર-કાલભાવ જાણી શ્રાવક વા સાધુધર્મનો સમ્યગ્ ઉપદેશ થાય છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ જાણ્યા વિના તથા દીક્ષા અંગીકાર કરી સંયમમાર્ગનો સમ્યગ અનુભવ કર્યા વિના ચારિત્રમાર્ગનો ઉપદેશ કરવો એ મહાસાહસ કાર્યથી વીતરાગમાર્ગનો લોપ તથા સાધુમાર્ગનો લોપ થઇ જાય છે, માટે ગીતાર્થજ્ઞાની સાધુમહારાજ પાસેથી સમયના અનુસારે સંયમમાર્ગનું સ્વરૂપ ધારવું, માનવું, અને સંયમમાર્ગનું આદરવું યોગ્ય છે.

જે સૈકામાં જે જે જ્ઞાનીગીતાર્થ મુનિવરો થાય છે. તે સૈકામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલભાવ જાણી શ્રી વીરપ્રભુનાં વચનાનુસારે

બહુ લાભ-સ્યાદ્વાદ માર્ગની પુષ્ટિ-ચારિત્રમાર્ગની વૃદ્ધિ તથા પાલન જેમ થાય તેમ ઉપદેશ આપે છે. આચરણ કરે છે. જેવું વીર પ્રભુ અવસર જાણી કરે તેવું તે કરે છે. અહાદ બહુ ગંભીર અને ધારવા યોગ્ય છે.

અપ્રતિબદ્ધ વિહારથી સહજદશા અનુભવવી યોગ્ય છે.

સદુપદેશ રૂપ અભયદાન પુનઃ પુનઃ જીવોને અર્પવું.

આજ ચતુર્દશીની ( પોશ વદી. ૧૪ ) મધ્યરાત્રીમાં-જાગતાં ધ્યાનમાં-સહજ સ્વભાવે અલૌકિક આંતર દર્શન થયું તેનો પૂર્ણ અનુભવ હજીકરવો એમ નિશ્ચય કરૂં છું.

આત્મોપયોગમાં વર્ત્યા વિના ખરેખર વિષય કષાયનો નાશ થતો નથી.

તે તું નથી.

સહજ મીલ્યા સો દુધ બરાબર, માગ લીયા સો પાણી.
ખેંચ લીઆ સો રૂધિર બરાબર, ગોરખકી એ વાણી. ॥૧॥

કબીર કબીર કયા કરો, શોધો આપ શરીર;
પંચ ઈંદ્રિય વશ કરો તો, આપો આપ કબીર ॥૨॥

સ્થિરતા વિના આત્માનુભવ પ્રગટતો નથી.

એકાગ્ર મન થતાં શ્વાસોશ્વાસનો જય થાય છે.

ખરેખર આંતર અનુભવ થતાં બાહ્ય સુખેચ્છાઓ ટળે છે.

આંતર ઉપયોગ વિના શુદ્ધ ધર્મની પ્રાપ્તિ નથી.

જે પ્રવૃત્તિ કથી છે તે સર્વ તેને માટે છે કિંતુ તે સર્વથી વિલક્ષણ છે.

જન મન રંજન અર્થે ધર્મક્રિયા, કાયક્લેશફલોફ્ભવ કરનારી છે. કિંતુ તેની દૃષ્ટિ બાહ્યભાવવાસી જીવોથી ત્યજાવી મુશ્કેલ છે.

ડુંગર ચઢવા મુશ્કેલ અને ઉતરવા સહેલ-તેમ આત્મસ્વરૂપ પ્રાપ્તિ મુશ્કેલ છે અને સંસારપતન સહેલ છે. આંતરથી સમજનાર અલ્પ ભવ્ય જીવો છે.

ધર્મ પ્રવર્તન પણ ધામધૂમમાં ચાલી રહ્યું છે. કિંતુ જ્ઞાની વિના સત્ય ધર્મ માર્ગે પ્રવર્તન કોણ કરી શકે! કોણ સમજશે!

શ્રી. આ. ધ. કૃ. બીજા અજીતનાથનું સ્તવન સૂક્ષ્મ વિચાર-શક્તિથી વિચારવું ઘટે છે.

યોગમાં કથિત સ્થાને પ્રથમ બાલજીવોએ ધ્યાન કરવું.

ક્ષયોપશમ ભાવની શક્તિ પામી, પ્રમાદ કરવો ઘટતો નથી.

અરે જીવ!!! તારે આ અસતમાં શા માટે દૃષ્ટિ દેવી જોઇએ.

અજપા જાપની દ્રવ્યભાવ ગુહ્યતા, ગંભીરતા, અધિકારી ભવ્ય જીવો અવશ્ય જાણી શકે છે.

સાત પ્રકૃતિ ક્ષયે ક્ષાયિક સમક્તિ પ્રાપ્ત થાય છે.

અધુના ક્ષાયિકની પ્રાપ્તિ માટે ધ્યાન અનુભવથી જોવું જોઈએ. ક્રિયાશસ્ત્ર છે અને જ્ઞાન યોદ્ધો છે.

પ્રાયઃબાહ્યથી ઘટાટોપવાળા અને અંતરથી શૂન્યોપયોગ સંયુક્ત બાળજીવો છે.

અજ્ઞાનમાર્ગમાં જીવોનું સહેજે વલણ થાય છે.

શ્રીયશોવિજયકૃત–અધ્યાત્મ સાર છે તે હે ભવ્યો તમો વાંચો. વા ગુરૂગમતાએ સાંભળો. માર્ગગમન યોગ્યતા તેમાં કથી છે. તત્ત્વતો આગળ છે. શ્રી યશોવિજય–આનંદઘન, દેવચંદ્ર–વિનય-વિજયજી જ્ઞાન વિલાસનાં પદો સ્થિરતાથી વિચારવાં ઘટે છે.

તું સત્ય સ્વરૂપ છે. તારૂં આ દૃશ્ય કંઈ નથી.

પંડિત વીર્યની શક્તિ મુક્તિપદ માટે કથી છે તે પંડિત શક્તિની તારતમ્યતા અધુના અનેક પરિણામે ઘટે છે.

ક્ષયોપશમ ભાવે બારમા ગુણસ્થાનક પર્યંત ષડ્ગુણ હાનિ વૃદ્ધિ પરિણમે છે. અનુભવમાં સત્ય ભાસે છે.

છઠ્ઠા ગુણસ્થાને પ્રમાદ દશાનું પરિબલ પ્રવર્તે છે માટે વિશેષ આત્મોપયોગ પ્રતિ લક્ષ્ય રાખવું જોઇએ.

આંતરૂ જ્ઞાન વિકલ બાહ્ય ભાવ પરિણતિ પ્રમત્ત મનુષ્યો નિંદા પ્રતિ લક્ષ્ય રાખી અહંમમ મતમતાંતરમાં ધર્મપંથ દાખવી

બાહ્યભાવમાં પતન પામતા દેખી તેમની પ્રતિ કારૂણ્ય દૃષ્ટિથી દેખવું જોઇએ. કારણ કે કર્મની ગતિ વિચિત્ર છે તેમના પ્રતિ ભાવ દયા ચિંતવના થાય તો ઠીક.

સુખ દુઃખમાં સમભાવે રહે ! ! કારણ કે તે બે તારાથી ભિન્ન છે.

તારા કર્તવ્યથી પરાઙ્મુખ થઇ અન્યના દ્રવ્ય ઉપકારમાં પ્રવર્તીશ નહિ.

---

## તારંગા તીર્થ.

સં. ૧૯૬૪ ચૈત્ર સુદિ ૧૩.

૧ મન શા શા વિચારો કરે છે તે વારંવાર આત્મોપયોગ મૂકી જોવું, અને તેનો વિવેક કરવો. તટસ્થ મનુષ્ય જેમ બે મનુષ્યોની વાત સાંભળે છે તેમ શુભાશુભ કર્મના ઉદયમાં આત્મા તટસ્થ પુરૂષની પેઠે બન્ને પ્રકારના કર્મનું કાર્ય દેખનાર થવો જોઇએ. હે આત્મન્ ! શુભાશુભ કર્મોદયમાં તથા તેથી થતી યોગ્ય પ્રવૃત્તિમાં સાક્ષી તરીકે વર્ત.

૨ નાટકીઓ સર્વ પ્રકારના ખેલ ભજવે છે, નવરસને દર્શાવે છે, નવરસની ચેષ્ટાઓ કરે છે, પુરૂષ અને સ્ત્રીના વેષ પહેરે છે. પણ તે પોતાને તો હું એક પગારદાર તરીકે અમુક છું એમ જાણે છે, અને નાટકના પાત્રોમાં નિરાસકત રહે છે, તેવી રીતે હે ચેતન ! ! ! તારે બાહ્ય વિશ્વમાં મનથી વર્તવું જોઇએ. પ્રારબ્ધ કર્મના નાટકના ખેલથી ક્ષણે ક્ષણે આત્માને ન્યારો ભાવવો જોઇએ. વેષ ગચ્છક્રિયાદિ વ્યવહારને અમુક ઉપયોગ માટે માનીને તેમાં નિરાસકત વર્તવું જોઇએ. ગૃહસ્થો સાથે નિર્લેપ વર્તવું અને અંતરૂમાં આત્માનો ઉપયોગ રાખવો.

૩ જ્ઞાન ધ્યાન હય ગયવરે, તપ જપ શ્રુત પરતંત સલુણે;
છોડે સમ પ્રભુતા લહે, મુનિપણ પરિગ્રહવંત સલુણે પરિગ્રહ
ઉપાધ્યાય ॥

જ્ઞાન અને ધ્યાનથી હું જ્ઞાની અને ધ્યાની છું એવો અહંભાવ ન રાખવો. જ્ઞાન રૂપ ઘોડો અને ધ્યાન રૂપ હાથી તથા તપ જપ શ્રુતનો અહંવૃત્તિથી પરિગ્રહ પરિવાર થાય છે, અને તેથી સ્થૂલ પરિગ્રહ ત્યાગ કર્યા પછી સૂક્ષ્મ પરિગ્રહના વશ થવું પડે છે. મુનિને એવા જ્ઞાન ધ્યાનના અભિમાનથી માનસિક પરિગ્રહ પણું પ્રાપ્ત થાય છે અને તેથી આત્માની શુદ્ધિમાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. માટે હું જ્ઞાની છું, ધ્યાની છું, તપસ્વી છું, શ્રુતજ્ઞાની છું એવો મનમાં અહંભાવ ન પ્રગટે એમ આત્મોપયોગ રાખ! ક્ષયોપશમી જ્ઞાનાદિક સાધનમાં અંશમાત્ર અહંવૃત્તિ ન પ્રગટવી જોઇએ. સ્થૂળભદ્ર મુનિને તેથી આગળ આત્મશુદ્ધિ કરતાં અંતરાય નડયો હતો. વ્યવહારથી લોકો પોતાને માટે ગમે તેવો વ્યવહાર કરે પણ તેથી અંતરમાં અહંવૃત્તિ ન વેદાવી જોઇએ, અને અહંવૃત્તિની ચેષ્ટા પણ ન થવી જોઇએ. આત્માના ગુણો શુદ્ધ ભાવે થાય એમાં અભિમાનને અવકાશ નથી. આત્મા કરતાં અન્યોને તે તે ગુણોથી હીન દેખતાં અભિમાન થાય છે, પણ આત્માના શુદ્ધોપયોગે દેખતાં અહંવૃત્તિ વિલય પામે છે.

૪ જે જ્ઞાની ધ્યાની આત્મા છે તે નિરહંપણે બાજીગરની બાજી જેવી દુનીઆ સમજીને દુનીયામાં સ્વાધિકારે કર્મો કરે છે, એવી આત્મદશા પામ્યા વિના જ્યાં ત્યાં પરોપકાર કરવા પ્રવૃત્તિ કરવી તે બંધન છે, તથા તેથી આત્માની વાસ્તવિક શુદ્ધિ થતી નથી; માટે આત્મોન્નતિનો ઉપયોગ પ્રગટે એવી દશા પ્રાપ્ત કરવી એજ સત્ય કર્તવ્ય છે, પશ્ચાત્ એ સેવા ધર્મથી આત્માની શુદ્ધિ થયા કરે છે.

૫ ક્ષણિક પુદ્ગલાનંદની પ્રાપ્તિ માટે આત્મસુખને ભૂલવું એ સમાન કોઇ મોટી ભૂલ નથી. આત્મ સુખ માટે હિંસા, જૂઠ,

ચોરી વ્યભિચાર–વગેરે પાપો કરવાં પડતાં નથી. આત્માના સુખ માટે અંતરૂમાં વિરમવું જોઈએ. પુદ્‌ગલાનંદની પ્રાપ્તિ માટે આધિ વ્યાધિ ઉપાધિ અને પરતંત્રનાં દુઃખ સહન કરવાં પડે છે. અન્ય મનુષ્યો પાસે સુખની યાચના કરવી તે મહા ભૂલ છે. આત્મામાં સુખ છે. બાહ્યની કીર્તિ, પ્રતિષ્ઠા, મહત્તામાં સુખ નથી. જડના રાગથી વા જડના દ્વેષથી સ્વાત્મ સુખ નથી. જડ પદાર્થોની અહંમમમમતાથી સુખ નથી. આખી દુનીઆના જીવો પોતાના પગે પડે તો પણ મનમાં નાહ છે ત્યાં સુધી સુખ નથી. ત્યારે શા માટે પર જડ વસ્તુઓથી સુખની આશા રાખવી જોઇએ ! અનંતકાળ સુધી મનના માન્યા સર્વ દુનિયાના પદાર્થો ભોગવવામાં આવે તો પણ સુખ નથી.

૯ મનમાં મોહની કલ્પનાથી બાહ્ય વસ્તુઓમાં સુખ દુઃખ ભાસે છે. બાહ્ય જડ વસ્તુઓમાં સુખ દુઃખ નથી. તેમજ વસ્તુતઃ તેમાં સુખ દુઃખ આપવાની શક્તિ નથી. મનમાં અજ્ઞાન મોહ છે ત્યાં સુધી વારાફરતી જડપદાર્થોમાં સુખદુઃખની કલ્પના થાય છે. જે કાલે મનમાં મોહ પ્રગટતો નથી તે કાળે જડપદાર્થોમાં સુખ-દુઃખપ્રદ કલ્પના પ્રગટતી નથી. બાહ્ય પદાર્થો છે તે સુખકારક વા દુઃખકારક નથી, પણ મોહની કલ્પનાજ સુખદુઃખકારક છે. મોહ-ભાવ નષ્ટ થયા પછી આત્મામાં અનંત સુખ અનુભવાય છે, અને અનંતજ્ઞાન જીવનની શક્તિ પ્રગટે છે. બાહ્ય જડપદાર્થોમાં સુખ-દુઃખની કલ્પના ન કર ! અન્ય મનુષ્યોને શત્રુમિત્ર ન જાણ. આત્મામાં આત્મસુખ છે.

જગત્‌ની બાહ્યવસ્તુઓ રમકડાં જેવી છે. જેને જેમાં રૂચિ પડે છે તે વસ્તુને તે ગ્રહે છે. મનના શુભ અશુભ અધ્યવસાયો પણ રમકડાં જેવા છે. જેને જેમાં અધિકાર પ્રમાણે રસ લાગે છે તેમાં તે રસ લે છે, તેની સાથે તે રમે છે. બાહ્ય જડવસ્તુઓ અને શરીર તથા મનના અનેક પ્રકારના શુભાશુભ અધ્યવસા-યોની વિચારોની પેલીપાર અનંત જ્ઞાનાનંદમય આત્મા છે. તેની

સાથે આત્મસ્વરૂપે ખેલનારા તો લાખો મનુષ્યોમાંથી એક બે નીકળી આવે છે. કરોડો અબજો મનુષ્યો શરીર ઇંદ્રિય અને મન સુધી ખેલે છે, રમે છે. વિરલા મનુષ્યો આત્માની સાથે ખેલે છે, દુર્બિનથી કરોડો ગાઉ દૂર રહેલી વસ્તુઓની શોધ કરીને એક હાથ પાસે દેખાય એવાં યંત્રો શોધનારા ઘણા છે, પણ એવાં યંત્રો જેના જ્ઞાનથી પ્રકાશે છે. એવા આત્માને ( પ્રભુને ) શોધી તેમાં અનંતરસ અનુભવનારા તો લાખોમાં એક બેચાર નીકળી આવે.

૮ આત્માનું સ્વરૂપ સમજ્યા પછી મનના મોહાદિ સંકલ્પવિકલ્પ વારવાનું રહસ્ય સમજાય છે. સંતોના દાસ બનીને શરીરહૃદયમાં રહેલા પ્રભુને શોધવો જોઇએ. જ્ઞાની એકાંતમાં પ્રભુ થૈ પ્રભુની સાથે આનંદ ખેલ ખેલે છે. આત્માનંદરસ પ્રગટયા પછી બાહ્ય વિષયરસની તૃષ્ણા ટળી જાય છે.

૯ પ્રભુ મહાવીરદેવે પ્રકાશેલા જૈનધર્મને નયોની અપેક્ષાથી જાણીને આત્માનંદરસ વેદવા લગની લગાડવી જોઈએ. સર્વત્ર આત્માનંદમાં તું ઝીલે છે એવી આત્મન્ ! ! ! ભાવના ભાવ ! બાહ્યની અનેક પ્રકારની દુઃખસ્થિતિ છતાં અંતરથી આત્માનંદમય છે એવો તું ઉપયોગ રાખીને એવી દૃઢભાવના ભાવ ! ! ! કોઇથી પણ આત્માના આનંદરસનો નાશ થનાર નથી અને એવો આનંદમય હું પોતે છું એવા ઉપયોગની સતત પ્રવાહધારામાં પરિણામ પામ ! અંતરમાં આત્મશુદ્ધોપયોગ રાખીને બાહિરકર્મના ઉદયરૂપ નાટકને ત્રીજા પુરૂષની પેઠે સાક્ષીભાવે દેખ ! આત્મા તે તું પરમાત્મા છે, એવા ઉપયોગથી જડવસ્તુઓમાં પણ આત્માનંદરસની ભાવના ભાવ ! ! ! જડ અને ચેતન સર્વદૃશ્યાદૃશ્યવિશ્વની સાથે જાણે તેઓમાં પોતાનો આત્માનંદ સ્ફુરે છે એવા ભાવે રહી વર્ત ! ! !

મુ. મહેસાણા. સં. ૧૯૬૧

નકામો વખત ગાળવાથી પાછળથી પશ્ચાત્તાપ પાત્ર બનવું પડે છે. સમયની કિંમત નથી. સમયની અમૂલ્યતા સમજ્યા વિના જીવ ચેતી શકતો નથી, વાર્તાચિત ગપ્પાં મારવામાં મહત્તા પ્રાપ્ત થતી નથી. ધર્મ કાર્ય કરવામાંજ સ્વજીવનની સાફલ્યતા ઉત્તમ પુરૂષો સમજે છે. કોઈની આજીજી નહિ કરતાં પ્રમાણિક-પણાથી આત્મોન્નતિ કરવામાં પ્રયત્નશીલ થવું. વકતાના હૃદયનો મર્મ જાણ્યાથી સુજ્ઞપણું પ્રાપ્ત થાય છે. વક્તાનું હૃદય અવગાહવું તેજ પરીક્ષકની હુંશીયારી છે. વકતા ને શ્રોતાનાં હૃદય ભિન્ન હોય તો વચન મર્માસ્વાદ ચખાતો નથી. શ્રોતાનું હૃદય પ્રકાશવામાં વક્તાની હુંશીયારી છે. સર્વ જ્ઞાનમાં અનુભવજ્ઞાન ઉત્તમ છે. જ્ઞાનીનું હૃદય ભવ્યોને ઉત્તમ પ્રકાશ આપે છે. સ્વયંભુરમણ સમુદ્રનું અવગાહન થાય, કિંતુ જ્ઞાનીના હૃદયનું અવગાહન થતું નથી. મનુષ્ય પળે પળે નવું શીખે છે. પોતાની ઉત્તમતા અન્યને દેખાડવા કરતાં પોતાના આત્માને દેખાડવી, તેજ કાર્યની દક્ષતા છે. વકતાના વચનપર શ્રદ્ધા થયા વિના ભકિતભાવ ઉત્પન્ન થતો નથી. યોગ્યતા વિના સદ્‌ગુરૂની પ્રાપ્તિ થતી નથી. વિચાર-ઉચ્ચાર અને આચાર એ ત્રણ વસ્તુ એક સ્થાને હોય તો પૂર્ણ ભાગ્યનું ચિન્હ જાણવું. નીતિ ધર્મનું સ્વરૂપ સર્વજ્ઞપ્રભુએ યથાર્થ કહ્યું છે. વિનય ભકિત વિના આત્મશકિત ખીલતી નથી. હે ગૌતમ! સમય માત્ર પણ મા પ્રમાદ કર. આ વાકયની ઉત્તમતા પુનઃપુનઃ વિચારવા યોગ્ય છે. ધર્મોન્નતિમાં પ્રભાવના ઉત્તમ અંગ છે. આધ્યાત્મિક જ્ઞાનવાળું જીવન સત્ય સુખ આપે છે. કવિને જ્ઞાનીને ચિત્તની એકાગ્રતાથી કાર્યસિદ્ધિ થાય છે. અદ્‌ભૂત આત્મશકિતનું સ્વરૂપ શ્રી વીર પ્રભુએ યથાર્થ ઉપદેશ્યું છે પણ સમજ્યા વિના, અંતરૂમાં અંધારૂં છે. આત્મસ્વરૂપ રમણતામાં ચિત્તવૃત્તિ વિશ્રાંત થતાં સહજાનંદની ખુમારી પ્રગટે છે હેય જ્ઞેય અને ઉપાદેયનું, યથાર્થ સ્વરૂપ સમજવાથી સત્યવિવેક પ્રગટે છે,

ઉપાદેય બુદ્ધિ થવી, અને ઉપાદેયનું આચરણ કરવું મહા દુર્લભ છે. શબ્દ, જ્ઞાન, અને વસ્તુ એ ત્રણ પ્રકારના પદાર્થ છે. જ્ઞાનરૂપી, અગ્નિ સર્વ કર્મ લાકડાંને બાળીને ભસ્મ કરે છે.

અરેખર સત્ય અંતરૂમાં છે. જે અન્યોની પરીક્ષા કરવામાં ઉતરે છે તેને અંતરૂમાં શાંતિ નથી. જે અન્યોના દોષોને દેખી ધર્મથી ઉભગી જાય છે તેને કર્મોદયનું જ્ઞાન નથી. કર્મનું પરિપૂર્ણ સ્વરૂપ સમજ્યા વિના આત્માની આત્મામાં સ્થિરતા થતી નથી. આત્માનો ધર્મ પ્રગટાવવા માટે આત્માના શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ તે સહજધર્મ છે અને તેવા ઉપયોગકાલે કર્મોદય વેદાતાં છતાં નવીન કર્મ બંધાતાં નથી, માટે આત્મન્ ! ! ! તું તેવો ઉપયોગી થા. આત્મશુદ્ધોપયોગીજ નિર્લેપી છે.

---

મુ. મહેસાણા. સં. ૧૯૬૧

મનવાણીકાયાની શક્તિઓ ખીલવવી અને તેઓનો સદુપયોગ કરવો. મનવાણી કાયાદિ શક્તિયોનો દુરૂપયોગ કરવો તે પશુબલ છે. આત્માની સુબુદ્ધિ પ્રમાણે મનવાણીકાયાની શક્તિયોનો સદુપયોગ કરવો તે ધર્મબલ છે અન્યથા અધર્મબલ છે. આત્મબલ તે સર્વબલમાં અનંતગુણ શ્રેષ્ઠબલ છે. આત્મબલથી આત્માની પૂર્ણ વિશુદ્ધિ કરવી.

મનોવૃત્તિયોને આત્માના તાબામાં રાખતાં શિખવું. આત્માની આજ્ઞા પ્રમાણે મન અને કાયાનો વ્યાપાર થાય ત્યારે સંયમ બળ ખીલે છે. અને આત્મા અનેક બાહ્યાંતર ચમત્કારોનો પ્રકાશ કરી શકે છે. સંયમીયોગીના મનમાં અસંખ્ય તોપો કરતાં અસંખ્ય ગુણ વિશેષબલ છે. સંયમીયોગી સર્વ ભૂતોને પોતાની આજ્ઞા પ્રમાણે વર્તાવી શકે છે. મનવાણી અને કાયાને આત્મવશ રાખતાં

યોગશક્તિયોનો પ્રકાશ થાય છે. બાલ્યાવસ્થાથી અસત્ય નહિ બોલનાર. દયાવંત અસ્તેયવ્રતી તથા ઉર્ધ્વરેતા, યોગાભ્યાસથી મહાત્મા યોગી બની શકે છે. શરીરના કોઈપણ અંગદ્વારા વીર્યનો નાશ ન થાય એવી રીતે યુક્તાહાર વિહાર વિચારથી પ્રવર્તતાં યોગાભ્યાસની સિદ્ધિયોમાં દરરોજ આગળ વધાય છે. કર્મયોગી, ભક્તિયોગી, ઉપાસનાયોગી, મંત્રયોગી, હઠયોગી, જ્ઞાનયોગી, વીરોથી, જે દેશ ઉભરાઇ જાય છે તે દેશમાં બાહ્યાંતર શક્તિયોના પ્રવાહો વ્યક્તપણે વહ્યા કરે છે. તે દેશમાં આત્મજ્ઞાની મહાવીર ભક્તો પ્રગટે છે. ગૃહસ્થ ધર્મમાં વર્તનારા ગૃહસ્થો અને ત્યાગધર્મી ત્યાગીઓ સ્વસ્વાધિકારે જ્ઞાનાદિ શકિતયોને પ્રગટાવતા છતા મદોન્મત્ત હસ્તિની પેઠે વર્તે છે ત્યારે સંઘ સમાજ દેશ ખંડની આત્મોપયોગે અપ્રમત્ત પાછળ સ્વસમાન જીવંત શક્તિયોવાળા આત્માઓને મૂકી જવા તે શક્તિ ધર્મ છે. મરતાં છતાં જીવવું અને જીવતાં છતાં મરવું તથા મરવું અને જીવવું ઉભયથી અતીત થવું એવું જે દેશ, વર્મસમાજ સંઘના લોકો શિખ્યા છે છે અને અલસિયાનું જીવન ત્યાગ કર્યું છે તેઓને ધન્ય છે. તેઓ સ્વતંત્ર મુક્ત થઇ શકે છે. હે ચેતન !!! બાહ્ય સંયોગોમાં અને વિયોગોમાં હર્ષશોક કર્યા વિના આકાશની પેઠે નિર્લેપ આત્માનંદે વિચર !!! અને ત્હારા બાહ્યાધિકાર પ્રમાણે બાહ્યમાં વર્ત !!! અને આત્માના ઉપયોગથી આત્મામાં વર્ત !!! આત્માના સ્વરૂપનો ઉપયોગ ધારવો. ક્ષયોપશમ જ્ઞાનથી આત્મોપયોગ મૂકવો અને બાહ્યથી બાહ્ય અધિકારે કરવાનું હોય તે કરવું એમ પ્રવૃત્તિ કરતાં વ્યવહાર ધર્મનો નાશ થતો નથી અને તેથી સંઘ દેશ જ્ઞાતિ વગેરેને લાભ થાય છે. સ્વાધિકારે વ્યવહારથી વર્તતો એવો આત્મજ્ઞાની મનુષ્ય અલ્પદોષ અને બહુ ધર્મને પ્રાપ્ત કરે છે.

પ્રારબ્ધકર્મ–ઉદયકર્મ, ભાવી ભાવ વગેરેને સમજ્યા વિના માની લેઇ ઉત્સાહ ઉદ્યમથી ભ્રષ્ટ નથી સર્વથા ઉદ્યમકર ! સમ-

જીને ઉદ્યમકર ! નિકાચિત પ્રારબ્ધકર્મ કે જે અસંખ્યાત ઘણું ઉત્કૃષ્ટાં ભાંગે બાંધેલાં હોય છે તેનો પણ જ્ઞાન ધ્યાન સંયમ તપથી નાશ થાય છે. ઉત્સાહનો પરિણામ તેજ સર્વોત્કૃષ્ટ મંગલ ખરેખર કાર્યસિદ્ધિ માટે છે, માટે ઉત્સાહ અને ઉદ્યમથી આત્મોન્નતિમાંપ્ર વર્ત ! ! ! આત્માના જ્ઞાનાદિ પર્યાયોને વિશુદ્ધ કર. ઉત્સાહ ઉદ્યમ અને કાર્યસિદ્ધિની આશાથી આગળ વધ ! ! ! આ ભવમાં જો કાર્યની સિદ્ધિ કરતાં વચ્ચમાં મૃત્યુ થશે તો અન્યભવમાં જ્યાંથી કાર્ય બાકી રહેલું હોય છે ત્યાંથી આત્માની પૂર્ણતારૂપ કાર્ય કરવાની સર્વ સામગ્રી પ્રાપ્ત થશે, માટે ઉદ્યમ ન હાર. કાર્ય સિદ્ધિ કરતાં મૃત્યુ સામું ન જો અને નિરૂત્સાહી તથા એકાંતે કર્મવાદી લોકોના બોલ્યા સામું ન જો. આત્માના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણતા કરવારૂપ કાર્યને ઉત્સાહથી સાધ્ય. આત્માના આનંદને એકવાર પામ્યો એટલે સંસારનો અંત આવ્યો એમ જાણ. આત્માના જ્ઞાનાદિ ગુણો તેજ આત્મન્ ! ! ! ત્હારો સત્ય ધર્મ છે, તેને પૂર્ણતયા પ્રગટાવવો એજ નૈશ્ચયિક કર્તવ્ય છે. બાકીનું વ્યાવહારિક કર્તવ્ય પણ નિષ્કામભાવે કરવાનો અભ્યાસ રાખ. પ્રભુ મહાવીર તીર્થંકરની વાણીના અવલંબનથી આત્માને શુદ્ધ કરવા પ્રમાદોને પાછા હઠાવ અને આત્માની મુક્તિ માટે પ્રવર્ત ! સ્વાવલંબી થઈ આગળ વધ ! જડ અને ચેતન બે તત્ત્વ છે તેમાં પોતે તો આત્મા છીએ. જડનો ધર્મ ભિન્ન છે અને આત્માનો ધર્મ ભિન્ન છે. વર્ણ ગંધરસ સ્પર્શાદિ જડ પુદ્ગલ ધર્મ છે. મ્હારા આત્માનો શુદ્ધજ્ઞાન અને શુદ્ધાનંદ ધર્મ છે. મ્હારા ધર્મનો મારે ઉપયોગ ધારવો જોઇએ. મારા આત્માને શુદ્ધધર્મ તે સદ્ભૂત ધર્મ છે, બાકી મિશ્રસંયોગધર્મ તથા જડધર્મ તે અસદ્ભૂત ઔપચારિક ધર્મ છે તે કરવો પડે છે, પણ સદ્ભૂત ધર્મનો ઉપયોગ ધારીને વર્તવું એજ આત્મકર્તવ્ય છે. આત્માનો શુદ્ધ ધર્મ તેજ આત્મધર્મ છે તેના ઉપયોગમાં રહીને વ્યાવહારિક ધર્મમાં સ્વાધિકારે પ્રવર્તવું એ ત્હારી ફરજ છે.

આત્મજ્ઞાની શું ઉદાસ રહી શકે ? ઉત્તરમાં કહેવું પડશે કે કદાપિ નહિ જડાનંદી કરતાં તે જડ અને ચેતનમાં આત્માનંદના ઉલ્લાસથી વર્તે છે. આત્મજ્ઞાનીને જડવસ્તુઓનો સંબંધ હોય છે છતાં તે જડની સાથે આત્માના આનંદથી વર્તે છે તેથી તે કંઇ જડમાંથી આનંદ લેતો નથી અજ્ઞાનીપણ કંઈ જડ પદાર્થોમાંથી આનંદ લેતો નથી પણ તે જડવસ્તુઓમાં સુખ માને છે તથા જડવસ્તુઓદ્વારા આનંદ પ્રગટે છે એમ મિથ્યા બુદ્ધિથી વર્તી રાગદ્વેષથી લેપાય છે. આત્મજ્ઞાની છે તે આત્માનંદ પ્રગટાવીને જડવસ્તુઓની સાથે કર્મ સંબંધથી વર્તે છે, પરંતુ તે જડમાં આનંદ ગુણ છે એમ માનતો નથી, તથા જડવસ્તુઓ દ્વારા આનંદ મળે છે એવી ભ્રાંતિથી મુક્ત થાય છે અને તેથી રાગદ્વેષથી નિર્લેપ રહેવા અંતરમાં શક્તિમાન્ થાય છે. આત્મજ્ઞાની અને અજ્ઞાનીની ઔદયિક બાહ્ય ખાનપાનાદિક ચેષ્ટાઓ તો ઉપરથી જોતાં સરખી લાગે છે પણ બન્નેની આત્મપરિણતિમાં તો આકાશપાતાળ જેટલો ફેર હોય છે. આત્મજ્ઞાની અને અજ્ઞાનીને કર્મ કાર્ય તો કરવાં પડે છે બન્નેને પંચ ઇન્દ્રિયોનો વ્યાપાર વર્તે છે, પણ જ્ઞાનીને જ્ઞાનની પરિણતિ વર્તે છે અને અજ્ઞાનીને અજ્ઞાન મોહની પરિણતિ વર્તે છે. ગુરૂને મસ્તકે ધારણ કરીને ગુરૂની કૃપા મેળવે છે તેને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. અવિનયીને અને નગુરાને અધ્યાત્મ પુસ્તકોના વાંચન શ્રવણથી સમ્યગ્જ્ઞાન પરિણમતું નથી. તે શુષ્કજ્ઞાની થાય છે, માટે ગુરૂ કરીને આત્મજ્ઞાન મેળવવું. યમનિયમાદિ સાધનરૂપ જે ધર્મ છે તે વસ્તુનો શુદ્ધાત્મ ધર્મ નથી. સંયમાદિક સાધનો છે તેનાથી શુદ્ધ આત્મધર્મ ભિન્ન છે એમ જાણીને શુદ્ધાત્મ ધર્મના ઉપયોગે સાધન ધર્મમાં પ્રવર્તવું. શુદ્ધાત્મધર્મના ઉપયોગીને સાધન ધર્મની ઉપયોગિતા હોય યા નહિ હોય. આત્માના શુદ્ધધર્મનો ઉપયોગ પ્રાપ્ત થવો એ કંઈ સામાન્ય વાત નથી. શુદ્ધાત્મ ધર્મના ઉપયોગમાં રહીને ગૃહસ્થ દશામાં ગૃહસ્થ કર્મો કરવાં. આત્માના શુદ્ધધર્મનો ઉપયોગ રાખીને

પુણ્ય કર્મ કરવાં જોઈએ તેથી પછી પુણ્યકર્મનો બંધ થતો નથી અને પાપકર્મનો બંધ પડતો નથી, તેથી આત્મા સમભાવે સાક્ષીભાવે વર્તે છે, તેથી શુભાશુભ કર્મબંધનો પાછો નાશ કરી શકાય છે. શુદ્ધોપયોગથી આત્માનું સ્મરણ કરવું તેથી શુભાશુભ કર્મપ્રવૃત્તિ છતાં અત્યંત નિર્લેપ દશા વર્તે છે. શુદ્ધોપયોગી જ્ઞાની જે કંઈ કરે છે તે સ્વપર ઉપકારાર્થે કરે છે. મનમાં રાગદ્વેષ કામાદિ કષાયો છે તેજ સૂક્ષ્મ રોગો છે. આત્માનાશુદ્ધોપયોગે જેમ જેમ વિશેષ રહેવામાં આવે છે તેમ તેમ મનના રોગો ટળે છે, તથા મનવાણી કાયાથી રહી અમૃતરોગની ખરાબ દશા પણ ટળે છે.

મનવાણી કાયાદિ જડવસ્તુઓપર આત્માની બુદ્ધિ, આત્માધ્યાસ તે બહિરાત્મભાવ છે. બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં પરિણમવા માટે અસંખ્યયોગો છે અને અન્તરાત્મ પરિણતિમાંથી પરમાત્મરૂપ પરિણતિ પ્રાપ્ત કરવા માટે ચોથા ગુણસ્થાનકથી તે બારમા ગુણસ્થાનક પર્યંત અસંખ્યયોગો છે. કાયાના યોગ કરતાં મનનો યોગ અનંતગુણ ઉત્તમ સાધનયોગ તરીકે છે, અને મનયોગ કરતાં આત્મોપયોગ અનંતગુણ ઉત્તમ સાધન યોગ તરીકે છે, અને મનયોગ કરતાં જ્ઞાનદર્શન ચારિત્રાદિ યોગો અનંત ગુણ ઉત્તમ ઉપાદાન યોગરૂપ છે. આત્માના શુદ્ધ ધર્મનો ઉપયોગ છે તેમાં અસંખ્યાતયોગો સમાઇ જાય છે. શુભ પરિણામનો ઉપયોગ છે તેમાં પ્રશસ્ય કષાયની પરિણતિ વર્તે છે, અને અશુભ પરિણામનો ઉપયોગ છે તેમાં અપ્રશસ્ય કષાયની પરિણતિ વર્તે છે. જ્ઞાની, શુભાશુભ યોગથી પોતાને ભિન્ન અને સર્વ સાક્ષીરૂપ દેખે છે. અજ્ઞાનીને ધર્મોપયોગી એવો શુભોપયોગ પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. જ્યારે આત્મામાં ઉપયોગ વર્તે અને તે વખતે શુભાશુભ પરિણામ ન વર્તે ત્યારે તે શુદ્ધોપયોગ જાણવો. શુદ્ધધર્મનો ઉપયોગ તે પરમ શુદ્ધોપયોગ છે. શુભાશુભોપયોગથી મુક્ત થવું તે જીવતાં છતાં જીવનમુક્તિ

છે એમ ઋજુસૂત્રનયની ચારિત્ર દૃષ્ટિથી જાણવું. આત્માના સ્વભાવમાં રમણતા કરવામાં સર્વનયોનો સાર આવી જાય છે. શબ્દનયચારિત્રદૃષ્ટિએ ક્ષપકશ્રેણિએ આરોહવું એવી શુકલ ધ્યાનદશાની મુક્તિ છે. સમભિરૂઢ ચારિત્ર નયની દૃષ્ટિએ ત્રયોદશ ગુણ સ્થાનક વર્તી સયોગ કેવલ જ્ઞાન દશાની જીવનમુક્તિ છે. ચતુર્થસમ્યગ્ દૃષ્ટિગુણસ્થાનકથી અંશે અંશે ઉત્તરોત્તર ગુણ સ્થાનકમાં મુક્તિ છે. એવંભૂત નયની ચારિત્ર દૃષ્ટિએ દેહાતીત અયોગી કેવલ જ્ઞાનમય તથા ક્ષાયિકસુખમય પૂર્ણ શુદ્ધાત્મ દશા અનંત શુદ્ધ ગુણ પર્યાયમય છે તે મુક્તિ છે. સમ્યક્ત્વ દૃષ્ટિની પ્રાપ્તિની અપેક્ષાએ અંશે અંશે તરતમયોગે સયોગી કેવલી દશા સુધી ઉત્તરોત્તર અનંત ગુણ વિશુદ્ધ જીવનમુક્તિ છે. વેદાંતની ચાર પ્રકારની મુક્તિ છે તે પણ ચૌદ ગુણ સ્થાનકમાં તથા તે ઉપરની શુદ્ધ દશામાં સમાઇ જાય છે. સમ્યક્ દૃષ્ટિની પ્રાપ્તિથી શુદ્ધાત્મ પ્રભુનું સ્વરૂપ અવલોકવું, પોતે પોતાના આત્માનું સ્વરૂપ દેખવું તે સાલોક્ય મુક્તિ છે. વ્યવહાર સમકિત નિશ્ચય સમકિત, ઉપશમ., ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વમાં સાલોક્ય મુક્તિ છે. ઉપશમ ચારિત્ર., ક્ષયોશમ ચારિત્ર અને ક્ષાયિક ચારિત્રમાં સામીપ્ય મુક્તિ છે. મનને આત્માના સમીપમાં લેઇ જવાય છે, અંતરૂદૃષ્ટિથી હૃદય સમીપમાં આત્માનો ધ્યાન સમાધિથી અનુભવ થાય છે, દેશવિરતિ ચારિત્ર અને સર્વ વિરતિ ચારિત્રમાં, ધર્મધ્યાનના ચાર ભેદમાં શુદ્ધાત્મ પ્રભુનું સામીપ્ય પ્રાપ્ત થાય છે, અર્થાત્ આત્મા તેજ આત્માનું સામીપ્ય પ્રાપ્ત કરે છે તેથી તે સામીપ્ય મુક્તિ જાણવી. અપ્રમત્તગુણ સ્થાનકમાં તથા અપૂર્વાદિગુણ સ્થાનકથી બારમા સુધીમાં આત્મા તે પરમાત્મા સ્વરૂપ છે એમ અનુભવાય છે માટે અપેક્ષાએ તે સારૂપ્ય મુક્તિ જાણવી. સારૂપ્ય મુક્તિમાં સાલોક્ય અને સામીપ્ય મુક્તિ કરતાં અનંત ગુણાધિક આનંદનો આત્મા ભોગી બને છે. ધ્યાન સમાધિ દશામાં આત્મજ્ઞાની એવા શુકલ ધ્યાનીને સારૂ-

પ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે, ત્રયોદશ ગુણસ્થાનકમાં કેવલ જ્ઞાનાદિ નવ ક્ષાયિક લબ્ધિયોની પ્રાપ્તિ થાય છે ત્યાં મનવાણી કાયાના યોગ્ય વર્તે છે માટે ત્યાં જીવનમુક્ત સાયુજ્ય મુકિત જાણવી અને મનવાણી તથા પાંચ પ્રકારના શરીર યોગરહિત સિદ્ધ બુદ્ધ દશાની પ્રાપ્તિ તે દેહ કર્માતીત નિરૂયુજ્ય મુકિત, સાપેક્ષ દૃષ્ટિએ જાણવી, એ દેવલોકને વૈકુંઠ કહેવું તે શુભસ્થાન મુક્તિ જાણવી. આત્મા જે જે અંશે રોગ શોક દુ:ખથી મુક્ત થાય છે તે તે અંશે તે મુક્ત છે. નૈગમનયની અપેક્ષાએ મુક્તિના અંશરૂપ સાધનની પ્રાપ્તિથી આત્માની મુક્તિ છે. પૂર્ણ વ્યવહારથી વર્તવામાં આવતાં વ્યવહારનયની અપેક્ષાએ મુક્તિ છે. અશુભ વ્યવહારનો ત્યાગ કરવામાં અને શુભ વ્યવહાર આદરવામાં વ્યવહારનયની અપેક્ષાએ મુક્તિ છે. દુરાચાર ત્યાગી સદાચાર ધરવામાં વ્યવહારનયની અપેક્ષાએ મુક્તિ છે. સંગ્રહનયચિત્સત્તાની અપેક્ષાએ સંગ્રહ સત્તાનય મુક્તિ છે અને એકાંતે બ્રહ્મ સત્તાથી નિરપેક્ષ સત્તાનય મુક્તિ છે. વર્તમાન એક સમયમાં મુક્તિના પરિણામની અપેક્ષાએ ઋજુ સૂત્રનય સાપેક્ષ મુક્તિ છે અને એકાંત શબ્દાદિનય દૃષ્ટિથી નિરપેક્ષ ઋજુ સૂત્રનય ગ્રાહી મુક્તિ છે. દેવ લોકોમાં ગમન કરી ત્યાં શાતા વેદનીય સુખ ભોગવવું એવી મુક્તિને સદેહી શુભ મુક્તિ કથે છે એવી મુક્તિને આર્ય સમાજીઓ, સ્વામીનારાયણ પંથીઓ, રામાનુજપંથીઓ. મુસલમાનો અને ખ્રિસ્તિયો વગેરે માને છે. દિવ્યદેહ સહિત શાતાવેદનીય ભોગો ભોગવવા તે દેવલોક સ્થાનને અપેક્ષાએ મુક્ત સ્થાન માનીને નૈગમ વ્યવહારનયની દૃષ્ટિએ તે મુક્તિ જાણવી. શરીરમાં આત્મા છે. દિવ્ય શરીરો પણ ક્ષણ ભંગુર ખરેખર છે એમ આત્મજ્ઞાનીઓએ અનુભવ્યું અને કર્મ તથા શરીર વિનાનો એકલો જ્ઞાનાનંદમય આત્મા તેજ મુક્ત છે અને એવી અવસ્થા તે મુક્તિ છે, એમ પરબ્રહ્મ જ્ઞાનીઓએ ધ્યાન સમાધિથી અનુભવ કર્યો અને તેઓ વૈદેહ દશામાં અને સર્વથા દેહરહિત શુદ્ધાત્મ દશામાં પૂર્ણજ્ઞાનાનંદરૂપી મુક્તિ છે એમ

પ્રત્યક્ષ જ્ઞાનથી જાણી પૂર્ણ સત્ય મુક્તિનું સ્વરૂપ પ્રકાશ્યું છે. તે દશાનો અનુભવ કરનારા આત્મજ્ઞાનીઓએ આત્મામાં મુક્તિ અને મુક્તતા અનુભવીને મુક્તિનો અનુભવ પ્રકાશ્યો છે. બ્રહ્મદેવ લોકમાં જવું તે સ્વર્ગીય મુક્તિ છે. બારમા અચ્યુત દેવલોકમાં જવું તે પણ દિવ્ય શરીર અને શાતા વેદનીયવાળી સાકાર દિવ્ય લોકની મુક્તિ જાણવી, તે મુક્તિ સુધી આઠે કર્મ છે, ગૃહસ્થ ધર્મી લોકો બારમો દેવલોક જેને વૈષ્ણવો વગેરે અચ્યુતધામ કહે છે તે સાકાર સદેહી પુણ્ય કર્મ ભોગવાળી મુક્તિ જાણવી. સમ્યક્ત્વજ્ઞાન રહિત જીવો પણ તપજપ અહિંસા સંયમ તપથી એટલા સુધી જાય છે અને તદુપરાંત નવ ગ્રૈવેયક સુધી પણ જાય છે. ગોલોક, અક્ષર ધામ, વૈકુંઠ વગેરેનો દેવલોકમાં સમાવેશ થાય છે. આત્મજ્ઞાન અને શુદ્ધ ચારિત્ર વિના બાહ્યતપ સંયમ વગેરેથી અજ્ઞાની મિથ્યા બુદ્ધિવાળા લોકો ત્યાંસુધી ગમન કરી શકે છે. દેવલોકમાંથી અવશ્ય દેવલોકના આયુષ્ય ક્ષયે મનુષ્ય લોકમાં આવવું પડે છે. અત્યંત પાપ કર્મોદયથી નરકમાં દુઃખ ભોગવાય છે, નરકને દોઝખ વગેરે નામથી જાણવું. દુઃખના અત્યંત અભાવરૂપ અને નિત્ય સુખના આવિર્ભાવરૂપ મુક્તિ છે તે આત્મામાં છે. આત્માનો શુદ્ધ જ્ઞાનાનંદ પર્યાય તે મુક્તિ છે. જ્ઞાનના અને આનંદના અભાવરૂપ મુક્તિ નથી. સર્વ પ્રકારના દુઃખ અને દુઃખના કારણોથી મુક્ત થવા રૂપ મુક્તિ છે અને તે આત્મજ્ઞાનથી અનુભવાય છે. પત્થરના જેવી જડાવસ્થા તે મુક્તિ નથી. જેમ જેમ જ્ઞાન અને આત્માનંદ ખીલે છે અને મોહાદિકર્માવરણો ટળે છે, તેમ તેમ મુક્તિનો પ્રકાશ વધતો જાય છે. આત્માની પરમાત્મદશાનો પ્રાદુર્ભાવ તે મુક્તિ છે. રજો ગુણ તમો ગુણ અને સત્વગુણી પ્રકૃતિ–કર્મથી મુક્ત થવું તે ગુણાતીત મુક્તિ છે. પ્રભુ મહાવીર દેવે કેવલ જ્ઞાનથી સર્વકર્મના ક્ષયે પૂર્ણ સત્ય મુક્તિનું સ્વરૂપ પ્રકાશ્યું છે એજ પૂર્ણ સત્ય મુક્તિ છે અને તે એવંભૂતનયની દૃષ્ટિથી મુક્તિ છે, એવી મુક્તિ પ્રાપ્ત કરવાને માટે નૈગમાદિનયોની

મુક્તિઓના અનુભવમાંથી પસાર થવું પડે છે. નૈગમાદિનયોની સાપેક્ષ મુક્તિયોને અપેક્ષાએ જાણવી, માનવી, અને શુદ્ધાત્મ મુક્તિનું લક્ષ્ય રાખી અન્ય કથિત મુક્તિમાં નિષ્કામભાવે અપ્રતિબદ્ધપણે વિચરવું, પણ કોઇ નયની મુક્તિનું એકાંત કદાગ્રહથી ખંડન કરવું નહિ. જે આત્માને જેટલી દશા પ્રગટી હોય છે અને જેને જે મુક્તિની શ્રદ્ધા થાય છે, તે તે મુક્તિને પામવા પ્રયત્ન કરે છે અને તેને ઇચ્છે છે. જેમ જેમ ઉચ્ચ શુદ્ધ જ્ઞાન પ્રગટતું જાય છે તેમ તેમ આગળની ઉચ્ચ શુદ્ધ મુક્તિયોનો અનુભવ થાય છે, અને પૂર્વની માનેલી મુક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા ટળી જાય છે. મૂઢને પૌદ્‌ગલિક સુખવાળી મુક્તિ કરતાં આત્મસુખવાળી મુક્તિ તે ક્ષણિક અને સુખ વિનાની ભાસે છે, પુદ્‌ગલ વસ્તુઓમાં સુખ નથી અને પૌદ્‌ગલિક વસ્તુઓના ભોગથી સુખ થતું નથી એવો જેને અનુભવ આવે છે તે આત્મિક શુદ્ધાનંદમયી મુક્તિને ઇચ્છી શકે છે. જેમ જેમ આત્માનુભવ જ્ઞાનમાં આગળ વધવાનું થાય છે, તેમ તેમ રાગદ્વેષના ટળવાથી મુકિત અને સંસારમાં વિશેષ ભાવે સમભાવ વર્તે છે. જ્ઞાનીઓ ભવ્ય મનુષ્યોને તેઓના અધિકાર પ્રમાણે જેજે મુક્તિ સમજાય છે અને જે જે મુક્તિ રૂચે છે તે તે મુક્તિ માટે ઉપદેશ આપે છે, અને જે જે રૂચે છે તે તે મુક્તિનો ઉપદેશ આપે છે, તેથી ઉપાધિ ભેદે મુક્તિના અનેક ભેદ થાય છે અને તેથી ભિન્નભિન્ન શાસ્ત્રોમાં ભિન્નભિન્ન મુક્તિયો દર્શાવી છે, તે જીવોના જ્ઞાન રૂચિ દશાના અધિકાર ભેદે જાણવી, અને સાપેક્ષદૃષ્ટિએ તેનો ભવ્ય જીવોને ઉપદેશ આપવો, સર્વ કર્મના નાશથી સત્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે. જે જે અંશે મોહાદિક કર્મનો ક્ષય તેને અંશે અંશ મુક્તિ છે, અને સર્વાંશે સર્વથી આદિ અનંત મુક્તિતો આઠ કર્મના નાશથી છે. ગૃહાવાસ કરતાં ત્યાગાવસ્થામાં નિરૂપાધિ દશાએ આત્મજ્ઞાનીઓ અનંત ગુણ અધિક ખરેખર મુક્તિના અધિકારી બને છે. જ્ઞાન દર્શન અને ચારિત્રથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, આત્માના શુદ્ધોપયોગથી આ-

ત્મામાં રમણતા કરતાં આત્માનંદ પ્રગટે છે ત્યારે આપોઆપ આત્માજ મુક્તિનો આત્મામાં આત્માવડે અનુભવ કરે છે. ઉપશમભાવે, ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે આત્માના શુદ્ધ સ્વરૂપનું વેદન તેજ તેતે ભાવે મુક્તિ જાણવી. આત્માનો આનંદરસ વેદાયા પછી સર્વથા સર્વ પરિષહ વેઠતાં આત્માની મુક્તિ પમાય છે. અશુભ પરિણામથી મુક્ત થઇ શુભ પરિણામી થવું તે શુભ મુક્તિ છે. અશુભ ઉપયોગમાંથી મુક્ત થઇ શુભ ઉપયોગમાં આવવું તે શુભોપયોગ મુકિત છે. શુભ પરિણામમાંથી મુકત થઇ શુદ્ધ પરિણામે પરિણામવું તે શુદ્ધ પરિણામ મુકિત છે. શુભોપયોગથી મુક્ત થૈ શુદ્ધોપયોગી થવું તે આત્મિક શુદ્ધ મુકિત છે. દેહ છતાં જ્યારે ત્યારે પ્રથમ મુકિતનો નિત્યાનંદ પ્રગટે છે. બાહ્ય વસ્તુઓમાં પરિણામેલા રાગને દેવગુરૂ ધર્મ રાગરૂપે પરિણમાવવો, પશ્ચાત આત્માના રાગે વર્તવું, પશ્ચાત્ આત્મોપયોગે રહેવા ક્ષણે ક્ષણે આત્માના સ્વરૂપનું સ્મરણ કરવું. વીતરાગ પ્રભુ મહાવીર આદિ તીર્થંકરો અને સિદ્ધોનું ધ્યાન ધરતાં આત્મા તેવા શુદ્ધધ્યેયાકારે પરિણમીને અંતે તેવો બને છે. જેજેનું ધ્યાનજ ધરે, તે તેવો થઇ જાય, **ઇયલ ભ્રમરી ધ્યાનથી, ભ્રમરીરુપ સુહાય ॥ ૧ ॥** શુદ્ધાત્મા તે પોતે હું અનંતનૂર રૂપ છું, એવો વારંવાર ઉપયોગ ધારણ કરવો અને શુદ્ધાત્મા હું અનંત જ્ઞાનાનંદમય છું તે વિના બાકીનું સર્વ તે હું આત્મા નથી એવું વારંવાર અનેક આસને બેસી નિર્જન સ્થાનમાં સ્મરણ મનન કરવું, એમ કરવાથી લેખકને આત્મામાં રસ પડયો છે અને સાક્ષી ભાવે જગત્ વેદાય છે. પ્રભુની મૂર્તિ આગળ બેસી પ્રભુનું ધ્યાન સ્મરણ કરવું. ધ્યાન ધરતાં થાક લાગે ત્યારે પ્રભુના શુદ્ધ ગુણોનું ગાન કરવું. પરમાત્માના શુદ્ધ સ્વરૂપના ઉપયોગમાં લયલીન થઇ જવું, તે ધ્યાન અને તે પરાભક્તિ છે તેનો આનંદ અનુભવ્યો તે જીવનમુકિતની દશામાં ગમન કરે છે. આત્મા તેજ પરમેશ્વર છે અને તેની પાસે રહેવું સેવા ભકિતના પરિણામવાળું અંત મુખ મન તે ઇશ્

છે અને તે અધ્યાસપેગંબર મહુમદ સાહેબ છે. આત્મારૂપ પ્રભુનું એવું મન તે પુત્ર સમાન છે અને એવામનવાળા લોકો તે આત્મ પ્રભુના પુત્રો છે, એવી દશામાં સાલોક્ય મુક્તિ અને સામીપ્ય મુક્તિનો અનુભવ થાય છે, એવી મુક્તિમાં ભેદત્વ છે, આત્મામાં ક્ષયોપશમભાવી ભાવ મન છે તે ક્ષાયિકભાવે થઇ શુદ્ધ જ્ઞાનરૂપ થઇ જાય છે આત્મ પ્રભુરૂપ પિતા અને મન પુત્રનો ભેદ રહેતો નથી એવી ક્ષાયિક ભાવની મુક્તિનો અનુભવ જેને સાપેક્ષ દૃષ્ટિએ થાય છે તે આત્મામાં સર્વ પ્રકારની મત દર્શનની મુક્તિ-યોનો અંતર્ભાવ કરી શકે છે.— બહિરાત્મદશાવાળું મન તે ઇશુ છે તે આત્મપ્રભુનો પુત્ર જેવો બનવા માટે અંતર્મુખ મનવાળો આત્મા બને છે, અને તે ધ્યાનરૂપ ફાંસીપર ચઢે છે, ત્યારે તે દેહાધ્યાસનો નાશ કરે છે, અર્થાત્ તે બહિરાત્મભાવથી મરે છે, અને અન્તરાત્મભાવથી જીવન પામીને શુદ્ધાત્મપ્રભુ સાથે રહી જીવે છે. શરીર છે તે કબ્ર છે અને તેમાંજ પુનઃ ધ્યાનરૂપ ફાંસીથી બહિરાત્માને મારીને સ્વર્ગીય અંતરાત્મરૂપે મન રૂપઇશુનું પાછું સજીવન થવાનું છે એમ જે અધ્યાત્મદૃષ્ટિથી જાણે છે તે સમ્યગ્જ્ઞાની બનીને પ્રભુ મહાવીર દેવની પ્રકાશિત મુક્તિને પામે છે. આત્માનું અનંત જ્ઞાનરૂપ અનંતરૂપ છે આત્માતેજ અલ્લા છે, તેમાં રાગ કરનારૂં મનને અધ્યાત્મ જ્ઞાનદૃષ્ટિએ તે પયગં-બર છે. આત્માને પિંડસ્થધ્યાને ધ્યાવતાં આત્મશુદ્ધિ પ્રગટે છે અને તેથી શુદ્ધ મન થાય છે, શુદ્ધ મનવાળા આત્મામાં શુદ્ધાત્માના જ્ઞાનનો પ્રકાશ થાય છે, અને તેથી ક્ષણે ક્ષણે અભિનવજ્ઞાન બોધ પ્રગટે છે, તેજ આત્મારૂપ પ્રભુનો પયગામ છે તેનો ઉચ્ચધ્યાન રૂપ આકાશમાંથી પ્રકટભાવ થાય છે અને તે હૃદયમાં ઠરે છે, તે પયગામોને દુનિયાના લોકોની આગળ પ્રકાશનારા શુદ્ધ મનવાળા આત્માઓ 'ભક્તો' સંતો એવા સર્વે અંતરાત્માઓ વિશ્વમાં પયગં-બરો છે. એવા પયગંબરોનું શુદ્ધાત્મોપયોગે શુદ્ધ પરબ્રહ્મ નિર્મલ અનંતજ્ઞાનાનંદરૂપે પરિણમવું તે મુક્તિ છે, એવી મુક્તિને પામ-

નારાઓનો પુનઃ જગત્માં જન્મ નથી. એવી રીતે પરમેશ્વર અને પયગંબરરૂપ અંતરાત્માઓ તે સર્વે ચતુર્દશ ગુણસ્થાનકમાં અંતર્ભાવ પામે છે, રજોગુણી આત્મા તે બ્રહ્મા છે તમોગુણ શક્તિ મય આત્મા તે રૂદ્ર છે, અને સાત્વિક આત્મા તે વિષ્ણું છે, એવી દૃષ્ટિવાળા ગણાતા દેવો તે ત્રિગુણાતીત મુક્તિ કે જેને પ્રભુ મહાવીર દેવેકથી છે, તેની પ્રાપ્તિ માટે ધ્યાન ધરે છે, તેમજ વેદાંત શાસ્ત્રોમાં પણ એ ત્રણ પ્રકારના દેવો છે, તે શુદ્ધ પરબ્રહ્મ શુદ્ધાત્માનું ધ્યાન ધરે છે એમ પ્રકાશ્યું છે. આત્મધ્યાન ધરતી વખતે આત્માના શુદ્ધ ગુણ પર્યાયોનું ધ્યાન ધરવું. પ્રથમ દશામાં જીવો આત્મા અને કર્મ બન્નેનું ધ્યાનમાં સ્વરૂપ વિચારે છે. મધ્યમ દશામાંનું મુખ્યપણે ધ્યાન થાય છે, અને કર્મનું ગૌણપણે ધ્યાન થાય છે. ઉત્તમ ધ્યાન દશામાંથી આત્માના શુદ્ધ સ્વરૂપનો સ્થિર ઉપયોગ વર્તે છે. તે માટે ધ્યાન દશાના અધિકાર ભેદે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર પ્રકારનું ધ્યાન દર્શાવ્યું છે. ગીતાર્થ ધ્યાની અનુભવી એવા ગુરૂની સેવા ભક્તિ કરીને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવું, અને આત્માનો ઉપયોગ રાખી પ્રવર્તવું એમ પ્રવર્તતાં શુદ્ધોપયોગ પ્રકટે છે, અને શુદ્ધાત્મપદની પ્રાપ્તિ થાય છે.

इत्येष ॐ अर्हं शांतिः ॥ ३ ॥

લેખક બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

૧૯૭૮ માઘ વદિ ૫.

મુ. ઉનાવા. તત્ર. નાગર બ્રાહ્મણ મહાસુખભાઈ તથા દયાશંકર યોગ્ય ધર્મ લાભ. તમને જૈનગ્રન્થો શાસ્ત્રો વાંચવાની રૂચિ પ્રગટી છે તે પ્રશસ્ય છે. સત્યગ્રાહી મધ્યસ્થ અને અપેક્ષાના જાણકારને સર્વદર્શનીય શાસ્ત્રોનું સાપેક્ષ સત્ય સમજાય છે. જ્ઞાની અનુભવીના અનુભવમાં સર્વશાસ્ત્રોનું રહસ્ય સમાય છે. જૈનશાસ્ત્રોનું ગુરૂમુખથી શ્રવણ કરવું, પશ્ચાત્ મનનનિદિધ્યાસન કરવું. જૈન શાસ્ત્રોમાં કથેલા સિદ્ધાંતોનો અનુભવ કરવો. શ્રદ્ધા યોગ્ય બાબતોની શ્રદ્ધા કરવી. પશ્ચાત્ બુદ્ધિગમ્ય કરવા અનુભવ મેળવવા જ્ઞાનીઓની સંગતિ કરવી. જ્ઞાની અનુભવીઓનો મુખ્યસિદ્ધાંત એ છે કે રાગ દ્વેષનો ક્ષય કર્યાથી પરમાત્મસ્વરૂપનો પ્રકાશ થાય છે. જૈનધાર્મિક શાસ્ત્રોમાં આત્માનું સ્વરૂપ અને કર્મનું સ્વરૂપ અનુભવગમ્ય થાય એવું પ્રકાશવામાં આવ્યું છે. કુલરૂઢિ પરંપરા ધર્મ કરતાં આત્માનો પૂર્ણ પ્રકાશ થાય એવા સત્યધર્મની તરફ લક્ષ્ય આપવું જોઇએ. જાતિનો મોહ દૂર કરવો અને આત્માનું સદ્ભૂત જ્ઞાન અને આનંદ એજ પૂર્ણ સત્યધર્મ છે, એવો દૃઢ નિશ્ચય કરી તેની પ્રાપ્તિ માટે આત્મોપયોગે વર્તવું. વિવાદો તરફ દૃષ્ટિ ન દેતાં આત્માની શુદ્ધિ થાય એવો ઉપયોગ રાખવો. મોહને ક્ષીણ કરવા ઉપયોગ રાખો. મોહનો ક્ષય કરવો તેજ જૈનધર્મનું પ્રભુવીરે પ્રકાશેલું રહસ્ય છે. રૂબરૂમાં શંકાઓને પુચ્છી સમાધાન કરવું. જ્ઞાન દર્શન ચારિત્રમય આત્મા છે. તેજ તમે છો. એવો લક્ષ્યરાખી વ્યવહારે વ્યવહારમાં ઉપયોગથી વર્તો, ધર્મ સાધન કરશો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

લે. બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સં. ૧૯૭૮ મહાવદિ ૫ ગુરૂ.

મુ. સાણંદ. તત્ર સુ શ્રાવક સંઘવી કેશવલાલ નાગજી યોગ્ય ધર્મલાભ. પત્ર પહોંચ્યો ન્યા. દ. પ્રેસવાળા માટે ભાઇ આત્મારામને સૂચના આપી છે. સત્ય બોલવું અને સત્યથી વર્તવું એજ ધર્મનું મૂલ છે. પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવું. અન્યથા પ્રતિજ્ઞા ન કરવી એવા નિશ્ચયથી લોકો વર્તે તો તેઓ આત્માની ઉન્નતિ ઝટિતિ કરી શકે. આત્મબળ ખીલવવા માટે પ્રમાણિકતાની પ્રથમ જરૂર છે. આત્મજ્ઞાનને પરમાર્થ બુદ્ધિથી સ્વપરનું કલ્યાણ થાયછે. સાણંદના જૈનો હજી પોતાની વાસ્તવિક પ્રગતિના માર્ગે ચઢયા નથી. જ્ઞાન વિના ગાડરિયો પ્રવાહ ટળનાર નથી, જૂઠી પ્રતિજ્ઞા કીર્તિ માટે હાનિકર રૂઢીઓથી પાછા ફરતા નથી, તેમને ગુરૂની ભાવનાપણ ગાડરિયા પ્રવાહે છે, તેથી ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવામાં આત્મભોગ આપી શકતા નથી. ગુરૂ વિના જ્ઞાન નથી ગીતાર્થ ગુરૂની સંગતિથી સત્ય જ્ઞાન મળે છે. શ્રદ્ધા પ્રેમ વિના સ્વાર્પણતા નથી. બાલ લગ્નને પ્રથમ બંધ કરો. સંબંધીઓને જગાડો. સંઘાદિક ઉન્નતિના યજ્ઞમાં અર્પાઇ જાઓ. સત્ય કર્મ યોગી બનો. લોકો ગાંડા કહે, ગાળો દે, અપમાનાદિ કરે, તે સર્વને આત્મસ્વભાવમાં રહી સહો, અને જૈનોમાં ઉત્સાહ ફેલાવો. કંઇ પણ કરીને મરો. અળસિયાંની માફક જીવવું તે શું? જીવવુંછે? આત્મજ્ઞાનનો ફેલાવો કરો. પરસ્પરના વિચાર ભેદના આશયોને લોકો સમજે એવી સાપેક્ષ દૃષ્ટિને સમજો, અને અન્યોને સમજાવો. ગુરૂના સત્કાર્યોમાં ઉપયોગથી જોડાઓ. આત્મોપયોગે વર્તો, અને સ્વાધિકારે કર્તવ્ય કરો. આત્માનુભવમાં આગળ વધો. આત્મબલ ખીલવો! મનવાણી કાયાને આત્માની પ્રગતિ માટે યોગ્ય રીતિએ વાપરો. ગુરૂની શ્રદ્ધા ભક્તિ વિના આત્માનુભવમાં અંશ માત્ર આગળ વધી શકાતું નથી, ભાવિ જૈનો માટે ઉન્નતિના નિષ્કંટક ઉદાર માર્ગો ચોખ્ખા કરો. લોકો આત્માને જાણતા થશે

એટલે સ્વપરની ઉન્નતિનાં સત્ય ધર્મ કર્તવ્યોને સહેજે કરશે. જૈનોને વિશ્વમાં આગળ વધવાના સર્વ સત્ય માર્ગો ખુલ્લા કરવાના પુરૂષાર્થથી જીવો અને અન્યોને જીવાડો. એવો શ્રાવક ધર્મ સેવો.

इत्येवं अर्हं ॐ महावीर शान्तिः ३

---

લે. બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સં. ૧૯૭૮ માઘ વદિ ૭.

મુ. સાણંદ. તત્ર. સુશ્રાવક બુધાલાલ ઉકાભાઈ યોગ્ય ધર્મ-લાભ. તમારો પત્ર પહોંચ્યો. જીવદયા મંડળ સ્થાપી શીકાર બંધ કરાવવા પ્રયત્ન કરો છો તેથી ખુશી થવા જેવું છે. તેમાં અમદાવાદ વગેરેના જીવદયાના મંડળોની સહાય લ્યો. છાપાઓમાં સભ્ય લેખો છપાવીને તે બાબત જાહેર કરો. કાયદાસર પગલાં ભરી નિર્દોષ પશુઓની વ્હારે ચઢો. રાત્રી દિવસ તનતોડ મહેનત કરો. હિંસા ટાળતાં મનમાં હિંસાની વૃત્તિ પ્રગટવા ન દો. જ્યાં શિકાર થતો હોય ત્યાંના લોકોને બોધ આપો. શિકારમાં સામેલ રહેનાર વાઘરિયોના ઘેર જઇ તેઓને જીવદયાનો બોધ આપો. આજુબાજુના ગામડાઓને ચેતાવો. અમદાવાદમાં ઝવેરી મોહનલાલ મગનલાલ પર પત્ર લખી વા તેમને રૂબરૂમાં મળીને જીવદયાના ઉપદેશકો પાસે જીવદયાનાં ભાષણો અપાવશો. સાણંદના મહાજનની શક્તિઓને ઉપદેશો મારફત પ્રકાશિત કરો. કોઇની સાથે કલેશ થાય એવું ન બોલો. પ્રેમથી સર્વની સાથે તમારૂં મંડળ વર્તતો તે સારૂં કાર્ય કરી શકે. જીવદયામાં સર્વ ધર્મનો સમાવેશ થાય છે. બાલલગ્ન અને વૃદ્ધ લગ્નનો નિષેધ કરવો એ પણ જીવદયા છે. જૈનોમાં હાનિકર રીવાજો પેસી ગયા છે તેને ટાળવા પુરૂષાર્થ કરવો એ પણ જીવ દયા છે. નીતિના

સર્વ માર્ગોથી રાજ્યાદિકનું પ્રવર્તવું તે જીવદયા છે. જીવદયા ધર્મપાળનારાઓને બળવાન્ જ્ઞાની સમયજ્ઞ બનાવવા માટે તેવા ઉપાયો લેવા, તે પણ મહા જીવદયા છે મહાજનને કડવાં વચન કહેવાથી તે જાગ્રત્ નહિ થાય. યુવકોમાં આત્મબળનો જુસ્સો પ્રગટે એવા ઉપાયો પ્રમાણે વર્તો. સંપથી પ્રથમ ઐક્ય કરો. ઉપદેશકોને પરગામથી બોલાવી ભાષણો અપાવી, પ્રથમ સારૂં વિચાર વાતાવરણ બનાવો.

-ॐ अर्हं महावीर शान्तिः ३

---

લે. બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સં. ૧૯૭૮ માઘ વદિ ૭૬.

શ્રી મુંબાઇ તત્ર. શ્રદ્ધાદિ ગુણાલંકૃત. સુશ્રાવક. ઝવેરી જીવણચંદ ધર્મચંદ યોગ્ય ધર્મલાભ. વિ. અત્ર શાંતિ છે. તત્ર દેવગુરૂ ધર્મપ્રસાદથી વર્તો. ઝવેરી મગનલાલભાઇને દ્રવ્ય સંબંધી ઉપાધિ ચિંતા આવી પડી છે તેમ અન્યના પત્રથી જાણ્યું, તમો પણ તેથી ચિંતાદિ સંકલ્પ વિકલ્પ કરો તેમ બનવા યોગ્ય છે. કર્મના ઉદયથી જે બનવા યોગ્ય હોય છે તે બન્યા કરે છે. તેમાં ચિંતા ન કરવી, ભાઇને હિંમત આપવી, અને બનતી સહાય આપવી. જે કાલે યોગ્ય લાગે તે કરવું. ધર્મની આરાધના કરવાથી અંતે સારૂં થાય છે. શુભાશુભકર્મના ઉદયનાં ચક્રો વાદળની પેઠે આવે છે અને જાય છે, તેમાં હર્ષ શોકથી જે મુંઝાતો નથી, તેણે પ્રભુ મહાવીર દેવનો ધર્મ જાણ્યો છે; એમ જાણશો. સ્વપ્નના જેવી ક્ષણિક સંસારની બાજી છે તેમાં આત્માનું કશું કંઇ નથી. દુનિયામાં શોક ચિંતા કરે જીવી શકાતું નથી. આત્માના ધર્મની આરાધના કરવી. મહાપુરૂષોને સંકટ ઉપાધિઓમાંથી પસાર

થવું પડે છે. તેઓ સંકટ ઉપાધિઓમાં મુંઝાતા નથી તેઓ ધૈર્ય, ખંત, ઉત્સાહ, જ્ઞાન, ઉદ્યમથી ઉપાધિની પેલી પાર જાય છે. કર્મ પ્રમાણે સર્વ સંસારી જીવોને નાટકીઆની પેઠે નાચો નાચવા પડે છે. ઈન્દ્રાદિકને પણ કર્મ પ્રમાણે નાટક કરવું પડે છે. એવી દશામાંથી છૂટવા માટે વીતરાગના ધર્મની આરાધના કરવાની જરૂર છે. આત્મ જ્ઞાન થતાં ભવનાટકમાં હર્ષ શોક રહેતો નથી. જે કાલે કર્મથી બાહ્યની જેવી અવસ્થા પ્રાપ્ત થાય, તેમાં આત્માના આનંદથી વર્તવું, અને કર્તવ્ય કાર્ય કરવું. દુઃખ પાછળ સુખ અને સુખ પાછળ દુઃખ એમ કર્મના ખેલથી થયા કરે છે, તેમાં સમભાવે વર્તનાર ખરેખર સંસાર સાગરને તરી જાય છે. પ્રભુ મહાવીર દેવને પણ અનેક ઉપસર્ગો નડયા હતા. તો પછી અન્યનું શું ગજું ? આત્માથી પુણ્ય પાપ કર્મ ન્યારૂં છે તે આત્મા નથી તો પછી કર્મ ફલમાં મોહ ન રાખતાં ધર્મની આરાધના કરવી. ઝવેરી મગનલાલ ધર્મચંદ તથા કુસુમભાઇ, રતનચંદ વગેરેને ધર્મલાભ. ધર્મ સાધન કરશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લે. બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સં. ૧૯૭૮ માઘ વદિ ૮.

શ્રી અમદાવાદ તત્ર. આત્મહિત જિજ્ઞાસુ ભાઈ. મોહનલાલ અમથાલાલ યોગ્ય ધર્મલાભ. વિ. ત્હારો પત્ર માઘ વદિ સાતમે પહોંચ્યો, વાંચી સમાચાર જાણ્યા. સંસાર સ્વાર્થમય છે એમ ત્હેં જાણ્યું પણ તે પ્રમાણે જાણીને આત્મશુદ્ધિ કરવા વિષયોના મોહનો ત્યાગ કરે તોજ જાણ્યું લેખે આવે. जाण्युं तो तेहनु

સહું મોહે નહિ લેપાય. સુખદુઃખ આવે જીવને, હર્ષ શોક નહિ થાય ॥ એ દુહા પ્રમાણે આત્માની દશા કરવા ખરી લગની લાગવી જોઈએ. કંચન અને કામિની બેનો મોહ ટળ્યા વિના મુક્તિ નથી. ભોગની ઈચ્છામાંજ અનેક રોગો છે અને અનેક જન્મ મરણો છે. ભોગથી દેહ અને ઈન્દ્રિયોની શક્તિ નષ્ટ થાય છે. એક સ્ત્રી પરણવાની લાલચે તું વિશ્વનો ગુલામ બને છે, તેનો જરા વિચાર કર. કનક અને કામિનીની લાલચથી અનેક દુઃખને ઉત્પન્ન કરે છે. શા માટે સમજ્યા છતાં અનેક કર્મબંધના કારણ ભૂત મોહ કામની લાલચને રાખે છે? ભોગથી કામ ઈચ્છાઓનો નાશ થતો નથી. પરપુદ્ગલની લાલચે કોઈની સાથે પ્રેમ કરવો તે પ્રેમ નથી. અજ્ઞાનીઓ આત્માઓની સાથે પ્રેમ કરતા નથી પણ જડવસ્તુઓની સાથે સ્વાર્થથી પ્રેમ કરે છે. અનંતકાલ સુધી જડ વસ્તુઓને ભોગવવામાં આવે તોપણ મનની તૃપ્તિ થાય નહીં. આશા છે તે આકાશ કરતાં ઘણી મોટી છે. આત્મજ્ઞાનથી આશાનો નાશ થાય છે. મનમાં અનેક ઈચ્છાઓ કરવી તેજ કાલ મૃત્યુ છે. કામનાઓ એક પછી એક એમ ઉત્તરોત્તર અનંતી વધતી જાય છે, તેના તાબે થવાથી દુષ્ટ ગુલામીપણું પ્રગટે છે. આત્માવિના આ વિશ્વમાં અન્ય કોઈ જડ વસ્તુથી સુખ થનાર નથી અને આત્માવિના અન્ય જડવસ્તુઓનો પ્રેમ તે પ્રેમજ નથી એમ નિશ્ચયથી જાણ !!! જે જડ વસ્તુઓ માટે ત્હારી સાથે સ્નેહ સંબંધ બાંધે છે તે સત્ય નથી, માટે હવે મુંઝાઈને ભવ ચક્રમાં કેમ પડે છે? વિચાર કર !!! જે સ્ત્રી વા પુરૂષ પરસ્પર એક બીજાના આત્માને ચાહતાં નથી પણ એક બીજાના આત્માના શરીરને ભોગાર્થે ચાહે છે તે અજ્ઞાની છે. એવા અજ્ઞાની સ્ત્રી પુરૂષો દેહ ચામડી રંગનાં સ્વાર્થી છે, તેથી તે ચામડિયાં છે. એવાં ચામડિયાં ચામડાની મહત્તા સમજે છે પણ જે ચામડામાં આત્મા રહે છે અને તેથી ચામડું પણ પ્રિય લાગે છે, એવાઓ આત્માની પ્રભુતા ઈશ્વરતા જાણી શકતાં નથી. ચામડીના ભૂખ્યા તરસ્યા મનુષ્યો ચામડીના ભોગ માટે દેવગુરૂની સેવા ભક્તિ કરી તેની પ્રાપ્તિની પ્રાર્થના કરે છે અને

મનુષ્યો ચામડીના ભોગ માટે દેવગુરૂની સેવા ભક્તિ કરી તેની પ્રાપ્તિની પ્રાર્થના કરે છે અને મનુષ્યભવને હારી જાય છે. ત્હને પણ ચામડીવાળી સ્ત્રી ફક્ત ચામડીના ભોગ માટે ઇચ્છાતી હોય અને તે માટે પરણવાની ઇચ્છાએ નોકરી–ગુલામીપણું કરતો હોય તેમ ભાસતું હોય તો ત્હારે જરૂર ચેતવું જોઇએ. અનંતીવાર કામ ભોગોને ભોગવતાં ઈન્દ્રાદિકને શાંતિ મળી નથી અને મળનાર નથી તો ત્હને કયાંથી મળવાની હતી ? માટે હવે જાગ અને આત્મસુખનો અભિલાષી લઈ પર જડપુદ્ગલની એંઠનો ભીખારી ન થા. ઈન્દ્રજાલની પેઠે બાહ્ય વૈભવ સુખ ક્ષણિક છે તેથી વૈરાગી થા અને આત્માના આનંદ માટે ઉપયોગથી ઉઠ !! દુનિયાના લોકપ્રવાહ સામું ન જો પણ આત્માના હિત ભણી દૃષ્ટિ દે. મનનો દાસ બનીને આત્માના સત્યથી ભ્રષ્ટ ન થા. જાગ જાગ અને ચેત. ઉઠ !! હાલ નહિ ચેતેતો પછીથી પસ્તાઈશ. ઝાંઝવાના પાણીને પાવાની મૃગની ભ્રાંતિ જેવી સંસાર સુખ ભ્રાંતિથી વિમુખ થા ! આત્માની શુદ્ધપરિણતિ તેજ ખરી સ્ત્રી છે તેને આત્મામાં શોધ. આત્માને મૂકી સ્ત્રીના શરીરને સ્ત્રી માની કયાં ભોળા મોહન ભૂલે છે. ત્હારાથી બાહ્યસ્ત્રીને સત્ય સુખ મળનાર નથી અને સ્ત્રીથી તને સુખ મળનાર નથી. મનના કહ્યા પ્રમાણે વર્તીશ અને આત્માના સદુપદેશનો અનાદર કરીશ તો આત્મગુરૂની આજ્ઞાના ભંગથી ભવ ચક્રમાં વારંવાર જન્મવું મરવું પડશે માટે ચેત ! આ આંખે જે ત્હારૂં દેખાય છે તેમાં ત્હારૂં કંઇ નથી. ધૂમાડીના બાચકાને કયાં સુધી ભરીશ. મનના સંકલ્પ વિકલ્પ તેજ સૂક્ષ્મ જન્મ મરણ છે તેનો ઉપયોગથી છેદ કર ! ! ! ગુરૂ તો પોતાની ફર્જ બજાવી શકે પણ શિષ્ય જો મોહના તાબામાં વર્તે તો તે ગુરૂનો શિષ્ય ગણાય કે મોહનો દાસ ગણાય તેનો વિવેક કરી સત્ય ગ્રહણ કર !!! કામરૂપ પશુને વશકર ! શરીરમાં કામરૂપ પશુનું બળ પ્રગટવા ન દે. સર્વ કામો દુઃખરૂપ છે. કામ ઈચ્છાઓનો સાગર તરવા પુરૂષાર્થ કર ! નપુંસક, નામર્દ બની કામભૂતના તાબે થઇ દુનિ-

થામાં દાસપણું ભોગવે છે. આત્મા જ્યારે કામવાસનાને જીતશે ત્યારેજ તે સુખશાંતિ પામશે. એમ શ્રદ્ધા ધારણ કરી ધર્મમાર્ગમાં પ્રવર્ત. ક્ષણ ક્ષણમાં કયાં મનને ફેરવે છે ? ઘરલક્ષ્મીના તુચ્છ મોહમાં કેમ ફસાય છે ? જે વસ્તુ ત્હારી નથી તે માટે કયાં ભૂલો ભમે છે ? આંખો મિંચાતાં ત્હારૂં કંઈ નથી. ભૂલરૂપ કર્મનું પરિણામ દુ:ખ છે. માનપ્રતિષ્ઠા કીર્તિ વગેરેમાં લોકવાસનાની દૃષ્ટિથી મુંઝ નહિ. જે જડવસ્તુ માટે અનંત વખત મર્યો તે માટે સમજીને પાછો કયાં મરે છે ? એકવાર આત્માના સુખ માટે તો જીંદગીનો હોમકર ! આત્માનો વિશ્વાસી થા. તું આત્મા છે છતાં જડમાં આત્મબુદ્ધિ કેમ ધારણ કરે છે ? સત્ય આત્માને નહીં માનતાં તું જડને સુખાર્થે સત્ય માનીશ તો હાડકાં ચૂસનાર શ્વાન અને ત્હારામાં અંતર્ શું ? તેનો વિચાર કર !! આત્માનું વ્યવહારમાં ગણાતું નામ અને રૂપ તે વસ્તુત: આત્માનું નથી. અજ્ઞાન અને મોહથી પરિણમેલ આત્મા તેજ પોતાનો કાલ છે અને અજ્ઞાન મોહથી રહિત આત્મા તેજ કાલનો પણ કાલ છે. અનંત મહાસાગરના બિંદુઓ જેટલાં નામ અને રૂપ છે તેથી આત્મા ઓળખાતો નથી તો પછી નામરૂપની કીર્તિ પ્રતિષ્ઠાના અહંમમત્વના મોહમાં કેમ મુંઝાવું જોઇએ ? અલબત્ત ન મુંઝાવું જોઈએ. મારૂં શરીર મારૂં નામ તેમાં મારાપણાની બુદ્ધિ તેજ મોહબુદ્ધિથી અનંતવાર જન્મમરણ થાય છે. પાછળ વંશ કાયમ રહે એવો મોહ રાખવાથી અનંતદુ:ખની ઉપાધિ ગ્રહાય છે. કોઈનો વંશ રહ્યો નથી અને રહેનાર નથી. દેહનો વંશ રાખવા કરતાં આત્માનો અમરવંશ ઓળખ ! દેહ ઈન્દ્રિય મનના ખોરાક કરતાં આત્માનો આનંદરૂપ અમૃત ખોરાક ખા અને અમર થા !!! આત્માને પ્રિય ગણ અને અનેક શરીરમાં રહેલા આત્માઓને પ્રિય ગણ. તેઓના દેહોના રૂપોમાં મુંઝાઈ ન જા. પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં વસ્તુત: શુભત્વ તથા અશુભત્વ નથી. શુભ વિચારો કર અને અશુભ વિચારોને પ્રગટતાંજ અટકાવી દે. મનમાં મૈથુન કામાદિનો એક

વિચાર પણ ભૂલેચૂકે ન કર! બાહ્ય વિષયોની મીઠાશમાં મહાવિષ છે, માટે તેની મીઠાશમાં મુંઝ નહિ. આંખ અને સ્પર્શેન્દ્રિયનો કામ ટાળવા કોટિકોટિ ઉપાયો કર, અને આંખમાંથી રક્તનીધારા વહે એવી પ્રભુ પાસે પ્રાર્થના કર. મનમાં પ્રકટેલા કામાદિ શત્રુ-ઓને મિત્રો માનીને દેવગુરૂ ધર્મથી ભ્રષ્ટ ન થા. આત્મા અસંખ્ય પ્રદેશમય છે તેના એકેક પ્રદેશે અનંતજ્ઞાન દર્શન ચારિત્રવીર્ય છે. આત્મા અનંત આનંદમય છે. આત્માનંદને પ્રગટાવ અને પુદ્ગલાનંદનો ક્ષણિક મોહ ત્યાગકર. મોહની અશુદ્ધ પરિણતિથી મનવાણી કાયાનું અને આત્માનું આરોગ્ય નષ્ટ થાય છે. ઇતિહાસોનાં પાનાં ઉથલાવો, અનેક ભાષાઓ ભણો, સાયન્સથી શોધો કરો પણ તેથી આત્માનો આનંદ પ્રગટતો નથી. દુનિયામાં સમુદ્ર, પૃથ્વી, નગર, ગામ દેશ, પર્વત વગેરે સદા એક સ્વરૂપે સ્થિર નથી તો પછી જે શરીર વગેરેને પોતાનું માની મોહનો મિત્ર બને છે તેનાથી ત્હારૂં શું શ્રેયઃ થવાનું છે? તેનો વિચારકર. મોહને હણે તે મોહન ગણાય અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી લોકોને મોહ પમાડે–આશ્ચર્યમાં ગરકાવ કરે તેવો આત્મા તેજ મોહન છે. મોહવિનાનો તે મોહન છે. એવું ત્હારૂં સ્વરૂપ વિચાર અને ક્ષણે ક્ષણે પ્રગટતા મોહનો નાશ કરવા આત્મોપયોગી થા!!! મનને શુદ્ધાત્માની સાથે જોડ અને જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી આત્માની શુદ્ધતાના ઉપાયો સેવ. આત્માનાં સેવક તરીકે મનવાણી કાયા છે, તે મનવાણી કાયાને મોહના ગુલામ તરીકે બનાવવાથી આત્માનો આનંદ મળતો નથી. આત્માનો આનંદ ભોગવવો તેજ આત્માનું સ્વરાજ્ય છે. બાકીનાં સર્વે પૌદ્ગલિક રાજ્યો તે દુઃખમય રાજ્યો છે, માટે શુદ્ધાત્મરાજ્યને મૂકી ક્યાં જડવિષયરાજ્યનો ગુલામ બને છે! છતી આંખે કેમ દેખતો નથી. આત્મા પોતે પોતાને જાગ્રત્ કરે છે, દુનિયાના લોકોના ગાડરિયા પ્રવાહે ચાલવું તે ગાડરનું જીવન છે પણ જ્ઞાનીનું આત્મજીવન નથી. સ્ત્રીની પ્રાપ્તિ કરવામાં દુઃખના ડુંગર છે. નહીં ઇચ્છવા છતાં સહેજે ભોગો મળે અને

તે ભોગો ભોગવ્યાવિના પુરૂષાર્થ કરે છતે પણ છૂટકો ન થાય તે પ્રારબ્ધનિકાચિતકર્મ છે. ત્હને પ્રારબ્ધ નિકાચિત ભોગ નથી. તું તો નહીં મળેલા ભોગોને પ્રાપ્ત કરવા માટે હાયવરાળ કરે છે અને તેથી છૂટવું તો દૂર રહ્યું પણ તેનામાં લપટાવવા માટે મજુરિયાનીપેઠે મજુરી દાસપણું કરે છે માટે કર્મનો ઉદય માની ગળીયા બળદ જેવો થા નહિ. જ્ઞાન અને વૈરાગ્યબળથી નિકાચિત પ્રારબ્ધ કર્મનો ક્ષય થાય છે તો નવીનકર્મ તો ક્યાંથી બંધાય ! ! ! નવીન કર્મ બાંધવા માટે મોહ પણ કેમ થાય? અને થાય તો પાછો ટાળી શકાય છે. ક્રોધાદિક કષાયોનો પ્રગટતા વારવા માટે મ્હારે અને ત્હારે પુરૂષાર્થ કરવો જોઈએ. આ કાળમાં સર્વ મનુષ્યો પરમાત્મપદનાં સાધક છે પણ કોઈ સિદ્ધ નથી, માટે સાધકાવસ્થામાં ત્યાગીને અને ગૃહસ્થને કોઇ કોઈ વખત મોહ કષાયો પ્રગટે તે વારવા જોઈએ. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગને જીતવા જોઇએ. આત્મા સમભાવે આત્માની પરમાત્મતાનો ઉપયોગ ધારે તેવું ગુરૂ પાસે રહી જ્ઞાન મેળવવું જોઈએ. મરતાં કોણ સેવા કરશે એવી ચિંતા ન કર. કર્મ પ્રમાણે થયા કરે છે, તેમાં ફારફેર થનાર નથી. માટે ચેતવું હોય તે ચેતીલે, નહીં તો ભવિષ્યમાં પશ્ચાત્તાપ પામીશ. જડથી સુખ ભોગવવા માટે કયાં વળખાં મારે છે. અજ્ઞાની સલાહ પ્રમાણે ન ચાલ, પણ સદ્ગુરૂની વા પોતાના આત્માની વૈરાગ્યની પરિણતિની સલાહ પ્રમાણે પ્રવર્ત. રાગદ્વેષનો ક્ષય તેજ મુક્તિ છે. રાગદ્વેષરૂપ શત્રુઓને જીતી અરિહંત બનવું તે મનુષ્ય કર્તવ્ય છે. આત્માઓની સાથે સ્નેહ કર પણ આત્માઓની સાથે રહેલાં શરીરોના ભોગો આદિ જડસ્વાર્થ માટે સ્નેહ ન કર ! ! ! મારાપર ત્હારી પ્રીતિ છે તો મ્હેં તને જાગ્રત્ કરવા ઉપદેશ આપ્યો છે. તેમાન અને આત્મોપયોગી થા. નામરૂપનો નાશ છે. તીર્થંકરો વગેરેનાં નામો રહેવાનાં નથી તો પછી મારા ત્હારા જેવાનાં નામરૂપો રહેજ ક્યાંથી અને નામરૂપથી સુખ કેમ માનવું

જોઇએ ? દેવગુરૂ ધર્મની આરાધનાકર. જૈનધર્મ શાસ્ત્રોનો અભ્યાસકર. મોટી ઉમર થતાં શરીર, ઇન્દ્રિય, મન ક્ષીણ થતાં ધર્મ સાધન નહિ બને. યુવા વસ્થાને મોહના સપાટાથી બચાવી યુવા વસ્થામાં ધર્મની આરાધના કર.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક. બુદ્ધિસાગર. મુકામ. વિજાપુર.

સં. ૧૯૭૭ માઘ સુદિ ૫.

અમદાવાદ તત્ર. આત્મધર્મ રૂચિ આદિગુણયુક્ત શ્રી........ યોગ્ય અનુવન્દન સુખ શાતા. આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવાનંદ પ્રગટે છે તે અનુભવાય છે. રાત્રે ત્રણ વાગ્યે આત્માની પરમાત્મદશાનો ધારાવાહી ઉપયોગ ઘણી વખત વહ્યાકરેછે. આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરવા માટે ઉપયોગથી ઉપયોગી પ્રતિક્રમણ કરાય છે. અન્યધાર્મિક કર્તવ્યો કરતાં આત્માનો ઉપરોગ રહેછે. ઘણાં વર્ષોથી દેવલોક ઇન્દ્રાદિકાદિકપદની ઇચ્છા ટળી ગઈ છે. અધ્યાત્મિકતત્ત્વદૃષ્ટિએ જૈનધર્મની પરિપૂર્ણ સત્યતા અનુભવાઇ છે. અનંતપુણ્યોદયથી આત્મજ્ઞાનની રૂચિ પ્રગટી છે એમ માનું છું. જૈનશાસ્ત્રોમાંથી જેની જેવી દૃષ્ટિ હોય તેવું તે જોઇ શકે છે અને મેળવી શકે છે. અંતરૂથી બાહ્યપદાર્થોપર ખાસ આસક્તિ થતી નથી પરંતુ વ્યવહારથી કથંચિત્ ઉપયોગિતા ભાસે છે અને તે પ્રમાણે પ્રવૃત્તિ થાય છે. દુર્જનશત્રુઓપર વૈરબુદ્ધિ પ્રગટતી નથી, અને કદાચ અંશમાત્ર અરૂચિ થાય છે તો તુર્ત જ્ઞાનોપયોગથી શમી જાય છે. ઘણાં વર્ષોથી આત્માનંદની રઢ લાગી છે. ઉપશમ ભાવે અને ક્ષયોપશમ ભાવે આત્મપ્રભુનાં અનુભવ દર્શન થયાં છે અને તે મળ્યા છે એમ તો અનુભવ થયો છે. પ્રભુ મહાવીર દેવના અનેકાંતતત્ત્વજ્ઞાનથી દર્શન મત પંથ કદાગ્રહઅભિનિવેશ ટળ્યો છે.

પ્રભુ મહાવીરદેવને અનંતકાલે આત્માએ ઓળખ્યા અને તે ઓળખીને મળ્યો. ચંદ્ર અને સૂર્ય નીચે વાદલ આવે છે તેમ કર્માવરણના ઉદયને આત્મા ઓળખે છે. કર્માવરણરૂપ વાદળામાંથી આત્મારૂપ સૂર્ય ચંદ્ર વારંવાર પસાર થાય છે. પરાભક્તિરસ અને જ્ઞાન રસની ઝાંખી પ્રગટેલી અનુભવી છે. ઘણી વખત વ્યક્ત બ્રહ્મરસ ઘેનનો અનુભવ થયો છે તે મનવાણી કાયાથી અન્યને જણાવી શકાય નહિ તથા અન્ય જાણી શકે નહિ. અનુભવે તે માને. એજ

ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. વિજાપુર.
સંવત ૧૯૭૮ માઘ વદિ ૧૧.

શ્રી. અમદાવાદ તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવ ગુરૂ ભક્તિકારક, સુશ્રાવક શેઠ જગાભાઈ દલપતભાઈ યોગ્યધર્મલાભ. વિશેષ તમારો પત્ર પહોચ્યો. કૃતકર્મોદયથી રોગાદિક પ્રગટે છે તેને સમભાવે સહવાં જોઈએ. બહારની હવાથી હવે તમને આરામ થતો જાય છે તે ઠીક છે. મનના સંકલ્પ વિકલ્પ ચિંતાઓને પ્રગટતી વારવી. મનવાણી કાયાના અયોગ્ય કુવ્યાપારથી આ ભવમાં પણ રોગો પ્રગટી નીકળે છે, મનમાં પ્રગટતા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના વિચારોને રોકવાથી આત્મશાન્તિ અને મનવાણી કાયાનું આરોગ્ય પ્રકટે છે, તથા સ્થિર રહે છે. મનના અશુભ સંકલ્પ વિકલ્પ એજ કર્મ અને એજ રોગ છે. મનપર ચિંતા શોક ભય વગેરે નિર્બલ વિચારોની અસર થવા દેવી નહિ. નિયમિત આહાર વિહાર અને વિચારથી મનકાયા તથા આત્માની શાંતિ તુષ્ટિ પુષ્ટિ વર્તે છે. મન વાણી કાયાનું આરોગ્ય ન રહે એવી ઉપાધિ પ્રવૃત્તિથી નિવૃત્ત થવું. જેટલી પ્રવૃત્તિથી આજીવિકાદિ વ્યવહાર ચાલે તેનાથી

અધિક પ્રવૃતિ કરવી ન જોઇએ. મનવાણી કાયા કરતાં આત્માની અનંતગુણી મહત્તા સમજવી જોઇએ. આત્માને માટે મનવાણી કાયા સત્તા લક્ષ્મી છે. આત્માની શુદ્ધિ માટે મનવાણી કાયાનો ઉપયોગ કરવો જોઇએ. પ્રાયઃ મનવાણી કાયાની સમાધિથી આત્માની સમાધિ પ્રગટે છે. આત્માના આનંદની આગળ જડાનંદ તે ક્ષણિક અને લીંટ સમાન તુચ્છ છે, માટે મનુષ્યશરીરે જીવતાં છતાં આત્માનંદ અનુભવવો જોઇએ. મગજને હાનિ પહોંચે એટલા મગજદ્વારા વિચારો ન કરવા જોઇએ. મનના આરોગ્યપર શરીરના આરોગ્યની અત્યંત અસર થાય છે, વ્યાપારાદિકની ચિંતા ન રહે તે માટે આત્મજ્ઞાન પ્રગટાવવું જોઇએ. આત્મજ્ઞાનથી રાગદ્વેષ ટળેછે તે માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરવો. મનુષ્યજન્મનું રહસ્ય એજ છે. રોગ પ્રસંગે આત્માના સ્વરૂપનો વિચાર કરવો અને મનવાણી કાયાથી આત્માને ન્યારો ભાવવો જોઇએ. ક્ષણે ક્ષણે આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્મરવું. સ્વપ્નની પેઠે કર્મના ઔદયિક ભાવની ક્ષણિક લીલામાં શો હર્ષ શોક માનવો ? શરીરાદિકના સંયોગ વિયોગમાં સમભાવે રહેવાય એવો આત્મોપયોગ રાખવા પુરૂષાર્થ કરવો. બાહિરની સાંયોગિક ઉપાધિમાં અહંમમત્વથી પરિણમાય નહિ એવો ખાસ ઉપયોગ ધારવો. વૈરાગ્ય ત્યાગ ભાવથી આત્માને ભાવવો. બાહ્ય ઉપાધિ વેદતાં છતાં તેમાં લેપાયમાન ન થવાય એમ આત્મજ્ઞાનથી વિચારવું. એકાન્તમાં દરરોજ કલાક બે કલાક નિવૃત્તિથી વિચારતાં આત્મ માર્ગ અનુભવાશે.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

લેખક. બુદ્ધિસાગર મુકામ વિજાપુર.

સં. ૧૯૭૮ માઘ વદિ ૧૩.

શ્રી અમદાવાદ તત્ર. સુશ્રાવક શા. મોહનલાલ અમથાલાલ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર પહોંચ્યો. મ્હને દેવના જેવી ઉપમા આપવી તે મ્હને યોગ્ય નથી અને તમને એવું લખવું યોગ્ય નથી. હું તો સંઘનો ચરણસમાન સેવક છું. વસ્તુત: આચાર્ય વા સાધુ પણ નથી. વ્યવહારથી આચાર્ય સાધુ તરીકે ગણાઉ પણ હું તેથી મોહી ન બનું. વ્યવહારનો લોપ ન કરૂં તેમજ નિશ્ચયગુણ અંશે અંશે પ્રગટે તેથી અહંવૃત્તિપણું ન કરૂં. આચાર્યાદિકના ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમી છું. વ્યવહારથી ચારિત્રનો સાધક ગણાઉં અને ક્ષયોપશમ ચારિત્રમાં દોષાદિક લાગે તેને વારૂં. પ્રતિક્રમણ કરૂં. ગુણના લેશનો અહંભાવ ન આવે તે માટે લઘુતા ભાવુંછું. સંજ્વલન કષાય પરિણતિને ઉપજતી વારવા અભ્યાસી છું. હું જ્ઞાની ધ્યાની સમાધિવંત તરીકેનો અભિમાન ન કરૂં. વ્યવહારમાં પાડેલું મારૂ નામ અને રૂપ, આકૃતિ તેમાં અહંમમતાથી ન મુંઝાઉં, તે માટે તીવ્ર અભ્યાસી છું. સાધક છું પણ સિદ્ધ નથી. બાધક ભાવ ટાળવા ઉપયોગ ધરૂં છું. વ્યવહાર ધર્મ લોપાય એવો ઉપદેશ અને એવી પ્રવૃત્તિને કદિ સેવવા પ્રયત્ન ન કરૂં, એવા નિશ્ચયથી પ્રવર્તું છું. જૈનધર્મનો પૂર્ણ શ્રદ્ધાવાન્ છું અને અન્યધર્મ શાસ્ત્રોમાં રહેલા અંશે અંશે સત્યનો સાપેક્ષદૃષ્ટિએ ગ્રાહક પ્રેક્ષક છું. આત્માના સ્યાદ્વાદ અનંત ગુણ પર્યાયોમાં રમવા પ્રયત્નશીલ છું. મતમતાંતર એકાંતમાન્યતાને માનું નહિ અને તેવો મત ઉત્પન્ન થાય એવો ઉપદેશ પણ ન આપું. ગૃહસ્થોને ગૃહસ્થ યોગ્ય જૈનધર્મનો ઉપદેશ આપું છું અને ત્યાગીઓને ત્યાગીઓ યોગ્ય જૈનધર્મનો ઉપદેશ આપું છું. ખંડન શૈલી અને મંડનશૈલી પૈકી બન્નેમાંથી ગમે તેનો સાપેક્ષદૃષ્ટિએ ઉપયોગ કરૂં છું. ગવાવા પૂજાવાની અંશ માત્ર ઇચ્છા વિના વ્યવહારમાં વ્યવ-

હારધર્મમાં વ્યવહારથી વર્તું છું અને નિશ્ચયધર્મમાં નિશ્ચય દૃષ્ટિથી વર્તું છું તેમ છતાં કંઈ દોષ પ્રકટે છે તો તેને દોષ તરીકે જાણીને તેને નિંદી ગર્હી પ્રતિક્રમણ કરી આત્મશુદ્ધિ કરવા પ્રયત્ન કરૂં છું. મોહનો વિશ્વાસ રાખતો નથી. મારા આત્મામાં જે જે કાલે ક્ષેત્રે જેવી જેવી ભાવના પરિણતિ પ્રગટે છે તેને કોઈ વખતે કાવ્યમાં વા ગદ્યમાં લખું છું. ભવ્ય લોકોના હિતાર્થે વ્યાખ્યાન વાચું છું અને ગ્રન્થો પણ લખું છું. અન્ય જ્ઞાનીઓ જે કંઇ લખે છે વા ઉપદેશે છે તેની અનુમોદના કરૂં છું. સાપેક્ષ દૃષ્ટિથી મારાં પુસ્તકો સર્વ વાંચવામાં આવે તો તે જૈનશાસ્ત્રોના અને આત્મજ્ઞાનના દોહનરૂપ જણાશે. પંડિતાઈનો મ્હને અહંભાવ થતો નથી. બે ત્રણ વર્ષથી પ્રભુ મહાવીર દેવનું નામ ઘણું સ્મરણ કરૂં છું અને તેથી પ્રભુના ગુણોનું વારંવાર સ્મરણ થાય છે. કામાદિ વાસનાઓને જીતવા માટે પ્રભુ મહાવીર દેવનું ધ્યાન ધરૂં છું. તેમનો અંતરૂમાં સર્વ કાર્ય કરતાં નામ મંત્ર સ્મરૂં છું અને તેમજ આત્મદૃષ્ટિના ઉપયોગે આત્મા તેજ મહાવીર છે, એવું ધ્યાન ધરૂં છું અને એવા ઉપયોગમાં વારંવાર રહેવા ઉપયોગ રાખું છું. જૈનસંઘની શક્તિયો વધે એવા સર્વ વ્યવહારને માનું છું અને જેટલું બને છે તેટલું કરૂં છું. પણ કરતી વખતે કર્તાપણાની અહંવૃત્તિ પ્રાયઃ રહેતી નથી. ત્યાગી એવા સાધુઓનો અને સાધ્વીઓનો હું લઘુ સેવક છું. મ્હને જે રૂચે સત્યું લાગે તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરૂં છું પણ અન્ય સાધુઓ અને સાધ્વીઓ તેઓની દૃષ્ટિ પ્રમાણે વર્તે તેમાં ડખલ કરવાની બુદ્ધિ થતી નથી, છતાં કોઈને અવળું ભાસે તો મારી શુદ્ધ બુદ્ધિથી હું નિર્દોષ છું. હું સાધુપણાનો અભિમાન કરતો નથી. વ્યવહારથી ચતુર્વિધ સંઘનો અણુ સેવક તરીકે માની સંઘની સેવાભક્તિ કરવામાં નિષ્કામભાવે પ્રવર્તુ છું. અન્ય ભક્તો તથા શિષ્યો જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ મ્હને ગમે તેવા ઉચ્ચ પ્રભુ જેવા વિશેષણોથી માને તેમાં હું કદિ સમ્મત થાઉં નહીં અને

તેઓની ભૂલ ગણીને તેઓને સત્ય સમજાવું અને જૈનધર્મના શાસ્ત્રો પ્રમાણે વર્તાવું એવો મારો, ધર્મવ્યવહાર દૃષ્ટિએ દૃઢ નિશ્ચય છે. સત્તાએ આત્માને પરમાત્મા ગણું ધ્યાવું, લખું એ સર્વશુદ્ધ દ્રવ્યાર્થિક નયદૃષ્ટિથી આત્માની વ્યક્ત પરમાત્મદશા પ્રકટાવવા કરૂં છું અને તેના ઉભરાઓ આવે ત્યારે તે દૃષ્ટિથી ગાઉં લખું પણ તેથી વ્યવહારથી પરમાત્મપણું મારામાં પ્રગટેલું નથી એમ માનું છું. વ્યવહારથી ત્યાગીના વેષે છું અને કથં-ચિત્ આત્માના ગુણો પ્રકટાવવા વ્યવહાર ચારિત્રને કંઇ કંઇ અંશે સાધું છું અને શ્વેતાંબર તપાગચ્છ પરંપરા પ્રમાણે સાધન સાપેક્ષ દૃષ્ટિએ યત્કિંચિત્ વર્તું છું. આત્મજ્ઞાન પર મ્હને ઘણી પ્રીતિ છે. એ અંતરમાં નિશ્ચય દૃષ્ટિ ધારણ કરૂં છું અને વ્યવહારમાં યથાશક્તિ ભૂલો ચૂકો સુધારતો આચાર પાળતો વિચરૂં છું. વ્યવહારનય લોપથી જૈનધર્મનો લોપ થાય છે માટે વ્યવહાર ધર્મનો લોપ ન કરવો. મારા લખવા પ્રમાણે સમજી તમે ગૃહસ્થાવાસમાં ગૃહસ્થધર્મ પ્રમાણે વર્તશો અને દેવગુરૂ ધર્મની શ્રદ્ધા સાચી રાખશો. અંતરમાં ત્યાગી થવાની પૂર્ણ રૂચિ ધારશો અને ઉદ્યમ કરશો કે જેથી આ ભવમાં અને છેવટે અન્ય-ભવમાં પણ ચારિત્રની પ્રાપ્તિ થાય. ચારિત્રથી મુક્તિ છે માટે બ્રહ્મચારી રહેવાનો નિશ્ચય કર્યો અને સંસારીપણામાં માતા પિતાને સમજાવીને ધર્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં પુરૂષાર્થ કર્યો. આજોલ ગામમાં બે વર્ષ રહી મેસાણા ગમન કરી, મહાપંડિતરાજારામ શાસ્ત્રી પાસે ન્યાય વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. ષડ્દર્શનનાં ઘણાં ખરાં પુસ્તકો વાંચ્યાં અને સાર ગ્રહણ કર્યો અને તેથી જૈનધર્મપર પૂર્ણ શ્રદ્ધા પ્રગટી, તથા બેત્રણ ગચ્છના ઘણા સાધુઓના સમાગમમાં આવ્યો. ગૃહસ્થ દશામાં જ્ઞાન વૈરા-ગ્યથી પકવ થયો અને પછી માતાપિતા મૃત્યુ પામ્યા બાદ સદ્ગુરૂ પાસે ચારિત્રની દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે પ્રતિદિન આત્મજ્ઞાન વૈરાગ્ય ધ્યાન સમાધિ ચારિત્રમાં વિશેષતઃ અનુભવ

વધવા લાગ્યો અને હજી વધશે. આત્માનંદની ઝાંખી થવાથી છેવટે અન્ય જન્મમાં પરમાત્મપદની પ્રાપ્તિ થશે એમ અનુભવ આવે છે. આત્મજ્ઞાન ધ્યાન સમાધિમાં મ્હને વિશેષ રસ પડે છે. મોહનલાલ !!! તમને રૂચે તો અમારા માર્ગમાં આવો. મ્હને લોકાદિવાસનાઓ નડતી નથી એમ કહું તો અતિશયોક્તિ નથી. કોઈ નામરૂપથી નિંદે તેમાં હવે અરૂચિ ખેદ રહેતો નથી. નામરૂપાધ્યાસ ઘણોજ ક્ષીણ થયો હોય એમ આત્મોપયોગકાલે જણાય છે છતાં પણ સાધકભાવથી અભ્યાસી છું અને તેથી અન્તરાત્મભાવે રહેવા વારંવાર આત્મોપયોગ રાખું છું. આનંદમાં રહું છું. રોગાદિકથી મ્હને અંતરૂમાં અશાતા ઘણીજ અલ્પ વેદાય છે અને આત્મોપયોગ વર્તે છે, ગુરૂકૃપાએ આત્મા આગળને આગળ વધો એજ ઇચ્છું છું. હવે શરીર રહે વા છૂટે તેમાં હર્ષ શોક પ્રાય: અત્યંત અલ્પ હોય વા આત્મોપયોગકાલે બિલકુલ રહેતો નથી એમ અનુભવાય છે. મ્હારે દુનિયાની આગળ મારી દશા જણાવવી શા માટે જોઇએ ? આ તો પ્રસંગે લખાય છે. તેથી હવે તું જાગીને ધર્મ કરે તો ત્હારૂં કલ્યાણ થાય. ત્હને શિષ્ય કરવાનો (સાધુ) કરવાનો મોહ નથી પણ આ તો ઉપદેશ પ્રવૃત્તિ છે તે પરમાર્થ ભાવથી થાય છે. ત્હેં પાસે રહી સેવા કરી છે તેથી મ્હારે ત્હને જાગ્રત્ કરવો જોઇએ. મનુષ્યભવ વારંવાર મળનાર નથી. ધર્મની સામગ્રી પામીને હારી ન જા. ચેત! ચેત! કાળ ઝપાટા દેત. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ધર્માભ્યાસ પ્રભુપૂજા, સાધુભક્તિ, આદિ ધર્મકૃત્યોમાં અપ્રમત્તભાવે પ્રવર્તજે.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

લે. બુદ્ધિસાગર. મુ. વિજાપુર.

સંવત ૧૯૭૨ ચૈતર વદિ ૯.

ક્ષાત્રરાજ્ય વ્યવસ્થાકર્મગુણવિશિષ્ટ આર્યદેશપુનરૂજ્જીવનતા સંવાહક એવા કર્મયોગના જિજ્ઞાસુ, ગાયકવાડી રાજ્ય કડી પ્રાન્તના સુબા સાહેબ શ્રીયુત સંપતરાવ ગાયકવાડ યોગ્ય અનેક ગુણગણ રૂપ ધર્મલાભાશી:

વિશેષ તમોએ ભારત જનવર્ગ કલ્યાણાર્થે જે જે ભાષણો કરેલાં તેની નકલો પરીક્ષાવા મોકલાવી તે વાંચી ભાવાર્થ જાણ્યો છે. પીલવાઇમાં લાયબ્રેરીના ખાતમુહૂર્ત પ્રસંગે અને કરજણમાં લાયબ્રેરી પ્રસંગે આપેલું ભાષણ અત્યંત ઉપયોગી છે. કુર્મ ક્ષત્રિય કોન્ફરન્સના પ્રમુખ તરીકે આપેલું ભાષણ ખરેખર વ્યાવહારિક પ્રગતિકારક સ્થિર વિચારોથી ભરપૂર છે, મનનીય છે. તમારા હૃદય ઝરણમાંથી દૈશિક પ્રગતિનો બાગ ખીલી ઉઠે એવી આશા અવબોધાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણની પ્રગતિની સાથે સાર્વજનિક પ્રગતિ અને રાષ્ટ્રીય પ્રગતિ થઇ શકે છે. વર્તમાનમાં જે જે વર્ણમાં જે જે પ્રગતિ કારકતત્ત્વોની ન્યૂનતા ક્ષીણતા થયેલી હોય તેને સુધારવાની જરૂર છે, અને પ્રત્યેક વર્ણના ગુણકર્મને ભવિષ્યમાં પુનરૂજ્જીવન મળે એવી દૃષ્ટિએ વર્તમાનમાં સ્વયોગ્ય કાર્ય પ્રવૃત્તિની ફરજ અદા કરવાની જરૂર છે. સ્વશુભ વિચારોની સાથે પરમાત્માનો અત્યંત નિકટ સંબંધ છે. અતએવ સ્વકાર્ય પ્રવૃત્તિ ફરજના શુભ વિચારોમાં અત્યંત શ્રદ્ધા ધારણ કરીને ક્ષણે ક્ષણે પ્રગતિપંથમાં વિહરવું જોઇએ. સ્વ શુભ વિચારો અને શુભ પ્રવૃત્તિના ગર્ભમાં પરમાત્માનું તેજ રહેલું છે એમ પૂર્ણ શ્રદ્ધા ધારણ કરીને તમારા જેવા ક્ષાત્રકર્મવીરો અનેક વિપત્તિ દુઃખો સહી પ્રગતિપથમાં આત્મભોગી બની ધારે તો વિચરી શકે, તેથી હું અત્યંત ખુશ થાઉં અને ઇચ્છું છું કે ધર્મનાં વ્યાવહારિકતત્ત્વો અને નૈશ્ચયિક

તત્ત્વો કે જે વાસ્તવિક સનાતન પ્રગતિકારક છે, છે તેમાં તમારી પૂર્ણ નિષ્ઠા થાઓ અને તેનું બળ પ્રાપ્ત થાઓ.

ધર્મના બળ વિનાનું એકલું વ્યાવહારિક પ્રગતિ બળ, વિશ્વમાં એક પતંગીયાના કાશ કરતાં વિશેષ પ્રકાશક અને ચિરંસ્થાયી હોઇ શકતું નથી. અતએવ વ્યાવહારિક સર્વ શુભકર્મ પ્રવૃત્તિ પ્રગતિની સાથે ધાર્મિક બળ સાહાય્યની અપેક્ષા જેમ સર્વજનો સ્વીકારે એવી દેશમાં વ્યવસ્થા કરવી જોઇએ. ધર્મ બળથી પરમાત્માની અણુધારી સાહાય્ય મળે છે. અત એવ પરમાત્માપર વિશ્વાસ રાખી પ્રત્યેક પ્રગતિકારક યોજનાને અવલંબવી જોઇએ. ધાર્મિક પ્રગતિ સાથે વ્યાવહારિક પ્રગતિકારક સાધુઓ પ્રગટે એવી વ્યવસ્થા યદિ થાય તો અલ્પવર્ષમાં નવ પ્રગતિયુગને અવલોકવા સમર્થ થઈ શકાય. હિંદુઓમાં સ્વામી વિવેકાનંદ અને રામતીર્થ જેવા સાધુઓ પ્રગટે તો ભારતની પ્રગ કારક પુનરૂજ્જીવન ત્વરિત સંપ્રાપ્ત થઇ શકે. રાજ્ય તરફથી મહેસાણા, પાટણ અને વડોદરા જેવા સ્થળોએ પ્રત્યેક ધર્મના સાધુઓ ભાષાજ્ઞાન, તત્ત્વજ્ઞાન આદિ અનેક પ્રકારની કેળવણી લઈ શકે એવી સાધુ પાઠશાળાઓ સ્થાપવી જોઇએ, અને તેમાંથી પાસ થઇ પસાર થનાર સાધુઓને ઉપદેશાદિ પ્રગતિકારક ઉપાયોમાં પ્રવર્તતાં સહાય સમર્પવો જોઇએ. સાધુ મહારાજાઓ, ધર્મોદ્ધારક પ્રગતિ સાથે દેશોદ્ધારક પ્રગતિ પ્રવૃત્તિઓમાં સારી સાહાય્ય આપી શકે છે. એમ ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકતાં આર્યદેશમાં અનેક દૃષ્ટાન્તો અવલોકી શકાયછે. **આપણી પાસે જે કંઈ છે તે સર્વના માટે છે.** આવી આત્મભોગી કર્મયોગીની દશા પ્રાપ્ત થયા વિના જગત્કલ્યાણાર્થે સત્ય આત્મભોગ અર્પી શકાતો નથી. સ્વાર્પણના ગર્ભમાં સત્ય, ત્યાગ અને દાન રહેલ છે. વિશ્વકલ્યાણાર્થે સ્વાર્પણત્વ સેવતાં વિશ્વમાં સર્વોચ્ચપદ પ્રાપ્ત કરી શકાયછે. પ્રગતિમાર્ગમાં પ્રવર્તતાં નિર્ભયતા અને સહિષ્ણુતા ગુણ પ્રાપ્ત કરવાની જરૂર છે. નિર્ભયતાને સહિષ્ણુતા એ બે ગુણો ખરેખર પરમાત્મતા પ્રાપ્ત

કરાવનાર છે. માટે એ ગુણોનું અવલંબન કરવું જોઇએ. આત્માની માનસિક શકિતયો, વાચિક શક્તિયો, અને કાયિક શક્તિયોની પ્રવૃત્તિ થાય એવા ઉપાયોનું શિક્ષણ આપવું જોઇએ. માનસિક વિચાર શકિતયોની ખીલવણીનો આધાર ઉત્તમગુરૂઓ ઉપર રહેલો છે. ઉત્તમગુરૂઓ પ્રગટયા વિના વિશ્વની પ્રગતિ થઈ શકતી નથી. સર્વત્ર પ્રત્યેક ઘર ખરેખર ગુરૂકુળની ગરજ સારે એવી રીતની કેળવણીનો પ્રચાર કરવો જોઇએ. ત્યાગી જ્ઞાની નિસ્પૃહ કર્મયોગી ગુરૂઓ પ્રગટયા વિના વાસ્તવિક પ્રગતિ થઇ શકવાની નથી. અત એવ એવા ગુરૂઓ પ્રગટાવવાની વ્યવસ્થાઓને હસ્તમાં ધારણ કરી કંઈક એ દિશાની પ્રવૃત્તિ કરવી જોઇએ. શરીરના પ્રત્યેક અંગની આરોગ્યતાની જેટલી આવશ્યકતાની જરૂર છે તેટલીજ ધાર્મિક સમાજ, વ્યાવહારિક સમાજ, સંઘ, રાષ્ટ્ર સામ્રાજ્ય અને બ્રાહ્મણાદિકના ગુણકર્મોના પ્રગતિકારક અંગોની પુષ્ટિની જરૂર છે. અનેક પ્રકારના તાપરૂપ તપને તપ્યા વિના સર્વ પ્રગતિકારક ધર્મનો પ્રકાશ થઈ શકતો નથી. તીર્થંકરો, મહાત્માઓ, ઋષિયો અને પયગમ્બરોનો મૂળ ઉદ્દેશ એ હતો કે આ જગત્માંથી દુઃખોનો નાશ કરવો અને જીવોને સુખી કરવા. સર્વ જીવોને સુખી કરવાની સત્ય ફરજ અદા કરવા માટે જે કંઇ મળ્યું છે' તેનો ઉપયોગ કરવો જોઇએ. દેશ પ્રેમ, ધર્મપ્રેમ, ગુરૂપ્રેમ, કુટુંબ પ્રેમને ઉચ્ચાશયોથી અને સાધ્ય દૃષ્ટિથી ખીલવી વિશ્વ પોતાના આત્મ સમાન થઈ રહે એવી ઉદાર દૃષ્ટિને ખીલવવી જોઈએ. આપણે જેમ જેમ એવી ઉચ્ચ શુભ ઉદાર ભાવનાને સેવવા પ્રયત્ન કરીએ છીએ તેમ તેમ આપણે પરમાત્માના પ્રકાશનો હૃદયમાં વધુને વધુ પ્રકાશ પ્રાપ્ત કરવા સમર્થ થઇએ છીએ. એમ નિશ્ચયતઃ અવબોધવું. પરમાત્માને હૃદયમાં ધારણ કરી પરમાત્માનો પ્રકાશ ગ્રહીને આપણે વિશ્વ જીવોનું લેણું કે જે અનેક અવતારોમાં ગ્રહ્યું છે તેને સેવા કરીને પાછું વાળવું જોઇએ. જગતની સેવા એ સ્વાત્માની સેવા છે. જગત્ના જીવોની સેવા કરતાં આપણે આત્માની પરમાત્મતા પ્રકાશીએ છીએ. જગત્માં રહેલા સર્વ

જીવોને આત્મવત્ માની જગત્‌ની સેવા જે કરે છે, તે મહાત્મા છે, તેના શરીરના સર્વ અણુઓ પવિત્ર છે. જગત્‌માં તેનું જીવવું સફળ છે. વસ્તુતઃ તેવા મનુષ્ય, જીવતો જાગતો દેવસમાન છે. બાકીના જીવો બાહ્ય પ્રાણ શ્વાસોચ્છ્વાસ માત્રથી જીવતા છે, અને વસ્તુત ઉંઘતા છે. તમારા જેવા બાહ્ય રાજ્ય વ્યવસ્થાપ્રચારક કર્મયોગ જિજ્ઞાસુને ક્ષાત્ર ગુણકર્મમાં વિશેષતઃ ઉત્સાહયુક્ત પ્રવૃત્તિ બળ વધવાની સાથે ધાર્મિક નિર્લેપદશા પ્રાપ્ત થાઓ, અને સર્વશુભ પ્રવૃત્તિમાં તમારા અધિકાર પ્રમાણે ધર્મ્યપ્રગતિ યુક્તજીવનથી શોભો એવું ઇચ્છું છું.

ૐ શાન્તિઃ ॥

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાદરા.

સંવત ૧૯૭૨ ના ચૈતર વદિ ૧૨.

શ્રી અમદાવાદ, તત્ર પરોપકાર સેવાદિ ગુણાલંકૃત પરમાર્થ જીવનવાહક શ્રીયુત બૅરિસ્ટર જીવનલાલભાઇ. યોગ્ય ધર્મ લાભ. વિ. વકીલ ફતેચંદ રામચંદ દ્વારા તમોએ મોકલેલી મુદ્રિત યોજનાઓ વાંચી છે. બાળકોને હુન્નર કેળવણી આદિથી કેળવવા માટે માણસા મુકામે જે વાર્તાલાપ થયો હતો તેને તમે આચારમાં મૂકવા ભાગ્યવંત થયા છો' તે અત્યંત સંતોષકારક બીના છે. તમારી એવી શુભ પરમાર્થ વૃત્તિથી કોટીશઃ ધન્યવાદને પાત્ર તમે બન્યા છો. તમારૂં શુભ સેવા જીવન પ્રતિદિન વૃદ્ધિ પામે છે તે વૃદ્ધિ પામ્યા કરો અને તમારા શુભ વિચારોના અને શુભાચારોના માર્ગો નિષ્કંટક નિર્વિઘ્નો બનો!! એમ અંતઃકરણથી ઇચ્છું છું. પરમાર્થ પ્રવૃત્તિથી આત્મજીવન જેઓનુ વહે છે તે આ વિશ્વના માનવરૂપ દેવો છે. પરમાર્થજીવનધારકને પ્રભુની પ્રાપ્તિ થાય છે. વિશ્વની શુભ વિચારો અને શુભાચારોવડે જે સેવા

કરવી તે પ્રભુની સેવા જ છે. સ્વાત્મા સમાન વિશ્વ અવબોધાયા પશ્ચાત્ ઉદાર ભાવનાના ઉચ્ચ શિખરે આત્મા આરોહે છે, અને તે સર્વમાટે સર્વ સ્વાર્પણ કરવામાં નિર્ભય અખેદી અને અદ્વેષી બને છે. વિશ્વજીવોની શુભ સેવા કરવી એ સ્વફરજ છે, એમ દૃઢ નિશ્ચય થયા બાદ સ્વાર્થી કામનાઓને નષ્ટ કરી શકાય છે, અને ભય ખેદ અને દ્વેષ વિના સમભાવે પ્રવૃત્તિ કરી શકાય છે. તમારા જેવા સાંસારિક કર્મવીરોની ભાવીમાં અધ્યાત્મકક્ષા ઉચ્ચ અને પકવ થાય એમાં કિઞ્ચિત્ સંશય નથી. શુભ સેવા કર્મ કરવાથી શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને ઉચ્ચગુણ સ્થાનકોમાં આરોહ્યા પશ્ચાત્ પુનઃ પતન થતું નથી. સેવધર્મી જે જે ગુણો પ્રાપ્ત કરે છે, તેથી તે પતિત થતો નથી. વર્તમાનમાં તમે જે દૃષ્ટિએ વિશ્વજનોની સેવાકરોછો, તેમાં સ્વપર વ્યાવહારિક પ્રગતિતત્ત્વનું વાસ્તવિક રહસ્ય સમાયું છે. એમ મારૂં મન્તવ્ય છે. આર્યોનો પુનરૂદ્ધાર અને પુનરૂજ્જીવન એ કર્મયોગિની દૃષ્ટિએ થઇ શકે તેમ છે. તેવા કાર્યમાં આત્મભોગ તમે આપો છો તેથી તમને ધન્યવાદ ઘટે છે.

ॐ शान्तिः ३

---

આલંબન તથા નિરાલંબન સં. ૧૯૭૧ ચૈત્ર સુદિ ૧ મંગળવાર.

ધ્યાન સં. ૧૯૭૧ ની સાલની ડાયરીમાંથી ઉતારો.

હાલમાં જૈનપત્ર અને જૈનશાસનમાં નિરાલંબન ધ્યાન સંબંધી ચર્ચા થતી વાંચવામાં આવે છે. પન્યાસ દાનવિજયજી જણાવે છે કે આ કાલમાં નિરાલંબન ધ્યાન નથી. ત્યારે અન્ય કોઈ ગુપ્ત નામે શ્રાવક જણાવે છે કે આ કાલમાં નિરાલંબન

ધ્યાન છે. આ બન્ને યદિ નિરાલંબન ધ્યાનનું લક્ષણ વિચારે તો ચર્ચા પ્રસંગ ન રહે. હેમચન્દ્ર આચાર્ય વિગેરેએ ધ્યાનના મનોરથ કરેલા છે પણ કેવા ધ્યાનના તે સ્વરચિત શ્લોકોમાં ભાવના પ્રસંગે જણાવ્યું નથી. શ્રી હેમચંદ્રાચાર્યે વનમાં ગમન કરીને ધ્યાન ધરવાનો મનોરથ કર્યો છે તેથી એમ નથી સિદ્ધ થતું કે આ કાલમાં પદસ્થ-પિંડસ્થ-રૂપસ્થ ધ્યાન ન ધ્યાવી શકાય. આ કાલમાં પદસ્થ 'પિંડસ્થ' રૂપસ્થધ્યાન ધ્યાવી શકાય છે. સ્વશક્તિ પ્રમાણે એ ત્રણ પ્રકારનાં ધ્યાન ધ્યાવી શકાય છે. એવો સ્વાનુભવ છે. આત્માના શુદ્ધ ગુણ પર્યાયનું પણ શ્રુતજ્ઞાનાલંબને ધ્યાન ધરી શકાય છે. આ કાલમાં શુકલ ધ્યાનની કંઈક ઝાંખીનો અનુભવ સાતમા ગુણસ્થાનકમાં અપ્રમત્ત યોગીને આવે છે. શુકલ ધ્યાનને નિરાલંબન ધ્યાન કથવામાં આવે તો તે ધ્યાન તો આ કાલમાં છે નહિં, તેની કાંઈ ઝાંખી સાતમા ગુણ સ્થાનકમાં પ્રગટે છે. આત્માના અરૂપી, જ્ઞાનાદિક ગુણોને રૂપાતીત ધ્યાન, અને એને નિરાલંબન ધ્યાન કથવામાં આવે તો તેમાં ઘણા વિરોધો આવે છે. મતિ અને શ્રુતિજ્ઞાનવડે રૂપાતીત જ્ઞાન દર્શન ચારિત્રાદિક ગુણોનું ચિંતવન મનન કરી શકાય છે. આત્માના અરૂપી શુદ્ધ જ્ઞાનાદિક ગુણોનું સ્મરણ, મનન, ચિંતવન તે ધ્યાન છે, અને એવું જે આત્માના અરૂપી ગુણોનું ચિંતવન રૂપ ધ્યાન તેનો વિચ્છેદ થયો છે એમ જો કોઇ કહે તો આત્માના ગુણ પર્યાયનું ઉપદેશદ્વારા અને આગમદ્વારા વિવેચન કરી શકાય નહિ, પણ આગમોના આધારે ઉપદેશાદિવડે તેનું સ્વરૂપ કથી શકાય છે અને ચિંતવી શકાય છે. અતએવ તેનું સર્વવિદ્વાનો દ્વારા વિવેચન કરી શકાય છે. આગમોના આધારે ઉપદેશાદિ વડે તેનું સ્વરૂપ કથી શકાય છે અને ચિંતવી શકાય છે. અતએવ તેનો સર્વ વિદ્વાનો દ્વારા થતો અનુભવ તે કોઈ રીતે નિષેધ કરી શકાય નહિ. શ્રુતજ્ઞાનબળે રૂપી અને અરૂપી એવા બે પદાર્થોનું ચિંતવનરૂપ ધ્યાન ધરી શકાય છે. શ્રુતજ્ઞાનના વિષય ગોચર રૂપી અને અરૂપી બે પદાર્થો છે. શ્રતજ્ઞાનના બળે આ-

ત્માના અરૂપી ગુણોને શ્રુતજ્ઞાનમાં ગોચર કરી શકાય છે, અને શ્રુતજ્ઞાન બળે આત્માના અરૂપી ગુણોનું જે ચિંતવન કરવું તેને જો નિરાલંબન ધ્યાન કહેવાય તો તેવું આત્મગુણ પર્યાય મનન ચિંતવન રૂપ અરૂપ ધ્યાન તો આ કાલમાં સંભવે છે, તેથી તેનો નિષેધ કરી શકાય નહિ. સાલંબન ધ્યાનનો અને નિરાલંબન ધ્યાનનો ઉપર કથેલા વિચારોથી ભિન્ન એવો અર્થ કરીને નિરાલંબન ધ્યાનનો કોઈ આચાર્યે નિષેધ કર્યો હશે. કોઈ પૂર્વાચાર્યો શુકલ ધ્યાનને નિરાલંબન કથી તેનો નિષેધ કર્યો હોય તો અમુકાપેક્ષાએ તે સંઘટી શકે. દેવગુરૂ–ઉપાશ્રયાદિ બાહ્યાલંબનો જેમાં નથી અને જે ધ્યાન ફક્ત કોઇપણ નૈમિત્તિક આલંબન વિના થાય, એવા ધ્યાનને નિરાલંબન ધ્યાન કહેવામાં આવે તો એવું ધ્યાન અધુના અને પૂર્વકાલમાં પણ સંભવે નહિ? કારણ કે શુકલ ધ્યાનીઓને પણ મનનું આલંબન લેવું પડે છે. શુકલ ધ્યાનીઓને એવું શ્રુત જ્ઞાન-મન-દેહ અને સંઘયણ અને સ્થાન વગેરેનું આલંબન ઘટે છે તો આ કાલમાં આત્માના ગુણપર્યાયનું ચિંતવનરૂપ ધ્યાન ધરતાં એકાંત વન વગેરેનો નિર્જન શાંત પ્રદેશ, શ્રુતજ્ઞાન મન-આહાર'ગુફા'ઉપાશ્રય'વસ્ત્રપાત્ર અને શરીર આદિ આલંબનોની કેમ જરૂર ન રહે? અલબત્ત-શરીર મન શ્રુતજ્ઞાન-આહાર વસતિ વગેરે આલંબનોની જરૂર રહે છે. વનનો નિર્જન શાંત પ્રદેશ ગુફામાં બેસવું, આહારાદિનું ગ્રહણ કરવું. શ્રુતજ્ઞાન બળે અરૂપી ગુણોનું ચિંતવવું. ઇત્યાદિને જો નિરાલંબન કહેવામા આવે તો આલંબનને નિરાલંબનત્વ કથવું એ અસત્ય ભાષણનો દોષ આવીને ઉભો રહે. અતએવ આ કાલમાં નિરાલંબન ધ્યાન નથી. તેથી પૂર્વમુનિયોએ મનોરથો ચિંતવેલા છે એમ કથીને આત્માના ગુણપર્યાયના ચિંતવનનું ખંડન કરવું એ કોઇ રીતે ઘટી શકે તેમ નથી. શાન્ત પ્રદેશમાં આત્માનાં ગુણોનો વિચાર કરવો ઇત્યાદિને નિરાલંબન ધ્યાન ન હોવા છતાં નિરાલંબન ધ્યાન તરીકે માની તેનું ખંડન કરવું એ કોઇ રીતે સત્યતરીકે સિદ્ધ ઠરતું નથી. શ્રી આનંદઘનજી મહારાજે તથા ચિદાનંદજીએ વનમાં રહી

ગુફામાં બેસી આત્માના ગુણોનું ધ્યાન ધર્યું હતું. શ્રુતજ્ઞાનના બળવડે પરોક્ષભાવે અરૂપી ગુણોનું આ કાલમાં ચિંતવન મનન સ્મરણ રૂપ ધ્યાન ધરી શકાય છે, પરંતુ સર્વથા પ્રકારે આત્માના અરૂપી ગુણોને પ્રાપ્ત કરી અરૂપી ન બની શકાય, એમ ઘટી શકે છે. શ્રી હેમચંદ્રાદિક મુનિવરોએ વનમાં ધ્યાન કરવાના અને સમભાવમાં મસ્ત થવાના મનોરથ કર્યા હતા તેથી એમ નથી સિદ્ધ થતું કે આ કાલમાં વનમાં જઈ એવું આત્મધ્યાન ન ધરી શકાય. હેમચંદ્રાદિકે એવા મનોરથો કર્યા છે ખરા પણ કોઇ પૂર્વ મુનિએ કોઈ ગ્રન્થસ્થલમાં ધ્યાન પ્રસંગે એમ નથી લખ્યું કે આ કાલમાં વનમાં ગુફામાં અથવા એવા કોઈ શાંત સ્થલમાં બેસી આત્માના ચિંતવનરૂપ ધ્યાન ન ધરી શકાય. આ કાલમાં વનમાં બેસી ધ્યાન ન ધરી શકાય એવું શ્રી હેમચંદ્રાદિકના મનોરથોવડે સિદ્ધ થતું નથી. ઉલટું તેનાથી તો વન-ગુફા વગેરેનું આલંબન લહી, શ્રુતજ્ઞાનના આલંબને આ કાલમાં આત્મ ધ્યાન ધરી શકાય છે, એવું સિદ્ધ થાય છે, જે કાલમાં જે વસ્તુનું ધ્યાન ન ધ્યાવી શકાય, એવો જો નિષેધ શ્રી હેમચંદ્રાદિક જાણતા હોત તો તેના મનોરથો ન કરી શકત. આ કાલમાં જેનો નિષેધ થયો હોય છે તેનું તો આ કાલમાં પ્રાપ્ય તરીકે કોઇ મનોરથ કરી શકતું નથી. શ્રી હેમચંદ્રાદિકે જે ધ્યાનના મનોરથો કરેલા છે તેથી એમ સિદ્ધ થાય છે કે આત્મધ્યાન ધરવામાં તેમની ભાવના તીવ્ર વર્તતી હતી પણ જૈન શાસનની સેવા વગેરેમાં તેઓ પ્રવૃત્ત હોવાથી વનમા જઈને તેઓ સદાને માટે ધ્યાન ધરી શક્યા નહોતા. ઉપર્યુક્ત આલંબનોવડે ધ્યાન ધરી શકાય છે, તેવા ધ્યાનને કોઈ નિરાલંબન ધ્યાન કહે તો તે સત્ય માની શકાય નહિ. એકાગ્ર ચિત્તથી આત્માના ગુણો સંબંધી વિચારો કરવા એ ધ્યાનનું લક્ષણ છે. કોઈપણ વસ્તુ સંબંધી એકાગ્રચિત્તથી વિચારો કરવામાં આવે છે ત્યારે તે વસ્તુ સંબંધી વિશેષ જ્ઞાન પ્રગટી શકે છે. આત્મધ્યાન સંબંધી પણ તેવી

રીતે અવબોધવું. આત્માના ગુણ પર્યાય સંબંધી જેમ વિશેષ ઉપયોગ મૂકવામાં આવે છે તેમ આત્માના ગુણ પર્યાય સંબંધી અનુભવ જ્ઞાન વધે છે, અને તેથી આત્મભાવ ચારિત્રની પરિપક્વતામાં વૃદ્ધિ થાય છે. શાસ્ત્રોવડે આત્મતત્ત્વજ્ઞાન કરવામાં આવે તોપણ તેનો અનુભવ તો આત્મધ્યાન ધર્યા વિના થઇ શકતો નથી. આત્માના ગુણ પર્યાયોનું એકાગ્રસ્થિર ચિત્તોપયોગે મનન કરવું એવું જ ધ્યાન તે ખરેખર આ કાલમાં વિદ્યમાન છે અને તે એકાંત સ્થાન-વન-ગુફા આદિ સ્થાને રહી, કરવામાં આવે તો આત્મોન્નતિ થયા વિના રહે નહિ. નિરાલંબન ધ્યાન અને સાલંબન ધ્યાનના લક્ષણો અનુભવ જ્ઞાનદ્વારા નિશ્ચયી ભૂત કર્યા વિના જેઓ સાલંબન ધ્યાનને પણ નિરાલંબન ધ્યાન માની તેનો નિષેધ કરે છે તેઓ સાલંબન ધ્યાનનો ઘાત કરનારા અવબોધવા. વનમાં બેસી ધ્યાન ધરવું, પ્રાણાયામ કરવા, પ્રત્યાહાર ધારણા ધ્યાનની આરાધના કરવી, તે દેહ શાસ્ત્રાહારાદિઆલંબનોના યોગે આલંબન ધ્યાન કહેવાય છે અને તેથી આત્મામાં આત્મતત્ત્વ પ્રતીતિની આનુભાવિક કુંચીઓ સંરક્ષી શકાય છે. આત્માના જ્ઞાનાદિક ગુણોનું, અવલંબન કરવું તે આલંબન યોગો આદેય છે. ધ્યાન દશાની અનેક કારણોએ થએલી અશ્રદ્ધા, અરૂચિ, દ્વેષપ્રયોગે નિરાલંબન ધ્યાનરૂપે કથી તેનો નિષેધ દર્શાવી, લોકોને ધ્યાન માર્ગથી વિમુખ કરવા તે આત્મઘાત મહાપાપ રૂપ છે. નિરાલંબન ધ્યાનનો નિષેધ જણાવતાં પૂર્વે નિરાલંબન ધ્યાનનું લક્ષણ જણાવવું જોઇએ કે જેથી સાલંબન ધ્યાનનું નિરાલંબન ધ્યાનના નામે ખંડન ન થાય. આ કાલમાં જ્ઞાનના આધારે ધ્યાન ધરવાની પ્રવૃત્તિની આવશ્યકતા છે. સિદ્ધાંતોના જ્ઞાન વિના આત્મ તત્ત્વ સંબંધી સૂક્ષ્મ વિચારો થઈ શકતા નથી. આત્માના ગુણ પર્યાયોના મનન, સ્મરણ રૂપ ધ્યાનમાં દીર્ઘકાલ પર્યંત લીન થઈ જવાથી આત્મ સમાધિની સવિકલ્પ અને નિર્વિકલ્પ દશા સંબંધીનો અનુભવ આવે છે. આત્માર્થી મનુષ્યોએ સિદ્ધાંત જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મ તત્ત્વ સંબંધી જેટલી શક્તિ હોય તેટલા

પ્રમાણમાં ધ્યાન ધરવું. આ કાલમાં ધ્યાન ધરતાં ધરતાં ધ્યાનની જેટલી દશા પ્રાપ્ત થવાની હશે તેટલી પ્રાપ્ત થશે. આ કાલમાં જે ધ્યાનદશા નહિ પ્રાપ્ત થવાની હોય, તે આવવાની નથી, અને જે પ્રાપ્ત થવાની છે તે કોઇને પણ પ્રાપ્ત થયા વિના રહેનાર નથી, ત્યારે ધ્યાન સંબંધી ચર્ચા કરીને પક્ષાપક્ષી કરવાની કંઈપણ આવશ્યકતા અવબોધાતી નથી. આત્મધ્યાનમાં આગળ વધી જેટલું અભ્યાસબળે પ્રાપ્ત કરી શકાય તેટલું પ્રાપ્ત કરો. જ્યાં સુધી માર્ગ હશે ત્યાં સુધી દેખાશે, અને જ્યાં સુધી માર્ગમાં જવાનું હશે ત્યાં સુધી જવાશે, પશ્ચાત્ આગળ જવાશે નહિ તો તત્ સંબંધી ચર્ચા કરવાથી શો લાભ ? પ્રવૃત્તિ અને નિવૃત્તિનો નિષેધ વા આદર તે ચર્ચા માત્ર છે અને તેથી સ્વપરને વાસ્તવિક આવશ્યક લાભની પ્રાપ્તિ થઇ શકતી નથી. અપ્રમત્ત ગુણસ્થાનકવર્તી અપ્રમત્ત ધ્યાનની ઝાંખી યદિ પ્રાપ્ત થાય તો આત્મસાક્ષાત્કારનો અનુભવ થાય. બાહ્ય સ્થૂલ શ્રી જિનપ્રતિમાદિ આલંબનોના અધિકારી થઇ તતદ્વારા આત્મ ધ્યાન ધરીને સૂક્ષ્મ આલંબનો દ્વારા આત્મ ધ્યાન ધરવું જોઈએ. આત્મજ્ઞાન પ્રબોધક સૂત્રોદ્વારા શબ્દના આલંબન પૂર્વક અર્થના ઉપયોગમાં સ્થિર થઇ આત્મામાં લીન થઇ આ બાહ્ય જગત્‌ને ભૂલી જવું એ સૂક્ષ્માલંબન વિશિષ્ઠ ધ્યાન અવબોધવું. એકાંત ગુહાદિ શાન્ત પ્રદેશમાં પદ્માસને વા સિદ્ધાસને બેસીને સોહં તત્વમસ્યાદિ શબ્દવાચ્ય ભાવાર્થનો ઉપયોગ ધારણ કરી આત્મતત્ત્વમાં લીન થઈ જઈ સહજાનંદની ઘેનમાં મસ્ત થઈ જવું, એ સૂક્ષ્માલંબન ધ્યાન અવબોધવું. સ્થૂલાવલંબન ધ્યાનના જે અધિકારીઓ છે તે સ્થૂલાવલંબનદ્વારા ધ્યાન ધરી શકે છે, અને જે સૂક્ષ્માવલંબનોવડે આત્મધ્યાન ધરવાના અધિકારી છે તે સૂક્ષ્મ આત્મધ્યાન ધરી શકે છે. સૂક્ષ્માવલંબનોને જે ગ્રહણ કરીને ધ્યાન ધરી શકે છે તેના ધ્યાનને નિરાલંબન ધ્યાન કથી શકાય નહિ. એમ આન્તરાનુભવ દૃષ્ટિએ વિચાર કરી સાલંબન અને નિરાલંબન ધ્યાનનું સ્વરૂપ અવબો-

ધવું, કે જેથી ચર્ચાદિક ક્લેશોનો પ્રસંગ ન રહે અને આત્મ-ધ્યાન ધરવામાં વાસ્તવિક પ્રેમ સાથે સદ્ગુરૂગમ પૂર્વક પ્રવૃત્તિ થાય. આત્મજ્ઞાન પૂર્વક આત્મધ્યાન ધરીને જેઓ આત્મ સમાધિ પ્રાપ્ત કરે છે તેઓ સિદ્ધ સુખની વાનગીનો આ ભવમાં અનુભવ કરી ઉચ્ચ દશા પ્રાપ્ત કરે છે.

ધર્મતત્ત્વોનું ધ્યાન ધર્યા વિના તે તે તત્ત્વોનું આનુભવિક જ્ઞાન થતું નથી, અને આનુભવિક જ્ઞાનના અભાવે પ્રત્યેક જાતીય વિચારોનું સંકુચિતત્ત્વ નષ્ટ થતું નથી. દીર્ઘકાલ પર્યંત તત્ત્વોનું ધ્યાન ધરવાથી જે જે શંકાઓ પૂર્વે થએલી હોય છે તેઓનું સ્વયમેવ સમાધાન થાય છે. ધ્યાનનો વ્યાપક ભાવાર્થ ગ્રહણ કરીને તેનો સ્વીકાર કરવો જોઈએ અને યથામતિએ ધ્યાન ધરવું જોઈએ. પ્રત્યેક બાબતનો તેની ચારે બાજુએ દીર્ઘકાલ પરંપરા વિચાર કરવો, એ એક જાતનું ધ્યાન છે. દીર્ઘકાલ પરંપરાએ, એક બાબતનું ચિંતવન, મનન, સ્મરણ કરવાથી તે બાબતનું વિશેષ પ્રકારે જ્ઞાન થાય છે, અને પશ્ચાત્ તે બાબતનું નિશ્ચય જ્ઞાન થવાથી સ્વતંત્ર વિચારો અને આચારોની વૃદ્ધિ અને ઔદાર્ય પ્રકટ્યા કરે છે. જે મનુષ્યોમાં આત્મતત્ત્વ સંબંધી વા જડતત્ત્વ સંબંધી પરિપૂર્ણ ધ્યાન ધરવાની, શક્તિ નથી તે મનુષ્યો તે તે વસ્તુઓના સૂક્ષ્મ રહસ્યોના જ્ઞાતા થઈ શકતા નથી. કોઈપણ વસ્તુનું દીર્ઘકાલ પર્યંત વિચાર પરંપરાપ્રવાહે ચિંતવન, મનન, કરવું એ એક જાતનું ધ્યાન છે એવું ધ્યાન ધરવાથી પાશ્ચાત્ય વિદ્વાનોએ નવીન શોધો કરી છે, કરે છે અને ભવિષ્યમાં તેઓ કરશે. પ્રત્યેક બાબતનો મત બાંધતાં પૂર્વે પ્રત્યેક બાબતની પ્રવૃત્તિમાં પોતાના વિચારો મૂકતાં પૂર્વે પ્રત્યેક તે તે બાબતનું સૂક્ષ્મ વિચારપરંપરાએ મનન, સ્મરણ કરવું જોઈએ કે પશ્ચાત્ સ્વાતંત્ર્ય વિચાર પ્રવૃત્તિ વા તેના નિષેધમાં પાછળથી પશ્ચાત્તાપ ન થઈ શકે, અને પ્રવૃત્તિ વા નિવૃત્તિમાં આત્મબળ શાંતિ વિગેરે ગુણોમાં સંક્ષોભ ન થઈ શકે. આત્માનું વ્યવહારતઃ અને નિશ્ચયતઃ સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા અને આત્મ પ્રવૃત્તિ માર્ગમાં સાધન સંપન્ન

સ્થિતિથી વિચરવા આત્મદ્વારા પ્રત્યેક બાબતમાં થનારૂં ધ્યાન એ શ્રેષ્ઠોપાય છે. આત્મ પ્રગતિમાં પ્રવૃત્ત થનારાઓએ પ્રત્યેક બાબતનું ધ્યાન ધરવું જોઈએ કે જેથી આત્મકલ્યાણના માર્ગો સ્વ અને વિશ્વ સમાજને માટે ખુલ્લા રહે. વિશ્વમાં જે જે બાબતમાં મનુષ્યો પ્રવૃત્ત થાય છે તેમાં તેઓનું તલ્લીનત્વ હોય છે, તેઓ સ્વકાર્ય સિદ્ધિના વિજય રંગને પ્રાપ્ત કરે છે. આત્મ કલ્યાણનું મૂલ સાધન વસ્તુતઃ જ્ઞાનપૂર્વક ધ્યાન છે. આત્મતત્ત્વ સંબંધી ધ્યાન ધરવાથી આત્માની આધ્યાત્મિક પ્રગતિ થયા કરે છે. જે મનુષ્યો આત્માની વાસ્તવિક બાહ્ય તથા આન્તરિક પ્રગતિ કરવા ઇચ્છે છે તે મનુષ્યોએ આત્માના જ્ઞાનાદિ સદ્‌ગુણોનું ધ્યાન ધરવું જોઇએ. કોઈ બાબતનું ધ્યાન ધરવું એ વાસ્તવિક તે બાબતનો સમ્યગ્ વિચાર કરવા બરાબર છે. સમાધિ સુખ પ્રાપ્ત કરવું એ મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય છે અને તે કર્તવ્યને યદિ અદા ન કરવામાં આવે તો આત્મોન્નતિનો વાસ્તવિક સત્ય માર્ગ ગ્રહણ કર્યો છે એમ કથી શકાય નહિ. સમાધિ સુખને પ્રાપ્ત કરવું એ કદાપિ આત્મધ્યાન વિના બની શકે એમ નથી. આત્મધ્યાનમાં પરિપૂર્ણ લક્ષ્ય રાખીને આત્મધ્યાનનો સ્થિરોપયોગે અભ્યાસ કરવાથી સાલંબન અને નિરાલંબન ધ્યાનની શંકાનું સમાધાન થવા પૂર્વક આત્મોન્નતિના માર્ગમાં વિદ્યુદ્વેગે ગમન કરી શકાય છે, એમ સદ્‌ગુરૂગમથી અવબોધવું, સાંસારિક વા પારમાર્થિક પ્રત્યેક વસ્તુનું સૂક્ષ્મ ચિંતવન મનન કર્યાથી તેમાં સમ્યક્ પ્રવૃત્તિ કરાય છે તો આત્માના શુદ્ધ ગુણપર્યાયનું સમ્યક્ ધ્યાન ધર્યાથી આત્મ સમાધિ સુખ પ્રાપ્તિ માટે સમ્યક્ પ્રવૃત્તિ થાય એમાં શું આશ્ચર્ય ? આલંબન ધ્યાન બલયોગે અનેક પૂર્વસંચિતકર્મની નિર્જરા થાય છે. આ કાલમાં છઠ્ઠું અને સાતમું એ બે ગુણસ્થાનકની વિદ્યમાનતા છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં નીચે પ્રમાણે ધ્યાન છે.

अस्तित्वान्नोकषायाणा, मत्रार्तस्यैव मुख्यता;
आज्ञाद्यालम्बनोपेता, धर्मध्यानस्य गौणता ॥ २८

यावत् प्रमादसंयुक्त, स्तावत् तस्य न तिष्ठति,
धर्मध्याननिरालंब, मित्युचुर्जिनभास्कराः ॥ २९

प्रमाद्यावश्यकत्यागा, न्निश्चलध्यान माश्रयेत्;
योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥ ३०

तस्मादावश्यकैः कुर्यात् , प्राप्तदोषनिकृन्तनम्;
यावन्नाप्नोति सद्ध्यान, मप्रमत्त समाश्रितम् ॥ ३१

નો કષાયની મુખ્યતાથી ષષ્ઠ ગુણુસ્થાનકમાં આર્તધ્યાનની મુખ્યતા છે અને આજ્ઞાદિ આલંબન યુક્ત ધર્મધ્યાનની ગૌણુતા છે, યાવત્ પ્રમાસંયુક્ત ( પ્રમાદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદ ) મુનિ છે. તાવત્ મુનિને આવશ્યકાદિ આલંબન વિનાનું ધર્મધ્યાન સંભવી શકતું નથી. અર્થાત્ છઠ્ઠા ગુણુસ્થાનકમાં પ્રમાદ સંયુક્ત મુનિ હોવાથી તેને આવશ્યકાદિ આલંબનવડે સાલંબન ધ્યાન હોઈ શકે છે, એ પ્રમાણે સર્વજ્ઞ ભાસ્કરો કથે છે. પ્રમાદ સંયુક્ત છતાં પણ જો મુનિ આવશ્યકનો ત્યાગ કરી, નિશ્ચલ ધ્યાનનો આશ્રય કરે તો મિથ્યાત્વ મોહિત થએલ તે જૈનાગમને સમ્યક્ જાણુતો નથી, એમ અવધારવું. આ કહેવાનું તાત્પર્ય એ છે કે ષષ્ઠ ગુણુસ્થાનકમાં પ્રમાદો છે અને તેથી સાધુઓએ પ્રમાદોને પરિહરવા આવશ્યક કર્મો કરવાં જોઇએ અને આજ્ઞાદિ આલંબને ધર્મધ્યાન ધરવું જોઈએ. ષષ્ઠ ગુણુસ્થાનકમાં વર્તનાર સાધુઓએ ધ્યાન ધરવું જોઇએ પણ પણ આવશ્યક ક્રિયારૂપ આલંબનનો ત્યાગ ન કરવો જોઇએ. ષડાવશ્યક ક્રિયા, પ્રતિ લેખનાદિ આલંબન વિનાનું એકલું નિરાલંબન ધર્મધ્યાનતો સાતમા ગુણુસ્થાનકમાં સંભવે છે, માટે ષષ્ઠ ગુણુસ્થાનકવર્તિ સંયતોએ ષડાવશ્યકોવડે ( પ્રાપ્ત દોષોને છેદવા, ટાળવા જોઇએ. ક્યાં સુધી એ પ્રમાણે વર્તવું જોઇએ ? યાવત્

અપ્રમત્ત સમાશ્રિત નિરાલંબન ધર્મધ્યાન ન પ્રાપ્ત કરે તાવત્ એમ અવબોધવું. હવે સપ્તમ ગુણસ્થાનકવર્તિધ્યાનનું સ્વરૂપ કથે છે.

धर्मध्यानं भवत्यत्र, मुख्यवृत्या जिनोदितम् ;
रूपातीततयाशुक्र, मपिस्यादंशमात्रतः

અત્ર સપ્તમ ગુણસ્થાનકમાં મુખ્યવૃત્યા જીનોદિત ધર્મ ધ્યાન હોય છે અને રૂપાતીતપણાએ અંશ માત્રથી શુકલ ધ્યાન હોય છે.

इत्यस्मिन् गुणस्थाने, नो सन्त्यावश्यकानि षट् ;
सन्ततध्यान सद्योगा, च्छुद्धिः स्वाभाविकी यतः

એ આ પ્રમાણે આ સપ્ત ગુણસ્થાનકમાં છ આવશ્યકો નથી તે માટે ગુણસ્થાનકમાં નિરન્તર સદ્ધ્યાન યોગથી સ્વાભાવિકી શુદ્ધિ હોય છે, આવશ્યક પ્રતિલેખનાદિ ક્રિયાઓના આલંબન રહિત સપ્તમ અપ્રમત્ત ગુણસ્થાનક હોય છે તેથી સપ્તમ ગુણસ્થાનકમાં નિરાલંબન ધ્યાન ખરેખર મુખ્યવૃત્યા હોય છે અને અંશ માત્રથી રૂપાતીતપણે શુકલ ધ્યાનની ઝાંખી હોય છે, તેથી વાચકોને સહેજે અવબોધાશે કે સાલંબન અને નિરાલંબન એ બે પ્રકારનાં ધર્મધ્યાન વસ્તુતઃ ષષ્ઠ અને સપ્તમ ગુણસ્થાનકમાં આ કાલમાં વિદ્યમાન હોવાથી છે. સાલંબન અને નિરાબંન એ બે પ્રકારનું ધ્યાન આ કાલમાં પ્રમત્ત અને અપ્રમત્ત મુનિયોના અધિકાર ભેદે હોવાથી અને તે ઉપરાંત નિરાલંબન એવું શુકલ ધ્યાન પણ અંશ માત્ર હોવાથી સાલંબન અને નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ ખરેખર આ કાલમાં મુનિયોને છે એમાં કંઇપણ આશ્ચર્ય નથી. આ કાલમાં સાતમા ગુણસ્થાનક સુધી જવાય છે. નિર્જન પ્રદેશ, શાંતસ્થાન, શ્રુતજ્ઞાનોપયોગ, ઇત્યાદિ ધ્યાન સાનુકુલ સામગ્રીવડે આત્મજ્ઞાની મુનિ નિરાલંબન ધર્મધ્યાન ધ્યાઇ શકે છે. નિરાલંબન શુકલધ્યાનની પૂર્વે આ ધર્મધ્યાનના પેટાગત નિરાલંબન ધ્યાન જાણવું. જે કાલે આવશ્યકોના આલંબનવડે ધર્મધ્યાન ધ્યાવામાં આવે છે તે વખતે સાલંબન ધ્યાન અવબોધવું, અને આવશ્યકોવડે પ્રાપ્ત

દોષોને ટાળી પશ્ચાત્ જે વખતે વિષય કષાયાદિ પ્રમાદ પરિણતિ ટાળી નિરાલંબન ધર્મ ધ્યાનમાં સ્થિર થઇ જવાય છે તે વખતે નિરાલંબન ધર્મધ્યાન અવબોધવું. સાલંબન ધર્મધ્યાન ધ્યાતો થકો મુનિ અપ્રમત્તયોગે નિરાલંબન ધર્મધ્યાન ધ્યાવે છે અને અપ્રમત્તયોગે નિરાલંબન ધર્મધ્યાન ધ્યાતાં છતાં પ્રમાદિ પરિણતિ પ્રગટતાં પુનઃ સાલંબન ધર્મ ધ્યાનમાં સ્થિર થાય છે એમ સાલંબન અને નિરાલંબન ધર્મ ધ્યાનની પરંપરામાં પ્રવૃત્ત થએલ મુનિ આત્માના દ્રવ્યગુણ પર્યાયના શુદ્ધોપયોગમાં સ્થિર થઇ અંશથી શુક્લ ધ્યાન પામી પરમાત્મસુખનો આ ભવમાં અમુકાંશે ભોક્તા બને છે, એ સ્વાનુભવ સિદ્ધ રહસ્ય છે. અપ્રમત્તસપ્તમ ગુણસ્થાનકમાં અંતર્મુહૂર્ત માત્ર રહી આત્મા પાછો છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકની પરિણતિને પ્રાપ્ત કરે છે. છઠ્ઠાથી સાતમા અને સાતમાથી છઠ્ઠે એમ ક્ષયોપશમ જ્ઞાનવિચાર પ્રયોગે અસંખ્ય વાર ગમનાગમન થાય છે. નિરાલંબન ધ્યાનબળે સાતમા ગુણસ્થાનકમાં શુક્લ ધ્યાનનો અંશ અનુભવીને આત્મા સ્વાત્મિક આનંદનો અનુભવ કરે છે, તેથી તે આત્માનંદી બની જીવતાં જીવન્મુક્ત દશાનો પ્રત્યક્ષ અનુભવ કરે છે અને આ કાલમાં પ્રાપ્ત થવા યોગ્ય લબ્ધિ સિદ્ધિયોને પણ પામે છે. શ્રી આનંદઘનજી, ચિદાનંદજી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી ઉપાધ્યાયજી વગેરેને સાતમા અપ્રમત્ત નિરાલંબન શુક્લ ધ્યાનના અંશનો આનંદાનુભવ આવ્યો હતો એમ તેઓનો ઇશારો કે જે પદોરૂપછે તેનાથી માલુમ પડેછે, છતાં એવી દશા સદા ન ટકે અને સાલંબન ધ્યાનથી ભ્રષ્ટ ન થવાય તે માટે શાસ્ત્રઆગમ, સદ્ગુરૂસેવા, સાધુસેવા, જિનપ્રતિમા સ્તુતિ, પૂજા, તથા તેનું આલંબન, વ્રતાદિક આલંબન, સામાયિક, પ્રતિક્રમણ, પ્રતિલેખના, આદિ ધર્માનુષ્ઠાન વ્યવહાર નિમિત્ત આલંબનોનો ત્યાગ ન કરવો. આ કાલમાં સાકાર આલંબન દશા રહિત તો સર્વદા ન થવાય માટે ધ્યાનના અધિકાર પ્રમાણે વર્તવું.

ૐ શાંતિઃ ૩.

મુ૦ સાણંદ.

લે૦ બુદ્ધિસાગર.

સને ૧૯૭૧ અ. વૈશાખ સુદિ ૭ બુધવાર.

છઠ્ઠની રાત્રે એક વાગે ગોધાવીવાળા શા. દેવસિંહ પુરૂષોત્તમનું ભરયુવાસ્થામાં મૃત્યુ થયું. તેણે બાલ્યાવસ્થામાં ધાર્મિક શિક્ષણ અમારી પાસે લીધું હતું. તે અમારો શ્રાવક શિષ્ય હતો, ચૈત્રવદિ ચૌદશથી તે પાંચમ સુધી ઉપદેશ દઇને તેના આત્માને અન્તરૂથી વૈરાગી તથા પૂર્ણશ્રદ્ધાલુ બનાવ્યો હતો. આત્માની અસ્તિતા-અમરતા અને કર્મવાદ સંબંધી બોધ આપી તેને સાક્ષીભાવે દુઃખ વેદવાનો સારી રીતે બોધ આપ્યો હતો તેથી તેના આત્માને આનંદ સંતોષ થયો હતો અને તેના મુખના ચહેરાપર આનંદની છાયા છવાઈ ગએલી હતી. પાંચમના રોજ સવારમાં સાણંદવાળા દેવચંદભાઈ ઠાકરશી તથા તેના મિત્ર દલપત પોપટની સમક્ષ આત્મસ્વરૂપ ભાવમાં રમવાનો અને નિઃસંગભાવથી વર્તવાનો ઉપદેશ આપ્યો હતો તેથી તેનાપર આધ્યાત્મિક વિચારોની ઉંડી અસર થઇ હતી. છેલ્લી વખતે તેના મનપર ગુરૂની જોગવાઇથી ધર્મની સારી છાપ પડી એમ તેના મુખના આનંદમય ચહેરાથી અને તેના હૃદયોદ્ગારથી સમજાતું હતું. તેના પિતાશ્રી શ્રી રવિસાગરજી મહારાજના ભક્ત શ્રદ્ધાવંત શ્રાવક હતા. દેવસિંહનો સ્વભાવ હસમુખો આનંદી હતો તે ધર્મનાં પુસ્તકો વાંચતો હતો, તેનામાં દુઃખ ખમવાના તથા મિત્રતા સાચવવાની શક્તિ ખીલી હતી. સંસારમાં અનેક કાર્યોમાં તેણે સારી રીતે ગંભીરતા સાચવી છે. બાલ્યાવસ્થાથી અમારા સમાગમમાં આવવાથી તેને ઘણું જાણવાનું મળ્યું હતું. જન્મથી ગર્ભ શ્રીમંતનો પુત્ર હોવા છતાં તેણે યુવાવસ્થામાં અનેક દુઃખો સહયાં હતાં, તેથી તે કર્તવ્ય વિવેકી બન્યો હતો. દેવસિંહ પ્રતિ અમારે જે ફર્જ બજાવાની હતી, તે યથાશક્તિ બજાવી છે અને શિષ્યને ઉચ્ચ કોટીપર લાવવા સ્વફર્જમાં અપ્રમત્તતા સેવી છે. દેવસિંહ ! ! ! ત્હારા આત્માની સાથે ક્ષમાપના કરૂં છું. ત્હને પરભવમાં શાંતિ મળો એજ પ્રત્યક્ષમાં તથા પરોક્ષમાં ઇચ્છું છું.

ॐ शान्तिः ३

મુ૦ સાણંદ.
લે૦ બુદ્ધિસાગર. ૧૯૭૧ વૈશાખ વદિ ૧

## મુ. વીરમગામ. સાક્ષર મુનિશ્રી જિનવિજયજી યોગ્ય (પત્ર)

( મંદાક્રાન્તા. )

વાચ્યું વાચ્યું હૃદય ગતનું, જે લખ્યું પત્રમાં તે,
હોશો સાચી પ્રગતિ પથમાં, ભાવના ચિત્તમાં તે;
મિત્રો મિત્રો સકલ કથતા, મિત્રના ભેદ ઝાઝા,
જાણું તેને સુજ સહુ પડે, ઐક્યની હોય માઝા. ૧
મિત્રાઇમાં હૃદય ગતનો, ભેદ ના હોય ક્યારે,
દોષો ઢાંકે ગુણ સહુ કથે, પાપથી તૂર્ણ વારે;
આચારોમાં હૃદયરસની, ભાવનાને વહાવે,
એવા મિત્રો વિરલ જગમાં, મિત્રથી ઐક્ય લાવે. ૨
જેના ચિત્તે હૃદય ગતની, પ્રીતિનો વેગ આવે;
પ્રેમાદ્રૈલે હૃદય રસતાં, ભેદ ના લેશ લાવે,
હું ને તું એ મન વચ થકી, તુંજ તે હું સદાનો;
આત્મા તે સકલ રચના, વૃત્તિમાં તે મઝાનો. ૩
સારૂં ઇચ્છે શુભ મનથકી, યોગ્ય તે સાજ આપે,
ઐક્યે રૂહેવે મન વચથકી, ચિત્તમાં નિત્ય વ્યાપે;
મૈત્રી એવી હૃદય રસની, મિત્રમાં જ્યાં સુહાતી,
ત્યાં છે સ્વરૂની સકલ ઘટના, આત્મશ્રદ્ધા જ થાતી. ૪
નોખા થાવું હળી મળી પછી, મિત્રતા એ ન સાચી,
સ્વાર્થે વૃત્તિ નિશદિન રહે, મિત્રતા એજ કાચી;
કાપંકાપા હૃદયથકી ને, બાહ્યથી પ્રેમ ચાળા,
નક્કી જાણો ચરમ વખતે, મૈત્રીમાં હોય લ્હાળા. ૫
ટુંકી દૃષ્ટિ કપટ વચને, યુક્તિથી મૈત્રી રાખે,
બોલે મીઠું હૃદયવણુ ને, ચિત્તમાં દાવ રાખે;
દેખ્યું એવું બહુ જગવિષે, દેખશું જેહ થાશે,
ચિત્તે આવ્યું કથન કરતાં, પ્રેમ વૃદ્ધિ સુહાશે. ૬

સંભાળીને સકલ કરશો, ધર્મનાં કાર્ય સારાં,
વિશ્વાસીનું હૃદય હણુતાં, માણસો જે નઠારાં;
માટે દેખી અનુભવ કરી, ચાલશો સત્યવાટે,
પક્ષાપક્ષી બહુ બની રહી, ધર્મ તો જ્ઞાની હાટે. ૭

સારામાં હો તવ મન સદા, ધર્મનાં કાર્ય ધારો,
આશીઃ એવી સફલ બનશો, જ્ઞાનમાં હો વધારો;
જ્ઞાતવ્યોને પ્રતિદિન લખી, ફર્જ સાચી બજાવો,
બુદ્ધચબ્ધિ સહૃદય ઘટમાં, મિત્રનો હો વધાવો. ૮

---

संवत् १९७१ ना जेठ सुदि ३ शुक्रवार.

मुकाम पेथापुर.

ले० बुद्धिसागर.

स्वस्तिश्री मुंबाइ मध्ये मातृपितृ भक्त विद्यार्थी, हिम्मतलाल जयसिंहंप्रति धर्मलाभाशीः

सुपत्रमागतं दृष्ट्वा–शिक्षा किञ्चित् प्रदर्श्यते ।
प्रमादाःपरिहर्तव्या–विद्याभ्यासे सदा त्वया ॥१॥

एकाग्रचित्ततः कार्यः–विद्याभ्यासः प्रवृद्धये ।
कदापि नैव कर्तव्यो–मोहो वस्तुविलोकनात् ॥२॥

मोहमय्यां स्थितिं कृत्वा, संरक्ष्या स्वात्मवृत्तयः ।
मूढमोहिकुमित्राणां–परिहार्या कुसङ्गतिः ॥३॥

परिपाल्यं सदारोग्यं–शुद्धवायुप्रसेवनात् ।
सङ्गतिर्ज्ञानिमित्राणां–कार्या सन्मित्रलक्षणात् ॥४॥

विद्याध्ययनरागेण-यतितव्यं प्रयत्नतः ।
देया वृत्तिर्न सर्वत्र-साध्यकार्यप्रकांक्षिणा ॥५॥
यादृशी भावना यस्य-सिद्धिर्भवति तादृशी ।
एतन्नैसर्गिको शिक्षा-सर्वशास्त्रेषु सम्मता ॥६॥
धृत्वा हृदि प्रकर्तव्यं-कार्यं संसाध्यदृष्टितः
आत्मोन्नतिकरं नित्यं-कालावस्थाक्रमेण वै ॥७॥
श्रेष्ठिश्रीजयसिंहाय-देयो मदीयभावतः ।
धर्मलाभस्तथास्मृत्या-दलपताय विशेषतः ॥८॥
लेखनीयं शुभं कार्यं-स्मर्तव्यो धर्मकर्मणि ।
लिखितं तत् स्वधर्मेण-बुद्धिसागरसूरिणा ॥९॥

---

મુ. પેથાપુર.

લે૦ બુદ્ધિસાગર.

સંવત્ ૧૯૭૧ ના જેઠ વદિ ચોથ.

અમદાવાદથી શેઠ લલ્લુરાયજીના મૃત્યુનો તાર આવ્યો, તેમણે અસ્મતકૃત ભજન શ્રવણ કરતાં દેહોત્સર્ગ કર્યો.

શેઠ લલ્લુભાઈરાયજી પરોપકારી જૈન હતા. ગરીબોનાં દુઃખ ટાળવા માટે હાલમાં થયેલ અમદાવાદના જૈન શેઠીઆઓમાં તેઓ પ્રથમ નંબરે હતા. તેમની નરમ દશામાં પણ તેઓ ઉપકાર કરવાને ચૂકતા ન હતા. નદીમાં પાણી ન છતાં ઉનાળામાં ખાડો ખોદવામાં આવે તો તેમાંથી જેમ પાણી નીકળે છે તેની પેઠે તેઓ દાતાર હોવાથી નરમ દશામાં પણ બાણ કવિની પેઠે વર્તતા હતા. છેલ્લી અવસ્થામાં પણ તેઓ આર્થિકદશામાં પાછા અસલની ચડતીની પ્રવૃત્તિના પ્રારંભમાં હતા, એવામાં તેમનો દેહોત્સર્ગ થયો. ઓશવાળ જૈનો અને અન્ય જૈનોને તેઓ ગુપ્ત દાન આપી તેઓને સંતોષતા હતા. તેમની પૂર્ણ લક્ષ્મી દ્વારા

ચઢતી અવસ્થામાં ગરીબ લોકો માટે તેમણે જે કાર્યો કર્યાં છે તેવાં કાર્યો ખરેખર અન્યથી થઈ શકયાં નથી. અમારી સંગતિ થયા બાદ તેમણે જૈન બૉર્ડીંગ અને અનાથાશ્રમમાં આત્મભોગ આપ્યો હતો. તેઓ અમારો ઉપદેશ સાંભળવા આંબલી પોળના ઉપાશ્રયે દરરોજ આવતા. નગરશેઠ મણિભાઈ પ્રેમાભાઇને સાર્વજનિક હિત કાર્યોમાં તેઓ મંત્રિની પેઠે દોરતા હતા. છ-પ્પનીયા દુષ્કાળમાં નગરશેઠ મણિભાઇની સાથે તેઓએ ગરીબોના સેવામાં સારી રીતે આત્મત્યાગ આપ્યો હતો. શેઠ લાલભાઈ દલપતભાઇ, શેઠ મનસુખભાઇ ભગુભાઈ અને શેઠ લલ્લુરાયજી એ ત્રણ મનુષ્યો અમદાવાદી જૈનોમાં ઘણા કાળ યાદ રહેશે. શેઠ લલ્લુરાયજીએ અમદાવાદ ટ્રેનીંગકોલેજમાં ભણનારા અનેક ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરી છે. તેમને અમારાં બનાવેલાં ભજન શ્રવણ કરવાનો ઘણો શોખ હતો. વ્યાખ્યાન કરતાં તેઓ ભજનોનું શ્રવણ કરવામાં અત્યંત રૂચિ ધરાવતા હતા. જૈનોમાં આવા દાતાર નરરત્નની ખોટ પડી છે. એટલુંતો નહિ પણ ગુ-ર્જર દેશને આવા દાતાર નરરત્નની ખોટ પડી છે. હિમ્મત, સાહસ, દાતાર, પરોપકાર, સહનશીલતા વગેરે ગુણોથી તેઓ ઉચ્ચ દશાને પામ્યા હતા. તેઓનામાં જો સટ્ટો કરવાની ટેવ ન હોત તો તેઓની નરમ દશા થાત નહિ. તેમના આત્માને શાંતિ મળો.

તેમના ત્રણ પુત્ર શ્રેષ્ઠી ચંદુલાલ તથા કેશવલાલ તથા અમૃતલાલ હાલ હયાત છે. આંબલી પોળના ઉપાશ્રયના તે મુખ્ય શ્રાવક હતા. તેમણે દાનધર્મથી પ્રખ્યાતિ મેળવી હતી. તેમની પાછળ તેમના પુત્રો તેવા દાની વગેરે ગુણવાળા થાઓ. ૐ શાંતિઃ

मु० माणसा.

ले० बुद्धिसागर.

संवत् १९७२ ना वैशाख वदि १०

ता. २६-५-१५

# विश्वदेशसेवाकाव्यम्

विश्वसेवा महाधर्मः, प्रज्ञप्तः कर्मयोगिभिः
विश्वसेवारतो भक्तः सर्वदोषैः प्रमुच्यते ॥१॥
विश्वसेवा कृता येन, देवस्तेनैव पूजितः
ब्रह्मरूपं जगत्सर्वं, ज्ञायते ज्ञानयोगिभिः ॥२॥
ब्रह्मरूपेण विश्वस्य,-दर्शनं जायते सदा
तदा विश्वस्य सेवार्थं, सर्वस्वार्पणता भवेत् ॥३॥
सर्वोपायैः प्रगत्यर्थं, देशसेवा मता शुभा;
देशसेवकलोकानां, विश्वस्मिन् पूज्यता सदा ॥४॥
समुत्क्रान्तिश्च लोकानां, जायते देश सेवया;
विज्ञाते तद्रहस्ये तु सर्वं ज्ञातं मनीषीभिः ॥५॥
देशरक्षादि कार्येण, जीवानां पालनं शुभम्
अतो योग्यप्रवृत्त्यैव देशसेवा शुभावहा ॥६॥
देशसेवादिकं कर्म, विद्याशान्तिप्रदायकम्;
जन्मभूमेः शुभा सेवा, कर्तव्योन्नतिमिच्छता ॥७॥
कर्तव्यं सर्वलोकानां, जीव्यं हि देशसेवया;
यशःकीर्त्यादिसंप्राप्ति जायते देशसेवया ॥८॥
कर्तव्यं स्वाधिकारेण, सर्वेषां जन्मिनां शुभम्;
देशोन्नतिप्रदं कर्म, सामाजिकसुखप्रदम्; ॥९॥

विद्यान्नपानवस्त्राद्यैः रक्षणं सर्वजन्मिनाम्
सर्वोपायैः प्रकर्तव्यं, स्वात्मशक्तिधनव्ययात् ॥१०॥
देशविद्यालयं स्थाप्यं, छात्राणां सर्वशक्तिदम्;
स्वार्पणेनैव कर्तव्या, देशसेवा शुभङ्करा; ॥११॥
क्षात्रकर्मादिविद्याभि र्देशसेवोन्नतिः क्षमा;
स्वाऽधिकारवशात्कार्या देहिभिः शुद्धबुद्धिभिः॥१२॥
देशोन्नतिः सदा साध्या, कालोचितसुयुक्तिभिः
देशद्रोहादिकं कर्म, कर्तव्यं नैव मोहतः ॥१३॥
देशद्रोही महापापी, जायते नैव संशयः
कार्योनैव कदा द्रोहः प्राणनाशेऽपि मानवैः ॥१४॥
देशभक्त्या कृतं यैर्हि, स्वार्पणं कर्मयोगिभिः
जायन्ते ते महाभक्ता देशस्थलोकसेवया ॥१५॥
ब्रह्मचर्याश्रमाद्यैश्च, सुष्ठु पात्रादिदानतः
देशसेवा प्रकर्तव्या, दयादानादिसद्गुणैः ॥१६॥
साहाय्यं देशभक्तानां देयं स्वार्पणभक्तितः
स्वात्मवत्स्वान्यदेशस्थ-लोकानां रक्षणंशुभम् ॥१७॥
परस्परं न योद्धव्यं, स्वदेशद्रोहतोजनैः
देशद्रोहेण लोकानां, नाशः स्यान्नैव संशयः ॥१८॥
सद्गतिर्नैव लोकानां, स्वदेशभक्तिमन्तरा
सद्बुद्ध्या देशलोकानां,भक्तिःशुद्धात्मकारिका॥१९॥
जनो नाप्नोति सत्कीर्तिं, स्वदेशप्रीतिमन्तरा
स्वजन्मभूमिरागेण, स्वोन्नतिर्धर्मिदेहिनाम् ॥२०॥
देशभक्तिः सदा शूरैः, प्राप्यते पुण्यकर्मणा
देशभक्तिं विना क्लीबा, भारभूता महीतले ॥२१॥

स्वदेशोद्धारकाः सन्तो ब्राह्मणाद्याःशुभङ्कराः
सत्यराष्ट्रोन्नतेः कर्म-कारिणः स्वाधिकारतः ॥२२॥
देशराष्ट्रोन्नतेर्योगाद् भवेद् धर्मोन्नतिः शुभा
धर्मोद्धाराय देशस्य, सेवा कार्या प्रतिक्षणम् ॥२३॥
कार्योनैव कदा द्वेषः, अन्यदेशेषु मानवैः
स्वान्यदेशस्थभव्यैस्तु, धार्यमैक्यं परस्परम् ॥२४॥
स्वान्यदेशस्थलोकानां, रक्षा कार्या विवेकतः
देशोद्धाराय यत्कर्म, तत्कार्यं सर्वशक्तितः ॥२५॥
सामाजिकव्यवस्थाभि र्देशसेवा मनीषिभिः
कर्तव्या भिन्न देशानां, विश्वशान्तिकरा शुभा ॥२६॥
सामाजिकबलस्यैक्यं, कृत्वोन्नतिप्रसाधकम्
बाह्यान्तरं बलं धृत्वा, देशसेवा विधीयताम् ॥२७॥
देशोद्धाराय सद्भक्त्या, शीघ्रंस्वदेशवासिभिः
कृत्वा स्वात्मार्पणं पूर्णं, वर्तितव्यं विशेषतः ॥२८॥
स्वजन्मभूमिसद्भक्तै र्मातृभाषाप्ररागिभिः
देशकालानुसारेण, वर्तितव्यं यथातथम् ॥२९॥
परस्परं च साहाय्यं, कर्तव्यं देशवासिभिः
धर्मार्थमन्य देशानां, साहाय्यं मुक्तिकारकम् ॥३०॥
स्वाश्रयिमंत्रतंत्रैश्च यन्त्रैरुत्क्रान्तिकारकैः
परस्परं च साहाय्यं कर्तव्यं देशवासिभिः ॥३१॥
स्वदेशोत्क्रान्तये यत्तत, वर्तते धर्मकारकम्
सेव्यं तत्कर्म निष्काम-बुद्ध्या स्वदेशमानवैः ॥३२॥
सर्वोपायैःप्रकर्तव्यं, रक्षणं देशदेहिनाम्
निरासक्त्या कृतं कर्म, नैव बंधाय जायते ॥३३॥

दुष्कालादिप्रसङ्गेषु, अन्नवस्त्रादिभिर्जनैः
सर्वदेशीयलोकानां, सेवा कार्या शुभङ्करा ॥३४॥
संग्राह्य शिक्षणं सम्यक्, सम्प्राप्याः सर्वशक्तयः
विश्वसेवा सदा कार्या, स्वाशयधर्मतत्परैः ॥३५॥
विश्वजीवदयाधर्मस्तत्समो नैव को भुवि
विश्वस्थसर्वजीवानां, रक्षा कार्या महाजनैः ॥३६॥
कृतं यत् विश्वलोकानां, हितार्थं धर्मबुद्धितः
तज्ज्ञानिनां भवत्येव, मोक्षाय नैव संशयः ॥३७॥
देशभक्तस्य योग्या ये, गुणा धार्या स्वदेशिभिः
स्वाधिकारेण कर्तव्यं, कर्म निष्कामबुद्धितः ॥३८॥
प्राप्तव्या गुणवृन्देन, देशभक्तस्य योग्यता
सात्विकप्रकृतेर्योगी, जायते देशसेवकः ॥३९॥
सात्विक देशसेवायाः सत्यदेशोन्नतिर्भवेत्
योग्यतामन्तरा कोऽपि देशभक्तो न गीयते ॥४०॥
शौर्यं दया दमो दानमौदार्यं परमार्थता
उद्योगः साहसो धैर्यं, दया सत्यं च शुद्धता ॥४१॥
स्वार्पणं देशप्रीतिश्च, संयमश्च विवेकता
अहिंसा ब्रह्मचर्यं च, सद्गुणा देशभक्तये ॥४२॥
आत्मवत् सर्वजीवेषु, शुद्धप्रेम शुभा मतिः
प्रामाण्यं स्वात्मश्रद्धा च स्वाश्रयः शुभवृत्तिता ॥४३॥
कालज्ञत्वं सदाचारो, नीतिधर्मप्रवर्तनम्
इत्यादि सद्गुणाधारो, भक्तो देशशुभङ्करः ॥४४॥
राज्यभक्तो मनोज्ञाता, दीर्घदर्शी विवेकवान्
सद्गुणी राज्यनीतीनां ज्ञाताऽस्ति देशभक्तिभाग् ॥४५॥
सत्य स्वातन्त्र्य देशाय, निर्भयो देहधारकः
क्षमादि सद्गुणैर्युक्तो भवतःस्वदेशपोषकः ॥४६॥

सर्वदेशीयराज्यज्ञः सत्यासत्यपरीक्षकः
देशराज्यप्रबन्धानां, व्यवस्थाकारको महान् ॥४७॥
देशोन्नतिकरं ग्राह्यमन्यदेशस्य शिक्षणम्
स्पर्धा कार्यान्य देशेभ्यो विद्यासंपत्तिकारिका ॥४८॥
सर्वोन्नतेर्विनाशाय पारतंत्र्यं स्वदेशिनाम्
पारतंत्र्यविनाशाय कर्तव्यं कर्म शक्तिदम् ॥४९॥
स्वातंत्र्ये मरणं श्रेयः पारतंत्र्ये न जीवनम्
सुखं स्वातंत्र्ययोगेन पारतंत्र्येण दुःखता ॥५०॥
विश्वासो नैव कर्तव्यो भिन्न देशस्थदेहिनाम्
सर्वदेशीयसाधूनां विश्वासेन सदा सुखम् ॥५१॥
विश्वदेशस्य शान्त्यर्थं, राज्यभक्तो सदा भव
राजराज्यविरुद्धानां विश्वासो नैव शांतिदः ॥५२॥

राज्यश्रेयस्करं कर्म, सर्वलोकहितावहम्
कर्तव्यं प्राणदानेन लाभालाभ विवेकिभिः ॥५३॥
भूम्यां श्रीगुर्जरत्रायां माणसायामुपाश्रये
राओल तख्तसिंहस्य राज्ये काव्यं कृतं शुभम् ॥५४॥
शांतिं यान्तु जनाः सर्वे मंगलं च पदे पदे
योगः क्षेमं च सद्बुद्धिः विश्वे शांतिःप्रवर्तताम् ॥५५॥
विश्वदेशस्थ लोकानां प्रगत्यर्थं च शान्तये
विश्व काव्यं समाख्यातं, बुद्धिसागरसूरिणा ॥५६॥

ॐ अर्हं शांतिः

મુ. માણસા.

લેખક બુદ્ધિસાગર.

સંવત્ ૧૯૭૨ જેઠ વદિ ૨.

સાણંદ તત્ર સુશ્રાવક શા. આત્મારામ ખેમચંદ યોગ્ય ધર્મ લાભ. પત્રથી સમાચાર જાણ્યા.

વિ. દુનિયાના ભિન્ન ભિન્ન ભાષા શબ્દોના નામો અને રૂપથી આત્માને ભિન્ન જાણ! આત્માને સર્વ પ્રપંચોથી ભિન્ન જાણ્યો હોય છે તોજ ચિંતા શોક મોહ રોગથી મુક્ત થઈ શકાય છે. મનમાં પ્રગટતા મોહના સંકલ્પ વિકલ્પ પ્રમાણે ન વર્તીએ તોજ મગજ માં શાંતિ વર્તે છે, મગજપર આવતો શોક ચિંતાનો બોજો ઓછો કરાય છે અને આત્મજ્ઞાનથી શોક ચિંતાના વિચારોને હઠાવી શકાય છે તોજ શાન્તિ રહે છે. નકામા મડદાલ આત્મહત્યાના વિચારો કરવા સમું કોઇ પાપ નથી. નપું-સક મડદાલ મોહી મનુષ્યોને મનુષ્ય જીંદગી ખરાબ લાગે છે. મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. મૃત્યુના વિચારોથી અનીષ્ઠ પરિણામ આવે છે. આખી દુનિયા સ્હામી પડે તોપણ આત્મ-જ્ઞાની સમભાવે તે સર્વે સહીને મહા કર્મયોગી બને છે, જે આ ભવમાં સહન કરવાનું છે તેથી બ્હીશો અને જીંદગીનો નાશ થશે તો તે પરભવમાં ભોગવ્યા વિના છુટકો થવાનો નથી માટે પુરૂષાર્થ અવલંબી ધૈર્ય ધારણકર. બહાદુર બન. બને તો સ્થા-નનો હાલમાં બદલો કર. યશ અને અપયશની બ્રાંતિથી દૂર રહે. આનંદમય આત્મા છે, તેનાપર દુનિયાની શુભાશુભ અસર થવા ન દેવી એજ ગુરૂની આજ્ઞા પાળ! આત્મા આકાશની પેઠે નિર્લેપ છે એમ ભાવના ભાવ! દુનિયાના શુભાશુભ શબ્દોમાં હર્ષ ન કરવો તેમજ શોક પણ ન કરવો. જ્ઞાનીને દુનિયા ધોબીના જેવી આત્માની શુદ્ધિ કરનારી ભાસે છે. પોતાનામાં ગુણ હોય તેને અજ્ઞલોકો અવગુણ કથેછે તેથી શોક ચિંતા ન કરવી. કોઇપણ અમુક દોષ છે એમ કહે અને તે જો દોષ પોતાનામાં હોય તો કાઢી નાખવો, અને તેની કહેલી વાત અસત્ય હોય તો જાણવું કે

આપણા પૂર્વ કૃત કર્મોનો ઉદય પ્રગટયો છે. તેથી હાલ નહિં છતા દોષોનો આરોપ કરે છે તેથી અપયશ કર્મનો ઉદય ભોગવાય છે એમ જાણવું. શુભાશુભ કર્મના ઉદયમાં સમભાવે વર્તવું. મ્હને વા ત્હને તથા સર્વ કોઇને કર્મનો ઉદય ભોગવ્યા વિના છૂટકો નથી, દુનિયા અનેક પ્રકારના અશુભ આરોપો મૂકે તેમાં કર્મોદય જાણી અન્તરથી આનંદી રહે! દુનિયામાં જેટલું ખરાબ વા સારૂં કહેવાય એવા સર્વે આરોપો તથા યશ તેથી આત્મા ન્યારો છે તેને બહારની લેવા દેવા નથી એવા નિશ્ચયથી આત્માના ઊપયોગમાં વર્તે–ઘડી ઘડીના કર્મો–રંગોમાં આત્માથી ન્યારો રહી આત્મોપયોગી થા! આત્મોપયોગી તે વીર–મહાવીર છે ત્હારી એવી સત્તાને વ્યક્ત કરવા આત્મોપયોગી થા.!!!

ચાતુર્માસ વિજાપુર સંવત. ૧૯૭૨ના આસો વદિ ૯ને શુક્રવાર આફ્રીકામાં ડેલાગોવા ગએલ–વિદ્યાપુરીય–શિષ્ય– વાડીલાલ ચુનીલાલના મૃત્યુનો તાર આજરોજ આવ્યો. વાડીલાલ ચુનીલાલ વીશાશ્રીમાલી જ્ઞાતીય મુંડા અવટંકી હતો. તેનામાં અમારા સહવાસથી ઘણા ગુણો ખીલ્યા હતા. ગૃહાવાસમાં તેણે શ્રાવકત્વના ઘણા ગુણો ખીલવ્યા હતા. તે અમારા વિચારો અને પ્રવૃત્તિની અનન્યશ્રદ્ધાવાળો હતો. તેની અનન્ય ગુરૂભક્તિ હતી. અમારાપર વાડીલાલનો અપૂર્વ પ્રેમભાવ હતો. તેના મિત્રોને તે પ્રાણાર્પણ કરવા પૂર્વક ચાહતો હતો તે પરસ્ત્રી સહોદર હતો. જૈનોની ઉન્નતિ માટે તેના ઘણા સરસ વિચારો હતા. વિજાપુરના જૈનો અને અન્ય લોકોની તેનાપર ઘણી પ્રીતિ હતી. તેના મરણથી વિજાપુરે એક રત્ન ગુમાવ્યું છે.

ગુરૂભક્ત ગુણીયલ ગયો, વાડીલાલ ઉદાર,
વિદ્યાપુરમાં રત્નસમ–ઉચ્ચાશય ધરનાર. ૧
દેહાન્તર સંક્રાન્તિથી, પામો મંગળ એશ;
પુણ્યકર્મના યોગથી, પરભવ લહો ન કલેશ. ૨
સર્વ જીવની એ ગતિ, ધર્યું શરીર બદલાય,
બીજું ધારે કર્મથી–સુખ દુઃખ ફરીને પાય. ૩

નામ રહે ગુણગણુ બળે, ચેતન ! પરભવ જાય;
કર્તા કર્મને ભોગવે, કોણ રંક ને રાય. ૪

કરવી કોની દિલગીરી–કર્મ નિયમ અનુસાર;
કાયાદિ બદલાય છે, શોક હર્ષ ના ધાર. ૫

અકલકળા કુદરતતણી, કળી ન ક્યારે જાય,
કર્મરૂપ ઇશ્વરતણો, પાર ન કોઇ પાય. ૬

નામરૂપના બુદ્બુદો–ભવોદધિ પ્રગટાય;
સમાઈ જાતાં ત્યાં અહો, ગણ્યા ન ક્યારે જાય. ૭

જે જેના સંબંધમા, આવે કરે તે યાદ;
જ્ઞાની શાંત બને અને, મોહી ધરે ઉન્માદ. ૮

આ વિશ્વમાંહિ નામ ને રૂપો ધરી તું અવતર્યો,
કર્મે અનાદિ કાલથી સંસારમાં ફેરા ફર્યો;
આ ભવવિષે તું સ્વોન્નતિના પંથને પામ્યો ખરો,
અવતાર શુભ ભાવે ધરી પરમાત્મજીવનમાં ભળો. ૯

તવપંથમાં જે દુ:ખડાં તે સહુ ટળો ભક્તિબળે,
પરમાર્થ જીવન તવ બનો, ભાવી ગુરૂશ્રદ્ધાવડે;
પ્રગતિ પથે આગળ વહો પરભવ વિષે ગુરૂગમ રહો,
આશી: અમારી એ ફૂલો કર્તવ્યના બળને લહો. ૧૦

અધ્યાત્મજીવન બહુ વધો શ્રી સદ્ગુરૂની ભક્તિથી,
નિશ્ચલ અવિચલ શાંતિને પામો અનુભવ શક્તિથી;
શ્રી જૈન શાસન દેવતાઓ શીઘ્ર તુજને શુભ કરો,
ગુરૂ ભક્તના ઉચ્ચાશયો જન્માંતરે વૃદ્ધિ ધરો. ૧૧

આ ભવવિષે સ્નેહી નહિં સંતાય ને છાનો રહે,
જે પૂર્વના સંબંધ તેને હૃદય ઝટ પરખી લહે;
જન્માંતરે એવી સ્થિતિ સહુ જીવની સંસ્કારથી,
સંબંધ થાતા કર્મથી આશ્ચર્ય તેમાં કો નથી. ૧૨

સંબંધીઓને તું મળે સંબંધીઓ તુજને મળે,
પારદ કણોવત્ સહુ મળે સંસ્કારના મેળે ભળે;
તું જીવતો ને જાગતો છે દેહ તો બીજો ધર્યો,
એ દેહમાં પંથે મુસાફર ઠામ નિશ્ચય ના ઠર્યો. ૧૩
આત્મોન્નતિના પંથમાં સહુ શક્તિઓને પામશો,
અધ્યાત્મજીવન યોગથી ઠામે ઠરીને જામશો;
પંથી કથે છે પંથીને મેળાપમાં શિક્ષા ભલી,
આશીઃ શ્રહી મોટા બનો સ્ફુરણા હૃદયની નીકળી. ૧૪
શ્રાવક વાડીલાલને પરભવ જાતાં એહ,
આશીઃ આપી શાંતિમય-જ્ઞાનાદિક ગુણગેહ. ૧૫
તુજને સદ્ગુરૂદેવની-પ્રાપ્તિ થાઓ બેશ,
બુદ્ધિસાગર ધર્મથી, પામો સુખ હમેશ. ૧૬

---

મુ૦ માણસા.

લેખક, બુદ્ધિસાગર.

૧૯૭૮ માઘ સુદિ. ૨

શ્રી ઉનાવા તત્ર જૈનધર્મની રૂચિવાળા નાગર બ્રાહ્મણ બ્રહ્મ જિજ્ઞાસુ ભક્ત મહાસુખભાઇ તથા ભાઈ દયાશંકર તથા ભોગીલાલ યોગ્ય ધર્મલાભ વિ. આત્માના જ્ઞાનથી મોક્ષ થાય છે. જ્ઞાન અને ક્રિયા બેથી મુક્તિ છે. સાંખ્યદર્શન વગેરે દર્શનો છે તે સર્વ દર્શનનો, અનેકાંતનય સાપેક્ષાથી સર્વ નય સંપૂર્ણ એવા જૈનદર્શનમાં અંતર્ભાવ થાય છે, પ્રભુ મહાવીરદેવે સર્વ ધર્મનાં સત્યોનો સર્વ સત્યસાગરરૂપ જૈનધર્મમાં અંતર્ભાવ [illegible]પેક્ષાએ થાય છે તે તે અપેક્ષાઓને સમ્યગ્ રીતે સમજાવી છે. સાગરના સમાન જૈનધર્મ છે તેમાં જ્ઞાની, બાલઆદિ સર્વ જાતીય લોકો વિહરી શકે છે.

ગુણકર્મથી જાતિવર્ણની વ્યવહારથી માન્યતા વર્તન યોગ્ય છે. ગુણકર્મ સહિત જાતિની પરંપરા વહેતી હોય તો તદપેક્ષાએ કથંચિત્ જાતિની માન્યતા જન્મથી માનવી યોગ્ય છે. જન્મથી જાતિની માન્યતા પરંપરાએ રૂઢ થએલી છે તેમાં ગુણકર્મની પૂર્તિ થવી જોઇએ. ગુણ અને કર્મથી બ્રાહ્મણાદિ વર્ણની વિશ્વમાં ઉપયોગિતા છે. આધ્યાત્મિક દૃષ્ટિએ તો જ્ઞાની આત્મા, બ્રાહ્મણ છે અને તે આત્મશક્તિયોને સ્ફોરવે ત્યારે તે ક્ષત્રિય છે અને જ્યારે અન્ય લોકોની સાથે જ્ઞાનાદિ ગુણોનો તથા આત્મ વિશુદ્ધિકારક કર્મોનો વ્યાપાર કરે ત્યારે વૈશ્ય છે તથા જ્ઞાની આત્મા સર્વ લોકોની આત્મભાવે સેવા કરે ત્યારે તે શૂદ્ર છે.

આધ્યાત્મિક શૂદ્રત્વ બહુ ઉચ્ચ છે. સેવા ધર્મ સમાન કોઈ વિશ્વમાં ઉપકારક ધર્મ નથી. દુર્ગુણીઓની સેવા કરીને તેઓને સદ્ગુણી બનાવવા. ગુણથી અહંકાર ઉપજે છે. સત્કર્મથી અહંકાર નિંદાદિ દોષો પ્રગટે છે. સાત્વિક સેવા વૃત્તિમાં ઉચ્ચત્વ અને નીચત્વનો ભેદ રહેતો નથી. સેવા કરે તે ભગવાન્ છે. પ્રભુ મહાવીરદેવે વિશ્વમાં સર્વ લોકોને ઉપદેશ દીધો હતો એ પણ સેવાધર્મજ ગણાય. સેવાધર્મ કરવાથી મનવાણી કાયાની શુદ્ધિ થાય છે અને તેથી આત્મપ્રભુનો સાક્ષાત્કાર થાય છે. આત્માના ગુણોને પ્રગટાવવા તે વૈશ્યત્વ છે. મોહશત્રુને મારી અરિહંત બનવું તે ક્ષત્રિયત્વ છે. આત્માના જ્ઞાનાનંદરૂપ બ્રહ્મમય થવું તે બ્રાહ્મણત્વ છે. આધ્યાત્મિકદશામાં બાહ્યની વર્ણલિંગ દેહ વગેરેનો મોહભાવ ટાળવો પડે છે અને પરમેશ્વરનો ધર્મ 'તેજ પોતાનો ધર્મ, પરમેશ્વર તેજ પોતે અને પરમેશ્વરની જાતિને પોતાની જાતિ માની વર્તવું પડે છે, ત્યાં બાહ્યના કાલ્પતધર્મોની વૃત્તિ રહેતી નથી. પૂર્ણ જ્ઞાનાનન્દની પ્રાપ્તિ તેજ પરમાત્મપદની પ્રાપ્તિ છે. પ્રકૃતિમાં પ્રકૃતિનો ધર્મ છે અને આત્મામાં આત્માનો ધર્મ છે. પ્રકૃતિને પોતાની માનવામાં આત્માની પરતંત્રતા છે એમ જાણશો.

વેદાન્તજ્ઞાનનો જૈનધર્મ તત્ત્વજ્ઞાનમાં સાપેક્ષનયોથી અંતર્ભાવ થાય છે. શ્રી શંકરાચાર્યે પ્રતિપાદેલ બ્રહ્મનો સત્તા અને વ્યક્તિ નયથી આત્મતત્ત્વમાં સમાવેશ થાય છે અને તેમની દર્શાવેલ અનિર્વચનીય માયાનો મોહાદિદ્રવ્યભાવ કર્મ પ્રકૃતિમાં અંતર્ભાવ થાય છે. શંકરાચાર્યે માયાને અસત્ કથી છે અને બ્રહ્મ સત્ કથ્યું છે તે અપેક્ષાએ છે. બ્રહ્મવિના અન્યતત્ત્વ નથી એમ કહ્યું છે તેથી કંઇ જડતત્ત્વનો નાશ થતો નથી પણ આત્મિક અધ્યાત્મ સ્વરૂપ વિના અન્ય વસ્તુનો મોહ ન થાય તદર્થે અધ્યાત્મ ચિંતામાં તે વચનના ઉપયોગનો આશય સમજવામાં આવે તો જૈન સમ્યગ્ દૃષ્ટિત્વ છે.

રાગદ્વેષ કર્મમાયા છે તે આત્માની પેઠે દ્રવ્યરૂપ નથી. અશુદ્ધ પર્યાયરૂપ છે માટે તદપેક્ષાએ માયા અસતી છે પણ તેની વિદ્યમાનતામાં ખપુષ્પની પેઠે અસત્ નથી, એકાંત સંગ્રહનય સત્તાથી કેવલદ્વૈતવાદની ઉત્પત્તિ છે. અન્ય વ્યવહારાદિનયોની સાપેક્ષતા હોય તેને કેવલાદ્વૈતવાદ છે તે સમ્યગ્રૂપે પરિણમે છે. પ્રભુ મહાવીરદેવ કહે છે કે આત્મા તેજ અષ્ટ કર્મ ટળતાં પરમાત્મા વ્યક્ત બને છે માટે આત્મા તેજ પરમાત્મા છે. अप्पा सो परमप्पा. શ્રી શંકરાચાર્ય કથે છે કે जीव ते शिव છે. શંકરાચાર્ય જ્યારે બ્રહ્મવિના અન્ય વસ્તુતત્ત્વનો સ્વીકાર કરતા નથી ત્યારે પ્રભુ મહાવીરદેવ આત્મા અને જડતત્ત્વ એમ બે તત્ત્વને કેવલજ્ઞાનથી પ્રકાશે છે. આત્માની અપેક્ષાએ જડતત્ત્વ અસત્ છે જડતત્ત્વની અપેક્ષાએ જડસત્ છે પણ આકાશ પુષ્પની પેઠે અસત્ નથી. સાંખ્ય દર્શન પણ પુરૂષ (આત્મતત્ત્વ) પ્રકૃતિ (જડતત્ત્વ) એ બેનો સ્વીકાર કરે છે. નૈયાયિક અને કણાદનું વૈશેષિક દર્શન પણ આત્મતત્ત્વ અને જડ એ બે તત્ત્વનો સ્વીકાર કરે છે. મુસલમાનો, ક્રીસ્તિયો અને જરથોસ્થીઓ પણ આત્મતત્ત્વ અને જડતત્ત્વ એ બે તત્ત્વને માને છે. વેદમાં પણ આત્મા અને જડતત્ત્વની સિદ્ધિ કરેલ છે. ब्रह्म सत्यं जगन्मिथ्या नेह

**नानास्ति किंचन** એમાં આત્માને સત્ય કથેલ છે અને જગતને મિથ્યા કથેલ છે પણ વ્યાવહારિક દૃષ્ટિએ-અપારમાર્થિક દૃષ્ટિએ જગત સત્ય છે, અને પારમાર્થિક દૃષ્ટિએ બ્રહ્મ સત્ય છે એમ તે માને છે. તે આત્મામાં જ્ઞાનાનંદ છે, પણ જડ જગત્માં જ્ઞાનાનન્દ નથી. જડજગત્માં જ્ઞાનાનન્દ નથી તેની અપેક્ષાએ અધ્યાત્મ ચિંતામાં જગત્નો મોહ ઉઠાડવાને જગત્ને મિથ્યા કથેલ છે. એક આત્મા તેજ સારભૂત છે પણ જડમાં આનંદ જ્ઞાન નથી તેથી તે સારભૂત નથી એમ જણાવવાને તથા આત્મા વિના અન્ય જડમાં મન ન દેવું તેમ જણાવવાને જગત્ને મિથ્યા કથેલ છે, પણ જગત્ તેના રૂપે ત્રણ કાલમાં જગત્રૂપે છે એ તો કંઈ કોઈનું કરેલ નથી. અસ્તિ અને નાસ્તિ અપેક્ષાએ છે. નિષેધની અપેક્ષાએ અસ્તિ છે અને અસ્તિની અપેક્ષાએ નિષેધ છે. જે કોઈ પણ રૂપે છે તેનો અન્યાપેક્ષાએ નિષેધ છે. માટે આત્મ તત્ત્વ અને જડતત્ત્વ એ બે તત્ત્વની સિદ્ધિ થાય છે. અધ્યાત્મ જ્ઞાનદશાની વિચારણામાં **स्वप्नोपमं च जगत्** ( અર્થાત્ સ્વપ્નની ઉપમાવાળું જગત્ છે ) એમ કથેલ છે. ઉપમા એક દેશી હોય છે. ઉપમેય જગત્ છે તેને સ્વપ્નની ઉપમા આપીને જગત્ની ક્ષણિકતા અસારતા દર્શાવી છે. શ્રુતિનું એજ તાત્પર્ય છે પણ એ શ્રુતિ કંઈ જગત્ સર્વથા અસત્ છે એમ પ્રતિપાદન કરતી નથી, એમ અપેક્ષાએ જાણવાથી હઠ કદાગ્રહ મિથ્યાબુદ્ધિ ટળે છે, શ્રી શંકરાચાર્ય આત્મા એક છે એમ પ્રતિપાદે છે. શ્રી મહાવીર પ્રભુ કથે છે કે આત્માઓ વ્યક્તિની અપેક્ષાએ અનંતા છે, સંગ્રહ નયસત્તાએ એક આત્મા છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં પ્રભુએ કથ્યું છે ( **एगे आया एकः आत्मा** ) એક આત્મા છે તે આત્માઓની સત્તાની અપેક્ષાએ છે. નયોની અપેક્ષાએ એવી રીતે આત્મા માનતાં સાપેક્ષ સંગ્રહનય આત્મ સત્તાથી શંકરાચાર્યની આત્મતત્ત્વ માન્યતાનો જૈનદર્શનમાં અંતર્ભાવ થાય છે અને રામાનુજ વગેરે અનેક આત્માઓ માને છે તેઓની માન્યતાનો વ્યવહાર નય સાપેક્ષે જૈનદર્શનમાં અંતર્ભાવ થાય છે. ખ્રીસ્તીયો,

મુસલમાનો, નૈયાયિકો વગેરે અનેક આત્માઓને માને છે. તેથી તેવી માન્યતાનો સાપેક્ષ વ્યવહાર નયે જૈન દર્શનમાં અંતર્ભાવ થાય છે. શ્રી મહાવીર પ્રભુએ સાત નયોના વાદને સ્યાદ્વાદવાદ કથ્યો છે અને એવી સ્યાદ્વાદ દૃષ્ટિથી વેદવેદાંત આદિ સર્વ ધર્મનાં પુસ્તકો વાંચું છું ત્યારે તેમાં અપેક્ષાએ જૈનધર્મતત્ત્વની માન્યતાઓ અંશે અંશે સમજાય છે અને મ્હને મિથ્યા શાસ્ત્રો પણ સમ્યગ્ જ્ઞાનરૂપે પરિણમે છે. સમ્યગ્દૃષ્ટિને સ્વાન્યધર્મ સિદ્ધાંતાદિ શાસ્ત્રો અને જડચેતન સર્વ જગત્ પણ આત્મોન્નતિમાં સવળું પરિણમે છે, અને તેથી આત્મશુદ્ધિ થતી જાય છે. ભિન્ન ભિન્ન અસંખ્ય ધર્મ દૃષ્ટિયોને સાપેક્ષ નયદૃષ્ટિએ વિચારતાં હંસના જેવી સમ્ય દૃષ્ટિ પ્રગટે છે, તેથી આત્મા અને જડ બેનો ભેદ પડે છે અને આત્મામાં અનંતજ્ઞાન આનંદનો અનુભવ થાય છે. ધર્મશાસ્ત્રોને સાત નયોની અપેક્ષાએ વિચારી તરતમયોગે સત્યનું જ્ઞાન કરવું પણ શાસ્ત્રવાસના ન રાખવી અને ભિન્ન ભિન્ન માન્યતા ભેદે રાગદ્વેષ ન કરવો. દુનિયાની પેઠે શાસ્ત્ર દુનિયામાંથી અપેક્ષાએ સત્ય ગ્રહવું અને શાસ્ત્રવાસના મોહથી મુક્ત થવું. જે ધર્મશાસ્ત્રોમાં વીતરાગભાવ પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે. વીતરાગદેવ શુદ્ધ ગુરૂ અને સર્વ નયસાપેક્ષ શુદ્ધ ધર્મનું જેમાં પ્રતિપાદન કરેલું છે તેવાં શાસ્ત્રોનું અવલંબન કરવું અને સામાન્ય મતભેદે મુઝાવું નહિં. વીતરાગ મહાવીર પરમેશ્વર અને શુદ્ધ ગુરૂને ધ્યેય તરીકે માની તેમનું અવલંબન કરવું, ધ્યાન ધરવું. સર્વ મત પન્થધર્મ દર્શન શાસ્ત્રોમાંથી મધ્યસ્થ ભાવથી અને ગુણગ્રહણ બુદ્ધિથી સત્ય અંશે અંશે ગ્રહણ કરવું પણ વિવાદ ખંડન વગેરેની માથાકૂટ કે જેથી સ્વપરને હિત ન થાય તેવી બાબતમાં ન પડવું. જૈનધર્મ શાસ્ત્રોમાં સર્વ શાસ્ત્રોનું રહસ્ય આવી જાય છે, એમ નિષ્પક્ષપાત બુદ્ધિથી જણાવું છું. જૈનશાસ્ત્રોનો પરિપૂર્ણ અભ્યાસ કરીને સર્વ નયોનું જ્ઞાન કરી પશ્ચાત્ વેદાંતાદિ શાસ્ત્રોને વાંચવામાં આવે તો તેમાંથી અપેક્ષાએ સમ્યગ્ સત્ય ગ્રહાય છે, અને સાત્વિક બુદ્ધિ જ્ઞાનને પ્રગટાવી શકાય છે. સર્વ ધર્મ

શાસ્ત્રોનો સાર એ છે કે ગૃહસ્થાવાસમાં અગર ત્યાગાવસ્થામાં મનવાણી કાયાની શુદ્ધિ પૂર્વક આત્માની શુદ્ધિ કરવી. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા, વિવેક, વિનય આદિથી મનની શુદ્ધિ કરવી અને મોહાદિક કર્મોરૂપ આવરણોને ટાળી પૂર્ણાનંદ જ્ઞાનમય આત્માનો વ્યક્તિથી આવિર્ભાવ કરવો. આત્મા અને કર્મનું સમ્યગ્ જ્ઞાન કરીને જીવો કર્મથી કેવી કેવી નાટકીયાની પેઠે પ્રવૃત્તિ કરે છે તેનો વિચાર કરવો. આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમવું અને મોહને પ્રગટતાં આત્મોપયોગથી વારવો. આત્માના શુદ્ધ ધર્મને પ્રકટાવવા પુરૂષાર્થ કરવો. મતમતાંતરમાં મુંઝાવું નહીં. રાગદ્વેષની વૃત્તિયો ક્ષીણ થતાં આત્માના જ્ઞાનનો પ્રકાશ થાય છે, માટે રાગદ્વેષની વૃત્તિયોને ક્ષીણ કરવા પુરૂષાર્થ સેવવો. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય અને કારૂણ્ય ભાવનાને મનવાણી કાયાના વર્તનમાં ઉતારવી. સર્વ જીવોની સાથે જેમ બને તેમ આત્મભાવે વર્તવું. સર્વ જીવો કર્મના વશ છે એમ જાણી તેઓના આત્માઓનો દોષ ન જાણવો પણ તેઓના આત્માઓને લાગેલાં કર્મોનો દોષ છે એમ માનવું કે જેથી કોઇ આત્માને શત્રુભૂત માની મોહી ન થવાય. કર્મદૃષ્ટિથી કર્મનું સ્વરૂપ વિચારવું અને આત્મદૃષ્ટિથી આત્માનું સ્વરૂપ વિચારવું. શુદ્ધાત્માનું ધ્યાન ધરતાં કર્મદૃષ્ટિનો ઉપયોગ ન રાખવો. આત્મસત્તાનું ધ્યાન ધરતાં સહેજે સર્વાત્માઓની સાથે ઐક્યાત્મભાવ અનુભવાય છે, જીવોનાં કર્મો તરફ કર્મદૃષ્ટિથી જોવું એટલે તેઓપર રાગદ્વેષ વૃત્તિ પ્રગટશે નહિ. જડવસ્તુઓમાં પણ સ્થાપના અપેક્ષાએ આત્માની સ્થાપના કરી આત્માનો ઉપયોગ ધારવો, તેથી વિશેષતઃ શુદ્ધાત્મ સ્વરૂપ પ્રગટે છે અને તેથી જડ જગત્માં પણ સ્થાપના બ્રહ્મબુદ્ધિથી અવલોકવા માટે सर्वं खल्विदं ब्रह्म સર્વ આ ખલુ બ્રહ્મ છે એવી શ્રુતિને ઋષિએ કથી છે. તેથી કંઈ જડ તે ચેતન થતું નથી પણ જડ ચેતનમાં આત્મભાવના વર્તવાથી આત્માની અત્યંત શુદ્ધિ થાય છે એજ શ્રુતિનો સત્ય આશય છે પણ જડ

જગત્ પણ વસ્તુતઃ બ્રહ્મ છે એવો શ્રુતિનો પ્રતિપાદ્ય મુખ્ય અર્થ નથી એમ જાણીને તીર્થંકરોની જડમૂર્તિયોમાં પણ તીર્થંકરભાવની બુદ્ધિથી ભક્તિ કરતાં આત્મામાં ધ્યેયાકારે જ્ઞેયાકારે સત્ય તીર્થંકરનું સ્વરૂપ પરિણમે છે તેથી આત્મા તેવા ગુણ સંસ્કાર પ્રગટાવીને તીર્થંકર જિન પરમાત્મા બને છે, એવી અપેક્ષાએ જડમૂર્તિયોમાં પણ દેવગુરૂની સ્થાપના પૂજ્યભાવભક્તિથી કરતાં આત્માની શુદ્ધિ થાય છે માટે પ્રતિમા મૂર્તિની, શુદ્ધાત્મભાવ પ્રગટાવવા માટે ઉપયોગિતા છે. બ્રહ્મનું ધ્યાન ધરવા માટે જડ જગત્ પણ બ્રહ્મની પ્રતિમારૂપ અપેક્ષાએ છે. જેનું નિરાકાર બ્રહ્મમાં મન ન ઠરે તેઓને પ્રતિમા મૂર્તિદ્વારા પૂજાભક્તિથી આત્મશુદ્ધિ થાય છે. સાકાર બ્રહ્મની સેવા ભક્તિથી નિરાકાર બ્રહ્મનું ધ્યાન ધરવાની યોગ્યતા પ્રકટે છે. પ્રેમનો સ્વભાવ છે કે તે મૂર્તિમાં પ્રભુ અનુભવી શકે છે. દેવગુરૂની મૂર્તિમાં યાવત્ દેવગુરૂભાવ પ્રગટે છે ત્યાં સુધી મૂર્તિ પ્રતિમાની સેવા ભક્તિની ઉપયોગિતા છે એમ જાણવું.

વત્ જડમાં પ્રેમ પ્રગટે છે તાવત્ જડમાં પ્રભુ પ્રતિમા સ્થાપીને ભકતો આત્મશુદ્ધિ કરે છે તેમાં ખંડન મંડન વાદવિવાદની જરૂર રહેતી નથી. પ્રતિમા પૂજા, વસ્તુતઃ મનુષ્યના શ્રદ્ધાપ્રેમ સ્વભાવથી અનાદિકાલથી અનંતકાલ પર્યંત ગમે તે રૂપમાં વર્ત્યા કરશે. તમારે તમારી દશા પ્રમાણે વર્તવું. સ્ત્રીની મૂર્તિ દેખીને જેને મોહ પ્રગટે છે તેને અવશ્ય વીતરાગની મૂર્તિનું અવલંબન લેવું જોઇએ. જડ પદાર્થોમાં જ્યાં સુધી મોહ પ્રકટે છે ત્યાં સુધી પ્રભુગુરૂની પ્રતિમાદ્વારા પ્રભુ ગુરૂના ગુણોમાં ધારણા ધારવાની જરૂર છે. જે તીર્થંકર પ્રભુ અગર ગુરૂનું ચરિત જાણ્યાથી તે અત્યંત પ્રિય આદર્શ લાગે તે પ્રભુ ગુરૂની પ્રતિમાની ભક્તિથી પ્રભુ ગુરૂના ગુણોમાં તલ્લીન થઇ તે ગુણોને આત્મામાં પ્રકટાવવા. ગુણોની સ્મૃતિ તથા પ્રભુનું ધ્યાન ધરવા માટે જ્યાં સુધી મૂર્તિદ્વારા પ્રભુ ગુરૂમાં લયલીન થવાય ત્યાં સુધી અવશ્ય પ્રતિમા પૂજા ભક્તિની અત્યંત ઉપયોગિતા છે એમ મૂર્તિપૂજાનો ખુલાસો

જાણુશો. એક અપેક્ષાએ શાસ્ત્રો પુસ્તકો પણ વિચાર જ્ઞાન ચારિત્રાદિકની મૂર્તિયો છે તથા હૃદયની પ્રતિમાઓ છે. અક્ષરો પણ સ્થાપના છે તેનાથી ગુરૂગમદ્વારા જ્ઞાન મળે છે માટે શાસ્ત્રોની પૂજાભક્તિની ઉપયોગિતા સિદ્ધ ઠરે છે. જેઓના હૃદયમાં સર્વ ધર્મશાસ્ત્રોની મૂર્તિયો પ્રગટી છે એવા જ્ઞાની ગુરૂઓની—સંતોની—મુનિયોની સેવા ભક્તિ કરી આત્મશુદ્ધિ કરવી. સર્વ ધર્મ સાધનોથી આત્મશુદ્ધિ તેજ સાધ્ય છે. અપેક્ષાએ સર્વ બાબતનો વિચાર કરવો. આત્મામાં અનંત જ્ઞાન છે અને તે સત્ છે. આત્મામાં અનંતજ્ઞાન આનંદ છે પણ મોહાદિ કર્માવરણો હોય છે ત્યાં સુધી પ્રગટ થતું નથી. આત્મોપયોગે આત્માનું ધ્યાન ધરવાથી અને સમભાવ. સમોપયોગરૂપ સમાધિમાં રહેવાથી મોહાદિ આવરણો ટળતાં સ્વયમેવ જ્ઞાનાનંદ વ્યક્ત થાય છે. વાણી દ્વારા તેવા જ્ઞાનથી મહાત્માએ ઉપદેશ આપે છે ત્યારે તે શાસ્ત્ર શ્રુતિ—શ્રુતજ્ઞાન રૂપ થાય છે માટે આત્માનું જ્ઞાન પ્રગટાવવા માટે સદ્‌ગુરૂ અને ધર્મશાસ્ત્રનું અવલંબન કરી આત્મામાં ઉંડા ઉતરો. શાસ્ત્રો તે અનેક તરતમયોગે થએલા જ્ઞાનીઓના વિચારો અનુભવો છે. જેમ જેમ આત્મામાં લક્ષ્ય રાખી ઉંડા ઉતરશો તેમ તેમ વીતરાગ શાસ્ત્રોના અનુભવો જાણી શકશો, તે માટે સંત સમાગમ કરી પૂર્ણ જ્ઞાનાનન્દને વેદવો. આત્માનંદ પામવો તેજ વૈકુંઠ—મુક્તિ છે. આત્મામાં અનંત આનંદ, અનંત જ્ઞાન છે માટે તેના ઉપયોગી થૈ અનંત જીવન પામો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૫

શ્રી મુંબાઈ તત્ર સુશ્રાવક શા. લલ્લુભાઈ કરમચંદ. યોગ્ય ધર્મલાભ.

વિ. ચાર માસથી પત્ર નથી. તેમ વ્યવહાર પ્રવૃત્તિની ઉપાધિ આદિથી બની શકે પણ શુદ્ધાત્મ સ્વરૂપનું હૃદયમાં સ્મરણ થાય અને ધર્મ કર્મ પ્રવૃત્તિ થાય તો સારૂં. પૂજા સામાયિક આદિ ધર્મ કર્મ કરવાથી આત્મશુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. આત્મપ્રેમ જાગવો એજ ગુરૂકૃપા છે અને એજ પ્રભુ કૃપા છે. આત્મા છે તે આત્મ બળે સ્વાશ્રયી બનીનેજ આત્મોન્નતિ કરી શકે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જેમ જેમ વિકસતું જાય છે તેમ તેમ આત્મરતિ પ્રગટતી જાય છે અને જડવસ્તુઓના આનંદ વિના આત્માનંદ જીવને જીવાય છે. કર્મયોગથી હૃદયની શુદ્ધિ થાય છે. ભક્તિ સેવા યોગથી હૃદયની શુદ્ધિ થાય છે. હૃદયની શુદ્ધિ થવાથી જ્ઞાનયોગ પ્રકટે છે. આત્મજ્ઞાન પ્રગટવું એજ જ્ઞાનયોગ છે જ્ઞાનયોગથી આત્મા સ્વતંત્ર વિચારવા અને કાર્ય કરવા શક્તિમાન્ થાય છે. ઈચ્છાયોગ શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ એમ ત્રણ પ્રકારના યોગ છે. આત્માઆદિ તત્ત્વોને જાણવાની ઇચ્છા પ્રેમ લગની પ્રગટે અને તેથી ગુરૂનું શરણ ગ્રહાય છે, ગુરૂ કુલવાસ ગુરૂ સેવા ભકિતથી શાસ્ત્રયોગની પ્રાપ્તિ થાય છે અને તેથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આત્માનું સમ્યગ્જ્ઞાન પ્રકટે છે તેજ આત્મ સામર્થ્યયોગ છે. બહિર્ જડમાં આત્મબુદ્ધિ તે બહિરાત્મા છે. આત્મા જ્યારે આત્માને જાણે છે ત્યારે તે અંતરાત્મા થાય છે. સદ્ગુરૂની પ્રાપ્તિ વિના કોઇ અંતરાત્મા થયો નથી અને થવાનો નથી. સદ્ગુરૂના બોધથી આત્મા તેજ આત્મા છે, બાકી કર્માદિ સર્વ જડ દ્રવ્ય છે તેમાં જ્ઞાનાનંદ નથી એવો પૂર્ણ નિશ્ચય થતાં અંતરાત્મપદની પ્રાપ્તિ થાય છે. અંતરાત્માથી સામર્થ્યયોગની અંશે અંશે પ્રકટતા છે. પરમાત્માપણું પ્રાપ્ત કરવું તે સામર્થ્યયોગ છે. અપ્રમત્ત દશાની પૂર્વના સામર્થ્યયોગને ખીલ-

ચના માટે શાસ્ત્રયોગ અને ગુરૂયોગની આવશ્યકતા અને સેવના પ્રવર્તે છે—ગુરૂ શરણથી શાસ્ત્રયોગ છે તે સવળો પરિણમે છે. ગુરૂશરણથી સામર્થ્યયોગ પ્રકટે છે. કર્મગ્રન્થાદિ શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસથી તથા યોગશાસ્ત્રોના તથા અધ્યાત્મજ્ઞાન શાસ્ત્રોના પૂર્ણ અભ્યાસ અને અનુભવથી સામર્થ્યયોગ ખીલવવામાં સર્વત્ર સવળું પરિણમન થાય છે અને અવળી પરિણતિનો નાશ થાય છે તેથી દેવગુરૂ સંત સાધુપર શ્રદ્ધા પ્રેમથી આત્માના જ્ઞાનાદિ ગુણોની આવિર્ભાવનારૂપ સામર્થ્ય ક્ષણે ક્ષણે પ્રકટે છે. ઉપશમભાવે ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે આત્માના જ્ઞાનાદિ પર્યાયોનું સામર્થ્ય ખીલે છે. જેમ જેમ કષાયો ઉપશમે છે ક્ષીણ થાય છે તેમ તેમ આત્મા, સ્વસ્વરૂપ જ્ઞાન અને આનંદનો અનુભવ સ્વયમેવ કરે છે. એજ સામર્થ્યયોગનો અનુભવ છે. ધર્મ પ્રવૃત્તિયો અનેક પ્રકારની થાય છે તે માનસિક વાચિક કાયિક સામર્થ્ય છે. મનવાણી કાયાનું ધાર્મિક સામર્થ્ય છે તે આત્માનું સામર્થ્ય પ્રગટાવવા નિમિત્તભૂત થાય છે. મનવાણી કાયાનું સામર્થ્ય છે તે નિમિત્ત સામર્થ્ય છે અને આત્મજ્ઞાનાદિ સામર્થ્ય છે તે ઉપાદાન છે. આ જીવિકાદિ કાર્યોમાં સામર્થ્ય વાપરવું તે આત્માના પૂર્ણ સામર્થ્ય પ્રકટાવવામાં નિમિત્ત દૃષ્ટિ રાખીને વાપરવું. બાહ્યજીવન તે સાધ્ય છે એમ માની ન લેવું. આત્માના સામર્થ્ય જીવને જીવવા માટે બાહ્ય દેહાદિ સામર્થ્ય તે બાહ્ય જીવન છે એમ જાણી તેનો સદુપયોગ કરવો પણ તેનો કદાપિ દુરૂપયોગ ન કરવો. આત્મા સ્વસામર્થ્યે જીવે તે સ્વરાજ્ય સ્વતંત્રતા છે અને આત્મજીવનને ભૂલી બાહ્યજીવને જીવવામાંજ આયુષ: પૂરૂં કરે તે પરતંત્ર ગુલામીપણું છે માટે સામર્થ્યયોગથી અને સામર્થ્યયોગના હેતુઓથી આત્માની શુદ્ધિ કરવા પુરૂષાર્થ કરો. આત્મા આત્માવડે શુદ્ધ થાય છે. સમ્યક્ત્વથી તે કેવલજ્ઞાન પ્રગટવાની પૂર્વેનો સર્વે સામર્થ્યયોગ છે એમ જાણી તે પ્રમાણે યથાશક્તિ અપ્રમત્તપણે પ્રવર્તવું.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુકામ પાદરા.

સંવત્ ૧૯૭૫ શ્રાવણ સુદિ ૨

સાણંદ તત્ર સુશ્રાવક રાયચંદભાઈ રવચંદભાઇ-આત્મારામ ખેમચંદ વગેરે યોગ્ય ધર્મલાભ. ધર્મની ખાસ ચોટ લાગ્યા વિના આત્માનો અનુભવ થતો નથી. તો પછી બીજું શું કહેવું ? ગુરૂઓ દેવો તારવા માટે સહાયકારી છે પરંતુ જીવોને અન્તરદૃષ્ટિથી પૂર્ણ વિશ્વાસ નથી. મોહીને બહિરાત્મભાવ ગમે છે, અંતરાત્મભાવ ગમતો નથી. પોતાની પરીક્ષા માટે ક્ષણ માત્ર પણ વિચાર ન થતો હોય, ત્યાં અન્ય માટે અભિપ્રાય બાંધવો તે મૂઢતા છે. દેહ નામના અધ્યાસ વિનાની ભક્તિ હોવી જોઇએ. સકામ ભાવનામાંથી નિષ્કામ ભાવનામાં ગયા વિના ભક્તિ રસનો આસ્વાદ લેઈ શકાતો નથી. સત્સમાગમ વિના કોઇ પણ જીવ ઉંચો આવી શકે નહિ. જીવને પોતાના માટે ખાસ કાળજી હોય તો હજારો ગાઉ સુધી જાય અને આત્મભોગ આપી કંઈ મેળવી શકે, ગુરૂના કહ્યા પ્રમાણે ન ચાલતાં આત્મા પોતાની પાસે રહેલા મનના કહ્યા પ્રમાણે ચાલે છે તેથી આત્માનો અવાજ સાંભળી શકતો નથી. ધર્મ સાધન કરશો.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ પાદરા.

શ્રાવણ સુદિ ૫ સં. ૧૯૭૫

સાણંદ તત્ર સુશ્રાવક શા. મણિલાલ વાડીલાલ યોગ્ય ધર્મલાભ. પત્ર પહોંચ્યો.

અશુભ કર્મોદયથી દુઃખ પડે તેથી ગભરાવું નહિ. બાહ્યનાં સુખ અને દુઃખ, વાદળની છાયાપરે આવે છે અને જાય છે. ધર્મીને પૂર્વભવના કર્મોદયથી દુઃખ ભોગવવું પડે છે પણ તેથી તે દેવગુરૂ ધર્મથી વિમુખ થતો નથી. પુરૂષાર્થ કરતાં કર્મોદયથી દુઃખ પડે તો પણ હિંમત ન હારવી. જે કરવું તેનો ઘણો વિચાર

કરવો. કર્મ ભોગવતાં મોહ ન કરવો, તેમજ આનંદી રહેવું. આકાશની પેઠે આત્માને સર્વ સંગ છતાં અસંગ જાણીને નામ-રૂપના મોહથી મુક્ત રહેવાના વિચારો કરવા. નકામી વાતો ન કરવી. નકામું બોલવું નહિ. પોતાની પાછળની જીંદગીપર વિચાર કરી જવો. આત્માવલંબી થવું. પોતાની પ્રસંશા જાતે ન કરવી. અનુભવ થયા વિના કોઇનાપર મત ન બાંધવો. વિચારીને બોલવું. કોઈના બૂરામાં ઉભા ન રહેવું. વિશ્વાસીના વિશ્વાસનો ભંગ ન કરવો. સમયાનુસારે વર્તવું. દેવગુરૂ ધર્મની આરાધના કરતા રહેશો.

इत्येव ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સાણંદ તત્ર સુશ્રાવક શા. રાયચંદ રવચંદ યોગ્ય ધર્મલાભ સંતાનપર સ્વાભાવિક રાગ હોય છે ત્રિભુવનના મૃત્યુથી તમને

હૃદયાઘાત થાય તેમાં આશ્ચર્ય નથી. શરીર નામ જેવાં પ્રગટે છે તેવાં વિણસે છે પોતાની ફર્જ બજાવવી. અન્ય આત્મા અને શરીર અન્ય તે પોતાનાં નથી. આત્મા અમર છે તેથી તેનો શોક ઘટતો નથી. જો શરીરનો શોક કરવો માનો તો તે પણ સદા રહેતું નથી. વસ્ત્રની પેઠે શરીર બદલાય છે તેમાં મોહ શો ? ત્રિભુવનનું શરીર અને આત્મા બન્ને આયુષ્યથી સંબંધી હતાં. આયુષ્ય ક્ષયે તેની પેઠે શોક કરનારને પણ જવાનું છે, તેની સ્ત્રીની પણ ચિંતા કરવા જેવું નથી. તેના કર્મ પ્રમાણે બન્યું છે અને બનશે. વંશના અસ્તિત્વ માટે પણ શોક કરવો યોગ્ય નથી, કારણકે તે ઇચ્છાધીન નથી. પ્રેમયોગથી શોક કરતા હો તો તે પણ યોગ્ય નથી તેના આત્માની સાથેનો પ્રેમ સત્ય છે તે તો ત્રણ કાલમાં એક સરખો છે, શરીરનો પ્રેમ ક્ષણિક છે, જો ગુણનો પ્રેમ હોય તો ગુણોથી

ખુશ થાઓ, શોકની જરૂર નથી. મોહથી મુંઝાવું તે આત્માની અજ્ઞાનતા છે. મોહથી કોઈ સત્ય શાન્તિ પામ્યું નથી અને પામનાર નથી. નામરૂપના મોહને વિસરો !! અજ્ઞાનથી વારંવાર ન મરો આત્મભાવે જાગ્રત્ થાઓ! વિશ્વમાં આવું સર્વત્ર બન્યા કરે છે માટે વ્યવહાર જાળવી આત્મોપયોગે રહો.

સંવત્ ૧૯૭૬ ના શ્રાવણ સુદિ ૨

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સંવત્ ૧૯૭૬

મુ. માણસા તત્ર સુશ્રાવક શા પોપટલાલ ચુનીલાલ શા. સોમચંદ શા. નાથાલાલ લલ્લુભાઈ શા. ચંદુલાલ તલકચંદ આદિ યોગ્ય ધર્મલાભ. તમારો સાંવત્સરિક ક્ષમાપના પત્ર પહોંચ્યો. કોઈની સાથે વૈર બુદ્ધિ ન રાખવી. આત્મા અને કર્મનું સ્વરૂપ સમજવા માટે આત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચવાં, યુવાવસ્થામાં જેટલું ધર્મસાધન કરશો તેટલું થશે. યુવાવસ્થા હારી તેણે સર્વ હાર્યું. યુવાવસ્થા જીતી તેણે સર્વ જીત્યું. યુવાવસ્થાનો સદુપયોગ કરો. જેની સંગતિથી ગુણશક્તિ આદિનો લાભ મળે તેની સંગતિ કરો. ગંભીર અને વિવેકી થાઓ. મન ઘોડાપર આત્માને સ્વાર બનાવો. અધર્મથી પાછા હઠો. નીતિથી પ્રમાણિક બનો. ધર્મ સાધન કરશો,

અર્હં ૐ મહાવીર શાંતિઃ ૩

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

સંવત્ ૧૯૭૬ દ્વિતીય શ્રાવણ સુદિ ૪

શ્રી સાણંદ તત્ર સુશ્રાવક શા. રાયચંદ રવચંદ યોગ્ય ધર્મલાભ. પત્ર પહોંચ્યો વાંચી સમાચાર જાણ્યા. પુસ્તકો છપાવવા ભાઈ ત્રિભુવન પાછળ પાંચસે રૂપૈયા કહ્યા તે જાણ્યું. પુસ્તક

છપાવવા વિચાર થશે તો જણાવીશ. આ સાલમાં લેખન વાંચન કરતાં આત્મશુદ્ધોપયોગમાં રહેવા વિશેષ કાલ કાઢું છું. જેમ જેમ દુઃખ રોગ આવે છે તેમ તેમ અંતરમાં વિશેષ ઉપયોગ રહે છે. જ્ઞાનીઓને જે કાંઇ થાય છે તે વૈરાગ્ય તથા આત્મોપયોગમાં વૃદ્ધિ માટે થાય છે. કોઈ પોતાનું છે નહિ અને થવાનું નથી. આત્માની શાંતિ આત્માજ પ્રાપ્ત કરી શકે છે. આત્માને અન્યથી શાંતિ આરામ થયો નથી માટે મિથ્યા ભ્રાન્તિ ત્યાગ કરો. પોતાની શાંતિ માટે સ્વાર્થમય ભાવનાથી, અન્યની ઉપયોગિતા સારી ગણવા કરતાં ત્રિભુવનના આત્મા માટે ત્રિભુવનની ઉપયોગિતા સારી ગણવી એજ પરમાર્થ દૃષ્ટિ છે. આત્માજ આત્માનો ઉદ્ધાર કરી શકે છે. સ્વાશ્રયી બનો, અને સર્વ વિપત્તિયોને આત્મોપયોગે સહન કરો. કર્મનો ઉદય જે આવ્યો તે સમભાવે વેદી દ્યો. આપણે અન્યોના અવલંબનમાં વિશ્વાસ માની સુખ માની ઠગાવું ન જોઈએ. સર્વ બાબતમાં નિર્લેપ રહેવાનો અભ્યાસ કરો! જેટલો અશુદ્ધ રાગ થયો હોય તેટલો વૈરાગ્ય થાય છે તોજ આત્મા સમભાવે આત્મભાવમાં રમી શકે છે. જે થયું છે અને થશે તેમાં કર્મ મુખ્ય હેતુ ભૂત છે અને તે કર્મનો કર્તા આત્મા છે તો પછી તેના ભોક્તા બનો તે ન્યાય છે. કર્મની ન્યાય્ય સત્તાને તાબે થઇ કર્મનું દેવું ચૂકવવું જોઇએ. આત્મજ્ઞાન થયા પછી ઉદયમાં આવેલાં કર્મો ભોગવતાં અનેક કર્મની નિર્જરા થાય છે અને તેથી આત્મામાં નવો પ્રકાશ જાગ્રત્ થાય છે એવો આત્મપ્રકાશ મેળવો. કર્મ ભોગવતાં વીર બનવું જોઇએ અને હિંમત રાખી કર્તવ્ય કરવું.

ॐ अर्हं महावीर शान्तिः ३

લેખક બુદ્ધિસાગર. મુકામ લોદરા.

સ. ૧૯૭૮ માઘ સુદિ ૪.

મુકામ મુંબાઇ તત્ર સુશ્રાવક મેસાણાવાળા શા. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ. વિ. પુદ્‌ગલાનંદદશામાંથી આત્માનંદ દશામાં જવામાં આત્મજ્ઞાની થવું. મિથ્યાત્વી અજ્ઞાનીને પુદ્‌ગલથી આનંદ મળે છે એવો નિશ્ચય વર્તે છે અને તેની પ્રવૃત્તિ પણ ખાસ પુદ્‌ગલાનંદની ( જડાનંદની ) પ્રાપ્તિ માટે હોય છે. બહિરાત્મા પુદ્‌ગલાનંદી હોય છે. અન્તરાત્મા પુદ્‌ગલનો ભોગી હોય છે છતાં તે પુદ્‌ગલમાં આનંદ છે એવા નિશ્ચયવાળો હોતો નથી, તેતો આત્મામાંજ સત્ય આનંદ માને છે, ભોગાવલીકર્મના ઉદયથી ગૃહાવાસી તીર્થંકરોની પેઠે તે પૌદ્‌ગલિક વસ્તુઓનો ભોગી બને છે પણ અંતરમાં પૌદ્‌ગલિક વસ્તુઓની આસક્તિ નહિ હોવાથી અંતરમાં અભોગી હોય છે અને આત્માના આનંદગુણના ભોગ ભોગવવાનો પ્રેમી બને છે. આત્મજ્ઞાની આત્માના આનંદનો નિશ્ચયી હોય છે તેથી તે શરીર ઇન્દ્રિય અને મનદ્વારા પૌદ્‌ગલિક આનંદ ભોગવવાના નિશ્ચય રાગ પરિણામથી મુક્ત હોય છે. સમ્યગ્જ્ઞાની આત્માનંદની શ્રદ્ધાપ્રીતિ પ્રવૃત્તિવાળો છે તેથી તેને અવળું પણ સવળું પરિણમે છે. પુદ્‌ગલમાંજ સુખ છે એમ દૃઢ નિશ્ચય કરનાર પુદ્‌ગલાનંદી અજ્ઞાની છે એમ જાણવું. દેહ દ્વારા દેવલોક અગર સ્વર્ગનાં સુખ ભોગવવાની ઇચ્છા તે પુદ્‌ગલાનંદીનું લક્ષણ છે. કેટલાક લોકો પુદ્‌ગલાનંદ અને આત્માનંદને એક કરી જાણે છે તે અજ્ઞાની છે. કેટલાક આત્માનંદનો અનુભવ કરી શકતા નથી પણ આત્માનંદની શ્રદ્ધાપ્રીતિ ધારણ કરે છે તેવા લોકો પૈકી કેટલાક આત્માનંદને જ્ઞાની ગુરૂની કૃપાથી પામે છે અને કેટલાક પાછા પુદ્‌ગલાનંદમાં પાછા આવે છે. પુદ્‌ગલાનંદના પ્રદેશમાંથી આત્માનંદ પ્રદેશમાં જતાં વચ્ચે પડવાનાં કારણો પણ હોય છે અને ચડવાનાં કારણો પણ હોય છે, એકવાર જો આત્મા-

નંદ રસનું આસ્વાદન થયું તો તે પછી દેહ ઇન્દ્રિયદ્વારા દેહ ઇન્દ્રિયાદિ વસ્તુઓના ભોગમાં આનંદબુદ્ધિ રહેતી નથી, પશ્ચાત્ દેહ ચામડીરસ તથા રૂપરસનો મોહ રહેતો નથી. સર્વ ઇન્દ્રિયોની પ્રવૃત્તિ છતાં અંતરૂમાં ઇન્દ્રિયદ્વારા રસ ભોગવવાની બુદ્ધિ રહેતી નથી. એવી દશા પ્રાપ્ત કરવા માટે આત્માનંદી સદ્ગુરૂનો સમાગમ અને તેમના શરણની જરૂર છે. સર્વ પ્રકારે બાહ્યાંતર ધર્મ સાધન કર્માનુષ્ઠાનો આચરવાનું મુખ્ય કારણ આત્માનંદ પ્રાપ્તિ કરવી તેજ છે. મનુષ્યદેહે જીવતાં છતાં એકવાર પણ આત્માનંદ ભોગવ્યો તો જીવ્યું લેખે છે. આત્માનંદ માટે જે પ્રેમ તે પ્રેમ છે બાકી મોહરાગ છે. આત્માનંદ પ્રાપ્તિ માટે દેવગુરૂ સંત સાધુનું અવલંબન કરવું. સર્વ આત્માઓપર પ્રેમ તે પ્રેમ છે અને જડવસ્તુઓપર રાગ તે મોહ છે. આત્માનંદ રસ રૂચિ માટે જીવવું તે આત્મજીવન છે બાકી જડ વસ્તુથી સુખ ભોગવવા જીવવું તે જડ માયાજીવન છે. આત્મજીવને જીવવા ઉપયોગી થાઓ! આત્મજીવન તે સ્વતંત્ર સ્વરાજ્ય છે એવું સ્વતંત્ર આત્માનંદ રાજ્ય પામેલાને બાહ્ય રાજ્યની શી જરૂર છે? દેહનું આરોગ્ય અને દેહની પાપરહિત નિર્દોષ ધર્મ્યપ્રવૃત્તિ અને ધર્મ્યકાય ગુપ્તિ તે દેહનું સ્વરાજ્ય છે. વાણીની સત્ય વ્યાપાર પ્રવૃત્તિ તે વાણીનું સ્વરાજ્ય છે. મનની શુદ્ધ અને અધર્મ્ય કષાય રહિત પ્રવૃત્તિ તથા મનોગુપ્તિ તે મનનું સ્વરાજ્ય છે. મનવાણી કાયાનું આત્માના તાબે રહેવું અને આત્માદેહાદિ પ્રવૃત્તિમાં અગર નિવૃત્તિમાં આત્માનંદ અનુભવવો તે આત્માનંદ રાજ્ય છે. બાહ્ય વસ્તુઓની આશા તૃષ્ણા વાસનાથી આત્માનો આનંદ પ્રાપ્ત થતો નથી. આત્માનંદ નિત્ય છે અને પુદ્‌ગલાનંદ અનિત્ય છે. વર્ણ ગંધરસ સ્પર્શવાળા પુદ્‌ગલોથી જે આનંદ માનવો તે પુદ્‌ગલાનંદ છે. આત્માના આનંદ અને શાતામાં ભેદ છે. પુદ્‌ગલાનંદ તે શાતાવેદનીય છે. પુણ્યોદયથી શાતાવેદનીય અર્થાત્ પુદ્‌ગલાનંદની પ્રાપ્તિ છે. આત્મજ્ઞાનીને શાતાવેદનીયનો ભોગ છે. પુદ્‌ગલાનંદ વર્તે છે પણ તેમાં તે આત્માનંદ માનતો

નથી અને પુદ્ગલાનંદ લેવા માટે સર્વ વિશ્વ લોકો બાહ્ય રાજ્ય વ્યાપાર સમાજ વગેરેની વ્યવસ્થા કરે છે અને રાગદ્વેષથી મુંઝાઇને આત્માનંદ તરફ લક્ષ્ય રાખતા નથી. આત્માનંદની પ્રાપ્તિ તેજ પરમાત્માની-પરમેશ્વરની પ્રાપ્તિ છે. આત્માનંદનો એકવાર પણ અનુભવ આવ્યા વિના પુદ્ગલાનંદની આસક્તિ છૂટતી નથી. પુદ્ગલાનંદ માટે અનંતીવાર જન્મ મરણ કર્યાં. પુદ્ગલાનંદની પાછળ અનંત દુઃખ છે. પુદ્ગલનો મોહ અને આત્મ પ્રેમ બન્ને સાથે રહી શકે નહિ. આત્માનંદનો અનુભવ આવ્યા પછી પુદ્ગલભોગો છતાં પણ તેમાં રસ ન પડે ત્યારે આત્માનંદ રાજ્યમાં મુક્તિ રાજ્યમાં પ્રવેશ થાય છે. પુદ્ગલની ઋદ્ધિ સિદ્ધિ મહત્તા તે સ્વપ્નની પેઠે ક્ષણિક કલ્પિત છે તેમાં રાગદ્વેષથી ભવ પરંપરાની વૃદ્ધિ થાય છે. સ્વપ્નકલ્પનાજન્ય સુખ સમાન બાહ્ય રાજ્યાદિકનાં ક્ષણિક સુખની પાછળ અનંત દુઃખ છે. વિષયાનંદ પુદ્ગલાનંદ, ભોગાનંદ, વિષયરસ, ઇન્દ્રિય સુખ તે એકજ પર્યાય વાચી શબ્દો છે. વિષયાનંદી ગુલામ છે અને આત્માનંદી પ્રભુ છે. આત્માનો આનંદ પામવો હોય તો પ્રથમ આત્મજ્ઞાન કરવું જોઇએ. આત્માનંદી શરીરથી ખાનપાનાદિ સર્વ વ્યવહાર કરે છે પણ તે આનંદ તો આત્મામાંજ અનુભવે છે તેથી તે શાતાવેદનીય કારક વિષયોના અભાવે મસ્ત રહે છે. રોગાવસ્થામાં પણ તે આત્માનંદથી આનંદી દેખાય છે. જે લોકો આત્માનંદની ઇચ્છાએ બાહ્ય વિષયોને ત્યાગે છે અને આત્માનુભવ કરી શકતા નથી, તેઓ ઉદાસીન શુષ્ક અને રસરહિત ગમગીન શોકી દેખાય છે એવી વચલી દશામાંથી પસાર થવું તે મહા કઠીન છે. એવી વચલી દશામાં અસંખ્યવાર મનવાણી કાયાની પ્રવૃત્તિ પુદ્ગલાનંદ તરફ થાય છે અને અસંખ્યવાર આત્માનંદ તરફ થાય છે. ઘડીમાં જડમાં મન અને ઘડીમાં આત્મા તરફ મન એમ વારંવાર મન ફર્યા કરે છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં અને આત્માનંદની અંશે અંશે ઝાંખી અનુભવ થતાં પશ્ચાત્ અન્તરાત્મદશા પ્રગટે છે અને પશ્ચાત્ ભોગાવલી કર્મના ઉદયથી પુદ્ગલભોગ જો કે થાય

છે તો પણ આત્માનંદનો નિશ્ચયાનુભવ ટળતો નથી તેથી આત્મજ્ઞાનીનો ઉપયોગ ( સુકાન ) આત્મા તરફજ હોય છે તેથી તે અન્તરાત્મદશાનાં ઉત્તરોત્તર ગુણસ્થાનકોમાંથી પસાર થઇ પૂર્ણાનંદ જ્ઞાન પ્રાપ્તિરૂપ પરમાત્મપદને પામે છે. અન્તરાત્મદશામાં આત્માનંદનો ભોગ વર્તે છે અને શાતાવેદનીયનો ભોગ પણ વર્તે છે. પ્રારબ્ધ કર્મરૂપ શાતાવેદનીય ભોગને ભોગવ્યા વિના છૂટકો થતો નથી. જેને એકવાર પણ વિષયાનંદથી ભિન્ન અંતરમાં આત્માનંદની બે ઘડી સુધી ઝાંખી પ્રગટી તે અવશ્ય પરમાત્મપદ મુક્તિપદને પામે છે આત્માનંદની એવી ઝાંખી ક્ષયોપશમ ભાવે, ઘણીવાર આવી છે અને એની ઘેનની મસ્તદશા અનુભવી છે એમ આત્મા કથે છે. તમને આત્માનંદનો વિશ્વાસ બેસે તે માટે સ્વગત દશા જણાવી છે. જડવાદીઓ જડમાંજ સુખ માને છે પણ મેં તો આત્માનંદ અનુભવ્યો છે. ક્ષાયિકભાવે આત્માનંદની પ્રાપ્તિ માટે હવે તો ખાસ લક્ષ્ય છે. આત્માનંદ તેજ અમૃત છે તેના ભોક્તા સુર જ્ઞાની છે. પુદ્ગલાનંદના ભોક્તા અસુર અજ્ઞાની છે. આત્માનંદ અરૂપી છે. આત્માજ આત્માનંદનો ભોક્તા આત્મોપયોગે છે.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદ્રા.

સંવત્ ૧૯૭૮ માઘ સુદિ ૪

સુરત વિદ્યાર્થી જીવન રસિક પ્રિય શિષ્ય–ભાઇ–યોગેન્દ્ર ધનસુખભાઇ યોગ્ય ધર્મલાભ–પત્રથી સમાચાર જાણ્યા. આનંદ. જે જે વિષયોનો અભ્યાસ કરતા હોવ તેમાં તલ્લીન થાઓ–વિષયની સાથે તન્મયતા થવાથી અને વારંવાર તેનું સ્મરણ મનન નિદિધ્યાસન થવાથી તેનું જ્ઞાન પ્રગટે છે. વિદ્યાર્થી જીવનનું ધ્યેય લક્ષ્યમાં રાખશો. આત્માની ઉન્નતિ થાય એમ પ્રવર્ત્યા કરશો. આ વિશ્વમાં આત્મા સર્વ કરવાને શક્તિમાન્ છે એવા દૃઢ નિશ્ચયથી પ્રવર્તશો. આત્માના સદ્ગુણો ખીલો અને મનવાણી કાયાથી

ધર્મ્ય સ્વાર્થ તથા પરમાર્થ કાર્યની પ્રવૃત્તિ થાય એજ યોગનું રહસ્ય છે એમ નિશ્ચય કરી જ્યાં ત્યાં યદા તદા પ્રવર્તો. નામરૂપના મોહાવરણને જીતો. પ્રથમ આત્માના શુદ્ધ જ્ઞાનાનંદના શુદ્ધ સત્ય સ્વરાજ્યના રાજા બનો. સ્વર્ગીય રાજ્ય તે આત્માનંદ છે તેને આત્મા આત્માવડે ગુરૂકૃપા સદ્બોધથી પામી શકે છે. પ્રભુપદ પામવા માટે પ્રભુ સ્વરૂપ થૈ વર્તવું જોઇએ નામ રૂપના મોહથી મરો એટલે પ્રભુમય તમે બનશો. તમારા વિદ્યાર્થી જીવનમાં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષની કેલવણી ગ્રહો. ક્ષણ માત્ર પણ આલસ્ય ન કરો. સ્વતંત્રતા અને સ્વછંદતાનો ભેદ સમજો. પ્રબલ પુરૂષાર્થ અને હોંશથી આગળ વધો. સ્વોન્નતિના માર્ગમાં વહો.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સંવત્ ૧૯૭૮ માઘ સુદિ ૫

મુ. મુંબાઇ તત્ર પ્રિય શિષ્ય. ભાઇ જયન્તીલાલ ઉત્સવલાલ યોગ્ય ધર્મલાભ-વિશેષ હાલ અભ્યાસમાં પૂર્ણ લક્ષ્ય રાખવું બીજી કોઇ બાબતમાં પડવું નહિ. હિમ્મતથી અભ્યાસ કરો વિપત્તિયોને સહ્યા વિના કોઈ મહાન્ થતો નથી. જેટલું દુઃખ તેટલું ભવિષ્યમાં સુખ છે' સર્વ પાઠ્ય પુસ્તકોને વાંચી જવાં. ઉદ્યોગીને સર્વ સિદ્ધિયોની પ્રાપ્તિ થાય છે. વિદ્યાર્થીજીવનમાં ઉત્સાહ રસ, સદાશય, પ્રબલ પુરૂષાર્થ, એક ધ્યાન અને નકામી વાતો મોજશોખથી વેગલાપણું તથા વખતસર કાર્ય કરવાની નિયમિતતા ખાસ જોઇએ. એવા વિદ્યાર્થીઓની સહાયે દેવો આવે છે. રણનાં યોદ્ધો જેમ શૂરતાથી લડે છે તેમ દુર્ગુણો સાથે લડવું જોઇએ. આત્મામાં અનંતજ્ઞાન છે તે સદ્ગુરૂ ગમ, તથા બાહ્યાભ્યાસ આદિથી પ્રગટ થાય છે. આત્માપર આવેલાં અજ્ઞાન મોહ વગેરે આવરણો દૂર કરો. દેવગુરૂની કૃપા મેળવવા ભક્તિના માર્ગે આગળ વધો.

इत्येवं अर्हं ॐ महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૫.

અમદાવાદ તત્ર સુશ્રાવક વિદ્યાર્થી......................યોગ્ય ધર્મલાભ વિશેષ શુદ્ધ હવા, શુદ્ધ જલ, સાત્વિક ખોરાક અને સાત્વિક વિચાર, કસરત અને ભૂખ લાગે ત્યારે ભોજન કરવું, એવા નિયમથી શરીર આરોગ્ય જાળવો. પ્રાણાંતે અસત્ય ન બોલો, તમે યુવાવસ્થામાં પ્રવેશ પામ્યા છો. વિદ્યાભ્યાસ પર્યંત મનવાણી કાયાથી બ્રહ્મચર્ય જાળવો. કામાદિ અશુભ વિચારોને મનમાં પેસવા ન દો. પ્રમાણિકપણે વર્તો. નિયમિત રીતે અભ્યાસાદિ કર્તવ્ય કરો. વિષયની વૃત્તિયોને ઉશ્કેરે એવું કોઇપણ પુસ્તક ન વાંચો અને એવી કોઇ તરફની વાત પણ શ્રવણ ન કરો. કોલેજના મિત્રોની સાથે નકામાં ગપ્પાં ન મારો. નકામાં ઉડાઉ ખર્ચ ન કરો, કુમિત્રની સંગતિ ન કરવી. પોતાના ઘરની સ્થિતિનો વિચાર કરવો. રાત્રી કરતાં દિવસે વિશેષ વાંચો, રાત્રીમાં મનન કરો. રાત્રીમાં દીપકના આશ્રયથી વાચન અત્યંત અલ્પ કરો વા બંધ કરો. ૫। કલાક વાંચો તો એક કલાક તેજ બાબતનું મનન કરો. ચિંતા શોકના વિચારો ને પ્રગટવા ન દેવા. માબાપનો ઉપકાર ન ભૂલો. પ્રાચીન જૈન આર્યધર્મનું રહસ્ય સમજ્યા વિના કોઇપણ મત ન બાંધો. વસ્ત્ર વગેરેમાં અલ્પ ધન વ્યય કરો. દેવગુરૂ ધર્મની શ્રદ્ધામાં દૃઢ રહો. શુદ્ધ પ્રેમ, શ્રદ્ધા, ઉત્સાહ ઉદ્યમથી વર્તમાન કાલીન કર્તવ્યોમાં તત્પર રહેવું.

इत्येवं अर्हं ॐ महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૬.

સુરત તત્ર. ધર્મજિજ્ઞાસુ રતિલાલ નાનાલાલ યોગ્ય ધર્મલાભ.

વિશેષ. તમારા બન્ને પત્ર પહોંચ્યા. વાંચ્યા, આનંદ, વિદ્યાર્થી જીવન ઉચ્ચ કરવું, શુદ્ધ કરવું, શ્રદ્ધા પ્રેમ, ઉત્સાહ, ખંત, વિનય, વિવેકથી ઉચ્ચ થશે, સન્મિત્રોની સોબત કરશો, એક પણ દુર્વ્યસનના તાબે ન થશો, વારંવાર વિચારી વિચારીને કોઈપણ પ્રવૃત્તિ પ્રારંભશો, તમારી બુદ્ધિ શ્રદ્ધા પ્રીતિના આદર્શભૂત કોઈ-પણ ધર્મગુરૂદ્વારા સર્વવ્યાપક પ્રભુમય જીવન પ્રગટાવવા, પુરૂષાર્થ કરશો. તમારા આત્માનો અને પ્રભુનો સાક્ષાત્કાર કરાવીને તમને નામ રૂપમાં નિર્લેપ રાખી કાર્યયોગી બનાવે તે તમારો ગુરૂ પ્રભુ શરણ્ય છે, તમારા આત્મામાંથી પ્રભુત્વ ગુરૂત્વ છે તેને ગુરૂગમથી પ્રગટાવો. બ્રહ્મચર્યથી દેહ વીર્યનું રક્ષણ કરો, અને અધર્મ્ય કામાદિ અશુભ વિચારો રોકીને આત્મવીર્ય પ્રગટાવો. આત્મા તેજ નયોની અપેક્ષાએ હરિ, રામ, કૃષ્ણ, મહાવીર, ખુદા, ઇશુ આદિ રૂપે અનુભવાશે. એટલે તમો આત્માના સ્વરાજ્યના પ્રભુ બનશો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૬

શ્રી સાણંદ. તત્ર. સુશ્રાવક. શા દલસુખભાઈ ગોવિંદજી તથા શા. ભોગીલાલ શાંતિભાઈ યોગ્ય ધર્મલાભ વિ. પ્રભુની પૂજામાં આલસ્ય ન કરવું. ધર્મ વ્યાખ્યાન શ્રવણ કરવું, અગર તે ન બને તો સ્વયોગ્ય ધર્મનું પુસ્તક વાંચવું. નિયમિત રીતે કર્તવ્ય કાર્ય કરવું. સાંસારિક જડપદાર્થોની અનિત્યતા વિચારી તેમાં આસક્ત ન થવું. દરરોજ એક સામાયિક અને નમુક્કાર-

સહિયંનું પ્રત્યાખ્યાન તથા દેવસાધુ ગુરૂ દર્શન ગુરૂદર્શન અને ત્યાં સુધી કરીને ખાવું. એક ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું. સાધુઓની સેવાભક્તિ કરવી. ક્રોધ રીસને પ્રગટ થતાંજ વારવી. દરરોજ અભ્યાસ કરવો. ઝાડે જવા દૂર જવું અને શુદ્ધ હવાનું સેવન કરવું. ગરીબ લોકને સહાય કરવી. જેની સંગતિથી ધર્મ જ્ઞાન શક્તિ શુદ્ધ પ્રેમ પ્રગટે તેની સંગતિ કરવી. ગુરૂનિન્દક નાસ્તિક અલ્પજ્ઞાનીના બોલપર વિશ્વાસ ન મૂકવો. ગંભીર મન રાખવું. વડાઓની સાથે વિનયથી વર્તવું. સ્વદારાની સાથે શાસ્રોક્ત રીતે બ્રહ્મચર્ય જેમ પળાય તેમ વર્તવું. દેહ વીર્યનું આત્માની પેઠે રક્ષણ કરવા પુરૂષાર્થ કરવો. દેવગુરૂની સેવા ભક્તિ કરવી. આવકના અનુસારે ખર્ચ કરવો. વ્યવહાર કુશલ થવું તથા પ્રમાણિક થવું. આત્માના ગુણો પ્રકટાવવા અને કષાયો ઉપશમાવવા, એજ જૈનધર્મનું રહસ્ય છે.

इत्येवं ॐ अर्हं महावीर शांति.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

માઘ સુદિ ૭

શ્રી પાદરા તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, સુશ્રાવક, વકીલજી શા. મોહનલાલ તથા માણેકલાલ વરજીવન, પ્રેમચંદભાઈ તથા ભાઈલાલ વગેરે યોગ્ય ધર્મલાભ. વિશેષ ગુરૂગીત ગુંહલી સંગ્રહમાં પાંચમી ગુરૂશ્રદ્ધાની ગુંહલી છે તે ત્યાગી ગુરૂનાં વ્યવહારવ્રતાચાર સંબંધી લખેલી નથી. એ ગુંહલીમાં શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ પ્રથમ ૭ ચરણ છે તેમાં સત્તાએ આત્મગુરૂ સંબંધી વિચાર છે તેથી તેમાં તે નયની અપેક્ષાએ વેષ વ્રતાદિક વ્યવહારનો ઉલ્લેખ નથી. બાકીની કેટલીક ગાથાઓમાં સમકિતદાયક ગુરૂની મહત્તા સેવના સંબંધી ઉદ્ગાર છે. ગુરૂનો આત્મા તેજ સ્વાત્મા સ્વીકારી ગુરૂશરણ સ્વીકાર્યું છે અને ગુરૂના આત્માની સાથે સ્વાત્માનું સાત્વિક ભક્તિએ અભેદત્વ સ્વી-

કારી ગુરૂશ્રદ્ધાની મહત્તા આજ્ઞાત્વ પાલન પ્રકાશ્યું છે. આત્માને દેવ-મહાવીર, વીર, ગુરૂઆદિ શબ્દે વર્ણવ્યો છે, શ્રદ્ધાવંત ભક્ત શિષ્ય છે તે શ્રદ્ધા પ્રીત ભક્તિના તોરમાં વેષવ્રતાચાર વગેરે બાહ્ય વ્યવહારને દેખતો નથી અને તે ગુરૂના આત્માની સાથે ઐક્ય અનુભવી સમકિતદાયક ગુરૂના આત્માને સ્વાત્માનું સમપર્ણ કરે છે અને તર્ક સંશય વગેરેને હઠાવી સમાવી ભક્તિની મુખ્યતાએ આત્મમસ્તીમાં મસ્ત બને છે. ગુરૂ તે સર્વસ્વ છે, એવા ભાવે પરિણમે છે અને અસ્તિનાસ્તિ ધર્મમય સર્વ દ્રવ્યો છે તે ગુરૂમાં અસ્તિ નાસ્તિની અપેક્ષાએ દેખે છે. બાહિરમાં અને અંતરમાં તે ગુરૂભક્તિ પ્રેમદષ્ટિએ ગુરૂને અનેક ભાવે જ્યાં ત્યાં જુવે છે. ગુરૂને દેહની અપેક્ષા સદેહી દેખે છે અને દેહ વિનાની દષ્ટિએ આત્મરૂપે નિરાકાર આત્મગુરૂને દેખે છે. સાત નયોની અપેક્ષાએ જેણે ગુરૂનું જ્ઞાન કર્યું છે, એવા ગીતાર્થ ગુરૂ પાસે ગુરૂગીત ગુંહલીનો ભાવાર્થ સમજ્યા વિના તેનો સમ્યગ્ અર્થ સમજાય તેમ નથી. દેવ, વીર, મહાવીર, ગુરૂ અને આત્માને એક ગુંહલીમાં સત્તાએ તથા વ્યક્તિએ આત્મગુરૂ સ્વરૂપે પ્રકાશ્યા છે. તે સર્વનયસાપેક્ષ જ્ઞાનીને સવળું પરિણમે છે. એકાંત વ્યવહારવાદી બાલજીવની અપેક્ષાએ તે લખ્યું નથી. ગુરૂગીત ગુંહલીની પ્રસ્તાવનામાં તે સંબંધી અમારી હાર્દિકશૈલી પરિભાષાએ ખુલાસો કર્યો છે. ગુરૂગમથી સાપેક્ષનયે તે બોધ્ય સત્ય છે.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३.

---

લેખક. બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૭

શ્રી મુંબાઈ તત્ર સુશ્રાવક શા. ત્રિભોવનદાસ છગનલાલ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર નથી. જૈનશાસ્ત્રોને ભણવી ને

પાંચ વિદ્યાર્થિયો તૈયાર કરવા માટે શા. મણીલાલ મહોકમે અમને જે યોજના દર્શાવી હતી તે સંબંધી અમોએ અમારા વિચારો તમને રૂબરૂમાં જણાવ્યા હતા. અમદાવાદની મહાસભા ભરાઇ તે પ્રસંગે ભાઇ. મણિલાલ મહોકમ અમને મળવાના હતા પણ તે વખતે મળ્યા નથી. હવે તો તમારી ઇચ્છા હોય તો રૂબરૂમાં આ તરફ મળશો, કયા સ્થાને શાળા સ્થાપવી તે સંબંધી અમોએ અમદાવાદમાં સ. ક. વિ. ની સલાહ લીધી હતી પણ તે કંઈ નિશ્ચયરૂપ સલાહ આપી શકે એમ નથી. માટે તમારે રૂબરૂમાં મળી નિશ્ચય કરવો. તમારા એકલા હાથે કરવાનું હોય તો તે કાર્ય જલ્દી થાય પણ બહુમતી વગેરેથી વાર લાગે તેમ તમો જાણો છો. ગીતાર્થમુનિ ગુરૂવિના ગૃહસ્થ વિદ્યાર્થીઓને જૈનધાર્મિક શાસ્ત્રોનું અધ્યયન કરાવવું તે મ્હને યોગ્ય લાગતું નથી. ગુરૂકુલવાસથી વિદ્યાર્થિયોને ધર્મનું સમ્યક્ પરિણમન થાય છે. જેને રૂચે તેમ પ્રવર્તે. ધર્મ કરવામાં અને સુપાત્રોમાં દાન દેવામાં, ધર્મોન્નતિનાં કાર્યો કરવામાં, જે આજ કરાય તે આજ કરવું પણ આવતી કાલપર કાર્ય ન છોડવું, આવતી કાલ કેવલી જાણે. સમુદ્રની ભરતી વખતે જલનો સંગ્રહ કરવો. સ્વાશ્રયી બનવું. અન્યોની મરજીપર કાર્ય ન છોડવું. આત્મભોગ આપ્યા વિના કાર્યની સિદ્ધિ નથી. કોઇ સારી બોર્ડીંગ સાથે ધારેલા કાર્યની વ્યવસ્થા કરવી, અગર બીજી રીતે તેમાં મારી સલાહ પ્રમાણે ચાલવું હોય તો રૂબરૂમાં મળવું. એક નિશ્ચય પર આવી જાઓ. પુનઃ પુનઃ સુ અવસર મળનાર નથી. ધર્મનાં કાર્યો કરવામાં ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરો. ધનથી મહત્તા નથી પણ ધન વ્યયથી ધાર્મિક કાર્યો કરવામાં જીવનની મહત્તા છે. પત્રોત્તર આપશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર

મુકામ પાદરા

૧૯૭૫ અષાડ સુદિ ૧૦.

વિજાપુર તત્ર સુશ્રાવક શા. મોહનલાલ જેશીંગ, શા. ભીખાભાઈ કાલીદાસ, શા. પોપટલાલ કચરાભાઈ, શા. છનાલાલ મુંજીરામ, શા. ચંદુલાલ ગોકળ તથા મફતલાલ લલ્લુ તથા મૂલચંદ છગન તથા વાડીલાલ હલસુખ વગેરે યોગ્ય ધર્મલાભ. વિ. અત્ર ચોમાસું થશે. વિ. વૈરાગ્ય કાયમ રહે એવાં વૈરાગ્યમય પુસ્તકોનું વાચન મનન કરશો. એકેક ઇન્દ્રિયના વિષયરાગે અનંત કાલ સંસારમાં પરિભ્રમણ થયું છે તો પછી પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં રાગદ્વેષ પરિણામે પરિણમતાં અનંત દુઃખ પ્રગટે તેમાં આશ્ચર્ય નથી. મોહના વશ પડેલા આત્માને ક્ષણ માત્ર શાંતિ સુખ નથી. સગાં સંબંધીના અસત્ય સ્નેહમાં મુંઝાઇને આત્માનો ધર્મ ન ગુમાવવો. મોહથી માનેલા સંબંધી દુઃખપ્રદ છે. વિષયોને વિષ સરખા જાણીને તેનાથી દૂર રહેવું. તન ધન વગેરે કોઇની સાથે ગયું નથી અને જનાર નથી. સ્વપ્નના સમાન સાંસારિક સુખ મિથ્યા છે. જડ વસ્તુથી કોઇને સુખ થયું નથી અને થનાર નથી. રાગદ્વેષની પરિણતિબુદ્ધિ એ જ માયા છે તે અસત્‌માં સદ્રૂપ આત્મા નથી. આત્મામાં અનંત સુખ છે તેને આત્મામાં આત્મરૂપે પરિણમી અનુભવો. જડ વસ્તુઓના સંયોગથી સુખ અને મોટાઈ નથી. દુનિયાદારીમાં અન્ય લોકોની પેઠે અધર્મવૃત્તિથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અસંતોષ, ભય, પરિગ્રહ સંજ્ઞાથી ઘસડાવું તે પાપ જીવન છે પણ ધર્મજીવન નથી. મન, વાણી, કાયાના ગુણો કરતાં આત્માના ગુણો અરૂપી અલૌકિક અને અનંતા છે. દુર્ગુણ દોષના વિચારો અને પ્રવૃત્તિયોથી મુક્ત થાઓ. સંસાર એ જ મોહીને મહાકાલ છે. સંસારનો રાગ તે જ દુઃખ છે. સર્વ કષાયોથી મુક્ત થવામાં મુક્તિ છે. સંસારમાં જેઓને સ્વકીય ધારો છો તે સ્વકીય નથી. જાણીને પુનઃ અધર્મ માર્ગમાં ન વહો. ઇન્દ્રિયો અને કષાયોના

ત્યાગે રહેવું તે જ જીવતાં નરક છે. જે જે અંશે આધિઉપાધિ રહિત થવું તે તે અંશે ધર્મ છે, મન, વાણી, કાયાના ધર્મ કરતાં આત્માનો ધર્મ જુદા પ્રકારનો છે. અનંતભવમાં ભોગવેલ ભોગમાં પુનઃ આસક્તિ ધરવી તે જ અજ્ઞાન મોહ છે. રાગદ્વેષની વૃત્તિ તે જ સંસાર છે. મોહથી પુનઃ પુનઃ ન મરો. આત્માના સત્તાએ રહેલા જ્ઞાન આનંદ ગુણાદિનો પ્રકાશ કરો ! ! જડવસ્તુમાં સુખની બુદ્ધિએ આસક્તિ તે જ આત્મદૃષ્ટિએ વ્યભિચાર, અસત્ય–ચોરી–હિંસા અને પરિગ્રહ છે. વિકથાઓમાં પ્રવૃત્ત ન થાઓ. હાથમાં આવેલી ધર્મની બાજીને ન હારો. અહંમમત્વની કલ્પના એ જ દુઃખ છે અને અહંમમત્વ રહિત દશામાં અનંત આનંદ છે. જાગો ! અરે ચેતો–ઉઠો ! સામાયિક–પૂજા, વ્રત, તપ, દાન, ધ્યાન, જ્ઞાનનો જપ કરો. નાટકીયાની પેઠે સંસારનું નાટક માની અંતરથી ન્યારા વર્તો. સંસાર ત્યાગીને આત્માની શુદ્ધિ માટે વર્તવું તે જ સત્ય કર્તવ્ય છે. ત્યાગી દશા ન ગ્રહાય તો ગૃહાવાસમાં વ્રતાદિક સાધવાં. ગુરૂની સેવા, ભક્તિ કરવી. અંતરથી નિઃસંગ રહેવું. ગુરૂના સદુપદેશ પ્રમાણે વર્તવું, નગુરા ન થવું. ભરમાઇ ન જવું. પ્રાણાંતે પણ પ્રમાણિકતા ન ત્યજવી. જ્ઞાનપૂર્વક સર્વ કરણી કરવી. ગાડરીઆ પ્રવાહની રૂઢિએ ન ચાલવું. આત્માની શુદ્ધિ તે જ ધર્મ છે માટે આત્મશુદ્ધિ કરવી, જૈનધર્મરૂપ આત્માના ઉપશમ ભાવી ક્ષયોપશમ ગુણોને પ્રગટાવારૂપ જિન ધર્મરૂપ સાધવા તત્પર થાઓ.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३ ॥

---

લે૦ બુદ્ધિસાગર.

મુ૦ લોદ્રા.

સં. ૧૯૭૯ માઘ સુદિ ૮.

શ્રી ઉનાવા તત્ર જૈનધર્મજિજ્ઞાસુ નાગર બ્રાહ્મણ મહાસુખ ભાઇ તથા દયાશંકર યોગ્ય ધર્મલાભ વિ. ગૃહાવાસ કરતાં ત્યાગ

દશા ઉત્તમ છે અને તે અહુણાની અત્યંત આવશ્યકતા છે એ વાત તમને હૃદયમાં અત્યંત અસર કરતી નથી, પરંતુ સમજવાનું એટલું કે નિવૃત્તિથી આત્માનું જ્ઞાન કરવાનો સમય મળે છે. સંસારની ઉપાધિના ત્યાગથી મનની આધિ પણ કેટલીક ટળે છે. ઉપાધિ અને વ્યાધિથી કેટલીક શારીરિક વ્યાધિયો પ્રગટે છે. ઉપનિષદોમાં આત્મજ્ઞાનનું એકાંત પ્રતિપાદન છે. જૈનશાસ્ત્રોમાં આત્મજ્ઞાનનું સમ્યગ્રીતે વિવેચન છે. જૈનશાસ્ત્રોમાં આત્મા અને કર્મનું સ્વરૂપ જેવું પ્રતિપાદન કર્યુંછે તેવું વેદોમાં અને ઉપનિષદોમાં સર્વનયસાપેક્ષાએ આત્માનું અને કર્મનું સ્વરૂપ યથાર્થ વર્ણવેલું નહિ હોવાથી ઈશ્વર, આત્મા, કર્મ વગેરેમાં (શંકરાચાર્ય, રામાનુજ, વલ્લભાચાર્ય, સાંખ્ય, જૈમિનિ, મધ્વાચાર્ય, દયાનંદ વગેરેએ મૂલ તત્ત્વ બાબતોમાં) ભિન્નભિન્ન અર્થ કરી ભિન્નભિન્ન મત પ્રતિપાદન કર્યા છે. જૈનશાસ્ત્રોમાં આત્મા, ઈશ્વર–કર્મ–જગત્ સંબંધી જે વિવેચન કર્યું છે તેને સાત નયોની અપેક્ષાએ સમ્યક્ સમજતાં અનુભવતાં વેદાંતાદિ શાસ્ત્રોમાં કથિત આત્માદિ તત્ત્વોનો પણ સમ્યક્ ખુલાસો થાય છે અને સર્વ નયોની સાપેક્ષાએ જૈન તત્ત્વદર્શનમાં વેદાંતદર્શન સમાય છે, તેમાં મતભેદ રહેતો નથી. એમ મેં જૈનશાસ્ત્રો અને વેદાંતશાસ્ત્રોના વાચન સ્મરણ અનુભવથી તથા આત્મજ્ઞાનાનુભવથી ધ્યાન સમાધિથી નિશ્ચય કર્યો છે. જૈનધર્મ તત્ત્વ જ્ઞાનનાં શાસ્ત્રોનું સાતનયે જ્ઞાન કરી વેદાંત શાસ્ત્ર વાંચવાથી મધ્યસ્થ ભાવે ઘણો રસ પડે છે અને આત્માનુભવ જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. સાત નયોના જ્ઞાનથી ઉપનિષદોમાં જે મતભેદ પડે છે તે ટળે છે. વેદાંતશાસ્ત્રોનું જ્ઞાન કરવું હોય તો પ્રથમ જૈન આધ્યાત્મિક તથા દ્રવ્યાનુયોગના શાસ્ત્રોથી અનેકાન્ત જ્ઞાન કરવું કે જેથી પશ્ચાત્ ઉપનિષદોનું અનેકાન્ત દૃષ્ટિથી પરિશીલન થાયછે. આત્માનું સમ્યગ્જ્ઞાન થાય છે અને વ્યવહારની શુદ્ધિ થાય છે.

જૈનધર્મશાસ્ત્રોનું, વેદાંતાદિકશાસ્ત્રોનું, બૌદ્ધ શાસ્ત્રોનું તેમજ અન્યધર્મીય શાસ્ત્રોનું રહસ્ય, દ્રવ્ય ક્ષેત્રકાલભાવથી જાણવું, અને તેની સમાજ સંઘ રાજ્ય દુનિયાના સર્વ લોકો જીવોપર નૈતિક સામાજિક શી અસર થાય છે તેનો અનુભવ કરવો અને જે જે અંશે જ્યાં ત્યાં સત્યતા હોય તેઓનું પરસ્પર સાપેક્ષ સંગ્રહન કરીને ચારિત્રની આરાધના કરવી. મનવાણી કાયાની શુદ્ધિ કરવી તથા આત્માના ગુણપર્યાયોની શુદ્ધિ કરવી. સેવા–ભક્તિ-યોગ, જ્ઞાનયોગ, કર્મયોગઆદિ અસંખ્યયોગો પૈકી જેને જે યોગમાં રસ પડે અને તેથી આત્મશુદ્ધિ થતી હોય તેને તે રીતે તે માર્ગે મોક્ષની પ્રાપ્તિ કરવા પ્રવર્ત્તવું એમ જૈનશાસ્ત્રો જણાવે છે, એવો સાગર જેવો ઉદાર જૈનધર્મનો સિદ્ધાંત છે, તેમાં અસંખ્ય ધર્મોના અસંખ્યયોગોનો અંતર્ભાવ થાય છે. જેવી રીતે સાપેક્ષદૃષ્ટિએ અમે જૈનશાસ્ત્રોમાં વેદાન્તતત્વને અંતર્ભાવ સમાવેશ કરીએ છીએ તેવી રીતે તેઓ જૈનતત્ત્વોનો વેદાન્તમાં સ્યાદ્વાદ દૃષ્ટિએ અંતર્ભાવ કરે તો તેથી સ્યાદ્વાદ જૈનધર્મ જ્ઞાનનો વિશ્વમાં પ્રચાર છે અને મોહનીયાદિ અષ્ટકર્મોથી લોકો મુક્ત બને એમ વિશેષતઃ સંભવી શકે, અમુક દર્શન મ્હારૂં છે અને અમુક બીજાનું છે એવો મારા ત્હારાપણાનો ભેદ પરિહરીને સર્વ નયોની અપેક્ષાએ આત્માદિતત્ત્વોનું જ્ઞાન કરવું. એમ કર-વાથી મ્હને પ્રભુ મહાવીરદેવની સર્વજ્ઞતાનો પૂર્ણ નિશ્ચય થયો છે. ષટ્દર્શનાદિ મંતવ્યો તે પ્રભુ મહાવીર દેવજિનનાં અંગ છે તેમ અનુભવાય છે, એવા જૈનધર્મમાં સર્વધર્મો છેજ એમ સર્વ નયસાપેક્ષદૃષ્ટિએ નિશ્ચય કર્યો છે. સર્વ વર્ણના ગુણકર્મોની વ્ય-વસ્થાનો પણ જૈનધર્મમાં સમાવેશ થાય છે. આત્માની પૂર્ણશુદ્ધિ તેજ પરમાત્મપદ છે એવી દશા પ્રગટી શકે છે. એવી રીતે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મ્હને હઠ કદાગ્રહ બુદ્ધિ વિના સત્યનો અનુભવ થાય છે. વ્યવહારથી ગમે તે દર્શની મનુષ્ય હોય–ગમે તે ધર્મી મનુષ્ય હોય પણ તેનાપર ભેદદૃષ્ટિ થતી નથી. આત્મ-ભાવે પ્રાયઃદૃષ્ટિ રહે છે. શાસ્ત્ર વાસના રહેતી નથી પણ શાસ્ત્રોનાં

સત્ય રહસ્યોનું અપેક્ષાએ સત્ય સમજાય છે. મ્હારી પાસે સર્વ ધર્મના મધ્યસ્થ મનુષ્યો આવે તો તેઓને હું સાપેક્ષ દૃષ્ટિએ સર્વ ધર્મદર્શન તત્ત્વોનો જૈનધર્મ દર્શનમાં અંતર્ભાવ થાય છે, તે સમ્યક્ રીતે સમજાવી શકું છું. હવે મ્હારો શ્રુતજ્ઞાનરૂપ સવિકલ્પ જ્ઞાનમાંથી આત્માનુભવજ્ઞાનરૂપ નિર્વિકલ્પ જ્ઞાનમાં પ્રવેશવાનો અનુભવ થયો છે, અને તે દેવગુરૂ કૃપાથી પ્રતિદિન વધતો જાય છે. ગુરૂગમથી સત્યની સર્વ અપેક્ષાઓ સમજાય છે. સર્વ જીવો સાથે આત્મદૃષ્ટિથી અંતરમાં આત્મભાવની લગની રહે છે. સર્વ ધર્મદર્શન મત પંથનું સાર એ છે કે પ્રથમ શુદ્ધ પ્રેમરૂપ ભક્તિથી હૃદયની શુદ્ધિ કરવી. સર્વ નયોનો સાર એ છે કે ચારિત્રની પ્રાપ્તિ કરવી. દુર્ગુણો ટાળવા અને સદ્ગુણો ગ્રહવા એવું જૈનધર્મનું ચારિત્ર તે અધ્યાત્મ ચારિત્ર છે તે આત્મશુદ્ધિકર છે.

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સમ્યક્ સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરવાથી અને ચારિત્રપાલનથી અન્તરાત્મત્વ પ્રકટે છે. આત્માના સ્વરૂપને સાતનયથી જાણતાં તથા નવતત્ત્વને સાતનયથી જાણતાં તથા ષડ્દ્રવ્યને સાત નયથી જાણતાં તથા ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, ઔદયિકભાવ અને પારિણામિકભાવનું સ્વરૂપ જાણતાં તથા દ્રવ્ય કર્મ અને ભાવ કર્મનું સ્વરૂપ જાણતાં, આત્માની શુદ્ધિ કરવાનું સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રકટે છે. આત્માની શુદ્ધતા ગમે તો પરમેશ્વરમાં ચિત્ત રાખી કરો, ગમે તો આત્મામાં ઉપયોગ રાખી કરો, ગમે તો સર્વ જીવોપર શુદ્ધ પ્રેમ સેવાભાવ રાખી કરો, ગમે તો જ્ઞાનયોગથી કરો, કર્મયોગથી કરો વા મંત્રયોગથી કરો, પણ આત્મશુદ્ધિ ધ્યેયને પ્રમાદથી ચૂકી ન જાઓ. ગુરૂની પૂર્ણશ્રદ્ધા પ્રીતિથી આત્માની શુદ્ધિમાં વિદ્યુત્ વેગે આગળ વધાય છે. આત્માનું સ્વરૂપ જાણવું તે બ્રાહ્મણત્વ છે તથા જાણીને મોહને હણવો તે ક્ષત્રિયત્વ છે. જૈનધર્મ શાસ્ત્રોમાં જણાવ્યું છે કે મોક્ષની પ્રાપ્તિ માટે જે જે અંશે ક્રોધાદિ કષાયોનો ત્યાગ અને યથાશક્તિ ધર્મમાં પ્રવૃત્તિ

કરવી તેજ આત્માર્થીનું લક્ષણ છે. આત્માને જાણનાર જીવતા છે, બાકી બાહ્યજીવનથી તો જીવનારા દ્રવ્યાત્માઓ છે. જેનામાં જ્ઞાન પ્રેમરસ નથી તે શુષ્ક છે. ઉદાસીન કંઈ પ્રભુરસને પામેલ નથી. પુદ્ગલરસમાં રસની બુદ્ધિ તે પણ આત્મરસાશ્રિત છે. આત્મા, મિથ્યાબુદ્ધિથી પુદ્ગલરસનો રસીલો બને છે અને જ્યારે ગુરૂકૃપાથી આત્મરસને જાણે છે ત્યારે આત્મરસનો રસીલો બને છે. પુદ્ગલમાં આનંદરસની ભ્રાંતિ છે પણ આનંદરસ નથી. આત્માના શુદ્ધાત્મ સ્વરૂપને સિદ્ધ અરિહંત તીર્થંકર મહાવીર અલ્લા–ખુદા–હરિ–રામ–બ્રહ્મ પરમાત્માઆદિ અસંખ્ય નામોથી જાણો અને તેનો ઉપયોગ ધરો એટલે આત્મશુદ્ધિરૂપ કાર્યની સિદ્ધિ થવાનીજ. આત્માનું દર્શન તેજ પરમાત્માના સર્વ નિક્ષેપથી પરમાત્માનું દર્શન છે. પાંચ ઇન્દ્રિયના વિષયની સુખબુદ્ધિ વિના આત્મામાં લયલીન થવાથી તથા મનના રાગદ્વેષની વૃત્તિ ઉપશમ-વાથી જે કાલે જે આનંદ થાય છે તેજ પરમાત્માની પ્રાપ્તિ છે. આત્માના આનંદ અનુભવથી સિદ્ધના પર્યાયના અનંત આનંદનો અનુભવ થાય છે. પૂર્ણજ્ઞાન અને પૂર્ણાનન્દની પ્રકટતા તેજ પરમાત્મદશાની પ્રકટતા છે. આત્માનો આનંદ અનુભવવો તેજ પ્રભુની પ્રાપ્તિ અર્થાત્જીવનમુક્તિદશા છે. જીવતાં વૈકુંઠ મુક્તિ તે આત્માના આનંદનો અનુભવ છે. સર્વથા પ્રકારે પુદ્ગલમાં રસ ન ઉપજે અને આત્માનો આનંદરસ જાણે પુદ્ગલમાં ઉભરાઇ છલકાઈ જતો લાગે ત્યારે સમજવું કે આત્માની જીવન્મુક્તિદશા પ્રગટી છે. ચતુર્થ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક ભૂમિકાથી આનંદરસની અંશે ઝાંખી પ્રગટે છે. વેદાંતની પ્રકાશાયલી જીવન્મુક્તિનો ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનકપર્યંતની અંતરાત્મદશામાં સમાવેશછે. જૈનશાસ્ત્રોમાં ચૌદમા ગુણસ્થાનકપર્યંત જીવન્મુક્તિની દશાછે. સર્વથા લખવાનું સાર એ છે કે મનવાણી કાયાની શુદ્ધિરૂપ વ્યવહાર જૈનધર્મ અને આત્માની શુદ્ધિરૂપ વ્યાપક જૈનધર્મને જાણી તે પ્રમાણે વર્તી જીવતાં મુક્તિ સુખને અનુભવો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.
માઘ સુદિ

શ્રી સાણંદ તત્ર સુશ્રાવક શા. હરિભાઈ મંગલભાઈ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર પહોંચ્યો. તમોએ મનની સ્થિરતા અને આત્મશાંતિ મળવા માટે શું કરવું ? તેમ લખ્યું તે જાણ્યું, પ્રથમ તો તે માટે મુક્તિની ખાસ ઈચ્છા પ્રગટવી જોઈએ. વૈરાગ્યથી વાસિત મન થવું જોઇએ. મૃત્યુ સ્હામે દેખાય અને જેવી મનની દશા થાય તેવો વૈરાગ્ય પ્રગટવો જોઇએ. સર્વ વસ્તુઓપરથી આસક્તિ ઉઠવી જોઈએ. ભયથી ધ્રુજેલું બાળક જેમ માતાને બાઝી પડે છે, તેવી રીતે જન્માદિક દુ:ખ ભીતિથી ભય પામીને ગુરૂનું શરણ સ્વીકારવું જોઇએ અને ગુરૂ પાસે રહેવું જોઇએ. ગીતાર્થ ત્યાગી અનુભવી ગુરૂને ગુરૂ તરીકે સ્વીકારવા અને તેમની આજ્ઞા પ્રમાણે સર્વ ધર્મ પ્રવૃત્તિ કરવી. વચન શ્રવણ આદિ સર્વમાં તેમની અનુમતિ લેવી જોઇએ. મનના સંકલ્પ વિકલ્પોથી શુદ્ધાત્માનું સ્વરૂપ ન્યારૂં છે, એવું જાણવું જોઇએ. મનમાં પ્રગટતા રાગદ્વેષથી આત્માનું શુદ્ધ સ્વરૂપ ભિન્ન છે, એવો નિશ્ચય કરવો જોઇએ. આત્માની આગળ સર્વ દૃશ્યાદૃશ્ય જડવસ્તુ માત્ર અસાર લાગવી જોઇએ આત્માના તાબે મનવાણી કાયાના યોગ વર્તવા જોઇએ, એમ થતાં મનની સ્થિરતા થાય છે અને ચંચલતા ટળે છે તથા આત્માની શાંતિનો અનુભવ આવે છે. સમભાવની પ્રાપ્તિ થતાં આત્માની શાંતિ મળે છે. ઇન્દ્રિયો અને મનથકી બાહ્ય જડવિષયોનાં સુખની બુદ્ધિ જ્યારે પ્રગટતી નથી ત્યારે આત્મશાંતિનો અનુભવ થાય છે. મનમાં શુભ અને અશુભ પરિણામ તેજ અશાંતિરૂપ છે. મનમાં શુભાશુભ પરિણામ જે જે અંશે ન પ્રગટે અને આત્મા પોતાના શુદ્ધોપયોગે વર્તે અને આત્મા પોતે મનવાણી કાયાની પ્રવૃત્તિને પોતાના ઉપયોગે રહીને સમભાવે દેખે તે કાલે આત્માની પૂર્ણ શાંતિ—પૂર્ણાનંદ પ્રગટે છે. આત્માનંદ શાંતિ માટે દુનિયાની દૃષ્ટિએ ગાંડા પાગલ જેવા બની આત્મામાં

પ્રેમલગની લગાડવી જોઇએ. પ્રારબ્ધ કર્મનું સ્વરૂપ જાણીને તેને નષ્કામપણે-આત્મસાક્ષીપણે ભોગવવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ. આત્માનો શુદ્ધ ધર્મ તેજ સત્યધર્મ છે એવો નિશ્ચય થવો જોઇએ. દેહાયુષ્ય જીવને જીવતાં છતાં આયુષ્યરહિત ભાવે મરતાં શિખવું અને સત્ય ત્યાગ, સ્વાર્પણ, શુદ્ધપ્રેમભક્તિ, કર્મયોગ અને છેવટે જ્ઞાનયોગની દશામાં મસ્ત થવા ખાસ લગની લાગવી જોઈએ. આત્માને પ્રભુ માની જ્યાં ત્યાં વ્યક્ત આત્મ પ્રભુ દેખાય ત્યાં ત્યાં આત્મપ્રભુને ભેટી પડવું જોઇએ. સત્ય પ્રામાણિક નીતિ જીવને જીવી શુદ્ધાત્મ જીવનના ઉપયોગી બનવા પુરૂષાર્થ કરો.

इत्येवं अर्हं ॐ महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સંવત્ ૧૯૭ માઘ સુદિ ૯

શ્રી અમદાવાદ તત્ર..................યોગ્ય ધર્મલાભ. વિશેષ ત્હેં ધર્મ શો આરાધવો? તત્સંબંધી પુચ્છયું, તેના ઉત્તરમાં લખવાનું કે ત્હારી ઉમર દશ અગિયાર વર્ષની છે, તેથી આત્મજ્ઞાન સંબંધી સદુપદેશ સમજી શકે નહિ. હાલ ત્હને જે લખું છું તે પ્રમાણે વર્ત. માતા અને પિતાને તથા વૃદ્ધ જનને પ્રાતઃકાલમાં પગે લાગ! વિદ્યાગુરૂને નમન કર. ધર્મગુરૂનાં દર્શન કર અને વંદન કર. પ્રભુ પ્રતિમાનાં દર્શન કર અને પ્રતિમાનું પૂજન કર. પ્રાણ જાય તો પણ અસત્ય ન બોલ. ગમે તેવો લાભ મળે વા હાનિ થાય તોપણ અસત્ય ન બોલ! અસત્ય બોલતાં માન પ્રતિષ્ઠા જાય તથા આખી દુનિયા કદાપિ નિંદે તોપણ અસત્ય ન બોલ! કોઇનું મન-વાણી કાયાથી અશુભ ન ચિંતવ! અને ત્યાં સુધી અપરાધીને પણ માફી આપ પણ તેની હિંસા ન કર. પક્ષપાત વિના સત્ય સમજવા પ્રયત્ન કર. પ્રેમીઓપર પ્રેમ કર અને દ્વેષીઓ ઉપર

પણ પ્રેમ ધારણ કર. રસ પડે તેવું શિક્ષણ ગ્રહણ કર. ગરીબોને સહાય કર. પ્રાતઃકાલમાં વહેલો ઉઠ. ભૂખ લાગે ત્યારે ભોજન કર! અપેયનું પાન ન કર! પચે તેટલું ખા. અજીર્ણ થતાં લંઘન કર. એકીવખતે ખૂબ ન ખા. દુષ્ટમિત્રોની સંગતિ ન કર. માબાપની આગળ અને ધર્મગુરૂની આગળ કશું છાનું ન રાખ. બીડી વગેરે વ્યસનથી દૂર રહે. પ્રામાણિકપણે બોલ અને કથ્યા પ્રમાણે વર્ત. ગમે તેવા સ્વાર્થથી ચોરી કરવાની અંશ માત્ર પણ ઈચ્છા ન કર. બ્રહ્મચર્યના નિયમો પ્રમાણે વર્ત. પચ્ચીશ વર્ષની વય પછી લગ્નની ઇચ્છા થાય તો પ્રકૃતિ, ગુણ, કર્મ, વય, ધર્મ સામ્યે લગ્ન કરવાં અન્યથા બ્રહ્મચર્યથી આત્મશુદ્ધિમાં આગળ વધવા નિશ્ચય કર! પરમાત્મ મહાવીર પ્રભુ જિનેશ્વરની શ્રદ્ધા પ્રીતિ ધારણ કર અને તેમના સદુપદેશને પ્રથમ સમજી પછીથી તે પ્રમાણે વર્તવા નિશ્ચય ધાર! કારણ પ્રસંગે ગુસ્સો ઉત્પન્ન થાય તો તેને ઉપશમાવ અને ક્રોધ વખતે કંઈ પણ નિશ્ચય ન કર. ક્રોધ વખતે મૌન વર્ત. મધ્યસ્થભાવે સત્ય સમજવા પ્રયત્ન કર. જે જે ભૂલો થઈ જાય તેનો અતિશય પશ્ચાત્તાપ કરી ફરીથી ભૂલ ન થાય એવી આલોચનારૂપ પ્રતિક્રમણ બુદ્ધિ ધાર. જૈનધર્મમાં પૂર્ણ શ્રદ્ધા રાખ. દુર્વ્યસનના તાબે ન થા. કોઈની નિન્દા ન કર. નિન્દકની નિંદા ન કર પણ તેની નિંદામાં પોતાના દોષો હોય તો તે દૂર કર, મોટી ઉમર પૂર્વે તત્ત્વજ્ઞાન સંબંધી કોઇ પણ જાતનો નિશ્ચય ન બાંધ, ગરીબ વિદ્યાર્થીઓને સહાય કર. ધન કુલ સત્તા ત્હારા પિતાની છે તેનો તું અભિમાની ન થા! ગરીબનાં દુઃખ જાણ. નિયમસર કસરત કર. ધર્મશાસ્ત્ર કે જે તું વાચી શકે તે વાંચ! ઉત્સાહ, ખંત, ધૈર્ય અને ઉદ્યમથી વિદ્યાધ્યયન કર! મનવાણીકાયાને પવિત્ર રાખ! ગુરૂ આદિની વિનય પ્રેમથી સેવાભક્તિ કર! સ્થિર ચિત્તથી અભ્યાસ કર. એ પ્રમાણે વર્તવા પૂર્ણ કાળજીથી ઉદ્યમ કર. ધર્મ એ પ્રમાણે સાધશો.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુકામ લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૧૧

શ્રી અમદાવાદ. તત્ર. જૈન શા. મોહનલાલ અમથાલાલ યોગ્ય ધર્મલાભ વિ. તમારી આત્માની શુદ્ધિ માટે રૂબરૂમાં અનેક પ્રસંગે શિક્ષાઓ આપી છે છતાં જો તમને રૂચે તો લખવા પ્રમાણે વર્તવા પુરૂષાર્થ કરશો. મનના સ્વછંદી વિચારો પ્રમાણે ન વર્તવું પણ આત્માની શુદ્ધ બુદ્ધિની પ્રેરણા પ્રમાણે વર્તવા મરણિયા થઇને વર્તવું. રૂપરસ સ્પર્શાદિ વિષયોને પ્રથમ દશામાં કાલના સરખા જાણીને તેના ભોગથી વિરમવું. જ્ઞાનદશા થતાં વિષયોમાં શુભાશુભ પરિણતિ થતી નથી. જાગતાં છતાં તો શું ? પણ સ્વપ્નમાં પણ ભોગની ઇચ્છાને એક ક્ષણમાત્ર પણ મનમાં રહેવા દેવી નહિ. વિષય થકી સુખ થાય છે એવો વિચાર તેજ અજ્ઞાન મોહ છે અને એવા વિચારની પરંપરાએ શરીર, મન, બુદ્ધિ વીર્ય ધનની પાયમાલી થાય છે અને પરંપરાએ અનંતા દુઃખ પ્રગટે છે. અનાદિકાલના મોહાધ્યાસથી મન જડવસ્તુઓનો મોહ કરે છે, જેઓ વિષયની વાસનાના ગુલામો છે તે અન્ય જીવોનું શું શ્રેયઃ કરીશકે, ખાવુંપીવું એતો શરીરના પોષણાર્થે છે પણ એથી સાધ્ય ભૂલાવું ન જોઈએ અને મોહ પ્રગટાવવો ન જોઈએ, મનના શુભાશુભ વિચારો તે પણ શુભાશુભ માયા છે તે માયાથી આત્માની શુદ્ધ પરિણતિ ભિન્ન છે એવો સાધ્યોપયોગ ધારીને અશુભ વિચારોને દૂર કરવા આત્મધારણા ધાર એજ પ્રભુ મહાવીરદેવ કથિત શુદ્ધ મુક્તિ માર્ગ છે તેમાં વિચરનારા ગુરૂસંત સાધુઓનો સમાગમ કરવા અને તેવી બાહ્યલાલચોને લાત માર. બીજાથી સુખ મળતું નથી. દુનિયામાં સુખ નથી તેમજ સ્ત્રી વગેરેની લાલસાથી પડતી છે પણ ચડતી નથી. સ્ત્રી વગેરેથી સુખ મેળવવાની ઈચ્છા થવી તે બ્રાંતિ છે. વિશ્વનું રાજ્ય મળે અને સર્વ વિશ્વનું ધન મળે તો પણ તેથી પરતંત્ર ગુલામીપણું છે, માટે બાહ્યની ધામધૂ-

મમાં સુખની બ્રાંતિનો ત્યાગ કર. જ્ઞાની, આત્માના સુખની ઈચ્છા કરે છે પણ જડવસ્તુના સુખની ઇચ્છા કરતો નથી. દેવલોકના સુખની ઇચ્છા કરવી તેમાં અજ્ઞાન મોહ છે. આત્માનંદી મુક્તિ અને સંસારમાં સમભાવે વર્તે છે. સંસારમાં પડવાનો ઇચ્છા કરવી તેજ અનન્ત દુઃખનું કારણ છે. એકવાર લીંટમાં સપડાયલી માખી બહાર પ્રાયઃ નીકળી શકતી નથી, તેમ એકવાર સ્ત્રીની સાથે લગ્ન કરી ઉપાધિમાં પડયા પછી બહાર નીકળવું મુશ્કેલ છે. ચેતે તો ચેતવાનો અવસર છે. નહીં ચેતે તો પરતંત્ર જડરાજ્યના ગુલામી-પણામાં દુઃખથી સબડવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે વખતે ઉપાધિથી છૂટવું મુશ્કેલ પડશે. બાહિર દૃષ્ટિથી દુઃખ છે અને આત્મ-દૃષ્ટિથી સુખ છે. આત્મસુખ મૂકી વિષયસુખ ભોગવવા જતાં પાછાં અનંત દુઃખ પડવાનાં તે નક્કી જાણ. આત્માના સ્વરૂપનો વિચાર કર! જડવસ્તુમાં પોતાનું કંઈ નથી જાણતાં છતાં કેમ બાહ્યમાં મુંઝાય છે? મોહબુદ્ધિ તે શુદ્ધ બુદ્ધિ નથી માટે મોહ બુદ્ધિની મીઠાશમાં હલાહલ વિષ જાણ! શરીરવાણી મન પણ આત્માથી ભિન્ન છે તો અન્ય કઈ વસ્તુ ત્હારી પોતાની થશે? તેનો નિશ્ચય કરી સત્યબુદ્ધિના કથ્યા પ્રમાણે વર્ત. આત્માના ઉંડાણમાંથી પ્રગટતા સત્ય પરાભાષાના અવાજ પ્રમાણે વર્તવા માટે જીવ! ગુરૂ બોધ આપી જાગ્રત્ કરે પણ વર્તવું તેતો શિષ્યના હાથમાં છે. પ્રામાણિકપણે વર્ત! નિર્લેપી થા! આત્માને પૂર્ણ શુદ્ધ કરવા સર્વથા ઉપયોગ રાખ.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ લોદરા.

સં. ૧૯૭૮ માઘ સુદિ ૨.

શ્રી સાનન્દ. તત્ર સુશ્રાવક શા. દલસુખભાઇ ગોવિંદજી યોગ્ય ધર્મલાભ. વિશેષ તમો ઉપદેશ પ્રમાણે વર્તવા પ્રયત્ન કરશો. જૈનાગમોમાં ત્યાગી સાધુઓની મહત્તા પ્રભુતા દર્શાવી છે. વ્યવહારથી અને નિશ્ચયથી સમકિતપ્રદ ત્યાગી સદ્ગુરૂને ગુરૂ તરીકે માનવા. ગચ્છગુરૂને ગચ્છગુરૂ તરીકે માનવા, સામાન્ય ત્યાગી મહાવ્રતીઓને ત્યાગી મુનિ તરીકે જાણવા, ઉપાધ્યાય અને આચાર્ય સ્વગચ્છના હોય, વા અન્યગચ્છના હોય, તથા અનેક ગચ્છના સાધુઓ હોય તેઓનો દ્રવ્ય ક્ષેત્રકાલભાવથી તરતમયોગે વિનય કરવો, તથા સેવાભકિત યથાયોગ્ય કરવી. ત્યાગીઓ પૈકી કેટલાક સાધુઓ હોય છે, કેટલાક આચાર્ય હોય છે, કેટલાક ઉપાધ્યાય હોય છે, સદ્ગુરૂની આજ્ઞા પ્રમાણે તેઓની સ્વપરહિતાર્થે સેવા કરવી. તરતમયોગે દરેકમાં રહેલા ગુણોને જોવા અને દુર્ગુણો તરફ લક્ષ ન આપવું. સ્વગચ્છ અને પરગચ્છના સાધુઓની નિંદા ખટપટમાં ન પડવું. ગુરૂનિન્દકની સંગતિ ન કરવી. આત્માના ગુણોનો લાભ થાય તેની સંગતિ કરવી. કોઈની નિંદામાં ન પડવું. જ્યાં ત્યાં દુર્ગુણો છે તે કર્મનું પરિણામ છે, તેથી કોઇના આત્માને નિંદવો નહિ. મનવાણી કાયાના ગુણો અને આત્માના ગુણોનો વિવેક કરવો. અસદ્ભૂતગુણોનો–પર્યાયોનો અને સદ્ભૂત ગુણ પર્યાયોનો વિવેક કરવો. સદ્ગુરૂની યાત્રા કરવામાં અને સદુપદેશ શ્રવણ કરવામાં અપ્રમત્તભાવે વર્તવું. જેની સાથે જ્યાં ત્યાં જેવું વર્તવું ઘટે તેમ વર્તવું. વ્યવહારમાં ઉપયોગી વ્યવહારથી વર્તવું અને અંતરૂમાં નિશ્ચયભાવથી વર્તવું. જ્યારે પૂર્ણ પુરૂષાર્થ કરતાં જ્યાં કાર્યની સિદ્ધિ ન થાય ત્યાં ત્યારે કર્મોદયનું પ્રાબલ્ય જાણવું. સંતોની સંગતિ કરવી અને દુર્જનોની સંગતિ ત્યજવી. જ્યાં શ્રદ્ધાપ્રેમ મૂકવા યોગ્ય હોય ત્યાં મૂકવો. કષાયોને પ્રગટતાં

ઉપશમાવવા, કોઇના ધર્મની નિંદા ન કરવી, તેમજ અસત્યની પ્રસંશા પણ ન કરવી. કટાકટીના પ્રસંગે પણ ઉદ્યમ અને ઉત્સાહથી માર્ગ કરી આગળ ચાલ! અંતરૂમાં આત્માના શુદ્ધોપયોગે વર્ત અને બાહ્યથી કર્તવ્ય વ્યવહારને કર. સર્વ કર્તવ્યમાં ઉપયોગી થા! નિર્બલ ન બન; બળવાન્ થા! સર્વ પ્રકારની શક્તિયોને પ્રગટાવવા પુરૂષાર્થ કર! ઉદ્યમ, ખંત, ધૈર્ય અને આનંદથી મનવાણી કાયાને વશ કરી કર્તવ્ય કર! પ્રામાણિક અને શુદ્ધાત્મજીવન ગાળ! ગુરૂશ્રદ્ધા પ્રેમથીજ આત્મજીવન પ્રગટે છે એવો નિશ્ચય રાખ! આત્માના આનંદે જીવવું તેજ ઇશ્વરી પ્રભુમય જીવન છે એવા ઉપયોગથી વર્ત! નિયમસર અને પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત! આત્મોપયોગી થૈ અનાસક્તિએ કાર્યો કર! સ્વપ્ન સમાન વ્યવહાર જાણુ અને પશ્ચાત્ કર્તવ્ય કર. આત્મા સ્વસ્વભાવે ઉપયોગી થઇ વર્તે એટલે મુક્તિ હસ્તતલમાં છે માટે જાગ્રત થઈ ઉઠ! કાર્ય કર. આનંદી થા.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

## વિજાપુરમાં–ગૃહસ્થ શ્રાવક ધર્મવ્યાખ્યાન.

### બાહ્યજીવન અને આંતરજીવન પ્રગતિ.

જૈન ધર્મ શાસ્ત્રોના આધારે ગૃહસ્થ જૈનોને તેઓના અધિકાર પ્રમાણે ઉપદેશ છે. વિજાપુરમાં ચતુર્વિધસંઘ સમક્ષ આપેલ વ્યાખ્યાન. દેશાઇ ડાહ્યાભાઇ નથુભાઈ શેઠ. ભીખાભાઇ લલ્લુભાઈ શેઠ. પોપટલાલ કચરા શા. મોહનલાલ જેશીંગ શા. એચરદાસ પુરૂષોતમ. પાડેચિયા વાડીલાલ તથા મફતલાલ શા. કાલીદાસ ભગુભાઈ. ભીખાભાઇ કાલીદાસ. શા. વાડીલાલ દલસુખ. શા. કચરા અમીચંદ. ચંદુલાલ ગોકલ. નાથાલાલ મગનલાલ. શા.

જેશીંગભાઈ માનચંદ. લલ્લુભાઇ કાલીદાસ. વગેરે શ્રાવકો હાજર હતા. તે પ્રસંગે આપેલ વ્યાખ્યાનનો સાર અત્ર ઉદ્ધૃત કરેલ છે, બાહ્યજીવન તે મનવાણીકાયાનું જીવન છે. બાહ્ય પદાર્થોના સંબંધથી જીવવું તે બાહ્યજીવન છે, મનવાણી ને કાયાના યોગનું જીવન જાળવવા માટે બાહ્ય પદાર્થની જરૂર પડે છે. ભૂમિ, લક્ષ્મી, ધન, વિદ્યા, જળ, અગ્નિ, વાયુ, પશુ, પંખી, વનસ્પતિ, દૂધ, દહીં, ઘી, વગેરેના સંબંધથી બાહ્યજીવન નભે છે. બાહ્યજીવનની રક્ષાને માટે દેશ, કોમ, સંઘ, સમાજ, જ્ઞાતિ, કુટુંબ, મિત્ર, સ્ત્રી, વગેરેની જરૂર પડે છે. શરીરમાં રહેલો આત્મા છે તે પણ મનવાણી અને કાયા તથા બાહ્ય સંયોગો વિના વિકાસ પામી શકતો નથી. માટે ઉપયોગી બાહ્ય વસ્તુઓ વિના જગત્‌માં રહી શકાય નહિ. બાહ્ય પદાર્થોના સંબંધથી આત્મિક શક્તિયો જાગ્રત્ થાય છે. પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ, સૂર્ય, ચંદ્ર, મેઘ, સાગર, વનસ્પતિ, અન્ન ઇત્યાદિ સર્વની આંતરજીવનથી જીવવાને માટે અવશ્ય જરૂર પડે છે. બાહ્યપદાર્થોનો દુરૂપયોગ ન કરવો. બાહ્ય જીવનને માટે બાહ્યપદાર્થોને નિયમસર યોગ્ય પ્રમાણમાં વાપરવા તે ધર્મ છે; બાકી તેઓનો દુરૂપયોગ કરવો અને અયોગ્ય પ્રમાણમાં વાપરવા તે અધર્મ છે. બાહ્યપદાર્થોના વ્યવહારથી જીવવું તે વ્યવહાર ધર્મ છે, અને આત્માના જ્ઞાનદર્શન ચારિત્રથી જીવવું તે ચારિત્ર ધર્મ છે. ગૃહસ્થાવાસમાં વ્યવહાર ધર્મ વિના એકક્ષણ પણ જીવી શકાય નહિ. જ્યાં સુધી ગૃહસ્થાવાસમાં વસવું હોય છે ત્યાં સુધી, દેશ, જન્મભૂમિ, લક્ષ્મી, પશુ, પંખી, જ્ઞાતિ, સંઘ તથા રાજ્યની રક્ષા કરવી પડે છે. ગૃહસ્થાવાસમાં એક અણુ જેટલો નિશ્ચય ધર્મ પ્રાપ્ત કરી શકાય છે, પણ સર્વથા નિશ્ચય ધર્મ પ્રાપ્ત કરી શકાતો નથી. શુદ્ધાત્મધર્મ પ્રાપ્ત કરવા માટે સર્વવિરતિરૂપ ધર્મ છે તેમાં પ્રવૃત્તિ કરવાની ઇચ્છાવાળાએ ત્યાગીઓની સેવા કરી ત્યાગી ધર્મનો સ્વીકાર કરવો. ગૃહસ્થાવા-

સમાં રહેવું હોય ત્યાં સુધી બાહ્ય રાજ્ય તથા બાહ્ય દેશ તથા બાહ્ય પરિગ્રહની રક્ષા કરવી પડે છે, અને નીતિપૂર્વક વર્તવું પડે છે. તથા દુષ્ટ શત્રુઓથી પોતાનો તથા દેશભૂમિ વગેરેનો બચાવ કરવો પડે છે, અને તે ન કરવામાં આવે તો અધર્મ થાય છે. તથા તેથી પરતંત્રતા પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારની બાહ્યશક્તિયો પ્રાપ્ત કર્યાથી ગૃહસ્થજીવન જાળવી શકાય છે, તેમાં શૂરાની પેઠે વર્તવું પડે છે. બાહ્યજીવન એ બાહ્ય રાજ્ય છે અને આંતરજીવન તે આધ્યાત્મિક રાજ્ય છે. આંતરજીવને જીવવાની દશા ન પ્રાપ્ત થઇ હોય ત્યાં સુધી બાહ્યજીવનના સાધનોનો ત્યાગ કરવો તે અધર્મ છે. બાહ્યજીવનમાં રાજ્યનીતિ, સંઘનીતિ, કુટુંબનીતિ, વેપારનીતિ વગેરે સર્વ પ્રકારની ઉપયોગી નીતિયોની જરૂર પડે છે તે સર્વ પ્રકારની નીતિયોનું દેશકાલાનુસારે પરિવર્તન થાય છે, અને જે જે લૌકિક વ્યાવહારિક નીતિયો કે જે દેશકાલાનુસારે વિશેષ બળમાં ઉપયોગી છે તેઓના અવલંબનથી ગૃહસ્થ જૈનો વર્તે છે. સંઘધર્મ અને સ્વાસ્તિત્વને જે કાલે જે નીતિએ રક્ષા તે કાલે તે નીતિ છે. બાકીની પૂર્વની નીતિયો કે જે વર્તમાનમાં ઉપયોગમાં આવી શકે નહિ તે અનીતિ છે. અપવાદનીતિમાં ધર્મ છે અને તે કાલે ઉત્સર્ગનીતિ પ્રમાણે વર્તતાં સંઘ વગેરેનો નાશ થતો હોય તો ઉત્સર્ગનીતિ તે અધર્મરૂપ છે. ઔપચારિક ધર્મનીતિયો વગેરે સર્વને સાધનધર્મનીતિરૂપ જાણીને ગૃહસ્થ જૈનો અંતરમાં શુદ્ધાત્મોપયોગે ધર્મ ધારી બાહ્યથી અનેક પરિવર્તનો યુક્ત રહે છે અને જનધર્મ રક્ષાર્થે જૈનસંઘ રક્ષાર્થે બાહ્યદેશ રાજ્ય ધનશસ્ત્રાદિક બળને સાધન તરીકે વાપરે છે અને જૈનધર્મને રક્ષવો તેજ સાધ્ય માને છે, રાષ્ટ્રધર્મ તથા વર્ણાદિ ધર્મ તથા આજીવિકા વ્યવહાર ધર્મ વગેરે સર્વપ્રકારના વ્યવહાર ધર્મોને આચરવા પડે છે, અને સર્વ પ્રકારનાં યોગ્ય કર્મો કરવાં પડે છે. ગૃહસ્થધર્મ પાળવામાં જે શૂરા નથી તે

ત્યાગી ધર્મ પાળવામાં શૂરા થઇ શકતા નથી. ગૃહસ્થ ધર્મ પાળવા માટે અનેક પ્રકારનાં દુઃખો–આપત્તિયો સંકટો સહન કરવાં પડે છે. પોતાને જન્મ આપનાર માતાની સેવા કરવી પડે છે, પિતાની સેવા કરવી પડે છે, વિદ્યાગુરૂ, ધર્મગુરૂ તથા ત્યાગીની સેવા કરવી પડે છે, સ્વજનોની તથા વૃદ્ધજનોની સેવા કરવી પડે છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પૈકી વર્ણ ધર્મ પ્રમાણે વર્તવું પડે છે, સર્વ પ્રકારની વ્યાવહારિક વિદ્યાયોની પ્રાપ્તિ કરવી પડે છે, સ્વદેશ, જન્મભૂમિ, લક્ષ્મી, કુટુંબ, પુત્રાદિક વગેરેની રક્ષા માટે અનેક પ્રકારની કળાઓથી ધર્મ્યયુદ્ધ કરીને જીવી શકાય છે. બાળકોએ પચ્ચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યની રક્ષા કરવી જોઇએ, પુત્રીને વીશ વર્ષની ઉમ્મર સુધી બ્રહ્મચર્યની રક્ષા કરવી પડે છે, પશ્ચાત્ ગુણકર્માનુસારે ગૃહસ્થ ધર્મનું સંયોજન થાય છે. દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ધારણ કરીને શ્રાવકનાં બાર વ્રત પૈકી જેટલાં વ્રત ગ્રહણ કરાય તેટલાં ગ્રહણ કરવાં, અને તે પ્રમાણે વર્તવું અને વર્તતાં જે દોષો થાય તેને ટાળવા, પ્રાયશ્ચિત્ત કરવાં તે શ્રાવક ધર્મ છે. સદ્વર્તનથી ગૃહસ્થાવાસ શોભી શકે છે. સદ્વર્તન વિના ગૃહસ્થ ધર્મ શોભી શકતો નથી. સદ્વર્તનથી શ્રાવક ધર્મની શોભા વધે છે. ગૃહસ્થાવાસમાં નિયમસર અને પ્રામાણિકપણે વર્તવું. દુષ્ટ, ચોર, જુલ્મી શત્રુઓનો પરાજય કરી તેઓને યથાયોગ્ય દંડ આપવો, તથા ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવું. અધર્મી ચોર, દુષ્ટ, અન્યાયી, ખુની, જુલ્મી, મનુષ્યોના હાથમાં સ્વભૂમિ, ધન, અધિકાર, લક્ષ્મી વગેરે ઉપયોગી વસ્તુઓ જવા દેવી નહિ. નાસ્તિક, અધર્મી, દુર્જન, દુષ્ટમનુષ્યોનો વિશ્વાસ ન કરવો. શત્રુઓના સામા રહીને જીવાય, એટલું બળ સર્વ પ્રકારે પ્રાપ્ત કરવું. બળ વિના એકલા ન્યાયથી જીવી શકાય નહિ. બળાદિક વાપરવામાં સમ્યગદૃષ્ટિઓને અલ્પ દોષ અને પરિણામે બહુ ધર્મ લાભ બુદ્ધિનો વિવેક હોય છે, બળને પણ અલ્પદોષ થાય અને

સ્વપરને ઘણો ધર્મ થાય, એવીરીતે વાપરવું. કળ અર્થાત્ કળા વિનાનું બળ નકામું છે. શારીરિકબળ, બુદ્ધિબળ, સત્તાબળ, રાજ્યબળ લક્ષ્મીબળ વિગેરે સર્વ બળોને પ્રાપ્ત કર્યાથી ગૃહસ્થાવાસમાં જીવાય છે. જૈનોએ વર્તમાન કાલિક શસ્ત્રાદિક યુદ્ધવિદ્યાને શિખવી, તથા સર્વ પ્રકારની વિદ્યાનું શિક્ષણ, વ્યાપાર હુન્નર કલાદિ સર્વ શિક્ષણ લેવું. જૈન ગૃહસ્થ સંઘે પણ એ પ્રમાણે શિક્ષણ લેઈ ગમે તે રીતે આજીવિકા ચલાવવાનું બળ મેળવવું. સજ્જન દુર્જનનો ભેદ પારખવો અને દુર્જનોથી સદાકાળ સાવધ રહેવું. દેવગુરૂ ધર્મની શ્રદ્ધાથી વર્તવું. શઠ મનુષ્યોને બુદ્ધિબળની યુક્તિથી હઠાવવા અને પશ્ચાત્ તેઓની સાથે યુક્તિસર વર્તવું. વર્તમાનમાં ગૃહી જૈનોએ બાહ્યજીવનનાં સર્વકર્મોવડે યુક્ત રહેવું અને અંતરૂમાં આત્મબળ પ્રગટાવવું. સજ્જન મનુષ્યની સાથે કદિ શઠતા કરવી નહિ અને દુર્જનની સાથે સાવધતાથી વર્તવું. ગૃહસ્થાવાસમાં અપરાધી શત્રુઓની દયા પાળી શકાતી નથી, અને નિરપરાધી જીવોની દયા પાળી શકાય છે. સૂક્ષ્મ જીવોની દયા પાળી શકાતી નથી પણ તેની યતના કથંચિત્ થાય છે, પશુપંખી અને મનુષ્ય વગેરે સ્થૂળ જીવોમાં પણ જે નિરપરાધી જીવો હોય તેમની અહિંસા થઈ શકે છે. તેથી ગૃહસ્થ જૈનો સવાવસાની દયા પાળી શકે જૈનશાસ્ત્રો જણાવે છે. છે એમ વીસવસાની દયા પાળવા માટે તો ત્યાગી થવું. આ કાળમાં ત્યાગીઓ પણ શુભ રાગદ્વેષી ચારિત્ર સહિત હોઈ શકે છે, અને તે, બાહ્યથી તો ઉત્સર્ગ અપવાદ ચારિત્ર માર્ગી છે. શાસ્ત્રકારોએ શ્રાવકોને સવા વસાની દયા દર્શાવી છે, અને તેટલીજ દયા ખરી રીતે ગૃહસ્થધર્મમાં બની શકે છે, તથા પાંચ પ્રકારનાં મોટાં જૂઠાનો ત્યાગ કરવો પડે છે, તથા રાજ્યદંડ ઉપજે એવી ચોરીનો ત્યાગ કરવો પડે છે. સુશ્રુત વગેરે વૈદકગ્રંથોના આધારે ગૃહસ્થને પ્રજાની ઉત્પત્તિ માટે સ્વસ્ત્રીના સમાગમમાં બાર માસમાં નિયમિત સંતોષે આવવું પડેછે. સ્ત્રીને ગર્ભ રહ્યા બાદ તેના સમા-

ગર્ભમાં આવવું તે મહાપાપ છે, સ્રીને જ્યારે સંતાન ઉત્પન્ન થાય અને તે ધાવણ મૂકે ત્યારબાદ વર્ષમાં નિયમિત વખત સ્રીના સમાગમમાં પુરૂષને પ્રજોત્પત્તિ માટે આવવું એવો ગૃહસ્થનો બ્રહ્મચર્ય ધર્મ છે, તથા સ્રીનો પણ એવો બ્રહ્મચર્ય ધર્મ છે. પુરૂષે પરસ્રીનો સર્વથા વિષયભોગાર્થે ત્યાગ કરવો અને સ્રીએ પરપુરૂષની સાથે મૈથુન ન કરવું તે દેશથકી ગૃહસ્થબ્રહ્મચર્ય ધર્મ છે. ત્રીશ વર્ષની ઉમ્મર પશ્ચાત્ જે સંતતિ ઉત્પન્ન થાય છે, તેજ દુનિયાનું કલ્યાણ કરવા સમર્થ થાય છે, અને તેઓ મહાપુરૂષ તરીકે પ્રસિદ્ધિને પામે છે. પુરૂષને પુત્રાદિ સંતતિ થઇ હોય તો તેણે બીજી વાર લગ્ન ન કરવું. તથા વૃદ્ધાવસ્થામાં લગ્ન ન કરવું. શાસ્રમર્યાદારહિત તથા પરસ્પર ધર્મેચ્છાની વિરૂદ્ધ વર્તવું તે વ્યભિચાર, અનીતિ દુષ્ટ કર્મ છે. પુત્ર અગર પુત્રીનો વિવાહ કરવો હોય તો બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ થયા બાદ કરવો અને તે પણ પરસ્પરના મેળે કરવો. સમાનશીલનો વિવાહ કરવો જોઇએ. બ્રહ્મચર્યાશ્રમમાં શારીરિક વીર્યની રક્ષા પરિપૂર્ણ કરવી અને કરાવવી તથા સર્વ પ્રકારની વિદ્યાના અભ્યાસમાં પુત્રોને તથા પુત્રીઓને જોડવો અને બ્રહ્મચર્યાશ્રમને મદદ કરવી. શારીરિક વીર્યની રક્ષા ઉપર સર્વ શક્તિયોનો આધાર છે. માટે બાળકોને અને બાળીકાઓને શારીરિક વીર્યથી બળવાન બનાવવાં અને તેઓ બ્રહ્મચારી રહે એવા સર્વ પ્રકારના ઉપાયો યોજવા. વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં અને યુવાવસ્થા ટળતાં સર્વથા બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું, અને એવાં વૃદ્ધ પુરૂષોએ અને સ્રીઓએ બને ત્યાં સુધી ત્યાગીની દીક્ષા અંગીકાર કરવી અને ત્યાગાશ્રમમાં રહી જ્ઞાન, ધ્યાન ને સમાધિમાં રહેવું તથા પરોપકારનાં કાર્યો કરવાં, યોગનો અભ્યાસ કરવો, ધર્મશાસ્રોનું શ્રવણ કરવું અને મહાવીર પ્રભુના નામનો જાપ જપવો. દેવ ગુરૂ પૂજા દર્શન, વ્રત ષડાવશ્યકાદિમાં પ્રવૃત્તિ કરવી ગૃહસ્થાવાસમાં સ્વાર્થમાં તથા પરમાર્થમાં યોગ્ય લક્ષ્મીનો વ્યય કરવો, પશુઓને

તથા પંખીઓને જાળવવાં. ગાય વગેરે પશુઓનો વધ થવા ન દેવો તથા જૈનધર્મથી તનધન વિગેરે પ્રાણ પ્યારી વસ્તુઓનો ત્યાગ કરવો, લક્ષ્મી વગેરે પદાર્થોનો કદાપિ દુરૂપયોગ ન કરવો તથા વેશ્યા સંગતિ ન કરવી. કુલટા સ્ત્રીઓની સંગતિ ન કરવી. સાત ક્ષેત્રમાં ધનનો સદુપયોગ કરવો. જે કાળે જે ક્ષેત્રમાં લક્ષ્મી વાપરવાની ખાસ જરૂર હોય ત્યાંજ લક્ષ્મીનો વ્યય કરવો. ગીતાર્થ ધર્મગુરૂની સલાહ લઇને ધર્મ માર્ગમાં ધન વાપરવું. સદ્ગુરૂ પ્રત્યક્ષ હોય તો તેને વંદન કરીને ખાવું. વીતરાગદેવની મૂર્તિનું પૂજન વંદન કરીને ખાવું. દરરોજ સવારમાં વહેલા ઉઠવું અને નિત્ય તથા નૈમિત્તિક કર્મોને વ્યવસ્થા પૂર્વક કરવાં; તથા પ્રાતઃકાળમાં વ્યાયામ શાળામાં કસરત કરવી કુસ્તી કરવી. પ્રાણાયામ કરવા. ગામની બહાર શુદ્ધ હવાનું સેવન કરવું તથા શુદ્ધ જળનું સેવન કરવું, ઘરની પાસે અખાડાની જગ્યા રાખવી અને ત્યાં કુસ્તી વગેરે શારીરિક બળ વર્ધક કર્મ કરવાં, દંડ પીલવા. વૃદ્ધાવસ્થામાં પણ દંડ વગેરે કસરતો કરવી. બાળાઓએ પણ બ્રહ્મચર્યાશ્રમમાં રહેવાનું હોય ત્યાં સુધી કસરત વગેરે કરવી, પશ્ચાત્ તેઓને ઘરનાં કામકાજ કરવામાં કસરત સમાઈ જાય છે. નીતિપૂર્વક ગમે તે ધંધો કરીને આજીવિકા ચલાવવી. કુટુંબાદિવૃત્તિ માટે ધંધો વગેરે કરવામાં અનર્થદંડરૂપ પાપ નથી. દારૂનું પાન ન કરવું તથા માંસનું ભક્ષણ ન કરવું, તથા દારૂ માંસના વ્યાપાર ન કરવા. કન્યાવિક્રય તેમજ વર વિક્રય ન કરવો. જુગાર કદી રમવો નહિ. સટ્ટો ન ખેલવો. ચોરીનું કર્મ ન કરવું. ચોરને સહાય ન આપવી પણ તેઓને ધર્મમાર્ગમાં જોડવા સાહાય્ય આપવી. જાતિકુટુંબ કોમ અને સંઘનો દ્વેષ ન કરવો અને દેશ સંઘ તથા જાતિ માટે તેમજ ધર્મમાટે આત્મભોગ આપવો, તથા હાનિકારક રૂઢીઓમાં ધનનો વ્યય ન કરવો, તથા કોઈના ઉપર ઉપકાર કરી તેનો પ્રતિબદલો ન ઇચ્છવો. અસત્યના માર્ગે ન જવું. કોઇના બૂરામાં ભાગ ન લેવો. પોતાની મદદ કોઈ ઇચ્છે તો તેને

યથાશક્તિ યોગ્ય મદદ આપવી. ધર્મની બાબતમાં ધર્મ ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવું તથા નાટક વગેરે દુઃપ્રેક્ષ્ય કર્મને ન કરવાં. દરરોજ એક સામાયિક કરવા લક્ષ્ય રાખવું. નવરાશના વખતમાં ધર્મગુરૂ પાસેથી ધર્મબોધ સાંભળવો, તથા ધર્મ પુસ્તક વાંચવું, તથા કોઇ પરમાર્થી કાર્ય કરવું, પર્વતિથિ દિવસે પૌષધ કરવો. ત્યાગી સાધુ વિગેરેને આહાર વસ્ત્ર પુસ્તક પાત્ર આદિ ઉપયોગી યોગ્ય લાગે તેવા પદાર્થોનું દાન કરવું. દુનિયામાં સર્વ આજીવિકાદિ સાધનોવાળી જૈનકોમ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તે જીવશે. સર્વ ખંડમાં જનારા અને રહેનારા જૈનોને જૈનધર્મના ગુરૂઓનો-ઉપદેશકોનો સંબંધ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તે જૈનધર્મીઓ રહેશે. ગુણકર્મથી ચારે વર્ણ પૈકી એક ગુણકર્મવાળી પ્રજામાં જે ધર્મ વહે છે તે ધર્મનું તેની વંશપરંપરામાં અસ્તિત્વ રહેતું નથી, કારણકે તે અન્ય વર્ણીય લોકોની દબાયલી રહે છે અને ધર્મયુદ્ધમાં તે બાહ્યજીવનની સ્વતંત્રતાને રાખી શકતી નથી, એવું જ્યારે જૈનો સમજશે ત્યારે જૈનધર્મીઓની સેવા કરી શકશે. જિનેશ્વર મહાવીરદેવનાં આગમોપર પૂર્ણશ્રદ્ધા રાખવી. જૈનધર્મ માટે મરવામાં જૈનપણું છે એમ દૃઢ નિશ્ચય કરવો. ગૃહસ્થાવાસમાં ત્યાગ ધર્મ યોગ્ય આચાર કર્મથી દૂર રહેવું. ગૃહસ્થાવાસમાં ત્યાગીઓને યોગ્ય એવા આચારો પાળવાની ઇચ્છા થાય તો ત્યાગી થવું પણ ગૃહસ્થાવાસમાં ન રહેવું. ગૃહસ્થાવાસમાં ત્યાગી યોગ્ય દયા સત્યાદિ ગુણાનુષ્ઠાનોને પાળવાનો ઉદ્યમ કરતાં ગૃહસ્થ ધર્મનો નાશ થાય છે અને તેથી સંઘની અને જૈનધર્મની નષ્ટતા થાય છે. બ્રાહ્મણાદિ યોગ્ય ગુણકર્મમાં થિર થઇને જૈનધર્મનું ગૃહસ્થાદશામાં જેટલું બને તેટલું પાલન કરવું. શૂદ્રે શૂદ્ર યોગ્ય ગુણકર્મની પ્રવૃત્તિ પૂર્વક યથાશક્તિ જૈનધર્મનું પાલન કરવું. સમ્યગ્દૃષ્ટિથી આગળ દેશવિરતિ દશામાં ન આવી શકનારા એવા ચાર વર્ણના લોકોએ દેવગુરૂ ધર્મની શુદ્ધ શ્રદ્ધા ધારણ કરવી અને ચતુર્વિધસંઘની સેવાભક્તિ કરવી. ગૃહસ્થદશામાં રહેવાને જે હજી નાલાયક હોય તેણે ત્યાગીની

લાયકાત પ્રાપ્ત કર્યા વિના ત્યાગી ન બનવું. ગૃહસ્થદશામાં પ્રવેશ કરતાં પહેલાં સર્વ બાહ્યાંતર શક્તિયોથી યુક્ત બનવું, ગૃહસ્થાવાસમાં મડદાલ નપુંસકને પ્રવેશ કરવાનો અધિકાર નથી. ગૃહસ્થદશામાં સાધુ જેવી દયા પાળવાની પ્રવૃત્તિ રાખવાથી ગૃહસ્થદશાનો નાશ થાય છે. ત્યાગી અવસ્થામાં અગર ગૃહસ્થાવાસમાં તે તે અવસ્થા યોગ્ય ગુણકર્મોથી વર્ત્તવું. પ્રથમ જૈનોએ જૈનધર્મ તત્ત્વજ્ઞાનનો જૈનગુરૂ પાસેજ અભ્યાસ કરવો. જૈનધર્મ ગુરૂ વિના અન્ય પંડિતો પાસેથી પ્રાણાંતે પણ જૈનધર્મ તત્ત્વજ્ઞાન શિખવાનો વિચાર ન કરવો. જૈનધર્મ તત્ત્વજ્ઞાનનું શિક્ષણ ગ્રહણ કર્યા પછી અને અનુભવ આવ્યા પછી ગીતાર્થ ગુરૂની આજ્ઞા પૂર્વક અને ગીતાર્થ ગુરૂ પાસે અન્ય ધર્મ તત્ત્વજ્ઞાનનો સાપેક્ષા પૂર્વક અભ્યાસ કરવો. ગૃહસ્થાવાસમાં પંચમહાવ્રતના અંશ અંશ અણુધર્મને પાળી શકાય છે તેથી વિશેષ પાળવાની પ્રવૃત્તિ કરવી હોય તો પછી ત્યાગદશા ગ્રહણ કરવી. આજીવિકા ચલાવવાની પ્રવૃત્તિને ગૃહસ્થોએ યથાશક્તિ આદરવી અને ત્યાગીઓનું પોષણ કરવું. પંચમારક કલિયુગમાં ક્ષાત્રાદિક ગુણકર્મ અનુસારે જે જે ધંધા હુન્નરકલથી બાહ્ય ધન ધાન્યાદિકની પ્રાપ્તિ થાય તે પ્રમાણે ધંધો કરવો જોઇએ. ગૃહસ્થાશ્રમી જૈનો પ્રશસ્ય અને અપ્રશસ્ય રાગદ્વેષ પ્રવૃત્તિવાળા હોય છે. તેઓનાં દેશવિરતિવ્રતો વગેરે ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ સહિત હોય છે, તેઓ દેવગુરૂ ધર્મની શ્રદ્ધામાં અચળ રહે છે. ગૃહસ્થદશામાં દેવગુરૂ ધર્મની ભક્તિ જ મુખ્યતાએ છે. પંચમારકમાં દેશકાલાનુસારે ગૃહસ્થ જૈનો દેશથકી ધર્મ કાલાનુસારે પાળી શકે છે. સર્વ ગૃહસ્થ જૈનો બાહ્ય ગુણકર્મથી ભિન્ન ભિન્ન ગુણકર્મી હોય છે અને ધર્મની શ્રદ્ધા પ્રીતિથી એક સરખા હોય છે અને એકબીજા માટે સર્વ સ્વાર્પણ કરે છે. ક્ષેત્રકાલાનુસારે ધંધા કર્યા વિના જૈનગૃહસ્થોથી બાહ્યજીવન નભાવી શકાય નહિ. કલિયુગમાં જૈનો જો અસલના રીતરીવાજ પ્રમાણે એકાંતે ચાલવાનો કદાગ્રહ કરશે તો દુનિયામાં બાહ્યશક્તિયોથી ભ્રષ્ટ થશે. કલિયુગમાં કલિયુગ ક્ષેત્રાદિક અનુસારે વર્તીને સાધુ સંઘ પોતાનું પરંપરા અસ્તિત્વ

જાળવી શકે છે. ધર્મ્યસકામદશાથી પ્રવૃત્તિ કરવી અને અધર્મ્ય સકામભાવનો ત્યાગ કરવો. કલિયુગમાં દેવગુરૂની ભક્તિ જ મુખ્યતાએ ગૃહસ્થોને કલ્યાણકારી છે. જૈનધર્મથી ભ્રષ્ટ થઈને જે સ્વરાજ્ય ઈચ્છે છે તે મહામૂઢ છે. સ્વરાજ્ય, સ્વદેશ, કુટુંબ, વગેરેનો ત્યાગ કરવાનો પ્રસંગ આવે તો તેઓનો ત્યાગ કરવો પણ જૈનધર્મનો ત્યાગ ન કરવો. જૈનધર્માર્થે સ્વરાજ્ય સ્વદેશ વગેરેનું રક્ષણ કરવું. બાહ્ય સ્વદેશ સ્વરાજ્યાદિ શક્તિયોનો ગૃહસ્થદશામાં સ્થિતિ હોય ત્યાંસુધી ત્યાગ ન કરવો. ગૃહસ્થદશામાં સર્વ કર્તવ્ય કાર્યો કરવાં પણ અંતરૂથી આત્માને નિર્લેપ રાખવો. જૈનોએ ધર્મની બાબતમાં જૈનધર્મ ગુરૂની સલાહ પ્રમાણે વર્તવું. જ્યારે આપત્તિકાલનો પ્રસંગ આવે ત્યારે ત્યાગીઓને અને ગૃહસ્થોને આપદ્ધર્મ સેવવો પડે છે. તે કાલે જૈનોને અપવાદ ધર્મથી વર્તવું પડે છે. હાલમાં આપત્કાલ એકંદર રીતે જોતાં જણાય છે માટે આપત્કાલમાં આપદ્ધર્માનુસારે ગૃહસ્થોએ અને ત્યાગીઓએ સ્વસ્વ અધિકારે આપદ્ધર્માનુસારે વર્તવું અને હૃદયમાં દેવગુરૂ ધર્મની શ્રદ્ધા પ્રીતિથી જીવવું. જૈનોની સંખ્યા ઘટવી એજ જૈનધર્મપર આપત્કાલ છે. જૈનધર્મના શ્રદ્ધાવંત જૈનને, જિનમંદિર સ્થાવર તીર્થ કરતાં પણ મહાન્ માનવો. જૈન હશે તોજ જૈનસ્થાવર તીર્થો રહેશે. જૈનોને સર્વ પ્રકારે શ્રદ્ધાભક્તિ પૂર્વક સહાયકરતાં પુણ્યાનુબંધી પુણ્યબંધ અને નિર્જરા થાય છે અને તેથી આત્મશુદ્ધિમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય છે. પોતાના ઘરનાં બાળકો અને બાલિકાઓને પ્રથમ જૈનધર્મમાં પૂર્ણ શ્રદ્ધાળુ કરવાં અને ચતુર્વિધસંઘની સેવાભક્તિ માટે મરીને આત્મજીવને જીવી શકે એવાં મરજીવાં બનાવવાં, એમ વર્તવું તે જૈનસંઘની ઘરમાં રહેતાં સેવાભક્તિ કરવાનું ફળ મેળવવાનું છે. પુત્રાદિકની પણ જૈનભાવે સેવાભક્તિ કરવાથી મોહથી દૂર રહેવાય અને પુત્રાદિકની ઉન્નતિ કરી શકાય છે. જૈનો સમ્યગ્દૃષ્ટિના બળે જે જે કરે છે, ભોગવે છે, જે જે મનવાણીકાયાની પ્રવૃત્તિ કરે છે, તેમાં અલ્પદોષ અને બહુ ધર્મ પ્રાપ્ત કરી શકે છે. એક કોઠીમાં ઉપરથી થોડું અનાજ નાખ-

વામાં આવે અને સુણુથકી ઘણુ અનાજ કાઢવામાં આવે તો અલ્પદિવસમાં કોઠીમાં અનાજ રહેતું નથી તેમ સમ્યગ્દૃષ્ટિવાળા જૈનો સંસારમાં ગૃહસ્થધર્મ પ્રમાણે વર્તતા છતા અલ્પકર્મ બાંધે છે અને બહુ કર્મને ખેરવે છે તેથી અલ્પકાલમાં તેઓ સિદ્ધ બુદ્ધ પરમાત્મપદ મેળવે છે. ગૃહસ્થદશામાં ત્યાગીના જેટલો ધર્મ પાળી શકાય નહિ, નીતિ પણ અંશથી પાળી શકાયછે, પણ અંતરમાં સાપેક્ષ શુદ્ધબુદ્ધિ અર્થાત્ ધર્મની બુદ્ધિનો આશય હોવાથી આત્માની શુદ્ધિ થાય છે. ગૃહસ્થદશામાં લક્ષ્મી આદિનું બળ, યુદ્ધાદિ સામગ્રીનું બળ ધારણ કરીને જીવી શકાય છે. ગૃહસ્થ-દશામાં ત્યાગીના જેવું વર્તવું તે વ્યભિચાર ધર્મ છે તેથી ગૃહસ્થ ધર્મની પડતી થાય છે. ગૃહસ્થાવાસમાં અનિયમિત વર્તન તેજ સર્વ પ્રકારની અશક્તિનું તથા પડતીનું મૂળ છે. ગૃહસ્થદશામાં સુખ દુઃખ આવે તેથી હર્ષિત ન બનવું, તેમજ દીન શોકાતુર ન બનવું. મૃત્યુથી નિર્ભય બનીને દરેક કર્તવ્ય કર્મ કરવું પણ જે કાર્ય કરવું તેમાં કદિ ડરવું નહિ. બાલ્યાવસ્થાથી દારૂ આદિ કોઇપણ જાતના વ્યસનના તાબામાં ન આવી શકાય તે માટે બાલકોને અને બાલિકાઓને અસરકારક ઉપદેશ આપવો અને તે પ્રમાણે વર્તાવવા પુરૂષાર્થ કરવો. ભૂખ લાગે ત્યારે ખાવું અને નિયમિત ખોરાક પચે તેટલો વાપરવો. બાહ્યમલનાશાર્થે જલસ્નાન તથા શુદ્ધ હવાથી સ્નાન કરવું, મનને આનંદમાં રાખવું. ભય શોકા-દિકના ખરાબ વિચારો ન કરવા અને પુરૂષાર્થ કરતાં બિલકુલ ખામી ન રાખવી, છેવટે પુરૂષાર્થ કરતાં કર્મનું બળ વિશેષ જણાય ત્યારે કર્મોદયથી આત્મા ન્યારો છે એમ ભાવવું. અતિ ખાવું નહિ. અતિ પ્રયત્ન ન કરવો. કમ ખાવું અને ગમ ખાવી. એકાં-તમાં ભૂતકાલીન અને વર્તમાન સ્થિતિનો વિચાર કરવો. ગીતાર્થ ગુરૂને ગુપ્ત ખાનગી વાત કહેવી. બાલ્યાવસ્થાથી સર્વ પ્રકારની વૈદ્યકીય વિદ્યાઓનો અભ્યાસ કરવો અને અન્યોને કરાવવો. શરી-રમાંથી કોઇપણ રીતે વીર્યનો નાશ ન થાય એવી રીતે શરીરથી અને મનથી વર્તવું. નવરાશના વખતમાં પારમાર્થિક કાર્યો કરવાં

અને ઉત્તમ પુરૂષોના જીવનની સાથે સ્પર્ધાવાળું જીવન ગાળવું. સર્વથા બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રથમ તુલના કરવી. આત્માની પરીક્ષા કરવી પશ્ચાત્ બ્રહ્મચર્યવ્રત પાળવાની ખાત્રી થાય તો પછી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરવું. વિષયભોગથી કદાપિ શાંતિ કોઇને થઈ નથી અને થવાની નથી. ભોગાવલી કર્મનો ઉદયનો અનુભવ કરવો અને પરસ્પરની આરોગ્યતા અને ગુણ કર્મની સમાનતાએ ગૃહસ્થ ધર્મના પાલન માટે પરસ્પર ધર્મ્ય લગ્નથી ધર્મ કર્મ કરવાં. ક્ષયરોગી, રક્તપિત્ત, કોઢી, મધુપ્રમેહી, ભગંદર વગેરે ભયંકર તથા ચેપી રોગીઓના વંશની કન્યા તથા પુત્રની સાથે પુત્ર પુત્રીનું લગ્ન ન કરવું. ગૃહસ્થ દશામાં ઉત્તમ પવિત્ર જીવન ગાળવું અને દરરોજ ષડાવશ્યક કર્મ કરવાં કે જેથી આધ્યાત્મિક શુદ્ધિ થાય. મનવાણીકાયાની શુદ્ધિ કરવી. વિષયભોગોને ભોગવતાં મનવાણીકાયાના વીર્યનો ક્ષય થાય છે, માટે અત્યંત ઉપયોગ પૂર્વક વર્તવું. શરીર અને મનના ખોરાક કરતાં આત્માના જ્ઞાનાનંદરૂપ ખોરાક માટે વિશેષ લક્ષ્ય દેવું. જ્ઞાનાનન્દની પ્રાપ્તિ વિના કદાપિ સંતોષ થનાર નથી. ગૃહસ્થાશ્રમમાં સર્વ પ્રકારના ધંધા કરવાની છૂટ છે, દારૂ અને માંસ વગેરેનું ભક્ષણ ન કરવું. અને તેનો વ્યાપાર ન કરવો અને જેઓ કરતા હોય તેઓની અનુમોદના ન કરવી. પશુઓનો વધ અને પંખીઓનો નાશ થતો અટકાવવો. ગૃહસ્થાશ્રમમાં પોતાનો, કુટુંબનો, ધનભૂમિ વગેરેનો, નાશ કરવા ઉદ્યુક્ત થએલાઓની સાથે તથા જૈનધર્મીઓનો નાશ કરનારાઓની સાથે બલકલથી યુદ્ધ કર્યા વિના છુટકો થતો નથી તેથી તેમાં દયા ડાકણને ખાય એવું ન બનવું જોઈએ, એવી રીતે ગૃહસ્થાશ્રમમાં વિવેકથી વર્તવાનું થાય છે. શક્તિ છતાં દયા કરવાનો અધિકાર છે. નિર્બલને શત્રુની, અપેક્ષાએ દયાનો અધિકાર નથી. પોતાની શક્તિયોનો વ્યય થાય એવી રીતે સમાનધર્મીએ પરસ્પર ન વર્તવું જોઈએ. ઘર વગેરે રહેવાના સ્થાન પાસે ગંદકી ન રહેવી જોઇએ. શુદ્ધ હવા જલ પ્રકાશનો લાભ મળે એવી રીતે રહેવું જોઇએ. વિજાતીય વિધર્મીય મનુષ્યોનો પૂર્ણ અનુભવ કર્યા વિના તેઓના પર

એકદમ વિશ્વાસ ન મૂકી દેવો જોઈએ. સર્વ પ્રકારના બલનો દુરૂપયોગ ન કરવો જોઈએ. દેશકાલ અનુસારે જૈનધર્મના બાહ્યાચારોમાં ફેરફાર થાય છે. યુરોપ, એશિયા વગેરે દેશની પ્રજાએ દેશકાલ અનુસારે જેટલા અને તેટલા ધર્માચાર પાળવાને અધિકારી છે. સર્વ ખંડવાળા મનુષ્યો બાહ્યધર્મ ક્રિયાચારમાં એક સરખા પ્રવૃત્તિવાળા થઈ શકે નહિ. આજીવિકાનાં સાધનોમાં દેશકાલ અનુસારે પરિવર્તનો થયા કરે છે માટે તેમાં એકાંત રૂઢિના આગ્રહી ન થવું, કારણ કે દુનિયા પરિવર્તન શીલ છે તેમાં પરિવર્તનો થાય છે અને થયા કરશે. સંસારમાં ગૃહસ્થાવાસમાં રહીને ધ્યેય તો આત્માની પૂર્ણ શુદ્ધિ કરવાનું રાખવું પશ્ચાત્ જેટલું અને તેટલું કરવું પણ સાધ્યને ભૂલવું ન જોઈએ. પ્રાચીન અને અર્વાચીન રીતરીવાજ આચારો અને વિચારોમાં સંયોગ, સમાજ, અધિકાર, વ્યક્તિત્વ આદિની અપેક્ષાએ સત્ય અને અસત્યનો વિવેક કરવો. દેશકાલ દ્રવ્ય ભાવની અપેક્ષાએ સત્ય-ધર્મ આદિ સમજવું. દેશકાલ આદિની અપેક્ષાએ સત્ય હોય છે તે અન્ય દ્રવ્યક્ષેત્ર કાલાદિકની અપેક્ષાએ અસત્ય ગણાય છે અને બાહ્યધર્મ છે તે અધર્મ ગણાય છે, અને ધર્મ તે અધર્મ ગણાય છે. ઔપચારિક ધર્માદિકની વ્યાખ્યાઓમાં વિચારોમાં અને તેના આચારોમાં દેશકાલાનુસારે કરોડો મનુષ્યોની અપેક્ષાએ અસંખ્ય ધર્મનાં પરિવર્તનો થાય છે પણ તત્ત્વજ્ઞાનમાં સિદ્ધાંતો જે જે કેવલીએ કથન કરેલાં છે તેમાં ફેરફાર થતો નથી, એમ ગૃહસ્થાવાસી જે જૈનો જાણે છે તેઓ આત્માની તથા બાહ્યની પણ ઉન્નતિ સારી રીતે કરી શકે છે. આત્મજ્ઞાની ગૃહસ્થો એ પ્રમાણે જાણતા હોવાથી અનેક પ્રકારના હઠકદાગ્રહ કલેશ ખંડનાદિ દોષોથી મુક્ત થાય છે, તેઓની એવી દૃષ્ટિ થયા બાદ તેઓને યુદ્ધાદિક પ્રવૃત્તિ પણ ધર્માર્થે પરિણમે છે. તેઓ જે કંઈ કરે છે તે અલ્પ દોષ અને બહુ ધર્મ થાય તેવી દૃષ્ટિએ કરે છે. ગૃહસ્થાવાસમાં જડસુખની પ્રાપ્તિ માટે અનેક ભોગ્ય પદાર્થોની જરૂર પડે છે તેથી ગૃહસ્થાવાસમાં ઉપાધિયોગ ઘણો હોય છે

છતાં જડસુખના અનાવલંબનથી તથા આત્મસુખના નિશ્ચયથી ગૃહસ્થો આત્મા તરફ વળે છે. જડના સંબંધથી આત્મા પોતાની મૂલદશા તરફ વળે છે. જડસુખના અનુભાવ પછી આત્માના સુખમાં આત્માનો વિશ્વાસ થાય છે પશ્ચાત્ આત્માનંદની પ્રાપ્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, પશ્ચાત્ ખરી ત્યાગદશાનો પ્રકાશ થાય છે. પુણ્યના ઉદયથી જડવસ્તુદ્વારા સુખની પ્રાપ્તિ થાય છે અને પાપના ઉદયથી જડવસ્તુદ્વારા દુઃખની પ્રાપ્તિ થાય છે. જડવસ્તુદ્વારા સુખનો ભોગ કરવો તે પરતંત્ર સુખ છે એવા પરતંત્ર સુખથી ખરો સંતોષ થતો નથી. જડવસ્તુ મારફત થતું સુખ તે કલ્પિત સુખ છે. અનંત પુણ્યના યોગથી સદ્ગુરૂની પ્રાપ્તિ થાય છે અને તેથી ધર્મની પ્રાપ્તિ થાય છે. ગીતાર્થ ગુરૂની ગમ વિના ધર્મનાં લાખો પુસ્તકો વાંચવામાં આવે તો પણ તેની જોઇએ તેવી મન પર અસર થતી નથી. આત્મજ્ઞાની અનુભવી ગીતાર્થગુરૂની સેવાભક્તિ કરીને જે જ્ઞાન ગ્રહણ કરેલું હોય છે તે આત્માનુભવને પ્રકટાવી શકે છે. માટે આત્માનુભવી ગુરૂ કર્યા વિના ધર્મનાં પુસ્તકો વાંચવા માત્રથી આત્માની સત્ય શુદ્ધિ થતી નથી. ગૃહસ્થોએ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે આત્માનુભવી એવા ત્યાગી ગુરૂને ગુરૂ તરીકે અંગીકાર કરવા અને વ્યવહારિક વિદ્યાઓની પ્રાપ્તિ માટે વ્યવહારિક વિદ્યાગુરૂ કરવા. ગૃહસ્થ દશામાં સર્વ કર્તવ્ય કાર્યો કરવાં પણ આત્મામાં લક્ષ્ય રાખવું. સર્વ પ્રકારે બાહ્યાંતરનું નિરીક્ષણ કરી જવું. પોતાના ઘેર આવેલા અતિથિયોનો યથાયોગ્ય સત્કાર કરવો તેઓને ભોજનાદિકથી સંતોષવા, એવો જૈનધર્માચાર વ્યવહાર છે. જૈનધર્મ છે તે આર્યધર્મ છે. અતિથિની સેવાભક્તિમાં પાછું વાળી ન જોવું. અતિથિ તરીકે ઘેર આવેલા શત્રુનો પણ સત્કાર કરવો પણ સાવચેતી રાખવી. પૂર્વભવના સંસ્કારી મનુષ્યો, બ્રહ્મચર્યાશ્રમમાંથી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા વિના એકદમ ત્યાગાશ્રમમાં જઇ શકે છે પણ એવા વિરલા મનુષ્યો નીકળે છે. જડપદાર્થોમાંથી જેઓને સુખ બુદ્ધિ ઉઠી ગઈ હોય છે તેઓ ત્યાગાવસ્થામાં પ્રવેશ કરવાના

અધિકારવાળા થાય છે. જ્યાંસુધી સ્ત્રીના આલંબન વિના ન રહેવાય એવું લાગતું હોય ત્યાંસુધી સર્વથા બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરીને ત્યાગી ન બનવું પરંતુ ગૃહાવાસમાં રહી ધર્મ્ય લગ્નથી જીવવું. સર્વ પ્રકારની સુંદર સ્ત્રીઓનો સમાગમ છતાં જેઓને કામભોગ ઇચ્છા-મૈથુન ઇચ્છા પ્રગટતી નથી અને કદાપિ પ્રગટે તો તેને તુર્ત દાબી દેઇ જેઓ મનને વશ કરવા પૂર્ણ સમર્થ છે એવો જેઓને સ્વજાતનો અનુભવ આવે તેઓએ સ્ત્રીઓના ખાનગી પરિચયમાં આવવું અને તેવા પ્રકારની સ્ત્રીઓએ પુરૂષોના સમાગમમાં આવવું. ગૃહસ્થાવાસ સાત્વિક મનુષ્યો માટે સ્વર્ગ છે અને અજ્ઞાની મોહી દુષ્ટપાપીઓ માટે નરક છે. ગૃહસ્થાવાસમાં વિષયોના ભોગોનું જ ખાસ ધ્યેય ન હોવું જોઇએ. સ્વાર્થની સાથે પારમાર્થિક કાર્યો કરવાં, ગૃહસ્થાવાસમાં ઉચ્ચ બનવું વા નીચ બનવું તે પોતાના હસ્તમાં છે. ગૃહાસ્થાવાસમાં રહેતાં જ્યારે વૃદ્ધાવસ્થા આવે ત્યારે તો પુરૂષોએ અને સ્ત્રીઓએ ત્યાગાવસ્થા સ્વીકારવી. જેઓનાથી ત્યાગાવસ્થા ન સ્વીકારી શકાય તેઓએ પુત્ર વગેરેને ગૃહ ભળાવી ઘરનો ત્યાગ કરી અલ્પ ઉપાધિથી શાંતિપ્રદ એકાંત તીર્થ સ્થળોમાં રહેવું, તથા પારમાર્થિક કાર્યો કરવામાં બાકીની જીંદગી ગાળવી. જૈનગુરૂકુલો. ત્યાગીઓની સેવાભક્તિ. ઉપદેશ શ્રવણ, જ્ઞાનધ્યાન સમાધિ વગેરેથી આત્માની શુદ્ધિ કરવામાં આત્મિકજીવન ગાળવું. જેને વૃદ્ધાવસ્થામાં જે અવલંબનથી જીંદગી સફળ થાય તેણે તેવી બાબતમાં પ્રવર્તવું. યુવાવસ્થામાં ગૃહસ્થોએ આર્થિક સ્થિતિપર વિશેષ લક્ષ દેવું. યુવાવસ્થામાં ઘણા પ્રમાદોથી જે બચે છે તે વૃદ્ધાવસ્થાની જીંદગી સારી રીતે ગુજારી શકે છે. માબાપે બાલ્યાવસ્થામાં બાલકોને ધર્મ વગેરેની જાતે કેળવણી આપવી અને તેઓને આત્મબુદ્ધિથી સુધારી ધર્મી બનાવવાં એ પ્રભુની સેવાભક્તિ સરખુંજ કાર્ય છે. આત્મબુદ્ધિએ વિશ્વજીવોની સેવાભક્તિ કરવી તે પ્રભુની સેવાભક્તિ છે. માબાપે પોતાની પાછળ પુત્રો વગેરે જૈનધર્મી બરાબર પાકે એવો બાલકોને બાલ્યાવસ્થાથી ઉપદેશ

દેવો એવી પ્રવૃત્તિ કરનાર માબાપ તેજ સત્ય માબાપ છે અને તેઓ પોતાની ફર્જ અદા કરીને છેવટે મરીને સ્વર્ગ પામે છે. ગૃહસ્થાવાસમાં શુદ્ધ ધર્મબુદ્ધિથી અને વિવેકબુદ્ધિથી સર્વ પ્રકારનાં કર્તવ્યો કરતાં ધર્મની પ્રાપ્તિ થાય છે અને વંશપરંપરા ધર્મ વહે છે. પરમેશ્વરનો પ્રતિનિધિ મનુષ્ય છે, અને તે ગૃહસ્થાવાસમાં રહીને પણ મુક્ત બની શકે છે. ગૃહસ્થાવાસમાં વિષને દૂર કરી અમૃત પ્રાપ્ત કરવું જોઇએ. ત્યાગીઓ છે તે ગૃહસ્થોપર ઉપકાર કરે છે અને ગૃહસ્થો છે તે ત્યાગીઓની સેવાભક્તિ કરી શકે છે. ગૃહસ્થોને અને ત્યાગીઓને પરસ્પર એકબીજાને ઉપગ્રહ છે. ગૃહસ્થોપર ત્યાગીઓનો એટલો બધો ઉપકાર થાય છે કે તેને વાળવાને ગૃહસ્થો સમર્થ થઇ શકતા નથી. ત્યાગીઓજ વસ્તુતઃ પરમાર્થજીવન ગાળનારા છે. ગૃહસ્થોએ ત્યાગીઓને તેમના યોગ્ય દાન દેવું. જ્ઞાન વિદ્યાની પ્રાપ્તિથી ગૃહસ્થાવાસ શોભી શકે છે. નકામાં હાનિકારક ખર્ચોનો અને કુરૂઢિયોનો તથા દુર્વ્યસનોનો ત્યાગ કરવો અને અન્ય લોકો પાસે કરાવવો તથા કરતા હોય તેઓની અનુમોદના ન કરવી તેજ ગૃહસ્થોનો સમયોચિત ધર્મ છે. આય પ્રમાણે વ્યય કરવો. લૌકિક અને લોકોત્તર ધર્મનો વિવેક કરીને વર્તવું. દુનિયામાં અશક્તોને જીવવાનો અધિકાર નથી. કોઇપણ જાતની નબળાઇથી દૂર રહેવું. અન્યદેશીય પ્રજાઓની સાથે ધર્મ્ય સર્વજાતીય સ્પર્ધાઓમાં પાછળ ન રહેવું. ધર્મી મનુષ્યોએ પરસ્પર સંપીને રહેવું અને દુષ્ટપાપી અન્યાયી મનુષ્યોને પહોંચી વળાય તેના કરતાં હજારોગણું બળ મેળવવું અને સદા સર્વ પ્રકારની અશક્તિયો ન આવી જાય તેથી સાવધાન રહેવું. અતિશય મોજશોખથી દૂર રહેવું, અને સ્વજન સંબંધીઓને બનતી સહાય આપવામાં છતી શક્તિ છતાં ચૂકવું નહીં. સંકુચિત અને કંજુસ દૃષ્ટિથી દૂર રહેવું. ભોજનની સુવિધિ સમજવી. ચેપી વગેરે ભયંકર રોગીઓનું પીધેલું પાણી પીવું નહિ તેમજ એક જ ભાણે બેસીને તેઓની સાથે તેઓના રોગની અસર થાય એવી રીતે જમવું નહિ, તેમજ

ચેપી રોગોની અસર થાય એવી રીતે સંબંધમાં ન આવવું તથા હવાની શુદ્ધિનો તથા પ્રકાશનો લાભ મળે એવા ગૃહાદિસ્થાનોમાં રહેવું. શુદ્ધ હવાનું પ્રાતઃકાલમાં તથા સાયંકાલે સેવન કરવું. રક્તપિત્તના રોગીઓની નિરોગી લોકોને અસર ન થાય એવા સ્થાનોમાં રાખવા. ક્ષય રોગીઓની સાથે એકાંત ભેગી જગ્યામાં શયન ન કરવું, તેઓને સુકી હવામાં રાખવા. ઘર વગેરેમાં ગંદકી ન થાય અને સર્પાદિ વિષવાળાં પ્રાણીઓ ન રહે એવી વ્યવસ્થાથી વર્તવું. જ્યાંસુધી બને ત્યાંસુધી રાત્રિભોજન ન કરવું પણ દિવસે ભોજન કરવું. શરીરની શુદ્ધિ જાળવવી. પચે તેટલું ખાવું, તમોગુણી ભોજન ન કરવું, સાત્વિક ભોજન કરવું. વિચારીને ખપ જેટલું સ્વપરહિતકારક બોલવું. કોઈના બૂરામાં ભાગ ન લેવો. દેશ ધર્મસંઘ રાજ્યાદિક શુભ કાર્યોમાં યથાશક્તિ ભાગ આપવો, દેશ રાજ્યકરતાં જૈનધર્મ અને ચતુર્વિધસંઘને મહાન્ ગણવો. જૈનધર્મ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા જૈનોને સર્વ પ્રકારની મદદ આપવી. સંઘની ઉન્નતિ કરવામાં ક્ષેત્રકાલથી જે રીતે જે કરવાનું ઘટે તે કરવું. ધર્મનો અને સંઘનો દ્રોહ ન કરવો. સંઘની પડતી થાય એવી કોઈપણ જાતની અશુભ પ્રવૃત્તિમાં ભાગ ન લેવો. સંસારમાં ગૃહસ્થાવાસમાં નિર્લેપભાવે વર્તવા પુરૂષાર્થ કરવો. નિષ્કામ બુદ્ધિ ન પ્રગટે ત્યાં સુધી શુભસકામ બુદ્ધિથી વર્તવું. અશુભ અધર્મ સકામ ઈચ્છાવૃત્તિયોનો ત્યાગ કરવો. ઉત્સર્ગ અને અપવાદથી સર્વ પ્રકારના વ્રતાદિક સાધન ધર્મને દેશકાલાનુસારે સાધવા. અપવાદ ધર્મ પ્રસંગ આવે છતે આપદ્ધર્મ અર્થાત્ અપવાદધર્મના અવલંબનથી વર્તવું. કોઇપણ ઉત્સર્ગ માર્ગથી આજીવિકાદિ ન ચલાવી શકાય ત્યારે વ્યક્તિ અને સમાજને અપવાદથી. આપદ્ધર્મ સાધનોથી આજીવિકાદિવડે જીવવાની છૂટ છે. અપવાદ માર્ગે ચાલવાની જરૂર હોય તે વખતે ઉત્સર્ગ માર્ગે ચાલવામાં આવે તો તેથી ધર્મ, સંઘ, સમાજ, દેશ, રાજ્ય, કુટુંબ વંશનો નાશ થવાનો પ્રસંગ આવે છે. આપત્કાલે વર્ણ ધર્માદિનો વિપર્યય થાય છે અને અમુક કાલ પશ્ચાત્ પ્રાયશ્ચિ-

ત્યાદિથી શુદ્ધ થઈને મૂલ ઉત્સર્ગ માર્ગપર ગૃહસ્થોને ચાલવું પડે છે અને ત્યાગીઓને ચાલવું પડે છે તેથી ધર્માચાર પ્રવૃત્તિ-યોમાં પરિવર્તનો થાય છે. એ પ્રમાણે દેશકાલાનુસારે જે કોમ, સમાજ, સંઘ, વ્યક્તિ જાણે છે તેજ જૈનધર્મને વિશ્વમાં જીવંત સ્થિતિમાં રાખી શકે છે. ગૃહસ્થાવાસમાં સ્વદેશભૂમિ ધન પશુ પંખી વગેરે સ્વમીલ્કતના રક્ષણમાટે ઉત્સર્ગ માર્ગથી ન વહે-વાય તો છેવટે કાર્યસિદ્ધિ કાલપર્યંત આપત્કાલીન પ્રવૃત્તિયોને સેવવી પડે છે, તેવી પ્રવૃત્તિયો-(કર્મો) જો કે ઉત્સર્ગમાર્ગની દૃષ્ટિએ દોષિત અધર્મ તરીકે ગણાની હોય છે પરંતુ આપત્કાલીન દૃષ્ટિએ તે કાલે તેથી ધર્મ વહે છે માટે ધર્મરૂપ ગણાય છે. આપત્કાલમાં જૈનોએ જૈનધર્મમાં સ્થિર રહેવું. જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા રાખવી અને જૈનો બાહિરજીવનથી જીવે અને પરંપરાએ જીવે એવી વિચારાચાર કર્માદિક પ્રવૃત્તિરો સેવવામાં મડદાલ ન બનવું. આવી રીતનો ગૃહસ્થ ધર્મ છે. ગૃહસ્થોએ ગૃહસ્થ દશામાં પ્રભુ મહાવીરની આજ્ઞા પ્રમાણે દેશથકી વર્તવું તે ગૃહસ્થ ધર્મ છે. અનેક ઉપાધિ દુ:ખ સંકટ વિપત્તિરોગ આધિવડે યુક્ત ગૃહ-સ્થ ધર્મ છે છતાં ગૃહસ્થદશાના અધિકારવાળો જ્યાંસુધી આત્મા છે ત્યાં સુધી તે ગૃહસ્થધર્મ પ્રમાણે વર્તી શકે છે. ગૃહસ્થાવાસમાં રહીને ગૃહસ્થના અધિકાર પ્રમાણે ન વર્તવું, તથા સર્વ પ્રકારની ગૃહસ્થદશાની ફરજોને ન બજાવવી તેમાં અધર્મ બાયલાપણું છે અને તેથી ઉભય ભ્રષ્ટ થવાય છે. ગૃહસ્થોએ સર્વ પ્રકારની નીતિને દેશકાલના અનુસારે આચરવી. દયાદિ સાત્વિક ગુણોને મનની શુદ્ધિમાટે યથાશક્તિ સેવવા. ગૃહસ્થધર્મના પાલનથી બારમા અચ્યુત દેવલોકની ઉત્કૃષ્ટભંગે પ્રાપ્તિ થાય છે ગૃહસ્થધર્મમાં જે પકવ થયો હોય છે અને વૈરાગી બન્યો હોય છે તે ત્યાગીનો ધર્મ સારી રીતે પાળી શકે છે. ગૃહસ્થાવાસમાં સર્વ દેશ ખંડની યાત્રા કરી સર્વ પ્રકારની વિદ્યાઓનું જ્ઞાન મેળવવું. સર્વ પ્રકારના શાસ્ત્ર વિદ્યાકર્મનું તથા વ્યાપાર હુન્નર કૃષિકર્મ આદિનું જ્ઞાન મેળવવું પણ જૈનધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ ન થવું. પોતાના પૂર્વજોના

ધર્માચારોનું રહસ્ય સમજવું અને અસત્યનો ત્યાગ કરી શક્તિવાળા સત્યને ગ્રહવું.વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ લેઇ પરમાત્મા મહાવીર દેવનું ધ્યાન ધરવું. વૃદ્ધાવસ્થામાં યથાયોગ્ય નિવૃત્તિ લેવી. ગૃહસ્થાવાસમાં અનેક સદ્‌ગુણોને પ્રાપ્ત કરવા પડે છે અને પોતાનામાં રહેલા દુર્ગુણોનો ત્યાગ કરવો પડે છે. કર્મયોગી મનુષ્યો જ્ઞાનાદિક ગુણોવડે ગૃહસ્થાવાસમાં નિર્લેપ રહે છે અને સંઘ, દેશ, રાજ્ય, ધર્માદિકની સ્વફરજોને સારી રીતે અદા કરી શકે છે. ઉત્સાહ, ખંત, ધૈર્ય, પ્રેમ, આનંદી સ્વભાવ, ઉદ્યોગ, શ્રદ્ધા, સાહસ, વિવેક, વિનય આદિગુણોથી સંસાર સમુદ્રને તરી શકાય છે. સંસારસમુદ્ર તરવા માટે ગૃહસ્થાશ્રમને સાધનભૂત વહાણ જેવો બનાવવો જોઇએ. અધ્યાત્મશક્તિઓવડે ઉભરાઈ જનારો દેશ ખરેખર ગૃહસ્થાશ્રમમાં સ્વર્ગ જેવો શોભી શકે છે. દેશવર્ણ જાતિ આદિના મોહ ભેદોને ટાળવા, પરંતુ સ્વદેશ ધર્મ સંઘ રાજ્ય ભૂમિ આદિનું કારણ પ્રસંગે રક્ષણ કરી શકાય એટલી શક્તિયોવડે તો સદાકાલ તૈયાર સાવધાન રહેવું જોઈએ. ગૃહસ્થાશ્રમમાં સર્વદેશીય મનુષ્યો સદા એક સરખા સાત્વિક ગુણીકર્મી બની શકે નહીં. સ્વાર્થ લોભે, ખંડ દેશાદિક ભેદે, દેશવર્ણ ધર્માદિકભેદે યુદ્ધ તોફાનો આક્રમણો થયા વિના રહે નહિ તેથી આર્યદેશીય ગૃહસ્થાશ્રમમાં મનુષ્યોએ સર્વ પ્રકારની શક્તિયોને પ્રાપ્ત કરી સ્વદેશ સંઘ, ધર્માદિકનું રક્ષણ કરવું. શસ્ત્રાદિકબલની ગૌણ મુખ્યતા, દેશકાલાનુસારે જરૂર રહેવાનીજ. અધર્મમાં બળ ન વાપરવું પરંતુ ધર્માદિકના રક્ષણ માટે બાહ્યબલાદિકવડે યુક્ત તો સદા રહેવું જોઈએ, એવી દૃષ્ટિ અને પ્રવૃત્તિથી સદા સાવધાન રહીને ઉચ્ચ સ્વર્ગી જેવા સર્વ ખંડના મનુષ્યોને બનાવવા પ્રયત્ન કરવો. પોતાના સમાન અન્યધર્મી વિદેશી કાળા ગોરા સર્વ મનુષ્યોને માનવા. ગૃહસ્થાશ્રમમાં કર્મપ્રકૃતિથી કોઇ મુક્ત રહીને ગૃહસ્થ કાર્યોને કરી શકે નહિ. ભિન્નભિન્ન કર્મપ્રકૃતિવાળા મનુષ્યો કદાપિ એક કર્મ પ્રકૃતિવાળા બની શકે નહિ એમ જૈનશાસ્ત્રો જણાવે છે, માટે ગૃહસ્થોએ જ્યાંસુધી ગૃહાવાસમાં રહેવું હોય ત્યાંસુધી તેઓએ

બાહ્યવ્યવહારમાં તો બાહ્યવ્યવહાર પ્રમાણે ચાલવું જોઇએ અને આત્માની અપેક્ષાએ સર્વલોકોને એકાત્મા તરીકે અંતરમાં ભાવવા પણ એકાત્મભાવ અને એકાત્મવર્તન જેવું ત્યાગીનું ચારિત્ર તો ગૃહસ્થદશામા આચરી શકાય નહિ, તેની ભાવના તો ભાવી શકાય, અંશે અંશે વર્તી શકાય, માટે ચારિત્રની દૃષ્ટિએ તો ત્યાગી સંતો મેરૂ પર્વત જેટલા મોટા છે અને ગૃહસ્થો સર્ષવ જેટલા લઘુ છે એમ અધિકાર ભેદે બન્નેના ગુણકર્મોથી અંતરૂ સંભવી શકે છે. ગૃહસ્થાવાસમાં કર્મયોગીની દશાની પ્રથમથી પ્રાપ્તિ કરવી જોઈએ. માબાપે બાલકોને અને બાલિકાઓને લાંબી જીંદગી ભોગવે એવાં બનાવવાં પણ તેઓને બાલલગ્નરૂપ યજ્ઞમાં હોમી ન દેવાં જોઈએ. બાલલગ્નની સ્વતંત્રતા એ સ્વતંત્રતા નથી બરાબર યુવાવસ્થામાં લગ્ન થાય અને વીર્ય રક્ષણથી પુત્રો અને પુત્રીઓ શક્તિશાલી બને એવા ઉપાયો આચરવા. બાલકોને ઘૃત દુધદહીં ખાવાનું મળે, તેઓનામાં યુવાવસ્થામાં શક્તિયો પ્રગટે એવી રીતનો બંદોબસ્ત કરવો. ગાયો ભેંસો વગેરેને કોઈ મારે નહીં એવો ગૃહસ્થાવાસમાં ગૃહસ્થોએ ભેગા મળી બંદોબસ્ત કરવો. દરેક ગૃહસ્થે બ્રાહ્મણના ગુણકર્મોનો અભ્યાસ કરવો તથા ક્ષત્રિયના ગુણકર્મો તથા વૈશ્યના ગુણકર્મો તથા શૂદ્રના ગુણકર્મોને બ્રહ્મચર્યાશ્રમમાંજ શીખી લેવા અને જે દેશકાલે સ્વાધિકારે જેની જેની જરૂર પડે તે પ્રમાણે કલિયુગમાં વર્તવું. કલિયુગમાં કલિ, કલેશ, યુદ્ધપ્રધાન દેશકોમ ખંડ, સંઘ જાતિ રહે છે તે ભૂલવું ન જોઇએ. તોપણ જેમ બને તેમ આખી દુનિયામાંથી ખૂન, યુદ્ધ, વગેરેનો નાશ થાય એવો ઉત્સાહપૂર્વક પુરૂષાર્થ કરવો. મનુષ્ય ખરેખર ઇશ્વરનો પ્રતિનિધિ છે. કોઈપણ મનુષ્યના નાશમાં ઈશ્વરના ઘાત જેટલું પાપ છે એમ આખી દુનિયાના મનુષ્યો જ્યારે માનશે અને તે પ્રમાણે વર્તશે ત્યારે તે કાલે આ પૃથ્વી તે સ્વર્ગ જેવી શોભશે. દુનિયામાં વિદ્યમાન ધર્મોની અને ધર્મીઓની નિંદા કરવી અને અન્યધર્મીઓની સ્વધર્મના ઝનૂનથી કતલ કરવી તેજ મહાપાપ

અને અધર્મીપણું છે. ભિન્નભિન્ન ધર્મોમાં જે જે અંશે સત્યના, સદ્‌ગુણ હોય તે ગ્રહવો અને જે ભાગ ન રૂચે તેની ઉપેક્ષા કરવી. જે જે ભિન્ન ધર્મોમાં જે જે કંઈ સત્ય હોય તેને સત્ય તરીકે જાહેર કરવું અને તે પ્રભુ મહાવીર દેવે અસંખ્ય દષ્ટિયોની અપેક્ષાએ પ્રકાશ્યું છે એમ માની જૈનધર્મની વિશાલતાનો ખ્યાલ કરી વિશ્વવર્તિસર્વલોકોને જૈનધર્મનું સ્વરૂપ સમજાવવું કે જેથી તેઓમાં રહેલી અજ્ઞાનતા, કદાગ્રહ, ભેદબુદ્ધિ ટળી જાય. ગૃહસ્થાશ્રમમાં જેમ બને તેમ સાત્ત્વિકગુણી થવા પુરૂષાર્થ કરવો. સંતસાધુઓની સંગતિ કરવી અને તેઓની પાસેથી આત્મજ્ઞાન ગ્રહણ કરવું. મિથ્યા નાસ્તિક જડવાદબુદ્ધિ ટળતાં સત્ય જૈનધર્મ સમજાય છે પશ્ચાત્ દેવગુરૂધર્મની શ્રદ્ધા થાય છે. દેવ-ગુરૂધર્મની શ્રદ્ધા થતાં જ્યાંસુધી અવિરતિ દશા હોય છે ત્યાંસુધી સમ્યગ્‌દષ્ટિ અવિરતિ નામના ચોથા ગુણ સ્થાનકમાં મનુષ્યો રહે છે, પશ્ચાત્ ગૃહસ્થધર્મનાં બાર વ્રતને કેટલાક અંગીકાર કરે છે, કેટલાક બાર વ્રત પૈકી જેટલાં વ્રત જે જે ભાંગે પાળી શકાય તેટલાં તે તે ભાંગે અંગીકાર કરી શકે છે, પશ્ચાત્ ત્યાગી ધર્મની યોગ્યતાને પામેલા જે મનુષ્યો હોય છે તેઓ ત્યાગીનો ધર્મ અંગીકાર કરે છે. દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકવાળા મનુષ્યો ષડાવશ્યક કર્મ કરે છે. ષડાવશ્યકની ક્રિયાથી આત્માની શુદ્ધિ થાય છે. આત્માની શુદ્ધિ માટે તરતમયોગે સર્વ પ્રકારના ધર્મો છે. પ્રથમ જ્ઞાન કરીને પશ્ચાત્ ધર્મનો સ્વીકાર કરવો. પ્રથમ જ્ઞાન કર્યા બાદ વ્રતોને અંગીકાર કરવાં જ્ઞાન વિના દયાદિ કોઇ ધર્મની સત્ય આચરણા થતી નથી, માટે પહેલું જ્ઞાન અને પશ્ચાત્ ક્રિયા કથી છે, જેમ જેમ મનુષ્યોમાં જ્ઞાન વધે છે તેમ તેમ ધર્મના નામે ચાલતા વ્હેમો અને અજ્ઞાનથી પ્રગટેલાં અનિષ્ટ રૂઢિધર્મનાં બંધનોનો નાશ થાય છે. જ્ઞાની સત્યધર્મને પારખી શકે છે. ગૃહાશ્રમીઓએ ગૃહસ્થદશાનાં કાર્યો કરતાં ક્ષણે ક્ષણે અપ્રમત્ત દશા રાખવાનો આત્મોપયોગ ધારવો. જે સર્વ બાબતમાં સાવધાન સાવચેત રહે છે તેનો જય થાય છે,

અને પ્રમાદોનો નાશ થાય છે. પોતાની ભૂલોને, પ્રમાદોને, દોષોને પોતે જાણવા જોઈએ અને તેથી પોતે બચવું જોઇએ. દુનિયામાં સ્વર્ગ અને નરકને પામવું, જીવવું અને મરવું તે પોતાનાપર આધાર રાખે છે માટે આત્માના આશ્રયી બનવું. આત્માની આજ્ઞા પ્રમાણે મન અને કાયાને પ્રવર્તાવવી જોઇએ. મન અને ઇન્દ્રિયોના વિષયોના દાસ બનનારા મનુષ્યો ખરેખર જીવતા છતા મરેલા છે અને જેઓ મનની અશુભ વૃત્તિયોને મારીને જીવે છે તેજ મરજીવા શૂરા છે અને તેવા ગૃહસ્થો સર્વ વિશ્વમાં શુભ આપવાને પાત્ર છે તેવા મહાજનોના માર્ગમાં પ્રયાણ કરવું. જેઓ દેહથી જ જીવવાને ઇચ્છે છે અને આત્માના જ્ઞાનાનંદ ગુણથી જીવવાને ઇચ્છતા નથી તેઓ જડવાદી નાસ્તિકો છે અને તેઓ અધોગતિના ખાડામાં પડે છે, તથા અન્યોને પાડે છે, તેવા જડવાદીઓના ઉદ્ધારાર્થે ઈશ્વરી, મહાપુરૂષો પ્રગટે છે. સર્વ દેશમાં સર્વ કાલમાં ગમે તે જાતિમાં ગમે તે યોગ્ય વિચારાચારથી લોકોને આત્મજીવનનો પ્રકાશ આપવા માટે મહાસંત મહાત્માઓ પ્રગટે છે અને તેજ ઇશ્વરી અવતારો છે, એમ પ્રભુ મહાવીરદેવે આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓના નામે જાહેર કર્યું છે તથા ઉત્તમ શ્રાવક શ્રાવિકાઓને ઇશ્વરી પુરૂષ તરીકે ચોથા અને પાંચમા ગુણસ્થાનકની અપેક્ષાએ અંશે અંશે જાહેર કર્યા છે. આત્મા તેજ પોતાના ગુણપર્યાયોના પ્રકાશથી ઈશ્વર પરમાત્મા બને છે, એમ મહાવીર દેવે પ્રકાશ્યું છે અને તેથી તેમણે દુનિયાના સર્વ લોકોને જાહેર કર્યું છે કે તમારો આત્મા તેજ પરમાત્મા સત્તાએ છે અને દુર્ગુણોને હઠાવી પ્રકટ પરમાત્મા બને છે માટે જેમ બને તેમ દુર્ગુણ દોષ વ્યસનોથી મુક્ત થાઓ અને તેથી તમારા આત્માનો પરમાત્મા તરીકે પ્રકાશ થશે. એવો પ્રભુ સર્વજ્ઞ મહાવીર દેવનો સદુપદેશ છે તે જાણીને મોહાદિ શત્રુઓને જીતવા માટે યોગનાં આઠે અંગોનું સેવન કરવું. ત્યાગી બનીને આત્માના ધ્યાનથી આત્મસુખનો અનુભવ કરવો. આત્માની શુદ્ધિ

માટે ત્યાગ દશાની જરૂર છે એમ શ્રદ્ધા રાખવી અને તેની ઇચ્છા કરવી, એમ જે શ્રદ્ધા ઇચ્છાથી ગૃહસ્થાવાસમાં વર્તે છે તે અનાસક્ત કર્મયોગી શ્રાવક પદને પ્રાપ્ત કરી શકે છે. શુષ્કજ્ઞાન અને ક્રિયાજડપણાથી દૂર રહેવું. દરરોજ સવારમાં ગુરૂનાં દર્શન વંદન કરીને તથા બને તો વ્યાખ્યાન શ્રવણ કરીને આવું. દરરોજ જિનેશ્વર ભગવાનની પ્રતિમાનાં દર્શન વંદન ત્રિકાલ કરવાં તથા ત્રિકાલ પૂજન યથાશક્તિ કરવું. ત્યાગી ગુરૂની પાસે ધર્મશાસ્ત્રોનું શ્રવણ મનન કરવું. ત્યાગી ગુરૂગમ સાથેજ તેમની પાસે બેસી સલાહ અનુસાર આજ્ઞા પ્રમાણે ધર્મપુસ્તકોનું વાચન કરવું. ત્યાગી જ્ઞાની ગુરૂની સેવાભક્તિ કરીને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું, અન્યથા એકલાં ધર્મશાસ્ત્રોને સ્વબુદ્ધિથી વાંચી જવાથી આત્મામાં સમ્યગ્જ્ઞાન દર્શન તથા ચારિત્ર પ્રગટતું નથી માટે ત્યાગી ગીતાર્થને ગુરૂ કરી તેમની આજ્ઞા પ્રમાણે સેવાભક્તિથી સ્થિર થૈ અધ્યાત્મજ્ઞાનનાં શાસ્ત્રો આદિ શાસ્ત્રોનું જ્ઞાન ગ્રહણ કરવું. ગુરૂની સેવાભક્તિથી મેળવેલું જ્ઞાન પોતાના હૃદયમાં સમ્યક્રૂપે પરિણમે છે અને તેથી વ્યવહારમાં તથા નિશ્ચયમાં સ્થિર થવાય છે. ગમે તેટલું ગૃહસ્થાવાસમાં શ્રાવકપણામા જ્ઞાન હોય પણ ચારિત્રીની આગળ તે બિંદુ સમાન છે એમ જાણવું. સમકિતદાયક ત્યાગી ગુરૂ વિના બાકીના ચારિત્રધારક સાધુઓને સાધુ તરીકે માની તેમની યથાશક્તિ તરતમયોગે સેવાભક્તિ કરવી. સાધુઓની સંગત કરવી. તેમની સેવાભક્તિમાં ખામી ન રાખવી. સાધુઓની નિંદાહેલના, તિરસ્કાર, અભક્તિથી દૂર રહેવું. વર્તમાનમાં વર્તતા સાધુઓની સેવાભક્તિમાં ખામી ન રાખવી અને આચાર્યાદિકની શુદ્ધ શ્રદ્ધા પ્રીતિથી સેવાભક્તિ કરવી. મિથ્યાત્વીઓના એકાંત મિથ્યાત્વ બોધમાં શ્રદ્ધા ન ધારવી. પોતાના સમકિતની મલીનતા થાય એવા નાસ્તિક કુગુરૂ જડવાદી મનુષ્યોની સંગત ન કરવી. વર્ષમાં એકવાર બને ત્યાંસુધી સ્વગુરૂની અને સર્વ સાધુઓની તથા આચાર્યોની યાત્રા કરવા જવું અને તેઓની સેવાભક્તિ કરવી. સાધ્વીઓનાં દર્શન કરવાં. જંગમ તીર્થસ્વરૂપ મુનિયો જ્યાં જ્યાં વસતા હોય ત્યાં

જવું અને તેઓનો સદુપદેશ ગ્રહણ કરવો સિદ્ધાચલાદિક સ્થાવર તીર્થોની યથાશક્તિભાવે યાત્રા કરવી અને સ્થાવર તીર્થોમાં રહેલા ત્યાગીઓની સેવાભક્તિ પૂર્વક ઉપદેશ ગ્રહણ કરવો. જૈન કુળમાં જન્મેલા હોય પણ જે નાસ્તિક નગુરા જૈનો હોય અને જેઓ જડવાદી જૈનો નામથી જ ફક્ત હોય તથા કુતર્કી હોય તેઓ જો ત્યાગી ગુરૂઓની નિંદા ખંડન કરે તો તેમના વચનનો વિશ્વાસ ન લાવવો અને ધર્મવિચારાચારમાં દઢ રહેવું. પોતાને ધર્મ સંબંધમાં જે જે શંકાઓ પડે તેનો ધર્મગુરૂને પુચ્છી ખુલાસો કરવો. ચક્રવર્તી જેવો ગૃહસ્થ હોય પણ ત્યાગી ગુરૂને વાંદી પૂજી ખાય તો તે ગૃહસ્થ શ્રાવક ધર્મી છે એમ જાણવું. બાહિરની મોટાઈમાં ત્યાગી ગુરૂની તથા સાધુની મોટાઇ ભૂલી ન જવી. ત્યાગી ગુરૂ તથા સાધુઓપર જેની શ્રદ્ધા પ્રીતિ છે તથા સેવાભક્તિને આચારમાં મૂકીને જે વર્તે છે તેનું જ્ઞાન ખરેખર આત્મશુદ્ધિ માટે થાય છે અને તેથી તે જ્ઞાન આત્મરૂપે પરિણમે છે. ગૃહસ્થાવાસમાં જૈનધર્મના આરાધનમાટે બાહ્યવસ્તુઓને સાધન તરીકે તથા ભોગોપભોગ તરીકે વાપરીને નિર્લેપપણે જીવવાનું હોય છે. સાત ક્ષેત્રમાં દાન વાપરવું. સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, ઉપવાસ, એકાશન, જાપ વગેરે ધર્મકૃત્યથી આત્માની શુદ્ધિ કરવી. મનુષ્યોને ત્યાગી થવામાં સહાય આપવી. શુષ્કજ્ઞાની ન બનવું. ગુરૂ પરંપરાના અનુભવી થવું. ગચ્છાદિક નિમિત્તધર્મ વ્યવહારની ઉપયોગિતા જાણી તેનું સાપેક્ષોપયોગથી અવલંબન કરવું. ગચ્છાદિકની ઉપયોગિતા સમજવી અને તેના સાધનધર્મ વ્યવહારને આદરવો. ગૃહસ્થાવાસમાં ત્યાગી ગુરૂનું વારંવાર અવલંબન લેવું અને તેમના આશયોને સમજવા પ્રયત્ન કરવો. ધર્મની બાબતમાં ગીતાર્થગુરૂનો અભિપ્રાય સત્ય સમજવો. જૈનધર્મ અને જૈનધર્મીઓનું અસ્તિત્વ જાળવવા દેશકાલાનુસારે જેટલા બને તેટલા ઉપાયો કરવા અને તે માટે દેશ ક્ષેત્રને બદલવું પણ જૈનધર્મનો ત્યાગ ન કરવો. રાજ્ય, ધન, ભૂમિના ભોગે પણ જૈનધર્મને જાળવવો. ચતુર્વિધસંઘ એજ જીવંત વ્યાપક વૈરાટ્ પરમેશ્વરરૂપ માનવો અને તેની સેવાભક્તિમાં

સર્વસ્વાર્પણ કરવું. વ્યવહારથી અને નિશ્ચયથી કોઇ જૈન ન થાય ત્યાં સુધી તેનામાં કેટલાક મધ્યસ્થાદિકગુણો હોય તેથી તેને જૈન ન માની લેવો. સદ્ગુરૂની પાસે સમ્યક્ત્વ અંગીકાર કરે અને વ્યવહારથી પોતાને જૈન માને અને દેવગુરૂ સંઘની સેવાભક્તિમાં અત્યંત પ્રેમી બને તેને જૈન તરીકે સ્વીકારી તેની સેવાભક્તિમાં અભેદભાવે સર્વસ્વાર્પણ કરવું, તેને અત્યંત પ્રિય પૂજ્ય માનવો અને તેના આત્મામાં પરમાત્મતા પ્રગટશે એમ પૂર્ણ શ્રદ્ધાથી માની તેને વિનય બહુ માનથી ન્હાવો. ગમે તેવા નિશ્ચય ભાવમાં રમનારાઓએ પણ સંઘની સેવાભક્તિ તથા સંઘની ઉન્નતિના કાર્યોમાં તો અવશ્ય ભાગ લેવો. સંઘે ભેગા થૈ તીર્થંકર મહાવીર દેવના જન્મ કલ્યાણકાદિ ધર્મ પર્વ મહોત્સવોને ઉજવવા. પર્વ તિથિયોમાં વિશેષતઃ ધર્મ કર્મો કરવાં. કેટલાક આનંદોત્સવ કલ્પી તે દિવસે આરામ લેવો અને ભકિત આનંદમાં દિવસ ગાળવો. કેટલાક વિરામના દિવસો કલ્પવા અને તે દિવસે જૈનોએ વ્યાપારાદિક બંધ કરી વિરામ લેવો. મનવાણીકાયાને આરામ આપવો જોઇએ નહીં તો શરીર ઘસાઇ જાય. ગૃહસ્થદશામાં દ્રવ્યક્ષેત્રકાલભાવના જ્ઞાતા થવું અને અંશે અંશે આત્માની શુદ્ધિ કરવા ઉપયોગ રાખવો. તે તે કાલક્ષેત્રે વિદ્યમાન ગીતાર્થ સૂરિવરો વગેરેની આજ્ઞા પ્રમાણે ધર્મની પ્રવૃત્તિ કરવી અને સંસાર વ્યવહારનાં કાર્યો કરવામાં કર્મયોગી થૈ પ્રવર્તવું. ત્યાગદશાની રૂચિ અને યોગ્યતા થતાં પરંપર વિદ્યમાન ત્યાગીગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરવી. એમ ગૃહસ્થદશામાં આત્માની શુદ્ધિ માટે પ્રવૃત્તિ બતાવી તથા ગૃહસ્થદશાયોગ્ય ગુણકર્મોની દિશા દર્શાવી તે પ્રમાણે દ્રવ્ય ક્ષેત્રકાલભાવથી ગૌણ મુખ્યપણે સ્વપરહિતાર્થે વર્તવાથી સ્વર્ગની અને સિદ્ધિની છેવટે પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થ જૈનો જાણીને તે પ્રમાણે વર્તો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

મુ૦ વિજાપુર. લેખક. બુદ્ધિસાગર

સં. ૧૯૭૮ ફા. વ. ૩

શ્રી પાલીતાણા. તત્ર પાદરાવાળા શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરુભક્તિકારક, સુશ્રાવક વકીલ શા. મોહનલાલ હિમચંદ તથા શા. માણેકલાલ વરજીવન તથા શા. પ્રેમચંદભાઈ દલસુખ તથા વડુવાળા શા. મંગલભાઇ લખમીચંદ તથા પાદરાવાળા ભાઇલાલભાઈ તથા મુજપરવાળા પુંજીરામ વગેરે યોગ્ય ધર્મલાભ. વિ. તમો અહીંથી ફા. વ. એકમના પ્રાતઃકાલમાં ગાડીમાં નીકળી બીજે પાલીતાણે પહોંચ્યા હશો, શત્રુંજયગિરિની યાત્રા કરી હશે, સ્થાવર તીર્થ અને જંગમ તીર્થની યાત્રાથી મનવાણીકાયાની તથા આત્માની શુદ્ધિ થાય છે. દ્રવ્ય તીર્થની યાત્રાનો ઉપયોગ કરતાં આવડવો જોઇએ. યાત્રાના અંધ શ્રદ્ધાલુને પણ સિદ્ધાચલાદિક તીર્થની સેવાથી મોક્ષમાર્ગમાં સંચરવાની યોગ્યતા આવે છે તો જ્ઞાનીની તો શી વાત કહેવી ? જ્ઞાની નિરૂપાધિ દશામાટે તીર્થની સેવા કરે છે અને આત્મશાંતિનિવૃત્તિ મેળવી શકે છે. ગૃહસ્થદશામાં મેં બે વખત સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી છે. સં. ૧૯૫૨ માં અમદાવાદવાળા શા. મોતીલાલ વીરચંદના સંઘ સાથે છ 'રી' પાળીને સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી હતી. પશ્ચાત્ સં. ૧૯૫૬ ના અષાડી ચોમાસામાં ગૃહસ્થદશાના મેસાણાવાળા મિત્ર શા. મોહનલાલ દોલતરામની સાથે ત્રણ માસ સુધી રહી યાત્રા કરી હતી. મુનિશ્રી કર્પૂરવિજયજીનો તે વખતે ત્યાં યોગ હતો. ત્યાં ચોમાસામાં દરરોજ તલાટીએ દેવદર્શન થતાં હતાં. સાંજરે તલાટી પાસેની ન્હાની ટેકરીઓપર બેસી જ્ઞાન ગોષ્ઠી કરવામાં આવતી હતી અને આત્મધ્યાન ભાવના ભવાતી હતી તેથી અત્યંત આનંદ આવતો હતો. કેટલીક વખત તો ધ્યાતા ધ્યેય અને ધ્યાનની એકતા જેવા અનુભવની આનંદ ઝાંખી આવતી હતી. છપ્પનની સાલમાં વર્ષા ન હોવાથી ઉપર ચઢી દેવદર્શન પૂજા વગેરેનો દ્રવ્યભાવથી સારી રીતે લાભ લેવાતો હતો અને તેથી આત્માના આનંદોલ્લાસમાં ઘણી ઉત્તરોત્તર વૃદ્ધિ થતી હતી. દીવાળીના ત્રણ દિવસનો

અઠ્ઠમ કરીને તલાટી પાસે આવેલી સરસ્વતીની ગુફામાં ત્રણ દિવસ સુધી સરસ્વતીનું ધ્યાન તથા આત્મધ્યાન ધર્યું હતું. શ્રી ક્ષમાકલ્યાણકજીએ પહેલાં ત્યાં સરસ્વતીનું ધ્યાન ધર્યું હતું, મ્હને તેથી ઘણો આનંદ થયો હતો તે વાત તમને રૂબરૂ કહી છે. સિદ્ધાચલથી માગશર સુદિ એકમે મેસાણે આવવાનું થયું હતું, પશ્ચાત્ માગશર સુદિ ત્રીજે ગુરૂમહારાજ પાલનપુર હતા ત્યાં યાત્રાર્થે જવાનું થયું અને ત્યાં માગશર સુદિ છઠ્ઠે ગુરૂમહારાજ પાસે ચારિત્રની દીક્ષા અંગીકાર કરી, તેમાં તીર્થયાત્રા અને સાધુને દાન આપવાથી ચારિત્રાવરણનો ક્ષયોપશમ થયો એવો અનુભવ છે. આત્મા તેજ સર્વ તીર્થ શિરદાર પરમ ઉપાદાન તીર્થ છે, તેની શુદ્ધિ કરવા જંગમ સ્થાવર અનેક તીર્થની ઉપયોગિતા છે, નિમિત્ત કારણતા છે, એમ ઉપયોગમાં હોય છે તે સાધ્યોપયોગથી યાત્રાવડે આત્મશુદ્ધિમાં આગળ વધાય છે. એકાંતમાં પર્વતો વગેરે તીર્થો હોય છે ત્યાં અલ્પોપાધિથી જવાથી તથા રહેવાથી મન શાંત થાય છે. શરીરને આરામ મળે છે. શુદ્ધ હવા પાણી અને સત્સંગનો લાભ મળે છે તેથી, શરીર તથા મનનું આરોગ્ય વધે છે. તીર્થોમાં ઘર જેવું કરીને રહેતાં તીર્થ સેવાનું ફળ ખરેખરૂં જે તુર્ત અનુભવાય છે તે અનુભવાતું નથી. બાલજીવો ઔદયિક ભાવની શુભપરિણતિએ પ્રાયઃ તીર્થ યાત્રા કરે છે, અને ઔદયિક શુભભાવરૂપ ફલને પામે છે. જે જે ભાવે તીર્થયાત્રા સેવા કરવામાં આવે છે તે તે ભાવે પોતાનો આત્મા પરિણમે છે અને તેવા ફલને પામે છે. ઉપશમભાવે પરિણમીને યાત્રા કરવાથી ઉપશમભાવરૂપ ફલની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને તીર્થ યાત્રાથી દર્શનમાં અને ચારિત્રમાં ઉપશમભાવે અને ક્ષયોપશમભાવે પરિણમાય છે. જ્ઞાની ગુરૂ તે નિમિત્ત કારણરૂપ મહાતીર્થ છે, તેની સેવાભક્તિરૂપ યાત્રાથી આત્માનું જ્ઞાન પ્રકટે છે અને તેથી સ્વાત્મા જ તીર્થરૂપ ઉપાદાનભાવે અનુભવાય છે. જંગમતીર્થ સાધુસાધ્વીની સંગતિમાં રહેવા માટે સ્થાવર તીર્થોમાં રહેવાની જરૂર છે. જ્ઞાનીને દુનિયાના સર્વ પદાર્થો અપેક્ષાએ

આત્મશુદ્ધિમાં ઉપયોગી થાય છે, કારણ કે તે અવળાને પણ સવળારૂપે પરિણમાવી શકે છે. તેથી તે જ્યાં ત્યાં પદાર્થોને નિમિત્ત તીર્થરૂપે પરિણમાવીને આગળ વધી શકે છે. ઔદયિકભાવમાંથી આત્મભાવમાં જવા માટે સ્થાવર તીર્થોની અને જંગમતીર્થોની ઘણી ઉપયોગિતા છે. આત્મદૃષ્ટિ ખીલતાં આત્મશુદ્ધિ માટે દ્રવ્યતીર્થ, સ્થાવરતીર્થ અને જંગમતીર્થોની યાત્રા થાય છે. જ્યાં જ્યાં સ્થાવરતીર્થો થયાં છે તે પણ જંગમતીર્થરૂપ અરિહંત સૂરિ સાધુઓના ચરણ સ્પર્શથીજ થયાં છે. જંગમતીર્થો છે તેજ સ્થાવરતીર્થોની ઉત્પત્તિ કરનાર છે માટે જે જે જંગમતીર્થરૂપ અરિહંત, સાધુથી જ્યાં સ્થાવરતીર્થ પ્રસિદ્ધ થયું હોય ત્યાં ત્યાં તે અરિહંત સૂરિ સાધુનું ચરિત્ર વાંચવું, તેમના ચરિત્રનું સ્મરણ કરવું, તેઓનું શ્રદ્ધાપ્રીતિથી ધ્યાન ધરવું, તેથી તે તે અરિહંતાદિકના જેવો આત્મા કરવાને આત્મોલ્લાસભાવ પ્રગટે છે અને તેથી દર્શન અને ચારિત્રની શુદ્ધિ થાય છે, દુર્ગુણો નષ્ટ થાય છે અને સદ્‌ગુણો પ્રકટે છે. તીર્થોની સેવા તે વસ્તુતઃ આત્માની સેવા છે. આત્મા ઉપશમભાવે પરિણમે તે ઉપશમ તીર્થરૂપ આત્મા છે, આત્મા પોતે ક્ષયોપશમભાવે પરિણમે તે ક્ષયોપશમભાવે આત્મા તે જ તીર્થ છે. આત્મા તે જ ક્ષાયિક ચારિત્રભાવે પરિણમે ત્યારે તે ક્ષાયિક તીર્થરૂપ આત્મા છે. બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવમાં જવું તે અંતરાત્મ તીર્થયાત્રા છે અને અંતરાત્મભાવમાંથી પરમાત્મભાવમાં જવું તે પરમાત્મ તીર્થયાત્રા છે. પરમાત્મપદ પામ્યા પછી બાહ્યાંતર નિમિત્ત ઉપાદાનરૂપ સાધન તીર્થ માત્રની જરૂર રહેતી નથી. ધર્મશાસ્ત્રો ગ્રન્થો સર્વે તીર્થરૂપ છે. શ્રાવકો છે તે જંગમતીર્થ છે અને શ્રાવિકાઓ જંગમતીર્થરૂપ છે. ચતુર્વિધસંઘ તે જંગમતીર્થ છે તેને કેવલજ્ઞાની તીર્થંકરો પણ નમસ્કાર કરે છે તેની શ્રદ્ધાભક્તિમાં સ્થાવરતીર્થોનો અંતર્ભાવ થાય છે. નિમિત્તતીર્થના સેવન વિના ઉપાદાનતીર્થરૂપ આત્માની શુદ્ધિ પ્રગટતી નથી. પ્રથમ નિમિત્તતીર્થરૂપ ગુરૂ, સાધુ, સંઘ, આચાર્ય, ધર્મશાસ્ત્ર, સ્થાવરતીર્થ

વગેરેના અવલંબનની અત્યંત આવશ્યક્તા છે. નિમિત્તતીર્થની સેવાભક્તિ તે વ્યવહાર સાધનધર્મ છે તેથી નિશ્ચય આત્મધર્મ પ્રગટે છે. જેના મનમાં સ્થાવરતીર્થ આગળ જંગમતીર્થની મહત્તા નથી તે અજ્ઞાની બાલજીવ છે. સ્થાવરતીર્થ કરતાં જંગમતીર્થની અનંતગુણી સત્ય મહત્તા છે. શુદ્ધાત્મા તે સદ્‌ભૂત તીર્થ છે, બાકી વ્યવહારનયથી ગણતાં શુદ્ધાત્મા થવામાટે જે જે નિમિત્તતીર્થો છે તે આત્માની અપેક્ષાએ કારણભૂત તીર્થ હોવાથી અસદ્‌ભૂત તીર્થો છે. જેમ જેમ આત્મા, સ્વસ્વભાવે પરિણમતો આગળ વધે છે તેમ તેમ તેને સ્વમાટે બાહ્ય નિમિત્તતીર્થોની પશ્ચાત્ ઉપયોગિતા તરતમયોગે ઘટતી જાય છે, પણ અન્ય જીવો માટે તો તેની ઉપયોગિતા નિમિત્ત કારણતા કાયમ રહે છે. જે પોતાના માટે ઉપયોગી નથી તે અન્યોમાટે ઉપયોગી હોય છે અને જે અન્યોને અપેક્ષાએ અનુપયોગી હોય છે તે પોતાના માટે અસંખ્ય યોગ દૃષ્ટિની અપેક્ષાએ ઉપયોગી થાય છે. જ્ઞાનદર્શન, ચારિત્ર તે ઉપાદાન તીર્થ છે. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ, મૈત્રીભાવ, પ્રમોદભાવ, સેવા, ભક્તિ વગેરે ગુણો છે તે ઉપાદાનતીર્થ પ્રગટાવવાનાં આંતરનિમિત્તતીર્થો છે.સત્ત્વગુણી આહાર અને સત્ત્વગુણી પ્રકૃતિ વિચાર તે આંતરિકનિમિત્તતીર્થ છે. સંવર અને નિર્જરાની પરિણતિ તે ઉપાદાન કારણ અંતરતીર્થ છે. સાધુ વ્રત અને શ્રાવક વ્રત તે નિમિત્તતીર્થ છે. સમકિત સડસઠ બોલ પ્રમાણે વર્તન તે બાહ્યાંતર નિમિત્તતીર્થ છે અને ઉપાદાન શુદ્ધાત્મદશા તે ઉપાદાન કાર્યરૂપ તીર્થ છે. તીર્થંકરાદિ પુણ્યની પ્રકૃતિયો છે તે આત્માની શુદ્ધિના હેતુઓમાં સહાયકારી હોવાથી શુભ પુણ્ય ઔદયિકભાવરૂપ નિમિત્તતીર્થ છે. સમ્યક્ત્વજ્ઞાન પ્રાપ્ત થવામાટે મનુષ્ય શરીર મનવાણીની સામગ્રી તે પુણ્યોદયરૂપ નિમિત્તતીર્થ છે, કારણ કે મનવાણીકાયાના યોગની પ્રાપ્તિ વિના કોઈ આત્મા પોતે કેવલજ્ઞાની પરમાત્મા બની શકે નહિ. આત્મજ્ઞાનીને આસ્રવના હેતુઓ છે તે પણ સંવરરૂપે પરિણમતા હોવાથી તે પણ જ્ઞાનીની અપેક્ષાએ નિમિત્તતીર્થમાં સમાઇ જાય છે. સમ્યગ્દૃષ્ટિજ્ઞાનીને લૌકિક

તીર્થો છે પણ અંતરૂમાં આત્મતીર્થની શુદ્ધિ અર્થે પરિણમે છે તેથી તેનામાં લૌકિકતીર્થોને પણ લોકોત્તરતીર્થરૂપે પરિણમાવવાની શકિત ખીલી હોય છે તેવા જ્ઞાનીનેમાટે સર્વ દુનિયા—નિમિત્તતીર્થરૂપ છે પણ એવી જેની દશા ન થઇ હોય તેને તો લોકોત્તર સ્થાવર જંગમતીર્થોના અવલંબનથી સ્વાત્મશુદ્ધિ કરવી. અન્યથા તે પતન પામે છે એમાં કંઈ શંકા નથી. સમ્યગ્દષ્ટિના સદ્‌વિચાર અને સદાચાર સર્વે તીર્થરૂપ છે. સાધુસાધ્વીની કાયા મન અને વાણી છે તે અન્યોના ઉપકારાર્થે થાય છે માટે તે તીર્થરૂપ છે એમ નિમિત્ત ઉપાદાનના અનેક ભેદોની અપેક્ષાએ અનેક તીર્થ જાણવાં. કોઈપણ જાતના તીર્થની ઉત્થાપના ન કરવી. કારણ કે કોઈને કોઇ રૂપે તે ઉપયોગી થાય છે, પરંતુ પોતાને માટે તો જેનાથી આત્મામાં રમણતા સ્થિરતા પ્રગટે, આત્મોપયોગ પ્રગટે, આત્માનંદ અનુભવાય એવાં નિમિત્તતીર્થો કે જેની સેવામાં રસ પડે તેનું અવલંબન લેવું અને અન્યો પોતપોતાની દશા પ્રમાણે તીર્થો સેવે તેમાં તેઓને જ્ઞાનાદિક પ્રગટાવવાને મંડનદષ્ટિએ સહાયક થવું. સંઘતીર્થની સેવાભકિતથી આત્માને પરમાત્મા બનાવવો. વર્તમાનમાં જે આત્માઓ—જૈનો છે તેઓને ભાવતીર્થરૂપ કરવાને તેઓને જે જે જ્ઞાનાદિક દાનની સહાયતા કરવી તે જંગમ તીર્થ સેવા છે. આત્મા જ સર્વ બાહ્યતીર્થનો પ્રકાશક છે. તે આત્મજ્ઞાનથી પોતાને તીર્થરૂપ બનાવીને અન્યોને તીર્થરૂપ બનાવે છે. ગુરૂ આદિ જંગમતીર્થ છે તે અત્યંત પુષ્ટનિમિત્ત કારણ છે. પુષ્ટ નિમિત્તરૂપ ગુરૂદેવ સ્થાવરતીર્થ ધર્મશાસ્ત્રોથી ઉપાદાન તીથરૂપ આત્મગુણ પર્યાયની શુદ્ધિ થાય છે. નિમિત્તતીર્થનું જેટલું અવલંબન થાય છે તેટલીજ ઉપાદાનતીર્થની શુદ્ધિ થાય છે. સર્વ તીર્થોનો પ્રકાશ કરનાર સદ્‌ગુરૂ છે. એજ સર્વ નિમિત્તતીર્થોમાં પુષ્ટ નિમિત્તતીર્થ છે. સિદ્ધાચલાદિતીર્થોની અત્યંત ઉપયોગિતા છે ત્યાં ગમન કરીને મનવાણીકાયાની શુદ્ધિ કરવી. દ્રવ્યથી અને ભાવથી જિનેશ્વર પ્રભુની પ્રતિમાનું પૂજન સ્તવન ધ્યાન ધરવું. એકાંત પર્વતપ્રદેશમાં પ્રભુનું તથા આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું.

ધર્મધ્યાનના ચાર પ્રકારના પાયાનું ચિંતવન કરવું અને સર્વ પ્રકારે આત્માના શુદ્ધ સ્વરૂપના ઉપયોગી થવું. રાત્રે પણ આઠ વાગ્યા લગભગ તલેટી અગર અન્યસ્થાને આત્મધ્યાન ધરવું. પ્રભુના સ્વરૂપમાં મન રાખવું અને બાહ્યજડ પદાર્થોમાં થતું અહંમમત્વ દૂર કરવું. મોહનીય કર્મની જે જે પ્રકૃતિયોના ઉભરા આવતા હોય તે તે ઉભરા શમાવવાની આત્મભાવનામાં આરૂઢ થવું. તીર્થયાત્રાનું ઘેન રહે એવી રીતે યાત્રા કરવી. સાધુઓ વગેરેની આહારાદિકથી ભક્તિ કરવી. શ્રાવકોની અને શ્રાવિકાઓની યથાશક્તિ ભક્તિ કરવી. મનવાણીકાયાના દોષો ટાળવાની દૃઢ પ્રતિજ્ઞા કરવી. આકાશની પેઠે આત્માને અરૂપી ભાવવો. અનંતજ્ઞાનદર્શન ચારિત્રમય આત્મા છે એમ વિચાર કરવો. મનમાં પ્રગટતા રાગદ્વેષના શુભાશુભ પરિણામને આત્મોપયોગથી રોકવો. સાધુ સાધ્વી વગેરે કોઇની નિંદા કુથલી ટીકા કરવામાં મનને રોકવું નહિ. સમભાવે આત્મસ્વરૂપમાં જેટલા વખત પર્યંત રહેવાય તેટલા કાલ સુધી રહેવું. જેનો સમાગમ કરવાથી આનંદ હર્ષ પ્રગટે, આત્માની શુદ્ધિ થાય તેની સંગતિ કરવી. આત્માનો હર્ષોલ્લાસ પ્રગટે એવાં નિમિત્તો સેવવાં. જ્યારે નિમિત્ત તીર્થના આલંબન વિના આત્મા પોતાના શુદ્ધસ્વરૂપમાં ઉપયોગ-દ્વારા રમણતા કરી શકે ત્યારે બાહ્ય નિમિત્તતીર્થની આવશ્યકતા ન રહે પણ અન્યભક્તોમાટે સાલંબનદશા સુધી રહે. આનંદરસ પ્રગટે ત્યાં તીર્થયાત્રા છે. જડવસ્તુમાં રસ પ્રગટે છે ત્યાં સુધી અજ્ઞાન મોહ દશા છે તેને ટાળવા માટે સ્થાવર જંગમ તીર્થનું વારંવાર સેવન પૂજન કરવું. ભૂલો થાય તે વારવી. પણ તીર્થનું સેવન કરવું. પ્રથમ સાધક દશામાં ભૂલો દોષો થાય તેને ગુરૂગમ લેઈ વારવી. જેને જેટલી યોગ્યતા જ્ઞાન પ્રગટ્યું હોય છે અને જેવા જેવા ભાવે તીર્થયાત્રા કરે છે તેને તેવા ભાવે ફલની પ્રાપ્તિ થાય છે. તીર્થ એક જ હોય પણ સર્વને ભિન્ન ભિન્ન ભાવે ભિન્ન ભિન્ન ફલ થાય છે તેમાં આશ્ચર્ય નથી. સાતનયોની અપેક્ષાએ તીર્થનું સ્વરૂપ જાણીને જે સાપેક્ષે તીર્થની શ્રદ્ધા

ધારણ કરી વર્તે છે તેજ પોતે તીર્થરૂપ છે અને તેજ તીર્થભક્ત રક્ષક છે. જ્ઞાનયોગ, કર્મયોગ, ઉપાસના, ભક્તિ તે તીર્થો છે. બાહ્યતીર્થોનું અને આંતરતીર્થોનું ઉપયોગિત્વ વિચારવું. જે કાલે જે ક્ષેત્રે જે તીર્થનો નાશ થતો હોય તેનો ઉદ્ધાર કરો અને સ્વાધિકારે ગીતાર્થની સલાહથી જે જે તીર્થની યાત્રા સેવા કરવી ઘટે તે કરવી. સર્વ તીર્થયાત્રાઓનો ઉદ્દેશ ખરેખર આત્મશુદ્ધિ કરવામાં સમાઇ જાય છે. સં. ૧૯૬૬ ના માગશર માસમાં સિદ્ધાચલ તીર્થની આત્મસિદ્ધાચલતીર્થના પ્રકાશ માટે યાત્રા કરી હતી. તે વખતે જિનેશ્વરસ્તવનથી ધ્યાનથી અને આત્માના ધ્યાનથી અત્યંત આનંદ થયો હતો. અહીં બેઠાં સિદ્ધાચલના સ્મરણથી આબેહુબ હૃદયમાં સિદ્ધાચલ દેખાય છે અને ઉપાદાન સિદ્ધાચલ જે આત્મા છે તેનું સ્મરણ ધ્યાન થાય છે. આત્મારૂપ સિદ્ધાચલના અસંખ્ય પ્રદેશમાં અનંત જ્ઞાનાનન્દ છે તેના ઉપયોગમાં સ્થિરતા થાય છે, તેથી રાગદ્વેષના સંકલ્પ વિકલ્પ ટળતાં અમુક વખત સુધી તો આનંદની ઘેન વર્તે છે અને જીવંત નિત્ય સિદ્ધાચલની રોકડનાણા જેવી યાત્રા અનુભવાય છે, છતાં સ્થાવર સિદ્ધાચલની આત્માની શુદ્ધિ માટે યાત્રા કરવાનો ભાવ વર્તે છે. માટે તે પ્રમાણે તમે પણ ઉપયોગ રાખી વ્યવહાર અને નિશ્ચયનયથી યાત્રા કરવામાં અત્યંત ઉત્સાહથી પુરૂષાર્થ કરશો સત્સમાગમ સર્વતીર્થોની યાત્રા થાય છે. સ્થાવર તીર્થોમાં ગમન કરી સર્વ પ્રકારના પ્રમાદોથી દૂર રહેવું. કલેશથી દૂર રહેવું, મનમાં આર્તધ્યાન અને રાદ્રધ્યાન ન પ્રગટવા દેવું. નકામી વાત ચિંત ન કરવી, મોહ પ્રગટે એવા વિચારાચાર વિહારનો ત્યાગ કરવો. મનની સ્થિરતા કરવી. ધ્યાનમાં ચિત્ત ન ચોંટે ત્યારે શ્રવણમાં મન જોડવું. ધર્મપુસ્તક વાચનમાં મન જોડવું. દ્રવ્યભાવથી ગૃહસ્થોએ પ્રભુની પૂજાસ્તવનમાં મન જોડવું. ધર્મગોષ્ઠી કરવામાં તથા મહાવીર મહાવીર અરિહંત એવો પ્રભુનો જાપ જપવામાં મન અને જીવ્હાને રોકવી અને મહાવીર દેવમાં ઉપયોગ ધારણ કરવો. તથા સિદ્ધાચલાદિ નામોનો જાપ જપવો અને તે આત્માનાં

અધ્યાત્મદૃષ્ટિએ નામો છે એમ જાણી તેનો અર્થ કરી આત્મામાં રમણુતા કરવી અને ક્રોધાદિકષાયો દોષો ટાળવા માટે સામાયિકાદિ ષડાવશ્યકને આરાધવાં. દ્રવ્ય અને ભાવથી પૌષધ કરીને આત્માની પુષ્ટિ કરવી.બાહિરથી તથા અધ્યાત્મદૃષ્ટિએ રાગદ્વેષ શત્રુનો જય કરનાર આત્મારૂપ શત્રુંજયની દ્રવ્યભાવથી શ્રી ઋષભદેવે અંતરૂમાં પૂર્વે નવાણુવાર યાત્રા કરી હતી અને ત્રીજા આરકની આદિમાં ઈશ્વર પરમેશ્વર થયા એમ અધ્યાત્મદૃષ્ટિથી વિચારવું. જ્ઞાનીઓએ અનેક નયની અપેક્ષાએ તીર્થોની સ્થાપના કરી છે તે સર્વથા અપેક્ષાએ સત્ય છે. અજ્ઞાનીને યાત્રા કરતાં બુદ્ધિભેદ-શંકા થાય તેવું ન કરવું પણ તેઓ સ્વાધિકારે સમજે અને દોષોને ટાળે તથા ક્રમેક્રમે આગળ વધે એવી રીતે બને તેટલું કરવું, અન્યથા મૌન રહેવું. સમભાવ અને આત્મજ્ઞાનથી આત્મશુદ્ધિમાં પ્રતિક્ષણ વિશેષતઃ ઉપયોગી થવું તથા શ્રાવકધર્મ પ્રમાણે વ્યવહારમાં વ્યવહાર પ્રમાણે અને અંતરમાં આત્મોપયોગે વર્તવું અંતરૂમાં ઉપયોગ રાખી નિર્લેપ રહેવું. અસંખ્યતીર્થો અને અસંખ્યરીતે તીર્થ સેવા છે. મોક્ષમાર્ગરૂપ અસંખ્યયોગરૂપ અસંખ્ય તીર્થો છે તેમાં જ્ઞાન દર્શન ચારિત્ર મુખ્ય છે. સિદ્ધાચલાદિતીર્થોમાં અણુસણુ કરનારા મુનિયોનો અધ્યાત્મભાવ કેવો હશે તેનો એકાંતમાં વિચાર કરશો અને દેહાધ્યાસ ટળે તે માટે આત્મોપયોગ ધારશો. સર્વ પ્રકારનાં તીર્થોની યાત્રામાં શ્રદ્ધાપ્રેમવાળા ભક્તોને નમસ્કાર હો. ભક્તોની સેવાભક્તિમાં તીર્થની ભક્તિનું ફલ સમાઇ જાય છે. તીર્થરૂપ જંગમ સંઘની સેવાભક્તિના શુભ રૂપ પરિણામને પણ જે ધારણ કરે છે તે છેવટે મુક્તિને પામે છે એવી શ્રદ્ધાપ્રીતિવાળાને સ્તવું છું. વિશેષ શું લખું. જેમ બને તેમ રોકડનાણાના જેવી તીર્થયાત્રા કરવી. આત્માનંદના ઉભરા પ્રગટે ત્યારે અમૃતક્રિયાવાળી તીર્થયાત્રા થઈ એમ જાણશો. તીર્થંકરોએ જેવી રીતે આત્માની શુદ્ધિ કરી તે રીતે આત્માની શુદ્ધિ કરવા પ્રવૃત્તિ કરવી તે તીર્થયાત્રા છે. અજ્ઞાની લોકોને જૈનધર્મ પમાડવો તે યાત્રા છે. સંઘની ઉન્નતિનાં કાર્યો કરવાં તે પણ તીર્થયાત્રા છે. યાત્રાળુઓની સેવા-

ભક્તિ કરવી, યાત્રાળુઓનું રક્ષણ કરવું, અંતરમાં રાગદ્વેષના પરિણામથી નિર્લેપ રહેવું તે નિર્લેપ તીર્થયાત્રા છે. યાત્રાળુઓને જ્ઞાન ધ્યાન પૂજા સેવામાં સર્વ પ્રકારની સગવડતા કરી આપવી અને તેઓમાં તીર્થપણું માનવું, ભાવવું તેપણ તીર્થયાત્રા છે. જેને જે રીતે હૃદયે જેવા ભાવ પ્રગટે તેવા ભાવે યાત્રા કરવી. ધર્મશાસ્ત્રોનું પઠન પાઠન તે જ્ઞાન તીર્થયાત્રા છે. સાધુઓને અને સાધ્વીઓને ધર્મશાસ્ત્રોના અભ્યાસમાં સર્વથા સહાયક થવું અને તીર્થયાત્રાળુઓની અનુમોદના કરવામાં તીર્થયાત્રાનું ફળ થાય છે, સમકિતવાસી આત્મા તીર્થ છે. ચોથા ગુણસ્થાનકથી તે ચૌદમા ગુણસ્થાનક સુધી વર્તનારા આત્માઓ સર્વે તરતમયોગે તીર્થરૂપ છે, તેઓમાં મનવાણી અને કાયા પણ તીર્થરૂપ છે, કારણ કે તેથી અન્યોના આત્માઓ તીર્થરૂપે જાગ્રત્ થાય છે. જડવાદી અજ્ઞાની નાસ્તિક લોકોને સમ્યગ્જ્ઞાનાદિકનો ઉપદેશ કરવામાં તીર્થ-યાત્રા ખરેખર થાય છે. લૌકિક તીર્થરૂપ માતપિતા વૃદ્ધજન વગેરે તીર્થ મનાય છે, તેમની લૌકિક દૃષ્ટિએ સેવા કરવી તેપણ ગૃહસ્થોને લૌકિક તીર્થયાત્રા છે. શુભ ઔદયિકભાવ તે શુભ યાત્રા છે. પ્રથમ શુભ યાત્રાની શરૂઆત થાય છે. સર્વ જીવોના ભલામાં પ્રવૃત્તિ કરવી, અહિંસાનો વિશ્વમાં પ્રચાર કરવો, બ્રહ્મચર્યનો વિશ્વમાં પ્રચાર કરવો તે તીર્થયાત્રા છે. નિષ્કામભાવે સ્વાધિકારે ધર્મ્ય વિચારાચાર પ્રવૃત્તિ તે ગૃહસ્થોને તથા ત્યાગીઓને તીર્થ-યાત્રા છે, એમ સર્વનયોના સાપેક્ષ દૃષ્ટિબિંદુઓથી સંક્ષેપમાં તીર્થ અને તીર્થયાત્રાનું યત્કિંચિત્ સ્વરૂપ લખી જણાવ્યું છે. તે ધ્યાનમાં લેઈ સ્વાધિકારે તીર્થયાત્રા કરશો. સ્થાવર તીર્થોની સેવાથી અત્યંત નિવૃત્તિનો અનુભવ થાય છે. એમ જે અનુભવ કરે છે તે સ્થાવરતીર્થની યાત્રાનો આનંદ પામી શકે છે. સર્વ કર્મ રહિત આત્માને કરવામાં જે જે નિમિત્ત ઉપયોગી કારણો હોય તેને તીર્થસ્વરૂપ માની ભાવી જે શ્રદ્ધાપ્રીતિથી શુદ્ધાત્મોપ-યોગે વર્તે છે તે મંગલમાલા પામશે.

इत्येवं ॐ अर्हं महावीर शांतिः ३

મુ૦ વિજાપુર ( ગુજરાત )
સં. ૧૯૭૮ ફા. વ. ૩

---

## ગૃહસ્થ જૈનોની હિંસા અને અહિંસાનું વિવેચન.

વિજાપુર. જૈનસંઘ સમક્ષ ઉપદેશ.

સં. ૧૯૭૮ ફાગણ વદિ ૮.

ચારે વર્ણના ગુણકર્મોસહિત ચારે વર્ણી મનુષ્યો જે ધર્મમાં જીવે છે તેજ ધર્મ સર્વ વિશ્વમાં અસ્તિત્વથી જીવે છે. જૈનધર્મ માટે તેમ સમજવું. જેટલા ઉત્સર્ગ માર્ગ છે તેટલા અપવાદ છે. જૈનોની અહિંસાપર વૈષ્ણવો વગેરે હિન્દુઓ આક્ષેપ કરે છે પણ તેઓ સમજતા નથી કે જૈનોના શાસ્ત્રોમાં અહિંસા અને હિંસા સંબંધી શું લખ્યું છે? જૈન સાધુઓને માટે વીશવસાની દયા પાળવાનું લખ્યું છે તે પણ અપેક્ષાએ છે. ગૃહસ્થ જૈનો બે પ્રકારનાં છે. ૧ સમ્યગ્દષ્ટિ જૈનો અને ૨ વ્રતધારી દેશવિરતિ ગૃહસ્થ જૈનો. તેમાં પ્રથમ સમ્યગ્દષ્ટિ જૈનો જેઓ છે તેઓ તો ફક્ત દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ધારણ કરી શકે છે પણ સ્થૂલપ્રાણાતિપાતાદિક વ્રતોને પાળવાને વ્રતાદિક ઉચ્ચરી ( અંગીકાર કરી ) શકતા નથી. તેઓ તો સાધુસંત સંઘની સેવાભક્તિ કરી શકે છે પણ વ્રત ઉચ્ચરી શકતા નથી. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ જૈનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર જાતિના છે તેઓ દયાદિ વ્રત પાળવામાં છૂટા છે. તેઓ સ્વાર્થમાટે અને પરમાર્થમાટે શસ્ત્રાદિક બાહ્યબળ અને મનવાણી કાયાના બળનો ઉપયોગ કરી શકે છે. તેઓ અવિરતિ હોવાથી દારૂ માંસ જેવી અભક્ષ્ય વસ્તુઓને ત્યાગી શકતા નથી, તેમજ વ્યભિચાર, અસત્ય, ચોરી વગેરેથી વિરતિ ( પચ્ચખાણ ) ને પામી શકતા નથી. તેઓ સત્યને સત્ય

જાણે છે પણ અસત્ય, અભક્ષ્ય અધર્મ્ય પ્રવૃત્તિયોથી નિવૃત્ત થતા નથી, એવા પુરૂષો અને સ્ત્રીઓ ફક્ત સમ્યગ્દર્શન ગુણી હોય છે પણ ચારિત્ર ગુણી હોતાં નથી, તેથી તે ચતુર્થ અપુનર્બંધક ગુણસ્થાનકના અધિકારી છે. તેઓ સંઘની રક્ષામાટે દેવગુરૂ અને તેઓના ભક્તોની, તીર્થોની, મંદિરોની, પુસ્તક ભંડારોની અને જૈનકોમની રક્ષામાટે તથા દેશ ભૂમિ, રાજ્ય ધન કુટુંબ આદિની રક્ષામાટે ન્યાય અન્યાય કપટકલા વગેરે ગમે તે રીતે યુદ્ધ કરે છે, કારણ કે તેઓએ દેશવિરતિ ચારિત્રને અંગીકાર કર્યું નથી. તેઓ સામાજિક નીતિ વગેરેને માને છે અને નથી પણ માનતા. તેઓને જેમ રૂચે છે તેમ તે પ્રવર્તે છે. ફક્ત તેઓ દેવગુરૂ ધર્મની શ્રદ્ધાને ચૂકતા નથી. જૈનધર્મમાટે તેઓ પ્રાણ ધનનો ભોગ આપે છે. અનંતાનુબંધીકષાય વિના બાર કષાય અને નવ નોકષાયવાળા છે પણ તે કષાયોને ટાળવાની ઇચ્છાવાળા તો તેઓ હોય છે. અવિરતિ જૈનો પ્રાણ પડે અને દેવતાઓ પરીક્ષા કરવા આવે અને ચલાયમાન કરે તોપણ જિનેશ્વરદેવ, ત્યાગી, ગુરૂ, આચાર્ય, સાધુ, શ્રાવક, શ્રાવિકા અને જૈનધર્મની શ્રદ્ધાથી ભ્રષ્ટ થતા નથી. જૈનધર્મ સત્ય છે એવી શ્રદ્ધાથી કદાપિ ભ્રષ્ટ થતા નથી. બાકી તેઓને કર્મજ એવાં ઉદયમાં આવેલાં હોય છે કે તેઓ જીવદયાઆદિ વ્રતોને દેશથકી પણ પાળવાને શક્તિમાન્ થતા નથી, તોપણ તે સમ્યગ્દષ્ટિના પરિણામે વર્તતા દેવલોક સુધી જવાને શક્તિમાન્ થાય છે. તેઓ પ્રસંગે જે કાલે જે ક્ષેત્રે જે જે રીતે જીવી શકાય તે તે પ્રમાણે વર્તે છે. સ્વાર્થ અને ધર્માર્થે યુદ્ધ કરે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર પૈકી ગમે તેના ગુણકર્માનુસારે વર્તે છે. એક મનુષ્ય ચારે વર્ણના ગુણકર્મને શીખે છે. પશ્ચાત્ જે કાલે જે ક્ષેત્રે જે દ્રવ્યભાવે જે ગુણકર્મની મુખ્યતાથી તે વર્તવા ઇચ્છે છે તે પ્રમાણે વર્તે છે અને દેશભૂમિધન પશુ વગેરેના રક્ષણ માટે અનેક દાવપેચ યુક્તિ, યુક્તિવાળી બળકળ શક્તિથી, શત્રુઓ સ્હામા થૈ પોતાનું રક્ષણ કરે છે. શ્રેણિક રાજા, શ્રીકૃષ્ણ, ખારવેલ રાજા ( મહામેઘ-

વાહન રાજા, ) સંપ્રતિ, ચંદ્રગુપ્ત વગેરે રાજાઓ, ક્ષત્રિયો, બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો જૈનધર્મની શ્રદ્ધાપ્રીતિથી વર્તતા હતા અને જૈનસાધુઓના ભક્ત હતા. જિનમંદિરોને તેઓએ કરાવ્યાં હતાં પણ દેશથકી હિંસા વગેરેની વિરતિને ધારણ કરનારા નહોતા. તેઓ દેશવિરતિની અપેક્ષાએ મોહ પ્રકૃતિના પશુબળથી બળવાન્ ગણાય. જૈનોને અતિ દયાળુ કહી તેઓની મશ્કરી કરનારાઓને અવિરતિ જૈનો શૂર પરાક્રમી બહાદૂર પ્રશસ્ય લાગે ખરા. કારણ કે તે સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રતાદિકને અંશે અંશે પણ ધારણ ન કરી શકે. તેઓ દેશવિરતિથી છુટા છે તેથી બાહ્યજગત્માં ગમે તેમ વર્તી શકે. દેશવિરતિ ચારે વર્ણના જૈનો કરતાં અવિરતિ જૈનોની સંખ્યા ઘણા પ્રમાણમાં સદા દુનિયામાં હોય છે. દેશવિરતિ જૈનો જો લાખોની સંખ્યાના પ્રમાણમાં હોય છે તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈનો કરોડો અબજની સંખ્યામાં હોય છે. ગમે તે ક્ષેત્રકાલે અવિરતિ જૈનો વિશેષ પ્રમાણમાં હોય છે. એક કુટુંબમાં શતમનુષ્ય જૈન હોય છે તો તેમાં પાંચ સાત મનુષ્યો દેશવિરતિ જૈન બને તો બની શકે, બાકીના અવિરતિ છતાં જૈનધર્મની શ્રદ્ધાભક્તિમાં પ્રાણાર્પણ કરનારા હોઈ શકે. કોઇ કાલે દેશવિરતિ જૈનો હોય અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈનો ન હોય એવું બની શકેજ નહીં. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈનોને બાતલ કરી એકલા દેશવિરતિ જૈનોને શ્રાવક ગણવા અને દેશવિરતિ જૈનોનો એકલો શ્રાવક સંઘ સ્થાપવો એવું બની શકે નહિ અને જો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો જૈન ચતુર્વિધ મહાસંઘના ઉચ્છેદનું મહાપાપ લાગે તેમ જૈનો સમજી શકે છે. ખારવેલ મહામેઘવાહનરાજા કલિંગ દેશના અધિપતિ હતા, તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈન હતા. જૈન-ગૃહસ્થ જૈનસંઘના તે ઉપરી રાજા હતા. સંપ્રતિ રાજા, શ્રેણિક રાજા પણ જૈનગૃહસ્થ સંઘના નાયક રાજા હતા, તેવા રાજાઓ વગેરેને શ્રાવકસંઘમાંથી બાતલ કરવામાં આવે તો દુનિયામાં જૈનસંઘનું અસ્તિત્વ રહે નહિ અને તેથી જૈનકોમ ગૃહસ્થ દશામાં

ચારે વર્ણમાં રહી શકે નહિ. જૈનધર્મની શ્રદ્ધા જેને થઈ હોય છે તે ગુરૂ પાસે વ્યવહારથી સમકિતવ્રતને આદરે છે અને દેવગુરૂ સંઘની સેવાભક્તિમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરે છે, તેટલા અંશે તો તે ધર્મી છે અને બાકીના ચારિત્ર ધર્મના અંશોને નહીં પામવાથી ચારિત્રની અપેક્ષાએ દેવતાઓની પેઠે અાવરતિ અર્થાત્ અધર્મી છે અને તેમ તે પોતાને માને છે. તે અધર્મ કરે છે છતાં અધર્મને ધર્મ માનતો નથી અને ધર્મને અધર્મ માનતો નથી તેથી તે સમ્યગ્જ્ઞાનથી પતિત થતો નથી. તે ધર્મીઓનું રક્ષણ કરી પુણ્ય બાંધે છે, તથા દેશથકી નિર્જરાને પામે છે. સમ્યગ્દૃષ્ટિ જેનો અર્ધપુદ્ગલપરાવર્તકાલમાં મુક્તિને પામે છે અને ઉત્કૃષ્ટતઃ અપેક્ષાએ સાત આઠ વા ત્રણ ચાર ભવમાં અગર તદ્ભવમાં મુક્તિપદને પામે છે. ચોથા ગુણસ્થાનકથી કોઈ સમ્યગ્દૃષ્ટિ થૈને પાંચમાંથી આરંભી બારમા ગુણસ્થાનકને અંતર્મુહૂર્તમાં ઉલ્લંઘી જાય છે અને કેવલજ્ઞાનને પામી પરમાત્મા બને છે. ચોથાગુણસ્થાનકવર્તિજૈનોપૈકી કેટલાક જૈનો તદ્ભવમાં પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકને પામે છે અને કેટલાક પાંચમાથી છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકને પામે છે અને અપ્રમત્તને પણ પામે છે. કેટલાક ચોથાથી છઠ્ઠે જાય છે. યાવત્ તીર્થંકરો ગૃહસ્થાવાસમાં હોય છે ત્યાંસુધી ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકમાં હોય છે. ચોથા ગુણસ્થાનકમાં રહેલા કેટલાક આત્માઓ, દારૂ માંસ વ્યભિચારથી ગૃહસ્થ તીર્થંકરોની પેઠે વિમુખ વર્તે છે. ગૃહસ્થાવાસમાં રહેલ તીર્થંકરો તેમજ કેટલાક અન્ય લોકો પણ દારૂ માંસને વાપરતા નથી અને વ્યભિચાર વગેરે દુષ્ટ કર્મથી વ્રત લીધા વિના પણ દૂર રહે છે, તોપણ અવિરતિપણાની ત્યાં મુખ્યતા વર્તે છે તેથી વિરતિત્વ પામતા નથી. ચોથા ગુણસ્થાનકમાં દેવતાઓ, મનુષ્યો, તિર્યંચો અને નારકીજીવો આવી શકે છે. ચાર પ્રકારના સમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકી જીવો જે ચોથા ગુણસ્થાનકમાં વર્તે છે તેઓને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. મિથ્યાત્વી દેવોને

અને નારકીઓને મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન હોય છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો, અને તિર્યંચોને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક સમ્યકત્વ હોય છે. સમ્યગ્દૃષ્ટિ છે તે અપેક્ષાએ અપુનર્બંધક છે. વ્યવહારથી તેઓ કર્મને પ્રકૃતિ બંધાદિકની અપેક્ષાએ ઉત્કૃષ્ટભાગે બાંધતા નથી. ચોથા ગુણસ્થાનકવાળા મનુષ્યો તીર્થંકરનામ કર્મ બાંધવાને સમર્થ થાય છે અને ઉત્કૃષ્ટદશાએ તે ભવમાં મુક્તિપદને પામે છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો પોતે ચારિત્ર અંગીકાર કરી શકતા નથી પણ જેઓ ચારિત્રને ગ્રહે છે તેઓને સહાય આપે છે અને તેઓની સેવાભક્તિમાં સર્વસ્વાર્પણ કરે છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને અપ્રત્યાખ્યાની ક્રોધમાનમાયાલોભ તથા પ્રત્યાખ્યાની કષાય તથા સંજ્વલનના કષાયોનો ઉદય હોય છે. તેઓને અનંતાનુબંધી કષાય અને સમકિત મોહિની, મિશ્ર મોહિની અને મિથ્યાત્વ મોહિની એ સાત પ્રકૃતિયોનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ હોય છે તેથી તેઓને વીતરાગ મહાવીર દેવપર અને તેમના ઉપદેશેલા જૈનધર્મપર પૂર્ણ શ્રદ્ધાપ્રેમ વર્તે છે. અનંતાનુબંધી કષાયના ઉપશમાદિકથી તેઓમાં ચારિત્ર લેવાની રૂચિ પ્રગટે છે, પણ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી ચારિત્ર લેવાની શકિત પ્રગટતી નથી. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો ભકિત કર્મયોગમાં મુખ્યતાએ વર્તે છે, તેઓ ભક્તિયોગથી અને કર્મયોગથી પુણ્ય બંધ કરે છે તથા આત્માની શુદ્ધિ કરે છે. અર્જુનની પેઠે ધર્મ્ય યુદ્ધ કરે છે. દેશ, કોમ, રાજ્ય ભૂમિ, ધન, ઘર, કુટુંબ સંઘ સમાજ અને તીર્થાદિકની રક્ષાદિક કારણે ધર્મયુદ્ધાદિ કર્મોને કરે છે અને તેમાં કષાયોનો ઉપયોગ કરે છે. દેવગુરૂ સંઘ ધર્મની રક્ષામાં ભકિતમાં કષાયોને પ્રશસ્ય કષાયરૂપે પ્રણમાવે છે અને તેથી ઉચ્ચ ગુણસ્થાનકમાં ચઢવાના અધિકારી બને છે. તેઓ મિથ્યાત્વી લોકોના જેવા આસકિતભાવથી સંસારના પદાર્થોમાં અને કર્મો કરવામાં રાગદ્વેષી બનતા નથી. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યો બ્રાહ્મણત્વના અને કેટલાક ક્ષત્રિયત્વના તથા કેટલાક

વૈશ્યત્વના અને કેટલાક શૂદ્રત્વના ગુણકર્મોથી વર્તે છે અને કેટલાક જાતિ સહિત સ્વ સ્વગુણ કર્મોની પરંપરા જે વારસામાં આવી છે તેના અનુસારે વર્તે છે. સમ્યગ્દષ્ટિ મનુષ્યો, સર્વ પ્રકારના ભૌતિક બાહ્યબળથી યુક્ત હોય છે. અવિરતિ સમ્યગ્દષ્ટિ મનુષ્યો જૈનધર્મીઓના દ્વેષી શત્રુઓનો પરાજય કરે છે, તેમનાથી સાવધાનપણે કલાથી વર્તે છે, દુષ્ટ ચોર લોકોને દંડ દે છે અને તેઓનો નાશ પણ કરે છે, અપરાધીઓની હિંસા કરે છે, તેઓમાં સમ્યગ્દષ્ટિ પ્રગટવાથી બાહ્યથી કર્મો કરતાં છતાં અંતરથી અમુકાંશે નિર્લેપ વર્તે છે, તેઓ દેવગુરૂ ધર્મની ભક્તિમાટે જે જે પ્રવૃત્તિ કરે છે તેમાં જે જે રાગદ્વેષની તેઓને પરિણતિ થાય છે તે તે પ્રશસ્યશુભ ધર્મ્યકષાયતરીકે હોય છે, તેનાથી પુણ્યબંધ થાય છે, તથા તેઓના શુભ અધ્યવસાયથી ભૂતકાલમાં બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે. શ્રેણિકરાજાને ક્ષાયિક સમ્યક્ત્વ હતું, તે બાહ્યબલથી સારી રીતે પ્રજાપર રાજ્ય કરતા હતા, તે પ્રભુ મહાવીર દેવના પરમશ્રાવક હતા, પણ અવિરતિ હતા. અવિરતિ સમ્યગ્દષ્ટિ રાજાઓ વગેરે મનુષ્યો જૈનધર્મની પ્રભાવના કરે છે અને અન્ય લોકોને જૈનધર્મની પ્રાપ્તિ કરવામાં પોતાની શક્તિયોને વાપરે છે. સર્વવિશ્વમાં, ખંડમાં, ચારે પ્રકારના જૈનો ગુણકર્માનુસાર યથાશક્તિ જૈનધર્મને આરાધે છે. તેઓ સ્વાર્થમાં અને પરમાર્થમાં ન્યાયથી અને આપત્તિકાલે અન્યાયઆદિથી પણ વર્તે છે. ચારે ખંડના મનુષ્યો વિદ્યા, વ્યાપાર, ખેતી, નોકરી યુદ્ધકર્મ અને ચંડાલનુંકર્મ કરનારા છતાં ચોથાસમ્યગ્દષ્ટિ સ્થાનકવર્તિ જૈનો થઇ શકે છે, તેમાંથી કેટલાકો અંશથી (દેશથી) હિંસાદિકને ટાળી અંશે અંશે વિરતિપણું ધારણ કરવા સમર્થ થાય છે. અવિરતિ સમ્યગ્દષ્ટિ જૈનો દેવગુરૂ સંઘ અને ભક્તિના તથા સ્થાવરાદિ તીર્થોની સેવા ભક્તિનાં તથા તેઓના રક્ષણનાં કાર્યોમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરે છે અને તેથી તેઓ મુક્તિફલને ઇચ્છે છે પણ દેવગતિઆદિની પ્રાપ્તિને ઇચ્છતા નથી, તેઓ

મુક્તિની કામનાને અર્થાત્ મુક્તિફળની ઇચ્છાને ધારણ કરે છે અને શુભાશુભકર્મના ઉદયમાં તરતમયોગે હર્ષ શોકવૃત્તિથી ન્યારા રહીને વર્તે છે, તેઓ સાંસારિકકાર્યાર્થે રાગદ્વેષને કરે છે પણ રાગદ્વેષને કર્યા તે ઠીક કર્યું એમ માનતા નથી અને મિથ્યાત્વીલોકો રાગદ્વેષ કર્યા તે સારૂં કર્યું તેમાં દોષ માનતા નથી એટલો બન્નેની દૃષ્ટિમાં તફાવત (અંતર) છે. બાકી બાહ્ય-શક્તિયોમાં તો તેઓ મિથ્યાત્વી લોકોથી હજારગણા ચઢિયાતા હોય છે, તેથી તેઓ યુદ્ધાદિક કર્મોમાં કદાપિ પાછા પડતા નથી. મિથ્યાત્વી લોકો પોતાની ઉન્નતિમાટે દ્રવ્યક્ષેત્રકાલ ભાવપ્રમાણે જે જે ઉપાયો ગ્રહે છે તે પ્રમાણે બાહ્યમાં તો સમ્યગ્દૃષ્ટિ જૈનો વર્તે છે અને મનમાં દ્રવ્યક્ષેત્રકાલ ભાવથી બાર કષાયોના ઉદયથી વર્તે છે, તેઓ પોતાનું રાજ્ય દેશભૂમિ ધન વગેરેનું રક્ષણકરવામાં આપત્કાલે આપદ્ ધર્મથી વર્તે છે અને ઉત્સર્ગકાલે ઉત્સર્ગ ધર્મથી રાજ-યાદિક બાહ્ય પ્રવૃત્તિથી વર્તે છે. જન્મથી જાતિ માનનારા અને ગુણકર્મથી જાતિ માનનારા સર્વ પ્રકારના અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જૈનો ખરેખર મિથ્યાત્વી લોકો કરતાં ઘણી ત્વરાથી મુક્તિપદને પામેછે. તેઓ સર્વ ખંડ દેશમાં જઇ શકે છે. જિનમંદિરમાં પ્રભુ પ્રતિમાનું દર્શન કરે છે. જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનભંડાર વગેરેને બંધાવે છે, સાધુઓને અને સાધ્વીઓને તેઓને ખપે એવો આહાર અને પાણી વહોરાવે છે, તથા વસ્ત્રાદિકનું દાન કરે છે, તેઓનાં દર્શન વંદન પૂજન કરે છે, પ્રભુપ્રતિમાનું તથા સંઘનું પૂજન કરે છે પણ તેઓ નવકારશી વગેરે પચ્ચખાણ કરી શકતા નથી, તથા વ્યવહારથી સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વગેરે દેશવિરતિ ચારિત્રની કરણી કરતા નથી તેમાં તેઓ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયને કારણીભૂત માને છે. તેઓ શ્રાવકોને અને શ્રાવિકાઓને દેખી નમન વંદન કરેછે, સાધુઓને વિધિપૂર્વક પંચાંગ પ્રણિપાતથી વંદેછે પછીથી ખાય છે, તેઓ જંગમ સ્થાવર તીર્થોની યથાશક્તિભાવે યાત્રા કરે છે, સર્વ ખંડ દેશ પર્વત તીર્થસ્થાન નગર ગામ જંગલમાં

રહેલા ત્યાગીઓની યાત્રા કરે છે અને આત્માની શુદ્ધિ કરે છે. જનને દેખીને જે જૈન હર્ષાયમાન થાય છે તે સમ્યગદૃષ્ટિવાળો છે. જન પોતાના સ્વધર્મી માટે સર્વ બાબતની સહાયતામાં મરી મથે છે. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જૈનો જે જે આસ્રવના હેતુઓ છે, તેમાં આત્મોપયોગથી વર્તતા છતા કથંચિત્ નિર્લેપ રહે છે. અવિરતિ જૈનો દેવગુરૂ ધર્મની આશાતના હેલના ટાળે છે. તેઓ જૈનધર્મી બ્રાહ્મણોને દાનાદિકથી સંતોષે છે. પ્રભુ મહાવીર દેવના કાલમાં ચારે વર્ણો જૈનધર્મ પાળતી હતી. ચારે વર્ણો તો ગુણકર્મની અપેક્ષાએ છે. સર્વવર્ણના લોકો પોતપોતાના ગુણકર્માનુસારે વર્તે છે અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ બની વા દેશવિરતિ જૈન બની ચારે નિક્ષેપે દેવગુરૂ ધર્મની શ્રદ્ધા પ્રીતિ ધારી અંશે અંશે આત્મશુદ્ધિ કરી શકે છે. આચાર્ય, ઉપાધ્યાય સાધુઓની હેલના કરનારાઓને યથાશક્તિ શિક્ષા આપે છે, જૈનધર્મનો સર્વ વિશ્વમાં પ્રચાર કરવા મરી મથે છે. દુષ્ટપાપી વિધર્મીઓના અનીતિના હુમલાઓ સામે પોતાનો ધર્મ, સંઘ, તીર્થાદિકનું દાવપેચવાળા યુદ્ધો કરી રક્ષણ કરી શકે છે, અને તેવા ધર્મયુદ્ધોમાં મરીને સ્વર્ગ ગતિને પામે છે. તેઓ અલ્પકર્મ બાંધે છે, અને ઘણાં કર્મોને નિર્જરે છે. એક કોઠામાં અનાજ ભર્યુંછે તેના સૂણામાંથી (સાણામાંથી) ઘણું અનાજ કાઢવામાં આવે અને અલ્પ પ્રક્ષેપવામાં આવે તો તે કોઠો ખાલી થાય છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જૈનો અલ્પકર્મ બાંધે છે અને ઘણાં કર્મ નિર્જરે છે તેથી અલ્પકાલમાં મુક્તિપદને પામે છે. અવિરતિ જૈનોને ચારિત્રાવરણકર્મ ચીકણાં હોવાથી વ્રત પ્રત્યાખ્યાન ગ્રહી શકતાનથી. અવિરતિ સર્વજાતીય જૈનો, વિદ્યાઓ ગ્રહે છે અને પોતાના કુટુંબ, દેશ, સંઘ, રાજ્ય તથા ધર્મીઓના બચાવ માટે શસ્ત્રવિદ્યાને શીખી તેનો પ્રસંગે ઉપયોગ કરે છે, તેઓ દુનિયામાં બાહ્યાંતર જીવનથી ક્ષેત્રકાલાનુસારે જેમ જીવી શકાય અને અસ્તિત્વ રાખી શકાય તેમ અલ્પદોષ અને બહુ લાભ જાણી વર્તે છે. ચારે વર્ણના અવિરતિ જનો પરસ્પર એક

બીજાને સહાય આપે છે. ચારે વર્ણના જૈનોને અંશે અંશે જેટલું અને તેટલું દેશવિરતિપણું પાળવાનો અધિકાર છે અને ત્યાગી-પણું પણ ગ્રહણ કરવાનો અધિકાર છે. અવિરતિ જૈનો ચારિત્ર-મોહનીયના દેશવિરતિ ક્ષયોપશમથી દેશવિરતિપણું પામેછે, તે વસ્તુતઃ દેશથી વિરામ પામેલા છે એમ, આત્મપરિણામની અપેક્ષાએ જાણવું અને વ્યવહારથી દેશવિરતિરૂપ દ્વાદશવ્રત વા તે પૈકી એક બે વ્રત આદિ અંગીકાર કરવાની અપેક્ષાએ જાણવું. દેશવિરતિ જૈનો પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વ્રત અંગીકાર કરી શકે છે, તેમાં એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોની હિંસાનું દેશવિરમણવ્રત અંગીકાર કરી શકતા નથી. પચેન્દ્રિય જીવોમાં મનુષ્યો, પશુ અને પંખી જલચરમાં જે નિરપરાધી હોય છે તેની હિંસા કરતા નથી. બાકી અપરાધી મનુષ્યો વગેરેની હિંસા કરે છે તેથી તેઓ ચતુર્વિધસંઘ દેવગુરૂ ધર્મદેશ રાજ્ય કુટુંબ અને પોતાના જાનમાલનો નાશ કરનારાઓની હિંસા કરવા ધર્મ યુદ્ધાદિક પ્રવૃત્તિ કરે છે. મહાવીરદેવના મામા ચેટક રાજાએ તથા ખારવેલ રાજાએ તથા કુમારપાલ વગેરે બાર વ્રતધારી જૈન રાજાઓએ, જૈન ક્ષત્રિયોએ, જૈન બ્રાહ્મણ વૈશ્ય શૂદ્રોએ પોત-પોતાના કર્તવ્યાધિકાર પ્રમાણે વ્યાવહારિક બાબતોમાટે તથા સંઘ તીર્થ ધર્મી મનુષ્યોના રક્ષણ માટે યુદ્ધો કરી મનુષ્યો વગેરેની હિંસા કરી હતી. કારણ કે તેઓ પ્રથમ વ્રતમાં સર્વ અંશથી હિંસાનો ત્યાગ કરી શકતા નથી, એક અંશથી સ્થૂલપ્રાણોની હિંસાનું પ્રત્યાખ્યાન કરે છે તે પણ ઉત્સર્ગ અને અપવાદ એ બેને લક્ષ્યમાં રાખીને કરે છે તેથી પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકમાં સવાવિસવાની દયા હોય છે, અપરાધી જીવ વિનાના બાકીના નિરપરાધી જીવોનો આરંભ સારંભમાં નાશ થાય છે પણ તેમાં તેઓ તરતમયોગે દયાના પરિણામ અને આચારથી પ્રવર્તે છે. વ્રતધારી ગૃહસ્થજૈનો સ્થૂલ અસત્ય કે જે પાંચ મોટાં જૂઠ છે તેનો ત્યાગ કરી શકે છે, રાજ્યદંડ ઉપજે એવી ચોરીનો ત્યાગ

કરી શકે છે, તેઓ સ્થૂલ મૈથુન વિરમણવ્રતમાં પરદારાના ત્યાગી બને છે અને શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે તથા વૈદકશાસ્ત્ર પ્રમાણે વર્તીને સ્વદારાની સાથે સંતોષથી વર્તે છે, બાલલગ્નનો પરિહાર કરે છે, વ્યભિચારકર્મનો ત્યાગ કરે છે, સ્થૂલપરિગ્રહ પરિમાણ કરે છે, દિક્‌પરિમાણ વ્રતને સ્વીકારે છે, તેઓ શક્તિભાવ પ્રમાણે ભોગોપભોગ પદાર્થો પૈકી અમુક સ્થૂલ પદાર્થોથી અંશે અંશે વિરમે છે, અંશે અંશે અનર્થદંડથકી વિરમે છે, દરરોજ વા અમુક દિવસ તિથિએ સામાયક કરવાનું વ્રત અંગીકાર કરે છે, તથા દેશથી ( અંશે અંશે ) બાહ્યપ્રવૃત્તિમાં ભોગાદિકથી વિરામ પામવાનું વ્રત અંગીકાર કરે છે, પર્વ તિથિએ પૌષધ કરે છે, ત્યાગી ગુરૂને આહારાદિક વહોરાવવારૂપ અતિથિ સેવા આચરે છે. દરરોજ બને ત્યાં સુધી જિનપ્રતિમાનું દર્શન પૂજન અને ગુરૂને વાંદીને ખાય છે. ગુરૂ પાસે ધર્મવ્યાખ્યાન શ્રવણ કરે છે, ત્યાગી સાધુઓની અને બન્ને પ્રકારના શ્રાવકોની સેવાભક્તિ કરે છે, તેઓ ધાર્મિક સાત ક્ષેત્રોમાં ધન વાપરે છે અને ચતુર્વિધસંઘનું વાત્સલ્ય કરે છે. ઉત્સર્ગકાલે ઉત્સર્ગથી વર્તે છે અને આપત્કાલે આપદ્ધર્મથી વર્તે છે. સંઘ ધર્મ તીર્થની સેવાભક્તિ કરે છે. પોતાના ધર્મરક્ષણાર્થે બાયલા બનતા નથી, તથા ધર્મ રક્ષાર્થે મરવામાં અંશ માત્ર ભય પામતા નથી, લુંટારાઓના તથા શત્રુઓના આક્રમણ પ્રસંગમાં સર્વ પ્રકાના જૈનો મુખ્યતયા ક્ષાત્રકર્મો કરે છે, શસ્ત્રબળથી તૈયાર રહે છે, ઘર ભૂમિ રાજ્યધર્મ સંઘતીર્થ સમાજ પ્રજા કુટુંબ વગેરેના રક્ષણમાં આપત્કાલે આપદ્ધર્મને માની ધર્મયુદ્ધમાં પ્રવર્તે છે, તેઓને આઠ કષાયોનો ઉદય વર્તે છે. કુમારપાલ રાજાએ બાર વ્રત અંગીકાર કર્યાં હતાં, તોપણ રાજ્યાદિકના રક્ષણાર્થે તેમણે યુદ્ધો કર્યાં હતાં, કારણ કે તે દેશવિરતિ હતા. દેશવિરતિ જૈનો મરીને મનુષ્યગતિ પામે છે અને બારમા દેવલોક સુધી જાય છે. પાંચમા ગુણસ્થાનકમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને કોઈને અવધિજ્ઞાન વર્તે

છે, તથા ઉપશમભાવે, ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે સમ્યક્ત્વ હોય છે, ક્ષયોપશમભાવે દેશવિરતિ ચારિત્રરૂપ શ્રાવક વ્રત વર્તે છે તેથી ત્યાં વારંવાર અતિચારાદિક દોષો પ્રગટે છે. તેની શુદ્ધિ માટે સવારસાંજ ષડાવશ્યકની કરણી કરવાની હોય છે. એ વખતના પ્રતિક્રમણથી વ્રતોની શુદ્ધિ થાય છે. સ્વાધિકારે ધર્મશાસ્ત્રોનું શ્રવણ મનન કરે છે. વ્યવહારમાં વ્યવહારથી વર્તે છે અને આંતરમાં નિશ્ચય દૃષ્ટિને ધારણ કરે છે. ચોથાગુણસ્થાનકમાં અને દેશવિરતિ ગુણસ્થાનકમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન અને ધર્મધ્યાન વર્તે છે, તેથી તે તે ગુણસ્થાનકમાં તે તે ધ્યાનના પરિણામ આવે છે અને જાય છે. જેવાં જેવાં નિમિત્ત મળે છે તેવી તેવી પ્રાયઃ આત્માની ધ્યાન પરિણતિ થાય છે, ગૃહી જનો ચોથા અને પાંચમા ગુણસ્થાને વર્તે છે તેથી તેઓ પ્રકૃતિ–ભૌતિકબળ તથા આત્મબળ એમ બે પ્રકારના બળને પ્રાપ્ત કરે છે. ગૃહસ્થ જનોથી ત્યાગી સાધુઓના જેવાં અહિંસાદિકવ્રતો પાળી શકાય નહિ, કારણ કે ગૃહસ્થાવાસમાં તેવાં વ્રતો પાળીને રહી શકાય જ નહિ, માટે ગૃહસ્થધર્મ પ્રમાણે વર્તવું અને ત્યાગી થવાનો ભાવ પ્રગટે ત્યારે ત્યાગી થવું. ગૃહસ્થ જૈનો બાહ્યરાજ્યાદિક પ્રવૃત્તિમાં ખરા કર્મયોગીઓ બને છે. ગૃહસ્થ જૈનોના મનમાં દયા હોય છે પણ ગૃહસ્થપણાની ફર્જઅદા કરવામાં બાહ્ય હિંસાદિક થાય છે પણ જેમ બને તેમ અંતરથી સાપેક્ષિક દયાના પરિણામથી વર્તે છે. તેઓ ગૃહસ્થાવાસમાં સર્વ પ્રકારની બાહ્યજીવંત શક્તિરોને પ્રાપ્ત કરે છે તેથી તેઓને બાહ્યજીવને જીવવામાં અન્ય ધર્મીઓની દયા સામું જોવાનો વખત આવતો નથી અને કદાપિ આવે છે તો આપદ્ધર્મને અંગીકાર કરી સંઘાદિકના અસ્તિત્વનો અનેક પ્રકાસ્વરના ઉપાયોથી ઉદ્ધાર કરે છે. દેવગુરૂ ધર્મસંઘ કુટુંબ તીર્થ સેવાભક્તિમાં થતા કષાયો તે શુભ ધર્મ્ય કષાયો છે અને તેને અનુલક્ષી થતી સર્વ પરંપરા નિમિત્ત પ્રવૃત્તિ તે ધર્મ્ય પ્રવૃત્તિ છે અને કુટુંબાદિકના નિર્વાહાર્થે થતી બાહ્ય આજીવિકાદિકની

નીતિવાળી પ્રવૃત્તિ તે પણ અપેક્ષાએ ધર્મ્ય પ્રવૃત્તિ છે. દેશકાલ ભાવાનુસારે દેશ રાજ્ય સંઘ સમાજની નીતિયો ફર્યા કરે છે, પણ તત્ત્વજ્ઞાન ફરતું નથી પણ બાહ્યના વ્રત ચારિત્રનીતિ વગેરેમાં તો વારંવાર તરતમયોગે દેશકાલાનુસારે પરિવર્તનો અમુકાંશે થયા, થાય છે અને થશે, એમ ચારે વર્ણના ગૃહસ્થ જૈનો સમજી શકે છે. અવિરતિ તથા દેશવિરતિ ગૃહસ્થ જૈનો નવતત્ત્વ અને ષડ્દ્રવ્યના સ્વરૂપને જાણે છે તેથી જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધાપ્રીતિને ધારણ કરે છે અને ચારિત્રમોહનીયના સર્વવિરતિ ક્ષયોપશમને પ્રગટાવીને સર્વવિરતિપણું પણ કેટલાકો પામે છે, એમ જે જાણે તે જૈન છે અને આત્મોપયોગે વર્તી બાહ્ય ફર્જો બજાવતાં અહિંસક પણ છે. અવિરતિ અને દેશવિરતિ જૈનોને સર્વ વિરતિ ચારિત્રની રૂચિ પ્રગટે છે અને તેથી તેઓ તદ્ભવમાં વા અન્ય ભવોમાં સર્વ વિરતિ ચારિત્રને વ્યવહારથી તથા નિશ્ચયથી પામે છે. આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ ચારિત્ર પાળે છે અને ભવ્ય લોકોને જૈનધર્મનો ઉપદેશ આપે છે તથા ગૃહસ્થ જૈનોને ગૃહસ્થધર્મનું ઉત્સર્ગથી અને અપવાદથી સ્વરૂપ જણાવે છે. ત્યાગીઓ પણ ઉત્સર્ગથી અને અપવાદથી દરેક વ્રતને દ્રવ્યક્ષેત્ર કાલાનુસારે આરાધે છે. ત્યાગીઓને બાહ્ય, રાજ્યદેશ, ભૂમિ, ઘર, ધન વગેરેની અહંતા તથા મમતા રહેતી નથી. જૈનધર્મ શાસ્ત્રોમાં અવિરતિ ગૃહસ્થ અને દેશવિરતિ ગૃહસ્થોનું એ પ્રમાણે સ્વરૂપ જણાવ્યું છે તેવા જૈનો સર્વ પ્રકારની દયા સમજે છે અને સ્વાધિકારે આદરે છે, તેથી સંઘ, ધર્મ, તીર્થાદિકનું તથા દેશરાજ્ય વ્યાપારધનાદિકનું રક્ષણ કરવામાં નિર્વીર્ય રહેતા નથી. વીર્યહીનથી આત્મા પામી શકાતો નથી, એવા જૈનો ભૂતકાલમાં હતા તેથી જૈનસંઘની જૈનરાજ્યની જાહોજલાલી વર્તતી હતી, સંપ્રતિ તેવા જ્ઞાની અને કર્મયોગી જૈનો પ્રગટો. ત્યાગીની દયા અહિંસાને ગૃહસ્થાવાસમાં ઉતારવાને ગૃહસ્થ અધિકારી નથી. ત્યાગીનાં અહિંસાદિકવ્રતો તે ત્યાગાવસ્થામાં જ આચરી શકાય.

ત્યાગીગુરૂઓ, ગૃહસ્થોને ગૃહસ્થદશામાં પળાય તેવા અંશથી-દેશથી વ્રતોને પાળવા ઉપદેશ આપે છે. ગૃહસ્થદશામાં શ્રદ્ધા અર્થાત્ દર્શન ગુણભક્તિ મુખ્ય પ્રવર્તેછે અને દેશથકી ચારિત્ર ગુણ પ્રવર્તે છે. કુમારપાળ, ખારવેલ, ચંદ્રગુપ્ત, શ્રેણિક, સંપ્રતિ વગેરે જૈન રાજાઓના સમયમાં દેશરાજ્ય સમાજસંઘની ઉન્નતિ હતી અને સર્વપ્રકારની પ્રજા શૂરવીરગુણી મોટા ભાગે હતી, તેનું કારણ જૈનધર્મની લોકોપર થતી આત્મિક અસર છે. દેશવિરતિ જનોને પ્રત્યાખ્યાની અને સંજ્વલના કષાયનો ઉદય હોય છે અને સાધુઓને છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાને આર્તધ્યાન અને ધર્મધ્યાન તથા રૌદ્ર ધ્યાનનો પ્રથમ પાયો વર્તે છે. ઉત્કૃષ્ટ શુદ્ધાત્મોપયોગે એ ત્રણગુણસ્થાનકમાંથી આગળનાં સર્વ ગુણસ્થાનકો અને મુક્તિ પામવામાં ઉત્કૃષ્ટભંગે એક અંતર્મુહૂર્ત થાય છે. ગૃહસ્થ જૈનો સર્વ જાતના હોય છે અને સર્વ ખંડ દેશમાં વર્તે છે, તેઓ અંતરથી આત્મોપયોગે વર્તે છે, તેઓ વ્યવહારથી વ્યવહારમાં ફર્જથી વર્તે છે અને અંતરથી શુદ્ધાત્મસ્વરૂપના ઉપયોગી થૈ સર્વ પદાર્થોથી પોતાને ન્યારા માની આત્મ શક્તિયોને ખીલવે છે. ગૃહસ્થ જૈનોની હિંસા અને અહિંસાનું સ્વરૂપ વ્યવહારથી દર્શાવ્યું કે જેથી તેઓ ગૃહસ્થ જૈનોને દયાની બાબતમાં ત્યાગી જૈનસાધુ જેવા ન માની લે. ગૃહસ્થ જૈનોછે તે અન્ય દર્શની લોકોની સ્પર્ધામાં મડદાલ નિર્વીર્ય બનતા નથી. તેઓ દેશ, સમાજ, રાજ્યમાં પોતાની ફર્જો બજાવીને આગેવાનીપણું રાખે છે તેથી તેઓ ધર્મને પણ શોભાવે છે અને દુર્ગુણ વ્યસન દોષો હઠાવી સદ્ગુણી બની આનંદ જ્ઞાન મંગલને પામે છે.

ॐ अर्हं महावीर शांतिः ३

લેખક બુદ્ધિસાગર. મુ૦ વિજાપુર.

૧૯૭૮ વૈ. વ. ૯

શ્રી અમદાવાદ તત્ર, સુશ્રાવક શેઠ. જગાભાઇ દલપતભાઈ યોગ્ય ધર્મલાભ.

વિશેષ તમારો પત્ર આવ્યો, વાંચી સમાચાર જાણ્યા. વિ. આજરોજ મોહનભાઈ જેસીંગના મુખથી જાણ્યું કે તમારાં પત્ની ગુજરી ગયાં, તેથી તમને શોક મોહ થાય, તથા તમારૂં શરીર બહુ નરમ તેથી સાવધ થઇ શોક રહિત થવાની જરૂર છે. જ્ઞાનીને સર્વ બનાવો છે તે વૈરાગ્યહેતુરૂપે પરિણમે છે અને અજ્ઞાનીને ચિંતાશોક મોહહેતે થાય છે. કર્મની ગતિ વિચિત્ર છે. વ્હેલા મોડા મરણ તો સર્વને છે તેમ જાણી જે ચેતે તે ખરો. દુનિયામાં સદાને માટે કોઈ પ્રિય નથી અને કોઇ સાથે આવનાર નથી. મરતા પહેલાં મરી જવું જોઇએ અને જીવતા પહેલાં જીવીં જવું જોઇએ. મરણની ચિતાપર સર્વજીવો કર્મના યોગે છે. મોહીજીવો આત્માના સ્વરૂપમાં રમતા નથી. સર્વનાં શરીરો છૂટવાનાં છે અને પાછાં બીજાં લેવાનાં છે. કોના શરીરનો શોક કરવો ? તમારી પત્નીનો આત્મા અને તેનું શરીર ભિન્ન છે, શરીરના રાગી હોવ તો તે પણ યોગ્ય નથી કારણકે શરીર જડ ક્ષણભંગુર છે. તમે સ્રીમાં રહેલા આત્માના રાગી હોવ તો આત્મા, શરીર બદલે તેથી શોકી ન બનવું જોઇએ. સંસારની માયા એક બાજીગરની બાજી છે. કર્મરૂપ બાજીગરના નચાવ્યા સર્વજીવો નાચે છે અને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને ભૂલે છે. જે ચેતે તે પહેલો. ચેતો ! જાગૃત થાઓ ! આત્મામાં ઉતરો અને દુનિયાને ભૂલો ! ગુરૂ પોતાની ફર્જ બજાવે છે. શિષ્યે ચેતવું જોઇએ. ધર્મ એક સાર છે. પરભવમાં જતાં બીજું કશું સાથે આવવાનું નથી માટે દેવગુરૂ ધર્મની આરાધના કરશો.

લેખક બુદ્ધિસાગર. મુ૦ મહેસાણા.
૧૯૭૮ અષાડ સુદિ એકાદશી.

## શ્રી જૈન યશોવિજય સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થિયોની પરીક્ષાના ઇનામના જાહેર ગંજાવર મેળાવડામાં પ્રમુખ તરીકે આપેલા ભાષણનો સાર.

વિદ્યાર્થિયોનું પરીક્ષા પરિણામ એકંદર સારૂં છે. પાઠશાળાનો જે ઉદ્દેશ છે તે ઉદ્દેશની સિદ્ધિ થાય એ રીતે શિક્ષણ ક્રમમાં સુધારો વધારો કરવાની જરૂર છે. આ પાઠશાળાના શિક્ષણક્રમ સંબંધે મારા વિચારોમાં અને શેઠ વેણીચંદના વિચારોમાં મતભેદ છે તો પણ જે જે અંશે જે જે સારૂં હોય તેની પુષ્ટિ કરવી જોઇએ અને તે બાબતમાં પાઠશાળાના સંચાલકોને ધન્યવાદ આપું છું. આ પાઠશાળામાં સારા વિદ્યાર્થિયો વધારવાની ખામી છે અને તે ખામી દૂર કરવાના ઉપાયો માટે મ્હને પૃચ્છા કરવામાં આવે છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે વેણીચંદભાઇ લાખો રૂપૈયાનું ફંડ ભેગું કરવામાં લબ્ધિશાળી છે, તેવી રીતે હાલના સંયોગોને અનુસરીને મોટી મોટી સ્કોલરશીપો આપીને સારા વિદ્યાર્થિયોને વધારવામાં કંજુસાઇને દૂર કરી ઉદારતા વધારે તો તેઓ ઘણા વિદ્યાર્થિયો ભેગા કરી શકે. તેઓ પાઠશાળાના અંગે ધારે તેટલા રૂપૈયા ભેગા કરી શકે, અને તેથી વિદ્યાર્થિયોને મોટી સ્કોલરશીપો આપીને વધારી શકે. ઘણાં કાર્યો માથે લેવા કરતાં એક કાર્ય સંગીન કરવું તે ક્રોડ દરજ્જે સારૂં છે. વેણીચંદભાઇ પોતાના આત્મભોગથી મેસાણા વગેરેમાં પોતાનાં સ્મરણો મૂકી જશે. આ પાઠશાળાના વિદ્યાર્થિયોને એક કલાક ઇંગ્લીશ ભાષાનું જ્ઞાન આપવું કે જેથી ભવિષ્યમાં તેઓ પોતાને તથા સમાજને ઘણા ઉપયોગી થઇ પડે. સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃતનો અને ધાર્મિક જ્ઞાનનો વિષય મુખ્ય રહે અને ગૌણપણે અન્યભાષાઓનું જ્ઞાન થાય એવી યોજના થાય તો તે યોગ્ય છે અને ખાસ તે

કર્તવ્ય છે. વિદ્યાર્થિયો વિદ્વાન્ થાય તે માટે ઉત્તમ સાક્ષર વિદ્વાનો રાખવાની જરૂર છે. આદર્શ પાઠશાળા કરવામાં જે જે ખામીઓ જણાય અને મુનિયો જે ખામીઓ દેખાડે તે દૂર કરવી જોઇએ. પાઠશાળાના વિદ્યાર્થિયોને કસરત અને પ્રાણાયામથી દૃઢ આરોગ્યવાન્ બનાવવા જોઇએ. વિદ્યાર્થિયોને એક કલાક સંગીત વા શિક્ષણનું જ્ઞાન આપવું કે જેથી તેઓ શિક્ષકો બને ત્યારે પૂજાઓ ગાઇ શકે, સંગીતનાં વાજીંત્રો વગાડી શકે. જૈનોમાં જૂની ઢબે ચાલતી આ પાઠશાળા ચોવીશ વર્ષ થયાં હજુ જીવતી રહી છે તે તેની ઉપયોગિતા દર્શાવી આપેછે ગોખણપટ્ટીનું જ્ઞાન હવે એકલું ઉપયોગી થઇ શકે તેમ નથી, તેમજ વિદ્યાર્થિયોને સર્વ દર્શનોની સાથે જૈનદર્શનનો મુકાબલો કરાવીને સમ્યગ્જ્ઞાન આપવું. એક વિદ્યાર્થી દશબાર વર્ષસુધી નિશ્ચિંત ભણી શકે એવી રીતે તેને આર્થિક મદદ આપવી. એ બાબતપર ખાસ ભાર મૂકવામાં આવે છે. વેણીચદભાઇના ગુણોને ગુણાનુરાગ દૃષ્ટિએ અમે જોઇએ છીએ અને તેથી તે દૃષ્ટિએ તેમને ધન્યવાદ આપીએ છીએ. આ પાઠશાળામાં સંસારીપણામાં થોડા માસ સુધી પાઠશાળાના રસોડે જમી સંસ્કૃત અભ્યાસ કર્યો હતો. પાઠશાળાને શ્રાવકોએ આર્થિક સહાય કરવી જોઇએ. જે દૃષ્ટિએ જે પાઠશાળા ઉઘડી હોય તેને તે દૃષ્ટિએ સહાય આપવી જોઇએ. બોર્ડીંગો અને ગુરૂકુલોને હું તે તે બોર્ડીંગો અને ગુરૂકુલોની ઉપયોગિતાની દૃષ્ટિએ સ્થાપવામાં આત્મભોગ આપું છું તેવી રીતે આ પાઠશાળાના ઉદ્દેશને અનુસરી આ પાઠશાળાની ઉપયોગિતા સ્વીકારી તેની ચઢતી ઇચ્છું છું.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ મહેસાણા.
સં. ૧૯૭૮ અષાડ વદિ ૨.

મુ. મુંબાઈ મધ્યે શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક ડાહ્યાભાઇ ઘેલાભાઈ યોગ્ય ધર્મલાભ.

વિશેષ તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો, વાંચી સમાચાર જાણ્યા છે અત્રે શાંતિ છે. અત્રે કોઈપણ જાતની ઉપાધિ નથી, શાન્તિ છે. બાહ્ય ઉપાધિને સમભાવે સહન કરવાની શક્તિ પ્રગટે છે પ્રશ્ચાત્ તે ઉપાધિ છતાં પણ તે અછતા જેવી છે. આત્માની શાન્તિ વર્તવી જોઇએ, આત્માની શાન્તિ વિના બાહ્ય શાંતિ વર્ત્યા છતાં પણ બાહ્યથી લક્ષ્મી ગમે તેટલી હોય અને ઇન્દ્ર સમાન પદવી હોય તો પણ તેથી આત્મા સુખી થતો નથી. મનુષ્ય જન્મ પામીને મોક્ષ મેળવવો જોઈએ. જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી સંસાર છે. લક્ષ્મી મળતાં મોહ ટળતો નથી પણ વધે છે. માટે મોહ ટળે એવા ઉપાયો લેવા જોઈએ. બાહ્ય જડવસ્તુમાં સુખ છે એવો જ્યાં સુધી મિથ્યા નિશ્ચય છે ત્યાં સુધી આત્મ સુખની આશા નથી. ઝાંઝવાના જલની પેઠે બાહ્ય સુખ ક્ષણિક છે, અને તેની પાછળ અનંત દુઃખ છે. આત્માનું સુખ ભોગવનાર અને આત્મામાં રમનાર એવા એક મુનિ ઝુંપડામાં અગર એક નદીના કાંઠે ભેખડપર બેઠેલા હોયછે તેની આગળ ઈન્દ્રની પદવી પણ નકામી છે. ઇન્દ્રની પદવી મળવી સહેલ છે પણ આત્મસુખ મળવું મુશ્કેલ છે. આત્મસુખની પ્રાપ્તિ માટે આત્મજ્ઞાની ગુરૂના સમાગમની જરૂર છે. મહાપુણ્યયોગે મહા જ્ઞાની ગુરૂનો સમાગમ થાય છે અને એવો સમાગમ પામીને બહુ જિજ્ઞાસા પૂર્વક ગુરૂ પાસેથી આત્મજ્ઞાનને મેળવવું જોઇએ. આત્મજ્ઞાન પામ્યા પછી આત્મ શાન્તિ મળી શકે છે, પશ્ચાત્ આધિ, વ્યાધિ અને ઉપાધિનાં દુઃખ શમે છે. વસ્તુતઃ વિચાર કરવામાં આવે તો સંસારમાં કોઇપણ પોતાની વસ્તુ નથી છતાં જીવ, જડ વગેરેને

લક્ષ્મી માનીને મારૂં મારૂં કરી મુંઝાય છે, અને તેનાથી જીવ, મનમાં અનંતગણું દુઃખ વેઠે છે. ઝાંઝવાના જલ જેવી માયામાં મુંઝાવું તે ભ્રાંન્તિ છે, તે ભ્રાન્તિને પરિહરી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો ! આત્માના શુદ્ધ સ્વરૂપમાં પરમાનંદ છે. આત્માનો પરમાનંદ પામ્યા બાદ જન્મ, જરા ને મરણ નથી. આત્મજ્ઞાની બાહ્ય પદાર્થોમાં મુંઝાતો નથી અને લક્ષ્મી વગેરે પદાર્થોનો જીવોના કલ્યાણમાટે સદુપયોગ કરે છે અને પોતાનો જન્મ સફલ કરે છે. મનુષ્યનું ખરૂં કર્તવ્ય તો એ છે કે આ ભવમાંજ આત્મસુખનો અનુભવ કરવો અને સર્વ વાસનાઓને દૂર કરવી. સંસારરૂપી સમુદ્ર તરવામાટે આત્મજ્ઞાન તે વહાણ સમાન છે, માટે આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તેવો પુરૂષાર્થ કરવો. બાહ્ય ધનાદિ પદાર્થ મળ્યા હોય છતાં હર્ષ ન થાય અને તે ટળતાં શોક ન થાય એવી આત્મદશા પ્રાપ્ત કરો. એક ક્ષણ માત્ર પણ મનુષ્ય ભવ નકામો ન જાય એવો ઉપયોગ રાખો. ગુરૂના અભાવે ધર્મ-શાસ્ત્ર વાંચો અને આંખ મીચીને અંતરમાં ઉતારો ! આત્માનું સ્વરૂપ વિચારો એટલે આત્માની શુદ્ધિ કરવાના ઉપાયો આપોઆપ સમજાઇ જશે. જ્ઞાનીઓના સમાગમથી જ આત્માને પામી શકાય છે અને દેવગુરૂધર્મ પર રાગ વધતો જાય છે, એવો દ્રઢ નિશ્ચય છે. ગુરૂની સેવા પૂર્વક જે જ્ઞાન મલે છે તે જ્ઞાનથી આત્માની શુદ્ધિ થાય છે. જીંદગીનો ક્ષણ માત્રનો ભરૂંસો નથી માટે જે કાર્ય કરવું હોય તે જલદીથી કરી લો. જે પ્રમાદ કરે છે તે મુંઝાય છે તેના મનોરથો મનમાં રહી જાય છે, માટે ચેતીને ધર્મ સાધન કરશો. એજ ધર્મ કાર્ય લખતા રહેશો. મેસાણાના જૈનોની વ્યા-વહારિક તથા ધાર્મિક ઉન્નતિ કરવામાં તમો ધારો તો તન મન ધનથી ઉત્તમ ભોગ આપી શકો. આત્માની ઉન્નતિ કરવામાટે સેવાભક્તિ અવલંબ્યા વિના એક તસુ માત્ર પણ આગળ અભિ-ક્રમણ થઇ શકતું નથી. સર્વજીવોના કલ્યાણની ઇચ્છા થયા બાદ તથા પ્રવર્ત્યા બાદ આગળનું ઉન્નતિ પગથીયું

પ્રાપ્ત થાય છે. સ્વજન્મભૂમિ ગામમાં કંઈ ધાર્મિક કાર્ય કરો. હજી હાથમાં બાજી છે. સાગરની ભરતી વખતે પાણી ભરવું હોય તેટલું ભરી લેવું. જૈનોની સેવા એ પ્રભુ મહાવીરની સેવા છે, એમ અભેદદૃષ્ટિએ વિચારશો. જ્ઞાનમંદિર, પાઠશાલા લાયબ્રેરી વગેરે માટે તમને વારંવાર કહ્યું છે. ચઢતા ભાવે ધર્મ કાર્ય કર્યા કરશો. હાથે તે સાથે છે. પરભવમાં ધર્મ કર્મ સાથે આવનાર છે. આત્માનો ઉદ્ધાર કરો. મનને ઉદાર કરો. આત્માની શુદ્ધિ કરવા માટે દેવગુરૂ ધર્મની આરાધના કરશો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. મહેસાણા.

સં. ૧૯૭૮ અષાડ વદિ ૫ શુક્રવાર.

શ્રી યુરોપ. ફ્રેન્ચદેશ. તત્ર પારીસનગરી. તત્ર આર્યદેશીય સુરતી ઝવેરી સુશ્રાવક સરકાર ગુલાબચંદ બાલુભાઇ તથા ખેડાવાસી શા. રતિલાલ મોહનલાલ યોગ્ય ધર્મલાભ. વિશેષ, તમારો પત્ર જેઠ વદિ એકાદશીએ પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા. વિશેષ જૈનધર્મની યથાશક્તિ આરાધના કરશો. મનુષ્ય જન્મની વારંવાર પ્રાપ્તિ થવી મહાદુર્લભ છે. આત્માની પરિપૂર્ણ શુદ્ધતા કરવી એજ મનુષ્ય જન્મનો મુખ્ય ઉદ્દેશ છે. પંચ ઇન્દ્રિયનાં સુખમાં મગ્ન રહેવું અને આત્માનું નિરૂપાધિ સુખ ભૂલી જવું એ કોઇ રીતે યોગ્ય નથી. જૈનશાસ્ત્રો આત્મામાં અનંતસુખ છે એમ જગત્માં દુંદુભિ વગાડીને જણાવે છે માટે આત્માનંદ મેળવવા માટે તપ જપ અહિંસા સંયમની આરાધના કરવી. જ્ઞાનદર્શન ચારિત્રવીર્યાદિ અનંત ગુણમય આત્મા છે તે જ પરમાત્મા છે. સુરતમાં તમારી બાલ્યાવસ્થામાં આત્મજ્ઞાન સંબંધી તમને બોધ આપ્યો હતો અને તેથી તમારા આત્મામાં ધર્મની

રૂચિ પ્રકટી છે. યુરોપ દેશમાં જડતત્ત્વકલાની વિદ્યા ખીલી છે પણ આર્યદેશના આધ્યાત્મિક જ્ઞાની સંતો આગળ તે યુરોપ, પાંચ વર્ષના બાલક સમાન છે. આત્મજ્ઞાનના માટે હિંદુસ્થાન પ્રસિદ્ધ છે. ધર્મની ભૂમિ હિંદ છે. તેમાં અનેક સંત ઋષિમહાત્માઓ પ્રકટે છે. તમારે દેવગુરૂ ધર્મપર પૂર્ણ શ્રદ્ધાપ્રીતિ ધારણ કરવી અને ધર્મ સદાચાર સાત્ત્વિકાહારથી જીવન ગાળવું કે જેથી આત્માની શુદ્ધિની વૃદ્ધિ થાય. મનવાણીકાયાની શુદ્ધિથી આત્માની શુદ્ધિ થાય છે. જૈનધર્મની શ્રદ્ધાથી આત્માની શુદ્ધિ કરવામાં અત્યંત ઉત્સાહ પ્રકટે છે. દેવગુરૂપર અંધશ્રદ્ધા ધારીને પણ ધર્મકૃત્યો કરવામાં આવે છે તો તેથી નાસ્તિકના કરતાં અસંખ્યગુણી વિશેષ આત્મશુદ્ધિ થાય છે એમ નિશ્ચય ધારણ કરીને ગુરૂના અભાવે શંકા વગેરે થાય તોપણ ધર્મની શ્રદ્ધામાં અડગ રહેવું. ૐ अर्हमहावीर એમ પરમેશ્વર મહાવીરના નામમંત્રનો જાપ કરવાથી મનવાણીકાયાની અશુદ્ધિ દૂર થાયછે. એક કલાક એ પ્રમાણે દરરોજ મહાવીર પ્રભુના મંત્રનો જાપ જપવાથી આત્માની શક્તિયોનાં દ્વારો ઉઘડે છે. જેવો આહાર તેવો વિચાર એ સૂક્તને ધ્યાનમાં રાખશો. પ્રભુના ભક્તને પ્રભુની હાડોહાડ શ્રદ્ધા હોય છે. ધર્મનું જ્ઞાન કરવામાં ગીતાર્થ મુનિ ગુરૂની સંગતિ કરવી, તેના અભાવે ધર્મનાં પુસ્તકો દરરોજ વાંચવાં, અને મહાવીર પ્રભુનો નામ મંત્ર જપવો. લાખો કરોડો વખત મહાવીર નામ જપતાં જપતાં પ્રભુમાં લયલીન બની જવું. ખાતાં પીતાં ઉઠતાં આદિ સર્વ કાર્ય કરતાં પ્રભુ મહાવીર મંત્રનો જાપ કરવો, તેથી પ્રભુના સ્વરૂપનો વારવાર ઉપયોગ પ્રગટે છે અને અનેક દોષો થતા અટકી જાય છે, તથા તેથી અનેક વ્યસન વિપત્તિયોનો નાશ થાય છે. આત્માના પ્રકાશ કરવામાં પ્રભુ મહાવીર નામ મંત્ર જાપની અનંતગુણી ઉપયોગિતા છે. પ્રભુ મહાવીરદેવના ચિંતવનમાં પ્રેમથી લયલીન થઈ જવું. નાભિકમલમાં લક્ષ રાખી જીભ હલાવ્યા વિના મહાવીર નામ મંત્રનો જાપ કરવો. અન્ય વિદ્વાનોના કુતર્કથી પ્રભુ જાપ કરવામાં તમારે શ્રદ્ધાપ્રીતિથી વિમુખ ન થવું.

મનમાં અનેક પ્રકારના અશુભ વિચારો પ્રગટ થતા વારવા અને શુભ વિચારો કરવા. ચિંતા, શોક, નામર્દાઇના વિચારોને મનમાં પ્રગટ થતા વારવા. આત્માના આનંદનો વિચાર કરવો. આત્મા તેજ રાગદ્વેષ જીતે એટલે પરમાત્મા મહાવીર બને છે. જ્ઞાન અને આનંદરૂપ આત્મા છે. જેમ જેમ મોહની વૃત્તિયોનો નાશ કરવામાં આવે છે તેમ તેમ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રગટે છે અને તેથી તે આપોઆપ આત્મસ્વરૂપનો પ્રકાશ કરે છે. આત્માને પોતાની શક્તિયોનો અનુભવ આવે છે, તેમ તેમ તે સ્થૂલ દુનિયાથી અળગો થતો જાય છે અને દેહ છતાં મહાવૈદેહ દશાનો અનુભવ કરે છે. આવી વૈદેહ આત્મદશામાં ઘણો વખત રહેવાથી કેવલજ્ઞાન ને કેવલદર્શન પ્રકટેછે, પશ્ચાત્ દેહનું આયુષ્ય હોય છે ત્યાં સુધી તેનું અસ્તિત્વ રહે છે. પશ્ચાત્ આત્મા તેજ સિદ્ધ બુદ્ધ મુક્ત પૂર્ણ પરમાત્મા બને છે પશ્ચાત્ શુદ્ધ સ્વતંત્ર આત્માને જન્મજરાને મૃત્યુનું બંધન રહેતું નથી. આત્માની આજ્ઞા પ્રમાણે મન વર્તે છે ત્યારે આત્મા, મુક્તિપ્રતિ ક્ષણે ક્ષણે અંતરૂમાં પ્રયાણ કરે છે. આત્માના સ્વભાવમાં રહેવું. આત્મસ્વભાવે રમણતા કરવી તે શુદ્ધ ચારિત્ર છે અને તેમાંજ આત્માનંદ પ્રગટે છે. આત્માની શુદ્ધિ કરવામાટે પ્રથમ મનવાણીકાયાની શુદ્ધિ કરવી જોઇએ. પ્રથમ મનવાણીકાયાથી પાપ બંધાય એવા વિચારો અને કર્મોનો ત્યાગ કરવો જોઇએ. ગૃહસ્થદશામાં ગૃહસ્થના અધિકાર પ્રમાણે પાપકર્મનો ત્યાગ થઈ શકે છે અને ગૃહસ્થ યોગ્ય બાર વ્રતના પાલનથી મનવાણીકાયાની શુદ્ધિ કરી શકાય છે અને તે તે અંશે આત્માની શુદ્ધિ થાય છે. આત્માના ઉપયોગે આત્માની અનંતગુણી શુદ્ધિ થાય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, મમતાત્યાગ, ક્ષમા, સરલતા, માર્દવતા, તપ, સંયમ આદિ સાત્ત્વિક ધર્મથી આત્માની શુદ્ધિ થતી જાય છે, અને મોહાદિ કર્મપ્રકૃતિયોના પુદ્ગલ સ્કંધો ખરેખર આત્માથી છૂટા પડે છે અને આત્મામાં જ્ઞાનાનંદાદિ સહજ ગુણોનો આવિર્ભાવ

થતો જાય છે અને આપોઆપ આત્મા પ્રભુરૂપે પ્રકટ થતો જાય છે અને છેવટે આત્મા પરિપૂર્ણ મુક્ત શુદ્ધ બુદ્ધ ભગવાન્ બને છે. સાત્વિક ગુણોમાંથી પસાર થઇને આત્માના ગુણો પ્રકટ કરવા પડે છે. સાત્વિકગુણોને જ સાધ્યરૂપ માનીને આત્માના સહજગુણોની ઉપેક્ષા ન કરવી જોઇએ. સાત્વિકગુણોની પ્રકટતા, એ આત્માની સાત્વિક પ્રભુતા છે અને શુદ્ધાત્મગુણો છે તે આત્માની શુદ્ધગુણ પ્રભુતા છે, એમ આત્મજ્ઞાન થતાં ગુરૂગમથી સમજાય છે. આત્માની શુદ્ધતામાં સર્વ એવં આત્મજ્ઞાન થતાં ગુરૂગમથી સમજાય છે. આત્માની શુદ્ધતામાં સર્વરાજ્યોનો અંતર્ભાવ થાય છે એવી દશા પ્રાપ્ત કરવા માટે આ ભવમાં જરા માત્ર ખામી ન રાખવી જોઇએ. પ્રથમ તો આત્મા, દેવગુરૂ ધર્મની સેવાભક્તિથીજ મુક્તિના માર્ગપર પ્રયાણ કરે છે. પ્રથમ પગથીયું દેવગુરૂ ધર્મની શ્રદ્ધા ભક્તિસેવા છે, તેમાં જેટલો ઉત્સાહ છે તેટલો જ આત્મા શક્તિમાન્ થતો જાય છે. જેટલું જેટલું આત્મજ્ઞાન ન્યૂન તેટલું મન પણ આત્મામાં પ્રવેશ કરી શકતું નથી. આત્માને આત્મરૂપે જાણ્યા બાદ મોક્ષનો માર્ગ ખુલ્લો થાય છે અને આત્મામાં સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિ ખુલ્લી થાય છે, માટે આત્મજ્ઞાન પામવા પૂર્ણ રૂચિ ધારણ કરવી. જૈનધર્મનાં સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરવો. દરરોજ સામાયિક કરવું અને સમતાભાવથી આત્માને ભાવવો. વાસક્ષેપથી સિદ્ધચક્રની પૂજા કરવી અને નવપદનું સ્વરૂપ વિચારીને આત્માને નવપદરૂપે પ્રકટાવવા પ્રયત્ન કરવો. હરતાં ફરતાં ખાતાં પીતાં પ્રભુ મહાવીર દેવના ગુણોનું સ્મરણ કરવું. એ પ્રમાણે ભાવના ભાવવાથી અને વર્તવાથી આત્માની શુદ્ધિ કરશો અને પરમાનંદરૂપ પૂર્ણ મંગલને પામશો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

સંભારે તેને ધર્મલાભ.

લેખક:—બુદ્ધિસાગર. મુ૦ મેસાણા.

સં. ૧૯૭૮ અષાડ વદિ ૮.

શ્રી માણુસા તત્ર દેવગુરૂભક્તિકારક, શ્રાવક શા. ..............યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર પહોંચ્યો. અહીં આવવા માટે રજા મંગાવી, તત્ સંબંધી લખવાનું કે, મારો અન્તરાત્મા જ્યારે તમને બોલાવવા મળવા અવાજ કરશે, તે વખતે ખાસ પત્ર લખીશ. ખુલાસો કરવાનું લખો છો પરંતુ મારે કોઇના ખુલાસા કરવાની જરૂર નથી. મારા કલ્પાયલા નામરૂપને લોકો સ્તવન નિંદે તેની મ્હને જરા માત્ર પરવા નથી. મ્હને જાગતાં તો શું પણ સ્વપ્નમાં પણ તમારા સંબધી અશુભ વિચાર આવ્યો નથી. કીર્તિ અને અપકીર્તિ બન્ને પુદ્‌ગલ માયા છે, તેમાં કોઇ જાણતાં વા અજાણતાં નિમિત્તભૂત થાય તેને તે બાબતની ચિંતા છે. મારાથી કોઇની વા તમારી નિંદા હેલનામાં નિમિત્ત કારણરૂપે થવાયું હોય તો જગ—જાહેર સંઘ સમક્ષ અશુભવૃત્તિ પ્રવૃત્તિને નિંદુ છું, ગર્હું છું, મ્હને કોઇનાપર રાગ નથી, અને કોઈનાપર દ્વેષ નથી. સંયોગ વિયોગ,—કર્મના અનુસારે થયા કરે છે, મ્હને કોઇ સંબંધી કાંઇ સારૂં ખોટું સાંભળવાની ઇચ્છા નથી. લોકવાસના—કીર્તિભય અને નામરૂપનો મોહ ટળ્યા વિના અને આત્માની અહિંસા પ્રગટયા વિના અને પરની તથા જૈન શાસનની હેલનામાં, ગુરૂની હેલનામાં ગમે તે રૂપે જાણે અજાણે નિમિત્તભૂત થતાં છતાં જ્યાં સુધી ખરો પશ્ચાત્તાપ થયો નથી અને દુનિયાની આગળ આત્મા, અપકીર્તિ આદિથી, ભય પામે છે, ત્યાં સુધી આત્મા, શિષ્ય યા ભક્ત બનવાને અને પશ્ચાત્તાપરૂપ પ્રતિક્રમણ કરવાને લાયક બન્યો નથી. મનથી અને દુનિયાના લોકપ્રવાહથી બનેલા શિષ્ય ભક્તોમાં અને ફક્ત ગુરૂઓમાં આત્માનું શુદ્ધસ્વરૂપ વેદાતું નથી. મન સુધી શાસ્ત્રોનું વાચન, પૂજન વગેરે આવ્યું હોય અને આત્મામાં ન પરિણમ્યું હોય, ત્યાં સુધી ભવ ભ્રમણ

છે. અજ્ઞાની મનુષ્યોની સેવા ભક્તિમાં આસ્રવપરિણામની મુખ્યતા છે. નામરૂપમોહે દુનિયામાં સારા ગણાવવાના ઈચ્છાવાળાઓ, દેવગુરૂના ભોગે પોતાની પ્રતિષ્ઠા મહત્તા ઇચ્છે છે. પોતાની ભૂલ પોતાને ન જણાય ત્યાં સુધી કોઈ ગુરૂ પાસે આવે વા ગમે ત્યાં જાય તો પણ તેથી તેને આત્મશુદ્ધિ થતી નથી. મૂઢત્વ તથા દોષદૃષ્ટિથી સ્વપ્નમાં પણ ગુરૂમાં દોષ જણાય, અને અંશમાત્ર અશ્રદ્ધા થાય—ત્યારથી તે ભક્ત વા શિષ્ય ખરેખર તેવા ગુરૂઓની પાસે જઈ આત્મશુદ્ધિ કરી શકે નહિ અને શ્રદ્ધા પ્રેમની પૂર્ણતા વિના કદાપિ ગુરૂ તેને ઉપદેશ આપે તો પણ તેથી ભક્ત શિષ્યપર ખરેખરી અસર થાય નહિ, એવો કુદરતી નિયમ છે. આત્મામાં અન્યના આત્માની શ્રદ્ધા પ્રીતિ જાણવાની શક્તિ રહેલી છે, તેથી શિષ્યમાં વા ભક્તોમાં લાયકાત આવતાં તેઓ સહેજે ગુરૂઓના હૃદયમાં વાસ કરે છે. તમારામાટે જ આવું લખું છું એવો મુખ્ય ઉદ્દેશ નથી, આ તો સાધારણ લખાણ છે. તમારામાં જે જે ગુણો પ્રગટેલા છે તેની અનુમોદના કરૂં છું, બાકી તમારા તો શું ? પણ કોઇના દુર્ગુણ તરફ દૃષ્ટિ કરતાં અને તેનો પ્રકાશ કરતાં પહેલાં મારી વાણી અને મનને કોટી ઉપાયે અટકાવવા પુરૂષાર્થ કરૂં છું, અને કરીશ. મારા દેશમાં મારે જવાની જરૂર છે. અન્યની સાથે રાગદ્વેષની એક વર્ગણા પણ ન રહે, એવો ખાસ ઉપયોગ ધારીને પ્રવર્તું છું. તમારા જેવાઓના ભવમાં ભમતાં અનંતવાર સંબંધ થયા. કોઇની પણ સાથે રાગદ્વેષનો અંશમાત્ર સંબંધ ન રહે એવું આત્મોપયોગે ભાવું છું. મારાપર કોઇ રાગ કરનારા હોય અને કેટલાક દ્વેષ કરનારા હોય છતાં મારે તો સમભાવે રહી તેઓપર આત્મભાવે જોવું એજ મારો ધર્મ છે, તેમાં ખામી ન આવે એવા ઉપયોગથી વર્તવા ઇચ્છું છું અને વર્તીશ. ૯.મને મારી પાસે આવવા હુકમ ન કરૂં તેમાં કંઈ તમારા પર અંશમાત્ર અરૂચિ દ્વેષ નથી, પરંતુ અંતરૂમાંથી આત્માનો અવાજ થતો નથી તેજ કારણ છે. જ્યારે અવાજ થશે ત્યારે પત્ર લખી જણાવીશ, એમ છે માટે આત્માની અંતરમાં

રહેલી યોગ્યતાને ત્યાં સુધી પ્રગટ કરવા પ્રયત્ન કરશો. ગમે તેવું આલંબન લઇ આગળ જવું એ જ કર્તવ્ય છે. કોના સંબંધ સદા રહ્યા છે? અને રહેવાના છે? સંયોગ તેનો વિયોગ છે. કોણ સર્વજ્ઞ છે ? કોનામાં ભૂલ આવતી નથી ? સર્વગુણી વીતરાગ છે. કોણ પોતાની નિર્દોષતા સિદ્ધ કરવા પ્રયત્ન કરતો નથી. મનની બાજીમાં એવુંછે. આત્માના ઉપયોગમાં શાન્તિ સુખ છે. તમારામાં ઘણા ગુણો છે. સર્વત્ર ગુણરાગે વર્તવું, તમે તમારા આત્મામાં ઉપયોગ દેશો. રાગદ્વેષના વાતાવરણમાં રહ્યા છતાં તેથી મનમાં અશાન્તિ ન થાય, એવી આત્મદશા ન થાય ત્યાં સુધી રાગદ્વેષના કારણો ન મળે ત્યાં રહેવું કરોડગણું ઉત્તમ છે એમ સમજી જેમ યોગ્ય લાગે તેમ કરવું. આવવાની ના લખી તેથી મનમાં અરૂચિ શોક ન કરવો અને આત્માને સવળી શિખામણ આપી અવળું લાગે તેમાંથી સવળું ગ્રહણ કરવું. સમ્યગ્દષ્ટિવાળા આત્માઓને સઘળું સમ્યગ્રૂપે પરિણમે છે. શ્રીકૃષ્ણની પેઠે તેઓ કુતરામાંથી પણ ગુણ ગ્રહણ કરે છે. આત્માનું અને કર્મનું સ્વરૂપ જાણ્યા બાદ ભ્રાન્તિ, ચંચળતા અને લોક સંજ્ઞા ટળી જાય છે. કોઈની પાસેથી મારા આત્માની સાથે લાગેલા નામરૂપના સંબંધી શુભ કીર્તિ અગર અશુભ અપકીર્તિ કંઈપણ કોઈની પાસેથી સાંભળવા અને તેના ઉપાયો લેવા સંબંધી ઇચ્છા મરી ગઇ છે, તે પાછી જાગ્રત્ ન થાઓ એવું આત્મોપયોગે ઈચ્છુંછું. જે શુદ્ધાત્મરૂપે પરિણમવા લયલીન છે, તેનો શુદ્ધાત્મરૂપે કરોડો–અબ્જો ગાઉ દૂર છતાં પણ દિલમાં મેળ છે. બાકી બીજા મેળા તો આત્માના પ્રદેશોની સાથે કર્મના મેળાથી હોવા છતાં તે મેળા નથી એવા દૃઢ નિશ્ચયને જે ધારે છે તે ખરા મેળને પામે છે. મ્હને શિષ્ય ભક્ત કરવાનો મોહ નથી. હવે તો આગળની મુસાફરીમાં તૈયાર અપ્રમત્ત રહેવાનું છે. ભક્તો-શિષ્યો મારાપર પ્રેમ શ્રદ્ધા રાખીને તેઓ આત્મશુદ્ધતા કરે તો તેઓનું કલ્યાણ છે. આત્મશુદ્ધતા પ્રતિ સર્વાત્માઓનું લક્ષ્ય રહો. ધર્મસાધન કરશો. નામરૂપમાં વિંટાયલા આત્માની ખરી

લગની લાગતાં આત્મપ્રભુનો અનુભવ થાય છે. સુખ દુઃખમાં સમભાવે રહેવું. કર્માનુસારે જે કંઇ બને તેથી અન્યોપર રાગ-દ્વેષભાવે ન જોતાં અન્યોપર સમભાવે નજર કરવી. વૈર છે તે વૈરથી શાંત થતું નથી, પણ શુદ્ધ પ્રેમથી શાંત થાય છે. આત્મોપયોગમાં અમારૂં અને તમારૂં શુદ્ધાત્મ એક રૂપ છે એવી દશાનો ઉપયોગ રહો! પરસ્પર આત્માઓને આત્મભાવે દેખતાં સદા આત્મમેળ છે એવા મેળમાં રહો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ મહેસાણા.

ભાદ્રપદ સુદિ ૧

શ્રી માણુસા તત્ર સુશ્રાવક શા. ચંદુલાલ તલકચંદ યોગ્ય ધર્મલાભ વિ. તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો વાંચી સમાચાર જાણ્યા. કર્મયોગના વાંચનથી તમારા આત્માપર ઘણી અસર થઇ છે તે જાણ્યું, આત્મરસથી જીવવું અને વ્યવહારમાં પ્રારબ્ધયોગે પ્રવર્તવું. સમકિતીને આત્મરસનો અનુભવ આવે છે. જડરસને પ્રારબ્ધયોગે વેદવો પડે છે તેમાં પશ્ચાત્ સમ્યગ્દૃષ્ટિને આત્મરસ પામ્યા બાદ રસ લાગતો નથી. આત્માનું સ્વરૂપ વિચારતા જાઓ અને કર્તવ્યમાં પ્રવર્તો. આત્મરસના નિશ્ચયને પામ્યા બાદ અવશ્ય આત્મા સર્વથા મુક્ત થાય છે. કુતર્કોથી ભ્રમિત નાસ્તિક દૃષ્ટિરાગી મૂઢજનોના પરિચયમાં હાલ ઘણો વખત ન આવવું અને આત્માના ઉપયોગે જે દિશા બતાવી છે તે તરફ પ્રવૃત્તિ કરવી. એકેક વાકય વાંચવું, અને તેનો પા પા કલાક સુધી આંખો મીંચી વિચાર કરવો. ગાડરિયાપ્રવાહે ન વર્તવું. જડમાં ધર્મ નથી. આત્મામાં આનંદ જ્ઞાનરૂપ ધર્મ છે, એવા

નિશ્ચયથી ગુરૂએ દર્શાવેલા માર્ગમાં આગળ ગમન કરો! બાહ્યના સુખ દુઃખને ભોગવો પણ તેમાં મોહ ન પામો. આત્માનો ઉપયોગ રાખો. દેવ ગુરૂ પૂજા ભક્તિ સામાયિકાદિ ધર્મ પ્રવૃત્તિ કર્યા કરશો.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

---

લેખ બુદ્ધિસાગર. મુ. મહેસાણા.

સ. ૧૯૬૮ ભાદ્રપદ સુદિ ૬

શ્રી સાણંદ તત્ર સંઘ સમસ્ત સુશ્રાવક મહેતા ચતુરભાઇ કરસન તથા શાંતિભાઈ જેસીંગભાઈ, શેઠ ત્રિભોવનદાસ ઉમેદ તથા શા. દલસુખભાઈ ગોવિંદજી, ભાઈ ચુનીલાલ તથા શા. આત્મારામ ખેમચંદ, શેઠ રાયચંદભાઈ રવચંદ, શેઠ કાલીદાસ દેવકરણ, શેઠ મનસુખ હઠીસંગ, સંઘવી કેશવલાલ નાગજી, શા. મણિલાલ વાડીલાલ, શા. પ્રેમાનંદ ચુનીલાલ, શા. મોહનલાલ ખેમચંદ, શા. ત્રિકમલાલ લલ્લુ, શા. વાડીલાલ રાઘવજી તથા રાઘવજી હુકમચંદ યોગ્ય ધર્મલાભ. વિ. તમારો સાંવત્સરિકક્ષમાપના પત્ર આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. ક્ષમાપના બે ભેદે છે, દ્રવ્યથી અને ભાવથી, ક્ષમાપના શબ્દનો અર્થ જાણે પણ જેની સાથે ક્ષમાપના કરવાની છે તેની સાથે ભાવથી ક્ષમાપના ન થાય ત્યાં સુધી દ્રવ્ય ક્ષમાપના છે. ખમવું, ખમાવવું, ઉપશમવું અને ઉપશમાવવું એ ચારિત્રનો સાર છે. આત્મજ્ઞાનના ઉપયોગે જે જે જીવોની સાથે વૈર વિરોધ થયા તેઓને ખમાવવું. અપરાધોની માફી માગવી અને બીજીવાર અપરાધ ન થાય એવો ભાવ રાખવો તે ભાવક્ષમાપના છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા ભાવક્ષમાપના કરી શકે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિજીવ, ભાવક્ષમા-

પનાને પ્રાપ્ત કરી શકતો નથી. છદ્મસ્થદશામાં અનેક જીવોના અપરાધો, દોષો, ભૂલો થાય છે તેથી સર્વજીવોની સાથે મિથ્યા દુષ્કૃત દેવાની જરૂરછે. અન્યજીવોને કોઈ પણ રીતે પીડા કરવાનો પોતાનો-હક્ક નથી. કોઈ પણ જીવને નુકશાન ન પહોંચે તેવી-રીતે જેમ બને તેમ વર્તવું જોઇએ. અનુપયોગદશામાં થએલા દોષોનો અપરાધોનો અંતઃકરણમાં પશ્ચાત્તાપ કરવાથી હૃદયની આત્માની શુદ્ધિ થાય છે. હૃદયમાં અત્યંત પશ્ચાત્તાપ થવાથી ક્ષમાપનાની યોગ્યતા પ્રગટે છે. અનંતાનુબંધી કષાયોના ઉપ-શમાદિભાવે ભાવક્ષમાપના પ્રગટે છે. સર્વ દેહધારીઓને સામાન્યતઃ આત્મસાક્ષીએ ખમાવવાથી અનંતભવનાં કૃતકર્મોની નિર્જરા થાય છે. **खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे, मित्तिमे सव्वजीवेसु, वेरं मज्झ न केणइ** હું સર્વ જીવોને ખમાવું છું, અને સર્વજીવો મ્હને ખમાવો. સર્વ જીવોની સાથે મારે મૈત્રીછે. કોઈની સાથે વૈર નથી. મૈત્રીભાવથી વૈરની શાંતિ થાય છે વૈરના વૈરરૂપ પ્રતિબદલાથી વૈરની વૃદ્ધિ થાય છે. શુદ્ધ પ્રેમથી વૈર શમે છે. ક્ષમાથી વૈર શમે છે. પાક્ષિક ક્ષમાપનાથી સંજ્વલન ક્રોધમાન માયા લોભનો ઉપશમ તથા ક્ષયોપશમ થાય છે. દૈનિક ક્ષમાપનાથી કષાયોની ઘણી મંદતા થાય છે અને આત્માની અતિવિશુદ્ધિ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખ્યાની કષાય અત્યંત ઉપશમે છે. સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખ્યાની કષાયનું ઘણું જોર ટળે છે અને અનંતાનુબંધી કષાયનો ઉદય થતો નથી. આત્માની પેઠે સર્વાત્માઓને જાણવા અને ક્ષમાપના કરીને અહર્નિશ વર્તવું. સાધર્મિકોની સાથે ક્રોધાદિક કષાયો ન થવા જોઇએ અને અનેક ક્ષુદ્ર કારણોથી થયા હોય તો તુર્ત તેઓની માફી માગી લેવી. જે માફી માગી ખમાવે છે તે આરાધક છે અને જે સ્હામો ખરા શુદ્ધ અંતઃકરણથી ખમાવતો નથી તે વિરાધક છે. પોતાના પાડેલા નામની અને દેહાદિરૂપની અહંવૃત્તિ ટળે છે તોજ ક્ષમાપનાની બુદ્ધિ પ્રગટે છે આત્માર્થીજીવને ખમતાં ખમાવતાં ચંદન-બાળાની પેઠે કેવળ જ્ઞાન પ્રગટે છે. ક્ષમાપનાથી આત્માની

અત્યંત વિશુદ્ધિ થાય છે અને તેથી અશુદ્ધ આચારો અને પાપમય વિચારો ટળી જાય છે અને તેથી ભવોભવ વૈર કર્મની પરંપરા રહેતી નથી. કુળાચારે વા રૂઢધર્માચારે ગાડરીયા પ્રવાહે "મિચ્છામિદુક્કડં" मिथ्या मे दुष्कृतम् એમ કહેવાથી અને પશ્ચાત્તાપ નહીં થવાથી આત્માની શુદ્ધિ થતી નથી. જેઓની સાથે ક્લેશ થયા હોય તેઓને પ્રત્યક્ષમાં હોય તો રૂબરૂમાં ખમાવો! દૂર હોય તો પત્રથી વા સંદેશાથી ખમાવો. અહંકારનો ત્યાગ કરી લઘુતા ધારણ કરી ખમાવો. એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય સર્વજીવોને આત્મોપયોગે ખમાવો. કોઇની નિન્દા હેલના કરી તેની માફી માગો. દુષ્ટ શત્રુઓનું પણ અશુભ ચિંતવ્યું હોય, વાણીથી અશુભ બોલાયું હોય, કાયાથી અશુભ કર્યું હોય તેની માફી માગો. આત્માની સાક્ષીએ સર્વજીવોની માફી માગો. અશુદ્ધ બુદ્ધિનો ત્યાગ કરો. તરવું અને મરવું તે શુદ્ધ બુદ્ધિ અને અશુદ્ધ બુદ્ધિપર આધાર રાખે છે. રાગદ્વેષવાળી તે અશુદ્ધ બુદ્ધિ છે. શુદ્ધ બુદ્ધિમાં વૈર વિરોધ પ્રગટતા નથી. તમોગુણી અને રજોગુણી બુદ્ધિથી કરેલી ક્ષમાપનાથી આત્માની શુદ્ધિ થતી નથી. સાત્ત્વિક બુદ્ધિથી પ્રગટેલી ક્ષમાપના, અનેક પાપકર્મોનો નાશ કરે છે અને ભવિષ્યકાળમાં તેથી કર્મો બંધાતા નથી. જ્યારથી કોઈનાપર વૈર થયું હોય ત્યારથી એક વર્ષમાં તેની સાથે ક્ષમાપના કરવી જોઇએ અને જો એક વર્ષ પર્યંતમાં પણ ક્ષમાપના કરવામાં ન આવે તો સમ્યક્ત્વ ટળી જાય છે અને મિથ્યાત્વનો ઉદય થાય છે, માટે સમ્યગ્દષ્ટિયોએ સાંવત્સરિક પ્રતિક્રમણ કરી સર્વજીવોને ખમાવવા જોઈએ. સર્વજીવોને આત્મ સરખા જાણીને તેઓની હિંસા તે સ્વાત્મહિંસા અને તેઓનું દુ:ખ તે આત્મ-દુઃખ માનીને સર્વની સાથે આત્મભાવે વર્તવું તેજ મોક્ષનો મુખ્ય માર્ગ છે. ભાવ ક્ષમાપના તે જૈનધર્મ છે. સર્વ વિશ્વવર્તિ મનુષ્યો ભાવ ક્ષમાપનાથી વર્તે તો દુનિયામાં અનેક દુષ્ટ યુદ્ધો મહાપાપો રહે નહિ. ક્ષમાપનામાં અહિંસા છે. જેનામાં

અહિંસા પ્રગટે છે તેજ ક્ષમાપના કરી શકે છે. અનેક પ્રકારના દુષ્ટ કામાદિ સ્વાર્થોને ટાળવાથી અહિંસા પ્રગટે છે. મોહને ઉત્પન્ન થવાના જેટલા હેતુઓ છે તે સર્વે જ્યારે વૈરાગ્યરૂપે પરિણમે છે ત્યારે પૂર્ણક્ષમા પ્રગટે છે. ઉપશમભાવે અને ક્ષયોપશમભાવે ક્ષમાપના જાણીને સ્વાધિકારે ક્ષમાપના કરવી. હું સર્વજીવોની સાથે મૈત્રીભાવના ઉપયોગથી વર્તુ છું. કોઈનાપર પ્રાયઃ દ્વેષ વૈરવૃત્તિ પ્રગટતી નથી. આત્મા જેવા સર્વ જીવો જણાય છે. આત્માના અસંખ્યપ્રદેશ તેજ હું છું. સર્વજીવોના અસંખ્યાતપ્રદેશો છે તેઓની જ્યોતિના ઉપયોગમાં રહું છું. શુભાશુભકર્મના ઉદયે અન્યજીવો તો નિમિત્તહેતુભૂત છે એમ જાણીને તેઓપર હું રાગદ્વેષ કરતો નથી. મારા આત્મા વિના મારૂં અન્ય કોઇ બૂરૂં વા ભલું કરવા સમર્થ નથી. મારા મનમાં અશુદ્ધપરિણતિ ન પ્રગટવા દઉં તો તેથી મારૂં સારૂં કરનાર હું પોતે સિદ્ધ ઠરૂં છું. નિંદામાં અને સ્તુતિમાં અન્યજીવો તો નિમિત્તમાત્ર છે એવા ઉપયોગથી રહું છું. હું અરૂપી છું તેથી મ્હને નિંદા સ્તુતિની અસર થતી નથી અને સર્વદૃશ્યમાં પ્રાયઃ સમભાવ રહે છે તેથી ક્ષણે ક્ષણે ભાવક્ષમાપનાની દશા રહે છે. સર્વજીવોની સાથે સમભાવથી વર્તન થાય છે. કદાપિ મોહનો ભાવ પ્રગટવાની તયારી થાય છે તો તુર્ત તેનો ઉપશમભાવ થાય છે. નિંદા કરનાર ઉપર વૈર દ્વેષની લાગણી પ્રગટતી નથી. જેને જે રૂચે તે બોલે તેથી ક્રોધ કરતાં આત્માની અશુદ્ધિ પ્રગટે છે. મનુષ્ય મનુષ્ય પ્રતિ વિચારાચારમાં મતભેદ હોય છે તેથી ક્લેશ વૈર કરતાં કંઇ તેઓનું ભલું કરી શકાય નહીં અને સ્વઆત્માનું પણ ભલું કરી શકાય નહીં એમ જાણી પ્રવર્તુ છું અને તમો પ્રવર્તશો. વૈર વિરોધ કરવાની જરૂર જણાતી નથી. મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય, અને કારૂણ્ય એ ચાર ભાવનાઓને વારંવાર ભાવવાથી ક્ષમાપનાની દશામાં શુદ્ધિ થાય છે. આત્મા અને કર્મનું સ્વરૂપ વિચારતાં સર્વજીવો કર્મના વશે શુભાશુભપ્રવૃત્તિ કરે છે તેમાં મૂલ જીવોનો દોષ નથી પણ

તેઓના કર્મની પરિણતિનો દોષ છે તેમાં જીવોપર ક્રોધવૈર કરવાથી શું ? જીવોપર વૈરઝેર કરવાનું કંઇ કારણ નથી. દારૂની પેઠે કર્મ છે તે જીવોની અવળી બુદ્ધિ કરે છે, તેમાં જીવોનો કંઇ વાંક નથી. ખરેખર તેમાં કર્મનો વાંક છે માટે સર્વજીવોપર મૈત્રીભાવધારણ કરીને સર્વજીવોને ખમાવવા. પ્રભુ મહાવીર દેવે જેવી ચંડકૌશિકપર ક્ષમા ધારી હતી, તથા સંગમદેવપર ક્ષમા ધારી હતી તેવી ક્ષમા ધારણ કરીને અપરાધીઓનું શુભ ચિંતવવું. તેઓપર સમભાવ ધારણ કરવો. તેઓ અજ્ઞાન મોહ રૂપ શત્રુઓથી સંસારમાં બંધાએલા છે માટે તેઓપર ઉલટી દયા ચિંતવવી. પોતાના નિમિત્તે અન્યોને કષાય થતાં તેઓપર શુભભાવ ધારણ કરવો અને શક્તિ હોય તો તેઓનો અજ્ઞાન મોહથી ઉદ્ધાર કરવો. અન્ય મનુષ્યો વગેરેના અપરાધો કર્યા હોય અને તેઓ જીવતા હોયતો છતી શ એ તેઓ પાસે ગમન કરી તેઓની અપરાધમાટે નમ્રતાથી માફી માગવી અને તે પ્રસંગે સ્હામા મનુષ્યોને કોપ થાય અને તેથી પોતાને કોપ અપરાધ કરવાનો પ્રસંગ ન આવે એવી રીતે અત્યંતલઘુતા ક્ષમાથી વર્તવું. ધર્મનું મૂલ ક્ષમા છે. ખમાવવા જતાં અન્યોના આત્માઓ ઉપશાંત થાય તેવી મનવાણી કાયાની પ્રવૃત્તિ કરવી. તેઓ પોતાને ન ખમાવે અને વૈર રાખે તો તેઓનું તે જાણે પણ આપણેતો સાચાભાવથી ખમાવી પાછું વૈર ન રાખવું અને અને પુનઃ અપરાધો ન કરવા એમ વર્તવાથી અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થાય છે. વૈરનો બદલો વૈરથી લેવો એવી પરમેશ્વરની આજ્ઞા નથી. વૈરનો બદલો શુદ્ધ પ્રીતિથી વાળો અને ઉપકારથી વાળો એવી શ્રી મહાવીર પરમેશ્વરની આજ્ઞા છે. વૈર અપરાધનો ઉપશમ કરવાથી શાંતિ છે. આપણે ક્ષમાપના કરીએ પણ અન્યો ન કરે તેથી આત્મશ્રદ્ધા ન ખુવો. આત્માની શુદ્ધિ, ક્ષમાપના કરવાથી છે એમ નિશ્ચય કરીને ક્ષમાપના કરો ! મનવાણી કાયાની પ્રવૃત્તિથી વૈર વિરોધ કલેશ ન વધે એવો ક્ષણે ક્ષણે ઉપયોગ ધારવો. બને ત્યાં સુધી અન્યોના અપરાધો જે જે કર્યા હોય

તે તે તત્કાલે ખસાવવા. અહં મમતા જેમ જેમ ટળે છે તેમ તેમ વૈર વિરોધ શમે છે. દેહનામ કીર્તિ આદિવાસનાઓથી રહિત આત્માના ઉપયોગે વર્તવું. લોકવાસનાથી મુક્ત થતાં આત્માની શક્તિયો ખીલે છે અને અનેક અશુભપ્રવૃત્તિયો સ્વયમેવ બંધ પડે છે. જેમ જેમ દુનિયાની ઉપાધિથી મુક્તતા થાય છે તેમ તેમ આત્મા સ્વયં વૈર વિરોધ ક્રોધાદિકકષાયોથી ઘણો મુક્ત થાય છે અને તેથી આત્મસુખ અને આત્માનું સ્વાભાવિક જ્ઞાન પ્રગટ થાય છે. પોતાની ભૂલો અને પોતાના દોષોનો ત્યાગ કર્યા વિના કોઈ પણ આત્માની મુક્તિ થતી નથી. જ્યાં સુધી દોષોને ટાળવાની ઈચ્છા નથી ત્યાં સુધી આત્માને પરમેશ્વર પણ તારવા સમર્થ થતા નથી. મોહને ટાળવાનો પરમેશ્વર ઉપદેશ આપી શકે પરંતુ મોહને ટાળવો તે તો આત્માના પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે. ક્ષમાપના કરવી તે પણ આત્માનો પુરૂષાર્થ છે. ભાવ ક્ષમાપનાથી આત્મ શુદ્ધિ થાય છે એમ સર્વ તીર્થંકરપરમાત્માઓએ ફરમાવ્યું છે. ક્ષમાપના વિના કોઇની મુક્તિ થઈ નથી, થતી નથી અને થવાની નથી. કોઈ જીવને દુઃખ પીડા સંતાપ ઉપદ્રવ કરવો નહિ, કરાવવો નહિ, અને કરનારની અનુમોદના કરવી નહિ. ક્ષમાપના છે તે મોક્ષની નિઃસરણિ છે. ક્ષમાપનામાં અમૃત છે. ક્ષમાપનામાં સ્વર્ગ અને મોક્ષ છે. ક્ષમાપનામાં આત્મ સ્વરાજ્ય છે. અન્તરાત્મદશા પ્રગટવાથી ક્ષમાપના થાય છે. આરાધકને ક્ષમાપના કરવાની ઇચ્છા થાય છે. ભાવથી ક્ષમાપના કરનાર ઉત્કૃષ્ટભાવે તદ્ભવમાં મુક્તિ પામે છે, વા ત્રીજાભવમાં મુક્તિ પામે છે, છેવટે સાઠ આઠભવમાં તો અવશ્ય મુક્તિપદ પામે છે. ક્ષમાપનામાં દૈવીબલ છે તેથી આત્માની શુદ્ધિ વિજળી વેગે થાય છે, પોતાના હૃદયમાં વૈરદ્વેષ વિરોધભાવ ન રહેવો જોઈએ, પશ્ચાત્ પોતાના નિમિત્તે અવળી પરિણતિવાળાજીવો કર્મ બાંધે તેથી પોતાના આત્માની અશુદ્ધિ થતી નથી. આત્માના ઉપયોગે વર્તતાં સહેજે ક્ષણે ક્ષણે ક્ષમાપના છે. અન્યોમાટે પોતાનો આત્મા, ક્ષમાપના

ભાવે નમી જવો જોઇએ. પોતાના દોષોમાટે જે પસ્તાય છે, તે ભવ્યજીવને ક્ષમાપનાની દશા પ્રગટે છે. અમારે આત્મોપયોગે ક્ષમાપના થાય છે. જેવું પરમેશ્વરની વિશ્વપર દૃષ્ટિ છે તેવી દૃષ્ટિના આરાધક અમે બનવા પ્રયત્ન કરીએ છીએ. અમુક મારો નિંદક શત્રુ છે એવો ખ્યાલ હૃદયમાં આવતો નથી. સર્વજીવો કર્મોથી ઘેરાયલા છે તેમાં તેઓના કર્મોનો વાંક છે. કર્મોપર અને જીવોપર કષાય કરવાની જરૂર અંશમાત્ર જણાતી નથી. કોઇ જીવનું અશુભ ચિંતવાનું નથી એ સર્વ પ્રતાપ ખરેખર પ્રભુ મહાવીર દેવનો છે. તેમણે આત્માને જાગ્રત કર્યો છે. તમે પ્રભુનું સ્મરણ ક્ષણે ક્ષણે કરો અને સર્વજીવોની માફી માગી કર્તવ્ય કર્મો અને શુદ્ધ થાઓ.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

---

લેખક. બુદ્ધિસાગર — મુ. મહેસાણા

શ્રી. છાણી તત્ર. વૈરાગ્યાદિ ગુણાલંકૃત. આચાર્ય શ્રી વિજય કમલસૂરિ મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી. લબ્ધિ વિજ્યજી વગેરે યોગ્ય વંદના પહોંચે વિ આપનો પત્ર પહોંચ્યો, સ્વપ્નની બોલીની ઉપજ સંબંધી તમોએ જે લખેલ છે તે મેસાણાના સંઘને જણાવ્યું છે તથા ઉપદેશ આપ્યો છે. મેસાણામાં જે ઠરાવ થયેલ છે ને પહેલાંના ઠરાવ પ્રમાણે વર્તવા સૂચના કરી છે તેથી નવું થશે નહિ એમ ઉપદેશીશ. મારી ગેર હાજરીમાં અત્રે મારા ઉપદેશ વિના સંઘે નવીન ઠરાવપર આવવા નિર્ણય કર્યો હતો પણ દરરોજ સૂચના મળવાથી તથા બાહિર ગામોથી સાધુઓના પત્ર આપવાથી ચાલતા આવેલા ઠરાવ પ્રમાણે સંઘ વર્તશે એમ સંઘના આગેવાનો કેટલાક કહે છે. બાકીનાનો મત મળશે એમ લાગે છે પરંતુ આ બાબતમાં ગામોગામ બબે મત ભેદ થયા છે. વિચારોમાં મત ભેદ જ્યાં ત્યાં જાગ્યા છે. અસલના ઠરાવ પણ કોઇ કોઇ ઠેકાણે તે બાબતમાં જૂદા દેખાય છે તેથી જૈન સાધુઓનું મહામંડલ ભરી ચોક્કસ નિશ્ચયપર આવી

જવાની જરૂર છે. મતભેદ તો મારામાં અને તમારામાં પણ વિચારની અપેક્ષાએ હોય પરંતુ સર્વ સાધુઓ એકત્ર ભેગા થાય તો તેથી મતભેદ ટળે. વર્તમાનમાં જેમ બને તેમ પરસ્પર સંપ વધે એવા ઉપાયો લેવાની જરૂર છે તમારી ઇચ્છા થાય તો અમદાવાદમાં સર્વ સાધુઓનું સંમેલન થાય. આસાલમાં માગશર માસમાં મારૂં અમદાવાદ ગમન થયું હતું, ત્યાં કોંગ્રેસના પ્રસંગે સાધુઓની સભા મેળવવા કોશેશ કરી હતી. શ્રાવકોને બીજા આચાર્યો પાસે મોકલ્યા હતા પણ પરિણામ કંઇ આવ્યું નહિ. આપના સંઘાડામાં પણ સાધુઓમાં આવી બાબતમાં કેટલાક મતભેદ છે. તેથી સાધુસંમેલન થાય તો અરસપરસ આપલેના વિચારથી સારૂ પરિણામ આવે આવીને આવી સ્થિતિ દશ પન્નર વર્ષ ચાલીતો પરિણામ સારૂં નહીં આવે. ભાવીભાવ હોય છે તે પ્રમાણે બન્યા કરે છે. આ જમાનામાં સાધુઓનું ઐક્ય થવાની જરૂર છે. સંઘના ઐક્ય અને સંઘની પ્રગતિ માટે વર્તમાનમાં સાધુ સંઘ એકઠો થાય તોજ સારૂં પરિણામ આવે. તમો લખેલ બાબત જાણો છો તેથી વિશેષ શું લખુ; જૈન કોમમાં અનેક પ્રકારનું વિચાર વાતાવરણ ફેલાતું જાય છે, વિચારોના સ્હામા ઉત્તમ વિચારો મળવા જોઈએ આપના શરીરે શાતા હશે. દેવ દર્શન કરતાં યાદ કરશો. ધર્મકાર્ય લખશો.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

તા. ક. આજરોજ સંઘમાં વ્યાખ્યાન વખતે આવાત ચર્ચી હતી પણ હજી બે પક્ષનો મતભેદ છે. હળવે હળવે ઠેકાણે પડે તેમ ઉપદેશ દીધા કરીશું.

---

લે: બુદ્ધિસાગર — મુઃ મહેસાણા.

સં. ૧૯૭૮ ભા. સુ પૂર્ણિમા.

શ્રીસીપરી (શિવપુરી) તત્ર-વૈરાગ્યાદિ ગુણાલંકૃત-મુનિરાજ ઉપાધ્યાય શ્રી ઇન્દ્રવિજયજી તથા શ્રી વિદ્યાવિજયજી આદિ મુનિમંડલ યોગ્ય અનુવંદન સુખશાતા. વિશેષ, ભાદરવા સુદિ

ચતુર્દશીની સાંજરે છ વાગે તાર મળ્યો, અને તેથી ભારત ભૂષણ જૈન જગત્માં જાગતી જ્યોતિ શ્રી વિજયધર્મ સૂરિજીનું સ્થૂલ શરીર છૂટી ગયું, તેથી અત્ર સંઘમા અત્યંત દિલગીરી વ્યાપ્ત થઈ છે. તેમની પાછળ પાખી પાડવામાં આવી છે. દેવ વંદન કર્યું છે. બપોરે ભજન મંડલી ભજન ગાશે. તેમના આત્માને શાંતિ ઈચ્છવામાં આવે છે. શ્રી વિજયધર્મસૂરિજી તેમના અક્ષરદેહે ભારતમાં જાગતા જીવતા છે. તેમણે અનેક શિષ્યો કર્યા, અનેક પાઠશાળાઓ સ્થાપી, કાશીમાં પાઠશાળા સ્થાપી અનેક યૂરોપીયન વિદ્વાનોને જૈન શાસ્ત્રોમાં રસલેતા કર્યા. તેમણે જૈનધર્મની ભારે સેવા બજાવી છે. શ્વેતાંબર જૈન સંઘમાં તેમની ખોટ પુરાવી મુશ્કેલ છે. અનેકવિપત્તિઓમાંથી પસાર થઇને વાદળમાંથી પસાર થનાર સૂર્યની પેઠે ઝળકયા છે. જૈન કોમ પર ઘણા ઉપકારો કર્યા છે. તેમના અનેક સદ્ગુણોએ ભારતમાં તેમના પ્રતિલોકોને આકર્ષ્યા છે. તેમની પાછળ તમારા જેવા વિદ્વાનો પ્રગટયા છે. તેમના પગલે ચાલી તેમની ખોટ પૂરી પાડશો. તેમના આત્માનો ઘણો વિકાસ થયો હતો. અમારે તેમની સાથે સં–૧૯૫૪ની સાલમાં મેસાણામાં ચાર માસ સુધી સમાગમ રહ્યો હતો. તેઓ કાશી ગયા ત્યારે પણ પત્રવ્યવહાર તો કાયમ હતો. સંવત્ ૧૯૬૩ની સાલમાં અમોએ તેમની માગણીથી કાશીની પાઠશાળા માટે સ્હાય આપીહતી. તેઓ ગુણજ્ઞ હતા. હિંમતે મર્દ હતા. ગંગાનદીના કાંઠાના કર્મયોગીની દશા પ્રાપ્ત કરી હતી. તેમણે કર્મયોગીની ફર્જ કે જે ત્યાગીના અધિકાર પરત્વેની હતી તે બજાવવામાં ખામી રાખી નહોતી. તેમના ગુણાનુરાગીઓ ઘણા છે, તેમ તેમના દુશ્મનો નિંદકો પણ છે. અગ્નિ પ્રગટતાં ધૂમ્ર તો સાથે હોય છે જ. વિચાર મતભેદેમતભેદ છતાં તેઓ અન્યની સાથે ઉદાર ભાવથી વર્તી સહકારી બની ધર્મની બાબતમાં સંપ જાળવી કર્તવ્ય કર્યા કરતા હતા. જૈનેતરોની સાથે ઉદાર ભાવથી વર્તતા હતા. આત્મશુદ્ધિ માટે તેમની આત્મદશા આગળ પ્રતિદિન વધ્યા કરતી હતી. આવા એક મહાન્ ધર્માચાર્યની જૈન કોમમાં ઘણી

હુંફ હતી. તેમના દેહના વિલયથી જૈન કોમને પારાવાર દીલગીરી છે. તેમના આત્માની શાંતિ ઈચ્છું છું. ભાવનગરથી પંડિત અભયચંદ ભગવાન્ ત્રણ દિવસ પૂર્વે અહીં આવ્યા હતા. તેમણે આચાર્યની માંદગીના સમાચાર કહ્યા હતા. તેમની સાથે ક્ષમાપના કહેવરાવી હતી. ભાવી ભાવ હોય છે-તેમ થાય છે. માટે શોક કરતા નહીં-મારા લાયક ધર્મ કાર્ય લખતા રહેશો. તેમના આત્માને શાંતિ મળો.

इत्येवं अर्हं ॐ महावीर शांतिः ३

---

લે૦ બુદ્ધિસાગર મુઃ મેહસાણા.

સં-૧૯૭૮ ભા. વ. ૯

અમદાવાદ-તત્ર-સુશ્રાવક-શેઠ-જગાભાઈ દલપતભાઇ વગેરે યોગ્ય. ધર્મલાભ—વિ. તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા. તમારી શારીરિક સ્થિતિ બહુ મંદ રહે છે તે જાણ્યું. હવેતો સર્વ બાબતમાંથી ચિત્ત હઠાવીને પરમાત્માની ભક્તિ કરો ધર્મધ્યાન પ્રવૃત્તિમાં જીવન ગાળો! बहोत गइ थोडी रही. हवे चेतेतो चेत-माथे मृत्यु गाजतुं-फाल सपाटा देत ॥ મનુષ્ય ભવ પુનઃ પુનઃ મળનાર નથી. માયા અને કાયા અહીં પડી રહેશે. સાંસારિક ઉપાધિયોથી મુક્ત થાઓ. બીજીવાર પરણવાની લાલસા ન કરો. જો કે હાલ તે સંબંધી વિચાર નહોય તોપણ ભવિષ્યમાં તેવા વિચારો ન પ્રગટે માટે વર્તમાનમાં સાવધ રહો. શરીરનો ભરૂંસો કોણ રાખી શકે. ચેતો! ચેતો! સર્વ પ્રકારની વાતો મૂકીને ધર્મની વાતો કરો. ઘણીવાર લખ્યું, વર્તમાનમાં લખાય છે, પણ ચેતવું તો તમારા હાથમાં છે. મનમાં આત્માનું સ્વરૂપ વિચારો. પ્રભુનું ક્ષણે ક્ષણે સ્મરણ કરો. કદાપિ કાલે જડ વસ્તુ પોતાની થનાર નથી. નામ રૂપમાં મુંઝાશો નહિ! વૈરાગ્યભાવે

આત્માને ભાવશો. પરભવમાં જતાં ધર્મ સાથે આવે છે. આત્માની બાજી વિશેષ પ્રકારે સુધારી લ્યો. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો સર્વને ધર્મલાભ.

इत्येवं अर्ह ॐ महावीर शांतिः ३

---

લે૦ બુદ્ધિસાગર મુઃ મેહસાણા.

વિ. સં–૧૯૭૮ આશ્વિન કૃષ્ણ ત્રયોદશી.

મુ. વિજાપુર, તત્ર સુશ્રાવક શા. કચરાભાઈ અમીચંદ યોગ્ય ધર્મલાભ—તમારા બન્ને પત્ર પહોંચ્યા છે. તમોએ મારૂં કાવ્ય લખ્યું પણ તેમાં તમારી ભક્તિ છે. મારે તેમાં સમભાવ છે. સ્તુતિ અને નિંદામાં સાક્ષીભાવ રાખવાથી આત્માની નિઃસંગતા વધે છે. શુભાશુભ કર્મોદયમાં સાક્ષીભાવે અને સમભાવે વર્તવું જોઇએ. આત્મદ્રષ્ટિની ભાવના બળે સર્વ વિશ્વમાં જડ દેહોમાં રહેલા આત્માઓને દેહથી જુદા પાડીને અનંત જ્યોતિર્મય છે એમ દેખો ! એવી ભાવના ભાવવાથી કર્મદેહ જડજગતનો ખ્યાલ રહેશે નહીં અને તેથી આત્મા તેજ આત્મસ્વરૂપે પરિણમશે અને આત્માના આનંદરસનો પ્રકટભાવ થશે. તમારૂં શરીર માંદું છે પણ આત્મા તો એવી ભાવનામાં આરૂઢ થવાથી આત્માનું પુનરૂજ્જીવન પ્રકાશશે. આત્મા વિના બીજા જડ જગના વિચાર ન કરો. જડ વસ્તુઓને દેખો પણ તેઓમાં આત્માનું સ્વરૂપ સ્થાપો અને આત્માજ નજરે આવે એવો દૃઢ ખ્યાલ રાખો, તેથી આત્માનું આત્મભાવે નિશ્ચય પરિણમન દર્શન થશે. જેમ બને તેમ આત્માના સ્વરૂપના વિચારોમાં મસ્ત રહો અને આત્મા વિનાના સર્વ જડ સંબંધી ઉઠતા વિચારોને સમાવી દો અને જડ સંબંધી સંકલ્પવિકલ્પ રહિત થૈ નિર્વિકલ્પ બનો એવી દશામાં ઘણું આયુષ્ય ગાળો !! એવો ભાવના યોગ સાધવા અપ્રમત્ત બનો. દેહની માંદગી ખરેખર જ્ઞાનીને વૈરાગ્ય ભાવનાનું કારણ બને છે અને તેથી મનની ઘણી નબળાઇઓ હોય છે તે

જણાય છે અને તે નબળાઇને કાઢવા આત્મા તો તાજો થાય છે. રાગદ્વેષના સંકલ્પવિકલ્પથી રહિત મનને રાખવું. મનની નિર્વિકલ્પ દશા જેટલી બને તેટલી ધારણ કરવી. મનમાં પ્રકટતા નકામા વિચારોને દૂર કરવા. આત્મા અનંત છે. અનાદિ છે. અજઅમર આત્મા છે. કર્મનો સંગી આત્મા છે, પણ આત્માનું એકત્વ સ્વરૂપ ભાવતી વખતે કર્મના સ્વરૂપનો વિચાર ન કરવો. શુભાશુભકર્મફલ ભોગવતાં હર્ષ શોક ન કરવો. આત્માના શુદ્ધસ્વરૂપમાં લયલીન થઇ જવું, અને શુદ્ધોપયોગની ધારા પ્રવાહ વારંવાર આત્મામાં વહ્યાકર કરવી તેથી રાગદ્વેષની પરિણુતિ પ્રગટતી બંધ થઈ જાય છે, અને ભૂતકાલના બાંધેલાં અનંત કર્મોનો ક્ષય થઇ જાય છે તથા આત્માની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી જાય છે અને તેથી આત્મામાં અનુભવજ્ઞાનનો પ્રકાશ થાય છે. મનદ્ર રા રાગ દ્વેષનાં આવરણો જે પ્રગટે તેને તુર્ત વારવાં. આત્માના તાબે મનને રાખવું. મન કરતાં આત્માની અનંતગુણી શક્તિ છે. ઇન્દ્રિયોદ્વારા આત્માનું સ્વરૂપ લક્ષી શકાય નહીં. આત્માના તેજની આગળ ભકતો હાંપી જાય છે અંજાઈ જાય છે એવા આત્મસ્વરૂપ પરમાત્મા ખરેખર દેહમંદિરમાં કર્મયોગે આવી વસ્યા છે તે હું પોતે છું. બાકી નામ, રૂપ, દેહ વગેરે સર્વે તે હું નથી એવો દૃઢ નિશ્ચય કરી આત્માના સન્મુખ મન રાખવું. સમ્યગ્જ્ઞાની ફક્ત ઉપયોગ પૂરતું બાહ્યમાં મન જોડે છે આત્મદશા પરિપકવ થયા વિના બાહિરમાં ચિત્ત રાખવામાં આવે છે તો કાચા ઈંડાની પેઠે તે ફૂટીજાય છે માટે સાધન કાલમાં અપ્રમત્ત ઉપયોગથી વર્તવાની ઘણી જરૂર છે. અધ્યાત્મશાસ્ત્રો વાચીને આત્મોપયોગ પ્રગટાવવો અને શાસ્ત્ર વાસનાનો પણ ત્યાગ કરી નિર્મત્વભાવે રહેવું. શ્રદ્ધા અને પ્રેમના પગથીયે જે ચઢે છે તે મનવાણી કાયાદિને આત્માની ઉન્નતિમાં સાધન તરીકે વાપરે છે. આત્માની શુદ્ધિનો પરિણામ તે ભાવદયા છે. દુનિયાના સર્વ જીવોની દ્રવ્ય દયા કરી સર્વ જીવોને ઉગારવામાં આવે પરંતુ સમ્યક્ત્વજ્ઞાન પૂર્વક ભાવદયા પ્રગટયા વિના આત્માની મુક્તિ

થતી નથી. માટે પ્રથમ આત્માને આત્મોપયોગવડે આત્મરૂપે પરિણુ-માવવા ખાસ કાલજી રાખો. આત્મામાં વસ્તુતઃ શુદ્ધ નિશ્ચય નયે બંધ નથી અને મોક્ષ નથી. બંધની અપેક્ષાએ મોક્ષ છે. આત્માનો શુદ્ધ ધર્મ તે જ્ઞાનાનંદ છે તેના ઉપયોગે રહો. એવી શુદ્ધાત્મભાવના ભાવો. કર્મનું સ્વરૂપ વિચારી સર્વ જીવોપર આત્મભાવ ધારો. રાગ દ્વેષના પરિણામ વિનાની આત્મદશા તે અદ્વૈત દશા છે અને રાગ દ્વેષ વિનાનું જ્ઞાન તે અદ્વૈત જ્ઞાન છે, એવા જ્ઞાનને પ્રગટાવવા આત્માની ભાવના ભાવો.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

---

લે. બુદ્ધિસાગર. મુ. મેસાણા.

સ. ૧૯૭૯ ફા. સુદિ બીજ.

શ્રી. વઢવાણ કંપ. તત્ર. ત્રીજી પ્રાણિરક્ષક પરિષદ્‌ના સ્થા. સેક્રેટેરી. શાહ. ગોકુલભાઇ નાનજી ગાંધી, તથા શા. છબીલદાસ લીલાધર અમૃતલાલ યોગ્ય ધર્મલાભ. ત્રીજી પ્રાણિરક્ષક પરિષદ્ સંબંધી નિવેદન પત્રિકા આવી તે વાંચી છે. પ્રમુખ તરીકે ગુજ-રાત ગુર્જરભાષા મહાકવિ શ્રી યુત ન્હાનાલાલ દલપતરામ ભાઇને ચુંટવામાં આવ્યા છે, તેથી મ્હને અત્યંત હર્ષ થાય છે. કવિરાજના મુખમાંથી ગંગાના પૂરની પેઠે વહેતા એવા દયાગંગના પ્રવાહથી સૌરાષ્ટ્રવાસીઓના હૃદયમાં દયાનાં પૂર ઉભરાઇ જાઓ એમ ઇચ્છું છું. મહાકવિની પ્રાણિઓની રક્ષા સંબધી લાગણી સારી છે. દયાનાં ભાષણોથી લોકોપર સારી અસર થશે પણ પ્રાણિઓની દયા કરવા રૂપ કર્તવ્ય તો જીંદગીભર પર્યંત કરતાં પણ બાકી રહેવાનું. મારી પ્રાણિઓની રક્ષા સંબંધી નીચે પ્રમાણે સૂચના ઓ છે. તે પરિષત્ સમક્ષ વંચાવશો.

૧ પાંજરાપોળની વ્યવસ્થા સુધારવી. સર્વ પાંજરાપોળની સંસ્થાઓને એક સરખી વ્યવસ્થાથી ગોઠવી દેવી. પાંજરાપોળના

વહીવટ કરનારાઓ, જ્યાં જ્યાં હોય ત્યાંથી પત્ર લખી બોલાવ વા અને તેઓ એક બીજી સંસ્થાઓથી જોડાઈને કાર્ય કરે એવું વ્યવસ્થાપૂર્વક શિક્ષણ આપવું.

ઢોરોમાં **અનેક માતાના રોગ વગેરે નામવાળા** રોગો ફેલાય છે તે રોગોના ઉપચાર માટે તત્સંબંધી જ્ઞાનવાળા, દવા કરનારા દેશી પરદેશી વૈદ્યોને મોટી મોટી પાંજરાપોળોમાં રાખવા અને નાની સંસ્થાઓમાં પણ તેઓ જાતે દવા કરી શકે એવી વ્યવસ્થા કરવી. દુષ્કાલપ્રસંગે ઢોરોને સંઘરવાં અને પશ્ચાત્ તેઓના માલીકોને અમુક શરતે પાછાં આપવાં. દેવીના નામે પશુઓનું બલિ થતું અટકાવવા ઉપદેશાદિ પ્રવૃત્તિઓ સેવવી, પરદેશખાતે ભક્ષણાર્થે પશુઓ ન જાય એવો ગામોગામ બંદોબસ્ત કરાવવો, તથા ઠાકોરો દેશી રાજાઓને સમજાવી બંદોબસ્ત કરાવવો, તેમાટે સારા ઉપદેશકોની વ્યવસ્થા કરવી, સર્વ ધર્મગુરૂઓની સહાય લેવી અને પશુઓ વગેરેનું રક્ષણ થાય એવા હિંદમાં સર્વત્ર વિચારો ફેલાવવા. કત્લખાનામાં દરરોજ હજારો પશુઓને મારવામાં આવે છે, તેથી હિંદની પડતી થાય છે. હિંદીઓને છાશ, દુધ, ઘૃત, પ્રમાણમાં ( સર્વત્ર સર્વને ) મળી શકતું નથી માટે માંસાહાર બંધ કરવાનાં કારણો સમજાવવાં. ગાય વગેરે જાનવરોની કત્લ બંધ થાય એવો જ્યાં ત્યાં ગામોગામ બંદોબસ્ત કરવો, કરાવવો. પશુઓનો અને પંખીઓ વગેરેનો શિકાર થતો અટકે એવા ઉપાયો લેવા. હિંદમાં ગાયોની કત્લ ન થાય એવો હિંદકોન્ગ્રેસ મારફત ઠરાવ કરાવવો. જલચર મત્સ્ય વગેરે પ્રાણીઓનું રક્ષણ થાય એવા ઉપાયોને જણાવવા.

૨ હિંદુસ્થાનમાં પૂર્વે વૃક્ષો ઘણાં હતાં. હાલ જંગલોમાંથી ઘણાં વૃક્ષો કપાય છે. વૃક્ષો નષ્ટ થવાથી વૃષ્ટિ કમી થાય છે. આંબા, રાયણ, મહુડા, આંબલીઓ વગેરે વૃક્ષોથી ગરીબોનું ગુજરાન ચાલે છે તેવાં વૃક્ષો ન કપાય એવો રાજ્ય તરફથી અને તેઓના માલીકો તરફથી બંદોબસ્ત થવો જોઇએ. ગરીબ લોકોનો જેના

પર નિર્વાહ છે એવાં કેટલીક જાતનાં ફળને સરકાર, તે લોકોના ઘરનાં રહેવા દેતી નથી તેથી ગરીબ લોકોના પ્રાણ જાય છે માટે તેસંબંધી પરિષદે ઠરાવ કરી સરકારની આંખ ઉઘાડવી જોઈએ.

૩ દુષ્કાલના વખતમાં પુષ્કલ ઢોરોને પાંજરાપોળ વગેરેમાં રાખવામાં આવે છે પણ મહાજન વગેરે તરફથી તેઓની ખાવા પીવાની બરાબર વ્યવસ્થા ન થવાથી ઘણાં ઢોરો મરી જાય છે માટે વ્યવસ્થાપૂર્વક સર્વ ઢોરોનું રક્ષણ થાય એવી આદર્શ પાંજરાપોળ પ્રગટાવવી જોઈએ. સં. ૧૯૬૮ ની સાલમાં ગુજરાતમાં દુષ્કાલ પડયો હતો, ત્યારે અમદાવાદમાં ઘણાં ઢોરો આવ્યાં હતાં, પાંજરાપોળ તરફથી ગાય, બળદ, ભેંસો ઘણી રાખવામાં આવી હતી, કલેકટર તરફથી બળદો વગેરે રાખવામાં આવ્યા હતા. કલેકટરે ગાય બળદ માટે એકેક ખીલો કરાવ્યો હતો. દરેકના ખીલે દરેક પ્રાણીને જૂદું જૂદું ઘાસ આપવામાં આવતું હતું અને દરેકને ડોલથી પાણી પાવામાં આવતું હતું તેથી તેમણે ઘણાં જાનવરો જાળવ્યાં હતાં, અને પાંચસે જાનવરમાં વીશ પચ્ચીશ મરણ પામ્યાં હતાં, ત્યારે મહાજને રાખેલી ગાયો બળદો ભેંસોનું ભેગું ટોળું હતું, ઘાસ પણ ટોળામાં ભેગું નાખવામાં આવતું હતું, તેથી સબળું ઢોર બીજાને મારી પોતે ખાઈ જતું હતું, નબળું ખાઇ શકતું નહોતું, ઉઠી ન શકે એવાં માંદાં તો ખાઈ શકતાં નહોતાં તેથી તે ટપોટપ મરી જતાં હતાં, એકંદરે બે હજારમાંથી ચારસે પાંચસે બચવા પામ્યાં હતાં, સારી વ્યવસ્થા વિના ઘણાં ઢોરો મરી જાય છે એમ મારી નજરે જોવામાં આવ્યું. બળદોની ઉપયોગિતા જાણીને લોકો બળદોને જાળવે છે અને ગુજરાતમાં પાડાઓને રખડતા મૂકવામાં આવે છે તેથી તેમનો બલિદાન વગેરે અનેક રીતથી નાશ થાય છે માટે **પાડાઓને પણ ખેતીના કામમાં લોકો વાપરે તો તેઓનો નાશ થતો અટકે.** ચોમાસામાં અમદાવાદની રાંચરડા વગેરે પાંજરાપોળોમાં પ્રાણિયો મરી જાય છે, ત્યાં કાદવ કીચડ ઘણો થાય છે. શરદીથી બચાવવા માટે તથા

કીચડ ન થાય અને વારંવાર સારી જગ્યાઓમાં ઢોરોને ફેરવવામાં આવે તો પાંજરાપોળમાં ઘણાં ઢોરોનું રક્ષણ થાય. એક બકરાને વા ઘેટાને પાંજરાપોળમાં મૂકવામાં આવે છે તો એક વર્ષની ઉપર ભાગ્યેજ જીવતો રહે છે, ત્યારે તે ઘેટો, બકરો કોઈ ઘેર પાળે તો સાત આઠ વર્ષ ઉપરાંત પણ જીવી શકે છે, એવા મેં ઘણા દાખલા સાણંદ વગેરેમાં દેખ્યા છે. દુષ્કાલમાં ઢોરોને ઘાસની તંગી પડે છે માટે પહેલાંથી બેત્રણ પાંચ છ વર્ષ સુધી પૂળા વગેરે રહે તે માટે આંઘલા વગેરે કરવાનો બોધ થવો જોઇએ. ગામોગામ તે તે ગામના લોકો પૂરતું ઘાસ સંઘરે તે માટે રાજા ઠાકોરો વગેરે તેવો બંદોબસ્ત કરે તો ઘણાં ઢોરોનું રક્ષણ થાય. પશુ પંખીઓની ઉપયોગિતાનો ખ્યાલ જેમ બને તેમ સર્વ લોકોના સમજવામાં આવે એવો ઉપદેશ દેવો જોઇએ અને એવાં જૂનાં તથા નવીન પુસ્તકોનો પ્રચાર કરવો જોઈએ. એકેન્દ્રિય જીવો કરતાં દ્વીન્દ્રિય જીવોનું રક્ષણ કરવામાં વિશેષ પુણ્ય છે. દ્વીન્દ્રિય કરતાં ત્રીન્દ્રિય અને ત્રીન્દ્રિય કરતાં ચતુરિન્દ્રિય અને ચતુરિન્દ્રિય કરતાં પંચેન્દ્રિય પ્રાણીઓને બચાવવામાં વિશેષ પુણ્ય છે. પંચેન્દ્રિય પ્રાણીઓમાં સર્વથી ઉત્તમ મનુષ્ય છે. સર્વ પ્રાણીઓમાં મનુષ્ય રાજા સમાન છે. સર્વ પ્રાણીઓ કરતાં મનુષ્યનું રક્ષણ કરવામાં વિશેષ પુણ્ય છે. નિર્દયી ક્રૂર મહાપાપી હિંસક મનુષ્યોના રક્ષણના પુણ્ય કરતાં દયાવંત જ્ઞાની અહિંસકજ્ઞાની મનુષ્યોને બચાવવામાં વિશેષ પુણ્ય છે. આંધળાં લૂલાં બ્હેરાં બોબડાં અનાથ દુઃખી મનુષ્યોની રક્ષા કરવામાં વિશેષ લક્ષ્ય રાખવું જોઇએ. ઝીણાં જીવડાં બચાવવાં અને મોટાં પ્રાણીઓને મરતાં ન બચાવવાં તથા તેઓને દુઃખી કરવાં એ જૈનોને અને હિંદુઓને શરમાવનારૂં કૃત્ય છે. પરમેશ્વરનો પ્રતિનિધિ મનુષ્ય છે. મનુષ્ય પરમેશ્વરપદ પામે છે. મનુષ્ય વૈકુંઠ મુક્તિને પામી શકે છે માટે અશક્ત મનુષ્યોની દયા રક્ષા કરવી જોઈએ. મનુષ્યને મનુષ્ય પોતાના સ્વાર્થે મારી નાખે, રહેમ ન રાખે અને પરમેશ્વર પાસે માફી માગે એમાં ધર્મ નથી. અન્ય મનુષ્યોનાં રક્ત ચૂસીને જીવવાથી પ્રભુપદ મળતું નથી. દયા

સમાન કોઈ ધર્મ નથી. પ્રભુ મહાવીરદેવે તથા શ્રી બુદ્ધે હિંદમાં પશુપંખી અને વૃક્ષો પર્યંતની દયા કરવાનો ઉપદેશ આપ્યો હતો. જૈનો તે ઉપદેશપ્રમાણે યથાશક્તિ વર્તે છે. સંપ્રતિ, અશોક, ચંદ્રગુપ્ત, ખારવેલ, કુમારપાલ વગેરે અનેક રાજાઓએ પ્રાણીઓની રક્ષા કરવા ઉપાયોને આચર્યા હતા. હિંદુઓએ દયાધર્મને ઘણી પુષ્ટિ આપી છે અને સર્વ ધર્મોમાં **अहिंसापरमोधर्मः** એવું સિદ્ધ કરી તે પ્રમાણે વર્તી હિંદુધર્મને શોભાવ્યો છે. અકબર બાદશાહે છેવટના જીવનમાં ગાયો વગેરે પ્રાણીઓની રક્ષા કરવામાં ખાસ લક્ષ દીધું હતું. દયા વિના ધર્મ તે ધર્મ ગણાય નહીં. ભારતવાસીઓના હૃદયમાં દયા તો જન્મની સાથે પ્રગટે છે. દયાવાળા હૃદયમાં પ્રભુનો વાસ છે. દયા વિના કોઈ મનુષ્યે પ્રભુનાં દર્શન કર્યાં નથી. દયા વિનાનું રાજ્ય તે રાક્ષસીરાજ્ય છે. દયામાં સ્વર્ગનું રાજ્ય છે. યુરોપ વગેરે દેશોમાં જે યુદ્ધો થાય છે તેમાં લાખો મનુષ્યો, પશુઓ વગેરેની કત્લ થાય છે માટે તેવાં હિંસક યુદ્ધો બંધ થાય તેવા ઉપદેશો દેવા તે પણ પ્રાણી રક્ષા ધર્મ છે, એક બીજાના પ્રાણનો નાશ કરવાથી વિશ્વમાં કોઇ પણ દેશસમાજ રાજ્યની ખરી પ્રગતિ થઈ નથી અને થવાની નથી. દયા વિનાના તત્ત્વજ્ઞાનીઓ વિદ્વાનો પણ ધર્મમાં એક તસુ માત્ર પણ આગળ વધી શકવાના નથી. દયાના દૃષ્ટિએ દેખીએ તો આર્યદેશની આગળ અન્ય હિંસકદેશો અઢી વર્ષના બાળક જેવા છે. ભારતદેશે દયાના પાઠો અન્યદેશોને ભણાવીને સર્વ વિશ્વમાં શાંતિ આનંદ પ્રચારવા જેટલું બને તેટલું સ્વાર્પણ કરવું જોઈએ. શસ્ત્રોના યુદ્ધોથી મારામારી ખૂનામરકી અને સર્વત્ર અશાંતિ છે. એશિયામાં હાલ અહિંસા કરતાં હિંસાની ઘણી વૃદ્ધિ થઇ છે. હાલમાં યજ્ઞો કરતાં પશુઓના ભક્ષણાર્થે ઘણાં પશુઓનો નાશ થાય છે. ગાયો, ભેંસો વગેરે ઉપયોગી લાખો કરોડો પ્રાણીઓનો નાશ થાય છે. હિંદ વગેરે દેશોમાં દુષ્કાલરોગ વગેરે પ્રસંગોથી લાખો મનુષ્યોનો નાશ થાય છે. રાજ્યની સહાયતા મળ્યાથી પ્રાણીઓની રક્ષા કરવામાં ઘણી સુલભતા થાય છે. દયામય શાસ્ત્રો પુસ્તકોનો

પ્રચાર કરવાનો ખરેખરો વખત આવી પહોંચ્યો છે. મનુષ્યોની અને પ્રાણીઓની દયા રક્ષા કરવામાં સ્વરાજ્ય નો ઘણો અર્થ સમાઈ જાય છે. ધનિકોએ અને વિદ્વાનોએ તથા કવિયોએ પ્રાણીઓની રક્ષા કરવામાં સર્વ સ્વાર્પણ કરવું જોઇએ. ગુજરાત મારવાડમાંથી દરરોજ હજારો પ્રાણીઓ રેલ્વે મારફત મુંબાઈ તથા અન્યદેશો તરફ ઘસડાઈ જાય છે. ક્યાં ગયા દયાના દેવો! ક્ષત્રિયો!! જાગો, ઉઠો, ભારતવાસીઓ! સર્વ ખંડમાં દયાનો પ્રચાર કરો. એક બીજાને મ્હેણાં ટોણાં મારવાનો આ વખત નથી, હિંદમાં વસનારા સર્વ જાતના ધર્મીલોકોએ દયાવડે સર્વત્ર શાંતિ સ્થાપવી જોઈએ. દેશના મોહે, ધર્મના મોહે, ધર્મના મોહે તથા જાતના મોહે, ચામડી રંગના મોહે, રાજ્યના મોહે, સ્વાર્થે, અન્યમનુષ્યોનો તથા પ્રાણીઓનો નાશ ન કરવો જોઇએ. ધર્મના મોહે પૂર્વે કરોડો મનુષ્યોની હિંસા થઈ છે. દેશ રાજ્ય સ્વાર્થમોહે આજસુધી હજારો યુદ્ધો થયાં અને થશે. જ્યારે લોકો, મનુષ્યો વગેરેના નાશથી શંતિધર્મ નથી એમ સમજશે ત્યારે વિશ્વમાં સાચી શાંતિ પ્રગટશે અને સત્ય રાજ્ય પ્રગટશે, ભૌતિક પદાર્થોથી ઉન્નતિ અને શંતિ છે એવો મોહભ્રાંતિ જ્યાં સુધી છે ત્યાં સુધી વિજ્ઞાનદ્વારા લાખો નવીન શોધો કરવામાં આવે તોપણ સર્વત્ર વિશ્વમાં શાંતિ નથી, સર્વ મનુષ્યોને આત્મ સરખા ગણીને અહિંસાધર્મ પાલન કરવામાં આવે તો તેથી સત્ય શાંતિ છે. મનુષ્યોને દારૂપાન કરવામાં રાજ્ય તરફથી નિષેધ ન થાય ત્યાં સુધી હિંસા થયા કરવાની. દારૂનો નિષેધ કરવાથી અહિંસાની પુષ્ટિ થાય છે અને તેથી મનુષ્યોની રક્ષા થાય છે માટે દારૂપાનનો નિષેધ થવો જોઈએ. પ્રાણીઓની હિંસાથી બનેલી વસ્તુઓનો ત્યાગ થવો જોઇએ. ખાદીનાં બનેલાં વસ્ત્રો વાપરવાથી લાખો પ્રાણીઓની હિંસા અટકે છે અને ગરીબ લોકોની રક્ષા કરવામાં તે અત્યંત ઉપયોગી છે તથા તેણી લાખો સ્ત્રીઓના શીયલની–પ્રતિવ્રતા ધર્મની રક્ષા થઈ શકે છે માટે ખાદીનો જેમ બને તેમ વિશેષ પ્રચાર થવાની જરૂર છે. માંસાહારી મનુષ્યોને વનસ્પતિ આહારી બનાવવા માટે લાખો

ઉપાયો યોજવાની જરૂર છે. પશુઓ વગેરેને જ્યાંસુધી મનુષ્યો ખોરાક તરીકે વાપરે ત્યાં સુધી પ્રાણીઓની રક્ષા થઈ શકે નહીં. સરકાર તરફથી તે માટે કંઈ બની શકે તેમ નથી. કેળવાયલા ઉપદેશકો માર્ફત માંસાહાર ત્યાગની ચળવળ વધુ પ્રમાણમાં નીતિસર ચલાવવાની જરૂર છે અને તે માટે જ્ઞાની કર્મયોગીઓ પ્રગટાવવાની ઘણી જરૂર છે. પ્રાણીઓનો માંસાહાર વગેરેથી નાશ થાય એવા સ્વરાજ્યને સ્વરાજ્ય કહેવું તે અજ્ઞાન છે. હિંદુ રાજ્યોમાં રાજ્ય તરફથી ગોવધ બંધ ન થાય તો તે હિંદુ ક્ષત્રિય ધર્મીરાજાનું રાજ્ય કેવી રીતે ગણાય? હિંદમાં ઘણા અજ્ઞાની દેવી ભક્ત વ્હેમી લોકો હજી છે તે કલકત્તામાં કાલિકાની આગળ, દાંતાની અંબાજી વગેરે દેવીઓ આગળ હજારો પાડા બકરા વગેરે પશુઓની કુર્બાની (હોય) કરે છે. વર્ણમાં મુખ્ય ગણાતા કેટલાક દેવીભક્ત બ્રાહ્મણો હજી પાડા બકરાનો હોમ કરવાનો ઉપદેશ આપે છે, ઉત્તમ બ્રાહ્મણાદિ વર્ણમાં દારૂમાંસ ભક્ષણની પ્રવૃત્તિ વધવા લાગી છે, બંગાળા વગેરે દેશોમાં તો મત્સ્યને જલડોડી માનીને બ્રાહ્મણો વગેરે વાપરે છે. કેટલાક ધર્મોમાં તો ધર્મશાસ્ત્રોમાં પશુઓને મારી ભક્ષણ કરવાનું લખ્યું છે અને તેવાં વાક્યોને પ્રભુવાક્ય માનીને લોકો પશુઓની હિંસા કરતાં અચકાતા નથી, પણ હવે હિંદીઓ સત્ય સમજવા લાગ્યા છે. પ્રાણીઓની અને મનુષ્યોની રક્ષામાં સ્વરાજ્ય રહેલું છે એમ સમજવા લાગ્યા છે. મનુષ્યોનાં દુઃખો ટાળવા સેવાધર્મ સ્વીકારી કર્મયોગી બનવા લાગ્યા છે. મહાકવિ નાનાલાલભાઈ જેવા વિદ્વાનો હવે દયામય ધર્મથી સર્વ વિશ્વમાં શાંતિ છે એમ અહિંસા ગીતાનો શંખ ફુંકવા લાગ્યા છે. પ્રભુ મહાવીરદેવ અને પૂર્વના તીર્થંકર ઋષિયોએ દયામય ધર્મને પ્રરૂપ્યો છે, તેનું સત્ય રહસ્ય સમજવા લાગ્યા છે અને તેથી તેઓ આ પરિષદ્‌માં પ્રમુખ તરીકે વિરાજીને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિપેઠે દયાના સ્વર્ગીય સામ્રાજ્યની ગીતાંજલિરૂપ ભાષણ કરીને સર્વ વિશ્વ મનુષ્યોના હૃદયોને દયાથી પરિપૂરિત કરી દેશે એમ શાસનદેવો પ્રતિ

પ્રાર્થું છું. પ્રાચીનકાળમાં ગાયો ભેંસોને ચરવા માટે ગોચર ભૂમિ ચરા રાખવામાં આવતી હતી. હાલ ગોચર ભૂમિચરાઓ ભાગી નાખવાની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ છે તેના સામો પ્રજા સમૂહે અવાજ ઉઠાવવો જોઇએ. આ પરિષદ્‌માં તે માટે કંઇ હિલચાલ થાય તો સારૂં. સુકાલના વખતમાં અનાજ ઘાસ પુષ્કલ થાય છે. પાંચવર્ષ સુધી ચાલે એટલું સંગ્રહી રાખવાની પ્રવૃત્તિ હોય તો બીજા વર્ષમાં વર્ષાદના અભાવે મોંઘવારી થાય છે તેનું સંકટ ન રહે. બળદો ગાયો ભેંસો વગેરે પ્રાણીઓ ઓછાં થતાં જાય છે. હિંદમાં પન્નર કરોડ ગાયો ભેંસો અને વીશક કરોડ બકરાં હાલ છે. તેઓની શક્તિ ઉમર શરીર ઘટતું જાય છે. પશુઓ વગેરેના ઉપકારોથી મનુષ્યો જીવે છે અને મનુષ્યોના ઉપગ્રહથી પશુઓવગેરેનું રક્ષણ થાય છે. પ્રભુ મહાવીરદેવે **परस्परोपग्रहो जीवानाम्** ( તત્ત્વાર્થસૂત્ર ) જીવોને પરસ્પર ઉપકાર–ઉપગ્રહ છે એમ જણાવ્યું છે. જીવો પરસ્પર એક બીજાના ઉપકારથી જીવે છે એતો સ્વાભાવિક છે. અજીવજડપદાર્થોના ઉપકારથી પરસ્પર મનુષ્યો જીવી શકે છે માટે આપણે જેઓના ઉપગ્રહ ગ્રહીએછીએ તેના ઉપર ઉપકારો કરવા એ મનુષ્યોની ફર્જ છે. પ્રાણીઓની રક્ષા કરવાથી આ ભવમાં પણ પુણ્યફલની પ્રાપ્તિ થાય છે અને પરભવમાં દેવલોક (વૈકુંઠ) આદિ સદ્‌ગતિની પ્રાપ્તિ થાયછે. સર્વવ્રતોમાં પ્રાણીઓની રક્ષા કરવી એ પ્રથમ વ્રત છે અને એ વ્રતમાટે અન્ય વ્રતો છે. ભાષણો કરીને વા ભાષણો શ્રવણ કરીને પ્રાણીઓની રક્ષારૂપશુભપ્રવૃત્તિ કરવી. એવી રીતે દ્રવ્યદયા કરવાથી ભાવ દયાના માર્ગે વહેતાં પ્રભુપદની પ્રાપ્તિ થાય છે. દેવોને પ્રાર્થીએ છીએ કે ભારત દેશમાં પૂર્વના જેવી પ્રાણીઓની રક્ષાની પ્રવૃત્તિમાં આર્યોને સહાયી થાઓ.

**शिवमस्तु सर्वजगतः परहितनिरता भवंतु भूतगणाः**
**दोषाः प्रयान्तु नाशं–सर्वत्र सुखीभवन्तु लोकाः ॥**

**इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३**

લે: બુદ્ધિસાગર

સં. ૧૯૭૯ માઘ વદિ ૨

લેખક. બુદ્ધિસાગર મુ. સાણંદ.

શ્રી. મેહસાણા. તત્ર. સુશ્રાવક. શા. મોહનલાલ નગીનદાસ ભાઇ. ચંદુલાલ તથા ચમનલાલ તથા પોપટલાલ નગીનદાસ તથા બલાખીદાસ તથા શેઠ ફુલચંદ ડાહ્યાભાઈ તથા. શા. કેશવલાલ લલ્લુભાઈ તથા શા. સોમચંદ ગુલાબચંદ તથા શા. મનસુખ ચુનીલાલ તથા. ગોપાલભાઇ નાગરભાઈ વગેરે યોગ્ય ધર્મલાભ. વિ. ગુરૂ મહારાજશ્રી સુખસાગરજીમહારાજના નામની લાયબ્રેરીની જગ્યા બદલી તે જાણી: અમારા ઉપદેશથી અને મુનિ જીતસાગરની ચળવળથી લાયબ્રેરીની સ્થાપના થઈ હતી. પાટણથી તો તેરની સાલમાં મેહસાણે આવવાનું થયું હતું, જેઠ સુદિ એકમે લાયબ્રેરીની સ્થાપના કરી હતી. ત્યાંથી માણસા, વિજાપુર, પેથાપુર જવાનું થયું હતું. મેસાણાના નવયુવકોમાં ધર્મનો ઉત્સાહ ખરેખર મુનિજીતસાગરે રેડ્યો હતો, અમને મુનિ અમૃતસાગર, તથા જીતસાગર તથા દેવેન્દ્રસાગરની ઘણી યાદી આવે છે. મુનિ અમૃતસાગરે સં, ૧૯૬૮ ના પોષસુદિ તેરસે સુરતમાં દેહોત્સર્ગ કર્યો હતો, તે વખતે અમે દમણ પાસે વાપી ગામમાં હતા. મુનિ જીતસાગરે, સં. ૧૯૭૩ ના આસોસુદિ એકમે પાટણમાં સાગર ગચ્છના ઉપાશ્રયમાં દેહોત્સર્ગ કર્યો હતો—અમૃતસાગરે સં. ૧૯૬૪ ના માગશરમાસ સુદિ છઠ્ઠે અમદાવાદમાં શ્રી સંભવનાથના દેરાસરના ભોંયરામાં અમારી પાસે દીક્ષા લીધી હતી, મુનિ જીતસાગરજીએ મુંબાઈમાં સં. ૧૯૬૭ ના જેઠ સુદિ તેરસે દીક્ષા અંગીકાર કરીહતી. મુનિ દેવેન્દ્રસાગરે સં. ૧૯૬૯ માઘ સુદિ દશમે રાણપુરમાં દીક્ષા લીધી હતી અને તેણે સં. ૧૯૭૮ સાણંદમાં અષાડસુદિ તેરસે દેહોત્સર્ગ કર્યો હતો. મુનિ ગુલાબસાગરે અમારા ગુરૂ પાસે સં. ૧૯૫૮ માં વસો ગામમા માઘ

માસમાં દીક્ષા લીધી હતી અને તેણે આણુસામાં સં. ૧૯૬૧ ના ચૈત્ર માસમાં દેહોત્સર્ગ કર્યોહતો. શ્રી રંગસાગરજીએ અમારા ગુરૂ પાસે સં. ૧૯૬૧ મેસાણામાં દીક્ષા અંગીકાર કરી હતી અને અમદાવાદ આંબલીપોળના ઉપાશ્રયમાં સં. ૧૯૭૩ ચૈત્ર વદિ ત્રીજે દેહોત્સર્ગ કર્યોહતો. શ્રી ભક્તિસાગરજીએ સં. ૧૯૬૯ વૈશાખ સુદમાં હઠીભાઈની વાડીમાં અમદાવાદમાં અમારા ગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરી હતી અને તેમણે પેથાપુરમાં સં.૧૯૭૩ આસોસુદિ એકમે દેહોત્સર્ગ કર્યો હતો. ભક્તિ સાગરજી તથા રંગસાગરજી સરલ-સ્વભાવી શાંત ક્રિયાપાત્ર આત્માર્થી વૈરાગી ક્રિયાપાત્ર ત્યાગી અને વૃદ્ધ અનુભવી હતા. ગુલાબસાગરજી વૈરાગી હતા, આત્માર્થી હતા. દેવેન્દ્રસાગરજી યોગી તથા અધ્યાત્મજ્ઞાની તથા દઢશરીરી આત્માર્થી હતા, તેમણે વ્યાકરણ, કાવ્ય તથા ન્યાયશાસ્ત્રનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. દેવેન્દ્રસાગરે અમારી પાસે યોગાભ્યાસ કર્યો હતો અને સંકલ્પબળથી વૃશ્ચિક આદિનાં વિષને તથા સર્પવિષને ઉતારી શકતા હતા. દેવેન્દ્રસાગરમાં વ્યાવહારિક કુશળતા ઓછી હતી તે આત્મજ્ઞાનનો અત્યંત રૂચિ-વાળો હતો. તેણે વ્યાખ્યાન વાંચવાની શક્તિ પ્રાપ્ત કરી હતી. વિકથા કરવાની વૃત્તિ તેનામાં અત્યંત ન્યૂન હતી. તેણે આગમોનું અધ્યયન શરૂ કર્યું હતું તે જો લાંબા વર્ષસુધી જીવ્યો હોત તો જૈન શાસનનો પ્રભાવક થઇ શકત. મુનિ જીતસાગરજીએ વ્યાકરણ કાવ્ય શાસ્રોમાં સારો પરિશ્રમ કર્યો હતો. પ્રકરણોનું જ્ઞાન મેળવીને આગમોનું વાચન શરૂ કર્યું હતું. મેસાણા અને પાટણના ચોમા-સામાં ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોને વ્યાખ્યાનમાં વાંચતો હતો. મુનિ જીતસાગરમાં મુનિ અમૃતસાગરની પેઠે વ્યવહાર કુશળતા તથા લોકોને ધર્મક્રિયામાં ખેંચવાની શક્તિ સારી હતી જીતસાગરમાં અન્યોની સાથે મળીને કાર્ય કરવાની શક્તિ પ્રગટી હતી. દેવેન્દ્ર સાગરની મુખ્ય જ્ઞાન રૂચિ હતી અને જીતસાગરમાં મુખ્ય ધર્મક્રિયા રૂચિ સારી હતી. બન્નેમાં શાસનરાગીપણું સમાન હતું. દ્રવ્યાનુ યોગજ્ઞાન, યોગજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાનની રૂચિમાં દેવેન્દ્રસાગર

પ્રથમ નંબરે આવતો હતો. જીતસાગરજી ધર્મક્રિયાકાંડમાં અત્યંત રૂચિમાન હતા, બન્નેની યાદી ઘણી આવે છે. જો તે બન્ને અને અમૃત સાગરજી હાલ હયાત હોતતો હાલ મારા હાથથી જે ધમનાં કાર્યો થાય છે તેના કરતાં ઘણાં થાત. અમૃત સાગર જી મારૂં હૃદય કતું, તેના જેટલું મારૂં હૃદય હજી સુધી કોઇએ જાણ્યું નથી. અમૃતસાગર મારો જમણો હાથ હતો તે ગુરૂ ભક્ત હતો. તેની બાહ્યાંતર ગુરૂ ભક્તિ એક સરખી સાચી હતી. તેણે હૃદય આપ્યું હતું અને તે મારામાટે અર્પાઇ ગયો હતો. બાલ્યાવસ્થાથી માણસામાં તે મારી પાસે રહ્યો હતો તેથી તેનો જીવ મારી સાથે સળી ગયો હતો. તે ગુરૂનો ભક્ત હતો, તે ગુરૂ ભક્તિમાં અર્પાઇ ગયો હતો. વૈરાગી ત્યાગી ધર્મ ક્રિયાપાત્ર દક્ષ વિવેકી આત્માર્થી હતો, તે હૃદયનો નિર્મલ અને ઘણો ધર્મ જુસ્સાવાળો નિર્ભય હતો. સિદ્ધહૈમવ્યાકરણનો તેણે સારી રીતે અભ્યાસ કર્યો હતો. તે જો હજુ જીવતો હોતતો જૈન ધર્મનો પ્રચાર કરવામાં અને સદુપદેશ પ્રવૃત્તિમાં મ્હને ઘણો ઉપયોગી થાત. તેની મારાપર પૂર્ણશ્રદ્ધા પ્રીતિ હતી. અમૃતસાગરના શિષ્ય વૃદ્ધિસાગર છે તેના શિષ્ય જીતસાગરજીએ મેસાણાના નવયુવકજૈનોને ધર્મમાં ઘણા ઉત્સાહી કર્યા. મારી સ્મૃતિમાં અમૃતસાગરજી, જિતસાગરજી અને દેવેન્દ્રસાગર તરી આવે છે. તમારી જીંદગીપર મુનિ જીતસાગરના ચારિત્રની તથા ઉપદેશની સારી અસર થઈ છે અને તેથી તમે ગુરૂસેવા ભક્તિથી બોધ ગ્રહવામાં ઉત્સાહી બન્યા છો. મેસાણાના જૈનોને જીતસાગરની ઘણી યાદી રહેશે. દેવેન્દ્રસાગરના પિતા પિતાંબરદાસ શ્રી હુકુમ મુનિજીના રાગી હતા તેથી દેવેન્દ્રસાગરજીની ગૃહસ્થાવાસમાં અધ્યાત્મજ્ઞાનપર ઘણી રૂચિ હતી. તેમની જન્મભૂમિ વિજાપુર પાસે ગેરીતા ગામહતી. જીતસાગરની જન્મભૂમિ રાધનપુર હતી તેમના પિતા અનુપચંદભાઇએ પણ પાછળથી દીક્ષા અંગીકાર કરી હતી. દેવેન્દ્રસાગરનું સંસારીપણામાં ડાહ્યાભાઈ નામ હતું. તેમની પત્નીને પુત્ર પ્રસવ્યો અને વીશ દિવસનો થયો એટલે

તુર્ત તેમણે દીક્ષા અંગીકાર કરી હતી એવી તીવ્ર વૈરાગ્ય દશા-
શાળા તે હતા. તેમના કાકા સુરચંદભાઈ હતા તેમણે જ્ઞાન
શીતલવિલાસ વગેરે ગ્રન્થોરચ્યાછે. તેમણે સં. ૧૯૭૩તોતેરની સાલમાં
દેહોત્સર્ગ કર્યો. વિજાપુરના જૈનોમાં જૈન શાસ્ત્રજ્ઞાન ધરાવવામાં
તે મુખ્ય હતા. દેવેન્દ્રસાગર એક કલાકની હઠસમાધિ ચઢાવી
શકતા હતા તેણે ખેચરી મુદ્રા સાધ્ય કરી હતી. જીતસાગર અને
અમૃતસાગરમાં શિષ્યો કરવાની શક્તિ ખીલી હતી. અમૃતસાગ-
રજીએ અમારા ભેગાં ચાર ચોમાસા કર્યાં હતાં. ( માણસા.
૧૯૬૪ ) ( અમદાવાદ ૧૯૬૫ ) ( સુરત. ૧૯૬૬ ) ( મુંબાઇ
૧૯૬૭ ) અમૃતસાગરે ગુરૂકુલવાસમાં જીવન ગાળ્યું હતું. એ
પ્રમાણે સાધુઓના જીવનચરિત્રનો ટુંક વૃત્તાંત જણાવ્યો. કહેવાનો
સાર એ છે કે એવા મુનિવરોનાં નામનું સ્મરણ કરવું અને
ધર્મની આરાધનામાં સદાકાળ અપ્રમત્ત રહેવું તથા પોતાનામાં
શિષ્યપણાના ગુણો પ્રકટાવવા પ્રયત્ન કરવો. નગુણા અને ન
ગુરાઓ આત્માની શુદ્ધતા કરી શકતા નથી. ગુરૂના તાબે રહીને
તેમની આજ્ઞાપ્રમાણે વર્તતાં આત્માની પૂર્ણતા પ્રગટ થાય છે.
ગુરૂના ઉપર પરિપૂર્ણશ્રદ્ધા રાખનારાઓ આત્મબળ ખીલવી
શકે છે. બાકી રેગાંપેંગાંથી આત્મબળ ખીલવી શકાતું નથી.
ગુરૂના પૂર્ણ શ્રદ્ધાળુ શિષ્ય બન્યા સિવાય પ્રભુનો સાક્ષાત્કાર થતો
નથી. ગુરૂની સેવા ભક્તિવિના કરોડો પુસ્તક વાંચે છતે પણ
આત્માનું ખરૂં જ્ઞાન પ્રકટ થતું નથી. ગુરૂનું નામ ધરાવનારા
તથા ઉપરથી હાજીહા કરનારા તથા દુનિયામાં કંઇક સારા ગણા-
વવાની ઉચ્ચિત પ્રવૃત્તિ કરનારા ઘણા મળી આવે છે. કેટલાક તો ગુરૂના
આશયને નહિ જાણનારા હોય છે ને કેટલાક તો ગાડરિયા
પ્રવાહે વર્તનારા હોય છે, પણ ગુરૂના આશય જાણીને ગુરૂની
આજ્ઞાપ્રમાણે વર્તનારા અને ગુરૂની આજ્ઞામાં મોક્ષ માની વર્તના
રા તો વિરલા હોય છે. ગૃહસ્થાશ્રમમાં અને ત્યાગાશ્રમમાં ગુરૂની
આજ્ઞા પ્રમાણે વર્તવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ગુરૂ સંબંધી
ઉપર ઉપરનો રાગ કાંઇ ખપમાં આવતો નથી. ખરી કસોટીના

પ્રસંગમાં જ્યારે ગુરૂની સેવા ભક્તિમાં અડગ રહેવાય છે ત્યારે ગુરૂ ભક્તિથી આત્મહિત સાધી શકાયછે. આપણા ગુરૂ મહારાજ શ્રી સુખસાગર મહારાજની નામની લાયબ્રરીને સારી રીતે નભાવશો અને ગુરૂ મહારાજના ગુણોને પોતાનામાં પ્રકટાવવા પ્રયત્ન કરશો. આપણા ગુરૂની પેઠે ગુરૂની સેવા ભક્તિમાં સદાકાળ પ્રવૃત્તિ સેવ્યા કરશો. સંસારમાં અનેકવિપત્તિયો વેઠીને પણ ધર્મના કાર્ય કરવામાં ઉત્સાહી રહેશો. મનુષ્ય માત્રને ધર્મનાં અગર સંસારી કાર્યો કરતાં સંકટો પડે છે પણ તેથી ખરાભક્ત લોકો હોય છે તે પાછા પડતા નથી. ધર્મનાં કાર્યો કરવાથી અનેક પ્રકારના અનુભવો આવે છે અને સદ્‌ગુણો મેળવવાનો સુયોગ પ્રાપ્ત કરી શકાય છે. તમારા સંઘની ઉન્નતિનો આધાર તમારા પુરૂષાર્થ ઉપર રહેલો છે. દરરોજ ધર્મમાં પુસ્તકો વાંચતા રહેશો અને ગુરૂગમ લઇને દરેક કાર્યમાં પ્રવૃત્તિ કરતા રહેશો. ઇત્યેવં. ધર્મ કાર્ય લખશો.

ॐ अर्हंमहावीर शांतिः ३

---

લેખક. બુદ્ધિસાગર મુ૦ આજોલ.

તાલુકે. વિજાપુર

સંવત્ ૧૯૭૬ જેઠ વદિ ૮

મેહસાણા—સુશ્રાવક શા. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મ-લાભ. વિશેષ પં. અજીતસાગર ગણિનો પત્ર આવ્યો હતો. તથા તમોએ પત્ર લખ્યો તે જેઠ સુદિ ત્રીજના રોજ પહોંચ્યો છે. તમારી વિજ્ઞપ્તિ ધ્યાનમાં છે. ક્ષેત્ર સ્પર્શના હશે તેમ બનશે. પં. અજીતસાગર ગણિ પાસે કર્મયોગને વાંચશો ધારશો મારૂ ચોમાસું ક્યાં થશે તેનો મેં વિચાર કર્યો નથી. થોડા દિવસમાં વિચાર થશે. કર્મ ક્યાં ક્યા ક્ષેત્રમાં ચોમાસું કરવા લઇ

જાય છે તે જોઉં છું. પ્રારબ્ધકર્મમાં સાક્ષીભૂત રહેવું અને નિરાસક્તપણે ક્રિયમાણમાં સ્વાધિકારે પ્રવર્તવું અને સંચિત અર્થાત્ સત્તાએ બાંધેલા કર્મોને આત્મોપયોગે ખેરવવાં. ગૃહસ્થ મનુષ્યમાં શ્રદ્ધા પ્રેમરૂપ ભક્તિ હોય છે તો તે સંસાર સમુદ્ર તરી શકે છે. હૃદયમાં ઉંડા ઉતરીને આત્માની ભાવના ભાવવી. આત્મા જેવો છે તેવા અન્યાત્માઓ છે. આત્મા સમાન કોઈ દેવ નથી, ગુરૂ સમાન કોઇ ઉપકારી નથી. કલિકાલમાં ગુરૂ પાસે રહી આત્મજ્ઞાન મેળવવા સમાન કર્તવ્ય નથી. ગામના જિજ્ઞાસુ યુવક વર્ગને ત્યાં સતસંગતિમાં જોડશો. જીવતાં પોતાની જન્મ મરણની જયંતી ઉજવવામાં મ્હને પરમ પ્રેમ પ્રગટયો છે. પોતાની જયંતી પોતે ઉજવો. અંતરમાં ખરી જયંતી છે. આત્મજ્ઞાને તે આત્મશુદ્ધોપયોગ રૂપ છે તે પ્રાપ્ત કરવા આપણા ગુરૂની ભાવજયંતી ઉજવવી જરૂરની છે. આત્મા પોતાને અરિહંતરૂપ અનુભવશે, ત્યારે મોહાદિપર જય કરનારી જયંતી પ્રગટશે. ગુરૂની. સેવાભક્તિ ગુણગાનમાં જીવન ગાળો. ગુરૂને ધર્મનું આલંબન હ્યો. ધર્મકાર્ય લખતા રહેશો.

ॐ अर्हंमहावीरशांतिः ३

---

લે૦ બુદ્ધિસાગર                                                મુ૦ પાદરા.

મુ. મુંબઈ તત્ર સુશ્રાવક મોહનલાલ નગીનદાસ, મંગળભાઇ તથા પુનમચંદ વગેરે યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર વાંચી સમાચાર જાણ્યા. તમો જુવાન છો પરંતુ તમારા સરીરનું લોહી બાલલગ્નથી થંડુ પડી ગયું છે તેથી બોધની અસર કાયમ રહેતી નથી. તમારા ગામના જૈનોમાટે મેહસાણામાં જૈન મંડલની સ્થાપના કરો. ભણતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપોની તથા ગામના વિદ્યાર્થીયોને ધનની મદત કરો. વિધવાઓને સહાય કરો ધાર્મિક અભ્યાસ કરનારા-

ઓને સહાય કરો. વિદ્યા વિના તમારા મેસાણાના જૈનોની ચઢતી સદા કાયમ રહેવાની નથી. મેહસાણામાં જ્ઞાનમંદિરની સ્થાપના કરો તેમાં લાખો રૂપિયાનાં પુસ્તકો ભેગાં કરો. મેહસાણામાં હાઈસ્કૂલમાં જૈન વિદ્યાર્થિઓને ખાવા પીવા ભણવા ગણવામાં સર્વ પ્રકારની મદદ કરો. બીજી કોમો તમારી આગળ વધી છે. તમારી વસતિ ખૂટે છે. તથા સત્તા ઓછી થતી જાય છે. મેહસાણામાં જ્યારે હું આવ્યો હતો ત્યારે તે માટે મેં ઉપદેશ આપ્યો હતો પણ પાછા તમો શાંત પડી ગયા છો. જૂઠા વિચારવાળાઓના સામે રહીને મેં માન પૂજાની દરકાર કર્યા વિના યુવકોને ચેતાવ્યા હતા છતાં તેઓ પાછા ઢીલા થઇ ગયા. હવે તો ચેતી મંડલ બનાવી કામ કરો. મેહસાણામાં અમારા ગુરૂની સમાધિ છે પણ હજી ત્યાંના જીવતા જૈનોની સમાધિ ન થવી જોઈએ. જૂના, જમાનો દેખી શકતા નથી, નવાઓ જમાનો દેખે છે પણ જડવસ્તુના પૂજક બની ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તનરૂપપૂજા કરતા નથી તેથી તમારી પડતી જાતે જાણતા છતાં થશે, તેમાં તમારો દોષ ગણાશે, માટે હવે જાગી કાર્ય કરો. ગમે તેમ ગમે તે કહે પણ તે તરફ લક્ષ ન રાખતાં કાર્ય કરો.

ॐ अर्हंमहावीरशांतिः ३

---

લે. બુદ્ધિસાગર. મુ. સાણંદ

સં. ૧૯૭૭ જેઠ વદિ ૧૨

શ્રી મુંબઇ તત્ર સુશ્રાવક પ્રિયશિષ્ય ભાઈ. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મ લાભ. વિ. ત્હારો પત્ર મળ્યો, વાંચી સમાચાર જાણ્યા. કર્મયોગ વા ગદ્યસંગ્રહ વા પદ્યસંગ્રહ એ ત્રણ માંથી એક પુસ્તક દરરોજ એક એક કલાક વાંચવાનો અભ્યાસ રાખ અને મનન કરવાનો ઘણો વખત રાખ. ઘણા કલાક સુધી

મનન કર! આત્માના તરફ લક્ષ આપ અને સંસારનાં સર્વ કર્તવ્ય કાર્યો કરતાં આત્માની સમાનતા રાખવા પ્રયત્ન કર !! ગુરૂના પ્રત્યક્ષ સમાગમના અભાવે તેમના પુસ્તકોથી તેમના આત્માનો બોધ મળે છે. આગળ ચાલ! ધર્મ સાધન કર! ધર્મ કાર્ય લખ!

ૐ अर्हंमहावीर शांतिः ३

---

લેખક. બુદ્ધિસાગર મુ૦ વિજાપુર

ઓગષ્ટ ૧૯૧૮.

શ્રી મુંબાઈ તત્ર શ્રદ્ધાવંત, ધ્યાવંત, દેવગુરૂ ભક્તિકારક સુશ્રાવક શા. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ.

વિશેષ તમારો પત્ર આવ્યો, વાંચી સમાચાર જાણ્યા છે. વિ. તમોએ મોટું બાઇબલનું પુસ્તક મોકલાવ્યું છે, તેનાં ૬૦૦ પત્ર વાંચ્યાં છે. તમારા ભાઇ અમથાલાલ તથા ચંદુલાલને અમારા તથા સર્વસાધુઓના ધર્મલાભ કહેશો. પુનમચંદ વગેરે અહીં આવ્યા નથી. આવ્યાથી બોધ આપીશું. સારી રીતે અભ્યાસ કરશો. સહકાર શિક્ષણ કાવ્ય લગભગ અર્ધ ભાગનું છપાઇ ગયું છે ગુજરાતમાં દુષ્કાળની ધાસ્તી છે. લુંટફાટનો સંભવ વધતો જાય છે. અત્ર દુષ્કાળમાં મનુષ્યોને મદદ કરવા માટે ઉપદેશ દ્વારા ઉપાયો લેવાનું કામ હાલતો તડામાર ચાલે છે. દેશમાં અનાજ જોઇએ તેટલું નથી. ઢોરોને માટે ઘાસ નથી. વર્ષા જો નહીં થાય તો ૧૯૫૬ કરતાં ત્રણ ચાર ઘણું સંકટ લોકપર આવી પડશે. બને તે ખરૂં. જ્યારે પત્ર લખો ત્યારે સરનામાપૂર્વક લખશો. ધર્મ સાધન કરશો. મુનિ શ્રી જીતસાગરજીની છબી ગૃ. વા. ની હતી તે મંગાવી કે કેમ તે જણાવશો. ધર્મસાધન કરશો. ૐ शान्तिः ३

૧૮ ઓગષ્ટ ૧૯૧૯

મુ. પાદરા લેખક બુદ્ધિસાગર.

શ્રી મુંબાઈ તત્ર સુશ્રાવક ભાઇ મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ.

વિ તમારો પત્ર પહોંચ્યો. ઉત્તરમાં લખવાનું કે જેનું જ્ઞાનમય જીવન છે તેને કોઇ વસ્તુ શુષ્ક લાગતી નથી. જ્ઞાની ગમે તે વસ્તુમાંથી આનંદ શોધી લે છે. આત્મામાં આનંદ છે તો પછી બાહ્ય કાગળ વગેરેમાંથી આનંદ લેવા કયાં સુધી પ્રયત્ન કરશો. આપણાં બનાવેલાં પુસ્તકો સર્વ વાંચી જાઓ. એટલે શુષ્કાનંદ એવો પ્રયોગ થઈ શકશે નહીં. આનંદમાં સુકાપણું હોતું નથી. આત્માનો આનંદ ખરેખર સત્ય છે. ગુરૂપાસે ઘણા કાલ સુધી રહી શકો તો આત્માનંદને પામી શકશો. આધ્યાત્મિક પુસ્તકો વાંચશો. ધર્મ સાધન કરશો. ધર્મ કાર્ય લખશો.

પુનમચંદ તથા મંગળભાઇને ધર્મલાભ.

મુ સાણંદ ૨૦ જુલાઈ ૧૯૨૧

લેખક બુદ્ધિસાગર

મુંબાઈ તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂભક્તિકારક સુશ્રાવક
શા મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ.

વિશેષ તમારો પત્ર મળ્યો. શ્રદ્ધા પ્રેમથી ગુણોમાં દૃઢ રહેવું. આત્મામાં સુખનો નિશ્ચય રાખવો, ગદ્ય સંગ્રહને પાદરા વકીલ મોહનલાલ હેમચંદ પાસેથી મંગાવી લેવું ધર્મ સાધન કરશો. ધર્મકાર્ય લખશો. ૐ अर्हं महावीर शांतिः ३

પુનમચંદ તથા ચંદુલાલ વગેરેને ધર્મલાભ. ધર્મકાર્ય લખશો.

૧૪ સપ્ટેમ્બર ૧૯૧૯

મુ. પાદરા લે. બુદ્ધિસાગરસરિ.

વિશેષ તમારો પત્ર પહોંચ્યો. તથા મંગળભાઈનો પત્ર પણ પહોંચ્યો. પરંતુ તેમના સરનામા વિનાનો હોવાથી પત્ર લખ્યો નથી, મેસાણામાં દેવદ્રવ્યની વૃદ્ધિ થઇ છે, પરંતુ પર્યુષણમાં જ્ઞાન દ્રવ્યની તે પ્રમાણે વૃદ્ધિ થઇ નથી. મહેસાણાના જૈનો કેળવણીમાં પછાત છે તેમજ રાજદ્વારી બાબતમાં પણ પશ્ચાત છે, તેથી તેઓ જો હજી ચેતીને નહિ ચાલે તો ભવિષ્યમાં જૈન કોમની પડતીમાં ભાગ લેનારા ગણાશે. મહેસાણાના શ્રાવકો

જ્ઞાનની ચક્ષુએ દેખી શકતા નથી. તેઓ મેસાણાની અન્ય કોમોની હરિફાઇમાં પાછળ પડી જવાના. મેસાણાના જૈનો વ્યાપારી પણ થોડા. તે ભવિષ્યમાં તેવા રહે કે કેમ ? તે શંકા છે. તેઓ સત્યગુરૂને ઓળખી શકતા નથી તો તેમના સત્ય આદેશો પ્રમાણે તો ક્યાંથી વર્તી શકે? જ્યાંસુધી સત્યગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તવામાં શીર્ષ હોમાતાં નથી ત્યાંસુધી ઉદયની વાર છે. મેસાણાના તમારા જેવા યુવકો પણ હવે આત્મભોગ આપવામાં પાછળ પડશો તો મેહ-સાણાના મહાજનની કીર્તિ નષ્ટ થવાની. જૈનોની સંખ્યા ઘટતી જાય છે. મેહસાણાના જૈન વિદ્યાર્થિયોને ભણવામાં સહાયતા નથી. એક ટેક ધારણ કરી સેવામાં આત્મભોગ આપો. મેહસાણાના જૈનોની ઉન્નતિમાટે જીવવું હોય તો જીવો. અન્યથા જીવવાની શી જરૂર છે ? પુનમચંદ વિચારકછે પણ છે તેણે હજી મેસાણા માટે કશું કર્યું નથી. ઉપર ઉપરથી ગુરૂનું ભક્ત નામ ધરાવવાથી શું ? કંઇ કામ કરીને બતાવો. ગુરૂતો દિશા દેખાડે, બાકી કરવું તે તમારા હાથમાં છે. બોલ્યા કરતાં કરી બતાવવું સારૂં છે. શ્રી-રવિસાગરજી સંઘાડાના સાધુઓએ તો પોતાનાથી બનતું કર્યું છે, પરંતુ હવે સમજવાને માટે કારણો મળ્યાં છે. હવે તો સત્ય વિચારોને અમલમાં મૂકી બતાવવાની જરૂર છે તમો અને તમારૂં મિત્રમંડલ મારા શિક્ષાના ચાબકાથી જાગ્રત થશો તો પછી ઉન્નતિ થવાનીજ ॐ अर्हंमहावीर शान्तिः ३

સં. ૧૯૭૭ ભા. વ. ૮ ૨૫ સપ્ટેમ્બર ૧૯૨૧

મુ. સાણંદ લેખક બુદ્ધિસાગર.

મેહસાણા તત્ર શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂભક્તિકારક. સુશ્રાવક શા. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર વાંચી તમારી ભયંકર માંદગી જાણી. ગભરાયા વિના દવા કરવી અને આત્માનું સ્વરૂપ ચિંતવવું. દેવગુરૂનું સ્મરણ કરવું. પૂર્ણ રીતે શરીર સારૂં ન થાય ત્યાં સુધી મુંબાઇ જવું નહીં અને શરીર બરાબર સારૂં થાય ત્યારે

અહીં આવવું. બરાબર ખાવાપીવાની ચરી પાળવી. ચિંતા શોકના વિચારો ન કરવા શરીરને અને મનને હાલ મહેનત ન આપવી. મનને આનંદમાં રાખવું. આનંદઘનપદ ભાવાર્થસંગ્રહ પુસ્તક વાંચવું. ઉત્સાહના વિચારોથી મનને ભરીદે અને ધૈર્ય ધારણ કર. સારૂં થશે. જરામાત્ર ચિંતા ન કર. આત્માના આનંદમાં રહેવું. આત્મામાં રસણુતા કરવી મહાવીર પ્રભુનું ધ્યાન ધર. ધર્મકાર્ય લખશો. ધર્મસાધન કરશો. ॐ अर्हंमहावीर शांतिः ३

તમારા ભાઇઓ, ભુલાખીદાસ, રસિક, સોમચંદ ગુલાબચંદ વગેરે જે જે સંભારે તે તે સર્વને ધર્મલાભ શા. કેશવલાલ લલ્લુભાઈ, મનસુખ વગેરે સર્વને ધર્મલાભ.

## મુનિશ્રી જીતસાગરના પત્રો.

લેખક. જીતસાગર.

શ્રી મેસાણા મધ્યે દે. ગુરૂભક્તિકારક. ભવ્યાતમા શ્રદ્ધાવંત ગુણાનુરાગી વિચારક કાર્યપ્રવીણ મોહનલાલ યોગ્ય ધર્મ લાભ.

અત્રે પૂજ્ય ગુરૂશ્રીની કૃપાથી પરમશાંતિ છે. તત્ર તથાસ્તુ વિ. તમારો પત્ર મળ્યો, વાંચી અત્યાનંદ. તમારી શાંતિના સમાચાર યથાસ્થિત જાણ્યા, તમારૂ દર્દ જુદું છે અને તે કોઇનાથી પણ નીકળી શકે તેમ નથી વર્તમાન સમયમાં તમારા સમજવા પ્રમાણે બહારનાજ વૈદો મળે છે. તે કેટલેક અંશે સત્ય છે. પરંતુ તેના ઉપર શ્રદ્ધા રહેતી નથી. તેથી ઇચ્છિત કાર્ય પાર પાડી શકાતું નથી. હંમેશા દરેક વ્યક્તિને શ્રદ્ધાની વિશેષ આવશ્યક્તા છે. તમોએ જે આત્મિક ઉદ્ગારો દર્શાવ્યા તે સમજવા પૂર્વક હોયતો સ્તુત્ય છે, પણ હજુ તત્ત્વ હાથમાં આવ્યું નથી તે તો નિશ્ચય છે અને તે કોઈપણ દિવસ ગુરૂગમતા સિવાય આવવા સંભવ નથી. ગુરૂગમતાની સાથે પ્રત્યેકને પ્રેમદૃષ્ટિની જરૂર છે. મારૂં સાધ્યબિન્દુ હું ચૂકતો નથી. કદાચ અન્યને ફેરફાર લાગે તો કોઈ ઈલાજથી જો શ્રેષ્ઠ માર્ગ ગ્રહણ કરવાની ઇચ્છા હોય તો શરૂઆતમાં વિઘ્નો પડશે, અને તે રસ્તાનાં ભોમીયા ગુરૂની ગમથી ફળીભૂત થવાશે.

જ્યાંસુધી આત્મજ્ઞાન અને પૌદ્ગલિક જ્ઞાનનો ભેદ માલમ પડયો નથી ત્યાં સુધી ભવ જીવનના ચક્રમાં રખડવાનું છે માટે ગુરૂ-કૃપા વિના તે સ્થિતિએ પહોંચી શકાતું નથી. હું જ્યાં ગુરૂશબ્દ લખું છું ત્યાં તમારે મારામાટે સમજવું નહિ પણ સાર્વજનિક શબ્દ સમજવો, અથવા તમારી મનોવૃત્તિ હોય તેના પ્રત્યે સમ-જવું, તમો જ્યાં સુધી ઉભયધર્મનું પાલન કરવા સમર્થ નહિ થાઓ ત્યાંસુધી અશક્તિ કાયમ રહેવાની, કારણજે જ્ઞાનની જરૂર છે. અજ્ઞાનનો નાશ કર્યો છે ? અને કરો છો ? જો હજુ પણ સમજશો તો વધારે શ્રેય છે. તમારી તે સ્થિતિ હાલના સંજોગો જોતા તેવી નથી. કે તમારા લખાણ પ્રમાણે યથેચ્છ વર્તી શકો અને કદાચ આવી સ્થિતિ હોયતો મમતાબુદ્ધિથી નહિ પણ ભોગાવલી કર્મ તથા અશાતાવેદનીય કર્મના ઉદયે આવે છે એમ સમજવું. કોઇપણ વ્યક્તિને કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી. જો આ સ્થિતિ હશે તો પછી તમારૂં જીવન તમો કેવી રીતે સુધારી શકશો તેની મને શંકા રહે છે. જે કાંઇપણ કાર્ય કરો તે કરતાં પ્રથમ પરિપૂર્ણ વિચાર કરો અને કર્યા બાદ જેવુ હોય તેવું ભોગવી લેવું તે શ્રેય છે. દૃષ્ટાંત તરીખે શ્રીમાન્ મહાવીરસ્વામીએ પૂર્વભવમાં જેવાં કર્મો બાંધ્યા હતાં તે તીર્થંકરના ભવમાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ ભોગવવાં પડયાં. વિશેષ-હકીકત રૂબ-રૂમાં મળી જશો તો ખ્યાલમાં આવશે. આ પત્રના ઉદ્દેશો વિપ-રીત લાગે તો એકદમ નિશ્ચય ઉપર આવી જશો નહિ. નિત્ય નિયમ કરતા રહેશો. દુનિયામાં સૌથી પ્રથમ કોણ ઉપયોગી છે ? તેનો વારંવાર વિચાર કરશો તો તમારા વિચારો તથા તમારા વર્તનનું સ્પષ્ટીકરણ સ્વયમેવ થશે. અન્ય વ્યક્તિઓ આપણા ઉપર આકર્ષી જે આવશે પણ તે કયારે તો સ્વાત્મામાં સદ્ગુણરૂપ બીજ અને તે દૃષ્ટિ હશે તોજ તમારા પ્રત્યે મારી લાગણી સત્ય માર્ગ તરફ લાવવાની છે પણ જ્યાં સુધી તમારી તીવ્ર ઇચ્છા ના હોય તો તે પ્રાપ્ત થઇ શકે નહિ. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં વર્ષોની જરૂર નથી પણ મુખ્યત્વે તો ગુરૂપ્રેમની જરૂર છે. વિ.

હકીકત તમારા આવ્યા બાદ જણાવીશ. વિચાર કરશો. અને તે પ્રમાણે મનન કરશો. પશ્ચાત્ વિચારો રૂબરૂમાં જણાવશો. ગુરૂમહારાજના પુસ્તકો વાંચશો. સંતસમાગમથી મુક્તિ છે. તે વચનો યાદ રાખશો. પરમાર્થથી તેમજ સ્વાર્થથી વિચાર કરીને જોશો તો હજુ પણ મારા શબ્દોમાં સત્યતા જણાઇ આવશે. તમારી પૂજ્ય માતુશ્રીને તથા તમારા સર્વ ભાઇને મારા ધર્મલાભ.

રવિસાગર મુનિરાજ, નમીએ રવિસાગર મુનિરાજ.
જ્ઞાનગર્ભ વૈરાગ્યથી ત્યાગી, આ દુનિયા દુઃખસાજ—ન૦
શરણુ ધરી શ્રી ચરણુ તમારૂં, વિહરે જનહિતકાજ.
પરસુખ બુદ્ધિ સંયમકાજે, લીધો સંયમ ભાર—ન૦
સુખબુદ્ધિ બહુ જગમા વાધી, અચરિજ એહ અપાર.
દુઃખસાગરનું શોષણ કરવા, ઉદય થયો રવિરાજ—ન૦
તીવ્ર ક્રિયાના કીરણ યોગે, શોષે જે સુખકાજ.
સત્તાવીસ સાધુના ગુણ ધારે, સારે આતમકાજ—ન૦
મનવચ કાયાના શુભ જોગે, વરતે શ્રીમુનિરાજ.
શુક્લબહુલ એકાદસી આજે, મુનિવરનું નિરવાણુ—ન૦
જય જય જય શ્રીરવિસાગરજી, મુનિગણુનભમાં ભાણુ.

મુ. બોરૂ (ડાંગરવા)

જીતસાગર.

મેસાણા મધ્યે દેવગુરૂભક્તિકારક, ભવ્યાત્મા ભાઇ મોહનલાલ નગીનદાસ તથા તમારી માતુશ્રી તથા તમારા મામા તથા ભાઈ ચીમનલાલ તથા પોપટલાલ યોગ્ય ધર્મલાભ વાંચશો. વિ. તમારો પત્ર ગોકલદાસ સાથે મોકલેલ તે પોચ્યો છે. વાંચી સમાચાર જાણ્યા. અત્ર પરમશાન્તિ. તત્ર તથાસ્તુ. ભાઇ પુનમચંદનો કાગળ તમારા પત્રો આવ્યા. પ્રથમ બિલકુલ હતો નહી. પણ આજરોજ વદ ૧૧ ને મંગળવારના કાર્ડ આવ્યું છે એજ ધર્મસાધન કરશો. મુંબાઈ જાઓ ત્યારે જણાવવા યોગ્ય લાગે તો ઉપયોગ રાખશો. અમારી વતી જે કોઇ સંભારે તેને ધર્મલાભ

કહેશો. આત્મજ્ઞાની થવું તે શ્રેષ્ઠ છે, પણ તેની સામગ્રી પૂર્વ-ભવના કોઈકનેજ મળી આવે છે. આત્મજ્ઞાની પુસ્તકો ફક્ત વાંચવાથી થવાતું નથી, પણ સાથે અનુભવી ગુરૂની જરૂરતા રહે છે છતાં પણ બનતો પ્રયત્ન કરતા રહેશો તો કોઇ વખત તેવો લાભ મળી શકશે. અપૂર્વ પૌદ્ગલિક વસ્તુ પ્રાપ્ત કરતાં અનેક કષ્ટો પડે છે તો આત્મજ્ઞાની અનુભવી ગુરૂ મેળવતાં લાંબો શ્રમ પડે તોપણ ખોળતાં ખોળતાં હાથ આવશે. પ્રવૃત્તિ ઘણી સારી છે. શુદ્ધ દેવગુરૂધર્મ ઉપર એકાન્ત શ્રદ્ધા હોય તોજ યથાર્થ લાભની પ્રાપ્તિ થાય છે. બાકી બાહ્યભાવના કહી શકાય. સ્નેહી-ઓને પત્રોના લાભની પ્રાપ્તિ થતી હશે, અને તેઓને યુગપત્ પરસ્પર આત્મલાભની પ્રાપ્તિ થતી હશે. સ્નેહી હોય તો પ્રથમ સ્નેહીને બચાવવો તેજ સંતસમાગમીઓની ફરજ છે, સ્નેહીઓ સંતસ અનેક પ્રકારના છે. સમય સમયનું કાર્ય કરે જાય છે. પત્ર લખોતો માણસા લખશો.

દા. નીચે મુજબ. મુ. માણસા, સ્ટેશન મક્રાખાડ.

દા. જૈન ઉપાશ્રય.

હરેક પત્રમાં આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીને મારી વંદના કહેશો તેવું લખશો. ધ્યાન પોચે તો સુચના આપવી તે મારૂં કર્તવ્ય છે. માતા પિતા ગુરૂ સ્નેહીઓની ફરજ સમજનારે હરેક વાકયોનો પૂર્ણ વિચારે કરી આગળ વાંચવા ઉપયોગ રાખવો તેવી સૂચના છે. હું માણસા બારસના નીકળી તેરસને ગુરૂવારના પોચીશ. નગીનદાસ બાપાલાલ વગેરેને ધર્મલાભ કહેશો લી. ભિક્ષુ જીતસાગરના ધર્મલાભ.

મુ. બોરૂ (ડાંગરવા) સં. ૧૯૭૩ વૈશાખ.

મુનિ. જીતસાગર

શ્રી મેસાણા દેવ ગુરૂભક્તિકારક પુણ્યપ્રભાવક ભવ્યાત્મા મોહનલાલ નગીનદાસ તથા ચીમનલાલ તથા પોપટલાલને ધર્મલાભ

વિ અત્રે પૂજ્ય ગુરૂશ્રીની કૃપાથી પરમશાંતિસ્તત્ર તથાસ્તુ. તમારી ધાર્મિક અભિલાષા જાણી. અધ્યાત્મજ્ઞાનના પુસ્તકોનું સ્વયમેવવાચન કરવાથી આત્મજ્ઞાની થઇ શકાતું નથી. પરંતુ સદ્ગુરૂ પાસે ઘણો કાળ અપૂર્વ પ્રેમથી ભક્તિ કરે અને પરિપૂર્ણ શ્રદ્ધાથી ગુરૂગમદ્વારા પુસ્તકોનું વાંચન કરી ગુરૂકૃપા પ્રાપ્ત કરેતો તે મનુષ્યને આત્મજ્ઞાની થવાનો માર્ગ જડી શકે. પૂર્વભવમાં પુણ્યકર્મના ઉદયથી મનુષ્યજન્મ પ્રાપ્ત થયો છે, તો જીવનની સાર્થકતા કરવા ખાસ લક્ષ રાખશો. દુનિયામાં દરેક વસ્તુ ત્રણે કાળ એક સ્થિતિમાં રહી શકતી નથી. માટે જડ વસ્તુમાં મમત્વબુદ્ધિ રાખશો નહિ. દરેક કાર્ય નિર્લેપ અવસ્થામાં કરશો તો ત્યાગીની અપેક્ષાએ ગણુશો, થોડુ બોલો પણ કરી બતાવો. વિચારોમાં જેટલું શૌર્યપણું છે, તેટલું કાર્ય કરવામાં બતાવશો. સામાયિકમાં ગુરૂ મહારાજશ્રીનાં પુસ્તકોનું વાચન રાખશો. વાંચ્યા કરતા મનન કરવામાં ઘણો વખત પસાર કરશો. શંકાઓ ઉપસ્થિત થાય તેનું ટીપણુ કરી રૂબરૂમાં ખુલાશો મેળવશો. દરરોજ પ્રભુભક્તિમાં આત્મા ઐકય કરી દેશો. શુભ કાર્યમાં ક્ષણુમાત્ર પ્રમાદ કરશો નહિ. આત્મજ્ઞાન તરફ લક્ષ આપશો. સંસારના સર્વ કર્તવ્યો કરતાં આત્માની સમાનતા રાખવા પ્રયાસ કરશો. ધાર્મિક પાઠશાળા સતેજ રાખશો ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો. બાહ્યભાવના પ્રસંગોથી વિરમી આંતરિક ભાવોમાં મનને સ્થિર કરી આત્મોન્નતિ તરફ લક્ષ આપી જીંદગીની સફળતા કરો પૂર્ણ વૈરાગ્યાદિક પ્રસંગો સેવી પ્રવૃત્તિના પ્રદેશોમાં વિચરી સ્વસત્તા ફેરવશો, તોજ સાધ્યબિન્દુ પ્રાપ્ત કરી ખરૂં સુખ મેળવવા ભાગ્યશાળી બનશો. જગતના જીવોને સંપ, સમાન ભાવના, સદ્વિચારો આદિ તત્ત્વો તરફ રૂચિ કરાવશો તોજ સ્વપરોન્નતિ સાધક બની શકશો.

લે. જીતસાગર સં. ૧૯૭૩ ભાદ્રપદ

મુ. પાટણ. ઠેઃ– સાગરનો ઉપાશ્રય-

શ્રી મહેસાણા તત્ર શ્રદ્ધાવંત દયાવંત દેવ ગુરૂભક્તિકારક સુશ્રાવક શા. મોહનલાલ નગીનદાસ તથા તમારી માતુશ્રી યોગ્ય ધર્મલાભ.

વિ. તમારો પત્ર ગઈકાલે મળ્યો વાંચી સમાચાર જાણ્યા. મારી શારીરિક પ્રકૃતિ પર્યુષણ પર્વમાં વિશેષ નરમ થઇ હતી પરંતુ હવે કંઈક ઠીક છે. પૂર્વભવના અશાતાવેદનીય કર્મનો ઉદય હશે ત્યાંસુધી ભોગવવું પડશે. ગુરૂ મહારાજશ્રીનો પ્રસંગોપાત્ત પત્ર પ્રાપ્ત થાય છે, ત્યારે અપૂર્વ આનંદ મળે છે પત્ર વાંચતાં આત્મા દેહનું ભાન ભૂલી જાય છે, અને સર્વ ઉપસર્ગો છે તે ગુરૂ-પ્રેમમાં વિસ્મરણ થઈ જાય છે. ખરેખર આત્મા અમર છે. આત્મા પુદ્ગલથી ભિન્ન છે. આત્મા એજ પરમાત્મા છે. દુનિયામાં પુદ્-ગલનો એક સ્થળે વાસ હોય કયાંથી ? હાલતો પુદ્ગલનો ભરૂસો નથી, સર્વ ચીજો વોસિરાવું છું, તમો આ ભવમાં આત્માની શક્તિયો પ્રગટાવવા પ્રયાસ કરશો. સદ્ગુરૂનો સમાગમ કરશો. તમારી માતુશ્રીની ભયંકર માંદગી છે, તો વૈરાગીસ્તવનો તથા સઝાયો સંભળાવશો, અને અરિહંતપરમાત્મામાં ચિત્ત રખાવશો. તેમના આત્માને શાંતિ મળે તેવી રીતે વર્તશો. મારા તેમને તથા ચંદુલાલને ધર્મલાભ કહેશો.

લે. જીતસાગર.

મુ. પાટણ.

શ્રી મહેસાણા મધ્યે દેવગુરૂ ભક્તિકારક ભવ્યાત્મા ભાઈ મોહનલાલ નગીનદાસ તથા તમારી પૂજ્યમાતુશ્રી તથા તમારા મામાશ્રી વગેરે યોગ્ય ધર્મધાભ.

વિ. તમારો પત્ર ગઇકાલે મળ્યો. વાંચી સમાચાર જાણ્યા, મારી શરીરની પ્રકૃતિ ભાદરવાવદિ ત્રીજ સુધી બગડતી રહી

પરંતુ હવે ઠીક છે. પૂર્વભવના અશાતા વેદનીય કર્મનો ઉદય હશે ત્યાં સુધી ભોગવવું પડશે. ગુરૂમહારાજ તરફથી પ્રસંગોપાત પત્ર પ્રાપ્ત થાય છે ત્યારે અપૂર્વ આનંદ મળે છે. તેઓ શ્રી આત્મધ્યાનમાં રહેવાનું અને પરમાત્મા તથા સદ્ગુરૂપ્રત્યે પૂર્ણ પ્રેમ રાખવાનું જણાવે છે. ખરેખર તેઓશ્રીના પત્રદ્વારા અવર્ણ્-નીય આનંદ થાય છે.

વિ. તમારા માતુશ્રીની પ્રકૃતિના સમાચાર લખ્યા તે જાણ્યા. પ્રત્યેક સમયે સેવા ઉઠાવવી તે તમારા સર્વે ભાઇઓનું કર્તવ્ય છે. માતૃભક્તિ જેટલા પ્રમાણમાં કરશો તેટલી ઓછી છે. તેમના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી. તમારી માતુશ્રીને મારા ધર્મલાભ કહેશો તેમને જણાવશો કે સંસારમાં જન્મ મરણના દુઃખો હોય છે પરંતુ ધર્મકાર્ય કરવાથી દુઃખોનું નિવારણ થાય છે. માટે છેવટની જીંદગીમાં અરિહંત પરમાત્મા વિના અન્ય કોઇ વસ્તુમાં મુંઝાવા દેશો નહિ. જે દુઃખો આવે તે સમતા-ભાવથી સહન કરવાં. કરેલાં કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. તેમણે જીવનમાં ધર્મકાર્યના લ્હાવા લીધા છે અને તેથી તેમના આત્માનું કલ્યાણ થશે હવે પાછળની સ્થિતિ પરમાત્માના ધ્યાનમાં રાખી પરભવની ગતિ સુધારી લેવી તે તેમનું કામ છે. કુટુંબ જંજાળની ઉપાધિ રાખશો નહિ. દરેક પાપારંભનાં કાર્યો વોસિરાવવાં અને સમતાભાવથી સહુને આનંદ પ્રકટે તેવી વૃત્તિ રાખવી. સુપુત્રો માતાના સુખ દુઃખમાં ભાગ લેછે, તેમ તમારા સર્વપુત્રો ભક્તિ કરવામાં ખામી રાખે નહિં છતાં સમજવું કે દુનિયા સ્વાર્થી છે. શરીર પણ આપણું નથી તો પછી સગાં-સંબંધી આપણાં ક્યાંથી હોય ? અરિહંત પરમાત્માનું સ્મરણ કરવું અને મુનિમહારાજને ઘેર પધારવા વિનંતિ કરવી અને સર્વ વોસિરાવવું. તમારી પાછળ રડવા કુટવાના રીવાજો બંધ કરવા તથા તમારા ભાવ મુજબ ધર્મકાર્યોમાં પૈસા ખરચવા તે તમારા જીવનનું ભાતુ છે. હમેશાં વૈરાગ્યનાં સ્તવનો સાંભળવાં. દેવગુરૂ-

ધર્મનું આરાધન કરવું. ધર્મસાધન કરશો તો તમારૂં કલ્યાણ થશે. ભાઇ અમથાદાસ વગેરે સર્વે ભાઈએ હીંમત રાખવી સર્વે ભાઇઓને ધર્મલાભ કહેશો.

લે. જીતસાગર

મુ. બોરૂ ( ડાંગરવા )

શ્રી મહેસાણા તત્ર દેવગુરૂ ભક્તિકારક ભવ્યાત્મા........... યોગ્ય ધર્મલાભ.

અત્રે પૂજ્ય ગુરૂશ્રીની કૃપાથી પરમશાન્તિ છે તત્ર તમારી તથાસ્તુ. તમારી ધાર્મિક અભિલાષા જાણી. આત્મજ્ઞાની થવું તે શ્રેષ્ઠ છે પણ તેની સામગ્રી પૂર્વભવના પુણ્યથી ભવ્યાત્માઓ પ્રાપ્ત કરી શકે છે. આધ્યાત્મિક જ્ઞાનના પુસ્તકો વાંચવાથીજ આત્મજ્ઞાની થવાતું નથી પરંતુ સદ્‌ગુરૂની કૃપાથી તથા તેમના સદુપદેશથી અલ્પકાળમાં આત્મશક્તિ પ્રકટે છે. અપૂર્વ આત્મજ્ઞાનદશા પ્રાપ્ત કરવા સદ્‌ગુરૂ પ્રત્યે અપૂર્વ પ્રેમભક્તિ દર્શાવવાથી આત્મજ્ઞાન પ્રતિ પ્રયાણ થાય છે. તમારા આત્મિક હિતનું સાધ્ય-બિન્દુ લક્ષમાં રાખશો. સામગ્રીના સદ્‌ભાવે કાર્યનો પણ સદ્‌ભાવ થાય છે. સામગ્રી એકત્ર કરવી તે દરેક વ્યક્તિનો ધર્મ છે. કેટલીક વ્યક્તિ અજ્ઞાનરૂપી અંધકારથી કદાપિ એકત્ર થયેલી વસ્તુ પણ દેખી શકતી નથી. તેનો દાખલો તમારી સમક્ષ અ-લ્પાંશે મોજુદ છે. થોડું બોલો પણ કાંઇક કરી બતાવો. વિચારો માં જેટલું શૌર્ય છે તેટલું કાર્ય કરવામાં પણ બતાવશો. સદ્‌ગુરૂ પ્રત્યે વિશ્વાસ રાખશો. જગત્‌માં અનેક કાર્યો વિશ્વાસથી થાય છે. કેટલાક જીવો મોહરૂપી અંધકારથી વિશ્વાસઘાત કરે છે, તેથી તેમને સત્યમાર્ગનું દર્શન પ્રાપ્ત થઈ શકતું નથી. સર્વ મનુષ્યોના અધિકાર ભિન્ન ભિન્ન હોવાથી એકજ વસ્તુ સર્વેને એક સરખી લાગતી નથી. પત્ર વાંચીને બરાબર મનન કરશો. દિનપ્રતિદિન

તમારૂં જીવન આત્મસ્વરૂપથી આનંદમય બનાવશો. પુનમચંદને પત્ર વંચાવશો. ધર્મ સાધન કરશો. ધર્મ કાર્ય લખશો. પુનમચંદને અને મંગળને કહેશો કે આજથી તમે ઉપાધિમાં પડી ધર્મ કરણીમાં શિથિલ થાઓ છો તો પછી તમે આગળ ઉપર તો ઘણી ઉપાધિ લાગતાં ધર્મકરણીને શી રીતે કરી શકવાના હતા ? માટે તેમને કહેશો કે ધર્મ કરીને મનુષ્યભવ સફલ કરશો. ધર્મની લગની લાગી તે જેને ટળતી નથી તે પૂર્વભવનો ધર્મ સંસ્કારી છે. ધર્મમાં જાગ્રત્ થૈને જે પાછો ઉંઘી જાય છે તે ઉપર ટપકીયો છે તે મનુષ્યભવને હારી જાય છે અને છેવટે માખીની પેઠે હાથ ઘસે છે. સ્ત્રી મળે ધન મળે તેથી શું થયું ? સ્વપ્નની બાજી સરખો દુનિયાનો દેખાતો સર્વ ખેલ છે, કર્મ નચાવે તેમ સર્વજીવો નાચે છે તેમ પોતે પણ નાચવું તેમાં કંઇ મહત્તા નથી પણ કર્મનો નાશ કરવા માટે દેવગુરૂ ધર્મની આરાધના કરવામાં ખરૂં જૈનપણું છે. જૈનકુળમાં જન્મીને જૈનધર્મ ન સેવ્યો અને ખાધું પીધું મોજમઝા મારી, ભોગો ભોગવ્યા અને સર્વજીવોની પેઠે મૃત્યુ વશ થૈ મરી ગયા તેમાં શું મોટાઇ છે ? એમ તેઓ વિચારશે તો ભવિષ્યમાં મોહના નચાવ્યા નાચશે નહિ અને મોહના વશ થૈ નહીં ચેતશે તો પરભવમાં કર્યાં કર્મ ભોગવવાં પડશે અને મરતી વખતે ઘણો પસ્તાવો થશે માટે તેઓને ચેતાવજો, સંભારનાર સર્વ શ્રાવક શ્રાવિકાને ધર્મલાભ કહેશો. બનશે તો ત્યાં આવી જઇશ. એજ ધર્મકાર્ય લખશો. એજ

---

લે. જીતસાગર. મુ. પાટણ

સં. ૧૯૭૩ શ્રાવણ

મણીયાતી પાડામાં સાગરનો ઉપાશ્રય.

દેવગુરૂ ભક્તિકારક ભવ્યાત્મા ભાઇ ચીમનલાલ ચકાભાઇ તથા તમારા વડીલ ભાઇ વાડીલાલ તથા તમારા પિતાશ્રી યોગ્ય યોગ્ય ધર્મલાભ. અત્રે પરમ શાન્તિ તત્ર તથૈવવર્તો.

તમોએ લખેલ કવર પહોંચ્યું. વાંચી સમાચાર જાણ્યા. નિર્વિઘ્ને યાત્રા કરી તેથી અત્યાનંદ. તમોએ પુછેલા પ્રશ્નોનો જવાબ નીચે મુજબ.

પ્રશ્ન ૧. આદિશ્વર ભગવાને દીક્ષા લીધી ત્યારે તેમના ગુરૂ કોણ?

જવાબ. તીર્થંકર પોતાની મેળેજ ચારિત્ર (દીક્ષા) ગ્રહણ કરે. કારણ તે પોતે અવધિજ્ઞાની છે. તીર્થંકરને ગુરૂ હોયજ નહિ. તેમનો આચાર તેવા પ્રકારનો છે.

પ્રશ્ન ૨. જો તેમને ગુરૂ હોય તો તીર્થંકરની ચોવીશીમાં તેમના ગુરૂનું નામ પ્રથમ કેમ ન હોય?

જવાબ. ઉપર મુજબ. કારણ ગુરૂજ ન હોય તો પછી આગળ પાછળ નામની ચિન્તાજ ન રહી.

પ્રશ્ન ૩. આદીશ્વર ભગવાન તીર્થંકર પહેલેથીજ હતા કે દીક્ષા લીધા પછી.

જવાબ આદીશ્વર ભગવાને તેમના પૂર્વલા ત્રીજા ભવે તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું તેમણે આ જન્મમાં દીક્ષા લીધી બાદ કેવળજ્ઞાન પામતાંજ તીર્થંકર નામકર્મ જે બાંધેલું હતું તેનો ઉદય થયો. દાખલા તરીકે જેમ શીયાળાની ઋતુમાં પાક વીગેરે અનેક પ્રકારની દવા ખાવામાં આવે છે તેમજ કેટલી ઔષધી એવા પ્રકારની હોય છે કે તે ખાધા પછી બે ચાર માસે તેનો ફાયદો દેખાય છે તે પ્રમાણે ઉપરની બાબતમાં સમજી લેવું.

પ્રશ્ન ૪. આદીશ્વર ભગવાનને જન્મ શા માટે લેવો પડયો?

જવાબ. તેમણે પ્રથમ બાંધેલા કર્મો સંપૂર્ણપણે ભોગવેલાં નહિ તેથી બાકી રહેલાં કર્મો ભોગવવાના માટે છેલ્લા ભવમાં જન્મ લીધા સિવાય છુટકો નહોતો તેથી તેમને જન્મ લેવો પડયો. જન્મ લેવો ન લેવો તે કોઇપણ મનુષ્યના તાબામાં નથી. ભોગાવલી કર્મ બાકી હોય તો અવશ્ય જન્મ લેવો જ પડે. જ્યારે કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ જન્મમરણના દુઃખોથી બચી શકાય.

તમારા ચાર પ્રશ્નોના જવાબ સંપૂર્ણ પણે મેં મારી મત્યનુસાર આપેલા છે તેમાં ભુલચુક જેવું લાગે તો જણાવવું. આનંદ ઘનજીના પદનો અર્થ ફુરસદે મુંબાઈ લખી મોકલીશ કારણ કે તેની અંદર વિચાર ખૂબ કરવાનો છે. ધર્મસાધન કરશો. દેવપૂજા તેમજ સામાયિક અવશ્ય કરતા રહેવું, અને દરરોજ એક ગાથા કરવાનો નિશ્ચય રાખશો. મેં લખેલા પ્રશ્નોત્તર સંબંધી વિશેષ ખુલાસો આચાર્યગુરૂ મહારાજ કરશે. ગુરૂ મહારાજની પાસે જશો અને પત્ર લખો તો મારી વંદના લખશો. આયુષ્યનો ભરૂંસો નથી. જો શરીર હશે તો મેસાણે અવાશે. ગુરૂનો વૈરાગ્યમય પત્ર આવ્યો છે તેમાં આત્મોપયોગી થવાનો બોધ લખ્યો છે, તે બોધની અસર મારાપર અત્યંત થઇ છે અને તેથી આત્માની સ્થિરતા પ્રગટી છે. માંદગી વધવા માંડી છે માટે હવે તો વિશેષ નિવૃત્તિ લઉં છું. તમે પણ ચેતી ધર્મક્રિયાઓ કરશો.

---

મુકામ. નડીયાદ લે. મુનિ. જીતસાગર

મુ. મેહસાણા તત્ર દેવગુરૂ ભક્તિકારક પુણ્ય પ્રભાવક શા. મોહનલાલ નગીનદાસ તથા ચીમનલાલ તથા પોપટલાલ યોગ્ય ધર્મલાભ.

વિ. અત્ર પૂજ્ય ગુરૂશ્રીની કૃપાથી પરમ શાંતિ તત્ર તથાસ્તુ તમારી ધાર્મિક અભિલાષા જાણી. આત્મજ્ઞાની થવું તે શ્રેષ્ઠ છે, પણ તે સામગ્રી પૂર્વભવના પુણ્યથી પ્રાપ્ત થાય છે. અધ્યાત્મ જ્ઞાનના પુસ્તકોનું સ્વયમેવ વાંચન કરવાથી આત્મજ્ઞાની થવાતું નથી પરન્તુ ગુરૂગમપૂર્વક વાંચન થાય તો આત્મશક્તિ પ્રગટે છે, પૌદ્‌ગલિક વસ્તુ પ્રાપ્ત કરવા અનેક કષ્ટો પડે છે તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા ગુરૂશ્રી પ્રત્યે અપૂર્વ પ્રેમભક્તિ પ્રગટાવાથી સાધ્યબિંદુ પ્રાપ્ત થશે. સામગ્રીના સદ્‌ભાવે કાર્યનો સદ્‌ભાવ થાય છે માટે સામગ્રી એકત્ર કરવા તરફ લક્ષ આપશો. સર્વ મનુષ્યોનો ભિન્ન ભિન્ન અધિકાર હોવાથી એક જ વસ્તુ સર્વને એક સરખી લાગતી નથી. એક કલાક વાંચવાનો અભ્યાસ રાખશો. એક ક્ષણ માત્ર પ્રમાદ સેવશો નહિ એજ ધર્મસાધન કરશો.

મુકામ. પાટણ                                                                                લે. જીતસાગર

મેસાણા તત્ર દેવગુરૂ ભક્તિકારક—યોગ્ય ધર્મલાભ.

વિ. અત્રે શાંતિતત્ર તથાસ્તુ. હાલમાં દવા ચાલે છે દરદ કંઇક ઓછું છે પણ અશક્તિ અધિક છે. તમારા પ્રશ્નોનો ઉત્તર નીચે મુજબ છે, પરમાત્મા અજર છે તેમાં કોઇ જાતનો સંદેહ નથી પરમાત્મા તે સિદ્ધના જીવો કહી શકાય તેમ દરેકનો આત્મા પરમાત્મા થવાને લાયક છે, જો પ્રયત્ન કરે આત્મબળ ફોરવે તો આત્મા અનુક્રમે પરમાત્મા થઇ શકે છે. પરમાત્મા તે તીર્થંકર પણ કહી શકાય તેમ સિદ્ધ પણ કહી શકાય તે પ્રમાણે આપણે પણ આત્મા પરમાત્મારૂપે થઈ શકીએ છીએ માટે તેવા પ્રકારની સામગ્રીનો જથ્થો એકઠો કરવો. આત્મા ( જીવ ) મરે છે એમ તો અજ્ઞાની કહે છે. દૃષ્ટાંત તરીકે યોગીઓનો દેહ પડે છે તો તેમાં તેઓ યતકિંચિત શોક કરતા નથી. શોક કરવાનું કારણ ફક્ત મોહવાસના તથા તેમના સ્મરણને લઇને શોક થાય છે. આત્મા અજ છે અમર છે. આત્માના ગુણજ્ઞાન દર્શન ચારિત્રાદિ છે. સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રમાં મગ્ન થઈ આત્મવીર્યને સ્ફુરાવી પરમાત્મદશા પ્રાપ્ત કરવી તે સજ્જનોનું કર્તવ્ય છે. સંક્ષેપમાં સમજશો કે હે ચેતન ! તને સંસાર પ્યારો લાગે છે કે મુક્તિ ! જે આત્મા પાપકર્મથી ભીરૂ તથા સંતસમાગમી હોય તેને મુક્તિ વહાલી છે. તે જીવ અંતરાત્મા છે, બાહ્યાત્મા નથી. તેને બાહ્યના પદાર્થોમાં રૂચિ ન થતાં પોતાના આત્માની અંદરના સમ્યગ્ જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણો રહેલા છે તે પર રૂચિ થાય છે તથા તેને પ્રકાશવામાંજ મગ્ન રહે છે તે જીવને મુક્તિ તથા કેવળજ્ઞાનની વાતો, નવતત્ત્વો, જિનદર્શન વિગેરે ઉપર પૂર્ણ શ્રદ્ધા થાય છે, અને તેથી વિપરીત બાહ્યપદાર્થને પોતાના કરીને માનનાર દુર્જનસંગી, સ્વાર્થમયી, શરીર અને આત્મા જુદો તેનું જ્ઞાનનહિ, એવા અજ્ઞાનીઓ હોય છે. કેવળજ્ઞાનીના વચનમાં અશ્રદ્ધા તેથી તેઓ સંસારમાં મગ્ન

રહે છે. તે જીવો બાહ્યાત્માઓ કહી શકાય અને તે મિથ્યાત્વના મના પહેલા ગુણસ્થાનકે હોય. અંતરાત્મા તે ચોથા ગુણસ્થાન કહેવાય, પરમાત્મા તેરમાથી તે સિદ્ધના જીવ સુધી કહી શકાય છે. પત્ર પુનઃ પુનઃ વાંચશો અને આત્માના ગુણો ખીલવવા ભાગ્ય-શાળી બનશો.

---

મુ. પાટણ  લે. જીતસાગર

મુ. મહેસાણા શ્રદ્ધાવંત ગુણાનુરાગી સુશ્રાવક. શા. મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ. વિ. તમારા પત્રમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની જાણવાની જિજ્ઞાસા જાણી આનંદ થાય છે. તેનો જવાબ નીચે મુજબ છે. બહિરાત્મા તેને કહી શકાય કે જે નિરંતર સમ્યગ જ્ઞાન વિના પૌદ્‌ગલિક પદાર્થોની અંદર રાચ્યો માચ્યો રહે, સર્વમાં અહંભાવ રાખે, માતા પિતા સ્ત્રી ધન પુત્ર પરિવાર પર મમત્વ બુદ્ધિ રાખે, પાંચ ઇંદ્રિયોના વિષયમાં મગ્ન રહે તે જીવ સુખની અભિલાષા રાખે, દેવગુરૂ પ્રત્યે પ્રેમ થાય નહીં. વિગેરે સંક્ષિપ્તમાં સમજશો.

અંતરાત્મા તે કહી શકાય કે જે નિરંતર દરેક સંસારિક કાર્યોથી નિર્લેપ રહે એટલે ઉપરના દરેક કાર્યોથી ઉલટો હોય છે સમકિત ગુણસ્થાનકથી માંડીને બારમા ગુણ ઠાણા સુધી અંત-રાત્મા કહી શકાય છે.

પરમાત્મા કે જેણે ચાર ઘાતી કર્મ આઠ કર્મોનો ક્ષય કર્યો છે વસ્તુસ્થિતિએ જ્ઞાનીની દૃષ્ટિએ જોવા જઇએ તો તે સત્ય છે. સંસારની અંદર કોઈપણ સ્થાન એવું નથી કે જ્યાં જઇને શાંતિ મેળવી શકીએ. જે માનેલું સુખ છે તે ખરૂં સુખ નથી દૃષ્ટાંત તરીકે ધનથી સુખ માન્યું તે ભાગ્યોદયે તે ધનથી સુખની

પ્રાપ્તિ થઇ તેમ છતાં પાપકર્મના ઉદયથી તે ધનનો નાશ થયો તો તેની સાથે કલ્પેલા સુખનો નાશ થશે, આ ધન ફક્ત પૌદ્‌ગલિક આનંદ માટે છે. આત્મિકસુખની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરશો તોજ આત્માનું કલ્યાણ થશે. દરેક જીવ મોહરૂપ અંધકારથી ઘેરાએલ છે તેથી મોહ જેમ નચાવે છે તેમ નાચે છે.

આ સંસારની અંદર ઘણું પરિભ્રમણ કર્યું પણ હજુ કાંઇ માર્ગ હાથ લાગ્યો નથી આ ભવમાં પૂર્વ ભવના પુણ્યથી ઉત્તમ ધર્મની તથા સદ્‌ગુરૂની પ્રાપ્તિ થઇ છે. કાંઇ સુઝે નહિ તો અધોગતિએ જવાની નિશાની છે. મોહરૂપી અંધકારથી ન્યારા રહી ગૃહસ્થધર્મમાં જેમ કમળ, કાદવ અને પાણીથી નિર્લેપ રહે છે તેમ નિર્લેપપણું અનુભવશો, આત્મા અને પુદ્‌ગલનો ધર્મ જુદો છે, એવી માન્યતા રાખી ગૃહસ્થધર્મ બજાવો. તમો ગુરૂવર્ય આચાર્ય મહારાજને આત્મનિવેદન કરીને તેમની પાસે ધર્મવ્રત બને તેટલાં અંગીકાર કરશો અને ગુરૂ મહારાજના ઉપદેશ અને તેમની સલાહ પ્રમાણે વર્તશો. સર્વજીવોને પ્રેમદૃષ્ટિથી દેખશો અને સર્વજીવોનું ભલું કરવાના માર્ગમાં ચાલશો. આનંદમયજીવન બનાવવું, દુઃખીઓનાં દુઃખ ટાળવા પ્રેમથી યથાશક્તિ પ્રવર્તશો. અપરાધી શત્રુઓને પણ માફી આપવાનું શીખો! ગુરૂપર શ્રદ્ધાભાવ પૂર્ણ રાખો. ગુરૂમહારાજે તમને જગાડયા છે હવે આગળ વધવું તે તમારા પુરૂષાર્થ પર આધાર રાખે છે. અનેક વિપત્તિ ઉપાધિયોમાંથી પ્રેમ જ્ઞાન ધૈર્યથી પસાર થાઓ. મનને વારંવાર સારી શિખામણો આપો અને ગૃહસ્થાવાસમાં રહેતાં છતાં અશુભરાગ દ્વેષથી મુકત રહેવામાટે અનિત્યાદિ બારભાવનાઓ ભાવો. સત્સંગતિમાંજ પ્રભુ જિનેશ્વર ધર્મની પ્રાપ્તિ છે એમ જાણો. ગુરૂમહારાજ આચાર્ય મહારાજની કૃપાથી તથા તેમના બોધથી શાંતિ સ્થિરતા છે અને રોગોદયમાં પણ અંતરથી આત્મરમણતા છે, સર્વને ધર્મલાભ કહેશો. દરરોજ ધર્મપુસ્તકનો થોડો ભાગ વાંચીને તથા પ્રભુ વીતરાગદેવના બોધનું સ્મરણ કરીને ખાશો.

ધર્મનો પ્રેમ તેજ સત્યપ્રેમ છે. સર્વજીવોના માથે મૃત્યુનાં નગારાં વાગે છે. જીવે આ દુનિયામાં અનંત પુદ્ગલોને અનંતરૂપે ગ્રહણ કર્યાં છે, હવે જો ચેતે તોજ તે સુખી થાય તેમ છે, માટે વૈરાગ્યથી જીવને ચેતાવો. મોહની ઉંઘમાં ન ઉંઘો. જાગીને ધર્મ માર્ગમાં મુસાફરી કરશો એજ.

---

લેખક,

મુકામ સાણંદ.

સં. ૧૯૭૬ પોષ સુદિ ૯.

શ્રી મેહસાણા. તત્ર. સુશ્રાવક ભાઇ મણિલાલ નગીનદાસ તથા ચંદુલાલ નગીનદાસ તથા ભાઈ મોહનલાલ નગીનદાસ તથા ચમનલાલ તથા પોપટલાલ નગીનદાસ તથા શા. બલાખીદાસ ગોકળદાસ, શા. સોમચંદ ગુલાબચંદ શા. કુલચંદ ડાહ્યાભાઇ. શા. મનસુખભાઈ ચુનીલાલ તથા શા. કેશવલાલ લલ્લુભાઇ. મણિલાલ દોલતરામ વગેરે યોગ્ય ધર્મલાભ વિ. તમો વામજથી જુદા પડયા. અમોએ આદ્રજમાં માગરવદિ ચૌદશનું પ્રતિક્રમણ કર્યું, ત્યાં પાટીદાર લોકો તત્ત્વના જિજ્ઞાસુ છે તેમાંના કેટલાક વામજ પણ આવ્યા હતા. વામજમાં તેરસની રાત્રે આપણે તથા અન્યભક્તોએ જે ભજન ગાયાં હતાં તેથી ઘણો આનંદ થયો હતો. તે દિવસ રાત્રીની યાદી રહેશે. વામજના પાટીદારોનો હાલ જેવો ભક્તિભાવ છે તેવો ભવિષ્યમાં રહે તો સારૂં. માગશરવદિ અમાવાસ્યાએ થોળમાં આવવાનું થયું અને પોષસુદિ એકમે ગોધાવી આવવાનું થયું. પોસસુદિ છઠના દિવસે ગોધાવીમાં શ્રીમહાવીરપ્રભુની આગળ અસ્મત્કૃત વીશ સ્થાનકની પૂજા ભણાવવામાં આવી. અમદાવાદથી શેઠ ભોગીલાલ વીરચંદ દીપચંદ તથા ભગત વીરચંદભાઇ ગોકલ વગેરે આવ્યા હતા. આશરે પાંચસે છસે મનુષ્યોએ પૂજાનો લાભ લીધો હતો. સાણંદથી સોના આશરે શ્રાવકો આવ્યા હતા. પ્રભુ ભક્તિની ધૂનથી સર્વ લોકોને ઘણો આનંદ થયો હતો.

સાણુંદના દરબાર ઠાકોરશ્રી જયવંતસિંહજી વગેરે એ પણ પૂજાનો લાભ લીધોહતો. વિદ્યાર્થિયોની પરીક્ષા લીધી હતી, ઈનામ વહેંચાયા હતાં. પોષસુદિ આઠમની બપોરે સાણંદમાં પ્રવેશ કર્યો, હાલ તો શરીર નરમ રહે છે. માગશરવદિ દશમે અને અગિયારસે પાનસરમાં પ્રભુ મહાવીરદેવની આગળ અસ્મત્કૃત અષ્ટપ્રકારી પૂજા તથા પંચધાયોગ પૂજા ભણાવી હતી ત્યારે તમોને તથા અન્યોને ઘણો આનંદ થયો હતો તેવોજ આનંદ અહીં થાય તે માટે પાટણથી હરિલાલ ભોજકોને અહીંના શ્રાવકો બોલાવશે. મોહનલાલને માલુમકે લાંગણજ ગામની બહાર માગશરવદિ પાંચમને તમને ધ્યાન ધરવાની જે જે યુક્તિયો બતાવી હતી તે યાદ કરશો અને તે પ્રમાણે ધ્યાન ધરશો. સર્વપ્રકારની દુનિયાની માયા જાળમાં નિર્લેપ રહીને વર્તવાની જે જ્ઞાનકુંચીઓ જણાવી હતી તેનું દરરોજ સ્મરણ કરવું. લાંઘણજથી વડસમા જતાં કેટલાક તમને પૂર્વ અનુભૂત વિચારો દર્શાવ્યા હતા, તે સ્મરશો. આઠમના દિવસે વડસમામાં સામાન્ય બોધ આપ્યો હતો. માગશરવદિ નવમે ખોરજમાં અને વડુમાં સામાન્ય સદ્‌વિચારો જણાવ્યા હતા. માગશરવદિ બારસે કલોલ જતાં વિહારમાં આ વિશ્વમાં આત્માની ઉન્નતિના માર્ગોમાં કેવી રીતે વહવું તે દર્શાવ્યું હતું, કલોલથી તેરસના રોજ શેરીસા યાત્રાર્થે જતાં ગુરૂભક્તિ અને ગુરૂએ આપેલા બોધ પ્રમાણે વર્તવાની દૃઢ નિશ્ચયતાનો બોધ આપ્યો હતો. ભાઇ પોપટલાલ ચંદુલાલ, મણિલાલ ફુલચંદ વગેરે સર્વને તેથી ઘણું જાણવાનું મળ્યું હતું અને તેથી તીર્થયાત્રામાં નિવૃત્તિ આનંદ ભક્તિ સત્સમાગમ વગેરે લાભનો નિશ્ચય તમોને થયો હતો તેનું સ્મરણ કરવું. તમારા પિતાની પાછળ તમોએ તથા તમારા ભાઈઓએ પિતાની આજ્ઞા પ્રમાણે નવપદનું ઉજમણું કરીને આત્માનું કલ્યાણ કર્યું છે, બાદીના છોડને જ્યાં ત્યાં ખપવાળા સ્થાનોમાં આપ્યા તે સારૂં કર્યું છે. બાર નાતમાં જમણ બદલે નવકારશી કરીને હાનિકારક રીવાજને ઉત્તેજન આપ્યું નથી તેથી ...મથાલાલ વગેરે

તમોને ધન્યવાદ ઘટે છે. મહેસાણાના જૈનોમાં સાધુઓની સેવાભક્તિ કરવાની પ્રવૃત્તિ એકંદર સારી છે. જ્યાં સુધી મેહસાણામાં રહેવાનું થયું ત્યાં સુધી મેહસાણાના સંઘની ઉન્નતિના કાર્યોનો બોધ આપી અમે અમારી ફરજ બજાવી છે, ત્યાં ધાર્મિક જ્ઞાનશિક્ષણની જોઈએ તે પ્રમાણમાં ખામી છે. તથા વ્યાવહારિક કેળવણીમાં પણ મેસાણાના જૈનો પશ્ચાત્ છે તેથી મેસાણાના જૈનમહાજનની આજ સુધીની જેવી મહત્તા છે તેવી ભવિષ્યમાં રહેશે કે કેમ ? તે વિચારવા જેવું છે. મેસાણાના સંઘે ચડતીના ઉપાયો પ્રમાણે વર્તવું જોઈએ. મહાગુરૂ શ્રી રવિસાગરજીમહારાજની આજ્ઞાઓ પ્રમાણે મેસાણાને સંઘ સંપીને વર્તશે તો પોતાની ચડતી ખરેખર કરશે. મેસાણાના કરતાં તમને વિહારમાં ઘણો આનુભવિક બોધ મળ્યો છે તેથી ખુશ થાઉ છું. મેસાણાના નવયુવકોએ ધાર્મિક શિક્ષણ લેવું, જિનેશ્વર પ્રભુની પૂજા કરવી, સામાયિક કરવું, પ્રતિક્રમણ કરવું, સામાજિક ધાર્મિક પ્રવૃત્તિયોમાં આગેવાની ભર્યો ભાગ લેવો, બાલલગ્નના દુષ્ટ રીવાજમાંથી બચવું, શારીરિક તથા માનસિક શક્તિયોને પ્રગટાવવી, ગુરૂવર્ગની આજ્ઞા પ્રમાણે વર્તવું, ઉત્સાહથી પ્રગતિમાર્ગમાં વહવું ઈત્યાદિ પોતાનાં કર્તવ્ય કર્મોમાં અપ્રમત્ત થઇને વર્તવું જોઈએ, ધર્મને આગળ કરીને ચાલવું, દરરોજ ધાર્મિક પુસ્તકનું વાંચન કરવું. કોઇ પણ ચડતીની બાબતમાં મડદાલ ન રહેવું. નિર્વીર્યને દુનિયામાં જીવવાનો અધિકાર નથી. વીર્યહીનથી આત્માની પ્રાપ્તિ થતી નથી. એક શ્વાસોશ્વાસને પણ નકામો ન ગાળો, કોઈનું ભલું કરી જાઓ, શક્તિ છતાં ગમ ખાઓ અને દરરોજ કમ ખાઓ. દુનિયામાં પ્રમાણિકજીવન ગાળો, સ્વાધિકારે નિયમિતપણે મોક્ષસુખની આશાએ નિષ્કામ રહી કર્તવ્ય કાર્યો કરો. મેહસાણાના નવયુવકોએ થંડા ઢીલા પ્રમાદી ન બનવું જોઇએ. આગળ વધો ! કાર્ય કરો, તમારા યુવકવર્ગને મારો સ્વોન્નતિનો સંદેશો જણાવશો. દેવગુરૂધર્મમાં પૂર્ણવિશ્વાસી રહેવું, અન્યોની ટીકાઓ ન કરો, નમ્રતા, વિવેક, ગંભીરતા, પ્રેમ અને સ્વાર્પણભાવથી કર્તવ્યકર્મો કરો, એજ તમારા

અધિકારનો ઉપદેશ છે. ભવિષ્યમાં તમારા જેવા નવયુવકોને માથે જવાબદારી ઘણી છે માટે લાયક બનો. ઉત્સાહી બનો! અન્યોની ટીકાઓને સહન કરીને તમો તમારૂં કર્તવ્ય કર્યા કરો. ધર્મ જ્ઞાનની વૃદ્ધિ કરો! સંઘની ઉન્નતિ રક્ષામાં યથાશક્તિ ભોગ આપવો જોઈએ. તમારા યુવક મિત્રોમાં નવજીવનશક્તિ પ્રેરો. મનુષ્ય જન્મને એળે ન ગુમાવો!!! દરરોજ ધાર્મિક પુસ્તક વાંચવાની ટેવ પાડવી. નિયમિત કર્તવ્ય કર્મો કરો. ધર્મકાર્ય કરવામાં એક પણ ભરેલું ધર્મપગલું નકામું જતું નથી. આત્માનું જ્ઞાન કર્યા પછી સર્વ પ્રવૃત્તિયોમાં નિષ્કામ ભાવ તરતમયોગે પ્રગટે છે અને તેથી ઉત્તરોત્તર આત્મોન્નતિની ઉચ્ચતરતમભૂમિકાઓપર આરોહણ થયા કરે છે. દેવગુરૂનો પૂર્ણ વિશ્વાસ ધારી ધર્મકર્મ કરવામાં સદાતત્પર રહો. આત્માની શુદ્ધિમાટે સર્વધર્મપ્રવૃત્તિ કરવી. ધર્મકર્મનું અન્ય કીર્તિફલલોકાદિસુખ આદિ ન ઈચ્છવું, નિરાસક્તિએ સર્વ કર્તવ્યકાર્યો કરવાં. કર્તવ્યકાર્યો કરતાં ખેદ, ભય, અનુત્સાહ, દ્વેષ ઈત્યાદિ મોહપ્રકૃતિયો આવીને ઉભી રહે છે તેના સ્હામું થવું જોઇએ. પોતાની કોઈ ટીકા નિંદા કરે તેથી પ્રારંભેલું કાર્ય કદિ મૂકવું નહિ. દુનિયા બેમતવાળી છે તેનો એકમત કદિ થયો નથી અને થવાનો નથી. સત્ય લાગે તે ધર્મકર્મ કરવું. ધર્મકાર્ય કરતાં અહંકાર ન કરવો. જે કંઇ કરાય તેમાં પરમાત્મપદ પ્રાપ્તિનું ધ્યેય ધારવું એટલે રાગદ્વેષાદિક કષાયોનો સંગ થતો અટકશે. પોતાના માટે તથા કુટુંબાદિમાટે વ્યાવહારિક ધાર્મિક જે જે કાર્યો કરવામાં આવે તેમાં સાધ્યદૃષ્ટિનું કેન્દ્ર તો પરમાત્મપદ પ્રાપ્ત કરવું, આત્માને પરમાત્મા કરવો એજ લક્ષ્ય રાખીને પ્રવર્તતાં કલ્પાયલા સ્વાર્થો તેજ પરમાર્થરૂપે પરિણમે છે. જ્ઞાની ગુરૂની પાસે વારંવાર જવું અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું તેમાં સર્વથા પ્રમાદનો ત્યાગ કરવો આત્મા હું સત્તાએ પરમાત્મા છું, મારૂં પરમાત્મ સ્વરૂપ પ્રગટ કરવામાં દેહાદિક સાધનો તે નિમિત્ત કારણો છે અને તેની રક્ષાર્થે આજીવિકાદિવ્યવહારકર્મોને કરવામાં આત્માની પરમાત્મતા પ્રગટ કરવાની સાધ્યદૃષ્ટિ કાયમ

રાખવી. આત્મામાં પૂર્ણ સત્ય આનંદ અને પૂર્ણજ્ઞાન છે તે પ્રગટ કરવો તેજ મારૂં ખાસ કર્તવ્ય કર્મ છે, તે માટે નિમિત્ત કારણોમાં શ્રેષ્ઠ સંતસમાગમ છે. એકવાર ધ્યેયનો નિશ્ચય કરો પશ્ચાત્ તમારી સર્વપ્રવૃત્તિયોનું કેન્દ્ર ધીમે ધીમે નિશ્ચિત ધ્યેય થશે અને તેથી જીવતાં છતાં મોક્ષનો અનુભવ કરશો. સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવી અને મિથ્યાત્વનો ત્યાગ કરવો, જૈનશાસ્ત્રો, જૈનતત્ત્વ જ્ઞાન અને દેવગુરૂધર્મ પરપૂર્ણશ્રદ્ધાપ્રેમ ધારણ કરવાથી મોક્ષના માર્ગમાં વિચરાય છે ધર્મની બાબતમાં અને દેવગુરૂની બાબતમાં જૈનશાસ્ત્રો પર આધાર રાખવો. જૈનો, જૈનશાસ્ત્રો દેવગુરૂ અને સ્વાધિકારે ધર્મકર્મોપર આધાર રાખીને જૈનોની ઉન્નતિ કરી શકશે. જો તેઓ સાધુઓ અને ગુરૂ તથા જૈનધર્મથી નાસ્તિક બન્યા તો અંતે નષ્ટ થવાના અને પોતાનાં સંતાનોને પતિત કરવાના. દરરોજ સાધુ પાસે અગર ગુરૂ પાસે જૈનશાસ્ત્રનું કંઇ અભિનવ જ્ઞાન શ્રવણ કરવું જોઇએ. ધર્મની બાબતમાં સમજવું કે જૈનશાસ્ત્રોવડે પ્રતિપાદિતધર્મથી અવિરોધી એવી દરેક સામાજિક દૈશિક વ્યાવહારિક ચળવળોમાં સાપેક્ષપણે પ્રવર્તવું. જે ગીતાર્થ ગુરૂને માથે ધારણ કરે છે અને તેની આજ્ઞા પ્રમાણે વર્તે છે તે વ્યવહારમાં પણ આગેવાન રહે છે અને સર્વલોકોને ધર્મમાં દોરી શકે છે. દરેક યુગમાં વર્તમાનમાં વિદ્યમાન ગીતાર્થ ગુરૂની આજ્ઞા પ્રમાણે જેઓ વર્તે છે તેઓ વ્યવહારમાં અને ધર્મમાં સ્થિરપ્રજ્ઞકર્મયોગી બની રહે છે. રાજા પ્રમુખ આદિથી જેમ રાજ્ય ટકે છે તેમ જૈનધર્મ જૈનશાસન પણ ગીતાર્થ ગુરૂસૂરિની આજ્ઞા પ્રમાણે વર્તવાથી ઉદયને પામે છે. ગુરૂમાં જેટલી અશ્રદ્ધા શંકા તેટલીજ આત્માની નબળાઇ તથા પતિતપણું જાણવું. એકક્ષણ માત્ર પણ ગુરૂની આજ્ઞા વિના ન રહેવું. કલિકાલમાં ગીતાર્થ ગુરૂની વારંવાર સંગતિ કરવી અને તેમને પોતાના મનમાં પ્રગટતા સર્વ વિચારો જણાવવા, તેમનાથી કંઇ પણ છૂપું ન રાખવું એમ કરવાથી ગુરૂ તરફથી સદ્વિચારો મળે છે, ભૂલો સમજાય છે, અને દોષોનો નાશ થાય છે અને સત્યજ્ઞાનની વૃદ્ધિ થાય છે,

અને અનેક વિચિત્ર વિચારના મનુષ્યોના વિચાર વાતાવરણોથી થએલી અસમ્યગ્ અસર નષ્ટ થાય છે. ગીતાર્થગુરૂના શરણે રહેલા અંધશ્રદ્ધાલુ બાલજીવો સત્યજ્ઞાનને તથા આત્માની શક્તિયોને પ્રગટ કરેછે. ગીતાર્થ ગુરૂમાં અંધશ્રદ્ધાથી વિશ્વાસ મૂકીને દરેક મનુષ્ય ભક્તિના માર્ગથી આગળ ગુણસ્થાનકો પર આરોહે છે, માટે દરરોજ લખ્યા પ્રમાણે વિચારીને ધર્મની પ્રવૃત્તિ કરશો. ઉત્સાહી આનંદી તથા કંઇ પણ ધર્મકાર્ય કરવાની રૂચિવાળા રહેશો. ધર્મ કરતાં ભૂલો થાય તેથી ધર્મકાર્યોને છોડશો નહી. ધર્મપ્રવૃત્તિ કરવામાં ઉત્સાહી રહેશો. ગુરૂના નામની લાયબ્રેરીને જાહેરમાં ઉપયોગી કરશો. શા. હાલાભાઈ ખીમચંદ ગાંધી હરગોવનદાસ તથા ગાંધી મૂળચંદભાઈ તથા મારફતિયા. અમથાલાલ તથા ગોપાલદાસ નાગરદોશી ચંદુલાલ ડાહ્યાભાઇ તથા લાલભાઇ ભોજક તથા ભોજક પ્રભુદાસ તથા અંબાલાલ ભોજક તથા અંબાલાલ લલ્લુભાઇ તથા શેઠ ઉત્તમચંદ હરિચંદ વગેરેને ધર્મલાભ.

ॐ अर्हं महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ.

સં. ૧૯૭૯ પોષવદિ ૫.

યુરોપ ફ્રાન્સ તત્ર પારીસનગરી તત્ર આર્યદેશીય ગુર્જર દેશીય સુરતનગરવાસી સુશ્રાવક ઝવેરી ગુલાબચંદ બાલુભાઇ સરકાર યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર પહોંચ્યો, તમને પૂર્વે પત્રો લખ્યા છે તે પ્રમાણે વાંચીને પ્રવર્તશો. દુનિયાની બાબતમાં જમાનો છે, ધર્મની આરાધનામાં જમાનો ફરી ગએલો માનીને વર્તનારાઓ ધર્મથી ભ્રષ્ટ થાય છે. જૈનધર્મની પૂર્ણશ્રદ્ધા ધારવી. દેવગુરૂધર્મને નહીં માનનારી પાશ્ચાત્ય પ્રજાઓ બાહ્યચડતીના શિખરે ચડીને એકવાર એવી પડવાની કે તેઓનાં નામ નિશાન પણ નહિં રહે. ધર્મની બાબતમાં જૈનશાસ્ત્રોથી વિરૂદ્ધ

આચરણ ન કરવું. આત્મિક ગુણકર્મોથી ભ્રષ્ટ થએલાઓની ઉન્નતિ તે ઉન્નતિ નથી પરંતુ પડતીછે. જૈનધર્મના વિચારોની અને આચારોની તથા જૈનતત્વજ્ઞાનની પૂર્ણશ્રદ્ધા પ્રીતિ ધારીને પોતાનાથી બને તેટલી ધર્મની સાધના કરવી. યુરોપીય મધ્યસ્થ વિદ્વાનો સંપ્રતિ જૈનધર્મની મહત્તા તથા સત્યતાને એકી અવાજે વખાણે છે. ધર્મની બાબતમાં જે શંકાઓ થાય તેઓનો ખુલાસો મેળવવો. જૈનસંઘની સેવામાં યથાશક્તિ ભાગ આપવો. જૈનધર્મનાં પુસ્તકોને છપાવીને જાહેરમાં લાવવા માટે તનમન ધનનો ભોગ આપવો. ભોગો ભોગવવામાંજ બાહ્ય આત્માની ઉન્નતિ નથી પણ કંઇ તેની સાથે ધર્મની આરાધના તથા સંઘસેવા કરવામાં તથા પુસ્તકો છપાવવા વગેરે ધર્મકાર્ય કરવામાં ભાગ આપવો. તેથી આત્મોન્નતિ છે દુનિયાના લોકો પાછળથી પોતાનું અનુકરણ કરે એવું ધાર્મિક ગૃહસ્થનું આદર્શજીવન ગાળવું. દરરોજ જૈનધર્મનાં પુસ્તકો વાંચવાં. દેવગુરૂની છબીનાં દર્શન કરવાં, નવકારવાળી ગણવી, ત્યાં બને ત્યાં સુધી દરરોજ સામાયિક કરવું. જે રળવામાં આવે તેમાંથી દશમો ભાગ સાત ક્ષેત્રમાં વાપરવો. દુઃખ સંકટમાં ધૈર્ય ધારવું. નવકારમંત્રનો જાપ જપવો. પરભવમાં ધર્મ જ સાથે આવનાર છે. દારૂમાંસ જેવી અપેય અભક્ષ્ય વસ્તુઓથી બિલ્કુલ દૂર રહેવું. સર્વજ્ઞમહાવીરપ્રભુપર પૂર્ણશ્રદ્ધા પ્રીતિ ધારશો. ધર્મથી જ અંતે સુખશાંતિ થાય છે. ખેડાવાળા મોહનલાલને ધર્મલાભ. સર્વજીવોનું સારૂં થાઓ. પરસ્પર એક બીજામાં આત્માને દેખો અને આત્મભાવે વર્તો, એજ ઇચ્છુંછું. ખેડાવાળા શા. રતિલાલ મોહનલાલને ધર્મલાભ.

इत्येवं ॐ अर्हं महावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ.

સંવત ૧૯૭૯ પોષવદિ ૬૧

શ્રી વિજાપુર તત્ર સુશ્રાવક શા. વાડીલાલ વનમાળીદાસ વગેરે યોગ્ય ધર્મલાભ વિ. તમારી માતાજી અને સુશ્રાવક નથુભાઇ મંછાચંદની બેન મોતિ બેને દેહ ત્યાગ્યો તે જાણ્યું, એમણે છેલ્લી ઉમરમાં શત્રુંજયની યાત્રા કરી કલ્યાણ કર્યું, ગુંહલી સજ્જાયો તેમની પાસે સર્વે કરતાં ઘણી કંઠસ્થ હતી, દેવગુરૂધર્મની આરાધનામાં તે સર્વ શ્રેષ્ઠશ્રાવિકા હતી. શ્રી રવિસાગર ગુરૂમહારાજની ભકત શ્રાવિકા હતી, તપ જપ ધર્મક્રિયા કરવામાં અપ્રમત્ત હતી. તેની સંગતિથી તમારામાં જૈનધર્મની શ્રદ્ધા અડગ રહી છે એવી ઉત્તમ શ્રાવિકાની સારી ગતિ થાય તેમાં કશું આશ્ચર્ય નથી. નથુભાઇ, કાલીદાસ, મોતીબેન વગેરે ગયાં, ચિંતાશોક કરતા નહિ, એમના પગલે ચાલોને ધર્મ કરો. વૈરાગ્યભાવથી આત્માને ભાવ્યા કરો. તમારા ગામમાં શા. કચરાભાઇ અમીચંદ એક જૈનધર્મ તત્ત્વનો જ્ઞાતા ગુણિયલ શ્રાવક હતો તે પણ આ સાલમાં ગયો. કર્મ પ્રમાણે થયા કરે છે તેમાં શોક કરવો ઘટતો નથી. ધર્મ કરવામાં અપ્રમત રહેશો. મનવાણી કાયાથી જૈનધર્મની સાધના કરો. ધર્મસાધનમાં થતા પ્રમાદોને ટાળશો. શા. લલ્લુભાઇ કાલીદાસ તથા શા. ભીખાભાઇ કાલીદાસ, દલસુખ મોતિચંદ વગેરેને ધર્મલાભ કહેશો.

इत्येवं ॐ अर्हं महावीर शान्ति. ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ.

સંવત ૧૯૭૯ પોષવદ ૪

શ્રી મેસાણા તત્ર સુશ્રાવક શિષ્ય શા. પોપટલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો નિશાળમાં રજાના દિવસોમાં રૂબરૂમાં આવી અધ્યાત્મજ્ઞાનાદિ જ્ઞાનનું શિક્ષણ લેવું. તમારૂ ભવિષ્ય બ્રહ્મચર્યઆદિ શારીરિક વાચિક અને માનસિક

શક્તિઓથી ઉચ્ચ થશે. હવા કસરત અને નિયમસર ખોરાક તથા ઉત્સાહ શક્તિઓથી સુદૃઢ બનો, તેમાં અંશ માત્ર પ્રમાદ ન કરો. આત્માની પૂર્ણ ઉન્નતિ કરવામાટે જ્ઞાનભક્તિ અને કર્મયોગની પ્રાપ્તિ કરવી જોઇએ. એવા ધ્યેયને લક્ષ્યમાં રાખી આગળ વધો. તમોગુણી વિચારોને દૂર કરો. અભ્યાસાદિ સર્વ યોગ્ય પ્રવૃત્તિમાં નિયમિત રહો. ધાર્મિક પુસ્તકોનું અનુક્રમે નિયમિત વાંચન કરો. શરીરના વીર્યની પૂર્ણ રક્ષા કરો, તેપર ભાવષ્યની ઉન્નતિનો આધાર છે. મેસાણાના ચોમાસામાં તમારા લાયક જે જે ઔપદેશિક સૂચનાઓ કરી હતી તેઓનું વારંવાર સ્મરણ કરી સુપથમાં વિચરશો. તમારી ઉન્નતિની સત્ય જ્ઞાનકુંચી દર્શાવી છે. દેવભક્તિ ગુરૂસેવામાં પૂર્ણશ્રદ્ધા પ્રેમથી અર્પાઇ જવામાં આત્માની પૂર્ણોન્નતિ છે. ઉપયોગ રાખી કર્તવ્ય કર્મ કરો.

**इत्येव ॐ अर्हं महावीर शांतिः ३**

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ.

સંવત ૧૯૭૯ પોષવદિ ૫

શ્રી મુંબાઇ તત્ર સુશ્રાવક શા. ડાહ્યાભાઇ ઘેલાભાઇ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. ભાંખરિયા મોહનલાલ નગીનદાસ મુંબઇ આવ્યા છે તેમને તત્કાર્ય સંબંધી સર્વ સમાચાર જણાવ્યા છે, તેમને મળીને વા બોલાવીને તે બાબતનો નિર્ણય કરો. ધર્મનાં કાર્ય કરવામાં એકક્ષણ માત્રનો પ્રમાદ કરવો ન ઘટે. લક્ષ્મી અને સત્તા કરતાં ધર્મ અનંતગુણ ઉત્તમ છે. લક્ષ્મી મળે છે પણ ધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. પરભવમાં ધર્મ તેજ સત્ય ભાતુ છે. દરરોજ સામાયિક કરશો અને એકાગ્ર ચિત્તથી ધર્મનાં પુસ્તકો વાંચશો. આયુષ્યનો અંત અણધાર્યો આવે છે માટે ધર્મકાર્યમાં લેશમાત્ર ઢીલ ન કરવી. સાંસારિક તન ધન વગેરે પદાર્થો પરભવમાં સાથે આવનાર નથી માટે ચેતીને ધર્મ-

કાર્ય કરશો. દેવગુરૂની ભક્તિ કરવામાં તન મન ધનથી અર્પાઇ જવું.–દેવગુરૂ ધર્મની શ્રદ્ધા પ્રાતિથી આત્માની શુદ્ધિ કરશો મેસાણે આવો ત્યારે રૂબરૂમાં જરૂર આવી જવું. ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખશો.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુકામ મહેસાણા.

શ્રી આબુજીતત્ર સુશ્રાવક. વકીલ—મોહનલાલ હેમચંદ, માણેકલાલ મંગળભાઇ, મણિભાઇ, પ્રેમચંદભાઇ, વિગેરે યોગ્ય ધર્મલાભ.

વિ–તમારો પત્ર વાંચી સમાચાર જાણ્યા છે. શરીરની શાતા-વેદનીય સાથે આત્માના સુખની તુલના કરીને આત્માના શુદ્ધ ધર્મમાં તલ્લીન થવાય તેમ પ્રવર્તશો.

अहो अनंतवीर्योऽय मात्मा विश्वप्रकाशकः
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः

શરીરસ્થ આત્મા વસ્તુતઃ અનંત વીર્યમય અને વિશ્વપ્રકાશક છે તે ત્રણ્યલોકને ચલાવી શકે તેમ છે ધ્યાનશક્તિ પ્રભાવથી આત્માની સર્વ શક્તિયોનો પ્રકાશ થાય છે. આબુજી શાંત પ્રદેશ છે. જ્યાં ત્યાં ગુફાઓ વગેરે ધ્યાનનાં સ્થાનો પામીને આત્માના સુખને પ્રકટાવશો. આત્માને આત્મારૂપ કરશો. શરીરનો કંઈ ભરૂસો નથી. જેટલું પ્રાપ્ત થાય તેટલું અપ્રમત્ત ધ્યાને પ્રાપ્ત કરશો. ધર્મધ્યાનના પાયા તથા પિંડસ્થાદિક ધ્યાનનું એકાંતમાં અવલંબન કરશો, તેથી આત્મસુખનો પ્રકાશ થશે. અનુભવવડે અનુભવની વૃદ્ધિ થશે.

ॐ अर्हंमहावीर शान्तिः ३

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ

સંવત્ ૧૯૭૯ પોષ વદિ. ૧૦

શ્રી. મુંબાઇ તત્ર. શ્રદ્ધાવંત, દયાવંત, દેવગુરૂભક્તિકારક. સુશ્રાવક શેઠ—ભોગીલાલ વીરચંદભાઇ. તથા શા. અમૃતલાલ. કેવળ. તથા તમારા સુપુત્રો યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારો પત્ર આવ્યો તે પહોંચ્યો વાંચી સમાચાર જાણ્યા. વિશેષ. ત્યાંથી અમૃતલાલ માઘ સુદિ બીજે અહીં આવવાના છે તે આવ્યાથી ગોધાવી જવાનું તમે જાણી શકશો. દેવગુરૂધર્મની સેવાભક્તિ કરવામાં અપ્રમત્ત રહેશો. આત્માની શુદ્ધિ થાય તેવાં સતકાર્યો કરવાં. મનુષ્યજન્મ પુનઃ મળવો દુર્લભ છે. પરભવમાં ધર્મકાર્ય સાથે આવશે. મનુષ્યભવની એક ક્ષણ પણ નકામી ગુમાવવી યોગ્ય નથી. સંતસાધુ સમાગમથી વૈરાગ્ય અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. આ દુનિયામાં પરમાત્માની ભક્તિ કરવી તેમજ દાનશીયલતપભાવનાથી મોહને ટાળવો. સામાયિક--પ્રભુપૂજા, દાન, પરમેષ્ઠીમંત્રનો જાપ આદિથી આત્માને પવિત્ર કરવો. જે હાથે સત્કાર્ય કર્યું હોય છે તેજ સાથે આવવાનું છે. ધર્મસાધનામાં તૈયાર રહેશો.

**इत्येवं ॐ अर्हंमहावीर शान्तिः ३**

---

લેખક બુદ્ધિસાગર. મુ. સાણંદ

સંવત્ ૧૯૭૯ પોષ વદિ ૧૪

શ્રી યૂરોપ ફ્રાન્સ દેશ પારીસ નગરે સુશ્રાવક શા. નેમચંદભાઈ ગટાભાઇ તથા ઝવેરી શા. કલ્યાણભાઈ દલસુખભાઈ યોગ્ય ધર્મલાભ. વિશેષ નેમચંદભાઈને માલુમ કે તમારો પત્ર પહોંચ્યો. વાંચી સમાચાર જાણ્યા છે. તમારા ભાઇ મણિલાલભાઈએ કાળ કર્યો તે તમે જાણ્યું હશે. કાળની ગતિ વિચિત્ર છે. સર્વજીવો કર્મને આધીન છે. જેનું આયુષ્ય પૂર્ણ થાય છે તે આ ભવ છોડી પરભવમાં ચાલ્યો જાય છે અને તે પ્રમાણે જેટલા જન્મ્યા

છે તે સર્વને જવાનું છે. જે જન્મશે તે પણ જશે. અસાર સંસારમાં કયાં પ્રતિબંધ કરવો જોઈએ ? જોનારા પણ જનાર છે, ને રોનાર પણ જનાર છે. નકામો શામાટે મોહ કરવો જોઇએ ? વીજળીના ચમકારા જેવી આ મનુષ્ય જીંદગી છે એમ જાણીને ધર્મીજીવો ચેતી ધર્મસાધન કરે છે, અને મોહીજીવો મોહમાં ફસાઇને અંતે દુઃખ પામે છે. દેહ, ઘરબાર, કુટુંબકબીલથી આત્મા ન્યારો છે એમ જાણીને નિર્મોહભાવ ધારવો. મનુષ્ય જીંદગીનું ધ્યેય પરમાત્મપદ પ્રાપ્તિ કરવી તે છે. તે આદર્શ જીવન ગાળવા માટે શુદ્ધપ્રેમ અને જ્ઞાનના ઉપયોગથી વર્ત્તવું જોઇએ. આત્માને કર્મ લાગ્યાં છે એમ જ્યારે જ્ઞાની જાણે છે ત્યારે તે કર્મથી છૂટવાનો પ્રયત્ન કરે છે એમ મહાવીર પ્રભુએ પ્રકાશ્યું છે. જૈનધર્મની આરાધના જેટલી બને તેટલી કર્યા કરશો પ્રમાદોને શત્રુરૂપ ધારી તેનો પરિહાર કરવા પ્રયત્ન કરશો. સર્વજીવોને પોતાના આત્માસમાન ગણવા, માનવા. એકાત્મભાવના ભાવશો. આત્માની શુદ્ધિ કરવા સતત ઉત્સાહી થશો. સર્વજીવને ધર્મમાર્ગમાં સહાય આપવા સહાયક થવું. જે પ્રવૃત્તિના ઘરમાં નિવૃત્તિ રહી છે એવી ધર્મ્ય પ્રવૃત્તિને સ્વાધિકારે આદરવી પ્રભુ મહાવીર સ્વામીના ઉપદેશોનું વારંવાર સ્મરણ —મનન—નિદિધ્યાસન કરશો. હાલ જે કંઇ થાય છે એમ તમે જાણો છો, તેમાં તટસ્થ સાક્ષીભૂત થઇને વર્ત્તશો. આત્માના આનંદમાટે જ મનુષ્યની જીંદગી છે પણ ક્ષણિક પૌદ્ગલિક સુખમાટે ખાસ મનુષ્ય જીંદગી નથી, એમ લક્ષ્ય રાખી દરેક પ્રવૃત્તિ કરશો. ઝવેરી કલ્યાણભાઇ દલસુખભાઈ અમને મહેસાણા મળ્યા હતા અને સાથે શા. રતિલાલ મગનલાલ મળ્યા હતા તે વખતે તેમણે અમારી સાથે અનેક પ્રકારની ધર્મની ગોષ્ટી કરી હતી તેથી તેમને આનંદ થયો હતો. એજ ધર્મસાધન કરશો. ધર્મકાર્ય લખ્યા કરશો. એજ.

લેખક. બુદ્ધિસાગર મુ૦ સાણંદ.

૧૯૭૯ ના પોષવદિ ૦))

શ્રી મુંબાઈ તત્ર સુશ્રાવક શા. અમથાલાલ નગીનદાસ તથા શા. મણીલાલ નગીનદાસ તથા ભાઈ મોહનલાલ નગીનદાસ યોગ્ય ધર્મલાભ. વિશેષ તમારા બે પત્રો પહોંચ્યા છે ને તેમાં લખેલા સમાચાર જાણ્યા છે, તે મોકલેલ પુસ્તકો પહોંચ્યાં છે. હાલ પ્રતિષ્ઠાની પ્રવૃત્તિ હોવાથી પત્ર લખવાનું કાર્ય ઢીલમાં થાય છે તે જાણશો. તમને વિહારમાં આપેલો ઉપદેશ ધ્યાનમાં આણશો. ત્યાં ધર્મની ભાવના ઓછી રહે છે તે જાણ્યું, મુંબાઈ ઉપાધિમય નગરી છે તેથી ત્યાં શાંતિ–નિરૂપાધિમય દશા ઓછી મળી શકે એ સ્વાભાવિક છે તોપણ હરરોજ ધર્મ કરશો અને રાત્રે સુઇ રહેતાં પહેલાં પરમાત્મા અને દેવગુરૂ ધર્મ સંબંધી વિચારો એકાંતમાં કર્યા કરશો અને નિરૂપાધિદશા પ્રકટાવવાની ભાવના ભાવ્યા કરશો. અંતરદૃષ્ટિથી આત્માનું સ્વરૂપ વિચારજો અને બાહ્યથી દુનિયામાં આજીવિકાર્થે પ્રવૃત્તિ કર્યા કરશો. આત્માનો આનંદ પ્રગટાવવા માટે સર્વથા જ્ઞાનરૂપ પુરૂષાર્થ કર્યા વિના મનુષ્યની જીંદગી નકામી છે. બાહ્યની શાંતિ કરતાં આત્માની શાંતિ અનંતગણી ધારે છે માટે આત્મરમણતા કરવા લક્ષ્ય દેશો. કર્મયોગે બાહ્યમાં તો જે થવાનું હોય તે થયા કરે છે તેમાં હર્ષ પણ કરવો નહિ અને શોક પણ કરવો નહિ. સર્વને ધર્મલાભ કહેજો. એજ.

---

લેખક બુદ્ધિસાગર. મુ૦ સાણંદ.

સંવત્ ૧૯૭૯ માઘ સુદિ ૧

શ્રી વિજાપુર તત્ર સુશ્રાવક શા. પોપટલાલ કચરાભાઇ યોગ્ય ધર્મલાભ વિ. વ્યાપારમાં ખોટ જવાથી તમારી આર્થિક સ્થિતિ નબળી પડી અને દેવું ચુકવવામાં સંકડામણ આવી તેથી તે બાબતમાં શી રીતે વર્તવું તેમ લખ્યું તે જાણ્યું. આ દુનિયામાં સૂર્યચંદ્રને પણ ગ્રહ નડે છે, સર્વ જીવોને પાપ ગ્રહ નડે છે, દેવગુરૂનો

ભક્ત પ્રમાણિકપણે વર્તે છે. જ્યાં જ્યાં નજર પહોંચે ત્યાં જવું અને સહાય માગતાં લજ્જા ન કરવી, અત્યંત ઉદ્યોગ કરવો, છતાં ન બને તો પ્રમાણિકતાએ મળે ત્યારે આપવાની બુદ્ધિએ બાકી કાઢી આપવી અને દેશ છોડી મુંબાઇ વગેરે શહેરોમાં જવું અને ત્યાં પ્રમાણિકપણે વ્યાપારાદિ પ્રવૃત્તિ કરવી. પાસે જે ધન હોય તે વિવેકપૂર્વક આપવું અને ન હોય તો બાકી કાઢી આપીને વર્તવાથી આબરૂ પ્રતિષ્ઠાને ખામી લાગતી નથી. પાસે હોય અને ન આપવું તો તેથી કીર્તિ પ્રતિષ્ઠાને ધોકો પહોંચે છે. તમારી પ્રમાણિકતા સર્વત્ર પ્રસિદ્ધ છે, તેથી બાકી કાઢી આપીને વર્તવાથી જરા પણ હાનિ નથી. હવે સટ્ટાના રસ્તામાં જશો નહિ. મેં તમને ઘણી-વાર ચેતાવ્યા છતાં નળરાજા તથા યુધિષ્ઠિરની પેઠે સટ્ટાનું વ્યસન ન છોડયું તેથી દુઃખ પડે તેમાંથી હવે દેવપણુ ઉગારી શકે તેમ નથી, તમારે કદી ગભરાઇને આપઘાત ન કરવો, કારણ કે આપઘાત સમાન કોઇ મહાપાપ નથી. તે સમાન કોઇ અજ્ઞાન નથી, વાયુથી પાંદડું ફરે છે તેમ વેપારીનું ભાગ્ય ફરે છે, તમારે માથે આવેલો સંકટકાળ સદા રહેવાનો નથી, તમે તો શું ? પણ હાલ તો કરોડાધિપતિઓ પણ સંકટમાં આવી પડયા છે. જીવશો તો અંતે સારૂં દેખશો. નામર્દ બાયલાપણાના વિચારો કાઢી નાખવા, ગુરૂભક્ત ડરતો નથી તેમ મરતો પણ નથી તે તો પુણ્ય અને પાપના ઉદયનેસમભાવે ભોગવે છે, માટે તમારે ગભ-રાવું નહિ. છેવટે સારૂં પરિણામ આવશે. ખરીદાનતવાલો છેવટે હરિચંદ્રની પેઠે જય પામે છે, માટે હુશિયારી રાખો. આવખતે તમારી ખરી કસોટી છે. દુનિયા દીવાની છે તેના સામું ન દેખવું, મેરૂપેઠે ધીર બની બનનાર ભાવીને સહો અને પ્રમાણિકપણે વર્તો, હોય તો આપવું, ન હોય તો મળે ત્યારે આપવા. બાકી મૂકી આપવી. પ્રભુ મહાવીર દેવને ઉપસર્ગ પરિષહ નડયા હતા. મોટાઓને દુઃખ પડે છે માટે ગભરાઓ નહિ. રામ અને પાંડ-વોને વનમાં ભટકવું પડયું હતું તે કંઇ હિંમત હાર્યા નહોતા. તે પ્રમાણે વર્ત્તો એવી મારી આજ્ઞા છે. વખત આવે પડેલા સંકટના દહાડા પણ ભૂલાશે. ધર્મસાધન કરશો.

इत्येवं ॐ अर्हंमहावीर शान्तिः ३

લે. બુદ્ધિસાગર મુ. સાણંદ

સં. ૧૯૭૯ માઘસુદિ ૫

મુ. રાજલી તત્ર સુશ્રાવક શા. ત્રિકમલાલ વ્રજલાલ યોગ્ય લાભ. તમારો પત્ર પહોંચ્યો. આત્માની પૂર્ણદશા અનુભવાય એવાં પુસ્તકો વાંચો અને એવો પુરૂષાર્થ કરો. સમ્યકત્વ-જ્ઞાન પામ્યાની અપેક્ષાએ આત્માનો જન્મ છે પશ્ચાત્ સમ્યકત્વ જ્ઞાની આત્મા બાળકરૂપે ખેલે છે, પશ્ચાત્ દેશથકી દેશવિરતિને પામે છે. આત્મા તે કાળે આત્માના આનંદભાગ માટે સત્પ્રવૃત્તિ કરે છે અને શુદ્ધપ્રેમથી સર્વજીવોસાથે મળે છે, પશ્ચાત્ સર્વવિરતિ ચારિત્રરૂપ યુવાવસ્થા શરૂ થાય છે અને ધર્મધ્યાન તથા શુકલધ્યાનથી આત્માના આનંદે ખેલે છે, પશ્ચાત્ તે જીવતાં છતાં કેવલજ્ઞાન પામીને આત્માને પરમાત્મા—બનાવીને ત્રણ ભુવનનો શહેનશાહ પરમેશ્વર બને છે. આત્માની પૂર્ણશુદ્ધિ માટે મનવાણીકાયાનો નિમિત્ત વ્યાપાર તે ધર્મયોગ છે. ધર્મયોગ પ્રવૃત્તિની સાથે દોષો પણ હોય છે. મોહની સાથે આત્મા, ધર્મયુદ્ધના અખાડામાં ઉતરે છે. બન્નેના સામાસામી દાવપેચ લેવાય છે, કોઇ વખત મોહ ઉપર હોય છે તો કોઇ વખત આત્મા ઉપર આવે છે, છેવટે આત્મા બળવાન્ થાય છે. અગ્નિની સાથે ધૂમ્ર હોય છે તેમ દરેક ધર્મપ્રવૃત્તિ સાથે મોહ દોષો પ્રગટે છે છેવટે કેવલજ્ઞાન પ્રગટતાં મોહના દોષો સર્વથા ટળી જાય છે. આત્માનો જન્મ થતાં તે સર્વવિશ્વની સાથે સંબંધમાં આવે છે. આત્માની પરમાત્મદશારૂપ આદર્શજીવનને પામો.

ॐ अर्हं महावीर शांतिः ३

---

લે. બુદ્ધિસાગર                                                  મુ. સાણંદ

સં ૧૯૭૯ માઘ સુદિ ૯

વડોદરા તત્ર ધર્મજિજ્ઞાસુ ભાઇ જયંતીલાલ ઉત્સવલાલ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર પહોંચ્યો, વાંચી સમાચાર જાણ્યા. વિશેષ સંસારમાં અનેકવિપત્તિસંકટોમાંથી ધીરવીર થઇને પસાર થવું પડે છે. તમે દુઃખ સંકટ વેઠીને ભવિષ્યમાં સારા થઇ શકશો. જે થાય છે તે સારા માટે છે એમ માની પ્રવર્તો. જે જે અવસ્થા સાંપડે તેમાંથી આગળની ઉચ્ચ દશા તરફ ચઢતાં શીખો. હાલમાં ધ્યાન કરવાના મનોરથ કરો છો પણ તેનો તમારે માટે હાલનો સમય નથી. હાલ તો પરમાત્માનું વારંવાર સ્મરણ કરો, હાલમાં તો જે કાર્ય કરવાનું છે તે પ્રતિ લક્ષ્ય રાખી પ્રવર્તો. સ્વાશ્રયી બનીને પ્રવર્તો, છેવટે સારૂં થશે. તમારા કાકા દાસુભાઈ જજજનું વ્યાવહારિક નીતિમય જીવન સારૂં હતું અને તે કુટુંબની ઉન્નતિ કરવાની દાઝવાળા હતા. હોય જે બનવાનું હોય છે તે બન્યા કરે છે, ચિંતા ન કરવી. આનંદમય જીવન તો જ્ઞાની શાંત ફકીરોનું હોય છે, તેવી સ્થિતિને ગૃહસ્થદશાની ઉપાધિવાળાઓ ક્યાંથી પ્રાપ્ત કરી શકે? છતાં આત્મજ્ઞાનથી આત્માની આનંદ ખુમારીની ઝાંખી પ્રાપ્ત કરી શકાય છે. હાલ તો કર્તવ્ય કાર્ય કરો. ઉત્સાહ અને શુદ્ધપ્રેમથી કર્તવ્ય કાર્યો કરો. રજાના દિવસોમાં રૂબરૂ મળી જવું. અમારો પત્ર ન હોય તો વિજાપુર શા. મોહનલાલ જેસીંગભાઇને પત્ર લખી અમારૂં મુકામ પુછી લેવું. યોગેન્દ્રને પત્ર લખો તો અમારા ધર્મલાભ લખશો. છુટીના દિવસોમાં દશ પંદર દિવસ પાસે રહેવું. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા લક્ષ્ય દેવું. એકવાર ધારેલું વિદ્યાધ્યયન પૂર્ણ કરો, પશ્ચાત્ સર્વે બની રહેશે. એકાગ્રચિત્તથી કાર્યની સિદ્ધિ થાય છે. લક્ષ્ય વેધી બનો. તમારાં માતાપિતા તથા સુશ્રાવક. શા. કેશવલાલ. લાલચંદ તથા વકીલ. શા. ડાહ્યાભાઈ મગનલાલને અમારા ધર્મલાભ કહેશો. મનુને અમારા ધર્મલાભ.

इत्येवं ॐ अर्हंमहावीर शांतिः ३

## (હાર્દિક) નોંધ પોથીમાંથી.

વેષક્રિયા અને ગુણ એ ત્રણમાંથી ઉત્તમ સાધ્ય ગુણચારિત્ર છે. વેષ અને ક્રિયાનુષ્ઠાન કરીને ગુણચારિત્ર પ્રાપ્ત કરવાનું છે. મનવાણી અને કાયાની પ્રવૃત્તિરૂપવ્યવહારચારિત્રવડે ચિદાનંદરૂપ ગુણચારિત્ર પ્રકટાવવાનું જ્યાં સાધ્યલક્ષ્ય નથી ત્યાં બાહ્યચારિત્રની મહત્તા નથી. જે કારણથી કાર્યની સિદ્ધિ થાય છે તેજ સત્ય કારણ છે. આત્માની શુદ્ધિમાટે અનેક ઉપાયો અર્થાત્ યોગો છે તે સાપેક્ષદૃષ્ટિએ સત્ય છે. સર્વકાર્યો કરવાં પણ આત્માનો ઉપયોગ રાખવો. આત્માનો ઉપયોગ રહે અને બાહ્ય કર્તવ્ય કાર્યો પણ કરાય તો તેથી આત્મશુદ્ધિ અને સમભાવમાં આગળ વધાય છે. આત્મશુદ્ધિ કરવારૂપ સાધ્ય દૃષ્ટિબંદુનો ઉપયોગ રાખીને કર્તવ્ય કરવું અને સર્વપ્રવૃત્તિમાં પોતે પોતાને ન ભૂલી જવારૂપ આત્મોપયોગ ધારવો જોઇએ. પોતાના આત્માનો ઉપયોગ તેજ પ્રભુનો ઉપયોગ ભક્તિ સેવા છે. આત્મા પોતાના શુદ્ધોપયોગે સ્વસ્વરૂપને સ્મરતો છતો ગમે તેવી બાહ્યપ્રવૃત્તિમાં આત્મચારિત્રી છે. આત્માનંદનો રસ વેદવો એજ આત્મચારિત્ર છે. એવો ઉપયોગ રાખતાં બાહ્યકર્માદિકશુભાશુભ ઔદયિકભાવમાં સમભાવ પ્રવર્તે છે, એવા સમભાવરૂપ આત્મચારિત્રનો ઉપયોગ વર્તતો હોય તે વખતે આત્માની અપ્રમત્તદશા છે અને તે વખતે સર્વ બાહ્યકરણીરૂપ ચારિત્રનું પૂર્ણફલ વેદાય છે. આવી અપ્રમત્તદશાનો ઘણી વખત અનુભવ આવે છે એવી શુદ્ધોપયોગ સમાધિનો આત્માનંદરસ વેદાય છે અને તેવી બાહ્યસાધન ચારિત્ર કરણીનો કદાગ્રહ રહ્યો નથી છતાં લોકસંગ્રહન્યાયે પ્રવર્તતાં આત્મશુદ્ધોપયોગમાં અપ્રમત્તભાવે રહેવા પુરૂષાર્થ કરાય છે તેથી નિશ્ચય થાય છે કે આત્માની પૂર્ણશુદ્ધિ પણ પ્રાપ્ત થવાનીજ અને આત્મા તે પરમાત્મા થવાનોજ. આત્માનો ઉપયોગ તે ઉપયોગચારિત્ર છે. વેષક્રિયાદિવ્યવહારચારિત્રમતભેદકદાગ્રહમાં જ્ઞાની લેપાતો નથી અને વેષક્રિયાદિ બાહ્યચારિત્રમાં અન્યોને લેપાવાની એકાંત સાધ્ય શૂન્યતાનો ઉપદેશ અપાતો નથી. આત્માના જ્ઞાનાદિગુણોમાં

રમણતા એજ આત્મશુદ્ધોપયોગ છે અને તેજ આત્માની મુક્તિ છે એવો અનુભવ આવેલો છે તેમાં અન્યોનો પ્રવેશ કરાવાય છે. જ્યાં આત્મજ્ઞાનોપયોગ વર્તે છે ત્યાં કર્મબંધ નથી. પ્રકાશ હોય છે ત્યાં જેમ અંધકાર રહીશકે નહીં તેમ આત્મજ્ઞાનોપયોગ જેનામાં વર્તતો હોય છે એવા જ્ઞાનીને કર્મબંધ નથી અને તે કર્મથી ભય પણ પામતો નથી. કર્મ તે જડ છે અને આત્મા તો ચેતન છે તેને જાગ્રત્દશામાં કર્મ કશું કરી શકવા સમર્થ નથી. યદ્યપિ આત્મજ્ઞાનીઓ શુભાશુભ કર્મવિપાકો કે જે પ્રારબ્ધકર્મ છે તેનું ફલ સુખ દુઃખરૂપ ભોગવે છે પણ તે ગમે તેવા આસ્રવ સંબંધોમાં પણ આસ્રવ હેતુઓને સંવરના હેતુરૂપ પરિણમાવવાને સમર્થ હોય છે, તેઓ વસ્ત્રાદિક ઉપધિસંબંધમાં પણ મૂર્છા વિના અપરિગ્રહી છે, તેઓમાટે આચારનું પ્રયોજન નથી છતાં તેઓ આચારોને વ્યવહારદૃષ્ટિએ આદરે છે પહેલી ચોપડી ભણ્યા બાદ પહેલી ચોપડીને પાસે રાખવી જેમ નકામી છે પણ અન્યોનામાટે રાખવી તે કામનીછે, તેમ આત્મજ્ઞાનીઓને સાધનોમાટે સમજવું. સાધનોમાં એકાંતતા નથી. વર્તમાનમાં કાર્યોકરતાં છતાં કર્મબંધથી અબંધ રહેવામાટે આત્મશુદ્ધોપયોગ સમાન કોઇ મહાન્ ઉપાય નથી. આત્મા તેજ જ્ઞાનોપયોગ છે અને જ્ઞાનોપયોગ તેજ આત્મા છે. પૂર્ણનિરૂપાધિક આનંદ તે જ આત્માછે. આત્મદૃષ્ટિએ મુક્તિ છે અને મોહદૃષ્ટિએ સંસાર છે. એક ક્ષણમાં આત્મજ્ઞાનોપયોગથી આત્મા મુક્ત બને છે. એકવાર સ્વાત્માને ઓળખ્યાબાદ પશ્ચાત્ કર્મબંધથી આત્મા અબંધ વર્તે છે, એવો જ્ઞાનોપયોગનો મહિમા છે. સર્વ કર્તવ્યકાર્યો સ્વાધિકારે કરવાં પણ અંતરમાં જ્ઞાનોપયોગ રાખવો. આત્મજ્ઞાનોપયોગ એજ આત્મરૂપપ્રભુની સેવાભક્તિ છે અને તેજ સર્વવિશ્વની સેવાભક્તિ છે. આત્મજ્ઞાનોપયોગમાં સત્ય ત્યાગ વૈરાગ્યદશા છે, તે વિના વનમાં નગ્ન રહેવામાત્રથી ત્યાગીપણું નથી. આત્મજ્ઞાનોપયોગથી અક્રિય અકર્મ તથા નિર્લેપ દશાનો અનુભવ પ્રગટે છે, આત્મજ્ઞાની મેરૂપર્વત જેટલા સુવર્ણ રત્નરાશિપર બેસે તો પણ તે અક્રિય છે અને નિર્લેપી છે, તે બાહ્ય

વસ્તુઓનો ત્યાગ તથા ગ્રહણ તે આત્મોપયોગથી કરે છે તેથી તેની ત્યાગદશામાં વિઘ્ન આવતું નથી. આત્માના શુદ્ધોપયોગમાં આત્માની શુદ્ધપરિણતિ હોવાથી અકર્મમુક્તદશા સહેજે પ્રગટે છે. આત્માની સાથે અનાદિકાલથી કર્મનો સંબંધ છે. કર્મના આઠ ભેદ છે. એક અપેક્ષાએ પ્રારબ્ધ સંચિત અને ક્રિયમાણ એ ત્રણ ભેદ થાય છે. બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એમ કર્મ, ચાર પ્રકારે છે. કર્મનું આવરણ ટળતાંની સાથે આત્માના સંપૂર્ણ જ્ઞાનનો અને આત્માના પૂર્ણાનન્દનો પ્રકાશ થાય છે. જ્ઞાન અને આનંદ તેજ આત્મા છે. જે આત્મા જે જે અંશે જ્ઞાનાનંદનો અનુભવ કરે છે તે તે અંશે તે પરમાત્મા શુદ્ધબુદ્ધ મુક્ત છે. આવરણરૂપ કર્મ છે અને તે જ્ઞાન અને સમભાવથી ટળી જાય છે. આત્માના જ્ઞાનોપયોગથી આત્મા એક શ્વાસોચ્છ્વાસમાં અનંત ભવનાં નિકાચિતઘાતી કર્મનો ક્ષય કરેછે. કથંચિત્ આભવમાં બાંધેલાં કરેલાં કર્મોનું ફળ આ ભવમાં ભોગવવું પડે છે. અતિવિષય-ભોગપ્રવૃત્તિથી અત્યંત વીર્યનો ક્ષય થતાં ક્ષય રોગ થાય છે અને અન્યરીતે પણ ક્ષયરોગ થાય છે. તેમાં આભવમાં કરેલાં કર્મો આભવમાં રોગાદિવિપાકરૂપથી ભોગવાય છે. એક ક્ષણ વા એક કલાક પૂર્વે કરેલું કર્મ કે જે વર્તમાનમાં વિષાદિભક્ષણ રૂપ કર્મ છે, તે અહીં વિપાકરૂપે ભોગવવું પડેછે તે પણ આભવમાં પૂર્વકર્મ અપેક્ષાએ જાણવું. અજ્ઞાન અને મોહથી આહારવિહારમાં ભૂલો થતાં અનેક રોગો થાય છે તે રોગો તે કર્મવિપાક છે અને તે શાતા તથા અશાતારૂપપરિણતિને પ્રગટાવેછે તે રોગરૂપ વિપાકનું કારણ કોઈ અપેક્ષાએ આભવમાં અજ્ઞાન અને મોહથી કરેલી અપથ્ય કુપથ્ય પ્રવૃત્તિ આદિ છે. માર્ગમાં જતાં કોઇની મશ્કરી કરવી અને ગાળ દેવી તેથી સામો મનુષ્ય શસ્ત્રથી ઘા કરે તે આ ભવમાં કરેલું કર્મ છે અને તેનું ફલ શસ્ત્રઘાતથી આ ભવમાંજ વેદાય છે. ચોરો ચોરી કરીને વધશૂળીઆરોહણરૂપ કર્મવિપાકને આ ભવમાંજ ભોગવે છે અને કેટલાક તેનું ફલ પરભવમાં આવતાભવમાં ભોગવે છે. આ ભવમાં કરેલી ભૂલો પ્રાયઃ આ

ભવમાંજ સુખ અને દુઃખરૂપ ફલને આપે છે માટે દરેક કાર્ય કરતાં કર્મ ન બંધાય એવી રીતે જ્ઞાનોપયોગથી વર્તવું. આત્માના ઉપયોગે વર્તતાં કર્મબંધ કરવાની ભૂલો થતી નથી અને તેથી શુભાશુભ કર્મબંધનું કારણ શુભાશુભપરિણામ પણ પ્રગટતો નથી. આત્માનો જ્ઞાનોપયોગ તેજ સર્વપ્રવૃત્તિ કરતાં છતાં પણ અપ્રમત્ત દશા છે અને તેથી આત્મોપયોગે આત્મધર્મ છે અને મોહપરિણતિથી કર્મબંધ છે અર્થાત્ સંસાર છે એમ જાણવું. ભૂતકાલીનમોહાદિકર્મોનો જ્ઞાનોપયોગથી નાશ થાય છે. કર્મ કરતાં છતાં મોહાદિ કર્મની અક્રિયતા ખરેખર જ્ઞાનોપયોગે વર્તવાથી છે. જ્ઞાનોપયોગથી આત્મા અક્રિય છે અને મોહથી કાયાદિ ગુપ્તિ છતાં સક્રિય સકર્મદશા છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માનું સત્તા-સ્વરૂપ વિચારવું. મનવાણિકાયાદિ જડજગત્‌થી આત્માને જુદો પાડવો અને આત્મસત્તાવડે સર્વત્ર એકાત્મસત્તાનો વ્યાપક ઉપયોગ ધારવો તે સંગ્રહનયે આત્મધ્યાન છે. વ્યવહારનયે આત્માનું ભિન્ન વ્યક્તિત્વ વિચારવું અને અસંખ્યાતપ્રદેશમય આત્માનું ધ્યાન ધરવું. નૈગમનયદૃષ્ટિએ શરીરાદિસહિત આત્માનું ધ્યાન કરવું. ઋતુસૂત્રનયે આત્માનોજ વર્તમાનમાં વર્તતો ઉપયોગ તે ઋતુસૂત્રનય દૃષ્ટિએ આત્મધ્યાન છે. શબ્દનય દૃષ્ટિએ આત્માનું જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ ધ્યાવું અને શુદ્ધાત્મઉપયોગમાં રહેવું. સમભિરૂઢનયદૃષ્ટિએ આત્માનું શુકલધ્યાન ધરવું અને મન છતાં મનના સંકલ્પવિકલ્પનો પ્રચાર બંધ થવો અને આત્માનંદની મસ્તીની ધૂનમાં અવધૂતદશાનો અનુભવ કરવો તે સમભિરૂઢનયદૃષ્ટિએ આત્મધ્યાન છે અને એવંભૂતનયદૃષ્ટિએ શુદ્ધનિશ્ચયોપયોગે આત્માનો પૂર્ણ અનુભવ કરી કેવલજ્ઞાન પ્રગટાવવું તે એવંભૂતનયે આત્મધ્યાન જાણવું. અવધૂતદશાની આનંદખુમારીનો અનુભવ પ્રગટતાં દુનિયામાં લોકસંજ્ઞા, શાસ્ત્ર-સંજ્ઞા, વિષયસંજ્ઞાવાસનાનો અભાવ થઇ જાય છે. ઉપશમભાવે બેઘડી સુધી આત્માની એવી દશાનો આનંદરસ વર્તેછે અને ક્ષયોપશમભાવે વારંવાર ચારિત્રાદિમોહનો ક્ષયોપશમ થતાં એવી

દશા આવે છે અને જાય છે અને મોહનો સર્વથા નાશ થતાં એવી શુદ્ધાત્મદશા, એવંભૂતનયધ્યાને પ્રગટે છે તે કદાપિ ટળતી નથી. ઉપશમ અને ક્ષયોપશમની એવી શબ્દનયદૃષ્ટિના ધ્યાન-વાળી અવધૂતદશાનો અનુભવ આવ્યો છે, પરંતુ મોહનો સર્વથા ક્ષયરૂપ દશાનો અનુભવ આવ્યો નથી. શુક્લધ્યાનદશાની કિંચિત્ ઝાંખીનો આનંદરસ વારંવાર વેદાય છે અને અનુપયોગદશાએ ટળે છે. આત્મોપયોગની ધ્યાનદશાનું પ્રાબલ્ય વૃદ્ધિ પામે છે અને અનુ-પયોગદશાની વ્યક્તતા પુનઃ આત્મોપયોગરૂપપ્રતિક્રમણથી ટળે છે. તેમજ વ્યાવહારિક કર્તવ્યો સ્વાધિકારે કાયાથી કરાય છે તેમજ શુભાશુભકર્મવિપાકરૂપ ઉદયપ્રયોગમાં સમભાવ સાક્ષીભાવ વેદાય છે અને આત્માનું જડની અપેક્ષાએ ગુરૂત્વ અને લઘુત્વ છે તે વેદાતું નથી. કષાયોદય આવે છે તો તુર્ત ટળી જાય છે પણ તેનું જોર અને તેનું ઉપયોગિત્વ હવે રહ્યું નથી. જડ છે તે જડપણે અનુભવાય છે અને આત્મા તે આત્મપણે અનુભવાય છે. જડ અને આત્માની ભેગી ઔદયિકદશામાં રાગ અને દ્વેષ વર્તતા નથી એમ આત્મોપયોગે અનુભવ વેદાય છે અને તેમાં ક્ષયોપશમજ્ઞાનોપ-યોગ અને ક્ષયોપશમ તથા ઉપશમચારિત્રનોઆવિર્ભાવ છે એમ પ્રભુમહાવીર દેવનાં શાસ્ત્રોની અપેક્ષાએ સમજાય છે. ક્ષાયિકભાવનું જ્ઞાન અને ક્ષાયિકભાવનું યથાખ્યાતચારિત્ર પરભવમાં પ્રગટાવવામાટે પુરૂષાર્થ કરાય છે. હે આત્મન્ !!! તે પરભવમાં પૂર્ણ થશે તેમ લાગે છે. ઉપશમ તથા ભાવમાં ક્ષયોપશમભાવમાં પ્રમાદનું ઉત્થાન થવાનો સંભવ છે તેમ થાય છે તેથી હે આત્મન્ !!! તું પ્રમાદોથી સાવધ થા અને પૂર્ણ જાગ્રત્ થવા અપ્રમત્ત આત્મોપ-યોગી થા !!! હે આત્મન્ બાહ્યપદાર્થોમાં આસક્તિ વિના પ્રવર્ત આત્મામાં આત્માનો ઉપયોગ રાખ !!! આત્મામાં આત્માનો ઉપયોગ વર્તતાં બાહ્યધાર્મિકક્રિયાઓ થાય તો પણ ઠીક અને ન થાય તોપણ ભલે. પ્રમાદનો અંશ માત્ર પણ મનમાં ન પ્રગટે એવો ખાસ ઉપયોગ રાખવા પ્રબલ ઉત્સાહી થા !!! સ્વાધિકારે વ્યાવહારિક કર્તવ્યોને દેહ છે ત્યાંસુધી નિર્લેપપણે કર. જ્યાંસુધી જડવસ્તુઓ-

પર રાગ થાય છે ત્યાંસુધી વૈરાગ્ય ત્યાગરૂપસાધનની જરૂર છે. રાગનો નાશ થતાં વૈરાગ્ય ત્યાગનો અભાવ છે એમ જાણુ પણ રાગાદિકનો સર્વથા ક્ષાયિકભાવ ન થાય ત્યાંસુધી વૈરાગ્યત્યાગ ભાવનું અવલંબન મૂક નહીં અને અન્યોને તેના બોધ આપી જાગ્રત્ રાખ! હે આત્મન!!! ત્હારામાં જે છે તે અન્ય સર્વાત્માઓમાં તથા સિદ્ધોમાં છે. કર્મો કરતી વખતે કર્મયોગીનાં લક્ષણો ધરી પ્રવર્ત અને જ્ઞાનયોગીપણું આત્મોપયોગે ધારણ કરી પ્રવર્ત!!! આત્મામાં સત્તાએ પૂર્ણતા છે. તિરોભાવે આત્મામાં પૂર્ણતા છે પરંતુ તે આવિર્ભાવે કરવામાટે અપ્રમત્તસાધકના ઉપયોગથી ગમે તેવા બાહ્યકલ્પિતશુભાશુભપ્રસંગોમાં અચલ થા. મનવાણીકાયાકર્મની શુભાશુભપ્રવૃત્તિવાળાસર્વજીવોની ઔદયિક સ્થિતિમાં રાગદ્વેષની દૃષ્ટિ ધાર્યા વિના સમભાવે પ્રવર્ત!!! સર્વ જીવોના કર્મસંબંધી ગુણોમાં વા દોષોમાં જે જે અંશે ત્હને સમભાવ પ્રગટ્યો છે તેવો કાયમ રાખ અને સર્વથા સમભાવપૂર્વક ત્હારી ઔદયિક પ્રવૃત્તિ રહે એવો પ્રબલ પુરૂષાર્થ સ્ફોરવવા અપ્રમત્ત થા. અન્ય મનુષ્યોના ઔદયિક દુર્ગુણો તરફ લક્ષ્ય જાય છે ત્યાંસુધી તેઓના ઔદયિક સદ્ગુણો તરફ લક્ષ્ય રહે તો તે આવશ્યક છે. સદ્ગુણો અને દુર્ગુણો બન્નેને દેખતાં છતાં સમભાવ પ્રવર્તે એવી પોતાને પૂર્ણ પ્રતીતિ થાય એટલે પોતાની જીવન્મુક્ત દશા થઈ છે એમ જાણવું. તેવી પૂર્ણદશા પ્રગટાવવા પુરૂષાર્થ કર. લોકોને જૂઠી મહત્તા જણાવવાનો અંશ માત્ર પણ દંભ ન કર અને અંશ માત્ર પણ અસત્યને ન માન અને અસત્ય ન વદ. સાપેક્ષાએ સત્ય અને અસત્યમાં સાપેક્ષાએ ધર્મ અને અધર્મનું સ્વરૂપ વિચાર અને સંબંધમાં આવનાર લોકોને તેમ સમજાવ. સ્વાધિકારે ધર્મક્રિયાનુષ્ઠાન પરોપકારાદિ શુભકાર્યો જનતાહિતાર્થે બાહ્યથી બને તેટલાં કરવાં અને અંતરૂમાં આત્મોપયોગી રહેવું. અંશ માત્ર પણ શુભકષાય કરવામાં આનંદ ન લેવો એવા પૂર્ણનિશ્ચયથી બાહિરૂમાં અને અંતરૂમાં પ્રવર્ત!!! મનવાણી કાયાનો સંઘાદિકમાટે સદુપયોગ કર અને પ્રવૃત્તિ

અને નિવૃત્તિની પેલી પારના આત્માના અનુભવરસને પ્રગટાવી પૂર્ણાનંદી થા !! આત્માનો અનુભવ કરવામાટે મુખ્યતાએ કોઇને પ્રથમ વૈરાગ્યસાધનની જરૂર છે, કોઇને પ્રથમ ભક્તિની જરૂર છે, કોઇને પ્રથમ કર્મયોગની જરૂર છે, કોઇને પ્રથમ સેવાની, કોઈને પ્રથમ વિનયની અને કોઇને પ્રથમ સદાચારની જરૂર છે. ભક્તિ આદિયોગોથી હૃદયની શુદ્ધિ થાય છે અને હૃદયશુદ્ધિથી શ્રુતજ્ઞાનથી ભિન્ન વાસ્તવિક આત્મજ્ઞાન છે તે પ્રગટે છે. આત્મજ્ઞાન પ્રગટ્યાબાદ નિર્ભય સ્વતંત્ર આત્મરાજ્યના સહજાનંદનો અનુભવ આવે છે અને તેથી કર્મોનો ઉદય-વિપાક-પ્રારબ્ધભોગ છતાં અને અનેક સ્વાધિકારયોગ્ય વ્યાવહારિક ધાર્મિક પ્રવૃત્તિ છતાં કર્મનો બંધ થતો નથી અને ભૂતકાલનાં કર્મો અપુનર્બંધકભાવે યુક્ત થઇ ભોગવતાં ખરી જાય છે. આત્મજ્ઞાનીને ઘર પુત્રાદિક છતાં તેમાં તે લેપાતો નથી તેને વસ્રપાત્રાદિક ઉપધિ છતાં મમતાવિના બાહ્યપરિગ્રહથી લેપાતો નથી. તે કર્તવ્ય કાર્યો કરીને આત્માનુભવમાં ઉંડો ઉતરે છે તેના પર કીર્તિની અપકીર્તિની તથા લોકવાસનાદિની અસર થતી નથી. તે કર્તવ્ય કર્મો કરતો છતો અક્રિય છે, અકર્મ છે, તે કોઈમાં નામરૂપમોહથી લેપાતો નથી. તે બાહ્યકર્તવ્યો કરતો છતો પણ આત્મારૂપ જ છે અને નહિ કરતો છતો પણ આત્મારૂપ જ છે, તે સર્વવિશ્વમાં છતો સર્વ વિશ્વથી આકાશની પેઠે ન્યારો છે. તેની પાસે મન છતાં તે સ્વતંત્ર છે, તે મનવાણી કાયાના ગમે તે યોગવડે સ્વ અને સંઘને પ્રગતિમાં સહાયક બને છે, તેને બાહ્યથી વિશ્વની સમગ્ર વસ્તુઓ લોકોની દૃષ્ટિએ દુઃખહેતુરૂપ લાગતી હોય છે પરંતુ વસ્તુતઃ તેને ઉદયપ્રયોગહેતુઓ અને આસ્રવહેતુઓ પણ સંવરરૂપે પરિણમે છે, તેને પ્રતિકુલહેતુઓ પણ સ્વાત્મપ્રગતિકારકરૂપ થૈ પરિણમે છે, તેનું કારણ વસ્તુતઃ આત્મજ્ઞાનોપયોગપરિણતિ છે. જ્ઞાનાત્મા તેજ ઉપયોગાત્મારૂપ બને છે. ઉપયોગપરિણામમાં એવી શક્તિ છે કે તેની આગળ કર્મબંધનો એક પણ પરિણામ ટકી શકતો નથી. શ્રી ભરતરાજા છખંડની પૃથ્વીનું રાજ્ય કરતા છતા આત્મોપયોગે વર્તતા હતા તેથી

ઉપયોગરૂપ આદર્શભુવનમાં શુદ્ધાત્મસ્વરૂપ અવલોકીને કેવલજ્ઞાન પામ્યા. ગૃહાવાસમાં અનેકલોકો કેવલજ્ઞાન પામ્યા તેનું કારણ શુદ્ધાત્મોપયોગ છે. ગૃહાવાસમાં શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ, ચક્રવર્તીના કામાદિભોગો ભોગવતા છતા અબંધ રહ્યા તેમાં આત્મશુદ્ધોપયોગ હેતુભૂત છે. ત્યાગાવસ્થામાં વસ પાત્રાદિ અનેક ઉપયોગી વસ્તુઓનો સંબંધ છતાં આત્માના શુદ્ધોપયોગથી આત્મશુદ્ધતા અનુભવાય છે, એવો સ્વાત્માનુભવ પ્રગટીને તેની સાક્ષી પૂરે છે. રાજા હોય, સેનાપતિ હોય, ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્રાદિ ગમે તે વર્ણી મનુષ્યો હોય અને ગુણકર્માનુસારે આજીવિકાદિ કર્મ કરતા હોય તોપણ તેઓ પ્રભુમહાવીરદેવની આજ્ઞાપ્રમાણે અંતરાત્મામાં લક્ષ્ય રાખી વર્તતા હોય અને આત્માના શુદ્ધોપયોગમાં દિવસમાં બે ઘડી પણ છેવટે જીવન ગાળતા હોય તો તેઓ અવશ્ય મુક્ત થઈ શકે છે, તેઓ નિર્લેપ રહીને અન્યનું ભલું કરી શકે છે. આત્મજ્ઞાની સર્વગ્રહીત વસ્તુઓને સાધન તરીકે વાપરી શકે છે, તેથી તે ક્ષણે ક્ષણે આત્મવિશુદ્ધિમાં આગળ વધે છે. આત્માની શુદ્ધિની સાક્ષી આત્મા ન પૂરે ત્યાંસુધી સાધકદશામાં ત્યાગવૈરાગ્યભક્તિથી પ્રબલ પુરૂષાર્થ કરવામાં સર્વથા મનવાણીકાયાનો ભોગ આપવો. કાચબાની પેઠે અશુભ પાપમાર્ગમાં પ્રવેશતી ઇન્દ્રિયોને પાછી ખેંચી લેવી. મોહના તાબે મનવાણીકાયા વર્તે ત્યાંસુધી કોઇ ભક્ત, મહાત્મા, યોગી સંતમુનિ, આત્માની પ્રભુતાનો અનુભવ કરી શકે નહીં. આત્માના તાબે મનવાણીકાયાને રાખે તે પુરૂષ મનુષ્ય સંત છે. અન્યો મનરૂપી પશુના તાબે રહી કામાદિ મોહવૃત્તિયોના જીવને જીવનારા મનુષ્યાકારે પશુઓ છે. દુર્ગુણોના જીવને જીવવું એ નરક છે અને સદ્ગુણોના વિચારાચારથી જીવવું એ સ્વર્ગ છે. શુભાશુભલાગણીઓના આધીન ન રહેવું. શુભાશુભ પરિણામોની પેલીપાર શુદ્ધાત્મપરિણામ છે એમ અનુભવ કરવો તે મુક્તિનું અનુભવજીવન છે. ક્રોધમાનમાયાલોભ અને કામાદિમોહની પરિણતિવાળું મન તેજ સંસાર છે. આત્મજ્ઞાન

થતાં મનપર કાબુ મેળવી શકાય છે અને તેથી આત્મા સિદ્ધ પરમાત્મા બને છે. આત્માની આજ્ઞાપ્રમાણે મનવાણીકાયાનો વ્યાપાર શરૂ થાય છે ત્યારથી આત્મજીવન શરૂ થાય છે અને આત્મા અપુનર્બંધક બને છે. આવી દશા પ્રાપ્ત કરવા માટે સંસારપરથી બિલ્કુલ રાગ ટળવો જોઇએ અને દેહાધ્યાસ સર્વથા ટળી જવો જોઈએ. દેહાધ્યાસ ટળતાં આત્મા તેજ પરમાત્મા છે એવો પૂર્ણ સત્ય અનુભવ થાય છે. આત્મા સર્વવિશ્વની સર્વવસ્તુઓમાં સાક્ષીભૂત થઈને વર્તે અને શુભાશુભપરિણામ રહિત પોતાને અનુભવે એટલે તે અન્તરાત્મા થયો એમ નિશ્ચયતઃ જાણવું, એવો આત્મા એક શ્વાસોશ્વાસમાત્રમાં પરમાત્મા મુક્ત બને છે તેનામાં અને પરમાત્મામાં અભેદતા છે તેની સેવાભક્તિ તેજ પરમાત્માની સેવાભક્તિ છે અને તેની આજ્ઞા પ્રમાણે તેને સર્વ સ્વાર્પણ કરવું તેજ પરમાત્માને સર્વ સ્વાર્પણ કર્યું જાણવું, તેની આજ્ઞા પ્રમાણે કર્તવ્યકાર્યો કરવાં એજ પરમાત્માનું સેવકપણું છે અને તેના પર સંશય તેજ પરમાત્મા પર સંશય છે માટે આત્મજ્ઞાની ત્યાગીગુરૂમાં અને પ્રભુમાં અભેદભાવે જોવું અને તે પ્રમાણે વર્તવું. જે બદ્ધ છે તે અન્યને મુક્ત કરી શકે નહીં માટે આત્મજ્ઞાની ત્યાગીગુરૂનું અવલંબન કરવું અને તેમની સંગતિ કરવામાટે દુનિયાના કરોડો સ્વાર્થલાભોને પણ લાત મારવી. લઘુ બાળકો જેમ ઢીંગલા ઢીંગલી રમે છે તેવા જેઓ છે તેઓ આત્માને જાગ્રત્ પ્રકાશિત કરી શકતા નથી. તેઓ અંધો છે. મનને શુદ્ધ કરવું તે આત્માપ્રતિ મનની સેવા છે. વાણીને શુદ્ધ કરવી, સત્ય તથ્યપથ્ય વદવું તે આત્માર્થે વચનની સેવા છે. કાયાથી પાપકર્મો ન કરવાં અને ધર્મકર્મો કરવાં, સંઘદેશાદિકની સેવા કરવી તે કાયાની સેવા છે. મનવાણી અને કાયાની શક્તિયોને ખીલવવી તે સાધનયોગ છે અને આત્માના જ્ઞાનાનંદધર્મનો પ્રકાશ કરવો તે સાધ્યસિદ્ધિયોગ છે. સર્વસાધનો છે તે સાધ્યમાટે છે પણ સાધનો તે કંઇ સાધ્ય નથી. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, વિનય, વિવેક, સેવાભક્તિ-

ક્રિયા, વ્રત, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ પણ સાધન છે. માટે સાધનોની ભિન્નતા અને ઉપયોગિતા જાણી તેથી પૂર્ણશુદ્ધાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું પણ સાધનોમાં સાધ્યબુદ્ધિથી મુંઝાવું નહીં. વૈરાગ્ય ત્યાગાદિ સાધનોને ઔષધોની પેઠે તથા શસ્ત્રોની પેઠે બદલવાં પડે તથા તેઓમાં દેશકાલ અને સાધક સ્થિતિ પ્રમાણે સુધારો વધારો કરવો પડે તેમજ તેઓને ખપ પડતાં વાપરવાં પડે અને પશ્ચાત્ ત્યાગવાં પડે ઇત્યાદિ કારણોથી સાધનોની અનિત્યતા છે. અપેક્ષાએ તત્ત્વની નિત્યતા છે. આચારો સર્વે સાધનો છે માટે તેમાં દેશ કાલાનુસારે અનેક પરિવર્તનો-રૂપાંતરો ફેરફારો થયા થાય છે અને થશે તેથી તેઓના પરિવર્તનથી ભિન્નભિન્ન સાધન રૂપાંતરે તેઓનો પ્રયોગ કરવાથી જૈનધર્મ અને જિનધર્મ કે જે સાધનધર્મ અને આત્મધર્મરૂપ અનુક્રમે છે તેમાં કશી હાનિ થઈ નથી, વર્તમાનમાં થતી નથી અને ભવિષ્યમાં થશે નહીં એમ જે જાણી સ્વપરમાટે સાધનધર્મનો ઉપયોગ કરે છે કરાવે છે અને કરતાને અનુમોદે છે તે શ્રીમહાવીરપ્રભુનો જ્ઞાનીભક્ત જૈન છે. તેવી દશાવાળો આત્મા, ધર્મપ્રવર્તક થાય છે. વૈદ્યોની પેઠે દેશકાલાનુસારે અધર્મથી પીડાતા લોકોને તેઓની યોગ્યતાનુસારે ધર્મરૂપ ઔષધ આપીને પાપરહિત ધર્મી બનાવે છે તેવા જ્ઞાની ગીતાર્થો, ધર્મશાસ્ત્રો વગેરે સાધનોમાં સાધ્યબુદ્ધિધારી મુંઝાતા નથી. સાધન અને સાધ્યને ભિન્ન જાણી આત્માની પૂર્ણશુદ્ધિરૂપ સાધ્યબિંદુ લક્ષ્યમાં રાખીને સર્વ પ્રકારના વ્યવહારોને વ્યવહરે છે, તેઓ મનવાણીકાયાને સાધન તરીકે જાણે છે તેથી દેહવાણી મનના સેવક બનતા નથી અને મનવાણીકાયાની સેવા કરે છે તે પણ ઘોડાની ચાકરી પેઠે આત્માની શુદ્ધિમાં તેઓની ઉપયોગિતા જાણીને કરે છે, તેથી તેઓ ગમે તે કરે તેમાં તે સ્વતંત્ર છે, તેઓ રાજ્યાદિક બાહ્યપ્રવૃત્તિને પ્રારબ્ધયોગે કરે છે છતાં બાહ્યમાં-લોકસમૂહમાં લોકાચારે વર્તતા છતા નિર્લેપ રહે છે અને સંતોની સાથે એકાકારભાવથી વર્તે છે, તેથી તેઓને કોઈપણ બાબતમાં ત્યાગમાં વા ગ્રહણમાં રાગદ્વેષ થતો નથી, એવા

જ્ઞાનીઓની સંગતિ કરવાથી આત્મધર્મ પ્રગટે છે. એવી આત્મ દશાનો ગુરૂકૃપાએ અનુભવ આવ્યો છે. આત્મજ્ઞાની પ્રારબ્ધકર્મયોગે જે દશાના વ્યવહારમા મૂકાયો છે તે પ્રમાણે બાહિરથી વર્તે છે અને અંતરથી ન્યારો રહે છે. આત્મજ્ઞાની ભંગી હોય અને આત્મજ્ઞાની ચક્રવર્તી હોય તોપણ તેઓ બન્ને આત્મજ્ઞાનદશાએ સમાન છે અને સ્વાધિકારે કર્તવ્ય દૃષ્ટિએ બાહ્ય ફરજમાં સરખા છે પણ પુણ્યવિપાકની અપેક્ષાએ સરખા નથી, પુણ્યની અપેક્ષાએ એક મહાન્ છે અને એક દુનિયાની દૃષ્ટિમાં લઘુ છે પરંતુ બન્ને આત્મજ્ઞાની હોવાથી એક બીજાને એકાત્મભાવદૃષ્ટિથી દેખનારા હોવાથી સમાન છે. તેઓ પોતાને ઔદયિકકર્મદૃષ્ટિથી દેખતા નથી, કારણ કે ઉદયકર્મની દશાને તો તેઓ બન્ને સ્વપ્નની બાજી સમાન્ અસત્ જાણે છે, તેથી તેમાં મુંઝાતા નથી. ઔદયિકકર્મની બાજી તો નટની તથા તથા જાદુગરની બાજી સમાન છે તેથી પોતાની ઉચ્ચતા તથા નીચતા કલ્પવી એ અજ્ઞાનીઓને ઘટે છે પણ આત્મજ્ઞાનીઓને ઘટતી નથી. આત્મજ્ઞાનીની દૃષ્ટિએ રાજામાં અને શૂદ્રમાં જાગ્રત્ થએલ આત્મા એક સરખો પરમાત્મસ્વરૂપી છે. આત્મજ્ઞાનીની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આકાશ પાતાલ બલ્કે તેનાથી અનંત ગુણો તફાવત છે. ગૃહાવાસમાં રહેલા આત્મજ્ઞાનીઓ કરતાં ત્યાગી વેષવાળા આત્મજ્ઞાનીઓ વિશ્વપર અનંતગુણ ઉપકાર કરવા શક્તિમાન્ થાય છે. આત્મજ્ઞાન દૃષ્ટિએ બન્ને સમાન હોવા છતાં બાહ્યચારિત્રત્યાગદૃષ્ટિના વ્યવહારે ત્યાગી એવો જે આત્મજ્ઞાની છે તે ગૃહસ્થ એવા આત્મજ્ઞાનીવડે વંદ્ય પૂજ્ય સેવ્ય છે છતાં બન્નેને પ્રારબ્ધઔદયિકકર્મનો ભોગ કે જે સુખ દુઃખ ફલપ્રદ છે તેતો એકસરખો ભોગવવો પડે છે. અઘાતિકકર્મના ભોગો બન્નેને ભોગવવા પડે છે તેમજ ગૃહસ્થજ્ઞાની અને ત્યાગી જ્ઞાનીને સ્વાધિકારે કર્તવ્ય કાર્યો તો જે કાલે ક્ષેત્રે જે દશામાં કરવા યોગ્ય છે તે કરવાં પડે છે, છતાં ગૃહસ્થ જ્ઞાનીની અપેક્ષાએ ત્યાગી જ્ઞાનીને બાહ્યથી અનેક પ્રકારની ઉપાધિયો ન્યૂન હોય છે,

અંતરમાં બન્નેને ઉપાધિભાવમૂર્છા હોતી નથી અને કદાપિ અનુપયોગે પ્રગટે છે તો આત્મોપયોગથી મોહની મુંઝવણીનો ક્ષણમાં બન્ને નાશ કરે છે. ગૃહસ્થ કરતાં ત્યાગી, વિશ્વની અનંત ગુણી શુભ પ્રગતિ કરી શકે છે. આત્મજ્ઞાન વિનાનો ગૃહસ્થાવાસ તે બળતા શ્મશાન જેવો છે અને મૂર્છાભાવત્યાગ વિનાનો ત્યાગ તે કસાઈની દુકાન સમાન છે. આત્મજ્ઞાન અને બાહ્ય આંતરત્યાગ બન્ને જ્યાં હોય છે ત્યાં મુક્તદશા જરૂર પ્રગટે છે. બાહ્યત્યાગની આંતરત્યાગમાં ઉપયોગિતા છે, પણ તેમાં જ્ઞાની ગુરૂ આલંબનનો પૂર્ણ યોગ સધાય છે તોજ, આત્માર્પણ જ્યાં હોય છે ત્યાં ગૃહાવાસની યોગ્યતા છે. જ્ઞાનીને જંગલ અને ઘર બન્ને સમાન છે. આત્મજ્ઞાનીને આત્મરૂપપ્રભુનાં દર્શન અને પ્રભુની કૃપા થઇછેજ. પછી સે આત્માને ગમે તે ભાષામાં સંજ્ઞામાં ગમે તે નામ આપી બોલો બોલાવો પણ આત્મા તો અનેક લક્ષણો અને અનેક દૃષ્ટિયોથી દેખાયલો આત્મા જ છે.

અધ્યાત્મજ્ઞાન વિનાની વૈરાગ્યદશાછે તે શ્મશાનિયા વૈરાગ્ય જેવી છે અને હળદરિયા રંગ જેવી છે. પાંચ ઈન્દ્રિયોના શુભાશુભભાવ સહેજે જેથી ટળે છે તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. મોહગર્ભિત વૈરાગ્ય અને દુઃખગર્ભિત વૈરાગ્ય ક્ષણમાં ટળી જાય છે અને તેથી શુભાશુભવિષયોપર કલ્પાયલો મોહ ટળતો નથી. જ્ઞાનગર્ભિતવૈરાગ્યથી સર્વપ્રકારની જડવસ્તુઓપર મોહભાવ પ્રકટતો નથી. તેવા જ્ઞાનીઓને અપ્સરાઓના નાચથી અને તેના હાવભાવથી મનમાં વિષયભોગની બુદ્ધિ પ્રગટતી નથી, તેઓના શરીર સાથે અપ્સરાઓનાં શરીરો ઘસાય ત્હોયે કામભોગની બુદ્ધિ અને તેથી સુખની ઈચ્છા પ્રગટતી નથી. તેઓની મરેલા મડદાની જેવી દશા હોય છે તેને અંગનાઓ શું કરી શકે ? તેઓને માન અપમાનનું ભાન હોતું નથી તથા વિષય સુખ દુઃખની ઈચ્છા હોતી નથી, તેવી જ્ઞાનગર્ભિત વૈરાગીઓની દશા થાય છે. આત્મજ્ઞાનીને પકવદશામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પણ રહેતો નથી તેથી તે અવશ્ય કેવલજ્ઞાની

બને છે. રાગ અને વૈરાગ્ય બે મનમાં વર્તે છે. શુદ્ધાત્મામાં રાગ ભાવ, વૈરાગ્યભાવ, ત્યાગભાવ, વગેરે માનસિકપરિણામો રહેતા નથી. વૈરાગ્ય, ત્યાગ અને ભક્તિ એમાંનું એક પણ સાધન પૂર્ણ-પણે અવલંબતાં શુદ્ધાત્મસ્વરૂપ અવશ્ય પ્રગટે છે એવો પૂર્ણ નિશ્ચય છે. આત્મજ્ઞાનીગુરૂના ભક્તો ગુરૂની આજ્ઞા પ્રમાણે ભક્તિભાવમાં વર્તતા છતા મોહગર્ભિત વૈરાગ્ય અને દુઃખ ગર્ભિત વૈરાગ્યમાંથી જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં આવે છે અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી સર્વવિષયરૂપસમુદ્ર ઉપર તરવા સમર્થ બને છે તથા સર્વવિષયમાં તેઓને અમૃત તથા વિષની બુદ્ધિ રહેતી નથી; જ્ઞાનગર્ભિત વૈરાગીઓને જાદુગરની બાજી સમાન સર્વ સંસારના તથા કર્મના ખેલો લાગે છે, તેમાં તેઓને આનંદ લાગતો નથી તેમ દુઃખ પણ લાગતું નથી, તેઓ નટનીપેઠે કર્મપ્રકૃતિથી નાચતા હોય એવા પોતાને પ્રથમ જ્ઞાનદશામાં દેખે છે પશ્ચાત્તો પોતાને આકાશનીપેઠે નિર્લેપ સ્થિર દેખે છે. તેઓ ગૃહસ્થનાં કાર્યો કરે છે, કૂર્માપુત્રની પેઠે તેઓ કેવલજ્ઞાન પામ્યા છતાં પણ વર્તી શકે છે. ધ્યાનસમાધિથી પાકેલા જ્ઞાનીના આત્મામાં એટલો બધો આત્માનદ સાગર ઉછળે છે કે તેથી તેઓ સર્વત્ર સર્વ બાબતોનાં કર્તવ્યો કરતાં હરતાં ફરતાં આનંદમયી દેખાય છે અને તેનો ખ્યાલ અજ્ઞાનીજીવોને તો વિષય સંબંધી જેવો દેખાય, પરંતુ જ્ઞાનીઓતો જાણે છે કે તેવો આનંદ ત્રણ ભુવનમાં પણ માઇ શકતો નથી. આત્મજ્ઞાનીને તેવા વ્યક્તાત્માનંદથી તેની કાયા અને ઈન્દ્રિયો પણ આનંદથી ઉભરાતી હોય એવું લાગે છે. આવો અનુભવ ઘણી વાર વ્યક્ત થયો છે તે અંતરાયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલ અનુભવાગ્ર છે. મોહનો નાશ કરવા માટે રાજયોગ રૂપ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય છે. જ્ઞાનગર્ભિતવૈરાગ્યવાળો બાહ્યદષ્ટિની અપેક્ષાએ હિંસા થાય એવાં કર્મો કરે છે તો પણ તેને પાપ લાગતું નથી, તેનું કારણ એ છે કે તેને, કોઇ જીવને મારવાની રાગદ્વેષવાળી બુદ્ધિ હોતી નથી, તેના આત્માનો ઉપયોગ નિર્મલ હોય છે તેથી તેને નવીનકર્મ બંધાતાં નથી

અને જે બંધાય છે તે અલ્પરસ સ્થિતિવાળાં કર્મો છે તે વસ્ત્રને લાગેલી ધૂળ જેવાં છે તેને ખરી જતાં વાર લાગતી નથી. આજીવિકાદિ આવશ્યક કારણે તથા સંઘસમાજકુટુંબ ધર્મીજનો વગેરેના રક્ષણાર્થે ક્ષાત્રાદિક કર્મમાં આત્માના શુદ્ધ આશયથી શુદ્ધોપયોગે નિર્બંધ નિર્લેપીપણું રહે છે. શુભાશય છતાં બાહ્યથી હિંસાદિ કર્મની પ્રવૃત્તિ પણ શુભાર્થે પરિણમે છે, છતાં બાહ્યકાર્યો કરતાં પરિણામ ઉપર કર્મબંધની મુખ્યતા છે. જેવો માનસિક પરિણામ તેવો કર્મનો બંધ થાય છે. શુભાશુભ પરિણામના કરતાં આત્માનો ઉપયોગ અનંતગુણ બળવાન્ છે. આત્માના ઉપયોગે રહેતાં બાહ્યક્રિયા અને પરિણામનું કંઇ જોર ચાલતું નથી. આત્માના ઉપયોગથી બાહ્યકાર્યો કરતાં છતાં આત્મા અપુનર્બંધક વર્તે છે. ભરતરાજા વગેરે જૈનધર્મી રાજાઓ ક્ષત્રિયો વૈશ્યો અને શૂદ્રોએ આત્માના ઉપયોગી થૈને ધર્મયુદ્ધાદિ કર્તવ્યકર્મો કર્યાં હતાં તેથી તેઓને નિકાચિત કર્મોનો બંધ નહીં પડવાથી તદ્ભવમાં મુક્ત થયા હતા. આત્માનો શુદ્ધોપયોગ જો કાચી બે ઘડી સુધી વર્તે છે તો તેમાં એટલી બધી શક્તિ પ્રવર્તે છે કે તેથી અનંતભવનાં કરેલાંતથા અસંખ્ય મેરૂપર્વત જેટલાઢગવાળાં કર્મો હોય છે તો તે પણ કાચી બે ઘડીમાં ખરી જાય છે એટલુંજ નહીં પરંતુ સર્વવિશ્વજીવોનાં અનંતકાલનાં કર્મો પણ બે ઘડીના શુદ્ધોપયોગમાં આવી પડે તો તે સર્વનો ક્ષય થઇ જાય છે, એવા ઉત્કૃષ્ટશુદ્ધોપયોગધ્યાનકાલમાં જેટલાંકર્મ ખપી જાય તેની બહાર અનંતજીવોનાં અનંતકર્મ પણ નથી. આત્માના શુદ્ધોપયોગ વખતે શરીરવડે છકાજીયની પ્રસંગે હિંસા થાય છે તોપણ તેનો કર્મબંધ થતો નથી. કાચી બે ઘડીના ઉપયોગમાં એટલી બધી શકિત છે તો પછી વારંવાર એવો ઉપયોગ આવે અને જાય તથા આવે એવા ક્ષયોપશમીય શુદ્ધોપયોગથી તદ્ભવમાં ક્ષાયિકભાવની પ્રાપ્તિથતાં છેવટે મુકિત થાય એમાં કંઇ પણ આશ્ચર્ય નથી. આત્માનો ઉપયોગ તેજ યોગ, સમાધિ, ધ્યાન, ભકિત સેવા, ઉપાસના અને જ્ઞાનયોગ છે. આત્માના શુદ્ધોપયોગથી અનંતભવનાં બાંધેલ નિકાચિતકર્મોનો પણ ક્ષય થાય છે, તથા

આ ભવમાં ઉદયમાં આવેલાં ઘાતીકર્મોનો ક્ષણમાં ક્ષય થાય છે તથા રોગાદિ કર્મવિપાકોનો ક્ષય થાય છે. આત્માના શુદ્ધોપયોગ વખતે આત્માનો શુદ્ધપરિણામ વર્તે છે અને તે કાલે રાગદ્વેષના શુભપરિણામ અને અશુભપરિણામ વર્તતા નથી. શુભ પરિણામથી પુણ્યબંધ અને અશુભ પરિણામથી પાપ બંધ થાય છે. શુદ્ધ પરિણામથી પુણ્ય પાપ બંધ થતો નથી. વ્યવહારથી કાયાની શુભાશુભપ્રવૃત્તિ છતાં શુદ્ધપરિણામ વર્તતાં કર્મબંધ નથી. અશુભકષાયોનો પરિણામ તે અશુભપરિણામ છે અને શુભ કષાયોનો પરિણામ તે શુભપરિણામ છે. શુભકષાયોનો અને અશુભ કષાયોનો પરિણામ જેટલા કાલ સુધી ન વર્તે તેટલા કાલમાં આત્મિક શુદ્ધપરિણામ છે અને શુદ્ધપરિણામ વખતે જે જ્ઞાન હોય છે તે આત્મિકશુદ્ધોપયોગ છે. શુદ્ધપરિણામમાં અને શુદ્ધોપયોગમાં જ્ઞાનદર્શનચારિત્રનો અંતર્ભાવ થાય છે. શુદ્ધપરિણામ તથા શુદ્ધોપયોગ તે શુદ્ધ સમાધિ છે. ક્ષયોપશમદશામાં શુદ્ધોપયોગ એક અંતર્મુહૂર્ત સુધી રહીને પાછો બદલાય છે તે ક્ષયોપશમી છે અને જે શુદ્ધોપયોગ પ્રગટ્યા બાદ કદાપિ ટળતો નથી તે ક્ષાયિકભાવીય શુદ્ધોપયોગ છે. ક્ષાયિકશુદ્ધોપયોગ તેજ કેવલજ્ઞાન છે. ક્ષયોપશમિક શુદ્ધોપયોગ તેજ અનુભવ જ્ઞાન છે અને તે શ્રુતજ્ઞાનવડે ધ્યાન ધર્યા બાદ પ્રગટે છે. શુદ્ધપરિણામ ત્રણ પ્રકારનો છે. જે અંતર્મુહૂર્ત સુધી શુદ્ધપરિણામ વર્તે છે અને પછી કષાયના ઉદયે ટળે છે તે ઉપશમભાવીશુદ્ધપરિણામ છે. જે શુદ્ધ પરિણામ વારંવાર દિવસ રાત્રીમાં ધ્યાનબળે પ્રગટે છે અને ટળે છે, અસંખ્યવાર આવે છે અને જાય છે તે ક્ષયોપશમભાવીશુદ્ધ પરિણામ છે. ક્ષયોપશમભાવી શુદ્ધ પરિણામ બે ઘડી સુધી વ્યક્તપણે રહે છે પશ્ચાત્ લબ્ધિસત્તારૂપે તો રહે છેજ. ક્ષાયિક શુદ્ધ પરિણામ પ્રગટ્યા બાદ કદિ નષ્ટ થતો નથી. શુદ્ધોપયોગ છે તે બે ભેદે છે. ક્ષયોપશમ ભાવીય શુદ્ધોપયોગ અસંખ્ય વાર વ્યક્ત રૂપે બબે ઘડી સુધી ઉત્કૃષ્ટતઃ રહીને ટળે છે પુનઃ પ્રગટે છે. ક્ષાયિકભાવીય શુદ્ધોપયોગ પ્રગટ્યા બાદ કદિ નષ્ટ થતો નથી.

શુદ્ધપરિણામ અને સમભાવમાં ભેદ નથી. શુદ્ધપરિણામ અને શુદ્ધોપયોગમાં ભેદ નથી. શુદ્ધોપયોગ એજ આત્મા છે અને શુદ્ધપરિણામ તેજ આત્મા છે. અપેક્ષાએ શુદ્ધપરિણામ અથવા શુદ્ધોપયોગ તે આત્માનો શુદ્ધપર્યાય છે, અને શુભઅશુભ પરિણામ છે તે રાગદ્વેષપરિણામ છે તે આત્માનો અપેક્ષાએ ઔપચારિક અશુદ્ધધર્મ છે. શુદ્ધપરિણામ અને શુદ્ધોપયોગ તે આત્માનો સ્વાભાવિકધર્મ છે અને રાગદ્વેષમયઅશુદ્ધપરિણામ યાને રાગદ્વેષવાળીબુદ્ધિ તે વિભાવિકધર્મ છે. વિભાવિકધર્મથી દુઃખ છે અને સ્વાભાવિકધર્મથી આત્મિકસુખ છે. વિભાવિકધર્મ અનિત્ય છે અને અસત્ છે. આત્માનો શુદ્ધ સ્વાભાવિક ધર્મ તે સત્ અને નિત્ય છે. શુભોપયોગે રહીને વ્યાવહારિકકાર્યો કરી શકાય છે અને શુદ્ધોપયોગે રહીને પણ વ્યાવહારિકકાર્યો કરી શકાય છે. સાંસારિક જડ વસ્તુઓમાં—કાર્યોમાં—પ્રવૃત્તિયોમાં જો શુભાશુભપરિણામ ન વર્તતો હોય તો આત્મા અબંધ છે, એવા નિર્લેપી આત્માને જડ જગત્‌થી બંધન નથી, તે જડ વિષયોની મધ્યમાં રહે છે, છતાં તેને રાગદ્વેષનો સંગ નથી. જડ વિષયોનો સંગ તો જડશરીરપર્યંત રહે છે પણ રાગદ્વેષરૂપ આસક્તિ વિના આત્મા નિઃસંગ જાણવો. એવા ક્ષયોપશમીનિઃસંગભાવનો ઉપયોગ તથા શુદ્ધપરિણામની ઝાંખી અનુભવાય છે. શુદ્ધોપયોગી, સર્વદર્શનમતગચ્છઆશ્રમાદિમાં છતો સર્વથી ન્યારો છે. શુદ્ધોપયોગીથી પરમાત્મા અભિન્ન છે. શુદ્ધોપયોગી બાહ્યથી ગમે તે વેષક્રિયાચારવાળો હોય તોપણ તેને વેષાચારાદિનો પ્રત્યવાય નથી. બે ઘડીસુધી એકવાર જેને શુદ્ધોપયોગ પ્રગટેછે તો તેને પછીથી આત્માનુભવ થાય છે અને તે અવશ્ય મુક્ત શુદ્ધ મહાવીર મહાદેવરૂપ પોતાને અનુભવી સ્વયંભગવાન્ બને છે. ક્ષયોપશમભાવીશુદ્ધોપયોગીને અલ્પકર્મનો બંધ થાયછે અને અનંતગુણ કર્મની નિર્જરા થાય છે. ક્ષયોપશમીશુદ્ધોપયોગીને વ્રતતપજપ ક્રિયાકાંડ સહેજે મનની ઇચ્છા અને કાયાની દમનતા વિના થયા

કરે છે અને તેજ રાજયોગ–સહજયોગ–શુદ્ધોપયોગની સમાધિ છે. ક્રોડ વર્ષની એકાંતહઠસમાધિથી કરવામાં આવેલાં વ્રત તપ જપથી જે મુક્તિરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી તે ફક્ત શુદ્ધોપયોગથી એક ક્ષણમાં મુક્તિરૂપ કાર્યની સિદ્ધિ થાય છે. હઠયોગ તે મન વાણી કાયાપર ધર્માર્થે બલાત્કાર પ્રયોગ છે અને રાજયોગમાં આત્માનો ઉપયોગ સહેજે વર્તે છે. આત્માની શુદ્ધતામાં હઠયોગ નિમિત્ત કારણ છે અને રાજયોગ તે ઉપાદાનકારણ છે. આત્મજ્ઞાનીને હઠયોગ પણ સાધ્યદૃષ્ટિની અપેક્ષાએ નિમિત્તકારણ છે, અન્યથા નથી. હઠયોગથી પ્રાણનો જય થાય છે પણ તેથી મનનો સર્વથા જય થતો નથી. સહજયોગ તથા રાજયોગ તે આત્માનો શુદ્ધ પરિણામ છે તથા શુદ્ધોપયોગ છે તેથી પંચેન્દ્રિયવિષયોનો પ્રારબ્ધ કર્મે સંગ છતાં મહા કર્મબંધ થતોનથી અને અનંતગુણાં કર્મની સમયે સમયે નિર્જરા થાય છે અને આત્માને આત્મસ્વરૂપે અનુભવવામાં આવે છે તથા પુદ્ગલરૂપ જડવિશ્વમાં આત્મભ્રાંતિ થતી નથી. એવા આત્માના શુદ્ધોપયોગ સમાન કોઇ વ્રતતપજપનીતિ નથી. વ્રતાદિકથી પણ આત્માનો શુદ્ધોપયોગ પામવો એજ વ્રતાદિકનું ફલ છે. શુદ્ધોપયોગીને સહેજે આત્મવિશુદ્ધિ થયા કરેછે તેને આસ્રવની પ્રવૃત્તિયો પણ અંતરમાં શુદ્ધોપયોગ હોવાથી સંવરરૂપે પરિણમે છે અને બાહ્ય અવનતિના હેતુઓ પણ તેને આત્મોન્નતિના હેતુપણે પરિણમે છે. શુદ્ધોપયોગી અને શુભોપયોગી મનુષ્યો કર્તવ્યકર્મો કરીને આત્માની વિશુદ્ધિની સાથે વિશ્વની પ્રગતિમાં અનંતગુણ ઉપકારક કાર્યો કરી શકે છે. શુદ્ધોપયોગીને બાહ્યકાર્યો કરવામાં ભય, ખેદ, લજ્જા, દુઃખની પરિણતિ રહેતી નથી. શુદ્ધોપયોગીનો આત્મા બળવાન્ થાય છે અને તે મન વાણી કાયાને વિશ્વલોકોના શ્રેયોડર્થે વાપરે છે. શુદ્ધોપયોગી નિષ્કામી હોવાથી સ્ત્રીઓના ફંદમાં અને વિષયોની આશા તૃષ્ણામાં ફસાઇ જતો નથી. પારમાર્થિક કાર્યો કરવામાં જે જ્ઞાનીને ઉપયોગ છે તે જ્ઞાનીનેતો શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગીને સ્વાર્થ અને પરમાર્થની વૃત્તિ હોતી નથી છતાં સ્વાર્થિક પારમાર્થિકકાર્યોને

લોકોની દૃષ્ટિ પ્રમાણે કરે છે. બાજીગર જેમ સર્પને રમાડે છે તેમ તે મનવાણીકાયા અને કર્મનીપ્રકૃત્તિરૂપસર્પને રમાડે છે પણ તેનું ઝેર પોતાને ચડવા દેતો નથી એટલો બધો તે આત્મોપયોગે વર્તે છે. આત્મશુદ્ધોપયોગી સર્વ વિશ્વની માયામાં ખેલતો છતો અંતરથી તે ન્યારો રહે છે; પ્રભુનો ભક્ત પ્રભુમાં મન રાખીને જે યોગ્ય લાગે તે કરે છે. તે શુદ્ધોપયોગી છે. આત્માનું એકવાર સ્વરૂપ જાણ્યું તે આત્મરૂપપ્રભુનો ભક્ત બને છે. આત્મા તે પરમેશ્વર છે, ભગવાન્ મહાવીરદેવ છે તેના ભક્તો તરીકે મન વાણી અને દેહ છે અને આત્માના સાત્વિક ભક્તો તરીકે દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભ, તપ, સંયમ, ચારિત્ર, શૌચ, વિવેક, વિનય વગેરેછે. આત્માનો સદ્ભૂતભક્ત શુદ્ધોપયોગછે, શુદ્ધોપયોગ તેજ પરમાત્મા છે. શુદ્ધોપયોગ પ્રગટ્યો એટલે પ્રકટ પુરૂષોત્તમ આત્મારૂપ મહાવીર પરમાત્મા મળ્યા એમ જાણવું. શુદ્ધોપયોગી સર્વ યોગ્યવ્યાવહારિક કલ્પમર્યાદાને આચરતો છતો સર્વકલ્પવ્યવહારથી ન્યારો છે. શુદ્ધોપયોગીને શુદ્ધોપયોગદૃષ્ટિએ બાહ્યમાં ધર્મ નથી અને અધર્મ પણ નથી. શુદ્ધોપયોગીજ્ઞાની, મનનો વ્યાપાર કરે છે, વચનનીપ્રવૃત્તિ કરે છે છતાં તે અક્રિય છે, કારણ કે સર્વક્રિયાવ્યાપારની સાથે તે આસક્ત નથી. એવો શુદ્ધોપયોગી જ્ઞાની, સર્વવિશ્વને હણતોછતો હણતો નથી અને સર્વવિશ્વ તેને હણતું નથી. આત્મશુદ્ધોપયોગી જડવસ્તુઓનો મનથી વિચાર કરે છે છતાં તે જડમાં મોહ પામતો નથી, તે સર્વલોકોની સાથે રહે છે, મળે છે છતાં તેમાં મોહ પામતો નથી અને લોકોપર ઉપકાર કરી શકે છે, તેની સ્થિતિગતિને કરોડો કલ્પનાથી પણ કળી શકાતી નથી. કરોડો અજ્ઞાનીઓની વચ્ચે તે રહે છે પણ કરોડોઅજ્ઞાનીઓથી તે ઓળખી શકાતો નથી છતાં તે અજ્ઞાનીઓના પોતાના પ્રતિકલ્પાયલા શુભાશુભઅભિપ્રાયથી હર્ષ શોક પામતો નથી અને અજ્ઞાનીઓને જાગ્રત્ કરવાની ફર્જ સદા કર્યા કરે છે. શુદ્ધોપયોગી

જ્ઞાની પોતાના મનથી વચનદેહથી વિશ્વલોકોનું જેટલું હિત કરે છે તેટલું કરોડોઅજ્ઞાનીઓ તનમનવાણી ધનઅન્નથી પણ વિશ્વ લોકોનું હિત કરવા સમર્થ થતા નથી. આત્મશુદ્ધોપયોગીલોકો જીવતા છે અને બાકીના ઉપયોગ રૂપ જીવન શ્વાસોચ્છાસ વિનાના બાહ્યથી જીવતા છતા પણ અંતરથી મરેલા છે. મરેલા મડદા સમાન અજ્ઞાનીઓને આત્મોપયોગરૂપીજીવનમંત્ર સ્ફુરાવીને જીવાડનારા જ્ઞાનીઓ છે. એવા આત્મજ્ઞાનીઓ જાગતા છે અને બીજા ઉંઘતા છે. જાગતાને માયા ખાતી નથી પણ ઉંઘતાને માયા ખાય છે. જાગતાને દેહાદિ છતાં દેહાદિ નથી, જાગતાને સંસાર નથી. આત્મ-શુદ્ધોપયોગીની જેનાપર દૃષ્ટિ પડે છે તે જાગ્રત્ થૈ જાય છે. ઉંઘેલાઓ માયારૂપનિદ્રામાં મોહસ્વપ્નને દેખે છે. જાગતાઓને અંધારા જેવું અજ્ઞાન હોતું નથી. આત્મજ્ઞાની દેહાદિનો સદુપયોગ સારીરીતે કરી શકે છે. તે સંઘની સેવામાં સેવકની પેઠે પ્રવર્તે છે, રાજ્યની નીતિયો ઘડે છે અને પ્રવર્તાવે છે, તે દુનિયાની દૃષ્ટિએ ચાલતો નથી પણ ઉપયોગદૃષ્ટિથી ચાલે છે, તે સ્વાધિકાર દશાના અનુસારે સંપ્રતિ વ્યવહાર કર્તવ્ય પ્રવૃત્તિ કરે છે. આત્માનો ઉપયોગ ધારીને સર્વકર્મો કરવાં, આત્માનો ઉપયોગ રૂપપ્રકાશ જ્યાં પ્રગટે છે ત્યાં મોહરૂપઅંધકાર રહેતું નથી. આત્માનીશુદ્ધિનો ભાવ એ છે કે મોહપ્રકૃતિના તાબે ન થવું. આત્માનું જ્ઞાન થતાં સર્વસાધનોના એકાંત કદાગ્રહ છૂટી જાયછે, તેમજ સાધનોવડે અપેક્ષાએ વર્તન થાય છે. આત્મોપયોગી, દેશસંઘ સમાજ રાજ્ય કુટુંબાદિની ઉપયોગિતા જાણે છે અને તે જેટલું દેશાદિકની સેવા કરી દેશાદિનું કલ્યાણ કરી શકે છે તેટલું અન્ય કોઈ કરવા શક્તિમાન્ થતું નથી. અજ્ઞાનીઓ સ્વાર્થ અને મોહથી અન્યાયહિંસાદિ પાપ કરતાં જરામાત્ર અચકાતા નથી. આત્મજ્ઞા-નીઓની સર્વપ્રવૃત્તિ અને સર્વવિચારો છે તે ધર્મપ્રતિ ગમન કરે છે. અજ્ઞાનીઓની દયામાં અદયા છે. જ્ઞાનીઓની બાહ્યહિંસા પ્રવૃત્તિમાં બાહ્યસમાજની ઔપકારિકદૃષ્ટિએ અને આત્મપરિણામદૃષ્ટિએ

અહિંસા છે. અજ્ઞાનીઓની બાહ્યદયામાં પણ અપેક્ષાએ પરિણામ તથા ફલ તથા સંઘઆદિની સેવાની અપેક્ષાએ હિંસા છે. આત્મજ્ઞાની થયા વિના કોઈ સત્યદયા, અહિંસા, સત્યને પ્રાપ્ત કરી શકયું નથી અને પ્રાપ્ત કરી શકનાર નથી. અજ્ઞાનીઓની ધર્મપ્રવૃત્તિના ગર્ભમાં અધર્મ રહ્યો હોય છે. જ્ઞાનીના આદેશથી હલાહલવિષ પીવામાં કલ્યાણ છે અને અજ્ઞાનીના આદેશથી અમૃતપાનમાં પણ અકલ્યાણ છે. અજ્ઞાનીમોહીમનુષ્યો ગૃહાવાસમાં રહેવાનેમાટે પણ લાયક નથી. અજ્ઞાનીઓ પવિત્ર જૈનધર્મને સમજી શકતા નથી. સામાન્ય બાબતોમાં પણ આત્મજ્ઞાનવિના અજ્ઞાનીઓ લડી મરે છે અને આત્મજ્ઞાનીઓ સર્વ બાબતોના ચારે તરફના આશયોને જાણે છે તેથી સાધ્યદૃષ્ટિએ સાપેક્ષભાવ રાખી પ્રવર્તે છે. બાહ્યજડ જગત્પદાર્થોનો સર્વજ્ઞાનાત્માઓ એક સરખીરીતે ખપ જેટલો ઉપયોગ કરી શકેછે એમ આત્મજ્ઞાનીઓ જાણે છે અને તે બાહ્ય વસ્તુઓનો ખપ જેટલો ઉપયોગ કરે છે અને બાકીની વસ્તુઓનો પરિગ્રહ કરી અન્યલોકોના ઉપયોગમાં અંતરાય કરતા નથી. અજ્ઞાનીઓ સત્તા કલાદિથી અનેક પ્રપંચો કરે છે અને વસ્તુઓનો પરિગ્રહ કરવામાં આશાતૃષ્ણામોહના અંધસેવક બને છે. આત્મજ્ઞાનીઓ આત્મામાં સુખનો અનુભવ કરે છે અને અજ્ઞાનીઓ જડવસ્તુઓના ભોગોપભોગોમાં સુખની ભ્રાંતિ ધારણ કરીને રાગદ્વેષના સેવક બને છે, તથા બાહ્યવસ્તુઓમાટે અધર્મકર્મો કરવામાં જરામાત્ર અચકાતા નથી. આત્મજ્ઞાનીઓ, શાસ્ત્રો વગેરેમાં શાસ્ત્રવાસના વિના ઉપયોગી બને છે અને અજ્ઞાનીઓ ધર્મશાસ્ત્રોનું મૂલ રહસ્ય નહિ જાણતા હોવાથી લકીરની ફકીર બની પગલે પગલે કલેશ મોહથી દુઃખ પામે છે અને ધર્મ કરવા જતાં અધર્મને પ્રગટાવે છે. આત્મજ્ઞાનીઓ દરેક કાર્યની ચારે બાજુઓનો પરિપૂર્ણ વિચાર કરી તેને કરે છે અને કાર્યપ્રવૃત્તિમાં સંશયાદિરહિત થૈ પ્રવર્તે છે. સર્વે આત્મજ્ઞાનીઓ બાહ્યથી એક સરખી ગુણકર્મની પ્રવૃત્તિવાળા હોતા નથી. બાહ્યમાં પ્રકૃતિ છે અને પ્રકૃતિમાં પ્રકૃતિનું જોર છે. બાહ્યવિશ્વ માત્રને પ્રકૃતિરૂપ જાણવું.

બાહ્યમાં પ્રકૃતિનું સામ્રાજ્ય છે અને આત્મામાં આત્માનું સામ્રાજ્ય છે. પ્રકૃતિરૂપ જગત્નો કર્તા હર્તા આત્મા નથી અને આત્માની કરતી હરતી પ્રકૃતિ છે તે પ્રકૃતિરૂપે ખેલે છે એમ જે જાણે છે તે પ્રકૃતિમાયાના પાશમાં આવી શકતો નથી. પ્રકૃતિ અને આત્મા બન્નેને એક રૂપ દેખે છે તે અજ્ઞાની છે અને તે ત્રિગુણી પ્રકૃતિથી પોતાને ભિન્ન જાણી શકતો નથી. પ્રકૃતિ એજ માયા છે અને આત્મા છે તે પુરૂષ છે બેના સંયોગથી સંસાર છે અને બેનો વિયોગ તેજ મોક્ષ છે. પ્રકૃતિમાં આત્માધ્યાસ ન થવો અને આત્મામાં પ્રકૃતિનો અધ્યાસ ન થવો તે શુદ્ધજ્ઞાન અને આત્માનો શુદ્ધપરિણામ છે. આત્મા એજ મહાદેવ છે અને પ્રકૃતિ તેજ પાર્વતી છે. આત્મા એજ કૃષ્ણ છે અને પ્રકૃતિ તેજ રાધા છે. આત્માને સર્વવિશ્વ પ્રકૃતિથી ન્યારો જાણવો અને આત્મોપયોગી થૈ આત્માનંદમાં મસ્ત રહેવું તેજ મોક્ષ છે. આત્માનો મોક્ષ તે બંધની અપેક્ષાએ છે. બંધ અને મોક્ષ બન્ને પરસ્પર અપેક્ષાએ શબ્દો છે. બંધ નથી ત્યાં મોક્ષ નથી. શુદ્ધનિશ્ચયનય દૃષ્ટિએ આત્મા જો કર્મ પ્રકૃતિથી બંધાય તો તેનો મોક્ષ થાયજ નહીં. આત્માનો કર્મપ્રકૃતિસાથે વ્યવહારથી બંધ અને મોક્ષ છે. શુદ્ધનિશ્ચયનયથી આત્મા કોઇ કર્મપ્રકૃતિથી બંધાતો નથી અને કોઇ કર્મપ્રકૃતિ વગેરે આત્માની સાથે બંધાતી નથી એમ જે અપેક્ષાએ જાણે છે તે આત્મજ્ઞાની છે અને એમ જે જાણતો નથી તે નિરપેક્ષ અજ્ઞાની છે. અજ્ઞાનીના હસ્તમાં ધર્મ નથી. જ્ઞાની બાહ્યથી સત્ અને અસત્ એવા ઔપચારિક સાધન ધર્મોપૈકી જે કાલે જે ક્ષેત્રે જે જે સાધનો આદરવાં ઘટે છે તે અપેક્ષાએ આદરે છે તેથી તેને ઉત્સર્ગમાર્ગમાં અને અપવાદમાર્ગમાં ધર્મ છે. તે અધર્મ કૃત્યોને પણ ધર્મકૃત્યોનારૂપમાં ફેરવી શકે છે. દેશધર્મ, સંઘધર્મ, રાજ્યધર્મ, કુટુંબધર્મ, આજીવિકાધર્મઆદિ સર્વ વ્યાવહારિકધર્મોની પ્રવૃત્તિયોમાં તે યોદ્ધાની પેઠે અનાસક્તભાવે વર્તે છે. તે જે કંઇ વિચારે છે અને કરે છે તે આત્મોપયોગની

દૃષ્ટિએ ધર્મરૂપ છે. તે શુદ્ધમાં પણ ધર્મ જાણે છે અને અશુદ્ધમાં પ્રસંગે ધર્મ છે એમ પણ જાણી શકે છે, એવા આત્મજ્ઞાની ગુરૂની આજ્ઞા પ્રમાણે અજ્ઞાનીઓને પણ આત્મધર્મ પ્રકટેછે. આત્માના અજ્ઞાની એવા દેશભક્તો તે વસ્તુતઃ દેશ રાજ્ય સમાજ કુટુંબના શત્રુઓછે. અજ્ઞાનીઓ ધર્મના ભક્તો નથી. તેથી તેઓ સાધન અને અસાધનનો ભેદ જાણી શકતા નથી. અજ્ઞાનીઓ ધર્મ કરતાં છતાં બંધાય છે અને આત્મજ્ઞાનીઓ સર્વત્ર સર્વ કાર્યોમાં નિર્લેપ રહે છે. અજ્ઞાનીઓ, પ્રકૃતિવેષ આચાર વગેરે બાહ્યમાં ધર્મ અધર્મ માને છે. જ્ઞાનીઓ બાહ્યાંતરમાં ધર્મ અને અધર્મનો ભેદ જાણી શકે છે તેથી તેઓ ધર્મના પ્રવર્તકો બને છે. આત્માના શુદ્ધસ્વરૂપનાસ્થિરઉપયોગમાં બેઘડીસુધી રહેવાથી નિશ્ચય ચારિત્રનો સાક્ષાત્કાર થાય છે અને આત્માના અખંડ સહજાનંદનો આત્મા પોતે સાક્ષાત્ આનંદરસ ગ્રહે છે. બાહ્ય વસ્તુઓને દેખતાં આત્મજ્ઞાની આત્માનંદનું સ્મરણ કરી આત્માનંદી બને છે, તેની ઇન્દ્રિયોનો બાહિરૂનોવ્યાપાર છતાં તેનો આત્મા તો આત્માના આનંદરસનો ભોગ ભોગવે છે એવો જ્ઞાનીને અનુભવ આવે છે. આત્માના ઉપયોગમાં—ધ્યાનમાં રહેતાં મનમાં કોઈ જાતનો બાહ્ય વિષયરાગ રહેતો નથી અને ઇન્દ્રિયોના વિષયોમાં મન પ્રવર્તતું નથી. બાહ્યશરીરથી અન્નાદિકનો ભોગ થતો નથી, તેવા ધ્યાનકાલે મન અને કાયાની સાથે શાતાનોસંબંધ છતાં તેનાથી જુદાપ્રકારની અનંત આનંદની ઘેન પ્રગટે છે કે જેનું વર્ણન, વાણી દ્વારા કરી શકાતું નથી તેવા આનંદના અનુભવથી સ્પર્શેન્દ્રિયાદિ વિષય આદિ વિષયોના રસોટળેછે એવો જ્ઞાનીને અનુભવ થાય છે. ભોગાવલીકર્મોના ભોગોથી વસ્તુતઃ સુખ નથી એવો નિશ્ચય, આત્માનાઆનંદરસના વેદનથી થાય છે, એવા જાતિ અનુભવમાં સર્વપ્રમાણોનો અંતર્ભાવ થાય છે. આવો અનુભવ સાક્ષાત્ પ્રમાણરૂપે સદાકાલ પ્રગટી રહેતે જ આત્માની શુદ્ધ દશા છે અને તે પ્રાપ્ય છે એમાં સંશય નથી. વારંવાર પ્રગટનારી

અને ટળનારી તથા પુનઃ પ્રકાશિતથનારી આવીમિશ્રક્ષયોપશમદશાની ક્ષાયિકદશા થાય તેજ સાધ્ય લક્ષ્ય છે અને તેમાટે મનુષ્યજીવનનો એક ક્ષણ પણ નકામો ગુમાવવો તે યોગ્ય નથી. મનુષ્યજન્મથી મુક્તિ છે. વિષયોના ભોગોમાં ત્યાં સુધી આનંદ પડે છે કે જ્યાંસુધી આત્માનો રસ વેદવામાં આવ્યો હોતો નથી. સંસારમાં રાજ્યવ્યાપાર વગેરે કરવામાં આવે છે તેનું કારણ આનંદ સુખમય જીંદગી ગુજારવી તેજ છે, પરંતુ રાજ્ય વ્યાપાર સત્તા ધનસ્ત્રી આદિના સંબંધથી થનાર વિષયાનંદ ક્ષણિક છે અને આત્માનંદ નિત્ય છે તે શરીર પ્રાણનો નાશ થયા પછી પણ નિત્ય કાયમ રહે છે, એવા આનંદનો અનુભવ આવ્યા પછી ઘાંચીની ઘાણીના બળદ જેવી બાહ્યસુખની દશાને કોણ ઇચ્છે? મધુબિંદુ સમાન સાંસારિકવિષયોનાં સુખ ભોગવતાં રોગાદિવડે ઉલટો મનવાણીકાયાનો નાશ થાય છે. જેને એવા બાહ્યવિષયમાં સુખની ભ્રાંતિ થતી નથી એવો જ્ઞાની આત્મસુખમાં પૂર્ણ મસ્ત રહેછે. આત્માનંદ ભોગવતાં મનવાણીકાયાનો ક્ષય કરવો પડતો નથી અને વિષયોનાલાભે પરતંત્ર રહેવું પડતું નથી. આત્માનંદમાં આત્મસામ્રાજ્યસ્વાતંત્ય છે. દુનિયાના સર્વલોકોની પ્રવૃત્તિનો મૂલઉદ્દેશ આનંદસુખની પ્રાપ્તિ કરવી તેજ છે. આત્મસુખની પ્રાપ્તિ વિના વિષયાનંદની પ્રાપ્તિ તો જીવે અનંતી વાર કરી પણ તેથી ખરી તૃપ્તિ થઇ નહીં. ચક્રવર્તી અને ઇન્દ્રને અનેકવિષયના ભોગો છતાં તેમને સત્યસુખ મળતું નથી. તેઓ વારંવાર પાંચે ઇન્દ્રિયોના મનોહર ભોગો ભોગવે છે છતાં તેઓ પુનઃ પુનઃ વિષયભોગની ઇચ્છા કરે છે. તેઓ વિષય તૃષ્ણારૂપસાગરનો પાર પામી શકતા નથી. તેઓ સાગરોપમનાં આયુષ્ય, વિષય સુખની લાલસામાં સમાપ્ત કરે છે પણ તેથી તેઓ વિરામ પામતા નથી, તેઓની તૃષ્ણાનો દાહ શાંત થતો નથી. સર્વજીવોએ અનંત વિષય પુદ્ગલોને અનંતી વાર વિષયપણે પરિણમાવીને ભોગવ્યાં છે છતાં હજી વિષયના પરવશ થૈને વિષયમાટે જીવન ગાળે છે પણ આત્માના

સુખનેમાટે જીવન ગાળતા નથી તેનું કારણ અજ્ઞાન મોહ છે. આત્માના સુખની પ્રતીતિ જેથી થાય તે જ્ઞાન છે. વિષયોના ભોગ વિના જે આનંદ અનુભવાય છે તે આત્માનંદ છે. આત્માનંદ જે અનુભવે છે તે અસંખ્ય ઈન્દ્રચક્રવર્તિયોવડે પૂજ્ય આરાધ્ય છે. આત્મજ્ઞાની અને આત્માનંદી નગન હોય તોપણ તે પૂજ્ય છે. સવસ્ત્ર હોય, ઝુંપડીમાં પડેલ હોય, વા શિલાપર બેઠેલો હોય તોપણ તેની તુલનામાં ઇન્દ્ર ચક્રવર્તી વગેરે પણ વિષય પરતંત્રદાસો છે. જેઓ અજ્ઞાન અને મોહના આધીન છે તેઓ દાસના પણ દાસ છે. અજ્ઞાનીને અને મોહીને ગમેતેવા બાહ્ય-રાજ્યાદિયોગે સ્વપ્નમાં પણ સુખ નથી. વિષયોમાં સત્યસુખ નથી. વિષયો જડપદાર્થો છે. જડપદાર્થોમાં સુખ અને જ્ઞાન નથી તેથી તેના ભોગે આનંદ હોય જ ક્યાંથી ? બાહ્યવિષયોમાં રાગ અને દ્વેષ કરવો તે અજ્ઞાન અને મોહની ચેષ્ટા છે. જડપદાર્થોમાં જ્ઞાન અને સુખ નથી. જડમાં આનંદગુણ અને જ્ઞાનગુણ નથી છતાં તેની મમતાથી અને અહંતાથી અજ્ઞાનીજીવો અનેકપ્રકારનાં પાપકર્મો કરે છે. વિષયની લાલસાથી આનંદ નથી. વિષયમોહ એજ સર્વદુઃખનું મૂળ છે. આત્મજ્ઞાનથી વિષયમોહ ટળે છે અને આત્માની સ્વતંત્રતાનો અનુભવ આવે છે. આત્માના સત્યા-નંદની આગળ ઇન્દ્રનાં અને ચક્રવર્તિનાં સુખ તે દુઃખરૂપ છે એવું જાણનાર આત્મસામ્રાજ્યવાદી છે અને તે સ્વતંત્ર છે તેને બાહ્યાંતરમાં આત્મોપયોગે સ્વતંત્રસુખ વર્ત્યા કરે છે તેને ઇન્દ્ર ચક્રવર્તી શહેનશાહની પરવા નથી તેને બાહ્યવસ્તુઓ હોય તો તેની ગૃદ્ધિ-આસક્તિ નથી અને ન હોય તો તેને મેળવવા ઈચ્છા નથી એવો આત્મજ્ઞાની સ્વતંત્ર મુક્ત છે. જેમ જેમ મનમાં નિરૂપાધિપણું વેદાય તેમ તેમ આત્માનંદનો પ્રકાશ થાય છે. જે જે જડવસ્તુઓનો મોહ છે તેજ ઉપાધિકર્તા છે. બાહ્યરાજ્ય ધન સત્તા વગેરેમાં શુદ્ધાત્માના સુખનો ગંધ પણ નથી. જેમાં વસ્તુતઃ આનંદ નથી તેમાં આનંદ કલ્પવો એજ ભ્રાંતિ છે. યશકીર્તિથી પણ આનંદ નથી. નામ રૂપમાં આત્માની અહંવૃત્તિનો

જ્યાંસુધી અધ્યાસ છે ત્યાંસુધી તેથી આનંદ લાગે છે પણ તે આનંદ ક્ષણિક છે તેની રક્ષામાટે અનેક દુઃખો ભોગવવાં પડે છે. પોતાના નામરૂપની સ્તુતિ શ્રવણ કરતાં જ્યાંસુધી હર્ષ પ્રગટે છે ત્યાંસુધી શોક કાયમ છે. જ્યાંસુધી હર્ષ શોક છે ત્યાંસુધી આત્માનંદ નથી. પ્રથમ તો નિંદા અને સ્તુતિ શ્રવણ કરતાં ત્રીજા પુરૂષના તટસ્થભાવ જેવી સમભાવદશા પ્રગટવી જોઇએ. સ્તુતિમાં અને નિંદામાં શુભાશુભવૃત્તિ જ્યારે ન થાય ત્યારે આત્મા પોતાના ચિદાનંદ સત્યનો પૂર્ણ પ્રકાશ કરે છે. પોતાના પ્રતિ અજ્ઞલોકો શુભાશુભ ગમે તેવા સ્તુતિ નિંદાત્મક અભિપ્રાય બાંધે તેથી જે આત્મજ્ઞાની, શુભાશુભમનવિકલ્પના ચકડોળે ચડતો નથી તે આત્માનંદનો સ્વાદ કરે છે. બાહ્યરાગદ્વેષની પ્રવૃત્તિની ધમાલમાં સત્યશાંતિ નથી, એમ જ્યારે આત્માને અનુભવ આવે છે ત્યારે તે ભાવસંવરભાવે પરિણમે છે. આત્મજ્ઞાની, કરોડો લોકો દ્વારા થતી પોતાની ઔદયિકચેષ્ટાપ્રવૃત્તિની નિંદામાં શોકદુઃખ ભાવને પ્રગટાવતો નથી, એવી આત્મજ્ઞાનીની દશામાં પૂર્ણાનંદની મસ્તી હોય છે. એવા આત્મજ્ઞાનીથી પરમાત્મત્વ ભિન્ન નથી. કરોડો લોકો પોતાની સ્તુતિ કરે પણ તે ઔદયિકભાવની સ્તુતિ છે અને તેમાં મારા શુદ્ધાત્મસ્વરૂપને કંઇ લાગતું વળગતું નથી એમ જે દૃઢનિશ્ચયથી જાણી તે પ્રમાણે અંતરૂમાં અનુભવે છે તે આવિર્ભાવે પ્રકટ પરમાત્મા છે. જન્મ મૃત્યુમાંથી આત્માધ્યાસ ટળવાથી આત્મા પોતાના શુદ્ધસ્વરૂપનો આનંદ અનુભવે છે. શુદ્ધદ્રવ્યાર્થિક દૃષ્ટિએ આત્માને જન્મમરણ નથી એમ નિશ્ચય થતાંની સાથે આત્માનંદની મસ્તી પ્રકટે છે. પ્રભુમહાવીરદેવના શુદ્ધાત્મામાં જે આત્મજ્ઞાનીઓ લયલીન બને છે તેઓ પૂર્ણાનંદને અનુભવે છે. બાહ્યથી આત્મજ્ઞાનીની ગમે તેવી શુભાશુભઔદયિકદશા દેખાતી હોય પણ તે તેમાં અંતરપરિણામથી પરિણમતો નથી, અજ્ઞલોકો, જ્ઞાનીઓના આત્માના સ્વરૂપને દેખી શકતા નથી, તેથી તે આત્મજ્ઞાનીમુનિયોની શુભાશુભઔદયિકચેષ્ટામાં તેઓના આત્માઓની દશા કલ્પે છે તો પણ તેપર તો આત્મજ્ઞાની મુનિયો

જરા માત્ર લક્ષ દેતા નથી એવી તેમની આત્મજ્ઞાનદશામાં આત્માનંદની ખુમારીની મસ્તી હોય છે. વિશ્વમાં આત્માના ઉપયોગમાં રહેવું તેજ સારછે. આત્માના શુદ્ધસ્વરૂપની સાથે લગની લગાડી છે તેથી કંઈક આત્માનો આનંદ અનુભવાયો છે. સર્વ વિશ્વમાં જ્યાંત્યાં આત્માનંદ ગમે તે નિમિત્તે વ્યક્ત કરવો એજ અનુભવ વ્યવહારમાં વર્તે છે. જડવસ્તુઓને અવલોકવી પરંતુ આત્માનો આનંદ તો આત્મામાં છે પણ જડવસ્તુઓમાં નથી એવા અનુભવ ઉપયોગે રહેવું. જડવસ્તુઓમાં આનંદ અને જ્ઞાનગુણ નથી પરંતુ જડવસ્તુઓદ્વારા જે આનંદ આવે છે તે પણ વસ્તુતઃ આત્માનોશાતા આનંદ છે પરંતુ જડની ઉપાધિથી તે પ્રગટે છે તેથી તે ભ્રાંતિ છે એમ નિશ્ચય થતાં આત્માનંદનો સત્ય અનુભવ આવે છે. આત્માનંદરસે રસિત થૈ અનેકજડવસ્તુઓના સંબંધમાં આવતાં છતાં આત્માનંદ કાયમ રહે છે અને તેથી જડવસ્તુઓથી બંધન થતું નથી, કારણ કે જડવસ્તુઓમાં બંધનનું કારણ જડ-વસ્તુઓમાં આનંદની ભ્રાંતિ હતી તે તો પ્રથમથી નષ્ટ થએલી હોય છે, તેથી જડવસ્તુઓનો સંબંધ છતાં આનંદ વર્તે છે અને કેટલીક જડવસ્તુઓનો સંબંધ નહીં છતાં પણ આત્માનંદ વર્તે છે, એવી આત્મજ્ઞાનીની દશા થાય છે તેની ઝાંખી આવે છે. આત્મરસે રસિયા થએલા જ્ઞાનીઓને બાહ્યવ્યવહારમાં અને અંતરમાં શુષ્કપણું રહેતું નથી તેમછતાં કદાપિ શુષ્કતા વેદાય છે તે તો ક્ષયોપશમભાવદશામાં વર્તતાં કર્મોદયથી છે પણ તે ઝાઝીવાર ટકતી નથી. બારમાગુણસ્થાનક સુધી ગુરૂની જરૂર છે. આત્મ-જ્ઞાનીની દૃષ્ટિએ આત્મજ્ઞાની વર્તે છે. આત્મજ્ઞાન પામ્યા પછી શુષ્કપણું રહેતું નથી. આત્મજ્ઞાનથી આત્માનંદરસની ખુમારી એટલી બધી આવે છે કે તથી બાહ્યભોગો તો લીંટના જેવા જણાય છે છતાં પ્રારબ્ધ કર્મોદયથી ત્યાં બાહ્યથી કેટલાક જ્ઞાનીઓને ઇન્દ્રિયોદ્વારા બાહ્યથી ભોગ છતાં અંતરથી અભોગીપણું વર્તે છે. શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની શ્રી આનંદઘનજી તથા શ્રીમદ્ દેવચંદ્રજી તથા શ્રી ઉપાધ્યાયજી તથા શ્રી મણિચંદ્રજી તથા શ્રી ચિદાનંદજી

મહારાજ તથા શ્રી જ્ઞાનસારજી આત્માનંદી અંતરાત્મ દશાવાળા મહાયોગીઓ હતા, તેઓએ ક્ષયોપશમભાવીય જ્ઞાનથી તથા ઉપશમ અને ક્ષયોપશમભાવીય ચારિત્રથી આત્માને અનુભવ્યો હતો. તેઓના હૃદયમાં આત્મરસ ઝરણાં પ્રગટેલાં હતાં. આત્મારૂપ પરમાત્માનાં દર્શન અને તેની પ્રાપ્તિ તેઓને ક્ષયોપશમજ્ઞાન ચારિત્રભાવે થઈ હતી, તેમણે અપ્રમત્ત ગુણસ્થાનકની મસ્તદશા અનુભવી હતી. શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે આત્માનંદની મસ્તી અનુભવી હતી. શ્રી કુંદકુંદાચાર્યે આત્માનંદની મસ્તી અનુભવી હતી. એમ અનેકમુનિયોએ આત્માનંદની મસ્તી અનુભવી હતી. શ્રીજ્ઞાનવિમલસૂરિએ તથા શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે તથા શ્રીહુકુમમુનિએ તથા શ્રી આત્મારામજી તથા શ્રીમદ્ગુરૂશ્રીરવિસાગરજીએ તથા ગુરૂશ્રી સુખસાગરજીએ વગેરેએ આત્માનુભવ કર્યો હતો, તથા આત્માનંદરસ અનુભવ્યો હતો. જડજગતના સંબંધથી આત્માનંદની ઝાંખી થવામાં પ્રત્યવાય આવતો નથી. આત્માનંદરસ આસ્વાદ્યાપછીથીજ ઇન્દ્રિયરસનું ઘેન ઉતરે છે. શ્રી બુટેરાવજી મહારાજે તથા શ્રી રત્નસાગરજીએ આત્માનુભવરસ પ્રાપ્ત કર્યો હતો. તરતમયોગે આત્માનંદરસને પામેલા અનેકમુનિયો હાલમાં વર્તે છે. શ્રીમદ્ દેવચંદ્રમહારાજ જૈનશાસ્ત્રોના પરિશીલનથી અને પશ્ચાત્ધ્યાન સમાધિથી એકાંતસ્થાનોમાં રહીને આત્માનંદરસને પામ્યા હતા અને તે વર્તમાનમાં કિંવદંતી પ્રમાણે મહાવિદેહક્ષેત્રમાં કેવલી થઇને વિચરે છે. આત્માના શુદ્ધોપયોગમાં રમણતા કરવી તે શુદ્ધ ધર્મ છે. રાગદ્વેષની પરિણતિ તે અશુદ્ધધર્મ છે અને આત્માના શુદ્ધોપયોગકાલે જે આત્માની ઉપયોગપરિણતિ છે તે આત્મિક શુદ્ધધર્મ છે. અનંતભવમાં બાંધેલાં નિકાચિતઘાતીકર્મનો શુદ્ધોપયોગની બે ઘડીમાં અંત આવે છે એટલું તો શું પણ તેવા શુદ્ધોપયોગની બે ઘડીમાં જો અનંતજીવોનાં કર્મો ભેગાં આવીને પડે તો તેનો પણ ક્ષય થઈ જાય છે, એવા આત્માનાશુદ્ધશુદ્ધપર્યાયના ઉપયોગથી આત્મરસનો સાગર

પ્રગટે છે, એવી શુદ્ધોપયોગપરિણતિમાં શ્રીમદ્દેવચંદ્ર અને આનંદઘનજીએ ઘણું આયુષ્ય વ્યતીત કર્યું હતું, ક્ષયોપશમ ભાવે ચારિત્રાનંદને પામનારાઓ અવશ્ય ક્ષાયિકભાવના ચારિત્રાનંદને પામે છે. આત્મજ્ઞાનાનંદીમુનિવરોને આહાર જલ વસ્ત્ર પાત્ર વસતિનું દાન દેનારા અને મુનિયોની અપૂર્વભાવે સંગતિ કરનારા તથા એવા આત્માનંદીમુનિયોને વંદન નમન કરીને તેઓની કૃપા પામી તેઓના હૃદયમાં ઉતરનારા એવા ભક્તિ કરનારા વિવેકી ગૃહસ્થો, ભક્તિના પરિણામથી આત્માનંદરસને પામે છે અને સંસારમાં રહ્યા છતાં અમુક વખત આત્માનંદ મસ્તીમાં ગાળે છે તેથી તેઓને મુક્તિસુખનો વિશ્વાસ પ્રગટે છે, પશ્ચાત્ તેઓ ત્યાગમાર્ગદ્વારા આત્માનંદમાં જીવન ગાળવા ત્યાગીમાર્ગનો સ્વીકાર કરે છે અને એકાંતસ્થાનકોમાં રહીને આત્માની સાથે રમે છે અને સ્વયંશુદ્ધાત્મસ્વરૂપ બને છે. નિરૂપાધિદશામાં ખરેખરો આત્માનંદરસ વેદાય છે તેથી જ્ઞાનીઓને નિરૂપાધિદશા પ્રાપ્ત કરવામાટે અને તદ્દ્વારા આત્માનંદરસમસ્તી અનુભવવામાટે ત્યાગી થૈને આત્મોપયોગે જીવન ગાળવાની ઘણી જરૂર છે. એવી ત્યાગદશાના આત્મરાજ્ય આગળ બાહ્યનાં કરોડો રાજ્ય પણ નાકનાલીંટ સમાન ભાસેછે. ઉપાધિમયરાજ્યથી દુઃખ છે અને નિરૂપાધિમયઆત્મરાજ્યમાં અનંતસુખ છે. નિરૂપાધિમય આત્મરાજયમાં શુદ્ધોપયોગે મસ્ત થએલા એવા શ્રીમદ્ આનંદઘનજી અને શ્રીમદ્ દેવચંદજી જેવા મહાત્માઓની આગળ ઇન્દ્ર શહેનશાહ સરખા પણ પામર છે અને ઈન્દ્રાદિક પણ તેવા આત્મજ્ઞાનીમુનિયોના ભક્તો છે. બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વર સરખા પણ આત્મજ્ઞાનાનંદી મસ્તમુનિયોની દશા પામવા સદા ઈચ્છા રાખે છે. પરમાત્મરાજ્યમાં વિચરનારા અને હૃદયમાં પરમાત્મસુખનો અનુભવ કરનારા ત્યાગીમુનિયોની સેવામાં ગૃહસ્થોએ અર્પાઈ જવું અને નામરૂપના મોહથી રહિત થઇ જવું એજ ત્યાગીઓની સેવાભક્તિદ્વારા ગૃહસ્થોને આત્માનંદ લેવાનો ઉત્તમમાર્ગ છે. ગૃહસ્થોએ

તો ગુરૂસંત સાધુની ભક્તિમાં જીવન ગાળી શુષ્કપણું ટાળવું અને આત્મરસિયા બનવું. ત્યાગીઆત્મજ્ઞાનીમહાત્માઓને આત્મપ્રભુનું ઉપશમભાવે ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે પ્રાકટ્ય અનુભવાય છે. આત્મપ્રભુનું સમ્યગ્દૃષ્ટિએ દેખવું તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પામવું તે શુદ્ધાત્મપ્રભુનું દર્શન છે અને ચારિત્રભાવે આત્મશુદ્ધિ કરવી તે આત્મરૂપ પરઆત્મપ્રભુની પ્રાપ્તિછે. શરીરધારીકેવલીઓનું અને આત્મજ્ઞાનીઓનું દર્શન તે સાકારપ્રભુદર્શનછે અને દેહપુદ્‌ગલવિના અરૂપી આત્માનું દર્શન તે નિરાકારપરમાત્માનું દર્શન છે. સ્વપર શુદ્ધાત્મસ્વરૂપનું દર્શન તે નિરાકારઆત્મદર્શન છે. સંતોનાં દર્શન કરવાં, ગુરૂનું દર્શન કરવું તે આત્મદર્શન છે સમ્યગ્દૃષ્ટિએ આત્મદર્શન છે. આત્મદર્શનમાટે પ્રથમ ગુરૂસંતનાં દર્શન કરવાની લગની લગાડવી. ગુરૂસંતની ભક્તિમાં ગૃહસ્થ ભક્ત શિષ્યોએ અર્પાઈ જવું. જૈનશાસ્ત્રોનો ગુરૂસેવા ભક્તિ પૂર્વક અને તેમની આજ્ઞાપૂર્વક અભ્યાસ કરવો. ત્યાગી મુનિયોની સેવાભક્તિ કરવામાં અત્યંતશ્રદ્ધાપ્રેમ અને નિષ્કામબુદ્ધિથી વર્તવું. ત્યાગી સાધુઓના અને ગુરૂના વેષક્રિયાચારનું જ્ઞાન કરીને તેઓના આત્મા પર પૂર્ણશ્રદ્ધાપ્રેમી બનવું અને તેમની સેવાભક્તિમાં હજારો સંકટ પડતાં પણ દોષદૃષ્ટિવાળાઓના ભરમાવ્યાથી ન ભરમાઇ જતાં સ્વાધિકારે વર્તવું. સ્વાધિકારે ગુરૂ પોતાના માટે જેમ કથે તેમ વર્તવું. ગુરૂ પોતાના નામરૂપમોહનો નાશ કરવામાટે પોતાનીપર ગમે તેવી કસોટીઓ કરે હોયે તેથી શ્રદ્ધાપ્રેમ વિનય સેવાભક્તિમાં જરામાત્ર મડદાલ ન બનવું. પોતાની એવી દશાથી અન્યલોકો પોતાને અંધ શ્રદ્ધાળુ અજ્ઞજડમૂર્ખાદિ અનેક શબ્દોથી બોલાવે, તિરસ્કાર કરે હોયે તેથી જરામાત્ર શંકિત ચલાયમાન ન થવાય તે પ્રમાણે વર્તવું અને ઉપાધિદશામાં અંતરૂથી નિરૂપાધિમય આત્મરસ આસ્વાદાય એવો આત્માનો શુદ્ધોપયોગ ધારવો. એ પ્રમાણે ગુરૂની આજ્ઞાએ જેમ પોતાનો આત્માનંદરસ વેદાય તેમ આત્મામાં આત્માની લગની લગાડી દેવગુરૂનામનો જાપજપી આત્મ-

રસી બનવું. શુદ્ધાત્મા એવા શબ્દનું સ્મરણ થતાં વાર જ શુદ્ધાત્માનો ઉપયોગ વર્તે છે અને પ્રભુના શબ્દમાં મીઠાશ લાગે છે, તેમજ પ્રભુના શુદ્ધસ્વરૂપની મીઠાશનો ખ્યાલ આવે છે અને શરીરદ્વારા બાહ્ય પ્રવૃત્તિ છતાં અંતરૂમાંશુદ્ધાત્મા સાથે લગની લાગી રહે છે. ॐ अर्हंप्रभु महावीर ॐ अर्हं महावीर. महावीर वीर वीर એમ પ્રભુના નામની જાપધૂન વર્તે છે અને તેથી શુદ્ધાત્મસ્વરૂપનો તાજો ઉપયોગ વર્તે છે, તેથી શાતાવેદનીયથી ભિન્ન આત્માનંદરસની ઝાંખીનો અનુભવ આવે છે. महावीर महावीर એવા પ્રભુ નામના શબ્દનો જાપ જપતાં તુર્તજ અનંત અસ્તિનાસ્તિધર્મમયશુદ્ધાત્માનું સ્વરૂપ સ્મરણમાં આવે છે અને તેથી આત્મા તેજ પ્રભુ મહાવીરરૂપ, સત્તાએ છે તેનો તાજો ઉપયોગ વર્તે છે. અંતરમાં જીભ હાલ્યા વિના પરા-પશ્યંતીમાં પ્રભુનો જાપ જપતાં છતાં ઘણીવાર અન્યલોકોની સાથે અન્ય બાબતની વાત થાય છે પણ ઉપયોગ તો ખાસ જાપ જપવામાં વર્તે છે તથા શુદ્ધાત્મ સ્વરૂપનું ચિંતવન થાય છે તેથી મઝા પડે છે, તેથી મોહનાં આવરણો આવતાં નથી. महावीर પ્રભુના નામનો જાપ જપતાં અનેકવિઘ્નો અને દુષ્ટવિચારો ઉપશમી જાય છે. वीर वीर એ પ્રમાણે જાપની ધૂન લાગતાં છતાં પછીથી ઉંઘ આવી જાય છે અને સ્વપ્નમાં સમવસરણમાં બેઠેલા પ્રભુ મહાવીરપ્રભુનાં દર્શન થાય છે અને તેમનો ઉપદેશ સંભ-ળાય છે અને તેમના શરીરમાં રહેલા અસંખ્યપ્રદેશી આત્માનું ચિંતવન થાય છે. ઘણી વખત મહાવીરશબ્દનો ઉચ્ચાર કરતાં શુદ્ધાત્મરૂપમહાવીરનાસ્વરૂપનો ઉપયોગ——પ્રકાશ થઈ જાય છે અને તેથી બાહ્યદુનિયાપર જેટલો રાગ થાય છે તેના કરતાં અનંતગુણો પ્રેમ શ્રીમહાવીર પર પ્રગટયો—હોય એમ જણાય છે. પ્રથમ ગુરૂપર અનંતશ્રદ્ધાપ્રેમ પ્રગટ થાય છે ત્યારે જ પરમાત્મપ્રેમ પ્રગટે છે, પશ્ચાત્ સાત્વિક શુદ્ધપ્રેમ થતાં આત્માની શુદ્ધિ થાય છે એવો કંઈક અનુભવ જ્ઞાનયોગથી આવ્યો છે. બાહ્યકર્મદશા વેદાતાં છતાં તેમાં કંઇ મીઠાશ

લાગતી નથી, તેમજ મનુષ્યોના સંબંધમાં આવતાં છતાં પણ આત્માનંદ મિષ્ટતાનો રસ પ્રગટયાથી પ્રસન્નતા ચેહાય છે.— ૐ અર્હંમહાવીરના જાપથી માનસિકકાયિક આરોગ્ય વધે છે. મહાવીરપ્રભુમયઆત્મજીવને જીવવામાટે મહાવીરપ્રભુનો પરાપશ્યંતીમાં માનસિકજાપ જપવો. સર્વજીવોને સત્તાએ મહાવીર પ્રભુમય દેખવા. પ્રભુ ભજતાં આવતાં દુઃખ સંકટ પડે તેથી આત્મશુદ્ધિમાં આગળ વધવાનું થાય છે એવી શ્રદ્ધાપ્રીતિ ધારણ કરવી. ષડ્દ્રવ્યોનું અને નવતત્ત્વોનું નયનિક્ષેપથી જ્ઞાન કરવું. ગમે તેવી જ્ઞાનયોગાવસ્થામાં દેવગુરૂસંઘધર્મની સેવાભક્તિમાં નિષ્કામભાવે વર્તવું. સર્વજીવોપર આત્મપ્રેમ ધારણ કરવો. દેશવેષરાજ્યોપાધિભેદથી સર્વવિશ્વજીવોના કલ્યાણમાં ભેદ ન રાખવો. મહાવીરપ્રભુના જાપથી ભક્ત જીવોના હૃદયની શુદ્ધિ થાય છે. નગુરાઓને સગુરા કર્યા વિના આત્મજ્ઞાનનાં શાસ્ત્રોનો બોધ ન આપવો. ગુરૂપર પૂર્ણશ્રદ્ધાપ્રેમ પ્રગટવાથી ભક્તોની કોટિમાં પ્રવેશવાનો અધિકાર થાય છે. પૂર્ણશ્રદ્ધાપ્રેમીને સમ્યકત્વવ્રત અંગીકાર કરાવી ગુરૂએ પ્રભુમહાવીરદેવના નામ મંત્રનો મંત્રયોગ આપવો. ગૃહસ્થોને ગૃહસ્થાધિકારપ્રમાણે વર્તવાની આજ્ઞા કરવી અને ત્યાગીઓને ત્યાગીના અધિકાર પ્રમાણે વર્તવાની આજ્ઞા કરવી. ભક્તશિષ્યોને પ્રભુ નામજાપમાં મીઠાશ ઉપજે છે અને નગુરા નાસ્તિકોને પ્રભુનામ જપવામાં મીઠાશ ઉપજતીનથી. શુદ્ધપ્રેમ પ્રગટયા વિના કોઇ પ્રભુનો ભક્ત થતોનથી. માથે અનુભવી ગુરૂ કર્યા વિના કોઇ પ્રભુને પામી શક્તો નથી. ગુરૂકૃપાએ પ્રભુની ઝાંખી અનુભવાઇ છે. ગુરૂકૃપા વિના ઇશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. જે ગુરૂથી દૂર છે તે પ્રભુથી દૂર છે. જે ગુરૂના હૃદયમાં છે, તે પ્રભુમહાવીરદેવના હૃદયમાં છે. જેને ગુરૂથી ઐક્ય છે તેને પ્રભુ પાસે છે. ગુરૂદેવ અને આત્માપર પૂર્ણશ્રદ્ધા રાગ અને તન્મયતા થતાં જીવતાં મુક્તિનું સુખ અનુભવાય છે, એવા અનુભવની ઝાંખી આવી છે એમ સત્ય જાહેર કરવાથી અન્ય મનુષ્યો પણ આત્મા-

નંદરસ પામવા આશાવંત ઉલ્લાસી પુરૂષાર્થી બને એ સત્ય છે. જે નામરૂપની વૃત્તિના મોહભાવે જીવવાપણું છે તે ભાવે મરવાથી અને પ્રભુસ્વરૂપના શુદ્ધોપયોગે જીવવાથી આ સ્થૂલ વિશ્વમાં કાયા છતાં આત્મા તો આત્મવિશ્વમાં આત્મદૃષ્ટિએ પરમાનંદ વિલાસે જીવે છે એવો અનુભવ આપોઆપ એમ જણાવે છે અને લખે છે તથા સર્વ મનુષ્યોને આમંત્રે છે કે તમે આત્માનંદરસિયા વા પ્રભુરસિલા થવા પ્રભુસૃષ્ટિમાં આવો અને પ્રભુને મળી પ્રભુ થાઓ.

## પ્રભુરસ પામેલા સંતો.

પ્રભુરસ પામ્યા સંતોરે, છાના રહે નહીં ક્યાંય. પ્રભુ.
આતમપ્રભુને આતમારે, ઓળખે આપોઆપ;
સ્વપરપ્રકાશક આતમારે, ધ્યાતા ધ્યેય અમાપ. પ્રભુ. છાના ૧
છાનો સૂરજ નહિ રહેરે, ઉગે જાણે લોક;
પ્રભુરસઘેનની ધૂનમાંરે, કોની ન રોકાટોક. પ્રભુ. ૨
પરમબ્રહ્મરસ સ્વાદતાંરે, ટળતા ઇન્દ્રિયસ્વાદ.
નિર્દોષે જગ ખેલવુંરે, રહે ન વાદ ઉન્માદ. પ્રભુ. ૩
નિર્ભયતા સમભાવનારે, રહે ન દોષની દૃષ્ટિ;
લઘુબાળકસમ પ્રગટતીરે, નિર્દોષ આતમસૃષ્ટિ. પ્રભુ. ૪
રહે ન દ્વેષ ન દીનતારે, પ્રગટે આનંદખેલ;
આત્મસમું જગ થઇ રહેરે, રહે ન મનમાં મેલ. પ્રભુ. ૫
જીવનમરણુમાં નહિ રહેરે, હર્ષશોક તલભાર;
આપપ્રભુરૂપ થઇ રહેરે, કર્મે બાહ્યવ્યવહાર. પ્રભુ. ૬
સ્વતંત્રતાએ ખેલતારે, શુદ્ધપ્રેમ મસ્તાન;
ધરે ન પરવા કોઇનીરે, પ્રભુપ્રેમ સુલતાન. પ્રભુ. ૭
જડથી ન્યારો આતમારે, ન્યારો આતમધર્મ;
ચિદાનંદ નિજધર્મમાંરે, મસ્ત રહે કરે કર્મ. પ્રભુ. ૮
આતમધર્મમાં ખેલતારે, જાણી જડ જગફંદ;
બુદ્ધિસાગર આતમારે–, સ્વાદે પૂર્ણાનંદ; પ્રભુ. ૯

સાત્વિકઅહિંસાદિ વૃત્તિયોથી પણ શુદ્ધાત્મસ્વરૂપ ન્યારૂં છે. આગમસાર નયચક્ર વગેરે અનેકદ્રવ્યાનુયોગીશાસ્ત્રો તથા આધ્યાત્મિકજૈનશાસ્ત્રો તથા જૈનયોગશાસ્ત્રોનું અધ્યયન મનન નિદિધ્યાસનમાં ઘણાં વર્ષો ગાળ્યાં અને આત્મધ્યાન ધર્યું તેથી આત્મશુદ્ધોપયોગની ઝાંખી પ્રગટીછે. આત્માના અનંતગુણ પર્યાયનું એકાંતમાં ચિંતવન કરવા પ્રવૃત્તિ કરી, તથા નદીનાળાં જંગલ, એકાંત નિર્જન સ્થાનનું નિરૂપાધિએ આત્મોપયોગાર્થે સેવન કર્યું. આત્માના સ્વરૂપનું ધ્યાન ધર્યું તેથી આત્મમહાવીરદેવે પોતે પોતાનાપર શુદ્ધનિશ્ચયદષ્ટિએ કૃપા કરી પોતે પોતાનો આવિર્ભાવ કર્યો છે તે ક્ષયોપશમભાવે આવિર્ભાવ છે. હે આત્મ મહાવીરદેવ !!! ત્હારામાં મનને રસ પડે છે. દુનિયાની જડવસ્તુઓ છે તેમાં આનંદ ગુણ નથી. ચિદાનંદ સ્વરૂપ આત્મા છે તે પોતાનામાં રસ અનુભવી શકે છે અને જડવસ્તુઓ પોતાને પરંપરાએ આત્મશુદ્ધિમાં નિમિત્ત સાધનતરીકે ઉપયોગી થાય છે એમ જ્ઞાની જાણે છે તેથી તેને જડવસ્તુઓ દુઃખ આપવાને સમર્થ થતી નથી. જડવસ્તુઓના જ્ઞાનથી આત્મા આનંદ ભોગવી શકે છે. જડદ્રવ્ય અને આત્મદ્રવ્યનું જેટલું જ્ઞાન તેટલું ધ્યાન અને તેટલો આનંદ જાણવો. જડ વસ્તુઓમાંથી અને દેહધારીમનુષ્યોપરથી મોહ ટળ્યા બાદ સર્વજડ ચેતન વસ્તુઓના સંબંધથી અને તેના જ્ઞાનથી આત્માનંદ પ્રકાશમાં વૃદ્ધિ થાય છે પણ હાનિ થતી નથી. આત્માની સાથે બંધાયલી કર્મપ્રકૃતિયોનો વિપાક ભોગવતાં છતાં હાલતો પ્રાયઃઆત્માનંદ વર્તે છે અને તેથી અજ્ઞાનીઓ જે કર્મોદયમાં દુઃખ વેદે છે ત્યાં આત્મોપયોગે કંઈક અશાતા છતાં આત્માનંદરસથી આત્મા પ્રસન્ન વર્તે છે. પ્રભુ મહાવીરદેવ અને ગુરૂની મહાકૃપાથી એમ બન્યુંછે અને પરભવમાં પૂર્ણ ક્ષાયિકભાવે આત્માનંદ પ્રગટશે એવી દૃઢ આશા છે. આત્માને કેવલજ્ઞાન થતાં સુધી આલંબનની જરૂર છે. સાલંબનદશામાં રહેવું અને અંતરૂમાં પ્રભુમહાવીરદેવનું સ્મરણ કરી પ્રભુના ઉપયોગમાં સ્થિર થવું. પ્રતિક્ષણે અનુભવજ્ઞાનની વૃદ્ધિનો અનુભવ આવે છે અને આવશે એમ આત્મન્ જાણ !!

બાહ્યનાં રાજ્ય લક્ષ્મી ભોગ સર્વે ક્ષણિક છે તેમાં નિત્યાનંદ નથી. બાહ્ય કીર્તિથી વા અપકીર્તિના ભયથી આત્માના ઉપયોગની પ્રવૃત્તિથી જરામાત્ર ડગવું નહિ. અસંખ્યપ્રદેશમય આત્માના પ્રદેશે અનંત જ્ઞાનદર્શન ચારિત્રવીર્ય છે. આત્માની સાથે રહેલ કાર્મણ તૈજસ ઔદારિક શરીર છે તે ચોળા સમાન છે. પૂર્વભવનાં કૃતકર્મ, ભોગવવામાંથી છૂટાતું નથી, પરંતુ નવીનકર્મ તો આત્મોપયોગથી બંધાતાં નથી, તેમજ પૂર્વનાં ઘાતિકર્મોનો છેદ કરી શકાય છે તથા આયુષ્યનામ વિનાના વેદનીય અને ગોત્રકર્મના વિપાકોમાં ઉદ્વર્તન તથા અપવર્તનાદિકરણોવડે ફેરફાર કરી શકાય છે. આત્માના શુદ્ધોપયોગથી વર્તમાનમાં નવીનકર્મ બંધાતાં નથી અને ભવિષ્યમાં બંધાવાનાં કર્મોના હેતુઓમાં આસક્તિ રહેતી નથી. જેવો વર્તમાનમાં આત્મા તેવું તેનું ભવિષ્યમાં પરિણમન થાય છે. આત્માના શુદ્ધસ્વરૂપના ઉપયોગે પરિણમવું અને બાહ્યમાં કર્મોદયપ્રયોગે જે કંઇ થાય તેમાં તટસ્થ પુરૂષના પેઠે પ્રસન્નતાથી વર્તવું. પુદ્ગલોથી પુદ્ગલની તૃપ્તિ છે અને આત્માથી આત્માની તૃપ્તિ છે. નિશ્ચયતઃ પુદ્ગલનું પુદ્ગલ સ્વરૂપે પરિણમન છે. શરીરાદિ પુદ્ગલોનું તેના સ્વભાવે પરિણમન છે અને આત્માનું જ્ઞાન તથા આનંદસ્વરૂપે પરિણમન છે. પુદ્ગલ સ્વભાવે પુદ્ગલ જીવે છે. પુદ્ગલાદિ જડ દ્રવ્યો ત્રણકાલમાં પોતાના સ્વભાવે વર્તે છે અને ત્રણકાલમાં આત્મા પોતાના સ્વભાવ પરિણામી છે. વિભાવપરિણામ જે રાગદ્વેષ અજ્ઞાન મોહરૂપ છે તે વસ્તુતઃ આત્માનો નથી, અને જડનો પણ નથી એવા વિભાવપરિણામથી મુક્ત થવું તે આત્માની મુક્તિછે તે આત્માથી ભિન્ન નથી. આત્માના શુદ્ધોપયોગે આત્મા પરમેશ્વર બને છે તેને જડ વસ્તુઓના સંબંધથી હાનિ વા લાભ નથી એમ આત્મા, શુદ્ધોપયોગના અનુભવે અનુભવી શકે છે. સર્વવિભાવપરિણતિથી મુક્ત થવું તે શુદ્ધાત્મોપયોગના બળથી થાય છે. શુદ્ધોપયોગની દિવ્ય શહેનશાહી પ્રભુતા આગળ દુનિયાની ઈન્દ્રાદિક પદવીઓ છે તે નાહના

**કીટ સમાન છે એમ આત્મા જ્યારે અનુભવ પામે છે ત્યારે પરમાનંદની લ્હેરોથી પૂર્ણપ્રભુનું પ્રાકટ્ય કરે છે.**

ક્ષણે ક્ષણે અરિહંત મહાવીરનું સ્મરણ કરવું. લઘુ બાળક જેમ માતાના વિયોગે રડે છે અને માતાને પોકારે છે તેમ પ્રભુ મહાવીરદેવનું ન્હાના બાળકની પેઠે સ્મરણ કરવું અને પ્રભુના નામના જાપે પ્રભુનો પોકાર કરવો. પ્રભુનાં બાહ્યાંતરસ્વરૂપનાં દર્શન કરવા શુદ્ધપ્રેમથી ગાંડા ઘેલા જેવા બની જવું. ક્ષણે ક્ષણે પાપવિચારોથી બચવા માટે પ્રભુમહાવીરદેવને પ્રાર્થના કરવી તે પ્રમાણે ગુરૂની પણ પ્રાર્થના કરવી. મનમાં એક દુષ્ટ વિચાર થતાંની સાથે પ્રભુ મહાવીર દેવનું નામ જપી રોઇ જવું અને પ્રભુને રડી રડી પ્રાર્થના કરવી અને ન્હાનું બાલક જેમ માતાના ખોળામાં લપાઈ જાય છે તેમ પ્રભુ મહાવીર અને ગુરૂના શરણમાં લપાઈ જવું અને વારંવાર દેવગુરૂના નામ સ્મરણમાં મનને જોડવું. જે કંઇ દુઃખ પડે છે તે આત્માની ભાવી ઉન્નતિ માટે છે એમ માની પ્રભુમહાવીરદેવપર પૂર્ણવિશ્વાસ, પ્રેમ ધારવો. ગાંડો મનુષ્ય જેમ બાહિરના સંબંધથી ડાહ્યો જણાતો નથી તેમ બાહિર દુનિયાદારીમાં ગાંડા જેવા થઈ જવું અને દેવગુરૂની શ્રદ્ધાપ્રેમની ધૂનમાં મસ્ત થવું. આજીવિકાદિ ચિંતાઓને ફેંકી દેવો અને હૃદયમાં પરમાત્મા વિના અન્ય કશું કંઇ પ્રિય ગણવું નહીં. આવી દશાની ઘેન આવ્યા પછી પ્રભુજીવને જીવવાની શરૂઆત થાય છે. જ્યાં ત્યાં સંતોમાં આત્મમહાવીરદેવનો અંતર આવિર્ભાવ દેખવો અને તેઓને દેખી ગાંડા ઘહેલા આનંદી બની જવું. પ્રભુમહાવીરની ભજનની ધૂનમાં દુનિયાના વિવેકનો કૃત્રિમ વેષ ઉતારી દેવો તથા વાદવિવાદતર્કબુદ્ધિની ઘેલછા ઉતારી દેવી અને સર્વવિશ્વ છે તે પ્રભુનો બાગ છે એમ જાણી કોઈ જીવસંબંધી પ્રભુથી જુદો વિચાર કરવો નહિ. સર્વજીવોને ખમાવી દેવા. મુખે પ્રભુનું નામ પ્રેમથી જપીને

અંતરમાં પ્રભુના ઉપયોગે વર્તવું. જ્યારે આવી પ્રભુ મહાવીરની ભક્તિમાં એકવર્ષપર્યંત વા છ માસ પર્યંત વા છેવટે ત્રણ દિવસ સુધી રહેવાથી મસ્તદશા અનુભવાય છે ત્યારે આત્મમહાવીરપ્રભુનો સાક્ષાત્કાર થાય છે. એવી શુદ્ધપ્રેમ ભક્તિની ઝાંખી આવ્યા પછી મ્હને પ્રભુની સાથે આત્મસંબંધ થયો છે એમ આત્મા પ્રકાશે છે.

શ્રી મહાવીરપ્રભુનો ક્ષણેક્ષણે જાપ કરવો, તેથી હૃદયની શુદ્ધિ થાય છે. શ્રીમહાવીરપ્રભુનો નામ જપતાં અમૃત કરતાં અધિક રસ લાગે છે ત્યારે આત્મશુદ્ધિ થાય છે. પ્રભુમહાવીરનો જાપ જપતાં જપતાં દુનિયાદારીના ભાનથી બેભાન થૈ જતાં આત્માનુભવ પ્રગટે છે. ॐ अर्हं महावीर જાપ કરોડોવાર જપતાં જપયોગની સિદ્ધિ થાય છે. ગમે તેવા પ્રસંગમાં પ્રભુમહાવીરનું સ્મરણ થતાં આત્મા આત્માનો ઉદ્ધાર કરે છે. પ્રભુમહાવીરદેવપર પૂર્ણ શ્રદ્ધાપ્રેમ મૂકીને પ્રભુમહાવીરમાં ચિત્ત રાખી સર્વ કર્તવ્ય કર્મ કરવાં. ત્યાગી અને પ્રભુમહાવીરના ભક્ત સાધુસંતપર પૂર્ણશ્રદ્ધા પ્રેમ ધારતાં પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. સમકિતદાયક ગુરૂપર પૂર્ણશ્રદ્ધાપ્રેમ ધારીને ભક્તજનો આત્માની શુદ્ધિ કરે છે. ગુરૂનાપર પૂર્ણશ્રદ્ધા અને પ્રેમથીજ પોતાની દશા પાકે છે. ગુરૂની આજ્ઞાને માનવામાં અંધશ્રદ્ધા પણ અનંતગુણી આત્મશુદ્ધિ કારક છે. બુદ્ધિવાદથી દેવગુરૂધર્મની સેવાભક્તિમાં શુષ્કતા પ્રકટે છે, કેટલીક અગમ્ય બાબતોમાં બુદ્ધિવાદથી કંઈ આત્માની જાગૃતિ થતી નથી. સાંસારિક ક્ષણિકપદાર્થોની મોહજાળમાં આસક્ત ન થતાં દેવગુરૂધર્મપર આસક્ત થવું. આજ માર્ગથી શુદ્ધાત્મપ્રભુની પ્રગટતા થાય છે. આત્માનો આનંદરસ ચાખવો, તેજ પ્રભુની પ્રાપ્તિ છે અને તેજ મનુષ્યજન્મનું કર્તવ્ય છે. આત્મામાં પૂર્ણ આનંદરસ છે તે જડપદાર્થમાં નથી. સ્વપ્નસુખસમાન દુનિયાદારીનાં ક્ષણિકસુખમાં શું રાચવું ? શું માચવું ? આત્મામાં પરમેશ્વરતા છે તેને પ્રકટાવવી જોઈએ. જૈનધર્મશાસ્ત્રોમાં સર્વજ્ઞ શ્રીપ્રભુમહા-

વીરદેવે આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે તેનો અભ્યાસપૂર્વક અનુભવઆવ્યો છે. સર્વયોગોનો સમ્યગ્ અનુભવ આવ્યો છે અને ક્ષયોપશમભાવીયજ્ઞાનસનંદથી આત્માની શુદ્ધિનો અનુભવ પામી આત્માનીપૂર્ણ પરમાત્મતા પ્રાપ્ત કરવા આત્મોપયોગે રહેવાય છે. સાકારપદાર્થોમાં જ્યાંસુધી રાગાદિક વૃત્તિ થાય છે ત્યાંસુધી સાકારમૂર્તિપૂજાની આવશ્યકતા છે. જડવસ્તુઓના આલંબન વિના રહેવાતું ન હોય ત્યાંસુધી ગુરૂના અને ધર્મશાસ્ત્રોના આલંબનની જરૂરછે. કોઇપણ મનુષ્યના પરિચયવિના જ્યારે સદા એકલા રહેવાથી રસ પડે ત્યારે ગુરૂ સંતસાધુના આલંબનનો ત્યાગ કરવો. શુકલધ્યાનના આલંબનસુધી ગુરૂના આલંબનની જરૂર છે. સાધુસંતના આલંબન વિના એક ક્ષણમાત્ર પણ ન રહેવું. કલિયુગમાં આત્માના જ્ઞાનદર્શનચારિત્રધર્મની પ્રાપ્તિ માટે ગુરૂસેવાભક્તિની અતિશય જરૂર છે. ગુરૂનાં દર્શન કરીને તથા વંદન કરીને ખાવું. દુનિયાની બાહ્યોન્નતિમાં ગુરૂવિના સ્થિર રહીશકાય નહિ અને આધ્યાત્મિકપ્રગતિમાં ગુરૂવિના સ્થિર રહી શકાય નહિ. આત્માની શુદ્ધતા અને મુક્તિમાટે ગુરૂની સેવાભક્તિ કરીને જ આત્મજ્ઞાન મેળવવું. ગુરૂ કહે તેમ કરવું પણ ગુરૂ કરે તેમ ન કરવું. ગુરૂગમ લેઇને ધાર્મિકશાસ્ત્રોનું અધ્યયન મનન કરવું. ગુરૂની સેવાભક્તિવિના ગુરૂપાસેથી મેળવેલું જ્ઞાન ફળતું નથી. ગુરૂમુખથી જે શ્રવણ કરવામાં આવે છે અને તેથી આત્માની જેટલી શુદ્ધિ થાય છે તેટલી પોતે જાતે ધર્મશાસ્ત્રો વાંચવાથી શુદ્ધિ થતી નથી. ઉલટું અવળું પરિણામ ન થવાનો સંભવ રહે છે. ગુરૂમાથે કર્યાથી ભક્તોને મુક્તિની પ્રાપ્તિ થાય છે. નગુરાને ગુરૂ ન જણાય તેમાં તેની અશુદ્ધબુદ્ધિ અને મિથ્યામોહકારણ છે, નગુરામાં અન્યસાત્વિકગુણો હોય તોપણ તેથી તે સમ્યગ્દૃષ્ટિને પામી શકતો નથી. મુક્તિના દ્વાર સુધી જઇને નગુરો પાછો પડે છે. દરરોજ ગુરૂસંતનાં દર્શનસેવાભક્તિના ભૂખ્યા રહેવું. ગુરૂજ્ઞાન આપે તોજ સેવાભક્તિ કરવી એવા પ્રતિબદલાની આશા

વિના નિષ્કામભાવે ગુરૂની સેવાભક્તિ કરવી. ગુરૂની મહત્તા આગળ ઇન્દ્રનાગેન્દ્ર દેશનેતા રાજા વગેરેની મહત્તા તે નાકના લીંટ સમાન જાણવી. ગુરૂની સેવાભક્તિથી ગુરૂ સહિજે રીઝ પામીને જે જ્ઞાન આપે છે તે આત્મરૂપે પરિણમે છે અને તેથી આત્માની શુદ્ધિ થાય છે અને આત્માનુભવ પ્રગટે છે. આત્માના આનંદ રસની ખુમારી પ્રગટે છે. ગુરૂથી પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકાય છે. ગુરૂવિના એકલાં ધર્મશાસ્ત્રોથી પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી. જ્યારે કોઇ સાથે ગુરૂ કરે, શિષ્યદીક્ષા ગ્રહણ કરે ત્યારે ગુરૂએ ભક્તશિષ્યને પરમાત્મા તરફ લેઇ જવો. નગુરાને ગુરૂ જો જ્ઞાન આપે છે તો તેથી નગુરાને ફલની પ્રાપ્તિ થતી નથી અને ગુરૂને કાયાદિ કલેશ જ થાય છે તેથી પરમાત્મપદની પ્રાપ્તિ ઇચ્છનારે ગુરૂને માથે ગુરૂ તરીકે કરવા અને ગુરૂ પાસેથી ૐ અર્હંમહાવીર મંત્ર લેઇ તેનો જાપ જપવો અને જૈન બની ધર્મની આરાધના કરવી.

ॐ अर्हं महावीर शान्तिः ३